بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ


## :: સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન ::



| | | |
|---|---|---|
| કિતાબનું નામ | : | **બુઝુર્ગોના અક઼ીદા** |
| લેખક | : | ફક઼ીહે મિલ્લત મુફતી **જલાલુદ્દીન અહમદ અમજદી** رحمۃ اللہ علیہ (સ્થાપક : મર્કઝે તર્બિયતે ઈફતા દારુલ ઉલૂમ અમજદિયા અહલે સુન્નત અર્શદુલ ઉલુમ, મુા. ઓઝાગંજ, જિ. બસ્તી, યુ.પી.) |
| ગુજરાતી અનુવાદ | : | **જનાબ હાફેઝ મૂસા વેમી ઝંઘારવી** |
| પેજીસ | : | ૩૩૬ **કિંમત** : રૂા. ૧૨૫/– |
| કંપોઝિંગ | : | સાદિક઼ યાકૂબ પટેલ દયાદરવી<br>હાફેઝ વહ઼ીદ ઈક઼બાલ જમાદાર–દયાદરા |
| પ્રુફ રીડિંગ | : | પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી |
| આવૃત્તિ | : | પ્રથમ ★ **નકલ** : ૪૦૦૦ |
| પ્રકાશન વર્ષ | : | ૧–ઝિલ હજ્જ શરીફ, હિ.સ. ૧૪૩૦<br>અંગ્રેજી તા. ૧૯ નવેમ્બર ૨૦૦૯, બુધવાર |
| પ્રાપ્તિસ્થાન | : | **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**<br>C/o. ફયઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા**, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦<br>ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨<br>મોબાઈલ નં. : ૯૪૨૭૪૬૪૪૧૧ |

**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

**GRWB/059/Bharuch/02** C/o. ફયઝાને રઝાએ મુસ્તફા,
મુા.પો. **દયાદરા**, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન. ૩૯૨૦૨૦,
ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧ (ઓફિસ), મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# આ કિતાબમાં.......


| | |
|---|---|
| ૧. તસર્રુફ અને ઈખ્તિયાર સંબંધે... | ૪૧ બુઝુર્ગોના અક઼ીદા |
| ૨. ઈલ્મે ગૈબના સંબંધ પર... | ૫૨ બુઝુર્ગોના અક઼ીદા |
| ૩. હાઝિર, નાઝિર સંબંધે... | ૧૩ બુઝુર્ગોના અક઼ીદા |
| ૪. તા'ઝીમે નબીના સંબંધે... | ૦૯ બુઝુર્ગોના અક઼ીદા |
| ૫. હુઝૂર ﷺના પડછાયા સંબંધે... | ૦૭ બુઝુર્ગોના અક઼ીદા |
| ૬. વસીલાના સંબંધે... | ૧૨ બુઝુર્ગોના અક઼ીદા |
| ૭. ક઼બ્રોની જિંદગીના સંબંધે... | ૧૯ બુઝુર્ગોના અક઼ીદા |
| ૮. ક઼બ્રોની ઝિયારત અને... એનાથી ફાયદા સંબંધે | ૧૨ બુઝુર્ગોના અક઼ીદા |


બતાવવામાં આવ્યા છે. બધા જ બુઝુર્ગોના જે અક઼ીદા છે તે જ **એહલે સુન્નત વ જમાઅત**ના અક઼ીદા છે. અને **મસ્લકે આ'લા હઝરત** પણ એ જ છે.

**અલ્હમ્દુલિલ્લાહ !**



# તુમ્હારા નામ

**અઝ : ઉસ્તાદે ઝમન હઝરત અલ્લામા મૌલાના હસન રઝાખાં બરેલ્વી** رحمۃ اللہ علیہ

તુમ્હારા નામ મુસીબતમેં જબ લિયા હોગા હમારા બિગળા હુવા કામ બન ગયા હોગા
ગુનહગાર પે જબ લુત્ફ આપકા હોગા કિયા બગૈર કિયા બે કિયા કિયા હોગા
ખુદાકા લુત્ફ હુવા હોગા વ દસ્તગીર ઝરૂર જો ગિરતે ગિરતે તેરા નામ લે લિયા હોગા
દિખાઈ જાએગી મેહશરમેં શાને મહ઼બૂબી કે આપ હી કી ખૂશી આપકા કહા હોગા
ખુદાએ પાક કી ચાહેંગે અગલે પિછલે ખુશી ખુદાએ પાક ખુશી ઉન્કી ચાહતા હોગા
કિસી કે પાંવ કી બેળી યે કાટતે હોંગે કોઈ અષીરે ગમ ઉન્કો પુકારતા હોગા
કિસી તરફસે સદા આએગી હુઝૂર આઓ નહીં તો દમમેં ગરીબોં કા ફૈંસલા હોગા
કિસી કે પલ્લાપે યે હોંગે વક્તે વઝને અમલ કોઈ ઉમ્મીદસે મુંહ ઉન્કા તક રહા હોગા
કોઈ કહેગા દુહાઈ હૈ યા રસૂલલ્લાહ ! તો કોઈ થામ કે દામન મચલ ગયા હોગા
કિસી કો લે કે ચલેંગે ફરિશ્તે સૂએ જહ઼ીમ વો ઉન્કા રાસ્તા ફિર ફિર કે દેખતા હોગા
શિકસ્તા પા હૂં મેરે હાલકી ખબર કર દો કોઈ કિસીસે યે રો રો કે કેહ રહા હોગા
ખુદા કે વાસ્તે જલ્દ ઉનસે અર્ઝે હાલ કરો કિસે ખબર હૈ કે દમ ભરમેં હાય કયા હોગા
પકળ કે હાથ કોઈ હાલે દિલ સુનાએગા તો રો કે ક઼દમોં સે કોઈ લિપટ ગયા હોગા
ઝબાન સૂખી દિખાકર કોઈ લબે કૌષર જનાબે પાક કે ક઼દમોં પે ગિર ગયા હોગા
નિશાને ખુશ્રવે દીં દૌળ કે ગુલામોં કો લિવાએ હમ્દ કા પરચમ બતા રહા હોગા
કોઈ ક઼રીબે તરાઝૂ કોઈ લબે કૌષર કોઈ સિરાત પર ઉન્કો પુકારતા હોગા
યહ બેક઼રાર કરેગી સદા ગરીબોં કી મુક઼દ્દસ આંખોં સે તાર અશ્ક઼ કા બંધા હોગા
વો પાક દિલ કે નહીં જિસકો અપના અંદેશા હુજૂમે ફિક્રો તરદ્દુદમેં ગિર ગયા હોગા
હઝાર જાન ફિદા નરમ નરમ પાવોંસે પુકાર સુનકે અષીરોં કી દૌળતા હોગા
અઝીઝ બચ્ચા કો માં જિસ તરહ તલાશ કરે ખુદા ગવાહ યહી હાલ આપ કા હોગા
ખુદાઈ ફિર ઉન્હીં હાથોં કો દેખતી હોગી ઝમાના ફિર ઉન્હી કદમોં પે લૌટતા હોગા
બની હૈ દમપે દુહાઈ હૈ તાજવાલે કી યે ગુલ યે શોર યે હંગામા જા બ જા હોગા
મકામ ફાસિલોં હર કામ મુખ્તલિફ ઈત્ને વો દિન ઝહૂરે કમાલે હુઝૂર કા હોગા
કહેંગે ઔર નબી ''ઈઝહબૂ ઈલા ગૈરી'' મેરે હુઝૂર કે લબ પર ''અના લહા'' હોગા
દુઆએ મૈયતે બદકાર વિર્દે લબ હોગી ખુદા કે સામને સજદામેં સર ઝુકા હોગા
ગુલામ ઉન્કી ઈનાયતસે ચૈનમેં હોંગે અદૂ હુઝૂર કા આફતમેં મુબ્તલા હોગા
મૈં ઉન્કે દરકા ભિકારી હૂં ફઝ્લે મૌલાસે **'હસન'** ફક઼ીર કા જન્નતમેં બિસ્તરા હોગા

بسم الله الرحمن الرحيم

# લેખક વિશે કાંઈક.....

***અઝ : મૌલાના અન્વાર અહમદ ક઼ાદરી***

**★ આ કિતાબના લેખક ફક઼ીહે મિલ્લત મુફ્તી જલાલુદ્દીન અમજદી સાહબ رحمۃ اللہ علیہ છે. ★**

આપ જિલ્લા બસ્તી અને સિદ્ધાર્થનગરના મર્ક઼ઝી મુફ્તી બલ્કે મુફ્તીગર છે. જેમને ફક્ત ફતાવા લખવાની સંપૂર્ણ મસજ આવડતી હતી એવું નથી ફિક઼હના મુશ્કિલમાં મુશ્કિલ મસ્અલાઓ અને તેની નાનામાં નાની બાબતો ઉપર સંપૂર્ણ પ્રભુત્વ હતું. દેશના પ્રથમ હરોળના મુફ્તીઓમાં આપની ગણના થતી હતી.

## ★ જન્મ અને ખાનદાની વંશ ★

આપ હિ.સ. ૧૩૫૨, ઈ.સ. ૧૯૩૩માં ઓઝાગંજ, જિ. બસ્તી (યુ.પી.)માં પેદા થયા. ઓઝાગંજ બસ્તી શહેરથી ૨૦ કિલોમીટર દૂર પશ્ચિમ ફૈઝાબાદ રોડથી ૩ કિ.મી. દૂર દક્ષિણમાં આવેલું છે. આપની વંશાવાળી આ પ્રમાણે છે : જલાલુદ્દીન અહમદ બિન જાન મુહમ્મદ બિન અબ્દુર્રહીમ બિન ગુલામરસૂલ બિન ઝિયાઉદ્દીન બિન મુહમ્મદ સાલિક બિન મુહમ્મદ સાદિક બિન અબ્દુલક઼ાદિર બિન મુહમ્મદઅલી.

## ★ ખાનદાની હાલાત ★

આપનું ખાનદાન ટાન્ડા (જિ. ફૈઝાબાદ)ના પૂર્વિય ભાગ બળહરના મશ્હૂર ખાનદાનના એક વ્યક્તિ મુરાદસિંગથી સંબંધ રાખે છે. જેઓ તે સમયે ઈસ્લામી તા'લીમાતથી પ્રભાવિત થઈ ઈમાનની દૌલતથી માલામાલ થયા અને એમનું ઈસ્લામી નામ મુરાદઅલી રાખ્યું. ઘરવાળાંઓએ ઈસ્લામ છોડવા ખૂબ જ દબાણ કર્યું તો જમીનજાગીર, માલમિલ્કત બધું જ છોડી



શહેઝાદપુર (જિ. ફૈઝાબાદ)ની મુસ્લિમ વસ્તીમાં જઈ સ્થાયી થયા. એમની ઔલાદમાંથી ઝિયાઉદ્દીન મર્હૂમ વેપાર ધંધા અર્થે બસ્તી જિલ્લામાં આવતા જતા હતા. એ સમયે ઓઝાગંજના મુસલમાનો સાથે સારો સંબંધ બંધાયો. તો જમીન વેચાણ રાખી ત્યાં જ રહેવા માટેનું કાયમી સ્થાન બનાવ્યું. આપના પ્રેમાળ પિતા જાન મુહમ્મદ મર્હૂમ ખૂબ જ મુત્તક઼ી (પરહેઝગાર) હતા. દીનદારી અને નમાઝ એમની જિંદગીનો ખાસ મકસદ રહ્યો, શરૂઆતની જિંદગીમાં એમને જુમ્આ મસ્જિદના ઈમામ નક્કી કરવામાં આવ્યા તો ફક્ત અલ્લાહની ખુશ્નુદી ખાતર આખીય જિંદગી કોઈપણ મહેનતાણા વિના પાંચ વખતની નમાઝ, જુમ્આ, ઈદોની બરાબર પાબંદી સાથે ઈમામત કરતા રહ્યા. વ્યવહારમાં એટલા બધા ચોખ્ખા અને પ્રમાણિક કે ઓઝાગંજથી ચાર કિલોમીટર દૂર પન્ડોલઘાટથી એક દહીં વેચનાર આવતો હતો તેનો એક પૈસો બાકી રહી ગયો હતો. વચમાં નદી પડતી હતી. પાણીની રેલના કારણે તે દહીં વેચવા આવતો ન હતો અને તે માણસ એ પણ ભૂલી ગયો હતો કે મારે એક પૈસો લેવાનો બાકી છે. તે વખતે રૂપિયાના ૬૪ પૈસા મળતા હતા. આપ ખૂબ જ આકૂળ વ્યાકૂળ થઈ ગયા કે મારે એને ૧ પૈસો દેવોનો બાકી છે કેવી રીતે પહોંચાડું ? એ માણસ આવતો પણ નથી. એક દિવસે એમનાથી ન રહેવાયું તો પગે ચાલી નીકળ્યા. નદી પાર કરી તે માણસને શોધી તેના ઘેર પહોંચી તેનો પૈસો આપ્યો. તે માણસ તો અવાચક થઈ ગયો કે આવા પણ પ્રમાણિક માણસો દુનિયામાં વસે છે કે ૧ પૈસો કરજ ચૂકવવા જિંદગી ખતરામાં નાખી નદી પાર કરીને પણ તે અદા કરે છે.

ઓઝાગંજ અને આજુબાજુના વિસ્તારના લોકો એમને મિયાંજીના મોભાદાર નામથી ઓળખતા હતા. ઈ.સ. ૧૯૪૫ (હિ.સ. ૧૩૬૪)માં મુશળધાર વરસાદમાં આપ બીજા ત્રણ સાથીઓ સાથે ક્યાંક જઈ રહ્યા હતા. રસ્તામાં આપની છત્રી ઉપર વિજળી ત્રાટકી. તો ત્રણેય સાથીઓ સ્થળ ઉપર જ મૃત્યુને ભેટયા પરંતુ આપની છત્રી ઉપર વીજળી પડવા છતાં આપને બિલ્કુલ નુકસાન ન થયું. આપ હેમખેમ બચી ગયા. પબ્લિકમાં આ વાતની જેને પણ ખબર પડી તેના એ જ શબ્દો હતા કે એ તો મિયાંજીની કરામત છે એટલા માટે કે છત્રી પર વીજળી પડે અને તેની નીચેનો માણસ

બચી જાય એ અક્કલમાં સમાય શકે જ નહીં ! આ બનાવના ૬ વર્ષ પછી ઈ.સ. ૧૯૫૧માં આપની વફાત થઈ.

આપના માતા બીબી રેહમતુન્નિસાઅ મર્હૂમા એક દીનદાર ઘરનાં પુત્રી હતાં. રોઝા, નમાઝ, તિલાવત, નફ્લી ઈબાદતના ખૂબ જ પાબંદ હતાં. દુઆએ ગંજુલ અર્શ અને દુરૂદે લખી આપને કંઠસ્થ હતાં. જેને દરરોજ વિર્દરૂપે પાબંદીથી પઢતાં. એમની પૂરી વસ્તીમાં તક્વા, પરહેઝગારીમાં એમની બરાબરીમાં કોઈ જ ન હતું. બીજાનો માલ ભૂલથી પણ પોતાના કબ્જામાં ન આવી જાય તેનો ખૂબ જ ખ્યાલ રાખતાં. એ જ કારણે ઘરનો સરસામાન હમેશાં એક જ દુકાનદારથી ખરીદતાં. એ દુકાનદાર પ્રમાણિક હતો, ઓછું તોલતો ન હતો છતાં તેની દુકાનેથી આવેલા માલને ફરીથી તોલી લેતાં. કહેતાં કે ભૂલથી પણ વધારે માલ આવ્યો હોય તો તે આપણે વાપરવો આપણા માટે કદી જાઈઝ નથી. વધારાની ચીજનો માલિક તો દુકાનદાર જ ગણાય. એક વખતે દુકાનદારે એના ખ્યાલ પ્રમાણે ચાર પનસેરી (૭ કિલો લગભગ) અનાજ આપ્યું. પરંતુ ઘેર લાવી તોલતાં તે પાંચ પનસેરી થયું તો એમણે એ અનાજ એક પનસેરી દુકાનદારને પાછું મોકલ્યું.

હિદાયાના લેખક હઝરત અબુલહસન અલી મરગીનાની લખે છે કે ખરીદારે ખરીદેલી ચીજને વેચવું–ખાવું જોવું જાઈઝ નથી જ્યાં સુધી તેને બીજીવાર તોલી, માપી ન લેવામાં આવે. નબી ﷺએ ફર્માવ્યું, ''અનાજને બે વાર તોલી લેવામાં ન આવે ત્યાં સુધી વેચવામાં ન આવે, વેચનારનું માપ અને ખરીદનારનું માપ.'' એ કારણે કે ખરીદેલી ચીજનું વધારે આવી જવાનો સંભવ છે જે વધારાની આવેલી વેચનારની માલિકીની છે અને પારકા માલને (રજા વિના) વાપરવું હરામ છે, જેથી એનાથી બચવું જોઈએ. *(હિદાયા, ભાગ–૩, પેજ–૫૯)*

સ્પષ્ટ છે કે ફક઼ીહે મિલ્લતના વાલિદા આલિમા તો હતાં નહીં, શરીઅતના આ મસ્અલાથી અજાણ હતાં. પરંતુ કુદરતી રીતે જ એમની આદતો ખ્યાલાત શરીઅત પ્રમાણે હતા. એટલા જ કારણે દુકાનદારની દુકાનેથી આવેલા અનાજને ફરીથી તોલી, માપીને જ કામમાં લેતાં હતાં, ફરીથી



તોલ–માપ કર્યા વિના કદી વાપરતાં જ ન હતાં. વળી સફાઈનો તો એટલો બધો ખ્યાલ રાખતાં કે બાગમાં વીણી લાવેલી લાકડીઓ પ્રથમ ધોતાં પછી સૂકવતાં પછી જ તેને રાંધણ માટે બાળવાના ઉપયોગમાં લેતાં. ૧૪ મી જમાદિઉલ ઉલા હિજરી ૧૩૯૯ (ઈ.સ. ૧૯૭૯ના રોજ એમની વફાત થઈ.)

હઝરત ફક઼ીહે મિલ્લતના મોટાભાઈ મુહમ્મદ નિઝામુદ્દીન رحمۃ اللہ علیہ કે જેમણે એમને આલિમ બનવા તરફ શોખ આપ્યો. આપ ખૂબ જ મુત્તક઼ી, પરહેઝગાર, દીનદાર હતા. એક વેળા એમણે ટાંડા, જિ. ફૈઝાબાદમાં એક મહાજનને કંઈક માલ વેચ્યો. તેણે પૈસા સાથે હિસાબનો કાગળ પણ આપ્યો. જ્યારે આપ ઘેર આવ્યા તો હિસાબવાળો કાગળ તપાસતાં જોયું કે મહાજને ભૂલ કરી છે, એણે ચાર આના વધારે આપ્યા છે. (અત્યારના ૨૫ પૈસા થાય). આ કાગળ એમણે બીજા લોકોને વંચાવી ખાત્રી કરી તો દરેકે કહ્યું, ''મહાજને લખવામાં ભૂલ કરી છે, તેણે તમોને ચાર આના વધુ ચૂકવ્યા છે.'' જેથી આપ બીજે દિવસે તેના ચારઆના ચૂકવવા ટાંડા ગયા.

મહાજને એનો કાગળ જોયો એને સમજાયું કે ખરેખર ! મેં ચાર આના વધુ ચૂકવ્યા છે. પરંતુ એણે એ જાણ્યું કે આ માણસ ૩૦ કિલોમીટર દૂરથી ચાર આના ચૂકવવા પગપાળા અહીં સુધી આવ્યો છે, વળી વચમાં નદી પણ આવે છે તો એ તો અવાચક જ રહી ગયો. વિચારવા લાગ્યો કે દેખાવમાં આ મામૂલી માણસ મામૂલી નથી પરંતુ સચ્ચાઈના ઊંચા શિખરો ઉપર બિરાજમાન છે. (૪ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૩૬૩માં આપની વફાત થઈ.)

## ★ દીની શિક્ષણ ★

હઝરત ફક઼ીહે મિલ્લતે નાઝરા (કુર્આન મજીદ અંદર જોઈને પઢવા) તથા હિફ્ઝની તા'લીમ મુક઼ામી મૌલાના મુહમ્મદ ઝકરિયા رحمۃ اللہ علیہથી મેળવી. સાત વર્ષની ઉંમરમાં કુર્આન મજીદના નાઝરા પૂરું કર્યું અને હિજરી ૧૩૬૧ મુતાબિક ઈ.સ. ૧૯૪૪માં સાડા દસ વર્ષની ઉંમરે હિફ્ઝ પૂરું કર્યું. ગંજ જિલ્લે ફૈઝાબાદમાં મૌલાના અબ્દુર્રઉફથી ફારસીની કિતાબો પઢી. ફારસીની કેટલીક કિતાબો, અરબીની શરૂની કિતાબો અબ્દુલબારી ઢલમઅવીથી

પઢી. જયારે ઈલ્તેફાત ગંજના મદ્રસાનો કોર્સ પઢી ચૂક્યા તો ઈ.સ. ૧૯૪૭ની આઝાદી બાદ તરત નાગપુર (મહારાષ્ટ્ર) ચાલ્યા ગયા. દિવસે કામ કરતા જેનાથી દર મહિને રૂા. ૨૫ થી ૩૦ પોતાનાં માં બાપની ખિદમત કરતા. બાકી પોતાના ખાવા–પીવાની વ્યવસ્થા કરતા. મગરિબ પછી પોતાના દસ સાથીઓ સાથે રાતના બાર વાગ્યા સુધી હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہના મદ્રસા શમ્સુલ ઉલૂમમાં પઢતા, સવારમાં ફજર પછી એક બિહારી જે સાત કિરઅતનો કારી હતો પોતાની બદ્મઝહબી છુપાવી સુન્ની બની રહેલો હતો, તેની પાસે કિરઅત શીખવા જતા એ રીતે નાગપુરમાં એમણે પોતાની દીની તા'લીમ પૂર્ણ કરી. ૨૪ શાબાન, હિ.સ. ૧૩૭૧/૧૯મી મે, ઈ.સ. ૧૯૫૨માં હઝરત અલ્લામાએ આપને આલિમ, ફાઝિલની સનદ અર્પણ કરી.

હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہએ નાગપુરથી જમશેદપુર જઈ મદ્રસા ફૈઝુલ ઉલૂમની સ્થાપ્ના કરી તો ત્યાં એમણે ફકીહે મિલ્લતને બોલાવી લીધા. પરંતુ તે સમયે મદ્રસા ફૈઝુલ ઉલૂમમાં મુદર્રિસની જરૂરત ન હોવાથી આપને એક મકતબમાં પઢાવવા રાખ્યા. ચારેક મહિના પછી દિલ ન ચાહતાં અલ્લામાની રજા લઈ પોતાના વતન (ઘરે) ચાલી ગયા.

જમાદિલ ઉલા હિ.સ. ૧૩૭૪ મુતાબિક જાન્યુઆરી, ઈ.સ. ૧૯૫૫માં શોઅબુલ અવલિયા હઝરત શાહ મુહમ્મદ યારઅલી رحمۃ اللہ علیہ અને મૌલાના હશ્મતઅલી ખાન رحمۃ اللہ علیہના મશ્વેરાથી આપ મદ્રસા કાદરિયા રઝવિય્યા ભાઉપુર, જિ. બસ્તીના મુદર્રિસ નક્કી થયા. એ દરમ્યાન હઝરત શોઅબુલ અવલિયાએ ફૈઝુલર્રસૂલ જે મકતબ હતો તેને દારુલ ઉલૂમ બનાવી આપ્યો. તો આપ ભાઉપુરથી રાજીનામુ આપી બ્રાઉન શરીફ આવી ગયા અને ૧૯ ઝિલ હજ્જ, હિ.સ. ૧૩૭૫ મુતાબિક ૧૦ જુલાઈ ઈ.સ. ૧૯૫૬થી દારુલ ઉલૂમ ફૈઝુર્રસૂલના મુદર્રિસ બન્યા. બસ તે દિવસથી આપ ફૈઝુર્રસૂલના અને ફૈઝુર્રસૂલ આપનો થઈ ગયો.

## ★ ફતાવા લેખન ★

૨૪ સફર હિ.સ. ૧૩૭૭ (ઈ.સ. ૧૯૫૭)ના ૨૪ વર્ષની ઉંમરે આપે પહેલો ફતવો લખ્યો. તે પછીથી ૨૫ વર્ષ સુધી દેશ, પરદેશથી આવતા



હજારો ફત્વાઓ ખૂબ જ રિસર્ચ કરી લખ્યા. જે ઉલમા અને અવામની નજરે મોખરાનું સ્થાન પામ્યા. પરંતુ આખરી ઉંમરમાં દિમાગની કમજોરીને કારણે ફતવા લખવાનું કામ છોડી ફક્ત પઢાવવાનું જ ચાલુ રાખ્યું. આપના ફતાવા ફતાવા ફૈઝુર્રસૂલના નામથી છપાઈને બહાર પડી ચૂક્યા છે જે ઉલમા અને અવામમાં ખૂબ જ મકબૂલિયત પામેલ છે.

ફતાવા સિવાય આપે બીજી પણ કેટલીક કિતાબો લખી છે જે ઈસ્લામ અને સુન્નિયત માટે ઘણી જ ફાયદાકારક થઈ છે એનાં નામો આ પ્રમાણે છે :–

અન્વારુલ હદીષ, અજાઈબુલ ફિક્હ (ફિક્હી પહેલિયાં), બુઝુર્ગો કે અકીદે, ખુત્બાતે મોહર્રમ, અન્વારે શરીઅત, તા'ઝીમે નબી ﷺ, હજ્જ ઔર ઝિયારત, મઆરિફુલ કુર્આન, ઈલ્મ અને ઉલમા, બાગે ફિદક ઔર હદીષે કિરતાસ, સૈયદુલ અવલિયા (સૈયદ અહમદ કબીર રિફાઈ), મોહક્કિકાના ફૈસલા, ઝરૂરી મસાઈલ, ગુલદસ્તાએ મષ્નવી, બદ્મઝહબોં સે રિશ્તે, નૂરાની તા'લીમ મુકમ્મલ આ કિતાબોમાંથી ઘણીનો તો હિંદી, ગુજરાતી ભાષાઓમાં અનુવાદ થઈ ચૂક્યો છે.

ઉપરોક્ત કિતાબોમાંથી મોટાભાગની કિતાબો પરદેશમાં છપાયને હિજાઝ મુકદ્દસ બહરૈન, દોહા, દુબઈ, દમામ, તુર્કી, ઈરાક, ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, જાપાન, અમેરિકા... વગેરે દેશોમાં મુસલમાનોના ઘરો, મસ્જિદો, લાયબ્રેરીઓમાં પહોંચી ગઈ છે.

કુર્આન મજીદની છપાઈ, લખાઈમાં દરેક જમાનામાં, દરેક સમયે ખૂબ જ કાળજી રાખવામાં આવી છે, પરંતુ કેટલાક વર્ષો પહેલાં કેટલાક દુનિયાદાર પ્રકાશકોએ કુર્આન મજીદ તર્જુમા રઝવિય્યા સાથે બિલ્કુલ કોઈપણ જાતની જવાબદારી વિના (તદ્દન બિન જવાબદારી સાથે) ઘણી જ ભૂલો સાથે (લખાણ અને પ્રિન્ટીંગમાં) છાપી નાખ્યાં છે તો હિંદુસ્તાનમાં ફક્ત એક આપની જ જાત હતી કે એના વિરુદ્ધ કલમ ઉઠાવી વારંવાર ''જરૂરી સુધારા''ના નામથી ઉર્દૂ, હિંદી માસિકોમાં લેખો લખ્યા ત્યાં સુધી કે તે પ્રકાશકોને સહીહ, મતન (અરબી) અને ઉર્દૂ તર્જુમા સાથે ફરી છાપવા મજબૂર કરી દીધા. અને તર્જુમા કન્ઝુલ ઈમાન મઅ તફસીર ખઝાઈનુલ

ઈર્ફાનમાં જે કુર્આન મજીદની જૂઠી ફેહરિસ્ત છાપવામાં આવે છે તેને આ'લા હઝરત કે એ ખાનદાનની કોઈ વ્યક્તિ કે એમના ખલીફાઓમાંથી કોઈની સાથે પણ બિલકુલ સંબંધ નથી કે એઓએ લખી હોય કે લખાવી હોય. એ જૂઠી છે એનાથી સુન્નિયતને નુકસાન પહોંચે છે એ અવાજ પણ આપ رحمۃ اللہ علیہએ જ સૌ પ્રથમ ઉઠાવ્યો હતો.

ફિક્હે હનફીની મશ્હૂર કિતાબ "બહારે શરીઅત"ને બદ્અકીદાવાળાઓએ બિઝનેસ સાથે સાથે ગુમરાહી ફેલાવવાના નાપાક ઈરાદાઓથી છપાવી, તેમાં પોતાના ગંદા ઈરાદાઓથી જ કેટલાય મસ્અલાઓમાં "હા"ની જગ્યાઓ "ના" અને "ના"ની જગ્યાએ "હા" જેવા ફેરફારો કરીને બહાર પાડી તો તેના માટે પણ સૌથી પહેલાં "ભૂલોને જાહેર કરી તેને સાબિતિ સાથે લખાણ છાપીને છાપનાર, છપાવનારને ચેતવણી આપનાર આપ જ હતા. આપે એ કિતાબ અને એ છપાવનારની બીજી કિતાબો ખરીદવાથી દૂર રહી બોયકોટ કરવાની લોકોને અપીલ કરી. સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہએ લખેલ બહારે શરીઅતને વધુ ફાયદાકારક બનાવવાની કોશિશ કરતાં, ભાગ–૩ ઉપર હાંશિયો (ખુલાસો) તથા હવાલા પણ (હિ.સ. ૧૪૦૧)માં લખ્યા છે.

## ★ બયઅત તથા ખિલાફત ★

હઝરત સદરુશ્શરીઅહ્ના વિસાલથી થોડાક મહિના પહેલાં આપ બયઅતથી પાવન થયા. પરંતુ અમુક મસ્લેહતોને કારણે કોઈનાથી ખિલાફત મેળવી ન હતી. ત્યાં સુધી કે અહસનુલ ઉલમા رحمۃ اللہ علیہએ મારેહરા શરીફમાં ઉર્સે કાસમી (હિ.સ. ૧૪૧૨)માં આપને ખિલાફતથી નવાજ્યા અને અવામમાં એલાન પણ કર્યું. હિ.સ. ૧૪૧૩માં બીજા વર્ષે એ જ ઉર્સ શરીફમાં આપે હાજરી આપી તો હઝરત અહસનુલ ઉલમા رحمۃ اللہ علیہએ ખિલાફતની એક ખાસ મજલિસમાં દસ્તારબંદી પણ કરી.

અમારી નજીક આપના સૌથી વધુ કદર કરવાને લાયક તે અમલ તે કામો છે જે એમણે ખુલૂસ, મહબ્બત, લગન સાથે ઈસ્લામ અને સુન્નિયતની ઈશાઅત માટે કર્યાં જેના માટે આપ હમેશાં કાર્યરત (જાગૃત) રહ્યા.

દુઆ છે કે ખુદા તઆલા ﷻ આપની કબ્રે અન્વર પર રહમતો નૂરની સતત વર્ષા વરસાવે. (આમીન)



# અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| પ્રકાશકના બે બોલ...... | 19 |
| પ્રથમ નજરે..... | 25 |
| તસર્રુફ અને ઈખ્તિયાર | 27 |
| અંબિયાએ કિરામના અકીદા | 27 |
| હુઝૂર ﷺનો અકીદો | 27 |
| હઝરત ઈસા علیہ السلامનો અકીદો | 35 |
| ★ સહાબાએ કિરામનો અકીદો ★ | |
| હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہનો અકીદો | 36 |
| હઝરત અનસ رضی اللہ عنہનો અકીદો | 39 |
| હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہનો અકીદો | 40 |
| ★ મુહદ્દિષોનો અકીદો ★ | |
| ઈમામ બુખારી رضی اللہ عنہનો અકીદો | 45 |
| ઈમામ મુસ્લિમ رضی اللہ عنہનો અકીદો | 49 |
| ઈમામ તિર્મિઝી رضی اللہ عنہનો અકીદો | 51 |
| ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہનો અકીદો | 52 |
| એક વાંધો અને જવાબ | 54 |
| અલ્લામા ખતીબ તબરેઝી رحمۃ اللہ علیہનો અકીદો | 55 |
| અલ્લામા જલાલુદ્દીન સિયૂતિ رحمۃ اللہ علیہનો અકીદો | 56 |
| અલ્લામા શતનૂફી رحمۃ اللہ علیہનો અકીદો | 60 |
| શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہનો અકીદો | 64 |
| શાહ વલીયુલ્લાહ رحمۃ اللہ علیہનો અકીદો | 67 |
| અલ્લામા નબહાની رحمۃ اللہ علیہ નો અકીદો | 72 |
| અલ્લામા તાદની رحمۃ اللہ علیہનો અકીદો | 77 |

## ★ મહાન ઈમામોનો અક઼ીદો ★


- ઈમામ અબૂ મન્સૂર માતુરીદી رحمۃ اللہ علیہ નો અકીદો 84
- ઈમામ રાઝી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 85
- ઈમામ શઅરાની رحمۃ اللہ علیہ નો અક઼ીદો 86
- અલ્લામા શામી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 88


## ★ મહાન અવલિયાનો અક઼ીદો ★


- હઝરત ગ઼ૌષુલ આ'ઝમ رحمۃ اللہ علیہ ની અક઼ીદો 89
- હઝરત શહાબુદ્દીન સોહરવર્દી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 100
- હઝરત શૈખ અલી બિન હૈતી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 103
- હઝરત સૈયદ અહમદ કબીર રિફાઈ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 104
- હઝરત શૈખ અદી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 107
- હઝરત શૈખ માજિદકુર્દી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 111
- હઝરત શૈખ મોહિયુદ્દીન ઈબ્ને અર્બી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 113
- હઝરત અબ્દુલ અઝીઝ દબ્બાગ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 118
- હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ નો અક઼ીદો 121
- હઝરત ખ્વાજા અજમેરી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 123
- હઝરત ખ્વાજા બહાઉદ્દીન નક્શબંદી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 128
- હઝરત મૌલાના રૂમી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 131
- હઝરત અલ્લામા જામી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 134
- હઝરત ખ્વાજા બખ્તયાર કાકી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 140
- હઝરત ખ્વાજા હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 145
- હઝરત બાવા ફરીદુદ્દીન رحمۃ اللہ علیہ નો અક઼ીદો 147
- હઝરત ખ્વાજા મખ્દૂમ સિમનાની رحمۃ اللہ علیہ નો અક઼ીદો 151
- હઝરત ખ્વાજા બાકી બિલ્લાહ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 154
- હઝરત ખ્વાજા ખુર્દ ફરઝંદ બાકીબિલ્લાહ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 157
- હઝરત મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ નો અક઼ીદો 158
- હઝરત વારિસઅલી શાહ رحمۃ اللہ علیہ અક઼ીદો 160




## ★ ઈલ્મે ગૈબના વિશે : નબીઓનો અક઼ીદો ★


- હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلم નો અક઼ીદો 164
- હઝરત ઈસા علیہ السلام નો અક઼ીદો 168
- હઝરત ફાતિમા ઝોહરા رضی اللہ عنہا અને ઉમ્મહાતુલ મો'મિનીન رضی اللہ تعالیٰ عنہن નો અક઼ીદો 168


## ★ સહાબાએ કિરામના અક઼ીદાઓ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن ★


- હઝરત અબૂબક્ર સિદ્દીકે અકબર رضی اللہ عنہ નો અક઼ીદો 170
- હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ નો અક઼ીદો 171
- હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ નો અક઼ીદો 173
- હઝરત અલી رضی اللہ عنہ નો અક઼ીદો 173


## તફસીરકારોનો અક઼ીદાઓ


- અલ્લામા રાઝી رضی اللہ عنہ નો અક઼ીદો 176
- અલ્લામા કાઝી બયઝાવી رضی اللہ عنہ નો અક઼ીદો 176
- અલ્લામા ઈસ્માઈલ હક્કી رضی اللہ عنہ નો અક઼ીદો 176
- અલ્લામા ખાઝિન رضی اللہ عنہ નો અક઼ીદો 177
- અલ્લામા અબૂ મુહમ્મદ બગવી رضی اللہ عنہ નો અક઼ીદો 178
- અલ્લામા શૈખ અહમદ સાવીનો رضی اللہ عنہ નો અક઼ીદો 178


## ★ મુહદ્દિષોના અક઼ીદાઓ ★


- ઈમામ બુખારી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 179
- ઈમામ મુસ્લિમ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 181
- ઈમામ તિર્મિઝી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 183
- ઈમામ અબૂ દાઊદ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 183
- ઈમામ દારમી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 184
- અલ્લામા ખતીબ તબરેઝી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 185
- અલ્લામા કાઝી અયાઝ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 186
- અલ્લામા જલાલુદ્દીન સિયૂતિ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 187
- અલ્લામા અસ્કલાની رحمۃ اللہ علیہ નો અક઼ીદો 188
- અલ્લામા ઝુર્કાની رحمۃ اللہ علیہ નો અક઼ીદો 189

* હઝરત મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 190
* શૈખ અબ્દુલ હક઼્ક઼ મુહદ્દિષ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 193
* હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 194
* હઝરત શૈખ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 200
* અલ્લામા યૂસુફ નબ્હાની رحمۃ اللہ علیہ નો અક઼ીદો 201

★ વલીઓનો અક઼ીદો ★

* હઝરત ઈમામ બાકરનો અક઼ીદો 207
* હઝરત ઈમામ જા'ફર સાદિક઼ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 210
* હઝરત ઈમામ મૂસા કાઝિમ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 211
* હઝરત ઈમામ અલી રઝા رحمۃ اللہ علیہ નો અક઼ીદો 213
* હઝરત ઈમામ મુહમ્મદ તર્કી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 214
* હઝરત ઈમામ અલી અસ્કરી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 215
* હઝરત ઈમામ હુસૈન ઝકી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 216
* હઝરત સૈયદના ગ઼ૌષુલ આ'ઝમ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 217
* હઝરત સૈયદના જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 221
* હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 223
* હઝરત શૈખ સહાબુદ્દીન સોહરવર્દી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 224
* હઝરત દાતાગંજબક્ષ અલી હિજવૈરી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 226
* હઝરત અલ્લામા શતનૂફી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 228
* હઝરત બહાઉદ્દીન નક્શબંદ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 233
* હઝત મૌલાના જલાલુદ્દીન રૂમી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 236

★ હુઝુર ﷺ નું કદી કોઈ ચીજનું ન જાણવાનું કારણ ★

* હઝરત અલ્લામા ઈમામ ગિઝાલીનો અક઼ીદો 240
* હઝરત ખ્વાજા અજમેરીનો અક઼ીદો 241
* હઝરત ખ્વાજા બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 242
* હઝરત બાબા ફરીદ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 245





* હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 250
* હઝરત શૈખ અફઘાન رحمۃ اللہ علیہ નો અક઼ીદો 253
* હઝરત શર્ફુદ્દીન યહ્યા મુનીરી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 255
* હઝરત મખ્દૂમ જહાંગીર સિમનાની رحمۃ اللہ علیہ નો અક઼ીદો 256

★ હાઝિર, નાઝિર બાબત ★

* હુઝૂર સૈયદે આલમ ﷺ નો અક઼ીદો 260

★ મુહદ્દિષોનો અક઼ીદો ★

* ઈમામ તિર્મિઝી અને મિશ્ક઼ાતના કર્તાનો અક઼ીદો رضی اللہ عنہ 261
* શારેહે બુખારી અલ્લામા અસ્કલાની رضی اللہ عنہ નો અક઼ીદો 262
* ક઼ાઝી અયાઝ અને મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 262
* અલ્લામા જલાલુદ્દીન સિયૂતિ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 263
* શૈખ અબ્દુલ હક઼્ક઼ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 263
* હઝરત અલ્લામા ખફ઼્ફ઼ાઝી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 265
* હઝરત શાહ વલીયુલ્લાહ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 265
* હઝરત અલ્લામા નબ્હાની رحمۃ اللہ علیہ નો અક઼ીદો 267

★ તા'ઝીમ બાબત ★

* હુઝૂર સૈયદે આલમ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 272
* હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 274
* હઝરત ઈમામ માલિક رحمۃ اللہ علیہ નો અક઼ીદો 275
* હઝરત ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 277
* સાહેબે હિદાયા અલ્લામા મરગનાની رحمۃ اللہ علیہ નો અક઼ીદો 279
* હઝરત મુલ્લાઅલી ક઼ારી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 281
* અલ્લામા તક઼ીય્યુદ્દીન સુબ્કી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 282
* હઝરત ખ્વાજા બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 283
* હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 284

★ હુઝૂર ﷺ ના શરીર મુબારકનો પડછાયો ન હતો તે બાબત ★

* હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ નો અક઼ીદો 285

- હઝરત ઝકવાન તાબઈન رحمۃ اللہ علیہ નો અક઼ીદો 286
- હઝરત ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 286
- હઝરત અલ્લામા સ્યૂતિ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 286
- હઝરત મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ નો અક઼ીદો 287
- હઝરત અબ્દુલ હક્ક઼ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 288
- હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 288


**★ વસીલા બાબત ★**


- હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلم નો અક઼ીદો 289
- હઝરત ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہ નો અક઼ીદો 290
- હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ નો અક઼ીદો 291
- હઝરત સૈયદના ગૌષુલ આ'ઝમ رضی اللہ عنہ નો અક઼ીદો 292
- હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો અક઼ીદો 292
- હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ નો અક઼ીદો 291
- હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ નો અક઼ીદો 291
- હઝરત ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ નો અક઼ીદો 292
- શર્હે વક઼ાયાના કર્તાનો અક઼ીદો 292
- ફતહુલ ક઼દીરના કર્તાનો અક઼ીદો 300
- અલ્લામા જલાલુદ્દીન સિયૂતિ رضی اللہ عنہ નો અક઼ીદો 302
- શાહ અબ્દુલ અઝીઝ દહેલ્વી رضی اللہ عنہ નો અક઼ીદો 302


**★ ક઼બ્રોની જિંદગી બાબત ★**


- હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلم નો અક઼ીદો 304


**★ મુહદ્દિષોનો અક઼ીદો ★**


- હઝરત જલાલુદ્દીન સિયૂતિનો અક઼ીદો 305
- હઝરત મુલ્લાઅલી ક઼ારી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 305
- શૈખ અબ્દુલ હક્ક઼ દહેલ્વી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 306
- અલ્લામા શહાબુદ્દીન ખફ઼ફાઝી رحمۃ اللہ علیہ નો નો અક઼ીદો 306
- શાહ વલીયુલ્લાહ દહેલ્વી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 307





- અલ્લામા નબ્હાની رحمۃ اللہ علیہ નો અક઼ીદો 309


**★ ફુક઼હાએ કિરામનો અક઼ીદો ★**


- નૂરુલ ઈઝાહના કર્તા رحمۃ اللہ علیہ નો અક઼ીદો 311
- અલ્લામા ઈબ્ને હજર رحمۃ اللہ علیہ નો અક઼ીદો 311


**★ અવલિયાએ કિરામનો અક઼ીદો ★**


- હુઝૂર સૈયદના ગૌષુલ આ'ઝમ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 312
- હઝરત શૈખ અલી બિન હેતી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 313
- સૈયદ અહમદ કબીર રિફાઈ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 315
- હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ નો અક઼ીદો 316
- હઝરત ખ્વાજા સુલ્તાનુલ્ હિંદ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 317
- હઝરત બાબા ફરીદુદ્દીન ગંજશકર رحمۃ اللہ علیہ નો અક઼ીદો 317
- હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ નો અક઼ીદો 318
- હઝરત અલ્લામા જામી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 319


**★ ક઼બ્રોની ઝિયારત અને એનાથી ફાયદા મળવા બાબત ★**


- હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلم નો અક઼ીદો 320
- ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ નો અક઼ીદો 321
- હઝરત અલ્લામા સાવી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 322
- હઝરત સૂફી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 322
- હઝરત મહબૂબે ઈલાહી નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ નો અક઼ીદો 323
- હઝરત અલ્લામા જામી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 324
- હઝરત અલ્લામા ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 325
- હઝરત અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 325
- હઝરત સૈયદ અહમદ તહતાવી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 326
- હઝરત અલ્લામા શામી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 327
- હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 327
- હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ નો અક઼ીદો 328
- સહાબી ન હોય તેને ''રદિયલ્લાહુ અન્હૂ'' કહેવું કેવું ? 329

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّى عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

# પ્રકાશકના બે બોલ......

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત તેના બંદાઓને સૂરએ ફાતિહા થકી આ પ્રમાણે દુઆ કરવાની તા'લીમ આપે છે :–

صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۔ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ ۔

"અમને સીધા રસ્તે ચલાવ, તેઓનો રસ્તો જેના પર તેં એહસાન કર્યું, નહીં કે તેઓનો જેમના પર ગઝબ થયો અને ન ભટકેલાઓનો." *(સૂરએ ફાતિહા, આ. નં. ૬, ૭)*

તો આ સીધા રસ્તે ચાલવાવાળા લોકો કોણ છે ? આવો ! આપણે કુર્આનને જ પૂછીએ. રબ્બે કરીમ ફર્માવે છે :–

وَمَنْ يُّطِعِ اللّٰهَ وَالرَّسُوْلَ فَاُولٰٓئِكَ مَعَ الَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِّنَ النَّبِيّٖنَ وَالصِّدِّيْقِيْنَ وَالشُّهَدَآءِ وَالصّٰلِحِيْنَ ۚ وَحَسُنَ اُولٰٓئِكَ رَفِيْقًا ۔

"અને જે અલ્લાહ અને તેના રસૂલનો હુકમ માને, તો તેને એવાઓનો સાથ સાંપડશે જેમના પર અલ્લાહે કૃપા દૃષ્ટિ કરી, એટલે કે નબીઓ અને સિદ્દીક઼ો અને શહીદ અને નેક લોકો, આ કેટલા સારા સાથી છે." *(સૂ. નિસાઅ્–૬૯, પારા–૫)*

સાબિત થયું કે 'સિરાતે મુસ્તક઼ીમ' એટલે 'સીધો રસ્તો' એ જ છે જેના પર નબીઓ, સહાબા, શહીદો તથા અલ્લાહના વલીઓ ચાલ્યા, અને એ જ ઈમાનવાળા લોકો છે. હદીષે પાકમાં પણ નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, "મારા સહાબા તારાઓ સમાન છે, જેનું પણ અનુસરણ કરશો ભલાઈ પામશો."

એટલા માટે કોઈપણ ઈન્સાફપ્રિય ઈન્સાન માટે એ વાત નિશ્ચિત થઈ ગઈ કે જે માર્ગે નબી, સહાબા, શહીદો, અવલિયા અલ્લાહ ચાલ્યા અને જે



માન્યતા તથા અક઼ીદા તેમના હતા તેના પર રહેવું એ અલ્લાહને રાજી કરવાનો માર્ગ છે અને એનાથી વિમુખ થવુ એ અલ્લાહના ગઝબને નોંતરવાનો માર્ગ છે અને શૈતાનનો માર્ગ છે, એટલા માટે જેણે સીધા માર્ગે રહેવું હોય તેણે કોઈની વાતો પ્રતિ ધ્યાન કરવાની જરૂર નથી, બસ ! જે માર્ગે નબીઓ, સહાબીઓ, સિદ્દીક઼ો, શહીદો તથા વલીઓ ચાલ્યા અને જે અક઼ીદા એમના હતા એના પર જામી જાય.

વળી રબ તઆલાનું આ પણ ફર્માન છે કે :–

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَكُوْنُوْا مَعَ الصّٰدِقِيْنَ ۔

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો ! અને સાચાઓની સાથે થઈ જાવ !" *(સૂ. તૌબા, આ. ૧૧૯, પારા–૧૧, રુકૂઅ–૪)*

અને સાચા કોણ છે ? તે તો આપણે જોયું કે અલ્લાહના નબીઓ, સહાબા, તાબઈન, અવલિયા.....એ સૌ સાચા છે, અને પ્રસ્તુત કિતાબમાં આ સર્વ અલ્લાહના સાચા બંદાઓના અક઼ીદા શું હતા તે સનદી કિતાબોના હવાલાથી રજૂ કર્યા છે જેના આધારે નીચે મુજબના તેમના અક઼ીદા હતા તે અત્રે રજૂ કરીએ છીએ, સાથોસાથ વહાબી દેવબંદી બાતિલ ફિર્ક઼ાના અક઼ીદા પણ રજૂ કરીએ છીએ જેથી લોકો સમજી લે કે વહાબી દેવબંદીઓના અક઼ીદાની રૂએ કોણ કોણ મુશ્રિક ઠરે છે :–

| નબી, વલીના વિશે માન્યતા | બુઝુર્ગોનો અક઼ીદો | વહાબી દેવબંદીનો અક઼ીદો |
|---|---|---|
| હાઝિર નાઝિર માનવા | જાઈઝ છે | શિર્ક છે |
| ઈલ્મે ગયબ હોવું માનવું | જાઈઝ છે | શિર્ક છે |
| હાજરત રવા માનવું | જાઈઝ છે | શિર્ક છે |
| મન્નતો માનવી | જાઈઝ છે | શિર્ક છે |
| મુશ્કિલ કુશા માનવું | જાઈઝ છે | શિર્ક છે |
| ચઢાવા ચઢાવવું | જાઈઝ છે | શિર્ક છે |

*(વધુ માટે જુઓ દેવબંદી કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' તથા 'દારુલ ઉલૂમ' માસિક–કંથારીયા, માર્ચ–૨૦૦૯, પેજ–૩૭)*

તેમજ દેવબંદી ધર્મની બંધારણીય કિતાબ 'તક્વિયતુલ ઈમાન' પર કુર્આન કરતાં પણ અધિક અડગ ઈમાન ધરાવનાર આ દેવબંદીઓના માસિક 'દારુલ ઉલૂમ' (કંથારીયા, તા. જિ. ભરૂચ, માર્ચ–૨૦૦૯, પેજ નં. ૩૬) ઉપર સાફ શબ્દોમાં લખેલું છે કે :–

> ***"અલ્લાહ તઆલાએ કોઈને પણ હાજત–રવાઈ અને મુશ્કિલ કુશાઈ કરવાની ગૈબી તાકાત આપી જ નથી અને રઝાખાની લોકો જે એવી માન્યતા ધરાવે છે કે, અલ્લાહ તઆલાએ પોતાના મક્બૂલ બંદાઓને–અવલિયાએ કિરામ (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن)ને હાજત રવાઈ તથા મુશ્કેલકુશાઈની ગૈબી તાકાત અર્પણ ફર્માવી છે, એવી માન્યતા ધરાવવી એ "નર્યુ શિર્ક" છે...."***
>
> *('દારુલ ઉલૂમ' માસિક, કંથારીયા, તા. જિ. ભરૂચ, માર્ચ–૨૦૦૯, પેજ નં. ૩૬)*

દેવબંદીઓના ગુરૂ મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ **'તક્વિયતુલ ઈમાન'**ના **કંથારીયા**થી જ બહાર પડેલ ગુજરાતી અનુવાદના પ્રકાશન નં. ૯૬ (આવૃત્તિ પાંચમી)ના પેજ નં. ૭૩ ઉપર મૂર્તિઓ વિશે ઉતરેલી આયતોને અલ્લાહના નબી, વલીઓ પર ફીટ કરીને લોકોના ઈમાનને તબાહ કરવા માટે લખે છે કે :–

> **"જે લોકો બુઝુર્ગોને દૂર દૂરથી પુકારે છે. અને એમને પુકારીને માત્ર આટલું જ કહે છે કે, યા હઝરત ! આપ દુઆ ફર્માવો કે અલ્લાહ તઆલા અમારી હાજત પૂરી કરી દે, 'તો આ પણ શિર્ક ગણાશે'. (આગળ જતાં લખે છે કે) તેઓ એમની પુકારથી બેખબર છે. ક્યામત સુધી બૂમાબૂમ કરતા રહે તો પણ તેઓ પુકારનારાઓની પુકારને સાંભળી શકતા નથી."**
>
> *(પેજ–૭૩, તક્વિયતુલ ઈમાન, ગુજરાતી અનુવાદક : હસન ભડકોદ્રવી)*

સારાંશ કે સર્વ દેવબંદીઓ આ મુજબ અક્રીદો ધરાવે છે. હવે તમો ખૂદ ઈન્સાફ કરો કે આપણે માનીએ તો કોને માનીએ ? નબી પાક ﷺના



અક્રીદાને, સહાબીઓના અક્રીદાને, વલીઓના અક્રીદાને કે આજકાલના આ વહાબી દેવબંદીઓના અક્રીદાને ?! તો સ્પષ્ટ જવાબ છે કે નબીઓ, સહાબીઓ તથા વલીઓનો અક્રીદો જ હક્ક઼ છે અને કુર્આનના આદેશ મુજબ એઓ જ સાચા તથા સીધી રાહ પર છે જેમને આપણે અનુસરીશું તો જ આપણે સીધી રાહ પર રહીશું કે જે જન્નતીઓનો માર્ગ છે અને એ સિવાયના લોકો જૂઠા તથા ગુમરાહ અને જહન્નમના પંથે છે જેથી એમનાથી ચેતીને રહેવું અને તેમનાથી દૂર રહેવું એમાં જ આપણી ભલાઈ છે. વળી નબી વલીથી મદદ માંગવું, તેમનાથી મુશ્કેલી દૂર થવી, તેમને ઈલ્મે ગયબ હોવાનું માનવું.....વગેરે માનવાવાળાને "નર્યા મુશ્રિક" હોવાનું એલાન આ દેવબંદીઓ તેમની કિતાબમાં ઉઘાડે છોગે કરી રહ્યા છે, જેથી એમના અક્રીદા પ્રમાણે નબીઓ, સહાબીઓ, સિદ્દીક઼ો, વલીઓ સૌ મુશ્રિક ઠરે છે! (મઆઝલ્લાહ !) તમે આ કિતાબ વાંચો અને તેમની અસલિયતને સમજતા ચાલો.

જેથી સાબિત થયું કે આ વહાબી દેવબંદીઓ જ કાફિર બેદીન છે, કારણ કે જેના લખાણોથી, જેમની ગલત માન્યતાઓથી અલ્લાહના સાચા તથા ઈનામવાળા બંદાઓ મુશ્રિક સાબિત થતા હોય તેવી માન્યતાવાળો તેવા અક્રીદાવાળો ખૂદ બેદીન છે તથા નબી વલીનો ગુસ્તાખ તથા દુશ્મન છે અને હદીષે કુદ્સી છે : રસૂલુલ્લાહ ફર્માવે છે કે અલ્લાહે ફર્માવ્યું, "જેણે મારા વલી સાથે અદાવત રાખી તેની સાથે મારું જંગનું એલાન છે" એ આ જ વહાબી દેવબંદીઓ પર લાગુ થાય છે. જેથી એવાઓની છેતરામણી વાતોથી દૂર રહી દરેકે પોતાનું ઈમાન બચાવવું જોઈએ.

વાંચકોને વિનંતિ કે શાંત ચિત્તે હવે આ કિતાબનો અભ્યાસ કરો અને ખરા ખોટાનો ભેદ પારખી લો અને તમારા ઈમાનની રક્ષા કાજે પોતે પણ બદ્મઝહબો, વહાબી, દેવબંદીઓથી દૂર થઈ જાવ અને તમારી ઔલાદને પણ એમનાથી દૂર કરો, તેમની સાથે ઉઠક, બેઠક, દોસ્તી, સગાઈ સંબંધ વગેરે ખત્મ કરી આપો એમાં જ તમારી બંને જહાનમાં ભલાઈ છે. એક સમજદાર માટે આટલું પૂરતુ છે. અલ્લાહ સૌને નેક હિદાયત આપે. (આમીન)

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તા. ૨૩–૧૧–૨૦૦૯, સોમવાર, હિ.સ. ૧૪૩૦, ૩–ઝિલ હજ્જ)*

## વાહ ! ક્યા જૂદો કરમ હૈ ! શહે બત્હા તેરા !

અઝ : **આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ**

**અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

વાહ ! ક્યા જૂદો કરમ હૈ શહે બત્હા તેરા
‘નહીં’ સુન્તા હી નહીં માંગને વાલા તેરા
ધારે ચલતે હૈં અતા કે વો હૈ ક઼તરા તેરા
તારે ખિલતે હૈં સખા કે વો હૈ ઝર્રા તેરા
ફૈઝ હૈ યા શહે તસ્નીમ નિરાલા તેરા
આપ પ્યાસોં કે તજસ્સુસ મેં હૈ દરિયા તેરા
અગ્નિયા પલતે હૈં દર સે વો હૈ બાળા તેરા
અસ્ફિયા ચલતે હૈં સર સે વો હૈ રસ્તા તેરા
ફર્શ વાલે તેરી શૌકત કા ઉલૂ ક્યા જાનેં
ખુસ્રવા અર્શ પે ઉળતા હૈ ફરેરા તેરા
આસમાં ખ્વાન, ઝમીં ખ્વાન, ઝમાના મેહમાન
સાહિબે ખાના લક઼બ કિસ કા હૈ તેરા, તેરા
મૈં તો માલિક હી કહૂંગા કિ હો માલિક કે હબીબ
યઅની મહબૂબો મુહિબ મેં નહીં મેરા તેરા
તેરે ક઼દમોં મેં જો હૈ ગૈ઼ર કા મુંહ ક્યા દેખેં
કૌન નઝરોં પે ચળ્હે દેખ કે તલ્વા તેરા
બહ્રે સાઈલ કા હૂં સાઈલ ન કુંએ કા પ્યાસા
ખૂદ બુઝા જાયે કલેજા મેરા છીંટા તેરા
ચોર હાકિમ સે છુપા કરતે હૈં યાં ઉસકે ખિલાફ
તેરે દામન મેં છુપે ચોર અનોખા તેરા
આખેં ઠંડી હોં જિગર તાઝે હોં જાનેં સૈરાબ
સચ્ચે સૂરજ વો દિલ–આરા હૈ ઉજાલા તેરા



દિલ અબસ્ ખૌફ સે પત્તા સા ઉળા જાતા હૈ
પલ્લા હલ્કા હી સહી ભારી હૈ ભરોસા તેરા
એક મૈં ક્યા મેરે ઈસ્યાં કી હક઼ીક઼ત કિત્ની
મુઝ સે સો લાખ કો કાફી હૈ ઈશારા તેરા
મુફ્ત પાલા થા કભી કામ કી આદત ન પળી
અબ અમલ પૂછતે હૈં ! હાય નિકમ્મા તેરા
તેરે ટુકળોં સે પલે ગૈ઼ર કી ઠોકર પે ન ડાલ
ઝિળકિયાં ખાયેં કહાં છોળ કે સદક઼ા તેરા
ખ્વારો બીમારો ખતાવારો ગુનહ્ગાર હૂં મૈં
રાફેઓ નાફેઓ શાફેઅ લક઼બ આક઼ા તેરા
મેરી તક઼દીર બુરી હો તો ભલી કર દે કિ હૈ
મહવ–વ ઈસ્બાત કે દફતર પે કળોળા તેરા
તૂ જો ચાહે તો અભી મૈલ મેરે દિલ કે ધૂલે
કિ ખુદા દિલ નહીં કરતા કભી મૈલા તેરા
કિસકા મૂંહ તકિએ કહાં જાઈયે કિસસે કહિએ
તેરે હી ક઼દ્મોં પે મિટ જાએ યહ પાલા તેરા
તૂને ઈસ્લામ દિયા તૂને જમાઅત મેં લિયા
તૂ કરીમ અબ કોઈ ફિરતા હૈ અતિય્યા તેરા
મૌત સુનતા હૂં સિતમ તલ્ખ ઝહ્રાબએ નાબ
કૌન લા દે મુઝે તલ્વોં કા ગુસાલા તેરા
દૂર કયા જાનિયે બદકાર પે કૈસી ગુઝરે
તેરે હી દર પે મરે બેકસો તન્હા તેરા
તેરે સદકે઼ મુઝે ઈક બૂંદ બહુત હૈ તેરી
જિસ દિન અચ્છોં કો મિલે જામ છલકતા તેરા
હરમો તૈબા વ બગ઼દાદ જિધર કીજે નિગાહ
જોત પળ્તી હૈ તેરી નૂર હૈ છનતા તેરા
તેરી સરકાર મેં લાતા હૈ **‘રઝા’** ઉસકો શફીઅ્
જો મેરા ગૌ઼ષ હૈ ઔર લાડલા બેટા તેરા

# પ્રથમ નજરે....

અલ્લાહ તઆલાએ મુસલમાનોને આ રીતે દુઆ કરવાનો હુકમ કર્યો છે :–

**"અય અલ્લાહ ! અમોને સીધા રસ્તે ચલાવ. તે લોકોના રસ્તા ઉપર કે જેમના ઉપર તેં એહસાન ફર્માવ્યું."** *(સૂરએ ફાતેહા, આયત નં. ૬, ૭નો અર્થ)*

અને જે લોકો ઉપર અલ્લાહે એહસાન (ઈનામો) ફર્માવ્યાં તેમનું વર્ણન પાંચમાં સિપારામાં આ મુજબ છે :–

**"જેઓ અલ્લાહ અને તેના રસૂલની ફર્માબરદારી કરે તો તે એ લોકોની સાથે હશે જેમના ઉપર અલ્લાહે એહસાન ફર્માવ્યું. અર્થાત : નબીઓ, સિદ્દીક઼ો, શહીદો અને નેક લોકોની સાથે.** *(સૂરે નિસાઅ, આયત નં. ૬૯નો અર્થ)*

આ બંનેવ આયતોને મેળવવાથી સ્પષ્ટ જણાઈ આવે છે કે, નબીઓ, રસૂલો, સિદ્દીક઼ો, વલીઓ (બુઝુર્ગાને દીન)નો રસ્તો જ સીધો રસ્તો છે પરંતુ આજકાલ કેટલાક લોકો બુઝુર્ગાને દીનના અક઼ીદાઓ અને રસ્તાથી લોકોને બેહકાવી, ભરમાવી દૂર કરવાની કોશિશ કરે છે. એટલા જ માટે આ કિતાબમાં અમુક મસ્અલાઓમાં બુઝુર્ગોના અક઼ીદાઓ (માન્યતાઓ) કેવા હતા તે બિલકુલ સરળ અને સમજી શકાય તેવી ભાષામાં લખી દીધા છે જેથી મુસલમાન એ બુઝુર્ગોના અક઼ીદાઓ સમજી તેના ઉપર ક઼ાયમ રહે અને બેહકાવનારાઓની જાળમાં ન ફસાય. એમના ધોકાઓથી બચી જાય.

આ કિતાબમાં અંબિયાએ કિરામના ઈમાન અને અક઼ીદા (માન્યતા) પણ લખવામાં આવ્યા છે તે એ કારણે કે કોઈપણ વસ્તુને સત્ય સમજી પછી તેના ઉપર દિલથી યક઼ીન કરવાને ઈમાન અને અક઼ીદો કહે છે. તો આ હઝરાત અંબિયાએ કિરામે જેવી રીતે અલ્લાહ તઆલા એક હોવા (વહેદાનિયત) અને પોતાની નબુવ્વત પર ઈમાન, અક઼ીદો રાખે છે અને



એની તબ્લીગ કરે છે એ જ રીતે પોતાના વિશે તસર્રુફ, ઈખ્તેયાર, ઈલ્મે ગૈબ વગેરેના બાબત પણ ઈમાન, અક઼ીદો રાખે છે, અને પોતાના વાણી, વર્તનથી એનો પ્રચાર પ્રસાર પણ કરે છે.

અને વળી આ કિતાબમાં ઘણી જગ્યાએ બુઝુર્ગોને (જેઓ સહાબી નથી તેમને) "રદિયલ્લાહુ અન્હૂ" લખવામાં આવ્યું છે જેનો કેટલાક લોકોને વાંધો હોય શકે છે, જેથી સહાબી ન હોય તેમને "રદિયલ્લાહુ અન્હૂ" કહેવા અને લખવા વિશેનો ફત્વો આ કિતાબના અંતમાં વધારારૂપે સામેલ કર્યો છે.

દુઆ છે કે અલ્લાહ તઆલા અને તેના નબીની બારગાહમાં આ કિતાબને ક઼બૂલિયતનો દરજ્જો મળે, અને મુસલમાનોને ઉપયોગી સાબિત થાય.

ઈમાન પર અમારો ખાતમો થાય અને ક઼યામતના દિવસે હુઝૂર પુરનૂર શાફએ યવમુન્નુશૂર ﷺની શફાઅત નસીબ થાય.

આમીન–બિહુર્મતિ નબીય્યીલ કરીમ અલૈહિ વઅલા આલિહી અફઝલુસ્સલવાતિ વ અકમલુત્તસલીમ.

**–(મુફ્તી) જલાલુદ્દીન અહમદ અમજદી**

*૧૦ શવ્વાલ હિ.સ. ૧૪૧૩, ૩ એપ્રિલ ઈ.સ. ૧૯૯૩*

**નોંધ** : ગયાસુલ્લુગાત (પેજ–૪૫૬)માં છે કે અક઼ીદો એટલે કોઈપણ ચીઝને સત્ય (સાચુ) સમજી પછી તેને ખરા દિલથી બરાબર માની લેવું.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَنُصَلِّىْ وَنُسَلِّمُ عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِىَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ

## તસર્રુફ

નબીઓ, રસૂલો عَلَيْهِمُ السَّلَامُ અને અવલિયાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَને અલ્લાહ તઆલા جَلَّ جَلَالُهٗએ આલમમાં તસર્રુફની તાકાત આપી છે કે નહીં, એના વિષયમાં સરકારે દો આલમ ﷺ, સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَઅને મુહદ્દિષીન رحمة الله عليهم اجمعين તેમજ ફુકહા, ઉલમા અને બુઝુર્ગાને દીન رحمة الله عليهم اجمعينના અક઼ીદા કેવા હતા તે જોઈએ :–

## અંબિયાએ કિરામના અક઼ીદા

### ★ હુઝૂર સૈયદે આલમ ﷺનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિજરી ૧૧ ઈ.સ. ૬૩૨)*

હઝરત અનસ رضي الله عنهથી રિવાયત છે કે, મક્કાવાળાઓએ રસૂલુલ્લાહ ﷺને કહ્યું કે તમે કોઈ મો'જિઝો (ચમત્કાર) બતાવો. તો સરકારે દો આલમ ﷺએ એમને ચાંદના બે ટુકડા કરી બતાવ્યા ત્યાં સુધી કે મક્કાવાળાઓએ હિરા પહાડને ચાંદના બે ટુકડાઓની વચ્ચે જોયો. *(બુખારી શરીફ, જિલ્દ–૧, પેજ–૫૪૬)*

ઈબ્ને મસ્ઊદ رضي الله عنهથી રિવાયત છે તેમણે કહ્યું કે, ''રસૂલુલ્લાહ ﷺના સમય મુબારકમાં ચાંદના બે ટુકડા થઈ ગયા. એક ટુકડો પહાડની ઉપર



હતો અને બીજો એની નીચે હતો.'' *(બુખારી શરીફ, જિલ્દ–૧, પેજ–૭૨૧)*

અલ્લામા જામી رحمة الله عليه પોતાની કિતાબ યૂસુફ ઝુલેખામાં લખે છે કે :–

*''ચાંદ કે ઘેરા કી મીમ કા દોઅરા દો નૂન હો ગયા*
*ચાલીસ કો ઉઠાકે સાઠને દો પચાસ બના દિયા*

(અસલ ફારસીનો તર્જુમો) **અર્થાત** : ''માહ (ચાંદ) વર્તુળકારમાં જે મીમ અક્ષર છે એનો ચાલીસ અદદ નીકળે છે અને શહાદતની આંગળી (સબ્બાબા) જેનો પહેલો અક્ષર સીન છે જેના સાઈઠ અદદ નીકળે છે, અને નૂનના પચાસ અદદ નીકળે છે.''

ઉર્દૂ/ફારસી શેરનો ખુલાસો એ નીકળ્યો કે સરકારે દો આલમ ﷺ એ શહાદતની આંગળીના ઈશારાથી ચાંદના પૂર્ણ વર્તુળકાર ગોલાઈના બે ટુકડા કરી બે નૂનની શિકલમાં ટુકડા કરી બે નૂનની શિકલમાં બનાવી દીધા.

શાઈરે એશિયા (કૌમ–મિલ્લતના દુઃખ દર્દની દુઃખતી નસ પર આંગળી મૂકનાર) અલ્લામા મુહમ્મદ ઈકબાલ લખે છે :–

*પંજએ ઊ પંજએ હક્ક઼ મી શૂદ*
*માહ અઝ અંગુશ્તે ઊ હક્ક઼ મી શૂદ*

**અર્થાત** : ''હુઝૂર સરવરે કાઈનાતનો પંજો ખુદા તઆલાની કુદરતનો પંજો થઈ ગયો જેથી ચાંદ એમની આંગળીથી બે ટુકડા થઈ ગયો.''

આ બનાવથી સાબિત થયું કે હુઝૂર સરવરે દો આલમ ﷺનો એ અક઼ીદો હતો કે અલ્લાહ તઆલાએ મને ચાંદ પર તસર્રુફની શક્તિ અર્પણ કરી છે, અને તેથી આપે પોતાની આંગળીનો ઈશારો કરી બે ટુકડા કરી દીધા. જો સરકાર ﷺનો એ અક઼ીદો ન હોત તો ઈશારો કરવું તો ઘણી મોટી વાત બલ્કે એક ક્ષણ માટે વિચારી પણ શકતા ન હતા કે હું ઈશારો કરું અને ચાંદ ટુકડા થઈ જશે.

જેમ કે એક માણસ પહાડના એક ભારે ટુકડાને જુએ છે તો તે તેને પોતાના હાથો વડે ઊંચકવાની વાત તો દૂર રહી બલ્કે તે માટે ક્ષણભર વિચાર પણ કરી શકતો નથી. પરંતુ તે જ માણસ પહાડના નાના પથ્થરના ટુકડાને જુએ છે તો તે જાણે છે કે હું એને ઉઠાવી શકું છું અને તેને ઉઠાવવાની કોશિશ કરે છે. પછી જ્યારે તે પથ્થરના એ ટુકડાને ઉઠાવી લે છે. તો

સ્પષ્ટ રીતે સમજી શકાયું કે અલ્લાહે એને એ પથ્થર ઉઠાવવાની શક્તિ અર્પી છે.

હઝરત અનસ رضی اللہ عنہએ ફર્માવ્યું કે, ''રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની સમક્ષ પાણીનો એક પ્યાલો (એક વાસણ) લાવવામાં આવ્યો તે વખતે આપનો ઝવરાઅ્ સ્થળે મુક઼ામ હતો. આપે તે પ્યાલામાં પોતાનો હાથ મુબારક મૂક્યો તો આંગળીઓની વચ્ચેથી પાણીના ફુવારા ફૂટી નીકળ્યા, બધા જ લોકોએ વુઝૂ કર્યું, હઝરત ક઼તાદા رضی اللہ عنہ કહે છે કે મેં હઝરત અનસ رضی اللہ عنہથી પૂછયું, તમે કેટલા માણસો હતા ! તો તેમણે કહ્યું, ત્રણસો અથવા લગભગ ત્રણસો. *(બુખારી શરીફ, જિલ્દ–૧, પેજ–૫૦૪)*

અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે હઝરત અલકમા رضی اللہ عنہએ ફર્માવ્યું કે :–

અમે તો મો'જિઝાને બરકતનું કારણ સમજતા હતા અને તમે તેને ઓછપનું કારણ સમજો છો. અમે એક સફરમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની સાથે હતા. પાણી ઘટી ગયું, તો આપે ફર્માવ્યું, થોડુક વધેલું, બચેલું પાણી હોય તો લઈ આવો. તો લોકો એક વાસણમાં લઈ આવ્યા જેમાં થોડુંક બચેલું હતું. હુઝૂરે પોતાનો હાથ મુબારક વાસણમાં મૂક્યો અને ફર્માવ્યું, બરકતવાળા પાણી પાસે આવો અને બરકત અલ્લાહ તઆલાની તરફથી છે. મેં મારી (આંખોથી) નિશ્ચિતપણે જોયું કે આંગળીઓની વચ્ચેથી પાણીના ફુવારા ઉડી રહ્યા હતા. (صلی اللہ علیہ وسلم) *(બુખારી શરીફ, જિલ્દ–૧, પેજ–૫૦૫)*

અને હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે ફર્માવ્યું કે, સુલહે હુદૈબિયાના દિવસે લોકો તરસ્યા હતા. હુઝૂર નબી صلی اللہ علیہ وسلم પાસે એક પ્યાલો હતો જેમાં થોડું પાણી હતું તેનાથી આપે વુઝૂ કર્યું તો લોકો આપની તરફ દોડી આવ્યા. હુઝૂરે ફર્માવ્યું, શું વાત છે ? લોકોએ કહ્યું, સરકાર ! અમારી પાસે ન પીવા માટે પાણી છે ન તો વુઝૂ માટે, પરંતુ જે આપની પાસે આ થોડુંક જે છે તે જ. હુઝૂર صلی اللہ علیہ وسلم એ પોતાનો હાથ મુબારક એ પાણીના પ્યાલા (વાસણ)માં મૂક્યો તો આપની આંગળીઓની વચ્ચેથી ઝરણાની જેમ ઉભરાય ઉઠયું. હઝરત જાબિર رضی اللہ عنہનું બયાન છે કે અમે બધા જ માણસોએ પાણી પીધું અને વુઝૂ પણ કર્યું. હઝરત સાલિક કહે છે, મેં



જાબિર رضی اللہ عنہને પૂછયું, તમે કેટલા માણસો હોત ? હઝરત જાબિર رضی اللہ عنہ કહે છે, જો અમે એક લાખ માણસો હોત તો પણ બધાં માટે પાણી પૂરતું હતું, પણ અમે પંદરસો માણસો હતા. *(બુખારી શરીફ, જિલ્દ–૧, પેજ–૫૦૫)*

આ મુબારક હદીષોથી જાણવા મળ્યું કે આપનો અક઼ીદો હતો કે અલ્લાહ તઆલાએ મને હાથની આંગળીઓના વીરાઓમાંથી પાણી વહાવવાની શક્તિ આપેલી છે.

*ઉંગલિયાં હૈં ફૈઝ પર તૂટે હૈં પ્યાસે ઝુમ કર*
*નદ્દિયાં પંજાબે રહમત કી હૈં જારી વાહ વાહ*
*–(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

હઝરત સુહલ બિન સઅદ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલે આ'ઝમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, કાલે હું (જંગમાં) ઝંડો તે માણસના હાથમાં આપીશ જેના હાથે અલ્લાહ ફતેહ (જીત) અતા કરશે. તમામ રાત લોકો એ વિચારમાં રહ્યા કે જોઈએ સવારમાં એ કોણ નસીબદાર માણસ હશે જેના હાથમાં સરકારે દો આલમ صلی اللہ علیہ وسلم ઝંડો અર્પણ કરશે. જયારે સવાર પડી તો દરેક એ ઉમ્મીદ સાથે બારગાહે રિસાલતમાં હાજર થયા કે મને મારા હાથમાં ઝંડો આપવામાં આવે તો કેવું સારું !

આપ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, અલી બિન અબૂ તાલિબ ક્યાં છે ? હાજરજનોએ જવાબ આપ્યો, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم એમની આંખ દુ:ખે છે. ફર્માવ્યું, ''એમને બોલાવી લાવો !'' આપને બોલાવી લાવવામાં આવ્યા. તો સરકારે આપની આંખોમાં પોતાનું થૂંક મુબારક લગાડી આપ્યું અને દુઆ કરી. બસ તરત જ એમની બીમારી દૂર થઈ ગઈ જાણે કદી કોઈ તકલીફ જ ન હતી. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૨૫)*

અને હઝરત ઉત્બા બિન ફરકદ رضی اللہ عنہની ઔરત હઝરત ઉમ્મે આસિમ رضی اللہ عنہا કહે છે કે ઉત્બાને અમે ચાર ઔરત હતી. અમારામાં દરેક ઉત્બા માટે પોતે વધુ ખૂશ્બુદાર રહેવાની કોશિશ કરતી હતી. છતાં પણ જે ખૂશ્બુ (સુગંધ) ઉત્બાના શરીરમાંથી આવતી હતી તે અમારી બધી જ ઔરતોની ખૂશ્બુથી વધીને હતી. ખસાઈસે કુબ્રામાં છે કે, ''જયારે લોકો સમક્ષ ઉત્બા જતા હતા તો લોકો કહેતા, અમે આજ સુધી કોઈ એવી ખૂશ્બુ

(સુગંધ) નથી સુંઘી જે ઉત્બાની ખૂશ્બુથી સારી હોય. એક દિવસે અમે એમને આ બાબતમાં પૂછયું, તો એમણે કહ્યું, "રસૂલુલ્લાહ ﷺના જાહેરી જમાનામાં મને એક વેળા આખા શરીર ઉપર ફોલ્લીઓ ફૂટી નીકળી હતી. તો મેં નબી ﷺની બારગાહમાં ફરિયાદ કરી. આપે ફર્માવ્યું, કપડાં શરીર પરથી ઉતાર. મેં કપડાં ઉતાર્યાં. મારું સતર છુપાવી રાખ્યું અને આપની સમક્ષ હાજર થયો. આપે પોતાનું થૂંક મુબારક પોતાના હાથ મુબારક પર લગાડી તે હાથ મારી પીઠ અને પેટ ઉપર ફેરવી દીધો તો મારી બીમારી દૂર થઈ ગઈ અને એ જ દિવસથી મારામાં આ ખૂશ્બુ પેદા થઈ ગઈ. (જે આજે પણ મારા શરીરમાંથી ફેલાતી જોઈ રહ્યા છો.)

(**ફાયદો** : સહાબાનો અક઼ીદો હતો કે નબી ﷺની બારગાહમાં પોતાની તકલીફોની ફરિયાદ કરવાથી તકલીફો દૂર થાય છે. *–અનુવાદક*)

હઝરત બર્રા બિન આઝીબ رضی اللہ عنہથી રિવાયત છે કે, જ્યારે અબ્દુલ્લાહ બિન અતીક رضی اللہ عنہ અબૂ રાફેઅ યહૂદી જે નબી ﷺનો મહા દુશ્મન હતો તેને ક઼ત્લ કરી એના ઊંચા મકાનથી ઉતરવા લાગ્યા તો દાદર ઉપરથી પડી ગયા જેથી એમની પીંડીનું હાડકુ તૂટી ગયું. એમણે તરત જ એમના અમામાથી પાટો બાંધી લીધો અને ત્યાંથી સીધા જ સરકારે દો આલમ ﷺની સેવામાં હાજર થઈ આપવીતી કહી સંભળાવી. આક઼ાએ દો આલમ ﷺએ ફર્માવ્યું, તમારો પગ લાંબો કરો ! મેં લાંબો કર્યો તો આપે તેના ઉપર પોતાનો રહમતવાળો હાથ ફેરવ્યો, મારો પગ તરત જ સાજો થઈ ગયો, જાણે કદી કોઈ તકલીફ થઈ જ ન હતી. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૭૭)*

આ બનાવોથી નબીએ કરીમ ﷺએ પોતાનો અક઼ીદો સાબિત કરી બતાવ્યો કે અલ્લાહ તઆલાએ મારામાં તસર્રુફની એ શક્તિ આપી છે કે મારા થૂંક મુબારકથી બીમારીઓ દૂર થઈ જાય. બલ્કે ચાહું તો એ જ થૂંક મુબારકથી બીમારના શરીરને હમેશાં માટે સુગંધીદાર બનાવી દઉં, અને હાથ ફેરવું તો તૂટેલું હાડકુ પણ ઠીક થઈ જાય.

અલ્હમ્દુલિલ્લાહ ! અમારો અક઼ીદો પણ નબીએ કરીમ રઉફોરહીમ ﷺ માટે એ જ છે.



અને હઝરત આઈશા رضی اللہ عنہا રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ મને કહ્યું, અય આઈશા ! હું જો ચાહું તો મારી સાથે સોનાના પહાડો ચાલે. *(મિશ્કાત શરીફ, પેજ–૫૧૨)*

અને અબૂ રાફેઅ رضی اللہ عنہથી રિવાયત છે કે, તેમણે કહ્યું, મારી પાસે બક્ષીસરૂપે એક બકરી આવી. તેને (હલાલ કરી) હાંડલીમાં પકાવવા મૂકી. રસૂલુલ્લાહ ﷺ તશરીફ લઈ આવ્યા, ફર્માવવા લાગ્યા, અય અબૂ રાફેઅ ! આ શું છે ? મેં અર્ઝ કરી, આ બકરી છે જે અમોને બક્ષીસ મળી હતી પછી અમે એને હાંડલીમાં પકાવી છે. આપે ફર્માવ્યું, અય અબૂ રાફેઅ ! અમને એનો એક આગળના પગનો ઉપરનો ભાગ આપો. (ઉર્દૂમાં આગળના પગના ઉપરના ભાગને દસ્ત કહે છે.) મેં આપની સેવામાં હાજર કરી દીધો. આપે કહ્યું, બીજો પણ આપો. મેં બીજો પણ હાજર કરી દીધો. આપે કહ્યું, બીજો પણ આપો. મેં બીજો પણ હાજર કરી દીધો. ફરી આપે કહ્યું, અય અબૂ રાફેઅ ! હજુ પણ લાવો ! મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! બકરીના બે જ દસ્ત (આગળના પગના ઉપરનો ભાગ–હાથ) હોય છે, ત્યારે આક઼ાએ કાઈનાત રસૂલે રહમતે આલમ ﷺએ કહ્યું, જો તમે ચૂપ રહ્યા હોત તો અમને દસ્ત પર દસ્ત કાઢી આપ્યા કરતે ત્યાં સુધી કે તમે ચૂપ રહેતા. *(અહમદ, દારમી, મિશ્કાત)*

અને ઉસામા બિન ઝૈદ رضی اللہ عنہથી એવા જ પ્રકારનો બીજો એક બનાવ પણ વર્ણવ્યો છે, જ્યારે અમે હુઝૂર નબી ﷺની સાથે હજ્જથી પરવારી રૌહા મુક઼ામે પહોંચ્યા તો એક સ્ત્રીએ સેકેલી બકરી ખિદમતમાં હાજર કરી. હુઝૂર ﷺના ફર્માન અનુસાર અમે એક પછી બીજો દસ્ત આપની સેવામાં હાજર કર્યો, પછી આપે હુકમ ફર્માવ્યો હજુ પણ બીજો દસ્ત લાવો તો મેં અદબથી અરજ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ બકરીને દસ્ત તો બે જ હોય છે જે હું આપની સેવામાં હાજર કરી ચૂક્યો છું. તો આપ ﷺએ ફર્માવ્યું, ક઼સમ છે તે જાતની જેના કબજામાં મારી જાન છે ! જો તમે ચૂપ રહેત તો જ્યાં સુધી હું દસ્ત માંગતે ત્યાં સુધી તમે મને આપ્યા જ કરતે. *(અબૂ યઅલા, બયહકી, ખસાઈસે કુબ્રા)*

આ હદીષોથી જાણવાનું મળ્યું કે, હુઝૂર સરવરે આલમ ﷺનો એ અક઼ીદો હતો કે, અલ્લાહ જલ્લશાનહુએ મને એ મહાન મર્તબો અર્પણ

કર્યો છે કે, જો હું ઈચ્છું તો મારી સાથે સાથે સોનાના પહાડ ચાલ્યા કરે, અને એક બકરીમાં બે જ દસ્ત (આગલા બે પગોને ઉપરનો ભાગ જેને અંગ્રેજીમાં સોલ્ડર કહે છે) હોય છે પરંતુ જો હું માંગતો રહું અને આપનાર ચૂપ રહી આપતો જ રહે તો એક બકરીમાંથી હજારો સોલ્ડરો (દસ્ત) મળ્યા જ કરે.

અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે, રસૂલે આ'ઝમ ﷺએ ફર્માવ્યું :–

અય લોકો ! ખુદાએ તમારા ઉપર હજ્જ ફર્ઝ કરી છે, અકરાઅ બિન હાબિસે ઉભા થઈ વિનંતિ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું હજ્જ દર વર્ષે ફર્ઝ છે ? આપે ફર્માવ્યું, જો હું હા કહી આપું તો હજ્જ દર વર્ષે ફર્ઝ થઈ જાય અને જો દર વર્ષે ફર્ઝ થઈ જાય તો તમે તેને અદા કરવાની શક્તિ નથી ધરાવતા. *(અહમદ, નિસાઈ, દારમી, મિશ્કાત)*

અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ બયાન કરે છે કે, અમે રસૂલુલ્લાહ ﷺની સેવામાં બેઠા હતા, તેવામાં એક માણસ આવ્યો, અને કહેવા લાગ્યો, યા રસૂલલ્લાહ ! ﷺ હું બરબાદ થઈ ગયો. આકાએ દો જહાં ﷺએ પૂછયું શું થયું ? તેણે કહ્યું, હું રોઝાની હાલતમાં હતો અને મારાથી મારી પત્ની સાથે સંભોગ થઈ ગયો. આપ ﷺએ કહ્યું, તારી પાસે ગુલામ છે કે જેને તું આઝાદ કરી શકે ! તેણે કહ્યું, ના ! તો આપે ફર્માવ્યું, તો પછી બે મહિના લગાતાર રોઝા રાખી શકે છે ! તેણે કહ્યું, ના ! યા રસૂલલ્લાહ ! ﷺ

તો આપે ફર્માવ્યું, તો સાઈઠ (૬૦) મિસ્કનો–ગરીબોને ખાણું ખવડાવી શકે છે ! તેણે કહ્યું, ના ! એ શક્તિ પણ નથી. તો થોડીકવાર માટે કંઈ જ બોલ્યા નહીં. અમે પણ ચૂપ રહ્યા. એવામાં એક માણસ રસૂલુલ્લાહ ﷺની પાસે ખજૂરનો ટોપલો લઈ હાજર થયો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, ક્યાં છે સવાલ પૂછનાર વ્યક્તિ ? તેણે કહ્યું (હું હાજર છું યા નબીઅલ્લાહ ! ﷺ) આપે કહ્યું, લઈ જાવ ! આ ખજૂર અને વહેંચી દો જરૂરતમંદ મોહતાજો–ગરીબોને. એણે પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ શું હું આ ખજૂર તેમને આપું જે મારાથી વધુ મોહતાજ–ગરીબ હોય ! કસમ ખુદાની મદીનાના બંનેવ પથરીલા મેદાનો વચ્ચે (અર્થાત મદીના અને આજુબાજુના પ્રદેશ) મારા અને મારા બાળબચ્ચાંથી વધુ જરૂરતમંદ (હાજતમંદ) ગરીબ



કોઈ જ નથી. સરકારે દો આલમ ﷺ હસી પડયા. ત્યાં સુધી કે આપના સામેના બંનેવ દાંત મુબારક દેખાઈ ગયા. (સરકારે દો આલમ ﷺ દુનિયવી જિંદગીમાં કદી પણ જોરથી હસ્યા નથી. જેમ કે આપણે વાત વાતમાં હા ! હા ! હા ! કરી હસીએ છીએ.)

પછી આપ ﷺએ ફર્માવ્યું, જાવ ! તમારા ઘરવાળાઓને ખવડાવી દો. *(બુખારી, ભાગ–૧, પેજ–૨૬૦)*

હઝરત બર્રા બિન આઝિબ رضی اللہ عنہ ફર્માવે છે, મારા માસા અબૂ બુરૈદા رضی اللہ عنہ એ ઈદની નમાઝ પહેલાં કુર્બાની કરી નાખી. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારી એ બકરી ગોશ્ત માટે થઈ. (અર્થાત તમારી કુર્બાની અદા ન થઈ.) તેમણે કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ મારી પાસે ખૂબ તાજુ છ મહિનાનું બકરીનું બચ્ચુ છે. આપ ﷺએ ફર્માવ્યું, એને ઝુબહ કરી દો, પરંતુ તમારા સિવાય બીજા કોઈએ પણ આમ કરવું ઠીક નહીં ગણાય. (મતલબ છ મહિનાના બકરીના બચ્ચાની ઈજાઝત ફક્ત તમારા માટે જ છે. ભાવિમાં પણ કોઈને નથી, કરશે તો કુર્બાની અદા થશે નહીં.) *(બુખારી, ભાગ–૨, પેજ–૮૩૪)*

હઝરત નોઅમાન બિન બશીર رضی اللہ عنہથી રિવાયત છે કે નબી ﷺએ એક ગામડિયાથી ઘોડો ખરીદ કર્યો. પછી પેલા ગામડિયાએ પોતે ઘોડો વેચ્યો છે એ વાતથી ફરી ગયો. કહેવા લાગ્યો, મેં તમોને ઘોડો વચ્યો જ નથી, તમે સાક્ષી લાવો.

એટલામાં હઝરત ખુઝૈમહ બિન ષાબિત رضی اللہ عنہ આવ્યા. એમણે કહ્યું, હું ગવાહી આપું છું કે તેં ઘોડો વેચી દીધો છે.

તો નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, અય ખુઝૈમહ્ તમે કેવી રીતે ગવાહી આપો છો ? (જ્યારે કે તમે બંનેવના સોદા વખતે તો હાજર જ ન હતા.)

તો હઝરત ખુઝૈમહ رضی اللہ عنہએ કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ આપે બતાવેલી આસ્માની ખબરોને મેં દિલથી કબૂલ કરી સાચી માની ગવાહી આપી. તો પછી આ ગામડીયા સામે આપની સચ્ચાઈની ગવાહી કેમ ન આપું ! તો રસૂલુલ્લાહ ﷺએ એમની ગવાહીને બે પુરૂષોની ગવાહીની બરાબર કરી દીધી. અને હઝરત ખુઝૈમહ સિવાય ઈસ્લામમાં કોઈપણ

પુરૂષ માટે એ જાઈઝ નથી થયું કે તેની ગવાહી બે પુરૂષોની બરાબર ગણાઈ હોય. *(ખસાઈસે કુબરા, જિ. ૨, પેજ–૨૬૩)*

આ મુબારક હદીષોથી જાણવા મળ્યું કે હુઝૂર સૈયદે આલમ ﷺનો એ અક઼ીદો હતો કે ખુદાવંદે આલમે મને શરીઅતના ક઼ાયદાઓમાં પણ બધો ઈખ્તેયાર–ફુલપાવર આપેલો છે.

### ★ હઝરત ઈસા રૂહુલ્લાહ علیہ السلامનો અક઼ીદો ★

સૂરએ આલે ઈમ્રાનમાં છે કે, આપે બની ઈસ્રાઈલને કહ્યું, ''હું તમારા માટે માટીના પક્ષીઓ બનાવું છું પછી એમાં ફૂંક મારું છું તો તે તરત જ જીવતું પક્ષી બની જાય છે અલ્લાહના હુકમથી. અને હું કોઢની બીમારીથી પિડાતા બીમારોની બીમારી મટાડું છું, તેમજ પૈદાઈશથી આંધળાઓને દેખતા કરી દઉં છું અલ્લાહના હુકમથી.'' *(સિપારો–૩, રૂકૂઅ–૧૩)*

આ આયત શરીફથી સ્પષ્ટપણે જણાયું કે, ઈસા علیہ السلامનો એ અક઼ીદો હતો કે માટીની ચકલી કે પક્ષી બનાવી તેને જીવંત કરવાની, પેદાઈશી આંધળાને આંખોની રોશની આપવાની, કોઢીઓને સાજા કરવાની, મૃત્યુ પામેલા માણસને ફરી જીવતો કરવાની અલ્લાહે મને શક્તિ અને પાવર ઈખ્તેયાર અર્પણ કરેલ છે. જેથી કરી બની ઈસ્રાઈલની માંગણીને કારણે માટીનું ચામચિડિયું બનાવી તેમાં ફૂંક મારી તો તે જીવંત થઈ ઉડવા લાગ્યું અને કેટલાય મુડદાઓને જીવંત કર્યા અને અસંખ્ય આંધળા અને કોઢીઓને સાજા કર્યા.



# સહાબાએ કિરામના અક઼ીદા

### ★ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૨૩)*

આપનું મુબારક નામ ઉમર છે. કુન્નિયત અબૂ હફ્સ અને લકબ ''ફારૂકે આ'ઝમ'' છે. આપના પિતાનું નામ ખત્તાબ અને માતાનું નામ અન્તમા છે, જે હુશ્શામ બિન મુગીરાના પુત્રી એટલે કે અબૂ જહલનાં બહેન. આઠમી પેઢીએ આપની વંશાવળી–પેઢીનામુ નબી ﷺના પેઢીનામાથી મળી જાય છે. આપ અસ્હાબે ફીલ (હાથીવાળા)ના બનાવથી ૧૩ વર્ષ પછી પેદા થયા અને એલાને નબુવ્વતના છટ્ઠા વર્ષે સત્તાવીસ વર્ષની ઉંમરમાં ઈસ્લામની દૌલતમાંથી માલમાલ થયા. આપે તે વખતે ઈસ્લામ ક઼બૂલ કર્યો જે વખતે ચાલીસ પુરૂષો અને અગ્યાર સ્ત્રીઓ ઈમાન લાવી ચૂકી હતી. કેટલાક ઉલમા લખે છે કે તે વેળા ઓગણચાલીસ પુરૂષો અને ત્રેવીસ સ્ત્રીઓએ ઈસ્લામ ક઼બૂલ કરેલો. (એટલે કે આપ પુરૂષોમાં ચાલીસમા હતા.)

હઝરત મુગીરા બિન શોઅબા رحمۃ اللہ علیہના ગુલામ અબૂ લુઅલુહ ફિરોજીએ ૨૬ ઝિલ હજ્જ, હિ.સ. ૨૩ બુધવારના દિવસે આપ પર ક઼ાતિલ હુમલો કર્યો. આપ ઝખ્મી થયા, ત્રણ દિવસ પછી આપે શહાદતનો પ્યાલો પી લઈ આ ફાની દુનિયાથી વિદાય લીધી. આપે દસ વર્ષ, છ માસ, ચાર દિવસ સુધી ખિલાફતનો ફર્ઝ નિભાવી ૬૩ વર્ષની ઉમરમાં વિસાલે હક઼્ક઼ ફર્માવ્યો.

હઝરત અબૂ શૈખ કિતાબુલ અસ્માહમાં હઝરત કૈસ બિન હજાજ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે હઝરત ઉમર બિન આસ رضی اللہ عنہએ હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہના ખિલાફત સમયકાળમાં ઈજિપ્ત પર વિજય મેળવ્યો તો ત્યાંના લોકો એમના નક્કી કરેલા એક દિવસે હઝરત અમ્ર બિન આસ પાસે આવ્યા અને કહેવા લાગ્યા, યા અમીરુલ મુસ્લિમીન !

અમારી આ નાઈલ નદી માટે પૂર્વજોથી એક રિવાજ છે કે જ્યારે જ્યારે એ સૂકાય જાય છે તો અમારા રિવાજ પ્રમાણે અમે વિધિ કરીએ છીએ, કારણ કે અમારી ખેતિવાડીનો આધાર જ નદીનું પાણી છે.

હઝરત અમ્ર رضی اللہ عنہએ પૂછયું, તમારી એ પૂરાણી વિધિ શું છે ? તો તેમણે કહ્યું, "જ્યારે આ મહિનાનો અગ્યારમો ચાંદ આવે છે તો અમે લોકો એક કુંવારી છોકરી પસંદ કરી તેના માતા પિતાને રાજી કરી તેને નવવધુ જેમ આભૂષણોથી સજ્જ કરી નાઈલમાં તેનો ભોગ આપીએ છીએ."

હઝરત અમ્ર બિન આસે رضی اللہ عنہ કહ્યું, ઈસ્લામમાં આ કામ કદી ન થઈ શકે. આ વાતો તદ્દન પાયા વિનાની નકામી છે. ઈસ્લામ તો આવી વાતો આવા રિવાજોને દૂર કરવા માટે આવેલો છું જેથી હું કદી પણ તમોને આ કામની રજા આપી શકતો નથી.

આપના આ જવાબથી લોકો ચાલ્યા ગયા. થોડાક દિવસો વિતતાં ખરેખર નાઈલ બિલ્કુલ સૂકાઈ ગઈ, લોકોનાં ઢોરઢાંખર ઘાસ, પાણી વિના મરવા લાગ્યાં, ખેતિવાડી સૂકાઈ ગઈ, લોકો વતન છોડવા પર મજબૂરીથી તૈયાર થયા. હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہ એ હાલાત જોતાં અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہને એક કાગળ લખી બધી જ પરિસ્થિતિની જાણ કરી. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ કાગળ વાંચી હઝરત અમ્ર બિન આસને કાગળ લખ્યો કે તમે ઈજિપ્તવાસીઓને ખરેખર ખૂબ જ સારો જવાબ આપ્યો છે, બેશક ! ઈસ્લામમાં આવી વાહિયાત માન્યતાઓ, રિવાજોને કોઈ જ સ્થાન નથી. ઈસ્લામ તો આવી વાતોનો ખાત્મો કરવા જ આવેલો છે. હું આ સાથે બીજો એક કાગળ મોકલું છું જેને તમે નાઈલ નદીમાં નાખી દેજો.

જ્યારે હઝરત અમ્ર رضی اللہ عنہ પાસે આ કાગળ પહોંચ્યો તો આપે તેને ખોલીને વાંચ્યો તો લખ્યું હતું કે, "અલ્લાહના બંદા ઉમર બિન ખત્તાબ અમીરુલ મો'મિનીન તરફથી ઈજિપ્તની નાઈલ નદીને જાણ કરવામાં આવે છે કે; જો તું તારી પોતાની મરજીથી વહેતી હોય તો ન વહે, તારી જરૂરત નથી ! જો તું અલ્લાહ વાહિદ વ કહ્હારના હુકમથી વહેતી હોય તો હું દુઆ કરું છું કે અલ્લાહ વહદહુ લાશરીક તને વહેતી કરી દે."



હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہ એ હઝરત ઉમર رضی اللہ عنہનો મોકલેલો પત્ર રાત્રિના સમયે નાઈલમાં નાખી દીધો. ઈજિપ્તના લોકો સવારમાં જાગ્યા તો શું જુએ છે કે અલ્લાહ તઆલાએ નદીને વહેતી કરી આપી હતી તેટલું જ નહીં પણ સોળ હાથ પાણી ઉપર ચઢેલું હતું. વળી ત્યાર પછી કદી પણ નાઈલનું પાણી સૂકાયું જ નથી અને ઈજિપ્તવાળાઓની એ જાહિલિયતનો વાહિયાત રિવાજ પણ બંધ થઈ ગયો અને જે દર વર્ષે એક કુંવારી જુવાન છોકરીનો જીવ લેવાતો તે પણ બચી ગયો. *(તારીખુલ ખુલફા, પેજ–૮૭)*

હઝરત અમીરુલ મો'મિનીન ઉમર رضی اللہ عنہએ નાઈલને પત્ર લખી પોતાનો એ અક઼ીદો સ્પષ્ટ જાહેર કરી દીધો કે અલ્લાહે મને જમીન અને પાણી પર હુકૂમત અર્પણ કરી છે.

હઝરત ખ્વાજા અમીર ખુર્દ કિરમાની નિઝામી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે એક દિવસ હઝરત ઉમર رضی اللہ عنہ મદીના મુનવ્વરાની બહાર ઈંટો બનાવી રહ્યા હતા. સૂર્યનાં તેજ કિરણો આપની પીઠ મુબારક પર પડી રહ્યાં હતાં જેનાથી આપની પીઠ મુબારક પર અસર થઈ. આપે નારાજગી સાથે સૂર્ય સામે જોયું તો સૂર્યની રોશની ઝાંખી થઈ ગઈ ત્યાં સુધી કે મદીના મુનવ્વરામાં અંધકાર છવાય ગયો ! લોકોમાં ગભરાહટ ફેલાય ગયો કે જાણે ક઼યામત આવી ગઈ. તો આ પરિસ્થિતિ જોઈ આપે ફરી સૂર્ય તરફ મહોબ્બતભરી નજરે જોયું તો અલ્લાહ તઆલાએ સૂર્યને ફરી એની રોશની અતા કરી. *(સિયરુલ અવલિયા, પેજ–૫૪)*

રિવાયત છે કે એક વેળા હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના ખિલાફતકાળમાં ધરતીકંપ થયો તેમાં થોડી થોડી વારે ધરતી ધ્રુજતી હતી. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ અલ્લાહ તઆલાની હમ્દો ષના બયાન કરી અને જમીન પર કોરડો મારી કહ્યું, થોભી જા ! શું મેં તારી ઉપર ઈન્સાફ નથી કર્યો ? બસ ! આટલું જ બોલવું હતું કે તરત જ ધરતીનો ધ્રુજારો બંધ થઈ ગયો. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૪૫૧, બરકાતે સાલેહીન, ભાગ–૧, પેજ–૪૦)*

અલ્લામા નબહાની رحمۃ اللہ علیہ કહે છે કે ઈમામ રાઝી رحمۃ اللہ علیہએ પોતાની પ્રખ્યાત કુર્આને કરીમની તફસીરમાં સૂરએ કહફના વિવરણમાં લખ્યું છે કે, મદીના મુનવ્વરામાં કોઈ એક મકાનમાં આગ ફાટી નીકળી. લોકોની

મહેનત છતાં આગ ઠંડી પડતી ન હતી. ફારૂકે આ'ઝમ رضی اللہ عنہને ખબર મળતાં આપે એક કપડાના ટુકડા પર લખ્યું, "અય આગ ! અલ્લાહના હુકમથી ઠંડી થઈ જા !" લોકોને કહ્યું, જાવ, આ ટુકડાને બળતી આગમાં નાખી દો. લોકોએ હુકમનું પાલન કર્યું, આગ તરત જ ઠંડી થઈ ગઈ અર્થાત હોલવાઈ ગઈ. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૪૫૩)*

આ બનાવોથી જાણવા મળે છે કે, હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہનો અકીદો હતો કે અલ્લાહ તઆલાએ મને એની પેદા કરેલી મખ્લૂક પર તસર્રુફની મહાન શક્તિ અર્પેલી છે.

## ★ હઝરત અનસ رضی اللہ عنہનો અકીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૯૧)*

આપ માલિક બિન નઝરના બેટા હતા, આપની કુન્નિયત અબૂ હમ્ઝા હતી. આપનો સંબંધ બની ખઝરજ કબીલાથી હતો. આકાએ કાઈનાત મહબૂબે ખુદા ﷺના ખાસ ખાદિમો (સેવકો)માંથી હતા. આપનાં માંનુ નામ ઉમ્મે સુલૈમ બિન્તે મલ્હાન હતું. નબીએ કરીમ, રઉફો રહીમ ﷺ જ્યારે મદીના મુનવ્વરા તશરીફ લાવ્યા તે વેળા આપની ઉંમર દસ વર્ષ હતી. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના ખિલાફતકાળમાં આપ બસરા (ઈરાક) ચાલ્યા ગયા કે જેથી ત્યાંના લોકોને ઈસ્લામની તા'લીમ આપી શકાય. બસરામાં જે સહાબાએ કિરામ રહેતા હતા તેઓમાંથી આપની વફાત સૌથી છેલ્લે થઈ. આપની ઉંમર ૧૦૩ વર્ષ હતી. અલ્લામા ઈબ્ને બર્ર કહે છે કે, સાચુ એ છે કે, એમની ૧૦૦ અવલાદ હતી. જ્યારે કેટલાક કહે છે કે ૮૦ હતી, જેમાં ૭૮ છોકરા અને બે છોકરીઓ હતી. *(ખતીબ તબરેઝી)*

હઝરત અનસ رضی اللہ عنہ કહે છે કે, મેં રસૂલુલ્લાહ ﷺને એ હાલતમાં જોયા કે અસરની નમાઝનો સમય થઈ ગયો હતો, લોકો વુઝૂ માટે પાણી શોધી રહ્યા હતા પરંતુ પાણી બિલ્કુલ ન હતું. આપ ﷺની ખિદમતમાં એક વાસણમાં વુઝૂ માટે પાણી હાજર કરવામાં આવ્યું. આપે તે વાસણમાં પોતાનો બરકતવાળો હાથ મૂકી હુકમ આપ્યો, લોકો આવો ! આ પાણીથી તમે દરેક વુઝૂ કરી લો ! મેં જોયું કે આંગળીઓ મુબારકની નીચેથી પાણીના



ફુવારા ઉડી રહ્યા હતા, લોકોએ વુઝૂ કરવાનું શરૂ કર્યું ત્યાં સુધી કે દરેકે પોતે આરામથી વુઝૂ કરી લીધું. *(બુખારી શરીફ, જિલ્દ–૧, પેજ–૫૦૪)*

બીજી એક હદીષમાં હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે, નમાઝનો ટાઈમ થઈ ગયો, જે લોકોના મકાન મસ્જિદની નજીક હતાં તેઓ પોતપોતાને ઘેર વુઝૂ માટે ચાલ્યા ગયા ! બાકીના મસ્જિદમાં હતા. નબી ﷺની ખિદમતમાં એક પથ્થરના નાના વાસણમાં પાણી લાવવામાં આવ્યું, એટલું સાંકડુ હતું કે તેમાં હાથ આસાનીથી ન જઈ શકે. આપે આંગળીઓ મુબારક સાથે મેળવી અંદર ડૂબાડી ફર્માવ્યું, તમે દરેક આ પાણીથી વુઝૂ કરી લો, તો દરેકે પોતે વુઝૂ કરી લીધું.

હઝરત હમીદ કહે છે, મેં પૂછયું કેટલા માણસો હતા ? હઝરત અનસ رضی اللہ عنہએ કહ્યું, ૮૦ (એંસી) માણસો હતા. *(બુખારી શરીફ, જિ. ૧, પેજ–૫૦૫)*

આ પ્રસંગોથી જાણવા મળે છે કે હઝરત અનસ رضی اللہ عنہનો અકીદો હતો કે રસૂલે અકરમ મુખ્તારે દો આલમ ﷺને ખુદા તઆલાએ તસર્રુફની તે શક્તિ આપેલી હતી કે જ્યારે આપ ચાહે ત્યારે પોતાની આંગળીઓમાંથી પાણીના ઝરણાં વહાવી શકે.

*નૂર કે ચશ્મે લેહરાએં દરિયા બહેં*
*ઉંગ્લિયોં કી કરામત પે લાખોં સલામ*

## ★ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہનો અકીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૫૯)*

આપના નામમાં મતભેદ છે વધારે જાણીતું અબ્દુર્રહમાન છે. અબ્દુલ્લાહ પણ કહેવામાં આવે છે, અજ્ઞાનતાકાળે (જાહિલિયતના સમયે) ઈસ્લામથી પહેલાં આપનું નામ અબ્દુશશમ્સ અથવા અબ્દેઅમ્ર હતું. એમની પાસે એક નાની બિલાડી પાળેલી હતી જેથી તેના કારણે આપની કુન્નિયત અબૂ હુરૈરહ્‌ના નામથી પ્રચલિત થઈ ગઈ, ત્યાં સુધી કે કુન્નિયત રૂપે પડેલું અબૂ હુરૈરહ્ નામ લોકોમાં એટલું બધું પ્રચલિત થયું કે અસલ નામ ભૂલાય જ ગયું. આપ દોસ શહેરના રહેવાસી હતા. ખયબરની જીત પછી એટલે કે હિ.સ. સાતમાં આપ ઈસ્લામ લાવી ઈમાનની દૌલતથી માલામાલ થયા.

સરવરે દો આલમ, આકાએ દો જહાં ﷺની બારગાહમાં હાજર થઈ હમેશાં માટે ત્યાંના થઈ રહી ગયા. આપે ખૂબ જ મહેનત અને દિલ લગાડી ઈલ્મે દીન મેળવ્યો. કમ ખાવું, કમ સૂવું (થોડામાં રાજી રહેવું)એ આપનો તરીકો હતો. ધીરજ, દૂરંદેશી અને સબ્ર એ આપના સ્વભાવના સુંદર ગુણો હતા. સહાબાએ કિરામમાં હદીષોના મહાન હાફિઝ હતા. યાદશક્તિ અને ઈલ્મગ્રહણ શક્તિ આપમાં અજોડ હતી. *(અશ્અતુલ લમ્આત)*

આપે ફર્માવ્યું, કસમ છે અલ્લાહની જેના સિવાય કોઈ જ ઈબાદતને લાયક નથી ! હું વિચારતો હતો કે આ પૃથ્વી પર ભૂખ્યા રહેવામાં ભાગ્યે જ કોઈ મારાથી વધુ સબ્ર અને હિંમતવાળો હશે. હું મારા પેટ ઉપર ભૂખને કારણે પથ્થર બાંધ્યા કરતો હતો. એક દિવસ હું સરેઆમ રસ્તા પર બેઠો, તો ત્યાંથી હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہપસાર થઈ રહ્યા હતા. મેં તેમને કુર્આને કરીમની એક આયત વિશે પૂછયું. મારી ઈચ્છા એ હતી કે હું આ રીતે એમને પૂછીશ તો તેઓ મને પોતાના ઘેર લઈ જશે, પછી કંઈક ખવડાવશે, પીવડાવશે, પરંતુ તેઓ તો જવાબ આપી ચાલી નીકળ્યા. થોડીકવાર પર હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ પસાર થયા, મેં તેમને પણ સલામ કરી કુર્આને કરીમની એક આયતના વિશે પૂછયું, તેમને પૂછવાનું પણ એ જ કારણ હતું કે તેઓ મને ઘેર લઈ જશે અને કંઈક ખાવા, પીવાનું આપશે, પરંતુ તેઓ પણ જવાબ આપી આગળ વધી ગયા અને સાથે ન લઈ ગયા.

પછી અબૂ કાસિમ રહમતે આલમ ﷺ તશરીફ લાવ્યા, આપે મને જોયો, મારા દિલની હાલત સમજી ગયા અને મુસ્કુરાયા. આપે ફર્માવ્યું, અય અબૂ હુરૈરહ્ ! મેં કહ્યું, હાજર છું યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવ્યું, મારી સાથે ચાલો. હું આપની પાછળ પાછળ ચાલવા લાગ્યો, જ્યારે આપનું મકાન મુબારક આવ્યું આપ અંદર દાખલ થઈ ગયા, મેં પણ અંદર જવાની રજા માંગી તો આપે મને અંદર આવી જવાની રજા આપી, હું પણ અંદર દાખલ થયો. મેં ત્યાં એક દૂધનો પ્યાલો જોયો. હુઝૂર ﷺએ પૂછયું, આ દૂધ ક્યાંથી આવ્યું છે ? જવાબ મળ્યો, ફલાણા સહાબાએ હદિયા (બખ્શિશ) રૂપે મોકલ્યું છે.

હુઝૂર ﷺએ ફર્માવ્યું, અય અબૂ હુરૈરહ્ ! ﷺ મેં કહ્યું, હાજર છું યા



નબીયલ્લાહ ! ﷺ

ફર્માવ્યું, જાવ ! અસ્હાબે સુફફાને મારી પાસે બોલાવી લાવો.

હઝરત અબૂ હુરૈરહ્ કહે છે, અસ્હાબે સુફફા ઈસ્લામના મહેમાનો હતા. તેમની પાસે ન તો રહેવા માટે મકાન હતું, ન માલ હતો ન દૌલત. જ્યારે અલ્લાહના મહબૂબ ﷺ પાસે કોઈક ચીજ સદકાની આવતી તો આપ તે તેમની પાસે મોકલી દેતા. અને જ્યારે કોઈ હદિયો (ભેટ) આવતી તો આપ એને કબૂલ કરી લેતા અને અસ્હાબે સુફફાને બોલાવી તેમને તેમાં ભાગીદાર બનાવી લેતા.

હઝરત અબૂ હુરૈરહ્ કહે છે, આ વાત મને ગમી તો નહીં અને વિચારવા લાગ્યો, અસ્હાબે સુફફાને માટે એક પ્યાલા દૂધથી તેમનું શું ભલુ થશે ! એના કરતાં એ પ્યાલો દૂધ મને જ મળી જાત તો કેટલું સારું થાત ! જેથી એને પીને મને કંઈક શક્તિ મળત. હું રસૂલુલ્લાહ ﷺનો સંદેશ લઈ જનાર છું એટલે જ્યારે એ લોકો આવશે (જેઓની સંખ્યા ૭૦ હતી) તો હુઝૂર મને જ હુકમ આપશે કે અબૂ હુરૈરહ્ ! આ દૂધનો પ્યાલો એમને આપ. તો કદાચ જ મને એ દૂધમાંથી કંઈક મળે. પરંતુ અલ્લાહ અને એના રસૂલના હુકમની તાબેદારી કરવા સિવાય મારી પાસે બીજો કોઈ જ રસ્તો ન હતો, જેથી મારે અસ્હાબે સુફફા પાસે આવવું પડયું. એઓ આવ્યા અને પોતપોતાની જગ્યાએ બેસી ગયા. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, ''અબૂ હુરૈરહ્ ! મેં અર્ઝ કરી, હાજર છું યા રસૂલલ્લાહ ! ﷺ

આપે હુકમ કર્યો, ''પ્યાલો ઉઠાવો અને આ લોકોને આપો ! મેં પ્યાલો ઉઠાવી એક સહાબીને આપ્યો તો તેમણે પેટ ભરીને પીધું, પછી બીજાને આપ્યો. આમ એક પછી એક સહાબીઓએ પેટ ભરી દૂધ પીધું. છેવટે નબી ﷺને એ પ્યાલો આપ્યો. આપે પોતાના બરકતવાળા હાથમાં પ્યાલો લઈને મારી તરફ મુસ્કુરાઈને ફર્માવ્યું, અય અબૂ હુરૈરહ્ ! મેં અર્ઝ કરી, લબ્બૈક યા નબીયલ્લાહ ! ﷺ આપે ફર્માવ્યું, હવે હું અને તમે બાકી છીએ. મેં અર્ઝ કરી, યા નબીયલ્લાહ ! ﷺ બેશક ! આપે સાચું જ કહ્યું છે. ફર્માવ્યું, બેસી જાવ અને તમે પીઓ. હું બેસી ગયો અને પીવા લાગ્યો. આપ વારંવાર ફર્માવતા, હજુ પીઓ, હજુ પીઓ, અને હું પીતો રહ્યો, ત્યાં સુધી કે મેં અર્ઝ કરી, કસમ છે તે પરવરદિગાર ! અલ્લાહ جل جلالہની જેણે

આપને સચ્ચાઈની સાથે નબી બનાવીને મોકલ્યા, મારા પેટમાં હવે એક ઘૂંટની પણ જગ્યા નથી. અને તે પ્યાલો મેં સરકારે કાઈનાતની ખિદમતમાં આપ્યો, તો આપે પ્રથમ અલ્લાહ તઆલાની હમ્દો ષના બયાન કરી પછી બચેલું દૂધ 'બિસ્મિલ્લાહ' પઢી પી લીધું. *(બુખારી, ખસાઈસે કુબ્રા, જિ. ૨, પેજ–૪૮)*

*ક્યૂં જનાબ બૂહુરૈરહ કૈસા થા વો જામે શીર*
*જિસસે સત્તર સહાબા કા દૂધસે મુંહ ફિર ગયા*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી બીજી એક રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએક જંગમાં હતા તો લશ્કરી સૈનિકો (મુજાહિદો)ને ખાવાનો ખોરાક બિલકુલ ન રહ્યો. કોઈ રીતે મદદ મેળવવાનું પણ શક્ય ન હતું, તો હુઝૂર સરવરે દો આલમ (અમારા માં બાપ એમના પર કુર્બાન !) ﷺ એ મને બોલાવ્યો, અય અબૂ હુરૈરહ્ ! તમારી પાસે કંઈક ખાવાનું બચેલું છે ? મેં વિનંતિ કરી, આકા ! મારા થેલામાં થોડુંક ખજૂર બચેલું છે. આપે હુકમ કર્યો, જાવ ! દસ્તરખ્વાન (ખાતી વખતે પાથરવામાં આવતું કપડું કે પ્લાસ્ટીક જે હોય તે) લઈ આવી પાથરી દો. આપે થેલામાંથી ખજૂરો કાઢી તો તે એકવીસ (૨૧) દાણા હતા. આપે એક એક દાણો (પેશી) કાઢી તેના પર 'બિસ્મિલ્લાહ' પઢતા રહ્યા અને ખજૂરો કાઢતા રહ્યા ત્યાં સુધી એકવીસ ખજૂરો આપના રહમત, બરકતવાળા હાથમાં આવી ગઈ. પછી આપે તેને દસ્તરખ્વાન પર મૂકી કહ્યું, જાવ ! ફલાણા સહાબી અને એમના સાથીઓને બોલાવી લાવો, તેઓ આવ્યા અને પેટ ભરીને તેમણે ખજૂરો ખાધી અને તેઓ ચાલ્યા ગયા. તે પછી આપે હુકમ કર્યો, જાવ ! ફલાણાને અને તેમના સાથીઓને બોલાવો. તેઓ આવ્યા અને પેટ ભરી ખાયને ચાલ્યા ગયા. પછી કહ્યું, ફલાણાને અને તેમના સાથીઓને બોલાવો. તેઓ આવ્યા અને પેટ ભરી ખાયને ચાલ્યા ગયા. એ જ રીતે લશ્કરના તમામ મુજાહિદોએ પેટ ભરી ખજૂરો ખાધી. છેવટે દસ્તરખ્વાન પર ખજૂરો તેટલી જ બાકી બચેલી હતી. તો હુઝૂરે પોતાના રહમતવાળા હાથથી થેલામાં નાખી મને કહ્યું, જ્યારે તમોને જરૂરત પડે તમારા હાથથી ખજૂરો કાઢી લેશો. પરંતુ થેલાને કદી ઊંધો ન કરશો. હું એ થેલો મારી સાથે જ રાખતો હતો. જ્યારે જેટલી જરૂરત પડતી કાઢી લેતો હતો, ત્યાં સુધી કે મેં તેમાંથી પચાસ વસ્ક



ખજૂરો અલ્લાહના રસ્તામાં ખર્ચ કરી. પરંતુ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના ખિલાફત સમયે મારી સવારીની પાછળ એ થેલી બાંધી હતી તે ક્યાંક ગુમ થઈ ગઈ. *(અબૂ નઈમ, ખસાઈસે કુબ્રા, ભાગ–૨, પેજ–૫૧)*

એક વસ્ક સાઈઠ (૬૦) સાઅ (અરબી માપ)નું થાય, અને એક સાઅ લગભગ ચાર કિલોગ્રામ થાય. તો પચાસ વસ્ક એટલે લગભગ બાર હજાર કિલોગ્રામ ખજૂર થયું.

અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ આ હદીષો બયાન કરીને પોતાનો એ અક઼ીદો સાબિત કરી દીધો કે, અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબને તસર્રુફની તે મહાન શક્તિ અર્પણ કરી છે કે ચાહે તો એક પ્યાલા દૂધથી સિત્તેર ભખ્યાઓનું પેટ ભરી આપે અને ચાહે તો મુટ્ઠીભર ખજૂરથી આખુ લશ્કર પેટ ભરી જમાડે તો પણ તેટલું જ બચી રહે. અને તેને થેલામાં પરત કરી દે તો એકસોવીસ ક્વિન્ટલથી વધારે પણ તેમાંથી મળી શકે.

# મુહદ્દિષોનો અક઼ીદો

## ★ ઈમામ બુખારીનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૨૫૬)*

આપનું મૂળ નામ મુહમ્મદ છે. આપના વાલિદ (પિતા)નું નામ ઈસ્માઈલ બિન ઈબ્રાહીમ બિન મુગીરા હતું. મુગીરા અગ્નિપૂજક હતા. તેઓ હાકિમ યમાન જુઅફીના હાથ પર ઈસ્લામ લાવી ઈમાનની દૌલતથી માલમાલ થયા. બાળપણમાં જ આપના પિતાનો વિસાલ (મૃત્યુ) થયો જેથી આપના પાલનપોષણની જવાબદારી આપનાં માતાએ સંભાળી, બાળ પણમાં જ આપ આંખોથી આંધળા થઈ ગયા હતા, ઘણો ઈલાજ કરવા છતાં કોઈ ફાયદો ન થયો, આપનાં માતા ઘણા જ ઈબાદતગુઝાર, મુત્તક઼ી, પરહેઝગાર હતાં. એમણે રડી રડી અલ્લાહ તઆલાની પાસે દુઆઓ કરી. એક રાત્રે સ્વપ્નમાં હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلامની ઝિયારત થઈ, કહ્યું, અલ્લાહે તમારી આહોઝારીથી કરેલી દુઆઓને ક઼બૂલ કરી, "તમારા બેટાને આંખોની રોશની આપી દીધી છે." ઈમામ બુખારી સવારમાં ઉઠયા તો આંખો બિલકુલ સાફ રોશન બલ્કે આંખોનું તેજ એટલું સારું હતું કે રાત્રે ચંદ્રના અજવાળામાં બેસીને આપે "તારીખે કબીર" કિતાબ લખી.

અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની رحمۃ اللہ علیہના લખાણ મુજબ આપે કુલ બાવીસ (૨૨) કિતાબો લખી છે, પરંતુ સૌથી વધુ મશ્હૂર અને ખ્યાતિ પામેલી બુખારી શરીફ છે. કેમ ન હોય કારણ કે આપ દરેક હદીષ લખતા પહેલાં આબે ઝમઝમથી ગુસ્લ કરતા. મુકામે ઈબ્રાહીમ પાસે બે રકાત નફ્લ પઢતા. તે પછી તે હદીષ લખતા, કિતાબનું લખાણ એ રીતે પૂરું કરી મદીના શરીફ ઝિયારત માટે પહોંચી રોઝએ અન્વર અને મિમ્બર શરીફ વચ્ચે જન્નતની કયારીમાં મુકામ કર્યો. ઈમામ બુખારી ફર્માવે છે કે મેં મારી આ કિતાબ બુખારી શરીફ ૧૬ વર્ષમાં પૂરી કરી.

અલ્લાહ તઆલાએ આપને અજોડ યાદશક્તિ આપેલી હતી. આપને છ લાખ હદીષો એમના રાવીઓનાં નામો અને હાલાત સાથે યાદ હતી.



બુખારી શરીફમાં કુલ સાત હજાર બસો પંચોતેર (૭૨૭૫) હદીષો છે, ઈદની રાત્રે હિ.સ. ૨૫૬માં ૬૨ વર્ષની (૧૩ દિવસ ઓછા) ઉંમરે આપની વફાત થઈ. સમરકંદ પાસે ફિરતંગમાં આપનો મઝાર શરીફ છે.

આપ લખી રહ્યા છે કે, હઝરત બર્રા બિન આઝિમ رضی اللہ عنہનું બયાન છે કે હઝરત رضی اللہ عنہ અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ ફર્માવે છે કે, હિજરત પ્રસંગે હું અને અલ્લાહના મહબૂબ રસૂલ صلی اللہ علیہ وسلم પૂરી રાત ચાલતા રહ્યા ત્યાં સુધી કે બપોર થઈ ગયો. અમોને એક મોટો પથ્થર દેખાયો જેનો પડછાયો હતો ત્યાં તડકો ન હતો. અમે તેના છાંયડામાં અમારી ચાદર પાથરી દીધી. મેં અર્ઝ કરી, આપ આરામ કરો. તો આપ આરામ કરવા લાગ્યા અને હું ચોકીદારી કરતો રહ્યો. તે વખતે એક ભરવાડને મેં જોયો. મેં તેની બકરીનું દૂધ તેની રજા મેળવી દોહ્યું. સરકારે અબદકરાર صلی اللہ علیہ وسلم ઉઠયા તો મેં આપને પેલું દૂધ હાજર કર્યું, આપે તેને પીધું અને ઘણા જ ખુશ થયા, હવે અમે ત્યાંથી ચાલવા લાગ્યા.

એવામાં જોયું કે, સુરાકા બિન માલિક અમારી શોધમાં આવી ગયા. (યાદ રહે કે સુરાકા તે વખતે હજુ ઈમાન લાવી મુસલમાન થયા ન હતા.) મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم કોઈ અમારો પીછો કરે છે. આપે ફર્માવ્યું, "ડર ન રાખો ! અલ્લાહ અમારી સાથે છે."

પછી નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ સુરાકા માટે દુઆ કરી તો સુરાકા સાથે જ એમનો ઘોડો પેટ સુધી અડધો જમીનમાં ધસી ગયો. એણે કહ્યું, મારા માનવા મુજબ તમે બંનેવે મારી બરબાદી માટે દુઆ કરી છે, હવે મારા છૂટકારા માટે પણ દુઆ કરો. ખુદાની ક઼સમ ! હું તમારી શોધમાં આવનારાઓને પરત કરી દઈશ. તો નબીએ રહમત صلی اللہ علیہ وسلمએ દુઆ કરી તો તેનો ઘોડો જમીનની પકડમાંથી છૂટી ઉપર (બહાર) આવી ગયો. પછી તે ત્યાંથી પરત થઈ રસ્તામાં જે મળતું તેમને કહ્યું, "આ તરફ તો હું શોધી વળ્યો મુહમ્મદ (صلی اللہ علیہ وسلم) અને એમના સાથે કોઈ જ નથી." અને એણે જે અમારાથી વાયદો કર્યો હતો તે પૂરો કર્યો. *(બુખારી શરીફ, ભાગ. ૧, પેજ–૫૧૧)*

અને ઈમામ બુખારી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે, મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મેં આપનાથી ઘણી હદીષો સાંભળી, પરંતુ તે બધી જ ભૂલી ગયો છું. હુઝૂર صلی اللہ علیہ وسلمએ

કહ્યું, "તમારી ચાદર ફેલાવો. મેં ચાદર ફેલાવી દીધી. પછી આપે ખોબો ભરીને તેમાં નાખ્યું. પછી આપે કહ્યું, એને ઉઠાવી છાતી સાથે લગાડી લો. તો મેં છાતી સાથે લગાડી લીધી. તે પછી કદી કોઈ હદીષ ભૂલ્યો નથી. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૧૫)*

ઈમામ બુખારી رحمۃ اللہ علیہ બીજી હદીષમાં ફર્માવે છે કે સઈદ બિન મિનાઅ કહે છે કે મેં હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી સાંભળ્યું છે કે, જ્યારે ખંદક ખોદી રહ્યા હતા ત્યારે મેં જોયું કે અલ્લાહના મેહબૂબ નબી ﷺને ખૂબ જ ભૂખ લાગી છે. પછી હું મારી પત્ની પાસે આવ્યો અને કહ્યું, કોઈ ચીજ ખાવાની આપણી પાસે છે ? કારણ કે મેં જોયું કે અલ્લાહ તઆલાના પ્યારા મહબૂબ ખૂબ જ ભૂખ્યા છે. તેણીએ એક થેલી કાઢી તેમાં લગભગ ચાર કિલો જેટલા જવ હતા અને અમારી પાસે બકરીનું એક નાનુ બચ્ચુ હતું. મેં બકરીનું બચ્ચુ ઝુબ્હ (હલાલ) કર્યું, તેટલા સમયમાં મારી પત્નીએ જવ દળી લીધા. મેં ગોશતની બોટીઓ (ટુકડા) કરી પાણીમાં નાખી, નબી કરીમ ﷺની બારગાહમાં જવા લાગ્યો કે આપની પાસે હાજર થઈ ખાવાની દા'વત પેશ કરું. તો મારી પત્નીએ કહ્યું, "મને નબી ﷺના સાથીઓ સામે શરમિંદા ન કરશો ! (અર્થાત : ખંદક ખોદનાર લશ્કરના સહાબીઓ ઘણા જ છે અને ખાવાનો સામાન થોડો છે તો બધાંને ન કહેશો બલ્કે નબી કરીમ ﷺને ચૂપકેથી કહેશો.)

મેં સરકાર અબદ કરાર ﷺની પાસે હાજર થઈ ચૂપકીદીથી ધીમે અર્ઝ કરી, "સરકાર ! એક બકરીનું નાનુ બચ્ચુ હતું તે ઝુબહ કર્યું અને ચાર કિલો જવનો આટો છે. જેથી આપ થોડાક સાથીઓને લઈ સેવકના મકાન પર દા'વતમાં હાજરી આપી ખિદમતનો મોકો આપશો એવી અરજ છે." તો નબીએ કાઈનાત ﷺએ જોરથી અવાજ આપી કહ્યું, અય ખંદકવાળાઓ ! ચાલો આપણા બધાની જાબિરે દા'વત કરી છે.

પછી રસૂલુલ્લાહ ﷺએ મને કહ્યું, જાબિર ! જ્યાં સુધી હું ન આવું ત્યાં સુધી હાંડલી ચૂલા પરથી ન ઉતારશો અને રોટલીઓ ન બનાવશો. પછી નબીએ કરીમ ﷺ સહાબાની જમાઅત સાથે આવ્યા. આપ સૌથી આગળ ચાલતા હતા, તમામ સહાબા પાછળ પાછળ હતા.

મેં જલ્દી જલ્દી પહોંચી મારી પત્નીને પરિસ્થિતિ બતાવી દીધી તો



તેણી ગભરાઈને કહેવા લાગી. બસ ! તમે તે જ કર્યું જેની મને બીક હતી. મેં કહ્યું, મેં તો ચૂપકેથી તેં જેમ કહ્યું હતું તેમ બારગાહે રિસાલતમાં અરજ કરી જ દીધી હતી.

સરકારે દો આલમ તશરીફ લાવ્યા અને હાંડલીમાં પવિત્ર થૂંક મુબારક નાખી દુઆ કરી. પછી આટામાં થૂંક મુબારક નાખી બરકતની દુઆ માંગી. તે પછી કહ્યું, રોટલી બનાવનાર બીજી એક કોઈ સ્ત્રીને બોલાવી લાવો અને તું હાંડલીમાંથી શાક (તરકારી) કાઢવાનું કામ કરજે.

પછી કહ્યું, "હાંડલીને ચૂલા પરથી ઉતારશો નહીં." ખાનારાઓની સંખ્યા એક હજાર હતી. હઝરત જાબિર કહે છે કે, "ક઼સમ ખુદાની ! બધા જ સહાબીઓએ પેટ ભરીને ખાધું છતાં ખાવા પણ તેટલું જ હાંડલીમાં બચેલું હતું જેટલું કે શરૂમાં રાંધવામાં મૂકેલું હતું અને રોટલીઓનો આટો પણ એટલો જ બચેલો હતો જેટલો કે શરૂમાં હતો. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૮૯)*

હઝરત ઈમામ બુખારી ફર્માવે છે કે, સલ્મા બિન અકૂઅ رضی اللہ عنہના પગની પીંડી પર ખયબરની લડાઈમાં એટલો જબરદસ્ત માર વાગેલો હતો કે લોકોએ સમજી લીધું હતું કે તેઓ શહીદ થઈ ગયા છે.

હઝરત સલમા رضی اللہ عنہ પોતે કહે છે, હું નબીએ કરીમ ﷺની પવિત્ર સેવામાં હાજર થયો તો આપે મારા પગની પીંડી પર ત્રણવાર થપથપાવ્યું, પીંડીમાંથી દર્દ ભાગી ગયું તે ફરી કદી નથી આવ્યું. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૦૫)*

હઝરત ઈમામ બુખારી رضی اللہ عنہ એ ઉપરોક્ત હદીષોમાં રિવાયતો નક઼લ કરી પોતાનો એ અક઼ીદો સ્પષ્ટ કરી દીધો કે અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા મહબૂબ નબી ﷺને એટલો મહાન મર્તબો આપેલો છે કે આપે ઈચ્છા વ્યક્ત કરી તો ઘોડો સવાર સહિત જમીનમાં પેટ સુધી ધસી ગયો, પછી તરત આપની ઈચ્છાથી જ જમીને તેને છોડી દીધો.

વળી સ્મરણ શક્તિ જેવી ગૈબી ચીજને આપે ચાદરમાં નાંખી દિમાગ સુધી પહોંચાડી દીધી.

આટામાં અને હાંડલીમાં થૂંક મુબારક નાંખી દીધું તો આટો ઘણો જ

વધારે થઈ ગયો, અને ગોશત સાથે મસાલો પણ વધી ગયો.

વળી એ જ થૂંક મુબારકથી હલાક કરનાર ઘા પણ ઠીક થઈ ગયો.

## ★ હઝરત ઈમામ મુસ્લિમનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૨૬૧)*

આપનું બરકતવંત નામ મુસ્લિમ બિન હુજ્જાજ કુશેરી છે. કુન્નિયત અબુલ હુસૈન અને લક઼બ અસાકિરુદ્દીન છે. આપનો સંબંધ ક઼બીલા બની કુશૈરથી હતો એટલા માટે આપને કુશૈરી કહેવામાં આવે છે.

આપ હિ.સ. ૨૦૪માં પેદા થયા. આપનું વતન નીશાપુર છે જે ઈરાનના ખુરાસાન જિલ્લાનું ખ્યાતનામ શહેરછે.

આપે ઘણી કિતાબો લખી છે પરંતુ તે બધી કિતાબોમાં સૌથી વધુ મુસ્લિમ શરીફે ખ્યાતિ અને લોકપ્રિયતા મેળવી છે. મહાન ઉલમાની નજરે બુખારી શરીફ પછી બીજા નંબરે મુસ્લિમ શરીફનો દરજો આવે છે. જે આપે ત્રણ લાખ હદીષો ભેગી કરી હતી તેમાંથી ખૂબ જ કાળજીપૂર્વક વીણી વીણી મુસ્લિમ શરીફમાં લીધી છે.

હઝરત શૈખ મુહદ્દિષ મોહક્કિક઼ દહેલ્વી رحمة الله عليهના કહેવા મુજબ આપ (ઈમામ મુસ્લિમ) તે જમાનાના એવા મહાન ઈમામ અને પેશ્વા હતા કે તે પછીના સમયના કોઈપણ આલિમ, મુહદ્દિષ આપના દરજ્જા સુધી નથી પહોંચી શક્યા. આપની વફાત હિ.સ. ૨૬૧માં થઈ તેનું કારણ પણ આશ્ચર્યજનક છે. આપને હદીષનું એક લખાણ જેની તલાશ હતી તે આપની પાસે બીજી બધી હદીષોના લખાણવાળા કાગળોમાં શોધી રહ્યા હતા. આપની બાજુમાં ખજૂરનો ટોપલો પડેલો હતો આપ ટોપલામાંથી ખજૂર કાઢી ખાતા જતા અને કાગળોના ઢગલામાંની હદીષોમાં હદીષ શોધતા. શોધવામાં એટલા મગ્ન હતા કે ટોપલાનુ બધું જ ખજૂર પૂરુ થઈ ગયું છતાં આપને ખબર ન પડી. તે વખતે આપે તેની નોટીસ ન લીધી પરંતુ પાછળથી એ જ વધુ પડતું ખજૂર ખાય જવાનું કારણ જ આપની વફાતનું બહાનું બન્યું.

આપ (ઈમામ મુસ્લિમ) હઝરત અનસ رضى الله عنهથી વર્ણન કરે છે તેઓ કહે છે કે નબી ﷺ ઝુરાઅ સ્થળે હતા. ત્યાં આપની સમક્ષ એક પ્યાલો કે



જેમાં થોડુક પાણી હતું તે લાવવામાં આવ્યો તો તેમાં આપે પોતાની હથેળી મુબારક ડૂબાડી દીધી, બસ તરત જ આપની આંગળીઓની વચ્ચેની જગ્યા (જેને આપણે વીરા કહીએ છીએ) એથી પાણીના ફૂવારા નીકળવા લાગ્યા, જેના વડે સર્વ સાથીઓએ વુઝૂ કરી લીધું. હઝરત અનસ رضى الله عنهથી પૂછવામાં આવ્યું, અય અબૂ હમઝા ! તમે કેટલા માણસો હતા ? તો હઝરત અનસે કહ્યું, અમે લગભગ ૩૦૦ (ત્રણસો) માણસો હતા. *(મુસ્લિમ શરીફ, જિ. ૨, પેજ–૨૪૬)*

બીજી એક હદીષમાં સલમા બિન અકૂઅ رضى الله عنهથી આપ વર્ણન કરે છે કે એમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺ સમક્ષ એક માણસે ડાબા હાથ વડે ખાધું તો આપે કહ્યું, જમણા હાથ વડે ખાવાનું ખાયા કરો. તો તેણે કહ્યું, "હું જમણા હાથ વડે નથી ખાય શકતો." (એ માણસે ઘમંડમાં નબી ﷺને જવાબ આપેલો હતો.)

તો આક઼ાએ દો આલમ ﷺએ ફર્માવ્યું, "તો તું જમણા હાથથી નહીં ખાય શકે !" રાવી સુલમા કહે છે કે તે પછી તેનો જમણો હાથ કદી પણ મોં સુધી ઊંચો લઈ જઈ શક્યો નહીં. *(મુસ્લિમ, મિશ્કાતના આધારે, પેજ–૫૩૬)*

હઝરત જાબિર رضى الله عنه ફર્માવે છે કે અમે આક઼ાએ દો આલમ મહબૂબે ખુદા ﷺની સાથે સફર કરી રહ્યા હતા. એક એવા મેદાનમાં પડાવ કર્યો કે જેમાં પાણી કે ઝાડપાનનું નિશાન પણ દેખાતું ન હતું. આપ ﷺ કુદરતી હાજત માટે ગયા તો પર્દા માટે કોઈ જગ્યા દેખાતી ન હતી. અચાનક એ મેદાનના કિનારે બે ઝાડો થોડે થોડે દૂર ઉભેલાં દેખાયાં. તેમનામાંથી એક ઝાડ પાસે આપ ગયા અને તેની ડાળી પકડી કહ્યું, અલ્લાહ તઆલાના હુકમથી મારી સાથે ચાલ ! તે ઝાડ ઊંટની જેમ સાથે સાથે ચાલવા લાગ્યું કે જેના નાકમાં નથની બાંધી હોય તે પકડી તેનો માલિક તેને દોરતો હોય. ત્યાં સુધી કે આપ તે ઝાડને સાથે લઈ બીજા ઝાડ પાસે પહોંચ્યા અને કહ્યું તું પણ અલ્લાહના હુકમથી મારી સાથે ચાલ ! તે ઝાડ પણ ચાલવા લાગ્યું, ત્યાં સુધી કે જ્યારે તે બંને ઝાડોની વચ્ચેની જગામાં પહોંચ્યા તો ફર્માવ્યું કે, હે ઝાડો ! તમે બંનેવ ખુદાના હુકમથી આપસમાં મળીને મારા માટે પર્દો બની જાવ ! તો બંનેવ સાથે એ રીતે મળી ગયાં કે પર્દો થઈ ગયો. આપે તેમની આડમાં કુદરતી હાજત ફર્માવી.

હઝરત જાબિર رضی اللہ عنہ કહે છે, આ આશ્ચર્યજનક બનાવ જોઈ હું વિચારમાં પડેલો હતો કે એકાએક મેં જોયું કે રસૂલુલ્લાહ ﷺ આવી રહ્યા છે અને પેલા ઝાડોને જોયું તો તેઓ જુદા થઈ પોતપોતાની જગાએ જઈ ઊભા થઈ ગયા. *(મુસ્લિમ, મિશ્કાતના હવાલાથી, પેજ–૫૩૩)*

ઈમામ મુસ્લિમ رضی اللہ عنہએ આ હદીષો લખીને પોતાનો અક઼ીદો સ્પષ્ટ કરી દીધો કે અલ્લાહ ﷻએ પોતાના પ્યારા નબીને એ તસર્રુફ (ઈખ્તેયાર) આપેલો હતો કે, આપ ચાહે તો પોતાની આંગળીઓમાંથી પાણી વહાવી શકે, ઝબાન મુબારકથી બોલી દે તે પથ્થરની લકીર બની જાય, ઘમંડીને કહી દીધું જમણા હાથથી તું ન ખાય શકે ! તો તેનો હાથ મોં સુધી પહોંચવો અશક્ય બની ગયું, વળી ઝાડોને ઊંટોની જેમ જ્યાં ચાહ્યું ત્યાં લઈ ગયા.

## ★ ઈમામ તિર્મિઝીનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૨૭૯)*

આપનું નામ અબૂ ઈસા મુહમ્મદ બિન ઈસા અસ્લમી છે. આપ એક મહાન આલિમ, મહાન માન્યવર મુહદ્દિષ, હજારો હદીષોના હાફિઝ હતા. ફિક઼્હ અને હદીષમાં આપના ઈલ્મની તે સમયે જોડ મળતી ન હતી. આપની કિતાબ તિર્મિઝી હદીષોની છ સહીહ કિતાબોમાંની એક ગણાય છે જે આપની અઝમત, બુઝુર્ગી, ઊંડા અભ્યાસ, યાદ શક્તિ અને હદીષના વિષયમાં ખૂબ જ ઊંડા જ્ઞાનની દલીલ છે.

તિર્મિઝી શરીફની બાબત મહાન ઉલમા કહે છે કે આ કિતાબ મુજતહિદ માટે પૂરતી છે. તક઼લીદ કરનારને એના સિવાય બીજાની જરૂરત રહેતી નથી.

આપે તિર્મિઝી લખ્યા પછી તે હિજાઝ, ખુરાસાન ઈરાકના ઉલમાની સમક્ષ મૂકી. સર્વે ઉલમાએ કિરામે એને ખૂબ પસંદ કરી, "શમાઈલુન્નબી" ﷺ પણ આપની જ લખેલી છે જે શમાઈલે નબવીના વિષયમાં એક ખૂબ જ બેહતરીન કિતાબ છે અને ખૈરો (બરકતનો ખજાનો) છે. મુશ્કેલી–પરેશાનીના હલ (ઉકેલ) માટે એના પઢવાથી તે દૂર થાય છે મશાઈખ અને ઉલમાએ અનુભવ કરેલ છે. આપનો હિજરી ૨૦૯માં જન્મ અને વિસાલ ૨૭૯ છે. (اِنَّا لِلّٰہِ وَ اِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ) *(અશ્અતુલ લમ્આતમાંથી)*



હુઝૂર ﷺના તસર્રુફ (ઈખ્તેયાર) બાબત ઈમામ તિર્મિઝીનો અક઼ીદો જોઈએ. આપ હઝરત લખે છે કે, હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે : એક ગામડિયો નબી કરીમ ﷺની સેવામાં હાજર થઈ કહેવા લાગ્યો, હું કેવી રીતે માનું કે તમે અલ્લાહના સાચા નબી છો ! તો આપ ﷺએ ફર્માવ્યું, પેલા ખજૂરના ઝાડ પર લાગેલા ખજૂરના ગુચ્છાને હું બોલાવું અને તે આવી ગવાહી આપે કે હું અલ્લાહનો સાચો રસૂલ છું તો તને યક઼ીન આવી જશે !

આપે તે ખજૂરના ગુચ્છાને બોલાવ્યો તો તે નીચે ઉતરવા લાગ્યો ત્યાં સુધી કે હુઝૂરની પાસે જમીન પર આવી ગયો. ફરી આપે કહ્યું, તારી જગ્યાએ ફરી ચાલ્યો જા ! તો તે ત્યાં ચાલી ગયો. આ જોઈને તે ગામડીયો મુસલમાન થઈ ગયો. *(તિર્મિઝી, ભાગ–૨, પેજ–૨૦૩)*

આ હદીષ લખી ઈમામ તિર્મિઝીએ પોતાનો એ અક઼ીદો સાબિત કરી આપ્યો કે, ઝાડો પર લાગેલાં ફળો ઉપર પણ અલ્લાહે પોતાના નબીને ઈખ્તેયાર આપેલો છે કે જ્યારે જેને બોલાવે તે આવી હુકમનું પાલન કરે.

## ★ અલ્લામા ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૫૪૪)*

આપનું નામ મુબારક અયાઝ છે. પિતાનું નામ મૂસા, દાદાનું નામ અયાઝ બિન ઉમર. આપ માલિકી મઝહબના અનુસરનાર હતા. હિ.સ. ૪૭૬માં જન્મ થયો. હિ.સ. ૫૪૪માં મોરોક્કોમાં જમાદિલ આખરમાં જુમ્આના દિવસે વિસાલ થયો. આપને યહસબી પણ એટલા માટે કહે છે કે યમનના મશ્હૂર કબીલા યહસબથી આપનો સંબંધ હતો. વળી આપ સબતા શહેરમાં પેદા થયા જે આપનું મૂળ વતન હતું તેથી કેટલાક સબ્તી પણ કહે છે. લાંબા સમય સુધી સબ્તા શહેરના ક઼ાઝી (ન્યાયાધીશ) રહી હિ.સ. ૫૩૧માં આપ ગરનાતા ચાલ્યા ગયા તેથી કેટલા ગરનાતવી પણ કહે છે. આપના બાપ–દાદાનું અસલ વતન ઉંદલુસ હાલનું સ્પેન કહેવાય છે તેઓ ત્યાંથી ફ્રાંસ શહેરમાં રહેવા જતા રહેલા, પછી ત્યાંથી સબ્ત શહેર આવી રહેલા તેથી એ આધારે કેટલાક ઉંદલુસી (સ્પેનીસ) પણ કહે છે.

આપ તફસીર, હદીષ, ફિક઼્હ અને બીજા ઘણાય ઈલ્મમાં પ્રવિણ હતા,

વળી આપ ખૂબ જ સારા વાઈઝ પણ હતા. કુલ ૩૦ કિતાબો આપે લખી છે તેમાં સૌથી વધુ ખ્યાતનામ અશશિફા બ તાઅરીફિ હુકૂકુલ મુસ્તફા'' ﷺ છે. જેને ટૂંકાણમાં શિફા શરીફ કહેવામાં આવે છે.

બુઝુર્ગોએ ફર્માવ્યું છે કે શિફા શરીફ જે ઘરમાં હશે તે ઘરને કોઈ નુકસાન નહીં થઈ શકે, જે નાવડી (બોટ)માં હશે તે ડૂબવાથી બચી રહેશે, જે બીમાર એને પઢે કે સાંભળે તે બીમારીથી છૂટકારો પામશે.

આપ અબૂ સઈદ ખુદરીથી રિવાયત કરે છે કે તેમણે કહ્યું કે, ગઝવએ ઝી કૃદ (ઝી કૃદની લડાઈ)માં હઝરત અબૂ કતાદા رضی اللہ عنہને મોઢા ઉપર તીર વાગ્યું, તેમને નબી ﷺએ પોતાની પાસે બોલાવ્યા અને ચેહરાના ઘા ઉપર થૂંકી આપ્યું. અબૂ કતાદા કહે છે તે જ વખતે દર્દ જતું રહ્યું, પછી કદી દર્દ પણ નથી થયું અને પીપ–પરૂ–પાણી કંઈ જ નથી નીકળ્યું. બલ્કે તે જ વખતે બિલ્કુલ તદ્દન સારું થઈ ગયું. *(શિફા શરીફ, ભાગ–૧, પેજ–૨૧૨)*

બીજી હદીષમાં આપ ફર્માવે છે કે જંગે બદરમાં અબૂ જહલે હઝરત મઉજ બિન ઉફરા رضی اللہ عنہનો હાથ કાપી નાખ્યો તો તેઓ પોતાનો કપાયેલો હાથ લઈ બારગાહે નબુવ્વતમાં હાજર થયા. તો શાફએ મેહશ્ર આકાએ દો આલમ ﷺ એ તેમના હાથ ઉપર થૂંકી તેને અસલ સ્થિતિમાં જોડી દીધો, તો તે જ વખતે તે જોઈન્ટ થઈ ગયો. *(શિફા શરીફ, ભાગ–૧, પેજ–૨૧૩)*

આગળ આપ લખે છે કે જંગે બદરમાં હઝરત હબીબ બિન યસાફ رضی اللہ عنہના ખભા ઉપર તલ્વારનો એવો ઝટકો વાગ્યો કે ખભો કપાઈને લટકી ગયો. સરકારે દો આલમ ﷺએ તેમના ખભાને તેની અસલ જગાએ ગોઠવી, તેના ઉપર થૂંકી દીધું તો તે તરત જ બિલ્કુલ ઠીક થઈ ગયો. *(શિફા શરીફ, ભાગ–૧, પેજ–૨૧૩)*

હઝરત કતાદા બિન મલહાનના ચેહરા ઉપર નબીએ કરીમ ﷺએ પોતાનો હાથ મુબારક ફેરવ્યો તો તેમના ચેહરામાં એટલી ચમક પેદા થઈ ગઈ કે આઈના જેમ તેમાં બીજી ચીજોનો પડછાયો દેખાવા લાગ્યો. *(શિફા શરીફ–૧, પેજ–૨૨૦)*

ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે રહમતે આલમ ﷺએ



એક બાળકના માથા પર બીમારીને કારણે વાળ ન હતા તેના પર પોતાનો મુબારક હાથ ફેરવતાં જ બીમારી દૂર થઈ વાળ આવી ગયા. *(શિફા શરીફ, ભાગ–૧, પેજ–૨૨૦)*

એ જ કિતાબ શિફા શરીફમાં આપ લખે છે કે એક સ્ત્રી પોતાના એવા છોકરાને લઈને આપની ખિદમતમાં હાજર થઈ કે જે પાગલ ગાંડો હતો. તો રસૂલુલ્લાહ ﷺએ પોતાનો બરકતવાળો (રહમતવાળો) હાથ તેની છાતી પર ફેરવ્યો તો તેણે ઉલ્ટી કરી અને તેના પેટમાંથી કૂતરીના બચ્ચાની જેમ કાળા રંગની કોઈ ચીજ નીકળી આમતેમ દોડતી હતી. *(શિફા શરીફ, ભાગ–૧, પેજ–૨૧૪)*

ઉપરોક્ત હદીષો પોતાની કિતાબમાં વર્ણવી હઝરત કાઝી અયાઝ رحمۃ اللہ علیہએ પોતાનો એ અકીદો (માન્યતા) સ્પષ્ટપણે જાહેર કર્યો કે સૈયદે આલમ, નૂરે મુજસ્સમ ﷺને અલ્લાહ તઆલાએ આપણે કલ્પના પણ ન કરી શકીએ તેટલી તસર્રુફની તાકાત આપેલી છે.

## એક વાંધો અને તેનો જવાબ

કોઈપણ શખ્સ વાંધો ઉઠાવી કહે કે નબીએ કરીમ ﷺને એટલી શક્તિ (તાકાત) અલ્લાહ તઆલાએ આપી હતી કે હઝરત મઉઝ બિન ઉફરા رضی اللہ عنہનો કપાયેલો હાથ જોડી દીધો, અને હઝરત હબીબ બિન યસાફ رضی اللہ عنہનો કપાઈને લટકી ગયેલો ખભો ઠીક કરી દીધો. તો પછી હુઝૂર ﷺની જાહેરી જિંદગીમાં ઈસ્લામી લશ્કરનો કોઈપણ સિપાહી શહીદ ન થવો જોઈતો હતો !

**જવાબ** : એનો જવાબ એ છે કે કુર્આને કરીમમાં અલ્લાહ તઆલાનું ફર્માન છે : فَإِذَا جَآءَ اَجَلُهُمْ لَا يَسْتَاخِرُوْنَ سَاعَةً وَّ لَا يَسْتَقْدِمُوْنَ ''જ્યારે એમને મૃત્યુ આવશે તો તે એક ઘડી પણ આગળ કે પાછળ નહીં થાય.'' *(પારા–૧૧, રુકૂઅ–૧૦)*

બીજી આયતમાં પારા–૨૮, રુકૂઅ–૧૪માં છે :–

وَلَنْ يُّؤَخِّرَ اللّٰهُ نَفْسًا اِذَا جَآءَ اَجَلُهَا ''અલ્લાહ તઆલા કોઈપણ જાનદારની મૃત્યુને કદીપણ ટાળશે નહીં જ્યારે કે એના મૃત્યુનો સમય આવી

ચૂક્યો હશે.''

તો જ્યારે કે રહમતે આલમ ﷺ જાણતા કે આ ઝખ્મી (ઘાયલ) માણસનો મૃત્યુનો સમય આવ્યો નથી તો તેના વિષયમાં પોતાને મળેલી શક્તિનો ઉપયોગ કરતા. પરંતુ જ્યારે કે જાણી લેતા કે આ માણસની દુનિયાની જિંદગી પૂરી થઈ છે હવે એનું મૃત્યુ નિશ્ચિત છે તો ત્યાં આપ કાંઈ ન કરતા.

## ★ મિશ્કાત શરીફના કર્તા હઝરત અલ્લામા ખતીબ તબરેઝી رحمة الله عليه નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૭૪૦)*

આપ મિશ્કાત શરીફમાં હદીષ વર્ણન કરે છે કે :–

''હઝરત ઉમર رضي الله عنه થી રિવાયત છે કે તેમણે કહ્યું, અમે નબી ﷺ સાથે મુસાફરીમાં હતા. એક ગામડિયો આવ્યો, જ્યારે તે હુઝૂર ﷺની પાસે આવ્યો તો હુઝૂર નબી ﷺએ ફર્માવ્યું, શું તું ગવાહી આપે છે કે, અલ્લાહ તઆલાના સિવાય કોઈ જ ઈબાદતને લાયક નથી અને તે એક જ છે અને મુહમ્મદ ﷺ તેના બંદા અને રસૂલ છે.

ગામડિયાએ કહ્યું, તમારી આ વાત ઉપર મારા સિવાય બીજું કોણ ગવાહી આપશે ?!

હુઝૂર નબી ﷺએ ફર્માવ્યું, આ બાવળનું ઝાડ ગવાહી આપશે ! આમ કહી આપે તે ઝાડને બોલાવ્યું, તો તે ઝાડ આપ મેદાનના કિનારે બેઠા હતા ત્યાં જમીન ચીરતું ચાલી આવ્યું ત્યાં સુધી કે આપની પાસે આવી ઊભું થઈ ગયું. નબી ﷺએ તેની પાસે ત્રણવાર અલ્લાહ તઆલાની વહદાનિયત (એક હોવું) અને પોતાની રિસાલતની ગવાહી માંગી તો ઝાડે ત્રણવાર ગવાહી આપી કે ખરેખર એવું જ છે જેવું આપ ફર્માવો છો. ત્યાર પછી તે ઝાડ પોતાના સ્થળે ચાલ્યુ ગયું. *(મિશ્કાત શરીફ, પેજ–૫૪૧)*

અલ્લામા ખતીબ તબરેઝી رضي الله عنه એ આ હદીષ શરીફ લખી પોતાનો અક઼ીદો સાબિત કરી આપ્યો કે હુઝૂર ﷺને અલ્લાહે તસર્રુફની એ તાકાત આપેલી હતી કે (જાનદાર તો ઠીક પરંતુ જીવ વિનાની વનસ્પતિ જેવી ચીજો) ઝાડને પણ બોલાવે તો તે જમીન ચીરતું ચીરતું ખિદમતમાં હાજર થઈ આપ જેવી ગવાહી ઈચ્છે તે ગવાહી પણ આપતું.



## ★ અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمة الله عليه નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૯૧૧)*

આપનું મૂળનામ અબ્દુર્રહમાન, લક઼બ જલાલુદ્દીન અને કુન્નિયત અબુલ ફઝ્લ છે. ૧લી રજબ હિજરી ૮૪૯માં સયૂત શહેરમાં (જે નાઈલના કિનારે ઈજિપ્તમાં આવેલું છે) પેદા થયા. આપ પાંચ વર્ષ ૭ મહિનાના હતા કે એમના પિતા આ દુનિયાથી વિદાય થઈ ગયા, એમના પિતાની વસિય્યત મુજબ કેટલાક બુઝુર્ગોએ એમની દેખભાળ કરી તેમાં શૈખ કમાલુદ્દીન ઈબ્ને અલ્હામ હનફીએ આપનો ખાસ ખ્યાલ રાખી પાલનપોષણ કરી દીની ઈલ્મ અપાવ્યો અને તેથી ૮ વર્ષની ઉંમરે કુર્આન મજીદ હિફ્ઝ કરી કેટલીયે દીની કિતાબો પણ હિફ્ઝ કરી લીધી.

ઈલ્મ મેળવ્યા પછી ફતવા લખવાનું કામ હિ.સ. ૮૭૧માં શરૂ કર્યું. હિ.સ. ૮૭૨થી હદીષ શરીફ લખવાનું શરૂ કર્યું, હદીષ પઢાવવાની ઈજાઝત તો હિ.સ. ૮૬૬માં જ મળી ચૂકી હતી. આપે પોતે હસ્નુલ મઆજરહમાં લખ્યું છે કે અલ્લાહ તઆલાએ મને તફસીર, હદીષ, ફિક઼હ, નહ્વ, મઆની, બયાન અને બદીઅ સાત ઈલ્મોમાં કમાલ આપ્યો છે.

આપ પોતાના સમયના ઉલમામાં ઈલ્મે હદીષમાં સૌથી મોટા આલિમ હતા. આપ પોતે કહે છે કે મને બે લાખ હદીષો મોઢે યાદ છે, જો મને એનાથી વધુ મળતી તો એ પણ યાદ કરી લેત. આપે કુલ ત્રણસો કિતાબો લખી છે જેમાં તફસીરે જલાલૈનના પહેલા પંદર સિપારા, તફસીરે ઈત્તેકાન, ખસાઈસે કુબ્રા અને તારીખુલ ખુલફા વધુ જાણીતી છે.

ચાલીસ વર્ષની ઉંમરે આપે તમામ કામો જેમ કે પઢાવવું, ફતાવા, ક઼ઝા વગેરેથી અલગ થઈ એકાંતવાસ લઈ લીધો અને ફક્ત કિતાબો લખવા, ઈબાદત, રિયાઝત તેમજ લોકોની હિદાયતમાં મશ્ગૂલ થઈ ગયા. આપ એક નજીવી બીમારી હાથના સોજામાં પકડાયા અને ૬૩ વર્ષની ઉંમરે હિ.સ. ૯૧૧માં અલ મુસ્તમસિક બિલ્લાહની સલ્તનતના કાળમાં અલ્લાહના પ્યારા થઈ ગયા.

આપ એક હદીષ શરીફમાં વર્ણવે છે કે, હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضي الله عنهما થી રિવાયત છે કે, હઝરમૂતના કેટલાક જમીનદારો

સરકારે દો આલમ ﷺની ખિદમતમાં હાજર થયા જેમાં અશઅષ બિન કૈસ પણ હતા.એ લોકોએ કહ્યું, અમે દિલમાં એક વાત છુપાવી છે, બતાવો તે કઈ વાત છે ?! આપ ﷺએ કહ્યું, સુબ્હાનલ્લાહ ! એ તો જ્યોતિષનું કામ છે, અને જ્યોતિષ તથા જ્યોતિષપણાનું ઠેકાણું દોઝખ છે. તો તે લોકોએ કહ્યું, તો પછી અમે કેવી રીતે જાણી શકીએ કે તમે અલ્લાહના રસૂલ છો ?!

તો આપ ﷺએ એક મુટ્ઠી કાંકરીઓ જમીન પરથી ઉઠાવી કહ્યું, આ ગવાહી આપશે કે હું અલ્લાહનો રસૂલ છું. જેથી તરત જ આપના હાથમાંની કાંકરીઓએ તસ્બીહ પઢી. આ સાંભળતાં જ એ લોકોએ કહ્યું કે અમે પણ ગવાહી આપીએ છીએ કે આપ અલ્લાહના રસૂલ છો.

ઘણી હદીષોથી સાબિત છે કે નબીએ કરીમ ﷺ દિલોના ભેદથી પણ વાકેફ હતા, પરંતુ ઉપરોક્ત હદીષમાં આપે ફર્માવ્યું કે, "એ તો જ્યોતિષનું કામ છે." તો એમાં મસ્લેહત એ હતી કે જો હુઝૂર સૈયદે આલમ ﷺ એમના દિલની વાત બતાવી આપતે તો બની શકે કે કદાચ તે લોકો એમ કહી દે કે, એ તો જ્યોતિષ લોકો પણ કહી દે છે. જેથી હુઝૂર સૈયદે આલમ ﷺએ કાંકરીઓથી કલેમા પઢાવ્યો જે જ્યોતિષથી શક્ય ન હતું.

અને આપ લખે છે કે, હઝરત અક્કાશાહ બિન મુહસિન رضی اللہ عنہ એ કહ્યું કે બદ્રની લડાઈમાં મારી તલ્વાર તૂટી ગઈ. તો રસૂલુલ્લાહ ﷺએ એક લાકડી મને આપી તો તે મારા હાથમાં સફેદ તલ્વાર બની ગઈ, તેનાથી હું લડાઈ લડયો ત્યાં સુધી કે મુશ્રિકોને હાર આપી, તે તલવાર હઝરત અક્કાશાહ رضی اللہ عنہ પાસે તેમની વફાત સુધી રહી. *(બયહકી, ઈબ્ને અસાકર, ખસાઈસે કુબ્રા, ભાગ–૧, પેજ–૨૦૫)*

અને લખે છે કે, હઝરત અબ્દુલ્લાહ બિન જહશ رضی اللہ عنہની તલ્વાર જંગે ઉહદમાં તૂટી ગઈ તો નબીએ કરીમ ﷺએ એમને ખજૂરની એક ડાળી આપી જે એમના હાથમાં તલવાર બની ગઈ. *(બયહકી, ખસાઈસે કુબ્રા, ભાગ–૧, પેજ–૨૧૭)*

અને આપ લખે છે કે, હઝરત અબૂ ઉમરાહ અન્સારી رضی اللہ عنہથી રિવાયત છે કે એક ગઝવહ (કાફિરો સાથેની લડાઈ)માં નબી ﷺ સાથે અમે હતા. એક દિવસ અમે ખૂબ તરસ્યા થયા તો હુઝૂર ﷺએ એક વાસણ



મંગાવી તેમાં થોડુ પાણી નાખી પોતે તેમાં કોગળો કર્યો પછી અલ્લાહના કલામમાંથી કંઈક પઢયા જેટલું તેમણે ચાહ્યું. પછી પોતાની નાના આંગળી તેમાં ડૂબાડી. કસમ ખુદાની મેં જોયું કે, આપની આંગળીઓમાંથી પાણીના ફૂવારા ફૂટી નીકળ્યા ! પછી આપે અમોને હુકમ કર્યો તો અમે બધાએ પાણી પીધું, અમારાં જાનવરોને પીવડાવ્યું અને મશકો અને વાસણો પણ ભરી લીધાં, એ જોઈ આપ મુસ્કુરાયા ત્યાં સુધી કે આપના આગળના દાંત મુબારક દેખાઈ ગયા. *(અબૂ નઈમ, ખસાઈસે કુબ્રા, ભાગ–૨, પેજ–૪૨)*

*ઉંગ્લિયાં પાઈ વોહ પ્યારી પ્યારી, જિનસે દરયાએ કરમ હૈં જારી*
*જોશ પર આતી હૈ જબ ગમખ્વારી તિશ્ને સયરાબ હુઆ કરતે હૈં*

અને આપ (એ જ કિતાબ)માં લખી રહ્યા છે કે, હઝરત ઉરબાઝ બિન સારિયા رضی اللہ عنہથી રિવાયત છે કે એમણે કહ્યું, ગઝવએ તબૂકમાં એક રાત્રે રસૂલુલ્લાહ ﷺએ હઝરત બિલાલને કહ્યું, અય બિલાલ ! શું તમારી પાસે ખાવાની કોઈ ચીજ છે ? તેમણે કહ્યું, યા રસૂલલ્લાહ ! આપના પરવરદિગારની કસમ ! અમારા ભાથાંઓ ખાલી થઈ ચૂક્યાં છે. રસૂલે કાઈનાત ﷺએ ફર્માવ્યું, અય બિલાલ ! તમે બંનેવ બરાબર જુઓ તમારાં ભાથિયાંઓને ખંખેરો. અમે પોતાનાં ભાથિયાં ખંખેરતાં બધી મળી સાત ખજૂરોની પેશીઓ મળી આવી. આપે એને એક દસ્તરખ્વાન ઉપર મૂકી પછી તેના ઉપર પોતાનો બરકતવાળો હાથ મૂક્યો અને કહ્યું, બિસ્મિલ્લાહ ! ખાવ ! અમે બંનેવ (સરકારે દો આલમ કાસિમે નેઅમત ﷺના હાથ મુબારકની નીચેથી) એક એક પેશી ઉઠાવી લાવ્યા, હઝરત બિલાલ رضی اللہ عنہ કહે છે કે હું મારા ડાબા હાથમાં ઠળિયા મૂકતો હતો, પેટ ભરી ખાધા પછી જ્યારે મેં તેને ગણ્યા તો ૫૪ હતા. એ જ રીતે અમે બંનેવ સાથીઓએ પેટ ભરી ખાધું જ્યારે અમે ધરાઈ ગયા તો અલ્લાહના મહબૂબે પોતાનો હાથ મુબારક ઉઠાવી લીધો તો તે સાતે સાત ખજૂરો એવી જ હાલતમાં હાજર હતી.

સરકારે દો આલમ રસૂલે આ'ઝમ ﷺએ ફર્માવ્યું, અય બિલાલ ! એ ખજૂરોને સંભાળીને રાખજો એમાંથી કોઈ ન ખાય, ફરી કામ આવશે.

હઝરત બિલાલ કહે છે કે, અમે એને ન ખાધી. પછી બીજા દિવસે ખાવાનો સમય થયો તો આપે એ જ સાત ખજૂરો મંગાવી અને આપે ફરી

પોતાનો બરકતવાળો હાથ એના ઉપર મૂક્યો અને કહ્યું, બિસ્મિલ્લાહ ખાવ ! તો અમે તે વખતે દસ માણસો હતા બધાંએ પેટ ભરી ખાધું.

આપ ﷺએ ફર્માવ્યું, અય બિલાલ ! જો હું અલ્લાહ તઆલાની હુઝૂર શરમ મેહસૂસ ન કરતે તો મદીના મુનવ્વરા પહોંચતા સુધી આ જ સાત ખજૂરો ખાયા કરતે. પછી એ ખજૂરો આપે એક છોકરાને આપી દીધી તો તેને ખાતો ખાતો ચાલ્યો ગયો. *(અબૂ નઈમ, ઈબ્ને અસાકર, ખસાઈસે કુબ્રા, ભાગ–૧, પેજ–૨૭૫)*

હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہએ ઉપરોક્ત હદીષો લખી પોતાનો અક઼ીદો સ્પષ્ટપણે જાહેર કરી દીધો કે, હુઝૂર સૈયદે આલમ ﷺને અલ્લાહ ﷻ તરફથી દરેક પ્રકારના તસર્રુફાત આપવામાં આવ્યા હતા.

અને દેવબંદના મૌલાના મુહમ્મદ હનીફ ગંગોહી લખે છે કે, હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہના ખાસ ખાદિમ (સેવક) મુહમ્મદઅલી હબ્બાક કહે છે કે, એક દિવસે ક઼ૈલૂલા (બપોરે ઝહોર પઢી ખાયને થોડો આરામ કરવાનો સમય) વખતે આપે કહ્યું, જો મારા મૃત્યુ પહેલાં તમે આ ભેદને જાહેર ન કરો તો આજે અસરની નમાઝ તમોને મક્કા શરીફમાં પઢાવી દઉં. અમે અરજ કરી જરૂર અમે છુપાવી રાખીશું. તો ફર્માવ્યું, આંખો બંધ કરો અને હાથ પકડી લગભગ ૨૭ ડગલાં ચાલી ફર્માવ્યું, આંખો ખોલો ! જોયું તો અમે મક્કા મોઅઝ્ઝમામાં બાબે મોઅલ્લામાં હતા. હરમમાં પહોંચી તવાફ કર્યો અને ઝમઝમ પીધું. પછી આપે કહ્યું, આમાં આશ્ચર્ય ન કરો કે જમીન અમારા માટે કેવી રીતે લપેટાઈ ગઈ. બલ્કે નવાઈ તે વાતની છે કે હરમના ઈજિપ્શીયન મુજાવરો જે અહીં ઓળખીતા છે, તેઓ અમોને ન ઓળખી શક્યા. પછી કહ્યું, તમારી મરજી હોય તો સાથે ચાલો નહીં તો હાજીઓ સાથે આવજો. મેં અરજ કરી સાથે જ આવીશું. બાબે મોઅલ્લા સુધી ગયા અને કહ્યું, આંખો બંધ કરી લો, પછી મને સાત ડગલાં દોડાવી કહ્યું, આંખો ખોલો ! આંખો ખોલી તો અમે ઈજિપ્તમાં હતા.

આ બનાવથી અલ્લામા સિયૂતી رحمۃ اللہ علیہએ પોતાનો અક઼ીદો સાબિત કરી દીધો કે થોડાંક ડગલાં ચાલીને એક દેશથી બીજા દેશમાં પહોંચવાની



બલ્કે બીજાને પહોંચાડવાની તાક઼ાત અલ્લાહે મને આપેલી છે.

*હરકેહ ઈશ્કે મુસ્તફા સામાને ઓસ્ત*
*બેહરો બર દરગોશએ દામાને ઓસ્ત –(ડો. ઈકબાલ)*

## ★ ઝુબ્દતુલ આરેફીન હઝરત અલ્લામા શતનૂફીનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૭૧૩)*

આપને અલ્લામા શમ્સુદ્દીન ઝહબીએ પોતાની કિતાબ તબક઼ાતુલ મુક઼ર્રબીનમાં ખાતેમુલ હુફ્ફાઝ તેમજ અલ્લામા જલાલુદ્દીન સિયૂતિએ પોતાની કિતાબ હસ્નુલ મહાજેરા ફી અખ્બાર મિસ્ર વલ કાહેરામાં બેનઝીર ઈમામ (અર્થાત : જેની બરાબરીનો કોઈ ન મળી શકે) લખ્યું છે.

અલ્લામા શતનૂફી رحمۃ اللہ علیہ લખે છે કે, "મેં પહેલાંના સમયના બુઝુર્ગોને એવું કહેતાં જોયા કે ચાર બુઝુર્ગો એવા છે કે જેઓ જન્મે આંધળા અને કોઢીને ઠીક કરી દે છે : હઝરત શૈખ સૈયદ અબ્દુલ ક઼ાદિર જીલાની, શૈખ બકા બિન બતૂ, શૈખ અબૂ સઅદ કેલવી, શૈખ અલી બિન હયતી. (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ) *(બહજતુલ અસ્રાર, પેજ–૬૩)*

આપ હઝરત પોતાની કિતાબમાં આગળ લખે છે કે, મેં એવા ચાર બુઝુર્ગોને જોયા છે જેઓ પોતાની ક઼બ્રોમાં એવા તસર્રુફ કરે છે જેવા કે જીવતાં (જાહેરી જિંદગી ધરાવતા) કરે છે. એ ચાર બુઝુર્ગો આ છે : હઝરત સૈયદ અબ્દુલ ક઼ાદિર જીલાની, હઝરત શૈખ મઅરૂફ કર્ખી, હઝરત શૈખ અકીલ મન્જી તથા હઝરત શૈખ હયાઅ બિન ક઼ૈસ હિરાની. (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ) *(બહજતુલ અસ્રાર, પેજ–૬૩)*

આપ હઝરત શૈખ અલી બિન હયતી عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُની ઓળખમાં લખી રહ્યા છે કે, "આપ તે ચાર બુઝુર્ગોમાંથી છે જેને ઈરાકના બુઝુર્ગો "બરાઅહ્" કહે છે એ અર્થમાં છે કે એઓ માદરજાદ આંધળા (જન્મથી આંધળા) અને સફેદ ડાઘવાળા (કોઢી)ને સારા કરી દેતા હતા. અને તેઓ હઝરત સૈયદના હઝરત શૈખ સૈયદ અબ્દુલ ક઼ાદિર જીલાની, હઝરત શૈખ અલી બિન હેયતી, શેખ બકા બિન બતૂ અને શૈખ અબૂ સઅદ

કેલવી છે. (رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن)

આ તે વાત છે જેની અમોને અબુલ ફતૂહ અબ્દુલ હમીદ બિન મઆલી સરસરીએ ખબર આપી. તેમણે કહ્યું, મને શૈખ અલી બિન ખબાઝે ખબર આપી. એમણે કહ્યું, મેં ઉમર કીમાની અને બઝાઝથી સાંભળ્યું, તે બંનેવ કહેતા હતા કે અમે પહેલાંના સમયના તે ખાસ મશાઈખ (બુઝુર્ગો)ને જોયા કે તેઓ હઝરત શૈખ સૈયદ અબ્દુલ કાદિર જીલાની, શૈખ અલી બિન હેયતી, શૈખ બકા બિન બતૂ અને શૈખ અબૂ સઅદ કેલવીને "બરાઅહ્" કહેતા હતા. رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن એટલે કે એઓ જન્મથી આંધળા અને કોઢીને સારા (ઠીક) કરી દેતા હતા. *(બહજતુલ અસ્રાર, પેજ–૧૫૩)*

હઝરત અલ્લામા શતનૂફી رحمۃ اللہ علیہએ ઉપરોક્ત લખાણમાં પોતાનો અકીદો સ્પષ્ટ રીતે બયાન કરી દીધો કે, ચાર મશાઈખ જન્મે આંધળા અને કોઢીને ઠીક કરી દેતા હતા. સાથે સાથે એ પણ સ્પષ્ટ કરી દીધું કે આ ફક્ત મારો જ અકીદો (માન્યતા) નથી પહેલાંના જમાનાના બુઝુર્ગોનો પણ એ જ અકીદો હતો, વળી પોતાનો એ અકીદો જાહેર કરી દીધો કે ચાર બુઝુર્ગો પોતાની કબ્રોમાં જીવતા માણસો જેમ તસર્રુફ કરે છે.

હઝરત અલ્લામા શતનૂફી رحمۃ اللہ علیہ લખે છે કે ખબર આપી અમોને શૈખ સાલેહ અબૂ મુહમ્મદ અબ્દુલ જબ્બાર બિન અહમદ બિન અલી કરશી મિસ્રી મોઅદ્દબે કહ્યું, કે અમોને ખબર આપી શૈખ ઈમામ અબૂર્રબીઅ સુલૈમાન બિન અહમદ બિન અલી સઅદી મુકરી (ઈબ્ને મઅઝબલ)એ કે મને કહ્યું શૈખ આરિફ અબુલ અબ્બાસ અહમદ બિન બરકાત બિન ઈસ્માઈલ સઅદી મુકરી જે શૈખ અબૂ અમ્ર ઉષ્માન બિન મરઝુક رضی اللہ عنہના ખાદિમ હતા, તેમનાથી સાંભળ્યું કે એક વેળા મને હઝરત સાથે સિરિયાની સફરનો મોકો મળ્યો, અલ્લાહ સિવાય ત્રીજું કોઈ અમારી સાથે ન હતું. ત્રણ દિવસ પસાર થઈ ગયા મને કોઈ ચીજ ખાવા પીવાની મળી નહીં. હું બેહોશ થઈ જમીન પર પડી જવાની તૈયારીમાં હતો. જ્યારે હઝરતે મને એ હાલતમાં જોયો તો રેતીના ઢગલા પર ચઢી બંનેવ હાથોમાં રેતી ભરી લીધી અને મને આપ્યું તો તે શેકેલા સત્તુ (જવ) જેમાં ખાંડ ભળેલી હતી, મેં તેને પેટ ભરી ખાધુ, ફરી રેતીના ઢગલા પર ચઢી હાથ માર્યો તો મીઠા પાણીનું ઝરણું ફૂટી નીકળ્યું, જે દુનિયાના બીજા મીઠા પાણીથી ઘણુ જ સારું હતું, મેં તે



પેટ ભરી પીધું. *(બહજતુલ અસરાર, પેજ–૧૭૫)*

અલ્લામા શતનૂફી رحمۃ اللہ علیہ પોતાની કિતાબમાં લખે છે કે, ખબર આપી અમોને અબૂ મુહમ્મદ માલિક બિન શૈખ અબુલ ફતહ મનજીએ. એમણે કહ્યું કે અમોને ખબર આપી શૈખ આરિફ ફકીહ ફાઝિલ અબુલ ફરહ ઉબૈદ બિન મોનીઅ બિન કામિલ અસઅસી મુકરીએ. એમણે કહ્યું, અમોને ખબર આપી શૈખ આરિફ યહ્યા અબૂ યહ્યા ઝકરિયા બિન શૈખ અબૂ ઝકરિયા યહ્યા બિન શૈખ બુઝુર્ગ અબૂ હફ્સ ઉમર બિન યહ્યા મશ્હૂર હદીદીએ. તેઓ કહે છે કે મેં આરિફ હોશિયાર અબૂ ષના અહમદ બિન અબ્દુલ હમીદ સંજારી ઝરઈથી સાંભળ્યું. તેઓ કહે છે મેં શૈખ સુવૈદ رضی اللہ عنہ સાથે પગપાળા હજ્જ કરી.

તેઓ કહે છે કે જ્યારે અમે જંગલમાં પહોંચ્યા તો અમારી પાસે પીવાનું પાણી ન રહ્યું, અમે ખૂબ જ તરસ્યા થયા ત્યાં સુધી કે મૃત્યુ નજીક દેખાવા લાગ્યું. હઝરતે રસ્તાથી થોડાક દૂર હટી બે રકાત નમાઝ પઢી. હું આપની સાથે જ હતો. ત્યાં એક પથ્થર પડેલો હતો તેના પર હઝરતે પોતાની લાકડી મારી તો તેમાંથી એક ખૂબ જ મીઠા પાણીનું ઝરણું ફૂટી નીકળ્યું, અમે તે ખૂબ ધરાઈને પીધું, પછી હઝરતે મને પોતાનો ખોબો ભરી પીવડાવ્યું તો તે મીઠા પાણી સાથે સત્તુ મળેલા હતા, ફરી એક ખોબો ભરી પીધું પછી હઝરતે તેના પર હાથ ફેરવ્યો તો તે પહેલાંની જેમ અસલ હતો તેવો સુંવાળો પથ્થર બની ગયો, જેના પર ભીનાશનું નામ નિશાન ન હતું. તે પછી મને ૭ દિવસ સુધી ખાવા પીવાની જરૂરત જ ન જણાઈ. *(બહજતુલ અસરાર, પેજ–૧૭૯)*

હઝરત અલ્લામા શતનૂફી رحمۃ اللہ علیہ એ જ કિતાબમાં લખે છે કે, અમોને અમારા શૈખ નજીબુદ્દીન અબુલ ફરહ અબ્દુલ લતીફ બિન શૈખ નજમુદ્દીન અબ્દુલ મુનઈમ બિન અલી બિન સીકલ હિરાનીએ કહ્યું, મેં મારા પિતા رحمۃ اللہ علیہ થી સાંભળ્યું. તેઓ કહેતા હતા કે હઝરત શૈખ હિરાની رحمۃ اللہ علیہએ એક વર્ષે હજ્જ કરી, રસ્તામાં એક જગ્યાએ એમના સાથીઓ સહિત ઉતારો કર્યો તો તેઓ પોતાના એક સાથી સાથે બાવળના ઝાડ નીચે બેઠા. સાથીએ અરજ કરી, "અય મારા સરદાર ! તાજુ ખજૂર ખાવાની મારી ઈચ્છા છે." આપે કહ્યું, "આ ઝાડને હલાવ !" તેણે કહ્યું, આકા ! આ તો બાવળનું ઝાડ

છે. આપે કહ્યું, "એને જ હલાવ !" એણે તેને હલાવ્યું, તો ઝાડ પરથી તાજી ખજૂરો પડવા લાગી. તે બધા જ સાથીઓએ ખાધી ત્યાં સુધી કે તેઓ ખૂબ જ ધરાઈ ગયા અને પછી ત્યાંથી આગળ સફર શરૂ કરી. *(બહજતુલ અસરાર, પેજ–૧૮૨)*

અને બીજે ઠેકાણે આપે લખ્યું છે કે, અમોને ખબર આપી અબુલ મઆલી અબ્દુર્રહીમ બિન મુઝફ્ફર બિન મહજ્જબ કરશીએ. એમણે કહ્યું કે, મેં મારા પિતા (અલ્લાહ તેમના પર રહમ કરે)થી સાંભળ્યું જેઓ શૈખ અલી બિન ઈદરીસના મુરીદોમાંથી હતા. એમણે કહ્યું કે, અમારા પ્રદેશમાં એક એવો ગવર્નર આવ્યો કે તેણે પ્રજા પર ખૂબ જ જુલ્મ કર્યો, હું શૈખ અલી બિન ઈદરીસની સેવામાં હાજર થયો, એમની પાસે યાકૂબા નામની જગ્યાએ રોકાયો પરંતુ તેમના રૂઆબ, દબદબા અને ડરને કારણે હાકિમ ગવર્નરના વિશે એમને કાંઈ જ શિકાયત ન કરી શક્યો. જ્યારે એમની સાથે સોબતની ચોથી રાત આવી, મગરિબની નમાઝ પઢી હઝરત બેઠા, બધા મુરીદોએ એમને ચોતરફથી ઘેરી લીધા તો તે વખતે એક મુરીદના હાથમાં તીર–કમાન જોતાં આપે કહ્યું, આ મને આપી દે ! તેણે તે આપી દીધું. પછી હઝરત શૈખે તીર કમાન પર ગોઠવી મને કહ્યું, તીર ચલાવી દઉં ? તો મેં અરજ કરી, અય મારા આક઼ા ! આપની મરજી હોય તો ચલાવી દો. તો આપે તીર કમાન જમીન પર મૂકી દીધું. થોડીવાર પછી ઉઠાવી કહ્યું, શું હું તીર ચલાવી દઉં ! તો મેં અરજ કરી, અય મારા સરદાર ! આપની ઈચ્છા હોય તો ચલાવી દો. બીજીવાર ફરી આપે તીર કમાન જમીન ઉપર મૂકી દીધું, થોડીવારે ફરી તીર કમાન જમીન પરથી ઉઠાવી કહેવા લાગ્યા, હું તીર ચલાવી દઉં ? મેં અરજ કરી, અય મારા સરદાર ! જેવી આપની ઈચ્છા.

તો તે તે વખતે આપે તીર છોડયું જે એક ઝાડને વાગ્યું જે આપની સામે ૪–૫ મીટર દૂર હતું. આપે કહ્યું, મેં તીર ચલાવી દીધું અને એ જાલિમ ગવર્નરની ગરદન પર વાગ્યું. તો તે વેળા અમે બધાંએ નારએ તકબીરનો નારો માર્યો. તીર કમાન તેના માલિકે પોતે ઉઠાવી લીધું. જ્યારે સવાર થઈ તો અમોને ખબર મળી કે ગવર્નર પોતાના ઘરની ઉપરની છત ઉપર સૂતો હતો કે એક ગેબી તીર આવ્યું અને તેની ગરદન ઉપર વાગ્યું જેથી તે મરી ગયો. *(બહજતુલ અસરાર, પેજ–૨૩૦)*



હઝરત અલ્લામા શતનૂફી رحمة الله عليهએ ઉપરોક્ત બનાવો લખી પોતાનો અક઼ીદો સ્પષ્ટ જાહેર કરી આપ્યો કે અલ્લાહ તઆલાએ અવલિયાએ કિરામને તસર્રુફનો ઈખ્તેયાર આપેલો છે.

## ★ હઝરત શૈખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી બુખારી رحمة الله عليهનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૦૫૨)*

આપનું નામ મુબારક અબ્દુલ હક્ક઼, પિતાનું નામ સૈફુદ્દીન બિન સાઅદુલ્લાહ તુર્ક દહેલ્વી બુખારી. અબુલ મજદ કુન્નિયત હતી. આપના બાપ દાદા બુખારાના રહીશ હતા જે બુખારાથી દિલ્હી સ્થળાંતર કરી આવેલા. આપનો જન્મ મુહર્રમ હિ. ૯૫૮માં થયો. બેથી ત્રણ માસના ટૂંક સમયમાં જ પોતાના પિતાથી જ કુર્આન ખતમ કરી લીધું અને એક મહિનામાં તો લખતાં પણ શીખી લીધું. તે પછી મીઝાન યાદ કરી લીધી. ગુલિસ્તાં બોસ્તાં, દીવાને હાફિઝ, મિસ્બાહ–કાફિયા પણ માનનીય પિતાથી જ પઢી. ૧૨ વર્ષની ઉંમરે શર્હે શમ્સિયા, શર્હે અક઼ાઈદ અને પંદર વર્ષની ઉંમરે મુખ્તસર અને મતૂલ પઢી. હિફ્ઝે કુર્આન તો શરૂમાં જ કરી લીધું હતું.

સાત–આઠ વર્ષ સુધી માવરાઉન્નહરના ફુક઼હાએ કિરામના દર્સમાં રહ્યા. જેમણે વિદાય વેળા કહ્યું કે અમે તમારાથી ફાયદો ઉઠાવ્યો છે, અમારું તમારા ઉપર કોઈ એહસાન નથી.

બાવીસ વર્ષની ઉંમરે તમામ દીની ઈલ્મોથી ફારિગ થઈ આપે દર્સ પઢાવવાનું શરૂ કર્યું, પરંતુ પછી આડત્રીસ વર્ષની ઉંમરે મક્કા મુઅઝ્ઝમા ચાલ્યા ગયા, ત્યાંના મુહદ્દિષો (હદીષવેત્તા)થી બુખારી–મુસ્લિમનો દર્સ લીધો, રમઝાન હિ.સ. ૯૯૬માં હઝરત શૈખ અબ્દુલ વહહાબ મુત્તક઼ી رحمة الله عليهની ખિદમતમાં હાજરી આપી મિશ્કાત પઢવાનું શરૂ કર્યું. એ દરમ્યાન લગભગ ત્રણ માસ સુધી મદીના તૈયબા સરદારે દો જહાં صلى الله عليه وسلمની બારગાહમાં હાજર રહ્યા. પછી ફરી મક્કા મોઅઝ્ઝમા આવીને શૈખ અબ્દુલ વહહાબથી મિશ્કાતના સબક઼ો પૂરા કર્યા. ખરી રીતે હદીષ, તસવ્વુફ, ફિક઼્હની ઉચ્ચતર તાલીમ એ મહાન અઝમત–ઈજ્જતવાળા બુઝુર્ગ હઝરત અબ્દુલ વહહાબ મુત્તક઼ીથી આપે લીધી હતી.

આપની જાત ઉપર હિંદુસ્તાનને ગર્વ છે કે મક્કા મુઅઝ્ઝમાથી હિ.સ. ૯૯૯માં આવીને સૌથી પહેલાં હિંદુસ્તાનમાં ઈલ્મે હદીષ આપ જ લાવ્યા અને ઈલ્મે હદીષને પોતાની કિતાબો દ્વારા દેશના ખૂણે ખૂણે પહોંચાડયો.

આપે (સાઈઠ) ૬૦ કિતાબો લખી છે જેમાં લમઆત શર્હે મિશ્કાત અરબી, અશ્અતુલ લમ્આત શર્હે મિશ્કાત ફારસી, મદારિજુન્નબુવ્વત, શર્હે સફરુસ્સઆદત, શર્હે ફુતૂહુલ ગૈબ, જઝબૂલ કુલૂબ, અખ્બારુલ અખિયાર, ઝુબદતુલ આષાર અને માષબત બિસ્સુન્નહ વગેરે ખૂબ જ પ્રચલિત અને લોકપ્રિય છે.

આક઼ાએ કાઈનાત સરકારે દો આલમ صلی اللہ علیہ وسلمની બારગાહમાં આપને ઘણી જ મક઼બૂલિયત મળી હતી કે ચાર વખત આપને ખ્વાબમાં દીદારથી નવાજ્યા હતા. હિ.સ. ૧૦૫૨માં આપનો વિસાલ થયો. મેહરોલી શરીફ (દિલ્હી)માં હૌઝે શમ્સીના (અવલિયા મસ્જિદ) નજીક આપનો મઝાર મુબારક છે, આજે એની વેરાની જોઈને મહોબ્બતવાળાઓનું દિલ લોહીનાં આંસૂ સારે છે. **સામાન્ય પબ્લિક તો ઠીક પણ ઉલમાએ અહલે સુન્નત ઘણા જ શોખ અને મહોબ્બતથી હઝરત કુતૂબ સાહેબ (બખ્તિયાર કાકી) رحمۃ اللہ علیہના મઝાર પર તો હાજરી આપે છે પરંતુ અફસોસ એ જ મહોલ્લામાં હઝરત શેખના આસ્તાના ઉપર હાજરી નથી આપતા !** જ્યારે કે એમના એહસાનો કદી પણ (સુન્ની અવામ અને ઉલમાથી) ભૂલી શકાય તેમ નથી.

હઝરત શૈખ હુઝૂર صلی اللہ علیہ وسلمના બાબત પોતાનો અક઼ીદો આ રીતે બયાન કરે છે કે, ''હુઝૂર નબીએ કરીમ صلی اللہ علیہ وسلمને ખજાનાની ચાવીઓ આપવામાં આવી અને ખજાના એમને સુપ્રત કરી દેવામાં આવ્યા. એનો જાહેર મતલબ તો એ છે કે રોમ અને ઈરાનના બાદશાહોના બધા જ ખજાના સહાબાના હાથમાં આવ્યા. અને એનો બાતિનમાં મતલબ એ કે તમામ આલમની મખ્લૂક઼ના ખોરાકના ખજાના આપના કબ્જા અને ઈખ્તેયારમાં આપી દેવામાં આવ્યા અને આપને જાહેર અને બાતિન સર્વ તર્બિયતની શક્તિ મળેલી હતી.'' *(મુક઼દ્દમા, અશ્અતુલ લમ્આત ઉર્દૂ, પેજ–૧૦૬)*

મિશ્કાત શરીફ, પેજ–૮૪ ઉપર મુસ્લિમ શરીફની એક હદીષ છે જે હઝરત રબીઆ બિન કઅબ અસ્લમી رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું



કે રસૂલુલ્લાહ رحمۃ اللہ علیہએ મને ફર્માવ્યું, ''સલ'' અર્થાત માંગ ! તો મેં અરજ કરી, હું જન્નતમાં આપની રિફાકત (સથવારો) ચાહું છું. આપ صلی اللہ علیہ وسلم એ કહ્યું, કાંઈક બીજું પણ ? મેં અરજ કરી, ''મારી મુરાદ તો બસ એ જ છે.''

આ હદીષ શરીફનું વિવરણ કરતાં હઝરત શૈખ ફર્માવે છે કે, ''માંગ''એ સવાલમાં કોઈ ચીજ નક્કી કરી નથી, વિના પાબંદીએ ફર્માવવાથી જણાય છે કે તમામ ચીજોના આપવા, ન આપવા બાબતનો મામલાનો અલ્લાહ તઆલાના હુકમથી હુઝૂર નબીએ રહમત صلی اللہ علیہ وسلم ઈખ્તેયાર ધરાવે છે. આપ અલ્લાહના હુકમથી જેને જે ચાહે તે અર્પણ કરી શકે છે એટલા માટે કે દુનિયા અને એની રંગરંગીની સજાવટ આપની જ સખાવતથી છે. લોહ કલમ આપના ઈલ્મનો એક ભાગ છે. જો દુનિયા આખેરતની ભલાઈ ઈચ્છતા હોય તો એમની આલીશાન મર્તબાવાળી બારગાહમાં હાજર થઈ જે ચાહો તે માંગી લો. *(અશ્અતુલ લમ્આત, પેજ–૩૭૨)*

અને સૈયદે આલમ صلی اللہ علیہ وسلمના સંપૂર્ણ ઈખ્તેયાર (પાવર) (અલ્લાહના અર્પણ કર્યાથી) વિષયમાં સ્પષ્ટ શબ્દોમાં આપ લખે છે કે :–

માણસો અને જિન્નાતોના તમામ મુલ્કો, હુકૂમત, બાદશાહત અને તમામ દુનિયાઓ અલ્લાહ તઆલાના અર્પણ કર્યાથી હુઝૂર صلی اللہ علیہ وسلمના કબ્જા અને તસર્રુફમાં છે. *(મુક઼દ્દમા અશ્અતુલ લમ્આત ઉર્દૂ–૩૩૭, ભાગ–૧, પેજ–૧૦)*

હઝરત શૈખ બુઝુર્ગોના તસર્રુફના વિશે લખે છે :–

હઝરત અલી બિન હયતી رحمۃ اللہ علیہ તે ચાર બુઝુર્ગોના બાબત ફર્માવે છે જેમણે મશાઈખે ઈરાક ''બુરુઅહ'' અર્થાત શિફા કહેતા હતા. એટલા માટે કે તેઓ માદરજાદ આંધળા અને કોઢીને સારા કરી દેતા હતા : હઝરત શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની, હઝરત શૈખ અલી બિન હયતી, હઝરત શૈખ બકાઅ બિન બતૂ અને શૈખ અબૂ સઈદ કૈલવી رضی اللہ عنہ. *(ઝુબ્દતુલ અસ્રાર, પેજ–૯)*

અને વિસાલ પછી અવલિયા અલ્લાહના તસર્રુફ કરવા બાબત આપ ફર્માવે છે, હઝરત શૈખ અલી કરશી رضی اللہ عنہએ ફર્માવ્યું કે, મેં એવા ચાર મશાઈખને જોયા જે પોતાની ક઼બ્રોમાં જીવતા (દુનિયવી જિંદગી) બુઝુર્ગોની

જેમ તસર્રુફ કરે છે. હઝરત શૈખ અબ્દુલ ક઼ાદિર જિલાની, હઝરત શૈખ મઅરૂફ કર્ખી, હઝરત શૈખ અક઼ીલ મન્જી અને હઝરત શૈખ હયાત બિન ક઼યસ હિરાની. (رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن) *(ઝુબ્દતુલ અસ્રાર, પેજ–૯)*

અને એના જેવું જ અશ્અતુલ લમ્આત, ભાગ–૧, પેજ–૭૧૫ ઉપર આપે લખ્યું છે.

હઝરત શેખ અબ્દુલ હક઼ક઼ મુહદ્દિષ દહેલ્વી બુખારી رحمۃ اللہ علیہએ ઉપરોક્ત લખાણોથી પોતાનો અક઼ીદો સ્પષ્ટ કરી દીધો કે **અલ્લાહ ﷻએ તમામ દુનિયાને હુઝૂર નબી ﷺના તસર્રુફમાં કરી આપી છે. અને અલ્લાહના વલીઓ પણ પોતાની જાહેરી જિંદગીમાં અને વિસાલ પછી (વફાત પછી) બંનેવ હાલતોમાં તસર્રુફ કરી શકે છે.**

## ★ હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૧૭૬)*

આપ પોતાની કિતાબ અન્ફાસુલ આરેફીન, પેજ–૭૭ ઉપર લખે છે કે, હઝરત ખલીફા અબુલ ક઼ાસિમ અકબરાબાદી رحمۃ اللہ علیہ પોતાની હજજની સફર (પ્રવાસ)માં સાથીદારોને અવલિયા અલ્લાહના દરજ્જાઓ, મુક઼ામો અને કરામતો બાબત સંભળાવ્યા કરતા હતા. એક વેળા અવલિયા અલ્લાહના પાણી ઉપર ચાલવા તેમજ ક્ષણભરમાં દૂર દૂરના સ્થળે પહોંચી જવા બાબતની વાત નીકળી. તો વહાણ (સ્ટીમર)ના ચાલકે એ કરામતો માનવાથી ઈન્કાર કરી દીધો અને કહેવા લાગ્યો કે આવી જૂઠી ડંફાસો તો ઘણી સાંભળી છે પરંતુ એમાં સચ્ચાઈ અંશ માત્ર પણ નથી હોતી. આ સાંભળી આપની ઈમાની ગૈરત જોશમાં આવી ગઈ. આપે તરત જ દરિયામાં છલાંગ લગાડી કૂદી પડયા.

આ જોઈ વહાણના પેસેન્જરો અને આપના સાથીઓ વહાણ ચાલકને બુરુભલુ કહેવા લાગ્યા અને ખૂદ ચાલક પણ પસ્તાવા લાગ્યો કે, મારા બોલવાથી એક ફક઼ીરે જાન ગુમાવ્યો. ખલીફાના સાથીઓ પણ ખૂબ જ ઉદાસ થઈ ગયા, તેવામાં હઝરત ખલીફા અબુલ ક઼ાસિમે સાથીઓને



જોરદાર અવાજમાં કહ્યું, સાથીઓ ઉદાસ થવાની જરૂરત નથી ! હું સલામત છું અને જુઓ પાણી ઉપર ચાલી રહ્યો છું ! આ સાંભળી જહાઝ (વહાણ)ની અંદર બેઠેલા તમામ મુસાફરો અને વહાણ ચાલક અલ્લાહવાળા ફક઼ીરોની શાનમાં ગુસ્તાખી (બેઅદબી) કરવાથી તૌબા કરવા લાગ્યા અને ખલીફાના સેવકો (ખાદિમો)એ પણ તૌબા કરી હઝરતના સિલસિલામાં દાખલ થવા લાગ્યા. પેસેન્જરોના હાલ જોઈને આપ દરિયામાંથી જહાઝમાં સહી સલામત આવી ગયા. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૭૭)*

અને આપ رحمۃ اللہ علیہ લખી રહ્યા છે કે, રહમતુલ્લાહ કફશદોઝએ કહ્યું કે એક વેળા હઝરત શૈખ અબૂર્રઝા મુહમ્મદ رحمۃ اللہ علیہ મસ્જિદમાં બેઠા હતા અને હું એમની સામે એક ઝાડની નીચે ઊભો હતો કે આપની સેવામાં હાજર એક માણસે કહ્યું કે બાયઝીદ બોસ્તામી رحمۃ اللہ علیہ કેટલીકવાર કોઈની તરફ આંખ ઉઠાવી જોતા હતા તો જઝ્બની શક્તિ અને શૈખની આંખની ગરમીને કારણે તે વ્યક્તિનો પ્રાણ નીકળી જતો હતો. આજકાલ આપણે મશાઈખ (પીર, બુઝુર્ગો)ની તારીફ (વખાણ)માં તો ખૂબ સાંભળીએ છીએ પરંતુ કોઈની બાતિની શક્તિમાં આ તાષીર નથી જોતા. આ સાંભળી હઝરત શૈખે જોશમાં આવીને ફર્માવ્યું, સાંભળ ! બાયઝીદ પ્રાણ તો કાઢી નાખતા હતા પરંતુ કોઈનામાં તેના નીકળેલા પ્રાણને ફરીથી શરીરમાં દાખલ કરી જીવંત કરતા ન હતા. પરંતુ રસૂલુલ્લાહ ﷺએ મારા દિલને પોતાના પવિત્ર દિલના ફૈઝરૂપ સાયાથી એવી તર્બિયત અને શક્તિ આપી છે કે હું જ્યારે ચાહું ત્યારે કોઈનો પ્રાણ ખેંચી લઉં અને જ્યારે ચાહું ત્યારે તેને પાછો તેના શરીરમાં દાખલ કરી દઉં.

બસ ! તે જ વખતે હઝરત શૈખે મારા ઉપર પોતાની દૃષ્ટિ નાખી મારી રૂહ (પ્રાણ) ખેંચી લીધી, અને હું જમીન ઉપર પડી મરી ગયો. મને આ દુનિયાનું કોઈ જ ભાન ન રહ્યું, સિવાય એ જ કે હું પોતાને એક મહા સમુદ્રમાં ડૂબેલો જોઉં છું.

આપે બુઝુર્ગોની ટીકારૂપે વાંધો ઉઠાવનાર તરફ જોઈ કહ્યું, જુઓ તો એ મૃત્યુ પામ્યો છે કે જીવતો છે ! તેણે જોઈ વિચારી કહ્યું, એ તો મૃત્યુ પામ્યો છે. આપે કહ્યું, જો તું ઈચ્છે તો એને મરેલો જ રહેવા દઉં અને ચાહે તો એને ફરી જીવતો કરી આપું ! કહેવા લાગ્યો, એને જીવતો કરી આપો

તો આપની મોટી મહેરબાની થશે. આપે ફરીથી મારી ઉપર પોતાની કૃપાદષ્ટિ નાંખી તો હું જીવતો ઊભો થઈ ગયો. મજલિસમાં હાજર લોકો શૈખની આ શક્તિ જોઈ ખૂબ જ આશ્ચર્યમાં પડી ગયા. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૨૦૭)*

આપ પોતાની કિતાબ અન્ફાસુલ આરેફીનમાં લખી રહ્યા છે કે, એક વેળા સૈયદ બુરહાનુદ્દીનને આંતરડાની બીમારી હતી, જેના કારણે ઘણીવાર ખૂબ તડપતા હતા, આ વાતની જાણ હઝરત શૈખ મુહમ્મદ رحمۃ اللہ علیہને કરવામાં આવી તો આપ સૈયદ સાહબના ઘેર પધાર્યા અને એમના માથા તરફ બેસીને એમની બીમારીને એવી રીતે ખેંચી લીધી કે જાણે કદી એ બીમારી એમની પાસે આવી જ નથી. હા, પરંતુ તે પછી હઝરત શૈખ મુહમ્મદને કદી કદી આંતરડામાં તકલીફ થઈ જતી હતી. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૩૨૯)*

આપ બીજી જગ્યાએ લખી રહ્યા છે કે હઝરત શૈખ અહમદ નખ્લી رحمۃ اللہ علیہના પુત્ર હઝરત શૈખ અબ્દુર્રહમાન નખ્લી قدس سرہٗ કહેતા હતા કે એમના દાદાને ઘેર પુત્રો જીવતા રહેતા ન હતા જેના કારણે એ ખૂબ જ પરેશાન રહેતા હતા. જ્યારે શૈખ અહમદ નખ્લી (એમના પિતા)નો જન્મ થયો તો દાદાએ અવલિયાએ કિરામની બારગાહમાં પહોંચી દુઆની વિનંતિ અને મદદ માટે વિચારી દર જુમ્આએ શૈખ અહમદ નખ્લીને હઝરત શૈખ તાજ સંભલી رحمۃ اللہ علیہની ખિદમતમાં મોકલતા. એક વખતે બાળકને લઈને આવનાર ખાદિમ (સેવક)ને હઝરત શૈખ તાજ સંભલીએ થોડીવાર વિચારી કહ્યું કે આ બાળકના પિતાને કહેજે કે આ બાળક તમારી જેમ નથી બલ્કે તમારાથી પણ ખૂબ વધીને ઊંચા દરજ્જાનો, ફઝ્લો કમાલનો માલિક થશે, પરંતુ એ વાત જુદી છે કે એ આ દુનિયવી આયુષ્ય થોડુંક જ લઈને આવ્યો છે.

જ્યારે સેવકે પોતાના માલિકના ઘેર પહોંચી હઝરત તાજ સંભલીનો સંદેશો કહ્યો તો એમણે સેવકને કહ્યું, જા હમણા જ જઈને મારા તરફથી હઝરત તાજને વિનંતિ કર કે, અય મારા માલિક ! મારા તરફથી મેં મારી જિંદગીના વર્ષો આ બાળકને આપી દીધાં છે અને આ વિષયમાં આપનાથી હું બારગાહે ઈલાહીમાં સિફારિશ (વસીલો)નો તલબગાર છું.



જ્યારે સેવકે પહોંચી હઝરત તાજ સંભલીને બાળકના પિતાનો સંદેશો પહોંચાડયો તો હઝરત તાજ થોડીવાર આંખો બંધ કરી ચૂપ રહ્યા પછી કહ્યું, જાવ ! તેમને કહેજો તમારી ઈચ્છા પૂર્ણ થઈ ગઈ અને મેં મારા તરફથી તેમને ત્રણ મહિનાની મુદ્દત આખેરતની સફરની તૈયારી માટે અર્પણ કરી છે. અને તેમજ થયું કે એટલા જ સમયમાં શૈખ અહમદ નખ્લીના પિતા આ ફાની દુનિયાથી વિદાય થઈ ગયા. અને શૈખ અહમદ નખ્લીએ નેવું (૯૦) વર્ષને ઉંમરે આ દુનિયા છોડી. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૩૭૩)*

ઉપરોક્ત બનાવોને હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી رحمۃ اللہ علیہએ પોતાની કિતાબમાં લખીને પોતાનો અક઼ીદો સ્પષ્ટપણે જાહેર કરી દીધો કે અલ્લાહ તઆલાએ અવલિયાએ કિરામને દુનિયામાં તસર્રુફાતની બેહિસાબ શક્તિ અર્પણ કરી હોય છે, ત્યાં સુધી કે તેઓ એક જ દષ્ટિ ફેંકતાં જીવતાંને મૃત્યુ અને મૃતને જીવંત કરી આપવાની શક્તિ ધરાવે છે. વળી લોકોની ઉંમર (આયુષ્ય) ઘટાડવા વધારવાની પણ શક્તિ ધરાવે છે. જો હઝરત શાહ સાહબનો એવો અક઼ીદો ન હોત તો તેઓ પોતાની કિતાબમાં આવા બનાવો કદી પણ ન લખતે.

બલ્કે આપ અવલિયાએ કિરામના તસર્રુફાતને વર્ણવતાં પોતાનો અક઼ીદો સ્પષ્ટ શબ્દોમાં લખે છે કે,

''અને નક્શબંદીઓ માટે અજાઈબ (ચમત્કાર) તસર્રુફાત છે. કોઈપણ કામ માટે પાકો નિશ્ચય કરી લેવો તો તે નિશ્ચય મુજબ જરૂર કામ પૂરું થાય છે. અને તાલિબમાં તાષીર પેદા કરવી અને બીમારની બીમારીને દૂર કરવી અને પાપીને પાયશ્ચિત કરવા તરફ તેના દિલને ફેરવવું, લોકોના દિલોમાં તસર્રુફ કરવો કે તેઓ અલ્લાહના પ્યારા અને ઈજ્જતવાળા બની જાય, અથવા એમના દિલોના વિચારોમાં તસર્રુફ કરવો જેથી મહાન અઝમતવાળા બનાવો ઉદ્‌ભવે. અને અલ્લાહના નેક બંદાઓને અલ્લાહની નિસ્બતથી પારખી લેવા ભલે પછી તે આ દુનિયાની જિંદગીમાં હયાત હોય કે પછી તેઓ પર્દો કરી વિસાલ કરી ગયા હોય. અને લોકોના વિચારો અને વસવસાઓ જાણી લેવા જે એમના દિલોમાં આવતા હોય, વળી ભાવિના બનનાર બનાવોને જાણી લેવા, આફતો બલાઓ આવી હોય તેને દૂર કરી આપવી વગેરે. આ સિવાય ઘણાય તસર્રુફાતની શક્તિ

મળી હોય છે. એમાંથી અમુક જ તસર્રુફાત બાબત અમે તમોને જાણ કરીએ છીએ. *(અલ કવલુલ જમીલ, પેજ–૧૦૩, અરબી, શિફાઉલ અલીલ ઉર્દૂ તર્જુમો)*

અને આપ લખે છે કે, ''વાલિદ સાહબે (શાહ અબ્દુર્રહીમ) رحمۃ اللہ علیہ ફર્માવ્યું કે અકબરાબાદમાં મિર્ઝા મુહમ્મદ ઝાહિદથી હું પઢતો હતો. એક વખત સબક પઢીને જતાં એક લાંબી ગલીમાંથી પસાર થઈ રહ્યો હતો તે વખતે હું શૈખ સાઅદી શિરાઝી رحمۃ اللہ علیہના આ શેઅર પઢવામાં તલ્લીન હતો.

***જુઝ યાદે દોસ્ત હરચેહ કુની ઉમર ઝાએઅસ્ત,***
***જુઝ સિર્રે ઈશ્ક હરચેહ બખ્વાની બતાલતસ્ત***
***સાઅદી બુશવી લોહે દિલ અઝ નક્શ ગયરેહક્ક***
***ઈલ્મે કે રહે હક્ક ન નુમાયદ જહાલતસ્ત***

**અર્થાત** : ''મહબૂબની યાદ સિવાય તું જે કાંઈ કરે તે ઉમરની બર્બાદી છે. ઈશ્ક (પ્રેમ)ના (અલ્લાહ વ રસૂલથી ઈશ્ક–મહોબ્બત) ભેદ સમજવા સિવાય તું જે કાંઈ પઢે તે નકામું છે. અય સાઅદી ! તારા દિલની તખ્તી (સ્લેટ) ઉપર હક્ક (અલ્લાહ) સિવાયનો નક્શ (છાપ) હોય તો તેને મિટાવી દે. જે ઈલ્મ (જ્ઞાન) અલ્લાહના તરફ પહોંચવાનો સત્યપંથ ન ચિંધવે તે જહાલત (અજ્ઞાનતા) છે.''

હઝરત વાલિદ رحمۃ اللہ علیہ કહે છે કે ચોથી કડી દિમાગમાંથી નીકળી ગઈ જે યાદ આવતી ન હતી. દિમાગ પર ખૂબ જોર દીધું પરંતુ યાદ ન આવી. મારા દિલના આ તારના તૂટવાથી દિલ પરેશાન (ગમગીન) થયું, એકાએક ગલીના એક ખૂણેથી એક વૃદ્ધ ફકીર જેવા પરંતુ ખૂબસૂરત ચેહરો અને લાંબા વાળવાળા માણસ નીકળી મારી નિકટ આવી કહે છે :–

***''ઈલ્મે કે રાહે હક્ક ન નુમાયદ જહાલતસ્ત''***

મેં કહ્યું, અલ્લાહ તમોને ભલાઈનો બેહતર બદલો આપે. તમે મને ઘણી જ ઉલ્ઝન (પરેશાની)માંથી બચાવી લીધો. પછી હું મારી પાસેથી પાન બખ્શિશરૂપે આપવા લાગ્યો તો તેમણે કહ્યું, આ ભૂલાય ગયેલા શેઅરની મજૂરી છે ! મેં કહ્યું, આ તો ફક્ત બખ્શિશરૂપે આપની સેવામાં છે.

જવાબમાં તેમણે કહ્યું, ''હું પાન નથી ખાતો.'' મેં કહ્યું, પાન ખાવામાં



શરીઅત તરફથી મનાઈ જેવું છે કે તરીકતમાં એને માટે રોક ટોક છે ?! જો કોઈ એવી વાત હોય તો મને બતાવો કે હું પણ પરહેઝ કરું ?

તેમણે કહ્યું, ''એવી કોઈ જ વાત નથી પરંતુ હું પાન નથી ખાતો.'' પછી તેઓ કહેવા લાગ્યા, ''મારે ઉતાવળે જવાનું છે.'' તો મેં કહ્યું, હું પણ તમારી સાથે જલ્દી ચાલીશ. પછી તેમણે કહ્યું, પરંતુ હું ખૂબ જ જલ્દી જવા ઈચ્છું છું. આમ કહી તેમણે એક જ ડગલુ ઉપાડી મૂક્યું તો ગલીના બીજા છેડા સુધી લાંબુ મૂક્યું, હું સમજી ગયો કે આ કોઈ અલ્લાહવાળાની રૂહ માણસના રૂપમાં પધારેલી છે. મેં મોટા અવાજે અરજ કરી આપનું નામ તો બતાવતા જાવ કે હું ઈસાલે સવાબ (ફાતેહા)માં આપને યાદ કર્યા કરું, તો તેમણે જવાબમાં કહ્યું કે આ ફકીરને ''સાઅદી'' તરીકે ઓળખે છે ! *(અન્ફાસુલ આરેફીન, પેજ–૧૧૨)*

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہએ આ બનાવ લખી પોતાનો અકીદો સાબિત કરી આપ્યો કે, અલ્લાહવાળાઓ વિસાલ (મૃત્યુ) પછી પણ તસર્રુફની શક્તિ ધરાવે છે કે માણસના રૂપમાં દૂર દૂરના સ્થળોએ પહોંચી લોકોની મદદ કરે છે અને તેમની મુશ્કેલીઓથી તેમને છૂટકારો અપાવે છે.

## ★ આરિફોના સરદાર હઝરત અલ્લામા નબ્હાની رحمۃ اللہ علیہનો અકીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૩૫૦)*

(આપના જીવન બાબત આ કિતાબમાં હાઝિર, નાઝિરના પ્રકરણમાં વાંચો)

આપ પોતાની કિતાબ જામેઅ કરામાતે અવલિયામાં લખે છે કે હઝરત સુફયાન ષૌરી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, ''હું અને શીબાન રાઈ رحمۃ اللہ علیہما હજ્જની સફરે નીકળ્યા. રસ્તામાં એક વાઘ અમારી સામે આવી ગયો, મેં શીબાનને કહ્યું, જુઓ આ કૂતરો અમારા રસ્તામાં અવરોધરૂપ થઈ ગયો છે. તેમણે કહ્યું, સુફયાન ! જરા પણ ડરવાની જરૂરત નથી ! જ્યારે વાઘે હઝરતની આ વાત સાંભળી તો પાલતુ કૂતરા જેમ પૂછડી હલાવવા લાગ્યો, હઝરત શીબાન તેના તરફ ગયા અને તેનો કાન પકડી આમળ્યો. મેં કહ્યું,

હઝરત આ તો નામવરી , પોતાની વાહ વાહ કહેવડાવવા જેવું થયું ! આપે કહ્યું, અય સુફયાન ! એમાં નામવરી (શોહરત)ની શી વાત છે ? મને તો શોહરત (નામવરી) બિલ્કુલ પસંદ નથી, જો મને પસંદ હોત તો હું મક્કા મુઅઝ્ઝમા સુધી મારો સામાન એની પીઠ પર મૂકીને લઈ જાત. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૪૭૪)*

અને પોતાની એ જ કિતાબના પેજ–૪૮૧ ઉપર લખે છે કે કેટલાક માણસો હઝરત મુહમ્મદ અહમદ હમ્દવિયા رحمة الله عليهની ખાનકાહમાં મહેમાન તરીકે આવ્યા. આપે તેમના માટે મેંદાની રોટલીઓ અને શેકેલો ગોશ્ત મંગાવ્યો. તેઓએ કહ્યું, અમે આ નથી ખાતા. આપે પૂછયું, તો પછી તમે શું ખાઓ છો ? તેમણે કહ્યું, અમે તો ફક્ત શાકભાજી જ ખાઈએ છીએ. આપે તેમને માટે તે મંગાવ્યું અને પોતે ગોશ્ત ખાધો. તે લોકો આખી રાત ઈબાદતમાં મશ્ગૂલ રહ્યા અને આપ આખી રાત પથારી પર ઊંઘતા રહ્યા, સવારે ફજરની નમાઝ તેમની સાથે પઢી પછી કહ્યું, ચાલો જરા બહાર ફરીને આવીએ. બધા એક તળાવના કિનારે પહોંચ્યા. આપે પોતાની ચાદર પાણી પર પાથરી તેના ઉપર નમાઝ પઢી, પછી જાણે જમીન પરથી ઉઠાવી ખંખેરી નાંખી તેમ ખંખેરી તો ટીપું પણ પાણી લાગેલુ ન હતું. ફરી આપે પેલા મહેમાન સાથીઓને કહ્યું, આ તો ગોશ્તનો અમલ છે, બતાવો તમારી શાકભાજીનો અમલ ક્યાં સુધી છે ! *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૪૮૧)*

પેજ–૪૮૫ ઉપર આપ એક બનાવનું વર્ણન કરે છે કે, એક સ્ત્રી પોતાના બાળકને લઈને દરિયા કિનારે આવી. અચાનક કેટલાક કાળા લોકો (હબશી) નાવડીમાં આવ્યા અને પેલી કિનારે ઉભેલી સ્ત્રીના બાળકને ઝૂંટવી લઈ નાવડી લઈ ભાગવા લાગ્યા. હઝરત મુહમ્મદ બિન યૂસુફ બુરાકી رحمة الله عليه પોતાની ખાનકાહમાંથી નીકળી રહ્યા ત્યાં પેલી સ્ત્રી રડતી કકડતી દોડી આવી તેમના કુર્તાના છેડાને પકડી લઈ કરગરી કહેવા લાગી, હુઝૂર ! કેટલાક કાળા લોકો મારા બાળકને ઝૂંટવી પેલી દૂર દેખાતી નાવડીમાં લઈ ભાગી રહ્યા છે, આપ મારી મદદ કરો ! આપ દરિયા કિનારે પહોંચી હવાને હુકમ કર્યો, અય હવા ! ઊભી થઈ જા ! ચાલવાનું બંધ કર ! અલ્લાહની કુદરતથી હવા રોકાઈ ગઈ. પછી આપે નાવડીવાળાઓને અવાજ આપ્યો કે બાળક એની માતાને સોંપી દો, પરંતુ તેઓએ આપની



વાત ન ગણકારી. આગળ હંકારે રાખ્યું. તો આપે નાવડીને હુકમ આપ્યો, અય નાવ ! જ્યાં છે ત્યાં જ રોકાય જા ! નાવડી રોકાઈ ગઈ. પછી આપ પાણી ઉપર ચાલીને ગયા અને બાળકને તેમની પાસેથી લઈ તેની માતાને સોંપી દીધું.

આગળ એ જ કિતાબમાં આપ رحمة الله عليه લખે છે કે, બાદશાહ ઝાહિરની પાસે અવલિયા અલ્લાહના કેટલાક દુશ્મનો, શૈખ મુહમ્મદ મુસ્ક઼ાર رحمة الله عليهના વિરુદ્ધ ફરિયાદ લઈ આવ્યા. બાદશાહે ઠઠ્ઠા મજાકમાં હઝરત મુસ્ક઼ાર رحمة الله عليهને દારૂથી ભરેલાં બે માટલાં ભેટરૂપે મોકલ્યાં. હઝરતે ખુશી ખુશી આવકારી ફક઼ીરોને કહ્યું, એ માટલાં ખોલી નાંખો ! શરાબ (દારૂ)ના માટલાં લઈ આવનાર બાદશાહનો પ્રતિનિધિ કહેવા લાગ્યો, હઝરત ખાનકાહ શરીફ ખરાબ થઈ જશે. બહાર ખોલો (કારણ કે તેને ખબર હતી કે આમાં દારૂ શરાબ ભરેલો છે.) હઝરતે કહ્યું, વાંધો નહીં ખોલી નાંખો ! ફક઼ીરોએ મોઢાં ખોલ્યાં પરંતુ કોઈ ચીજ બહાર ન નીકળી. આપે કહ્યું, એને નીચા નમાવીને દબાવો. જ્યારે તે માટલાંને નીચા વાળ્યાં તો એકમાંથી મધ અને બીજામાંથી ઘી નીકળ્યું. બાદશાહનો પ્રતિનિધિ આ જોઈ બેભાન થઈ ગયો. હઝરતે ફક઼ીરો મારફતે બાદશાહને તેમાંથી થોડુ તબર્રુક રૂપે મોકલ્યું. બાદશાહે શર્મિંદગી અનુભવી, માફી માંગી અને આપનો અક઼ીદતમંદ બની ગયો. *(પેજ–૫૬૦)*

અને આપ લખે છે કે, હઝરત શૈખ સાલેહ મુહમ્મદ બિન નાસિર શહીદી رحمة الله عليه કહે છે, હું હઝરત પીર મુર્શિદ મુહમ્મદ બિન અબૂબક્ર બિન ક઼વામ رحمة الله عليهની પાસે બેઠો હતો. (વફાત હિ.સ. ૬૫૮) આપે એ જ મસ્જિદમાં નમાઝ પઢી. જ્યાં ખાસ કરી એ પઢયા કરતા હતા. ઘણાય લોકોએ પણ આપની સાથે નમાઝ પઢી. હાજરજનોમાંથી એક માણસે કહ્યું, હઝરત ! મર્દે કામિલની શી નિશાની છે જેને અલ્લાહ તરફથી તસર્રુફની શક્તિ મળી હોય ? એમની સામે જ મસ્જિદની છતનો થાંભલો હતો. આપે કહ્યું, મર્દે કામિલ જેને તસર્રુફનો અધિકાર મળ્યો હોય તેની નિશાની એ છે કે જો તે આ થાંભલાની તરફ ફક્ત ઈશારો કરે તો તે રોશનીથી જગમગી ઉઠે. લોકોએ જોયું કે આપના આ શબ્દો પૂરા થયા ત્યાં તો થાંભલો રોશનીથી ઝગમગાટ કરી રહ્યો હતો ! *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૫૬૭)*

આપ હઝરત લખે છે કે હઝરત અબૂબક્ર ક઼વામ رحمة الله عليهએ કહ્યું, અલ્લાહ લાશરીકની ઈઝ્ઝત તથા જલાલની કસમ ! મને તે શક્તિ મળી છે કે જો હું બગદાદને કહું કે મોરોક્કોની જગ્યાએ ચાલી જા ! અથવા મોરોક્કોને કહું કે બગદાદ બની જા ! તો એવું જ થઈ જાય. અને આપે અમુક લોકો સમક્ષ કહ્યું, "હું એ રીતે અર્શનો પાયો જોઈ રહ્યો છું જેવી રીતે કે તમારાં મોઢાંઓને જોઈ રહ્યો છું." *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૫૭૯)*

અબ્દુલ્લાહ મુહમ્મદ બિન ઈસા ઝયલઈ رحمة الله عليهનો એક નવજવાન છોકરો હતો. ગામડિયા અરબોની પ્રણાલિકા મુજબ એક દા'વતમાં તલવાર હાથમાં લઈ લોકો સાથે રમતમાં કૂદી રહ્યો હતો. અજાણમાં એક માણસની આંખમાં તેની તલવારની અણી વાગી ગઈ અને આંખ બહાર નીકળી ગઈ. આ વાતની જાણ હઝરતને થઈ તો તેમણે તે માણસને બોલાવ્યો, આંખ તેની અસલ જગાએ મૂકી પોતાનું થૂંક મુબારક લગાડી દીધું, આંખ તરત જ બિલ્કુલ ઠીક ઠાક થઈ ગઈ.

એક વેળા એમના ગામની મસ્જિદ બનાવી રહ્યા હતા. મસ્જિદની છત પરથી એક કારીગર પડી ગયો અને તેની ડોક તૂટી ગઈ. તેને આપની પાસે લાવી હાજર કર્યો આપે ગરદન પર હાથ ફેરવી તેના ઉપર થૂંકી દીધું તો તરત જ તેની ગરદન સીધી થઈ ગઈ જાણે કદી કાંઈ નુકસાન થયું જ નથી. તરત જ તે માણસ ઊભો થઈ પોતાના કામે લાગી ગયો. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૬૨૦)*

અલ્લામા નબ્હાની رحمة الله عليه આગળ લખે છે કે, શૈખ મુહમ્મદ શરબીની رحمة الله عليهના સાહબઝાદા (સુપુત્ર) હઝરત અહમદ કહે છે કે આપ (હઝરત શૈખ મુહમ્મદ શરબીની) પોતાની લાકડીને હુકમ કરતા તો તે ઈન્સાનની શિક્કલ ધારણ કરી લેતી પછી આપ તેને જરૂરી કામકાજ માટે મોકલતા, પછી તે કામ પતાવીને આવી આપોઆપ લાકડીની શિક્કલ ધારણ કરી લેતી. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૭૩૭)*

અલ્લામા નબ્હાની લખે છે કે, અબૂબક્ર મુકદશ કહે છે કે, મેં હઝરત ફકીહ મુહમ્મદ બિન અલી યૂસુફ અશ્કલ યમની رحمة الله عليهને કહ્યું કે, આપ મને કોઈ કરામત (ચમત્કાર) દેખાડો ! તેમણે મને કહ્યું, મારા તરફ જુઓ. મેં તેમના તરફ જોયું તો આપે કલમાની આંગળી અને તેની સાથેની આંગળીને



આગળ લંબાવી પહોળી કરી છે તેમાં એકમાંથી આગ અને બીજીમાંથી પાણી નીકળી રહ્યું છે. આપે કહ્યું, અબૂબક્ર તમે કરામત જોઈ લીધી ?! મેં કહ્યું, જી હાં ! હઝરત મેં જોઈ લીધી. પછી આપે પોતાની આંગળીઓ બંધ કરી લીધી. *(જામેઅ કરામતે અવલિયા, પેજ–૬૫૫)*

અને હઝરત ઈમામ શઅરાની رحمة الله عليه કહે છે કે, શૈખ મુહમ્મદ શરબીની رحمة الله عليهના છોકરા અહમદ જીવલેણ બીમારીમાં પટકાયા ત્યાં સુધી કે હઝરત ઈઝરાઈલ عليه السلام દરવાજા પર આવી પહોંચ્યા. તો હઝરતે એમને કહ્યું, એના મૃત્યુનો હુકમ અલ્લાહ તઆલાએ પાછો ખેંચી લીધો છે, જાવ તમે બારગાહે ઈલાહીમાં હાજર થઈ પૂછી લો. હઝરત ઈઝરાઈલ عليه السلام (મૌતના ફરિશ્તા) પાછા ગયા અને પછી અહમદ ત્રીસ વર્ષ સુધી આ દુનિયામાં જીવંત રહ્યા. *(પેજ–૭૩૭, જામેઅ કરામાતે અવલિયા)*

અને એ જ કિતાબમાં અલ્લામા નબ્હાની કહે છે કે મુહમ્મદ બિન અબુલ હસન બકરી મિસ્રી رحمة الله عليه (વિસાલ : હિ.સ. ૯૪૪) એક દિવસ ફરવા નીકળ્યા સાથીદારોમાંથી એકને કહ્યું, "જાવ ! અમારા માટે ખાણુ વેચાતું લઈ આવો." સાથીએ કહ્યું, "હઝરત ! જેની પાસે ખર્ચની રકમ છે તે હજુ આવ્યો નથી." આપે કહ્યું, "અમારા ખર્ચની જવાબદારી ફક્ત અલ્લાહ તઆલાના સિવાય કોઈના હાથમાં નથી." આમ કહી આપે ઝાડનું પાંદડું તોડીને પેલા સાથીને આપ્યું. તેણે હાથમાં પકડી જોયું તો દીનાર (તે સમયનું ચલણી નાણુ) હતા. આપે કહ્યું, જાવ ! અમારું ખાણુ લઈ આવો. આ કરામત બધા સાથીઓ જોઈ રહ્યા હતા. *(પેજ–૭૮૩)*

અલ્લામા નબ્હાનીએ પોતાની કિતાબમાં આ બધા બનાવો લખીને પોતાનો અકીદો સ્પષ્ટપણે જાહેર કરી આપ્યો કે, અલ્લાહ તઆલાએ અવલિયાએ કિરામને દુનિયામાં અનેક પ્રકારના તસર્રુફાતના ઈખ્તેયાર આપેલા છે, ત્યાં સુધી કે તેઓ ચાહે તો ઝાડનાં પાંદડાંને સોનાનું ચલણી નાણુ બનાવી દે છે અને ચાહે તો આંગળીઓથી આગ–પાણી વહાવે, લાકડીને માણસ પણ બનાવી દઈ તેનાથી કામ લે.

જો અલ્લામા નબ્હાનીનો એવો અકીદો ન હતો તો પોતાની કિતાબમાં આવા બનાવો કદી પણ ન લખત.

## ★ અલ્લામા તાદની (ક઼લાઈદુલ્ જવાહિરના લેખક) رحمۃاللہ علیہ નો અક઼ીદો ★

આપ હઝરત શૈખ મુહીયુદ્દીન અબુલ અબ્બાસ સૈયદ અહમદ રિફાઈ رحمۃاللہ علیہ (વિસાલ : હિ.સ. ૫૭૮)ના વિશે લખે છે કે (આપ હઝરત રિફાઈ) તે ચાર બુઝુર્ગોમાંથી એક છે કે જે અલ્લાહના હુકમથી આંધળાને દેખતા, કોઢીઓને તંદુરસ્ત અને મરેલાને જીવતા કરી દેતા હતા. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૨૮૯)*

અને હઝરત અલી બિન હૈતી رحمۃاللہ علیہના (વિસાલ : હિ.સ. ૫૬૪)ના માટે લખે છે કે આપ તે બુઝુર્ગોમાંથી છે કે જેઓ આંધળા અને કોઢીઓને તંદુરસ્ત કરી આપતા હતા. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૩૧૩)*

હઝરત શૈખ અબૂ નોઅમાન મુસલિમા બિન નોઅમા સરૂદી رحمۃاللہ علیہ (વિસાલ : હિ.સ. ૪૬૬)ના વિશે લખે છે કે, આપ તે ખાસ લોકોમાંથી એક હતા કે જેમના કબ્જામાં અલ્લાહ તઆલાએ દુનિયાની વ્યવસ્થાનો પાવર આપેલો હોય છે. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૩૩૯)*

અને શૈખ અબૂ મુહમ્મદ ક઼ાસિમ رحمۃاللہ علیہ (વિસાલ : હિ.સ. ૫૮૦) જે ઈરાકના અવલિયાએ કિરામમાં ઘણો જ ઊંચો દરજ્જો ધરાવતા હતા, તેમના માટે લખે છે કે તેઓ અલ્લાહના તે ખાસ બંદાઓમાંથી હતા કે જેમને અલ્લાહ તઆલા આ દુનિયામાં જાહેર કરી દુનિયાના સંચાલનની વ્યવસ્થાની જવાબદારી સોંપી દે છે. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૩૪૯)*

અને હઝરત શૈખ અબુલ હસન જોસ્ક઼ી رحمۃاللہ علیہ જે હઝરત સૈયદના સૈયદ મહબૂબે સુબ્હાની ગ઼ૌષુલ આ'ઝમ رحمۃاللہ علیہના સમયમાં ઈરાકના મશ્હૂર બુઝુર્ગોમાંથી હતા. તેમને માટે લખે છે કે, આપ તે અલ્લાહના ખાસ મક઼બૂલ બંદાઓમાંથી હતા કે જેમને જાહેર કરી અલ્લાહ પોતાની મખ્લૂક઼ના તમામ કામોમાં તસર્રુફનો પાવર આપે છે. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૩૫૭)*

અને હઝરત શૈખ અબ્દુર્રહમાન તફસુન્જી رحمۃاللہ علیہના બાબત લખે છે (જેઓ હઝરત ગ઼ૌષુલ આ'ઝમ رحمۃاللہ علیہના સમયના ઈરાકના મહાન બુઝુર્ગોમાંથી એક હતા) આપને અલ્લાહ તઆલાએ તસર્રુફની એક શક્તિ આપેલી કે આપ જે બોલતા તે થઈ જતું, ભલે પછી વર્ષો પછી પણ કેમ ન



હોય ! *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૩૬૪)*

હઝરત શૈખ બક઼ા બિન બતૂ رحمۃاللہ علیہ ઈરાકમાં હઝરત ગ઼ૌષુલ આ'ઝમ મહબૂબે સુબ્હાની رحمۃاللہ علیہના સમયમાં સાહિબે કરામત બુઝુર્ગ હતા. એમના વિષયમાં લખે છે કે તેઓ તે ચાર બુઝુર્ગોમાંથી એક હતા કે જેઓ પેદાઈશી આંધળાને દેખતા, કોઢીઓને સારા અને મૃત્યુ પામેલાઓને અલ્લાહ તઆલાના હુકમથી જીવતા કરી દેતા હતા. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૩૬૯૮)*

અને શૈખ મતરબાઝરાની رحمۃاللہ علیہ કે જેઓ પણ હઝરત શૈખ સૈયદના ગ઼ૌષુલ આ'ઝમના સમયકાળમાં ઈરાકના મહાન સાહિબે કરામત બુઝુર્ગોમાંથી એક હતા તેમના વિશે લખે છે કે, "એમના તસર્રુફાત ચમકતા સૂર્ય જેમ જાહેર હતા. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૩૭૪)*

અને હઝરત શૈખ અબૂ મદયન શોએબ મગરબી رحمۃاللہ علیہના વિશે લખે છે કે, "આપને તસર્રુફાતમાં અજોડ–બેમિસાલ શક્તિ અને વિલાયતના હુકમોમાં યદે બૈઝા મળેલ હતું. (અર્થાત : ખૂબ જ રોશન અને સાફ જાહેર શક્તિ મળેલી હતી.)

આપ તે મહાન હસ્તીઓમાંથી હતા કે જેમને અલ્લાહ તઆલાએ દુનિયા જહાનમાં મહાન તસર્રુફાતની શક્તિ આપેલી. અને બાતિની હુકૂમત અને બાતિની મુલ્કની લગામ આપેલી હતી. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૩૭૮)*

અને હઝરત શૈખ અબુલ મફાખિર અદી બિન અબુલ બરકાત رحمۃاللہ علیہ જે ઈરાક઼ના મહાન બુઝુર્ગોમાંથી એક હતા. તેમના બાબત લખે છે કે, "તસર્રુફમાં "યદેતૂલા" (અજોડ શક્તિ) અને એહકામે વિલાયતમાં "યદે બૈઝા" મળેલ હતું. *(ક઼લાઈદુઝ ઝવાહિર, પેજ–૩૮૬)*

અને હઝરત જાકિર કુર્વી رحمۃاللہ علیہ જે ઈરાક઼માં પ્રખ્યાત બુઝુર્ગોમાંથી હતા. એમના બાબત લખે છે કે, આપ તે હસ્તીઓમાંથી હતા કે જેમના તસર્રુફ (ક઼ાબૂ)માં લોકોના દિલોને સોંપી દેવામાં આવે છે. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૩૯૪)*

અને હઝરત શૈખ ઉષ્માન મરઝૂક رحمۃاللہ علیہ (વિસાલ : હિ.સ. ૫૬૪) જે મિસ્ર (ઈજિપ્ત)ના મહાન બુઝુર્ગોમાંથી એક હતા, તેમના વિષયમાં લખે

છે કે, "આપ તે મહાન બુઝુર્ગોમાંથી હતા કે જેમને અલ્લાહે દુનિયાના કારખાનામાં પોતે તસર્રુફ (પોતે ચાહે તે દખલગીરી) કરવાની તાક઼તો આપેલી હોય છે. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૩૯૭)*

અને હઝરત શૈખ સુવૈદ સંજારી رحمۃ اللہ علیہ જે પૂર્વના દેશોના મશાઈખના સરદાર અને આરેફીન–મોહક઼્ક઼િક઼ોના સરદાર હતા. હઝરત સૈયદના શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની (ગ઼ૌષુલ આ'ઝમ દસ્તગીર) رحمۃ اللہ علیہ જેમના ખૂબ ચાહક હતા અને વખાણ પણ ખૂબ કરતા. તેમના વિશે આપ લખે છે કે, "આપ તે મહાન બુઝુર્ગ હસ્તીઓમાંથી હતા કે જેમને અલ્લાહે તસર્રુફની તમામ શક્તિ નવાજેલી હતી." *(કલાઈદુલ્ જવાહિર, પેજ–૪૦૦)*

અને હઝરત હયાત બિન ક઼યસ હિરાની رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૫૮૧)ના વિષયમાં લખે છે કે, "આપ તે મહાન બુઝુર્ગ વ્યક્તિઓમાંથી હતા કે જેમને અલ્લાહ તઆલા આ દુનિયાની તમામ ચીજો ઉપર તસર્રુફની શક્તિ અર્પણ કરે છે." *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૪૦૩)*

અને હઝરત શૈખ કઝીબુલ બાન મુસ્લી رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૫૦૮)ના વિષયમાં આપ લખે છે કે, "તેઓ એ મહાન બુઝુર્ગોમાંથી હતા કે જેમને અલ્લાહ તઆલા સંપૂર્ણ મક઼બૂલિયતનો દરજ્જો અતા કરી દે છે અને દુનિયાના આ કારખાનાને ચલાવવાની સંપૂર્ણ વ્યવસ્થા સોંપી દેવામાં આવે છે. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૪૧૪)*

અને શૈખ ઈદરીસ બિન મકારિમ رحمۃ اللہ علیہ જે હઝરત સૈયદેના શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની (ગ઼ૌષુલ આ'ઝમ દસ્તગીર) رحمۃ اللہ علیہના જમાનાના ઈરાક઼ના ખ્યાતનામ બુઝુર્ગોમાંથી એક હતા. એમના વિષયમાં લખે છે કે, "આપ તે બુઝુર્ગ હસ્તીઓમાંથી હતા કે જેમને અલ્લાહ તઆલા દુનિયામાં તસર્રુફનો ઈખ્તેયાર આપી દે છે. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૪૨૨)*

હઝરત શૈખ સાલેહ અબૂ મુહમ્મદ બિન મુહમ્મદ رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૫૯૯) જેઓ ઈજિપ્તના ખ્યાતનામ બુઝુર્ગોમાંથી હતા. તેમના વિશે લખે છે કે, આપ તે ખાસ વ્યક્તિઓમાંથી હતા કે જેમને અલ્લાહ તઆલા દુનિયાની તમામ અસ્તિત્વ ધરાવતી ચીજો ઉપર સંપૂર્ણ તસર્રુફનો પાવર આપી દે છે. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૪૩૨)*



શૈખ અબૂ ઈસ્હાક બિન અલી (અલ માઅરૂફ અઅ્રબ) رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૬૦૮) જેઓ ઈરાક બતાઈહના મશ્હૂર આલિમ–આરિફ હતા. તેઓના વિષયમાં લખે છે કે, "આપ અલ્લાહ તઆલાના તે મક઼બૂલ બંદાઓમાંથી હતા કે જેમને અલ્લાહ તઆલા આ જાહેરી દુનિયાના કારખાનાની વ્યવસ્થામાં તસર્રુફ કરવાની શક્તિ અર્પણ કરી આપે છે. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૪૪૧)*

એ જ રીતે શૈખ અબુલ હસન અલી બિન હમીદ (અલ મા'રૂફ–સબ્બાહ) رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૬૧૨) જેઓ ઈજિપ્તના મશ્હૂર બુઝુર્ગોમાંથી હતા. તેમના માટે લખે છે કે, "આપ તે મશ્હૂર બુઝુર્ગોમાંથી એક હતા કે જેમને દુનિયામાં સંપૂર્ણ તસર્રુફની શક્તિ અલ્લાહ આપી દે છે. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૪૫૪)*

અલ્લામા મુહમ્મદ યહ્યા તાદની رحمۃ اللہ علیہની કિતાબમાંથી લીધેલા ઉપરોક્ત સંક્ષિપ્ત વર્ણનોમાંથી સૂર્યના પ્રકાશની જેમ સ્પષ્ટ રોશન થઈ ગયું કે એમનો અક઼ીદો પણ એવો જ હતો કે અલ્લાહ તઆલા ઘણાય વલીઓને દુનિયા જહાનના કારખાનામાં તસર્રુફની તાક઼ાત આપી દે છે.

અને એ જ કિતાબમાં આપ લખે છે કે પશ્ચિમના દેશ (મોરોક્કો)નો એક માણસ અબ્દુર્રહમાન હઝરત શૈખ અલી બિન વહબ رحمۃ اللہ علیہની સેવામાં હાજર થયો અને ચાંદીનો એક ટુકડો આપની સેવામાં અર્પણ કર્યો. અને કહ્યું કે, "મેં ફકીરો માટે (અલ્લાહવાળા) આ તૈયાર કર્યો છે." આપે આ સાંભળીને પોતાની પાસે હાજર લોકોને કહ્યું, "તમારા બધાનાં તાંબાના જે વાસણો હોય તો લઈ આવો !" બધાય લોકોએ પોતાનાં વાસણો હાજર કર્યાં. ખાનકાહમાં આપની સામે મૂક્યાં તો આપે તેના ઉપર ચાલવાનું શરૂ કર્યું, જોત જોતામાં જ તેમાંના કેટલાંક સોનાનાં તો કેટલાક ચાંદીનાં બની ગયાં. પછી હઝરત શૈખે વાસણો લાવનારને કહ્યું, "જાવ ! આમાંથી તમારાં પોત પોતાનાં ઓળખી લઈ જાવ !" પછી ચાંદીનો ટુકડો હાજર કરનારને પોતે ફર્માવ્યું, "અય અબ્દુર્રહમાન ! અલ્લાહ તઆલાએ મને બધું જ અતા કર્યું છે, પરંતુ મેં તેને તરછોડી આપ્યું એટલા જ કારણે કે મારે એની જરૂરત નથી, માટે તમે તમારો ચાંદીનો ટુકડો પાછો લઈ જાવ."

અબ્દુરહમાને પૂછયું, હુઝૂર આ વાસણો જુદી જુદી શક્કલના, જુદા જુદા મટેરીયલના કેવી રીતે થઈ ગયાં ?!

આપે કહ્યું, જે માણસ કોઈપણ લાલચ ગરજ મતલબ વિના તાંબાનું વાસણ લાવેલા તે તો સોનું બની ગયુ. પરંતુ જેની પોતાની કોઈ જાતિ ગરજ મતલબ એની સાથે હતી તો તેનું વાસણ ચાંદી બની ગયું. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૩૩૫)*

હઝરત અલ્લામા તાદની رحمۃ اللہ علیہએ આ બનાવ લખી પોતાનો અક઼ીદો જાહેર કરી આપ્યો કે શૈખ અલી બિન વહબ رحمۃ اللہ علیہને દરેક ચીજની અસલિયત બદલી નાખવાની શક્તિ પણ મળેલી હતી.

શૈખ અલી જુફી પોતે કહે છે કે, હું એક વેળા શૈખ અબૂ યાકૂબ યૂસુફ બિન ઐયૂબ હમદાની رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૫૩૫)ની સેવામાં હાજર થયો તો તે વેળા આપ લોકોને બોધ આપી રહ્યા હતા પરંતુ હાજરજનોમાંથી બે માણસોએ કહ્યું, "તમે બદ્‌મઝહબ છો ચૂપ રહો !" તો આપે કહ્યું, "તમે બંનેવ ચૂપ રહો ! ખુદા તમોને જીવતા ન રાખે ! " તો તે જ વખતે તે બંનેવ એ જ મેહફિલમાં મૃત્યુ પામ્યા." *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૩૮૮)*

એક વેળા શૈખ અબૂ યાકૂબ યૂસુફ બિન ઐયૂબ હમદાની رحمۃ اللہ علیہને કોઈ સ્ત્રીએ કહ્યું, હઝરત ! મારા છોકરાને ફિરંગીઓએ કેદ કર્યો છે. હું સબ્રની દુઆ કરું છું પરંતુ માતૃપ્રેમને કારણે મારા હૃદય પર ક઼ાબૂ રહેતો નથી, આપ દુઆ કરો કે મારો છોકરો મને મળી જાય.

સ્ત્રીએ ખૂબ જીદ કરી તો આપે કહ્યું, "જાવ ! તમારો છોકરો તમારા ઘરમાં જ તમને મળશે." સ્ત્રી ઘરે પહોંચી તો ખરેખર છોકરો ઘરમાં હાજર હતો.

છોકરાને તેણીએ પૂછયું, "તું ક્યાં હતો ? કેવી રીતે પહોંચ્યો ?!" તો તેણે કહ્યું, હું કુસ્તુનતુનિયામાં કેદમાં હતો, અચાનક એક માણસ જેને હું ઓળખતો ન હતો આવ્યો અને મને ઉઠાવી પળવારમાં અહીં લાવી મૂક્યો. જ્યારે તેણીએ હઝરત શૈખ પાસે હાજર થઈ હક઼ીક઼ત કહી સંભળાવી તો આપે કહ્યું, તમને અલ્લાહના કામોમાં અચંબો શા માટે ? અલ્લાહ તઆલા પોતાના મુખ્લિસ ઈબાદત ગુઝાર બંદાઓને તસર્રુફની શક્તિ આપે છે



અને તેમની દરેક ઈચ્છાઓને પૂરી કરે છે. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૩૯૦)*

હઝરત અલ્લામા તાદની رحمۃ اللہ علیہએ પોતાની કિતાબમાં આ બનાવો વર્ણવી પોતાનો અક઼ીદો સ્પષ્ટ કરી આપ્યો કે શૈખ યાકૂબ હમ્દાની رحمۃ اللہ علیہને જીભ હલાવતાં જ કોઈની જિંદગી લઈ લેવાની શક્તિ પણ આપેલી અને અલ્લાહના આ દુનિયા–જહાંના કારખાનામાં તસર્રુફની શક્તિ અર્પણ કરી હતી. જો એમનો એક અક઼ીદો (માન્યતા) ન હોત તો પોતાની કિતાબમાં કદી પણ ન લખતા.

વળી હઝરત યૂસુફ હમદાનીનો અક઼ીદો પણ તેમના આ ફર્માનથી જણાય ગયો કે અલ્લાહ પોતાના નેક મુખ્લિસ તથા બાઅમલ બંદાઓને કારખાનાએ કુદરતમાં તસર્રુફની શક્તિ આપી તેમની દરેક ઈચ્છા પૂરી કરે છે.

હઝરત અલ્લામા તાદની رحمۃ اللہ علیہ લખે છે કે શૈખ અબ્દુલ લતીફ બિન અહમદ કરશી બયાન કરે છે કે એક વેળા સાત શિકારી હઝરત અબૂ અમ્ર ઉષ્માન બતાઈહી رحمۃ اللہ علیہના વતન બતીહામાં પહોંચી ગયા, અને ઘણાય પક્ષીઓનો શિકાર કર્યો પરંતુ જે પક્ષી જમીન પર પડતું તે મરેલું જ મળતું. એ લોકોને હઝરત શૈખે કહ્યું, "આ પક્ષીઓનો ગોશ્ત ખાવો તમારા માટે હરામ છે કારણ કે એ સૌ મરેલાં જ છે." "એ શિકારીઓએ મજાકમાં કહ્યું, તો પછી એને જીવતાં કરી દો !" તો આપે "બિસ્મિલ્લાહ" પઢી કહ્યું, **يَا مُحِيَ الْمَوْتٰى وَيَا مُحِيَ الْعِظَامِ وَهِيَ رَمِيْمٌ** અય મુડદાને જીવતાં કરવાવાળા ! અને અય સડી ગયેલાં હાડકાંને ફરીથી જીવતાં કરનાર ! આ પઢતાં જ બધાય પક્ષીઓ જીવતાં થઈ ઉડી દૂર ચાલ્યાં ગયાં. અને તે શિકારીઓ તે જ વખતે તૌબા કરી આપની ખિદમતમાં રહી ઈબાદત ગુઝાર બની ગયા.

એક વેળા બતાઈહના બે માણસો જેમાં એક આંખે આંધળો હતો, અને બીજો કોઢી હતો. આપની સેવામાં દુઆ કરાવવાની ગરજે હાજર થવા ઘરથી રવાના થયા. રસ્તામાં એક હટ્ટો કટ્ટો તંદુરસ્ત માણસ મળ્યો. તેણે પૂછયું, ક્યાં જાવ છો ? તો તે બંનેવે કહ્યું, અમે શૈખ ઉષ્માનની પાસે અમારી બીમારીના ઈલાજ માટે જઈએ છીએ. તેણે કહ્યું, "શું શૈખ ઉષ્માન હઝરત ઈસા ઈબ્ને મરયમ છે કે જે આંધળા અને કોઢીઓને તંદુરસ્ત કરી દેશે ?!" ચાલો ! હું પણ તમારી સાથે આવી જોઉં તો ખરો ! આપે (હઝરત શૈખ

ઉષ્માને) કહ્યું, અય આંધળા અને કોઢી ! તમારી બંનેવની બીમારીઓ આ માણસમાં પહોંચાડી દો ! આટલું બોલતાં જ તે બંનેવ તંદુરસ્ત થઈ ગયા અને પેલો તંદુરસ્ત માણસ તે જ વખતે આંધળો અને કોઢી થઈ ગયો. શૈખે તેને કહ્યું, "હવે તું ભલે સત્યને કૂબૂલ કરે કે જૂઠાડ !" આ ત્રણેવ આપની પાસેથી પોતાના વતન પરત થઈ જીવનપર્યંત પોતાની હાલતમાં રહ્યાં ત્યાં સુધી કે મૃત્યુને ભેટયા. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૪૧૨)*

શરીફ મુહમ્મદ બિન ખિઝર હુસૈની બયાન કરે છે કે, મેં મારા પિતાથી સાંભળ્યું, કે મૂસલના ક઼ાઝી ઘણીવાર કહેતા હતા કે, શૈખ કઝીબુલ લબાન رحمة الله عليهની અતિશયોક્તિ ભરેલી કેટલીક કરામતો અને ગૈબી વાતોની જાણકારીની વાતો સાંભળી સાંભળીને મને તેમનાથી નફરત જેવું થઈ ગયું હતું ત્યાં સુધી કે મેં વિચાર્યું કે બાદશાહથી ફરિયાદ કરી એને મૂસલમાંથી તડીપાર કરાવું. મારા આ વિચારોની ખબર અલ્લાહ સિવાય કોઈને પણ ન હતી.

એક દિવસ હું એક સાંકડી ગલીમાં થઈ જઈ રહ્યો હતો કે શૈખ કઝીબ સામે આવી ગયા. તે વખતે ગલીમાં અમારા બે સિવાય કોઈ જ ન હતું. તે વખતે મને વિચાર આવ્યો કે જો કોઈ ત્રીજું હોત તો હું હમણાં જ એમને પકડી લેવાનો હુકમ આપી દેત. આ વિચાર આવવા સાથે થોડાંક જ ડગલાં ચાલવા પછી જોયું તો હઝરત શૈખ કઝીબે એક ગામડિયાની શિક્કલ (મેખાકૃતિ) ધારણ કરી લીધી હતી. પાછાં થોડાંક ડગલાં ચાલી એક મહાન આલિમની શિક્કલ ધારણ કરી લીધી તે પછી પોતાની અસલ શિક્કલ (સૂરત) બનાવી લીધી. અને પૂછવા લાગ્યા, અય ક઼ાઝી ! આ ચાર શિક્કલોમાંથી કઝીબુલબાનની કઈ શિક્કલ છે જેને તડીપાર કરાવવા બાદશાહથી ફરિયાદ કરવા વિચારે છે ! આ પરિસ્થિતિ જોઈ ક઼ાઝી સાહબ કહે છે કે મેં અદબથી એમના હાથને ચુંબન કરી એમનાથી અને અલ્લાહથી ક્ષમા યાચના કરી. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૪૧૮)*

અવલિયાએ કિરામના ઈખ્તેયાર અને તસર્રુફાતના વિશે હઝરત અલ્લામા તાદની رحمة الله عليهનો અક઼ીદો ક઼લાઈદુલ્ જવાહિરના ઉપરોક્ત લખાણોને આધારે સ્પષ્ટ રીતે જણાય ગયો કે તેઓ અવલિયાએ કિરામ માટે તસર્રુફાતને માનતા હતા.



# મહાન ઈમામોના અક઼ીદા

## ★ હઝરત ઈમામ અબૂ મન્સૂર માતુરીદીનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૩૩૩)*

આપ મહાન મશાઈખ કે જેઓ ખૂબ જ ઉંડા અભ્યાસ ધરાવતા ધુરંધર આલિમોના પણ ઈમામ (સરદાર) ગણાય છે. મુસલમાનોના અક઼ીદાઓની સુધારણા કરી અને બાતિલ જૂઠા અક઼ીદાઓ ધરાવનારાઓની વિરુદ્ધ કિતાબો લખી જેમ કે કિતાબુત્તૌહીદ, કિતાબુલ મક઼ાલાત, કિતાબુલ અવહામુલ મોઅતઝેલા અને કિતાબુલ રદ્દે ક઼રામતા. એ સિવાય કિતાબ તાવીલાતુલ કુર્આન આપની એવી કૃતિ છે કે જેની મિષાલ મળી શકતી નથી. આપનો મઝાર મુબારક સમરકંદમાં છે જેની ઝિયારત માટે અવામ અને ખાસ લોકો પણ જાય છે.

હદાઈકે હનફિયાના લેખક મૌલાના ફકીર મુહમ્મદ જૈલમી (લાહોરી) લખે છે કે, અબૂ મન્સૂર માતુરીદી رحمة الله عليهના સમયમાં ત્યાંનો બાદશાહ ઘણો જ જાલિમ હતો, લોકો એનાથી ત્રાહિમામ પોકારતા હતા. જમીનદારોના કેટલાક માણસો બાદશાહ વિરુદ્ધ ફરિયાદ કરવા આપની સેવામાં હાજર થયા. આપ તે વખતે મકાનમાં હાજર ન હતા. આપનાં પત્ની ખૂબ જ કડવી જીભનાં હતાં. તેણીએ તેમને સામાન્ય રીતે આપની સેવામાં રોજ આવતા મેહમાનો સમજી ખૂબ જ ગુસ્સામાં ગમે તેવા કડવા શબ્દો સંભાળાવ્યા અને કહ્યું, જાવ ! બાગમાં હશે ! અહીં શું કામ છે ?... વગેરે.

જમીનદારોએ જાણ્યું કે આપ બાગમાં છે તો તેઓ ત્યાં પહોંચ્યા, જોયું તો આપ બાગની જમીન સાફ કરી રહ્યા હતા.

આપે તેઓને જોઈને કહ્યું, "મને લાગે છે કે કદાચ અમારા ઘરના કૂતરાએ તમોને કરડયા હશે." પછી આપ બાગમાં ગયા, થોડીવારમાં

થાળી ભરી જરદાળુ (આલુ) લાવ્યા અને જમીદારો સમક્ષ મૂકી ખાવા માટે કહ્યું. ઠંડીની સીઝન હતી આ સમય પીળા આલુ મળી જ ન શકે, એટલે જમીનદારો એ જોઈને અવાચક બની ગયા અને આપને પૂછવા લાગ્યા, હુઝૂર ! આ કમોસમના ફળ કેવી રીતે ! આપે કહ્યું, ''મેં આ હાથોથી હજુ સુધી કોઈ જ ગુનોહ નથી કર્યો તેથી એના વડે હું જે માંગું તે મને મળી જાય છે.''

પછી તે ઘાસ વડે કમાન (કામઠું) અને તખણલા વડે તીર બનાવી તે જાલિમ બાદશાહના રહેઠાણની દિશા તરફ ફેંક્યું અને કહ્યું, ''જાવ ! મેં એને તીર વડે મારી નાખ્યો.''

જમીનદારોએ એ જ વખતે તે સમય અને તારીખ નોંધ કરી લીધી અને ચાલ્યા ગયા. પાછળથી ખબર પડી કે બરાબર તે જ ઘડી અને દિવસે બાદશાહ કૃત્લ થઈ ગયો હતો. *(હદાઈકૃે હનફિયા, પેજ–૧૬૮)*

ઉપરોક્ત બનાવના આધારે સાબિત થાય છે કે હઝરત ઈમામ અબૂ મન્સૂર માતુરીદી કમોસમના ફળ લાવી આપી, તરણાના તીર અને ઘાસનું કામઠું બનાવી સેંકડો માઈલ દૂર જાલિમ બાદશાહને કૃત્લ કરીને પોતાનો સાફ અકીદો જાહેર કરે છે કે અલ્લાહે મને દુનિયાની તમામ ચીજો ઉપર તસર્રુફની બેહિસાબ તાકાત આપેલી છે.

## ★ ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૬૦૬)*

આપ ફર્માવે છે કે, જે કોઈ અલ્લાહનો બંદો નેકીઓમાં પોતાની જિંદગી ગુજારે છે તો તે ઊંચા દરજ્જા ઉપર પહોંચે છે કે જેના બારામાં અલ્લાહ તઆલાએ كُنْتُ لَهٗ سَمْعًا وَّبَصرًا ફર્માવ્યું છે★. તો જ્યારે અલ્લાહના જલાલનું નૂર એની સાંભળવાની શક્તિ બને છે તો તે વડે તે દૂર નજીકના અવાજને બરાબર સાંભળી લે છે અને એ જ નૂર એની આંખ બની જાય છે એની જોવાની દૃષ્ટિ બની જાય છે તે વડે તે દૂર નજીકની ચીજોને બરાબર જોઈ શકે છે. અને જ્યારે એ જ નૂર એના હાથ બની જાય છે તો પછી બંદો તેના વડે આસાન કે મુશ્કિલ, દૂર કે નજીકની તમામ ચીજોમાં તસર્રુફ કરવાની શક્તિ ધરાવે છે. *(તફસીરે કબીર, ભાગ–૫, પેજ–૪૮૦)*

★ *એટલે હદીષે કુદસીમાં જુઓ બુખારી શરીફ, ૯૬૩/૨–અનવાર અહમદ કાદરી*



હઝરત અલ્લામા ઈમામ રાઝી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُએ ઉપરોક્ત ઈબારત લખીને સાફ શબ્દોમાં પોતાનો અક઼ીદો જાહેર કરી દીધો કે જ્યારે બંદો અલ્લાહ તઆલાનો મહબૂબ બની જાય છે તો પછી અલ્લાહના જલાલનું નૂર તેના હાથ બની જાય છે કે જેના વડે તે દૂર કે નજીકની આસાન કે મુશ્કેલ ચીજો ઉપર તસર્રુફ કરી શકે છે. અલ્લાહ તઆલા તરફથી તસર્રુફની તાક઼ાત મળેલી જ હોય છે. અલ્હમ્દુલિલ્લાહ ! અહલે સુન્નત વ જમાઅતનો પણ એ જ અક઼ીદો છે.

## ★ આરિફ બિલ્લાહ હઝરત અબ્દુલ વહ્હાબ ઈમામ શઅરાની رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

હઝરત અલ્લામા નબહાનીએ લખ્યું છે કે, ઈમામ શઅરાની رحمۃ اللہ علیہ લખે છે કે, જ્યારે બાદશાહ હક઼ીક઼ે એક લશ્કરી ટુકડીને ઈજિપ્તના ગવર્નર ઈબ્ને ઉમરને પકડવા માટે મોકલી. તેઓ તેને પકડી બેડીઓમાં જકડી લઈ જઈ રહ્યા હતા. રસ્તામાં હઝરત મુહમ્મદ બિન ઉમર વાસ્તી ગમરી رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૮૪૯)નો એક ચાકર જે શાકભાજી વેચવાનું કામ કરતો હતો તે મળ્યો, તેના ગધેડાનો પગ લપસ્યો તો પેલા ચાકરે જોરથી અવાજ (બૂમ) લગાડી, અય મારા આક઼ા મુહમ્મદ ગમરી ! ઈબ્ને ઉમરે આ જોઈ તેને કહ્યું, આ મુહમ્મદ ગમરી કોણ છે જેને તું મદદ માટે પુકારે છે ? તેણે કહ્યું, મારા પીરો મુર્શિદ છે. ઈબ્ને ઉમરે કહ્યું, તો હું પણ પુકારું છું ! આમ કહી આપે અવાજ આપ્યો, ''યા આક઼ા મુહમ્મદ ગમરી અલ મદદ ! આક઼ા મને આપની નજરમાં રાખો.'' મુહમ્મદ ઈબ્ને ગમરી رحمۃ اللہ علیہએ પોતાના મહોલ્લામાં આ અવાજ સાંભળ્યો.

ઈમામ શઅરાની કહે છે કે, આ બનાવ બયાન કરનાર શેખ શહાબુદ્દીન ઈબ્ને નખ્ખાલે મને કહ્યું કે પછી હઝરત મુહમ્મદ ગમરીએ ત્રણ ગધેડા મંગાવ્યા અને સાથીઓને કહ્યું, એના ઉપર સવાર થઈ જાવ અમે હઝરત શૈખ સાથે સવાર થઈ ઈજિપ્ત પહોંચ્યા. શૈખ સુલ્તાન હસનના મઝાર પાસે થોડીવાર બેસી આરામ કર્યો, ત્યાં એકાએક જોયું કે, ઈબ્ને ઉમરને બેડીઓમાં જકડીને કેટલાક લોકો કિલ્લા તરફ લઈ જઈ રહ્યા છે.

બનાવનું વર્ણન કરનાર ઈબ્ને નખ્ખાલે પોતે મને કહ્યું, તું ઈબ્ને ઉમરની

પાછળ પાછળ જા અને તું જુએ કે સુલ્તાન ઈબ્ને ઉમર ઉપર જુલ્મ કરી રહ્યો છે તો તું તારી કલમાની આંગળીને અંગૂઠા ઉપર રાખી દબાવજે, ત્યાં હાજર બધા જ લોકોની જાનો પર આવી બનશે, સુલ્તાન સાથે બધાય લોકોનાં ગળાં ભીંસવા લાગશે.

જ્યારે ઈબ્ને નખ્ખાલ તેમની પાછળ પાછળ ગયા અને જોયું તો સુલ્તાન ઈબ્ને ઉમર પર જુલ્મ કરી રહ્યો છે તો ઈબ્ને નખ્ખાલે પીરો મુર્શિદના કહેવા પ્રમાણે આંગળીથી અંગૂઠાને દબાવવા શરૂ કર્યું, સુલ્તાન ચીસો પાડવા લાગ્યો, એને છોડી દો ! એને છોડી દો ! એને ઈજિપ્તનો પોશાક પહેરાવો એના સાથીઓને પણ કેસર અત્તર–ફૂલોથી વધાવી લો !

ઈબ્ને નખ્ખાલે પરત આવી હઝરત પીરો મુર્શિદ મુહમ્મદ ગમરીને હક઼ીક઼ત કહી સંભળાવી. તેમણે કહ્યું, ચાલો ! હવે પાછા ચાલો ! આપણુ કામ થઈ ગયું.

ઈબ્ને ઉમરને આ બાબત બિલકુલ જાણ ન હતી એને એ પણ જાણ ન હતી કે હઝરત મુહમ્મદ ગમરી મારો અવાજ સાંભળી અહીં આવ્યા હતા.

હઝરત મુહમ્મદ ગમરીએ પરત આવી સાથીઓને કહ્યું, આ બધો મામલો અલ્લાહ તઆલા સાથે છે, તમારામાંથી કોઈને પણ મારી ઈજાઝત નથી કે તે મારા મૃત્યુ પહેલાં આ બનાવનું વર્ણન કોઈને પણ કરે. ઈબ્ને નખ્ખાલ કહે છે કે આ બનાવનું વર્ણન આપથી (ઈમામ શઅરાની) પહેલાં મેં કોઈને કર્યું નથી. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૬૮૨)*

હઝરત ઈમામ શઅરાની رحمۃ اللہ علیہ કહે છે કે હઝરત મુહમ્મદ વફ઼ા સિકંદરી رحمۃ اللہ علیہને લોકો વફ઼ાના નામથી એટલા માટે ઓળખે છે કે નાઈલ નદીના પાણીનું વહેણ અટકી ગયું હતું. હઝરત મુહમ્મદ વફ઼ાના સમય સુધી આ જ હાલ હતો કે પાણીની તંગીને લીધે લોકો ઈજિપ્ત છોડી બીજે વસવાટ કરવા જવા લાગ્યા. આ જોઈ આપ નદી કિનારે ગયા અને કહ્યું, ''અય નાઈલ ! અલ્લાહના હુકમથી તારા વહેણને ચાલુ કર !'' તે જ દિવસે સત્તર યાર્ડ પાણી ચઢી આવ્યું, નદીએ આપની વાત પર અમલ કર્યો, આપથી વફ઼ાદારી કરી. આ જોઈ તે જ દિવસથી લોકો આપને ''વફ઼ા''ના નામથી ઓળખવા લાગ્યા. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૬૬૪)*



ઈમામ શઅરાની رحمۃ اللہ علیہના આ લખાણોથી અવલિયા અલ્લાહના તસર્રુફ઼ાતના વિષયમાં એમનો અક઼ીદો શો હતો તે સ્પષ્ટ જણાય આવે છે.

## ★ અલ્લામા ઈબ્ને આબેદીન શામી رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૨૫૩)*

અલ્લામા શામીના વિશે ''હદાઈક઼ે હનફિયા''ના લેખક આપના માટે આ રીતે લખવાની શરૂઆત કરે છે :–

''સૈયદ મુહમ્મદ અમીન બિન અમ્રશહીર ઈબ્ને આબેદીન પોતાના સમયના મહાન આલિમ, ફક઼ીહ, મુહદ્દિષ, મુહક્કિક઼ (ખૂબ ઝીણવટ, ઊંડાણપૂર્વક, તપાસ કરનાર), અક઼લી અને નક઼લી ઈલ્મમાં પારંગત હતા. આપે ખૂબ જ જરૂરી વિષયો પર ઘણીય કિતાબો લખી તેમાં રદ્દુલ મુહતાર, દુર્રે મુખ્તારનો હાશિયો જે શામીના નામથી મશ્હૂર છે, આ કિતાબ એટલી બધી મકબૂલ થઈ કે પાંચ મોટી જિલ્દોમાં હોવા છતાં થોડાક સમયમાં અનેકવાર છપાઈ અને પૂરા ઈસ્લામી જગતમાં હનફી દારુલ ઈફ્તાઓની લાયબ્રેરીમાં આગવું સ્થાન લઈ લીધું. આ કિતાબમાં ફિક઼્હની નાનામાં નાની બાબતોનો સંગ્રહ છે. મુફ્તી સાહેબો માટે મહાન દૌલત છે. આપ પોતાની એ મહાન કૃતિમાં લખે છે કે :–

''હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફ઼ા رحمۃ اللہ علیہના મસ્લકના અનુકરણ કરનારાઓમાંથી વિલાયતના ટોચના દરજ્જાએ પહોંચેલા, જમાનાના કુતુબ સૈયદ મુહમ્મદ શાઝલી બિકરી, હનફી મહાન ફક઼ીહ અને વાએઝીન હતા. આપ તે બુઝુર્ગોમાંથી હતા જેમને અલ્લાહ તઆલાએ કાઈનાતમાં તસર્રુફ઼, પરિસ્થિતિ, હાલાત ઉપર પૂરેપૂરો ક઼ાબૂ ધરાવવા સાથે ગૈબની વાતો બયાન કરી દેવાની તાક઼ાત અર્પણ કરી હતી. *(રદ્દુલ મુહતાર, જિ. ૧, પેજ–૪૧)*

અલ્લામા ઈબ્ને આબેદીન શામીએ رحمۃ اللہ علیہ ઉપરોક્ત લખાણ લખી પોતાનો અક઼ીદો સાફ સાફ શબ્દોમાં જણાવી દીધો કે, અલ્લાહ પોતાના મહબૂબ બંદાઓને કાઈનાત (દુનિયા, જહાન)માં તસર્રુફ઼ની તાકાત આપે છે.

# અવલિયાએ કિરામના અક઼ીદા

## ★ ગ઼ૌષુલ આ'ઝમ હઝરત સૈયદના શૈખ અબ્દુલ ક઼ાદર જીલાની رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૫૬૧)*

હઝરત અલ્લામા શતનૂફી رحمۃ اللہ علیہ નક્કર પુરાવા સાથે લખે છે કે, એક સ્ત્રી પોતાનો છોકરો લઈ ગ઼ૌષુલ આ'ઝમ رحمۃ اللہ علیہની બારગાહમાં હાજર થઈ અને અર્ઝ કરી, હુઝૂર ! મારા આ દીકરાને આપ દિલથી ખૂબ ચાહો છો માટે પ્રથમ હું એને અલ્લાહ તઆલા અને પછી આપની બારગાહમાં સોંપી દઉં છું, એના ઉપરથી મારો હક્ક઼ ઉઠાવી લઉં છું. હઝરત ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہએ તેણીની અર્ઝ ક઼બૂલ કરી પછી તે છોકરાને બુઝુર્ગોના તરીક઼ા, રીત રિવાજ મુજબ રિયાઝત અને મુજાહિદાનો હુકમ કર્યો.

અમુક સમય પછી તે સ્ત્રી બારગાહે ગ઼ૌષિયતમાં છોકરાને મળવા હાજર થઈ. તેણીએ જોયું કે એનો છોકરો દુબળો પાતળો અને પીળો થઈ ગયો છે. તેણીએ પોતાના છોકરાને રોટલીનો સૂકો ટુકડો ચાવતાં જોયું. તે પછી સરકાર ગ઼ૌષે પાક رضی اللہ عنہની બારગાહમાં આવી જોયું તો આપની સમક્ષ મરઘીનું શાક હતું. તેણીથી ન રહેવાયું, માની મમતા જાગી ઉઠી, તેણીએ કહ્યું, "હઝરત ! આ શું ! મારો છોકરો મેં તમોને સોંપ્યો તો તે જવની સૂકી રોટલી ચાવી રહ્યો છે જ્યારે આપ મરઘીનું શાક ખાય રહ્યા છો !"

એ જ વખતે આપે મરઘીના ગોશતના ખાધા પછી નીકળેલાં હાડકાં ઉપર પોતાનો હાથ મૂક્યો અને કહ્યું, "હે મરઘી ! અલ્લાહના હુકમથી ઉભી થઈ જા ! જે મુડદા અને સડી ગયેલાં હાડકાંને પણ જીવંત કરશે." તે જ વખતે મરઘી જીવતી થઈને બોલી ઉઠી. તે વખતે પેલી સ્ત્રીને આપે કહ્યું,



"જ્યારે તારો દીકરો આ દરજજે પહોંચી જશે ત્યારે જે ચાહશે તે ખાય શકશે. *(બહજતુલ અસ્રાર, પેજ–૬૫)*

આ બનાવથી હઝરત ગ઼ૌષુલ આ'ઝમ رضی اللہ عنہએ અક઼ીદો સાબિત કરી આપ્યો કે અલ્લાહ તઆલાએ મને ખાધેલી મરઘીને પણ ફરી જીવતી કરવાની તાકાત આપેલી છે. એ જ રીતે અલ્લાહ તઆલા ચાહે તે મક઼બૂલ બંદાઓને મુડદાને જીવંત કરવાનો ઈખ્તેયાર આપે છે.

હઝરત અલ્લામા શતનૂફી رحمۃ اللہ علیہ કહે છે કે ઘણાય વિશ્વાસપાત્ર લોકોથી જાણ્યું છે કે, એક વેળા અમે હઝરત ગ઼ૌષુલ આ'ઝમ رحمۃ اللہ علیہની મજલિસમાં બેઠા હતા, અચાનક આપની મજલિસની ઉપર થઈને એક સમડી ચીસો પાડતી ઉડતી ઉડતી ગઈ. જેનાથી મજલિસના બયાનમાં ખલલ પડી, લોકોનું ધ્યાન તે તરફ ગયું. તો તે વખતે આપે ફર્માવ્યું, "અય હવા ! એ સમડીનું માથુ કાપી લે !" બસ આપનું આ કહેવું ને પળવારમાં સમડી જમીન પર પટકાઈ, એક તરફ ધડ હતું તો બીજી તરફ માથુ પડયું હતું.

આપ પોતાની બેઠક પરથી ઉઠયા અને એને એક હાથમાં ઉઠાવી બીજો હાથ તેના ઉપર ફેરવી બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ પઢયા, તરત જ તે જીવતી થઈને ઉડી ગઈ. બધાયે લોકો આશ્ચર્યમાં ગરક થઈ ગયા. *(બહજતુલ અસ્રાર, પેજ–૬૫)*

આ બનાવથી જાણવા મળ્યું કે, હઝરત ગ઼ૌષે આ'ઝમ પીરાને પીર દસ્તગીર رحمۃ اللہ علیہને અલ્લાહે હવા પર હુકૂમતની તાક઼ાત આપી હતી. અને તેથી જ આપે હવાને સમડીનું માથુ કાપવાનો હુકમ કર્યો, અને હવાએ તેના પર અમલ કર્યો.

હઝરત અલ્લામા શતનૂફી رحمۃ اللہ علیہ લખે છે કે, અબુલ હસન અલી બિન અબૂબક્ર અબ્હરીએ કહ્યું કે મેં ક઼ાઝીઓના સરદાર અબૂ સાલેહ નસરથી સાંભળ્યું કે એમણે કહ્યું, મેં મારા પિતા અબ્દુર્રઝ્ઝાકથી સાંભળ્યું, તેઓ કહેતા હતા કે મારા પિતા શૈખ મુહીયુદ્દીન અબ્દુલ ક઼ાદિર જીલાની (ગ઼ૌષુલ આ'ઝમ) رحمۃ اللہ علیہ એક દિવસ જુમ્આની નમાઝ પઢવા જવા નીકળ્યા, હું અને મારા બે ભાઈ અબ્દુલ વહહાબ અને ઈસા આપની સાથે હતા, રસ્તામાં અમોને ખૂબ જ ગંધ મારતા દારૂના ત્રણ પીપડાં લઈને જતા સરકારી માણસો મળ્યા જે બાદશાહ માટે લઈ જતા હતા.

હઝરતે તેમને કહ્યું, "ઉભા રહો ! પરંતુ તેમણે ઉભા રહેવાને બદલે પોતાની ગાડી (જાનવરોથી ચાલતી) જલ્દી દોડાવવાની કોશિશ કરી. તો આપે જાનવરોને હુકમ કર્યો, "ખબરદાર ! ઊભા રહો !" બસ જાનવરો ઉભા થઈ ગયાં જાણે પથ્થરનાં પૂતળાં ! તે લોકો જાનવરોને ખૂબ જ મારતા હતા પણ તે જરા પણ હલન ચલન કરતાં ન હતાં. તે સરકારી નોકરોને પેટમાં દુ:ખાવો શરૂ થયો તેઓ જમીન પર દર્દની તકલીફને કારણે આળોટવા લાગ્યા, અંતે તેમણે ખૂબ માફી માંગી અને અલ્લાહથી પણ તૌબા ઈસ્તગફાર કર્યો તો તેમનું દર્દ દૂર ગયું. શરાબ દારૂ સરકો બની ગયો. *(બહજતુલ અસરાર, પેજ–૪૧)*

આથી સરકાર ગ઼ૌષે પાક رحمۃ اللہ علیہ એ પોતાનો અક઼ીદો જાહેર કરી આપ્યો કે ચાલતાં જાનવરોને પથ્થરની જેમ થોભાવી દેવાં. તંદુરસ્ત માણસોના પેટમાં દર્દ પેદા કરી દેવું, પાછું ફરી તેમની પોતાની અસલી હાલત પર લાવી દેવું, દારૂને સરકો બનાવી દેવો, એ બધીય શક્તિ અલ્લાહે મને આપી છે.

અલ્લામા શતનૂફી رحمۃ اللہ علیہ લખે છે કે મને શૈખ અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ મુસ્લી ખુજરમી رحمۃ اللہ علیہએ કહ્યું કે મને મારા વાલિદ (પિતા)એ મૂસલ શહેરમાં હિ. ૬૨૩માં કહ્યું કે, "એક રાત્રે અમે અમારા મુર્શિદે કરીમ ગ઼ૌષુલ આ'ઝમ હઝરત સૈયદના સૈયદ મોહીયુદ્દીન અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہની પાસે બગદાદના મદ્રસામાં હતા ત્યાં તે વખતના બગદાદના ખલીફા (બાદશાહ) મુસ્તનજદ બિલ્લાહે હઝરતની સેવામાં હાજર થઈ સલામ અરજ કરી કહ્યું, હુઝૂર ! આપની બારગાહમાં દુઆ માટે અરજ છે અને આ દસ થેલીઓમાં સોનામહોરો (તે જમાનાના ત્યાંના સોનાના સિક્કાનું ચલણ) ખિદમતમાં હાજર છે. આપે કહ્યું, અય અબૂ મુઝફ્ફર ! અમારે એની બિલકુલ જરૂરત નથી. અને સ્વીકારવાથી ઈન્કાર કરી આપ્યો. બાદશાહે ખૂબ જ આજીજી કરી તો આપે એક થેલી પોતાના હાથમાં લીધી અને બીજી ડાબા હાથમાં લીધી અને બંનેને દબાવી તો તે લોહી બની વહી ગઈ.

આપે ગુસ્સામાં કહ્યું, અય અબૂ મુઝફ્ફર ! લોકોનું લોહી ચૂંસી દૌલત ભેગી કરવાથી તમોને અલ્લાહનો જરા પણ ડર નથી ! અને એવી દૌલત



મારી પાસે લાવતાં શરમાતા પણ નથી ! બાદશાહ બેભાન થઈ ઢળી પડયો. આપે કહ્યું, તે પાક પરવરદિગારની ક઼સમ ! જે મારો મઅબૂદ છે જો રસૂલુલ્લાહ ﷺથી એનો નસબી સંબંધ (સૈયદ) હોવાનો મને ખ્યાલ ન હોત તો હું એના મહેલ સુધી લોહી વહેવડાવી દેતે.

**નોંધ** : અશરફીઓની થેલીઓ એટલી વજનદાર હતી કે દસ નોકરો તેને ઉઠાવીને લાવ્યા હતા. *(બહજતુલ અસ્રાર, પેજ–૬૧)*

હઝરત ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہએ આ બનાવથી પોતાનો અક઼ીદો સાફ જાહેર કરી આપ્યો કે અલ્લાહ તઆલાએ અમોને એ તસર્રુફની તાકાત આપેલી છે કે અમે ચાહીએ તો સોના ચાંદીને પણ લોહી બનાવી વહેતું કરી દઈએ.

હઝરત અલ્લામા શતનૂફી رحمۃ اللہ علیہ કહે છે કે, મને અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન શૈખ અબુલ અબ્બાસ ખિઝર બિન અબ્દુલ્લાહ બિન મુસલીએ કહ્યું કે, મને મારા પિતાએ કહ્યું કે, મેં બગદાદના ખલીફા મુસ્તન્જદ બિલ્લાહ અબૂ મઝફ્ફર યૂસુફને સરકારે ગ઼ૌષુલ આ'ઝમ હઝરત શૈખ સૈયદના અબ્દુલ ક઼ાદિર જીલાનીની બારગાહમાં હાજર જોયો. તેણે કહ્યું, હઝરત ! હું આપની કરામત જોવા માંગું છું કે જેનાથી મારા દિલને સાંત્વન મળે. આપે કહ્યું, શું જોઈએ છે ? ખલીફાએ કહ્યું, સરકાર ! સફરજન (એપલ) ખાવાનું દિલ ચાહે છે કારણ કે તે સમય એ હતો કે એ સીઝનમાં ઈરાક઼માં ક્યાંય (સફરજન) એપલ ન મળી શકે. હઝરતે હવામાં હાથ લંબાવ્યો તો ગૈબથી બે એપલ હઝરતના હાથમાં આવી ગયાં, હઝરતે એક ખલીફાને આપ્યું જ્યારે બીજું પોતાની પાસે રાખ્યું. પોતાનું આપે કાપ્યું તો ખૂબ જ સુગંધીદાર સફેદ નીકળ્યું, ખલીફાએ પોતાનું કાપ્યું તો તેમાંથી કીડા નીકળ્યા.

તેણે આશ્ચર્યથી કહ્યું, હઝરત ! આમ કેમ ? આપના હાથમાં તો હું ઘણુ જ સરસ સફરજન જોઈ રહ્યો છું, જ્યારે મારું સડેલુ કીડાવાળુ ?! આપે કહ્યું, અય અબૂ મુઝફ્ફર ! તમારા એપલને જુલમના હાથોનો સ્પર્શ થવાથી એમાં કીડા પડી ગયા. *(બહજતુલ અસ્રાર, પેજ–૬૧)*

હઝરત ગ઼ૌષુલ આ'ઝમ رحمۃ اللہ علیہએ આ બનાવથી પોતાનો અક઼ીદો સ્પષ્ટ જાહેર કરી આપ્યો કે અલ્લાહ તઆલાએ અમને એ શક્તિ આપેલી છે કે અમે કમોસમના ફળો પણ કોઈપણ જાહેરી સબબ વિના ગૈબથી મંગાવી

શકીએ છીએ.

અલ્લામા શતનૂફી رحمۃ اللہ علیہ કહે છે કે હિ.સ. ૬૭૧માં અબૂ મુહમ્મદ રજબ બિન અબૂ મન્સૂર દારી કરશી અને અબૂ ઝૈદ અબ્દુર્રહમાન બિન સાલિમ કરશી અને અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ અન્સારીએ કેરો (ઈજિપ્ત)માં અમોને કહ્યું, અમારાથી પણ મહાન બુઝુર્ગ હઝરત શૈખ અબુલ હસન કરશી رحمۃ اللہ علیہએ કાસીયુન પહાડ પર હિ.સ. ૬૧૮માં અમોને કહ્યું કે અમે અને હઝરત શેખ અબુલ હસન અલી બિન હૈતી رحمۃ اللہ علیہ હિ.સ. ૫૪૯માં હઝરત શૈખ સૈયદ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہના મદરસા બગદાદમાં અઝજના દરવાજામાં હાજર હતા. હઝરતની પાસે એક વેપારી અબૂ ગાલિબ ફઝલુલ્લાહ અઝજી બગદાદી આવ્યો અને કહ્યું, હુઝૂર ! આપના નાના નબીએ કરીમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું છે કે જે માણસની દા'વત કરવામાં આવે તેણે તેને ક઼બૂલ કરવી જોઈએ. હું આપની પાસે દા'વત આપવા હાજર થયો છું. આપે કહ્યું, "મને ઈજાઝત મળશે તો આવીશ." આપે થોડીવાર મુરાકિબો (ધ્યાનસ્થ) કરી કહ્યું, "સારું ઠીક છે જા હું આવીશ." નક્કી કરેલા ટાઈમે આપ ઘોડા પર સવાર થયા, મેં ડાબી તરફ અને અલી બિન હૈતીએ જમણી તરફ લગામ પકડી, એ રીતે ચાલતા એના ઘેર ગયા. જોયું તો બગદાદના બીજા ઘણાય ઉલમા–મશાઈખ તથા શ્રીમંતો પણ હાજર હતા.

આપના પહોંચ્યા પછી દસ્તરખ્વાન પાથરી ભાત ભાતનાં ખાણા પિરસવામાં આવ્યાં. તે પછી બે માણસો એક મોટા ટોપલાને ઢાંકી ઉઠાવી લાવ્યા અને મેહફિલની એક તરફ મૂકી દીધો.

મેજબાને (દા'વત કરનાર મકાન માલિકે) કહ્યું, "હઝરાત ખાવાનું શરૂ કરવામાં આવે." હઝરત શૈખે આ'ઝમ ગૌષે પાક رحمۃ اللہ علیہ કશું બોલ્યા વિના નીચુ જોઈ બેસી રહ્યા, અને ખાવાનું શરૂ પણ ન કર્યું. આપની ઈજાઝત વિના મેહફિલના તમામ મેહમાનો પણ બેસી રહ્યા, કોઈએ પણ ખાવા તરફ હાથ લંબાવ્યો નહીં. મજલિસના તમામ હાજરજનો ઉપર આપનો જલાલ છવાયેલો હતો કે જાણે બધા જ પથ્થરની મૂર્તિઓ જરા પણ હલન ચલન નહીં, ચૂપચાપ !

પછી આપે મને અને શૈખ અલી હૈતીને ઈશારો કર્યો કે પેલો ટોપલો



ઉઠાવી અહીં લાવો. અમે આપના હુકમ પર અમલ કરી ભારે વજનદાર ટોપલો ઉઠાવી આપની સમક્ષ મૂક્યો, આપે ખોલવા કહ્યું, કપડું હટાવતાં જોયું તો તેમાં એ સોદાગર–વેપારીનો છોકરો હતો કે જે માના પેટથી આંધળો, બંને પગે લૂલો, કોઢી હતો. આપે તેને જોઈ કહ્યું, "ઉઠ ! અલ્લાહના હુકમથી તંદુરસ્ત થઈને." બસ તરત જ તે તંદુરસ્ત સાજો માજો દેખતો બની જઈ ટોપલામાંથી બહાર આવી ગયો. મજલિસના હાજર તમામ નારાએ તકબીર પુકારી ઉઠયા, સરકારે બગદાદ તરત જ ખાયા પિયા વિના જ ત્યાંથી ઉઠી બહાર નીકળી આવ્યા.

થોડાક સમય પછી અમે અબૂ સઈદ કૈલવી رحمۃ اللہ علیہની ખિદમતમાં ગયા અને આ બનાવ કહી સંભળાવ્યો તો તેમણે કહ્યું, હા ! બિલ્કુલ સાચુ. હઝરત શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની અલ્લાહના હુકમથી મુડદાને જીવંત, કોઢીને સાજા, આંધળાને દેખતા કરી આપતા હતા. *(બહજતુલ અસરાર, પેજ–૬૩)*

હઝરત ગૌષુલ આ'ઝમ رحمۃ اللہ علیہએ આ બનાવથી સાબિત કરી આપ્યું કે, એક માણસ પગોથી અપંગ, માતાના પેટથી જ આંધળો, લકવાથી તથા કોઢથી પીડાતો હોય તેને પણ એક જ વાર બોલવાથી તંદુરસ્ત કરી દેવાની શક્તિ અલ્લાહે મને આપી છે.

અલ્લામા અબૂ સઈદ કૈલવી رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૫૫૭)ના બાબત અલ્લામા તાદની رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, આપ સાહિબે કરામત મહાન બુઝુર્ગોમાંથી હતા. આપની ગણત્રી તે ચાર મહાન બુઝુર્ગોમાંથી હતી કે જેમની દુઆઓ તરત જ ક઼બૂલ થઈ જતી હતી. કોઈપણ બીમાર માટે આપ દુઆ કરતા તો તરત જ બીમારીથી સારો તંદુરસ્ત થઈ જતો હતો. આપ એક મોઅતબર ફક઼ીહ અને મુફતી પણ હતા. આપની સોહબતથી મોટા મોટા આલિમો અને વલીઓએ ફૈઝ મેળવ્યો. એક વખત કૈલ્વિયાની આબાદી બહાર મોટા પથ્થરની (ચટ્ટાન) ઉપર ઉભા રહી અઝાન પઢી તો તે ભાંગી પાંચ ટુકડા થઈ ગયો અને તકબીરના જલાલથી જમીન ધ્રુજી ઉઠી.

એક વેળા કોઈ મુરીદે ક઼ઝાએ હાજતના માટે આપના હાથથી લોટો લીધો પરંતુ સંજોગોવસાત તે આપના હાથથી છટકીને જમીન પર પડી

તૂટી ગયો. આપે નીચે વળી તૂટેલા લોટાને હાથ લગાડતાં તે બિલ્કુલ જાણે તૂટયો જ નથી એવો બની ગયો અને પાણી પણ તેમાં પહેલાંની જેમ ભરાયેલું જ હતું. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૩૭૧)*

આવો મહાન દરજ્જો ધરાવતા બુઝુર્ગનો તસર્રુફના વિષયમાં શો અક઼ીદો છે તે સ્પષ્ટ જણાય છે. વળી આટલા મહાન બુઝુર્ગ હઝરત ગ઼ૌષુલ આ'ઝમ رحمۃ اللہ علیہના તસર્રુફ માટે લખે છે કે, "શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની માદરઝાદ આંધળા, કોઢી અને અપંગો તેમજ મુડદાને જીવતાં કરી આપતા હતા."

હઝરત અબ્દુર્રહમાન જામી رحمۃ اللہ علیہ કહે છે કે એક દિવસે અબુલ મઆલ નામના દુરવેશ (ફક઼ીર) હઝરત ગ઼ૌષુલ આ'ઝમ رحمۃ اللہ علیہના દરબારમાં હાજર થયા, મેહફિલ ચાલુ હતી તેમાં એમને જાજરૂની જરૂરત જણાઈ. તે એટલી વધારે હતી કે તેમનાથી હાલી ચાલી શકાય તેમ પણ ન હતું. તે એકદમ પરેશાન થઈ ગયા. ઈજ્જતનો પણ સવાલ હતો, શરીરની શક્તિ જવાબ દઈ ચૂકી હતી. દિલમાંને દિલમાં જ (હઝરતની તરફ નજર કરી) પોતાની પરેશાનીની ફરિયાદ કરી. બસ તરત જ હઝરત ગ઼ૌષુલ આ'ઝમ رحمۃ اللہ علیہ મિમ્બરના ઉપરથી એક પગથિયું નીચે ઉતર્યા તો પ્રથમ પગથિયા પર આદમના માથાની જેમ એક માથુ જાહેર થયું. જ્યારે બીજુ પગથિયું ઉતર્યા તો માથા સાથે હાથ અને છાતી પેટ જાહેર થયા એ જ રીતે આપ ઉતરતા રહ્યા અને માણસની પૂરી શક્કલ–સૂરત બની ગઈ. ત્યાં સુધી કે પૂરી શક્કલ સૂરત હઝરતની જેમ જ બની ગઈ. અવાજ પણ હઝરત જેવો એ શકલથી આવતો હતો. વાત પણ બિલ્કુલ હઝરતના જેમ કરતો હતો. આ બધું ફક્ત અબુલ કમાલને જ દેખાતું બીજા કોઈને પણ નહીં. એ વખતે હઝરત એની પાસે આવ્યા અને પોતાની કુર્તાની બાંય એના માથા પર મૂકી. તો તે ફક઼ીર અબુલ કમાલે પોતાને એક નહેરના કિનારે જોયા પાણી વહેતું હતું, ઝાડોનાં ઝુંડ હતાં, ઝાડ સાથે પોતાની ચાવીઓનો ગુચ્છાને લટકાવી દઈ ઝાડની ઓઠમાં પોતાની હાજત પૂરી કરી, નહેરના કિનારે જઈ વુઝૂ કર્યું, બે રકાત નમાઝ પઢી, જેવી એમણે સલામ ફેરવી કે હઝરતે તેના માથા ઉપરથી પોતાની બાંય ઉઠાવી લીધી, તો તેમણે પોતાની મજલિસમાં પોતાની જગાએ જોયા. વુઝૂના પાણીથી હાથ પણ ભીના હતા, પોતાની હાજત પણ દૂર થઈ ગઈ હતી. હઝરત મિમ્બર પર એ જ રીતે



વાએઝમાં મશગૂલ હતા, જાણે મિમ્બરથી ઉતર્યા જ નથી, અબુલ મઆલ કોઈને કંઈ જ કહ્યું નહીં, ચૂપચાપ રહ્યા પરંતુ એમને જ્યારે ચાવીઓનો ગુચ્છો એમની પાસે ન જોયો તો પરેશાન થઈ ગયા.

ઘણા દિવસો પછી એમને સફરમાં જવાનું થયું જે બગદાદથી ૧૪ દિવસનો રસ્તો હતો, રસ્તામાં એક નહેરના કિનારે પહોંચ્યા અબુલ મઆલ તેના ઉપર વુઝૂ કરવા બેઠા તો એમને યાદ આવ્યું કે આ તો તે જ જગા છે જ્યાં મેં તે દિવસે વુઝૂ કરી બે રકાત નમાઝ પઢી હતી. તેમને ચાવીઓનો ગુચ્છો પણ યાદ આવ્યો જ્યાં એમણે હાજત કરી હતી. ઝાડીમાં જઈ જોયું તો એમણે લટકાવેલી ચાવીઓ ઝાડની સાથે જેવી ને તેવી જ લટકી રહી હતી.

અબુલ મઆલ કહે છે કે જ્યારે હું બગદાદ પરત આવ્યો તો મેં હઝરત શયખ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہની બારગાહમાં હાજર થઈ પૂરો કિસ્સો બયાન કર્યો તો હઝરતે મારો કાન પકડી કહ્યું, અય અબુલ મઆલ ! જ્યાં સુધી હું આ દુનિયામાં જાહેરી જિંદગીમાં જીવતો છું ત્યાં સુધી કોઈને પણ કહેતો નહીં. *(નફહાતુલ ઉન્સ, પેજ–૭૬૭)*

હઝરત ગ઼ૌષુલ આ'ઝમ رحمۃ اللہ علیہ ઉપરોક્ત કિસ્સાથી એ જાહેર કરી બતાવે છે કે અલ્લાહ તઆલાએ મને તસર્રુફની એવી તાક઼ાત આપી છે કે જે માણસની અક્કલની બહાર છે. એક જ સમયે એક જ સ્થળે રહીને મુસીબતમાં ફસાયેલાની મુસીબત દૂર એ રીતે કરી શકું છું કે ઈન્સાની સમજ બુદ્ધિ દંગ રહી જાય છે.

હઝરત અલ્લામા મુહમ્મદ યહ્યા તાદની رحمۃ اللہ علیہ લખે છે કે, એક વખત દજલા નદીમાં પાણીનું પૂર એટલું બધું આવ્યું કે બગદાદ શહેરમાં પાણી ફરવા લાગ્યું. જ્યારે પોતાના જાન, માલ પાણીમાં ડૂબી જવાનો લોકોને ભય લાગ્યો, તો તેઓ સરકારે બગદાદ, પીરાને પીર હઝરત શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہની ખિદમતમાં આવીને દુઆ માટે અરજ કરવા લાગ્યા.

આપ પોતાની લાકડી (અસા) લઈ દજલા કિનારે પહોંચી ગયા અને નદીની જે ખરેખર હદ હતી ત્યાં તે લાકડી જમીન સાથે ઉભી કરી દઈ

કહ્યું, "બસ ! અહીં થોભી જા ! આ તારી હદ છે." તરત જ નદીનું પાણી ઝડપથી ઉતરવા લાગ્યું અને નદીનું પાણી પોતાની હદ પર આવી ગયું. *(કલાઈદુલ્ જવાહિર, પેજ–૯૨)*

આ બનાવથી હઝરત ગૌષુલ આ'ઝમ رحمۃ اللہ علیہએ પોતાનો અકીદો જાહેર કરી આપ્યો કે અલ્લાહે નદી, દરિયા, સમુદ્રના પાણી ઉપર પણ મને હુકૂમત આપેલી છે.

અલ્લામા તાદની رحمۃ اللہ علیہ લખે છે કે, હઝરત અબૂ સાલેહ અબ્બાસ બયાન કરે છે કે એક વખતે હઝરત શૈખ સૈયદ અબ્દુલ કાદિર رحمۃ اللہ علیہ મન્સૂરાની મસ્જિદમાં આવ્યા, અને ત્યાંથી આપ એમના મદ્રસે પાછા ફર્યા, ત્યાં આપે ચેહરા મુબારક પરથી રૂમાલ હટાવ્યો તેમાંથી એક વીંછી જમીન પર પડયો અને દોડવા લાગ્યો. આપે તેને કહ્યું, "મરી જા !" બસ તરત જ તે મૃત્યુ પામ્યો. પછી આપે કહ્યું, મસ્જિદથી અહીં સુધીમાં એણે ૬૦ વખત ડંખ માર્યા છે. *(કલાઈદુલ્ જવાહિર, પેજ–૧૧૧)*

હઝરત અલ્લામા તાદની رحمۃ اللہ علیہ લખે છે કે શૈખ મોઅમર જરાદા બયાન કરે છે કે, એક વખતે હું હઝરત શૈખ સૈયદ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہના મકાને ગયો તો તે વખતે આપ કાંઈક લખી રહ્યા હતા. અચાનક છત (રૂફ) ઉપરથી ત્રણ વખત માટી પડી. આપે તેને ત્રણેય વખત ખંખેરી નાંખી. પરંતુ જ્યારે ચોથીવાર માટી પડી તો આપે ઊંચુ જોઈ ફર્માવ્યું, "તારું માથુ ઉડી જાય !" હજુ આટલું બોલ્યા જ હતા ત્યાં ધડ એક તરફ અને માથુ બીજી તરફ પડયું. આ જોઈ હઝરત શૈખ લખવાનું છોડી દઈ રડવા લાગ્યા. જ્યારે રડવાનું કારણ પૂછયું, તો ફર્માવ્યું, મને એ ડર છે કે મારા દિલને ઠેસ પહોંચાડવાને કારણે કોઈ મુસલમાનને તકલીફ ન પહોંચી જાય જેવી કે આ ઉંદરને પહોંચી ગઈ છે.

હઝરત શૈખ અમ્ર બિન મસઊદ બઝ્ઝાઝ બયાન કરે છે કે એક દિવસ હઝરત શૈખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہ વુઝૂ કરી રહ્યા હતા. અચાનક એક ચકલીએ ઉપરથી આપનાં કપડાં પર ગંદકી નાખી તો આપે ઉપર નજર ઉઠાવી તેના તરફ જોતાં ચકલી મરીને નીચે પટકાઈ ગઈ. *(કલાઈદુલ્ જવાહિર, પેજ–૧૨૮)*

ઉપરોક્ત બનાવો અને આપના બયાન કર્તા શબ્દોથી હઝરતે પોતાનો



અકીદો જાહેર કરી આપ્યો કે, અલ્લાહ તઆલાએ મને તસર્રુફની એ શક્તિ અર્પી છે કે મારી જીભથી જે નીકળી જાય અથવા હું જે ચાહું તે થઈ જ જશે.

હઝરત અલ્લામા તાદની رحمۃ اللہ علیہ લખે છે કે, હઝરત અબુલ હસનઅલી મલાઈબુલ કવાઈસ (જેમની સચ્ચાઈ માટે અવામ અને ખાસમાં મશહૂર છે) ફર્માવે છે કે હું અમુક લોકો સાથે હઝરત ગૌષુલ આ'ઝમ رحمۃ اللہ علیہની ઝિયારત (મુલાકાત) માટે હાજર થયો, સાથીદારોએ આપનાથી પોતપોતાના માટે દુઆ કરાવવાનો વિચાર કર્યો પરંતુ અમારી સાથે એક નવજવાન છોકરો પણ હતો તેનાથી અમને ખાસ બ્હીક હતી કારણ કે તે દાઢી મૂંછ વિનાનો નવજુવાન હતો. એનામાં અમુક ખરાબ આદતો એ હતી કે પેશાબ જાજરૂ કરી ઈસ્તિન્જો પણ ન કરતો, અને ફર્ઝ ગુસલ પણ ન કરતો.

સાથીઓએ પોતપોતાની હાજતો–જરૂરતો બયાન કર્યા પછી હઝરત શૈખથી દુઆ માટે વિનંતિ કરી. મેં આગળ વધી હઝરત શૈખથી હાથ ચૂમ્યા, તો મારું અનુકરણ કરી એક પછી એક બધા સાથીઓએ હાથ ચૂમવા તૂટી પડયા, જ્યારે પેલો નવજવાન હાથ ચૂમવા આગળ વધ્યો તો આપે તરત હાથ ખેંચી લઈ પોતાના કુર્તાની બાંયમાં છુપાવી લીધો. પછી આપે તેના પર એક નજર નાંખી તો તે ત્યાં જ બેભાન થઈ ઢળી પડયો. જ્યારે ભાનમાં આવ્યો તો તેની દાઢી મૂંછ પણ નીકળી આવી અને પોતાના તમામ કરતૂતોથી તૌબા કરી. તે પછી આપે તેનાથી હાથ મેળવ્યો. *(બહજતુલ અસ્રાર, પેજ–૧૧૮)*

સૈયદના ગૌષે પાક શૈખ સૈયદ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہએ આ બનાવના આધારે સ્પષ્ટ કરી દીધું કે અલ્લાહ તઆલાએ મને તસર્રુફની એ શક્તિ આપી છે કે એક નજરમાં દાઢી મૂંછ વિનાના નવજવાનને દાઢી મૂંછવાળો જવાન બનાવી શકું છું.

અને આપ ખૂદ લખે છે : (અર્થ) : "અને આ જ ફનાની હાલત છે જે અવલિયા તથા અબ્દાલની હાલતોની સીમા છે. પછી તેમને તકવીન (એટલે 'કુન' કહેવું) અતા કરવામાં આવે છે તો પછી તેમને જે ચીજની પણ હાજત હોય છે તે સર્વ કાંઈ અલ્લાહના હુકમથી થઈ જાય છે. જેમ કે અલ્લાહ

પાકનો ઈર્શાદ તેની અમુક કિતાબોમાં છે કે, હે ઈબ્ને આદમ ! હું અલ્લાહ છું મારા સિવાય કોઈ પૂજ્ય નથી. હું તે છું કે કોઈ ચીજને કહું છું કે થઈ જા ! તો થઈ જાય છે. તું પણ મારી ઈતાઅત (આજ્ઞાપાલન) કર, તને પણ એવો કરી દઈશ કે તું પણ કોઈ ચીજને કહીશ કે થઈ જા ! તો તે થઈ જશે.'' *(ફુતૂહુલ્ ગયબ મઅ બેહજતુલ અસ્રાર, પેજ–૧૦૯)*

ઉપરોક્ત લખાણથી હઝરત ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہએ તસર્રુફના વિશે પોતાનો અક઼ીદો પોતે જ સાફ શબ્દોમાં બયાન કરી આપ્યો કે અલ્લાહ તઆલા પોતાના ફર્માંબરદાર બંદાઓને તકવીનનો મર્તબો અતા કરી દે છે એટલે કે તે કોઈ ચીજને હુકમ આપે કે થઈ જા, તો તે થઈ જાય છે.

હુઝૂર સૈયદના શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہ પોતાના ''ક઼સીદા ગ઼ૌષિયાહ''માં પોતાની જ ઝબાન મુબારકથી ફર્માવે છે કે :–

وَوَلَّانِیْ عَلَی الْاَقْطَابِ جَمْعًا۔ فَحُکْمِیْ نَافِذٌ فِیْ کُلِّ حَالٖ

**અર્થ** : ''મને અલ્લાહે સર્વ કુતૂબો પર હાકિમ (ઉપરી હુકમ કરનાર) બનાવી દીધો છે તો ગમે તે સંજોગોમાં પણ મારો હુકમ બજાવી લાવવો જરૂરી છે.''

فَلَوْ اَلْقَیْتُ سِرِّیْ فِیْ بِحَارٍ۔ لَصَارَ الْکُلُّ غَوْرًا فِی الزَّوَالٖ

**અર્થ** : ''જો હું મારી મહબ્બતના ભેદો દરિયાઓ ઉપર જાહેર કરી આપું તો તેના (જલાલના) કારણે દરિયાનું પાણી સુકાયને તેના છેક તળિયે પહોંચી જાય.''

وَلَوْ اَلْقَیْتُ سِرِّیْ فِیْ جِبَالٍ۔ لَدُکَّتْ وَاخْتَفَتْ بَیْنَ الرِّمَالٖ

**અર્થ** : ''જો હું મારી મહોબ્બતનું રહસ્ય પહાડો પર જાહેરી કરી દઉં તો તે રજકણ રજકણ બનીને રેતીમાં છુપાય જાય.''

وَلَوْ اَلْقَیْتُ سِرِّیْ فَوْقَ نَارٍ۔ لَخَمَدَتْ وَالطَفَتْ مِنْ سَرِّ حَالٖ

**અર્થ** : ''જો હું મારી મહોબ્બતની હક઼ીક઼ત આગ ઉપર જાહેર કરી આપું તો તે ઓલવાઈ (કાળી કોલસો) રાખ બની પોતાની રોશની ખોઈ બેસે.''

وَلَوْ اَلْقَیْتُ سِرِّیْ فَوْقَ مَیْتٍ۔ لَقَامَ بِقُدْرَۃِ الْمَوْلٰی تَعَالٰی



**અર્થ** : ''જો હું મારી મહબ્બતનો ભેદ કોઈ મુડદા ઉપર જાહેર કરી દઉં તો અલ્લાહની કુદરતથી જીવતું થઈ ઊભુ થઈ જાય.''

بِلَادُ اللّٰہِ مُلْکِیْ تَحْتَ حُکْمِیْ۔ وَوَقْتِیْ قَبْلَ قَلْبِیْ قَدْ صَفَالِیْ

**અર્થ** : ''અલ્લાહના શહેરો મારી માલિકીમાં અને મારા હુકમ હેઠળ છે અને મારો સમય મારી જાન કરતાં પહેલાં સાફ સ્પષ્ટ થઈ ચૂક્યો છે.''

ઉપરોક્ત શેઅરોમાં આપે કરેલા ઈશારાઓથી પણ આપનો અક઼ીદો સાફ જણાય આવે છે.

## ★ કુદવતુસ્સાલેકીન હઝરત શૈખ શહાબુદ્દીન સોહર્રવર્દી رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૬૩૨)*

હઝરત અલ્લામા અબ્દુર્રહમાન જામી رحمۃ اللہ علیہ લખે છે કે, ઈમામ યાફઈ رحمۃ اللہ علیہ નીચે મુજબ ટાઈટલો (લક઼બો)થી યાદ કરે છે કે :–

જમાનાના ઉસ્તાદ, અજોડ ઈન્સાન, ચમકતા નૂરનો ખજાનો, શરીઅત અને તરીક઼તના અસ્રાર (ભેદોના) જાણનાર, તરીક઼તની દલીલ, હક઼ીક઼ત સમજાવનાર, મહાન શૈખોના પણ ઉસ્તાદ, ઈલ્મે ઝાહિર અને બાતિનને જોડનાર, આરિફોના સરદાર, સાલિકોના બાદશાહ, આલિમે રબ્બાની શહાબુદ્દીન અબૂ હફ્સ ઉમર બિન મુહમ્મદ અલબકરી સોહરવર્દી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ.

આપ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہની અવલાદમાંથી છે. તસવ્વુફમાં આપની નિસ્બત (બૈત) આપના કાકા હઝરત શૈખ અબુન્નજીબ અબ્દુલ કાહિર સોહરવર્દી જીલાની رحمۃ اللہ علیہથી છે. (વિસાલ : હિ.સ. ૫૬૩)

આપ હઝરત ગ઼ૌષુલ આ'ઝમ સૈયદના શૈખ સૈયદ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہની સોબતમાં પણ રહ્યા છે. આ બે બુઝુર્ગો સિવાય બીજા પણ ઘણાય બુઝુર્ગોની સોબતમાં આપ રહ્યા છે.

આપ આપના સમયકાળમાં બગદાદમાં શૈખુલ મશાઈખના દરજ્જે હતા. દૂર દૂરથી તરીક઼તના રસીયાઓ આપને તરીક઼તના મસાઈલ પૂછવા આવતા હતા. ''રિસાલા ઈક઼બાલિયા''માં લખ્યું છે કે, શૈખ રૂકનુદ્દીન અલાઉદૌલા

رحمۃ اللہ علیہ કહે છે કે શૈખ સઅદુદ્દીન અમૂમી رحمۃ اللہ علیہને લોકોએ પૂછયું કે, શૈખ મોહીયુદ્દીન ઈબ્ને અરબી માટે શું કહો છો ?

તેમણે કહ્યું, તે એક ઈલ્મનો મોજા મારતો સમુદ્ર કે જેનો દૂર દૂર કિનારો ન દેખાય.પછી લોકોએ પૂછયું અને શેખ શહાબુદ્દીન સોહરવર્દી رحمۃ اللہ علیہ માટે શો અભિપ્રાય છે ?

આપે કહ્યું, આપની પેશાનીમાં નબીએ કરીમ صلی اللہ علیہ وسلمની તાબેદારીનું નૂર તો અજીબ જ ચીજ છે.

હઝરત અલ્લામા મુહમ્મદ તાદની رحمۃ اللہ علیہ લખે છે કે આપ ઈરાકના તે બુઝુર્ગોમાંથી છે કે જેમના ઉપર બાતિની હુકૂમતની પૂર્ણતા થઈ જાય છે. આપ મહાન આલિમ, ફાઝિલ હતા, આપને ઈલ્મે લદુન્ની મળેલો હતો, એટલું જ નહીં બલ્કે આપ ગૈબની વાતો પણ બતાવી દેતા હતા, ઘણીવાર આપથી કરામતો જાહેર થતી રહેતી, કિતાબ સુન્નત પર ખૂબ જ ચુસ્તપણે અમલ કરતા, શરીઅત અને તરીકતમાં મુજતહિદના દરજ્જે હતા.

આપ તે બુઝુર્ગોમાંથી હતા કે જેમની પાસે હઝરત ગૌષે પાક સૈયદના શૈખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہએ પોતે હાજર થઈ કહ્યું, અય શહાબુદ્દીન ! તમે અલ્લાહે ચૂંટી કાઢેલા નામવર બુઝુર્ગોમાંના છેલ્લા માણસ છો. *(કલાઈદુલ્ જવાહિર, પેજ–૩૯૧)*

અવલિયાએ કિરામના ઈખ્તેયાર અને તસર્રુફના બાબત એવા મહાન વલી શૈખ શહાબુદ્દીન સોહરવર્દી رحمۃ اللہ علیہનો અકીદો કેવો હતો તે જોઈએ :–

હઝરત અલ્લામા જામી رحمۃ اللہ علیہ કહે છે કે, હઝરત શહાબુદ્દીન સોહરવર્દી رحمۃ اللہ علیہ ફર્માવતા હતા કે શરૂ શરૂમાં મને ઈલ્મે કલામ (બહષ–મુનાઝરા)થી ખૂબ દિલચસ્પી હતી, મારા કાકા હઝરત શૈખ અબુન્નજીબ મને રોક્યા કરતા. એક દિવસ હઝરત શૈખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہની મુલાકાત માટે અમે ગયા, રસ્તામાં કાકા સાહેબે કહ્યું, બેટા તમારા દિલની હુઝૂરીનો ખ્યાલ રાખજો, કારણ કે આપણે એ મહાન હસ્તીની ખિદમતમાં હાજરી આપવા જઈએ છીએ કે, જેમનું દિલ મુબારક અલ્લાહ તઆલાથી ખબર આપે છે. અર્થાત : અલ્લાહની અતાથી રોશન ઝમીર છે. માટે તમારા કલ્બ (દિલ)ને હાજર રાખી એમની બરકતો મેળવવાની તડપ રાખજો.



જ્યારે અમે ત્યાં પહોંચ્યા, હાજરીના આદાબ બજાવી લાવ્યા પછી મારા કાકાએ અરજ કરી, હુઝૂર ! આ મારો ભત્રીજો ઈલ્મે કલામમાં ખૂબ દિલચસ્પી રાખે છે, હું રોકું છું પણ રોકાતો નથી.

હઝરત શૈખ સૈયદના અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, અય ઉમર ! તમે ઈલ્મે કલામની કઈ કિતાબ પઢયા છો ?

મેં કિતાબોના નામો ગણી બતાવ્યાં. હઝરતે મારી છાતી ઉપર પોતાનો હાથ ફેરવ્યો. ખુદાની કસમ ! તે જ વખતે તે કિતાબો ભૂલી ગયો ત્યાં સુધી કે એક મસ્અલો પણ યાદ ન રહ્યો. પરંતુ તે જ વખતે આપના બરકતવાળા હાથને કારણે મારા દિલને ઈલ્મે લદુન્નીથી માલમાલ કરી દીધું. જ્યારે હું આપની પાસેથી ઉઠયો તો આપે કહ્યું, અય ઉમર ! તમે ઈરાકના મશહૂર (નામવર) બુઝુર્ગોમાંના એક છો. *(નફહાતુલ ઉન્સ, પેજ–૭૬૫)*

**નોંધ** : ઈલ્મે લદુન્ની અર્થાત : ખુદા તઆલા તરફથી આપોઆપ મળેલો ઈલ્મ.

હઝરત શૈખ શહાબુદ્દીન સોહરવર્દી رحمۃ اللہ علیہએ આ બનાવને બયાન કરી બતાવી આપ્યું કે, હઝરત ગૌષુલ આ'ઝમ رحمۃ اللہ علیہને બીજાના દિલ પર તસર્રુફ કરી તેના ઈલ્મને ખેંચી લેવાનો ઈખ્તેયાર (પાવર) પણ આપ્યો હતો. બલ્કે આપે પોતાનો એ અકીદો સ્પષ્ટ શબ્દોમાં વર્ણવ્યો છે જેમ કે અલ્લામા નૂરદ્દીન શતનૂફી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, હઝરત શૈખ શહાબુદ્દીન સોહરવર્દીએ ફર્માવ્યું કે હઝરત શૈખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہ હકીકતના અને વજૂદમાં તસર્રુફ કરી શકવાના બાદશાહ હતા. *(બહજતુલ અસ્રાર, પેજ–૩૨)*

અલ્લામા તાદની رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, હઝરત શૈખ શહાબુદ્દીન સોહરવર્દીના સાથીઓમાં હઝરત શૈખ નજમુદ્દીન નકતીસી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, હું હઝરત શૈખ સોહરવર્દી رحمۃ اللہ علیہના ઈબાદત કરવાના રૂમમાં દાખલ થયો, તે એમના ચિલ્લાનો છેલ્લો દિવસ હતો, મેં જોયું કે હઝરત શૈખ એક મોટા પહાડ પર છે. અને આપની સમક્ષ હિરામોતી જવાહિરાતનો ઢગલો પડેલો હતો તેમાંથી મુઠ્ઠીઓ ભરી લોકો તરફ ફેંકી રહ્યા હતા. લોકો દોડી દોડી ઉઠાવી રહ્યા હતા. હિરા મોતીના ઢગલામાંથી જેમ ઉઠાવતા તેમાં

વધારો થઈ જતો જરા પણ ઘટતાં નહીં.

જ્યારે આપ ચિલ્લાથી બહાર આવ્યા, બીજા દિવસે મેં આપનાથી જોયલા દશ્ય વિશે આપને પૂછવા વિચાર્યું, પરંતુ હું કાંઈક પૂછું તે પહેલાં જ આપે કહ્યું, સાહબઝાદા ! તમે જે કાંઈ જોયું તે બિલ્કુલ સત્ય છે, એ બધું જ હઝરત શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہની તા'લીમ (ફૈઝ)નું પરિણામ છે. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૩૯૧)*

આ બનાવથી હઝરત શૈખ શહાબુદ્દીન સોહરવર્દી رحمۃ اللہ علیہએ પોતાનો અક઼ીદો જાહેર કર્યો કે અલ્લાહ તઆલાએ મને તસર્રુફનો પાવર શક્તિ આપેલ છે.

## ★ હઝરત અલી બિન હૈતી رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૫૬૪)*

આપ તે અવલિયા અલ્લાહમાંથી હતા કે હઝરત મહબૂબે સુબ્હાની ગૌષુલ આ'ઝમ رحمۃ اللہ علیہના વિસાલ પછી આપ કુતુબના દરજ્જા પર હતા. હઝરત અલ્લામા શતનૂફીના કહેવા મુજબ આપ તે વલીઓમાંથી હતા કે જેઓ માતાના પેટથી આંધળા અને કોઢીઓને સાજા કરી દેતા હતા. *(બહજતુલ અસ્રાર, પેજ–૧૫૩)*

અલ્લામા તાદની رحمۃ اللہ علیہ બીજે ઠેકાણે લખે છે કે, સૈયદના શૈખ જીલાની رحمۃ اللہ علیہ આપની (અલી બિન હૈતી)ના ખૂબ વખાણ કર્યા કરતા હતા. અને એમની સાથે ખૂબ મહોબ્બત તેમજ ઈજ્જતથી વર્તાવ કરતા. હઝરત શૈખ ઘણીવાર ફર્માવતા કે બગદાદમાં જે વલીઓ છે તે અમારા જ મહેમાન છે, પરંતુ અમે શૈખ અલી બિન હૈતીના મહેમાન રહીએ છીએ. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૩૧૩)*

હવે તસર્રુફ (ઈખ્તેયાર)ના વિષયમાં આવા મહાન વલીઅલ્લાહનો અક઼ીદો કેવો હતો તે જોઈએ :–

હઝરત અલ્લામા શતનૂફી رحمۃ اللہ علیہ લખે છે કે, અબૂ મુહમ્મદ હસન બિન યહ્યા બિન નજીમ હુરાની અને અબૂ હફ્સ ઉમર બિન મઝાહિમ દીનસરીએ અમોને કહ્યું કે અમે શૈખ અલી બિન ઈદરીસ યાકૂબથી સાંભળ્યું અને અબૂ મુહમ્મદ સાલમ બિન અલી દમ્યાઈ સૂફીએ અમોને કહ્યું કે, મેં શૈખ આરિફ અબૂ હફસીથી સાંભળ્યું કે તે બંનેવ કહેતા હતા કે એક વેળા



અમે શૈખ અલી બિન હૈતી સાથે નહરે મલકના એક ગામડામાં ગયા, તો અમે બે માણસોને જોયા કે તેઓ બંને તલવારો ખેંચી લડવાની તૈયારીમાં હતા અને તેઓની વચમાં એક કતલ થયેલો મૃત્યુ પામેલો માણસ પડેલો હતો. બંનેવ ક઼ત્લનો આક્ષેપ એકબીજા પર ઢોળી રહ્યા હતા.

શૈખ પેલા મૃત્યુ પામેલા માણસના માથા પાસે થોડીવાર ઉભા રહ્યા, પછી તેના વાળ પકડી કહ્યું, "મન ક઼તલ યા અબ્દલ્લાહ" અય અલ્લાહના બંદા ! તને કોણે ક઼ત્લ કર્યો ?

તરત જ તે બેઠો થઈ ગયો અને આંખો ખોલી બોલ્યો જેને બધાય હાજરજનોએ સ્પષ્ટ સાંભળ્યું, "મને ફલાણાના છોકરા ફલાણાએ ક઼ત્લ કર્યો." પછી તરત જ પહેલાંની જેમ મૃત્યુ પામી ઠંડો થઈ ગયો. *(બહજતુલ અસ્રાર, પેજ–૧૫૪)*

આથી હઝરત શૈખ અલી હૈતીનો અક઼ીદો એમણે જાહેર કરી આપ્યો કે અલ્લાહે મને મૃત્યુ પામેલાને જીવતા કરી દેવાનો અધિકાર પણ આપેલો છે.

## ★ અવલિયાના સરદાર સૈયદ અહમદ કબીર રિફાઈ رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૫૭૮)*

આપ ઈરાક઼ના ખ્યાતનામ વલીઓમાંના એક છે. અલ્લામા તાદનીના કહેવા મુજબ આપ તે ચાર મહાન હસ્તીઓમાંથી છે કે જેઓ અલ્લાહ તઆલાના હુકમથી માદરઝાદ આંધળાઓને દેખતા, કોઢીઓને સાજા અને મુડદાને જીવતા કરી દેતા હતા. *(કલાઈદુલ્ જવાહિર, પેજ–૨૮૯)*

તસર્રુફ અને ઈખ્તેયારના વિષયમાં એ મહાન બુઝર્ગનો અક઼ીદો જોઈએ :–

હઝરત સૈયદ અહમદ કબીર રિફાઈ رحمۃ اللہ علیہના ભાણયા અબુલ ફરહ અબ્દુર્રહ્માન અલી રિફાઈ કહે છે કે, એક દિવસ હઝરત એકલા બેઠા હતા તો હું આપની ઝબાન મુબારકથી નીકળતી વાતોથી ફયૂઝ લેવા એમની પાસે બેસી ગયો. તો તે વખતે એકાએક એક માણસ આકાશમાંથી ઉતર્યો અને આપની પાસે બેસી ગયો, આપે તેને કહ્યું, ભલે પધારો ! તે માણસ બોલ્યો, મેં વીસ દિવસથી કાંઈ જ ખાધું પીધું નથી. પરંતુ હું વિચારું છું કે

મારી મરજી મુજબ ખાવું પીવું મળે. આપે કહ્યું, તારી શી ઈચ્છા છે ? તેણે આકાશ તરફ જોયું પક્ષીઓનો ઝુંડ ઉડી જઈ રહ્યો હતો. તે જોઈ બોલ્યો, અફસોસ ! આ પક્ષીઓમાંથી એકાદનું પકાવેલુ તૈયાર શાક તથા ઘઉંની રોટલીઓ અને ઠંડુ પાણી પણ સાથે મળી જાત તો કેવું સારું થાત !

હઝરતે એને કહ્યું આ ઉડીને જતાં પક્ષીઓ પાણી પર તરતી બતકો છે, એ તારા જ માટે તો છે. આમ કહી આપે કહ્યું, જલ્દી કરો ! અને આ માણસની ઈચ્છા પૂરી કરી દો !

તરત જ તેમાંથી એક પક્ષી શેકેલું તેની સામે આવી પડયું. પછી આપે પોતાની નજીક પડેલા બે પથ્થરો પોતાની તરફ ખેંચ્યા તો તે ગરમા ગરમ રોટલીઓ બની ગઈ. પછી હવામાં હાથ લંબાવતાં બિલકુલ ઠંડા પાણીનો ભરેલો કુંજો હાથમાં આવી ગયો. તે માણસ ખાય, પીને હવામાં ઉડી ગયો.

પછી આપે પેલા બતકના હાડકાંને ભેગાં કરી કહ્યું, તમે તમારી અસલ હાલતમાં જોડાઈ જાવ ! તો તે જોડાઈ ગયાં. પછી આપે બિસ્મિલ્લાહ પૂરી પઢી તેના પર હાથ ફેરવ્યો તો જીવતી થઈ ઉડી ગઈ. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૨૯૧)*

હઝરત અલ્લામા શતનૂફી رحمۃ اللہ علیہ મોહદ્દિષોની પ્રણાલિકા અનુસાર સનદ સાથે લખે છે કે, અમોને શૈખ અબૂ યૂસુફ યાકૂબ અન્સારીએ કહ્યું મેં મારા પીરો મુર્શિદ શૈખ ઈમામે આલમ તક઼ીયુદ્દીન અલી મુબારક વાસ્તીથી સાંભળ્યું કે તેઓ કહેતા હતા કે મારા સરદાર શૈખ અહમદ રિફાઈ દજલા નદી કિનારે બેઠા હતા. ચારેવ તરફ મુરીદોથી ઘેરાયેલા હતા. એકાએક આપે કહ્યું, આજે શેકેલી માછલી ખાવાની ઈચ્છા છે. હજુ આપણા એ શબ્દો પૂરા પણ થયા ન હતા કે દરિયા કિનારે જાત જાતની માછલીઓ આવી પડી તેમાંથી ઘણી તો જમીન પર બહાર આવી ગઈ. કહે છે ઉમ્મે આબેદાના કિનારે આટલી માછલીઓ કદી પણ જોવામાં આવી નથી.

શૈખ રિફાઈ رحمۃ اللہ علیہ કહે છે કે આ માછલીઓ મને અલ્લાહ તઆલાના હક્ક઼ની ક઼સમ આપી કહે છે કે અમારામાંથી ખાવ !

ત્યારે આપના મુરીદોએ હુકમ અનુસાર ઘણી માછલીઓ પકડી તેને શેકીને મોટા દસ્તરખ્વાન પર મૂકી હાજરજનો અને હઝરતે ખાધા પછી



દસ્તરખ્વાન પર અમુક માથાં, પૂછડીઓ, કાંટા પડેલા હતાં.

એક મુરીદે કહ્યું, હઝરત ! પાવરફુલ અને બાઈખ્તેયારની કોઈ સિફત નિશાની હોય ખરી ?

આપે કહ્યું, તેને તમામ મખ્લૂક઼ પર તસર્રુફની શક્તિ મળેલી હોય છે. મુરીદોએ પૂછયું, હુઝૂર ! એની નિશાની શું હોય છે ?!

જો આ માછલીઓના બચેલા ભાગોને કહે કે ઉઠીને દોડવા માંડો તો તે ઉઠી દોડી જશે.

પછી આપે હાથનો ઈશારો કરી કહ્યું, "અય શેકેલી માછલીઓ ! જે આ દસ્તરખ્વાન પર છો, ઉઠો ! અલ્લાહના હુકમથી અને ચાલવા માંડો !"

હજી આટલા શબ્દો નીકળ્યા ત્યાં તો માછલીઓના બાકીના ભાગો જીવતા થઈ સંપૂર્ણ માછલીઓ દોડતી દોડતી પાણીમાં જતી રહી. *(બહજતુલ અસ્રાર, પેજ–૨૩૭)*

હઝરત શૈખ અહમદ કબીર રિફાઈ رحمۃ اللہ علیہએ ઉપરોક્ત બનાવો તથા પોતાની ઝબાન મુબારકથી હુકમો ફર્માવીને એમનો અક઼ીદો સ્પષ્ટ જાહેર કરી આપ્યો કે, અલ્લાહ તઆલાએ મને તમામ મખ્લૂક પર સંપૂર્ણ તસર્રુફ અને ઈખ્તેયાર અર્પણ કરેલો છે.

અલ્લામા શતનૂફી કહે છે કે, મને અબૂ ક઼ાસિમ મુહમ્મદ બિન ઓબાદા અન્સારી હલબીએ અને તેમને શૈખ આરિફ અબૂ ઈસ્હાક઼ે અને તેમને હઝરત શૈખ ઈમામ અબ્દુલ્લાહ બતાઈહીએ કહ્યું, હું હઝરત શૈખ સૈયદ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہની જાહેરી જિંદગીમાં ઉમ્મે ઉબૈદા તરફ ગયો અને હઝરત અહમદ કબીર રિફાઈ رحمۃ اللہ علیہની ખાનકાહમાં થોડા દિવસ રહ્યો. એક દિવસે હઝરતે મને કહ્યું, અબ્દુલ્લાહ ! મારા પીર દસ્તગીર ગૌષુલ આ'ઝમ જીલાની رحمۃ اللہ علیہના વખાણમાં મારી સામે બયાન કરો કારણ કે તમે ખૂબ વાકેફ છો. અમારી વાતચીત ચાલુ હતી તેવામાં એક માણસ આવ્યો અને બોલ્યો, છોડો એ વાતોને ! અમારે એમના વખાણની જરૂરત નથી. બીજાના વખાણ સંભળાવો અને હઝરત અહમદ રિફાઈ رحمۃ اللہ علیہના વખાણ કરવા ઈશારો કર્યો. તે વખતે હઝરત શૈખએ તેના તરફ ક્રોધભરી નજરે જોયું તો તરત જ તે નીચે પટકાયો અને મૃત્યુ

પામ્યો. *(બહજતુલ અસ્રાર, પેજ–૨૩૮)*

આ બનાવથી હઝરત શૈખ અહમદ કબીર રિફાઈ رحمۃ اللہ علیہએ સાબિત કરી આપ્યું કે અલ્લાહ તઆલાએ મને આંખ ઉઠાવતાં જીવતાને મૃત્યુને શરણે પહોંચાડવાની શક્તિ પણ અર્પણ કરી છે.

## ★ હઝરત શેખ અદી બિન મુસાફર ઉમ્વીનો અકીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૫૫૫)*

આપ પશ્ચિમના શહેરોના મહાન મર્તબાવાળા અવલિયા અલ્લાહમાંથી હતા. આપ તરીકતના તે આલિમોમાંથી હતા જેમણે મુજાહિદા (ઈબાદતમાં ખૂબ જ મહેનત) અને તકલીફો (ઈબાદતમાં) શરૂઆતથી ઘણી જ ઉઠાવી. અમારા શૈખ હઝરત શૈખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہ પણ એમની વાત નીકળતી તો ખૂબ જ આદરભાવ માનમર્તબા સાથે કરતા. આપ કહેતા કે જો મુજાહિદા અને ઈબાદતમાં મહેનત, તકવા પરહેઝગારીથી નબુવ્વત મળતી હોત તો તે અદી બિન મુસાફિર ઉમવી رحمۃ اللہ علیہને જરૂર મળત. *(બહજતુલ અસ્રાર, પેજ–૧૫૦)*

**અવલિયાએ કિરામના તસર્રુફના વિષયમાં આવા મહાન વલી અલ્લાહનો અકીદો શો હતો તે જોઈએ**

હઝરત અલ્લામા જામી رحمۃ اللہ علیہ કહે છે કે ઈમામ શાફઈ લખે છે કે, હઝરત અદી رحمۃ اللہ علیہને એમના એક મુરીદે કહ્યું, યા શૈખ હું ચાહું છું કે હું લોકોની ઝંઝટથી દૂર આ જંગલમાં રહું અને ઈબાદતમાં મારો સમય વિતાવું. અહીં જંગલમાં કંઈક ખાવા, પીવા હોત જે મને મળતું રહેતું તો કેટલું સારું કે જેથી મારા શરીરમાં ઈબાદત માટે શક્તિ મળી રહેત.

આપે નજીકમાં પડેલા બે પથ્થરોમાંથી એક પર પગ માર્યો તો તરત મીઠા પાણીનું ઝરણું નીકળ્યું. બીજા પર પગ માર્યો તો દાડમનું ઝાડ નીકળ્યું. આપે ઝાડને કહ્યું, "અય ઝાડ ! અલ્લાહના હુકમથી એક દિવસ મીઠા અને એક દિવસ ખાટાં દાડમ આ માણસને તું આપ્યા કરજે." જેથી તેમજ થતું રહ્યું. કહે છે કે એ ઝાડનાં દાડમ દુનિયાનાં સારામાં સારાં દાડમમાંથી એક હતાં. *(નફહાતુલ ઉન્સ, પેજ–૭૮૪)*



અલ્લામા તાદની رحمۃ اللہ علیہ કહે છે કે અબૂ ઈસ્રાઈલે વર્ણન કર્યું કે મેં એક વેળા ઉબાદાના તરફ સફરમાં જવા માટે હઝરત શૈખ અદીથી રજા માંગી. તો તેમણે મને કહ્યું કે, "રસ્તામાં મને વાઘ, સિંહ મળે કે બીજી કોઈપણ મુસીબત (પરેશાની) આવી પડે તો તું તે વખતે તેને કહેજે, "મારા રસ્તામાં રૂકાવટ ન બન ! શૈખ અદી બિન મુસાફિરનો હુકમ છે કે મારા માટે તું મુસીબતનું કારણ ન બને."

હું તેમની ઈજાઝત લઈ સફરે નીકળ્યો, સમુદ્રની સફર દરમ્યાન સમુદ્રમાં ખૂબ તોફાન આવ્યું. તે વખતે મેં પાણીના મોજાંઓને કહ્યું, "અય ઉછળતા મોજાઓ ! શાંત થઈ જાવ ! શૈખ અદીનો એ જ હુકમ છે." આટલું કહેતાં તો મોજાં એકદમ શાંત થઈ ગયાં જાણે કોઈ સમુદ્રી તોફાન આવ્યું જ નથી. પછી મને જંગલમાં સાપો અને ફાડી ખાનાર જાનવરોએ ઘેરી લીધો તો તે વખતે પણ ઉપર મુજબ કહ્યું, "અય જાનવરો ! તમને શૈખ અદીનો હુકમ છે મારા રસ્તામાં મુસીબતરૂપ ન બનો." તરત જ બધા જાનવરો ચૂપચાપ પલાયન થઈ ગયાં. પછી હું દજલા નદીની સફરે નીકળ્યો તો હવાના થપેડાઓ એટલા જોરમાં ઉઠયા કે વહાણ ડૂબવાની તૈયારીમાં હતું, ત્યાં તે હવાઓને ઉપર મુજબ કહ્યું, તો તરત જ હવા શાંત થઈ ગઈ અને દજલાનું પાણી શાંત થઈ ગયું. *(કલાઈદુલ્ જવાહિર, પેજ–૨૯૯)*

અલ્લામા તાદની رحمۃ اللہ علیہ લખે છે કે કિલ્લા જરામિયાનો ચોકીદાર અમીર ઈબ્રાહીમ દુરવેશો (ફકીરો)થી ખૂબ મહબ્બત રાખતો હતો અને તેમાંય ખાસ કરીને હઝરત શૈખ અદીથી એને ખૂબ જ અકીદત અને મહોબ્બત હતી. તેથી જે કોઈ દુરવેશ એની પાસે મહેમાન બની જતા તેમની સામે તે શૈખ અદીની ખૂબ જ તારીફ કર્યા કરતો. એક વખતે કેટલાક સૂફી દુરવેશો સામે એણે શૈખ અદીની તારીફ કરી તો તેમણે વિચાર્યું કે આપણે તેમની પાસે જઈને અને પરીક્ષા માટે કાંઈક સવાલો પૂછીએ. દુરવેશો શૈખ સાહબે પાસે ગયા, સલામ કરી બેસી ગયા. એમાંને એકે શૈખ સાહબની સાથે નક્કી કરેલા પ્લાન મુજબ વાતચીત શરૂ કરી પરંતુ હઝરત ખૂબ જ ચૂપ રહ્યા. આપના ચૂપ રહેવાને દુરવેશે હઝરત શૈખની ઈલ્મી મજબૂરી સમજી કે આપ જવાબ આપી શકે તેમ નથી.

દુરવેશના દિલના વિચારોને હઝરત શૈખ પામી ગયા. અને કહ્યું,

"અલ્લાહ તઆલાએ પોતાના એવા એવા બંદા પેદા કરેલા છે કે જો તે આ સામેના બે પહાડોને કહી દે કે બંનેવ એકબીજા સાથે મળી જાવ ! તો તે તરત મળી જાય છે."

હઝરત શૈખની જબાનથી આટલા શબ્દો નીકળ્યા હતા કે સૂફી દુરવેશો પોતાની આંખોથી જુએ છે કે બંનેવ પહાડો એકબીજાની નજીક જઈ સાથે મળી ગયા. આ જોઈ એઓ હઝરતના કદમોમાં ઝુકી ગયા. પછી આપે પહાડોને ઈશારો કર્યો તો પોતપોતાની જગ્યાએ પહોંચી ગયા. આ કરામત જોઈ સૂફી દુરવેશો ખૂબ ખુશ થયા. તૌબા કરી હઝરતના મુરીદ બની ત્યાંથી પરત થયા. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૩૦૧)*

અલ્લામા તાદની رحمة الله عليه લખે છે કે શૈખ ઉમરનું બયાન છે કે, એક વખત હું શૈખ અદ્દીની મજલિસમાં હાજર હતો. બુઝુર્ગોની વાતો ચાલી રહી હતી. તો તેમાં શૈખ સાહબે ફર્માવ્યું, "અહીં એક મુસાફિર પણ હાજર છે જે આંધળાને દેખતા, મુડદાને જીવતા અને કોઢીને સાજા કરી દેવાની શક્તિ ધરાવે છે છતાં તે નબુવ્વતનો દાવો નથી કરતો."

આપનું આ પ્રમાણે બોલવું મને ઠીક ન લાગ્યું. હું મજલિસમાંથી ઉઠી જતો રહ્યો. થોડા દિવસો પછી ફરી મજલિસમાં હાજરીના ઈરાદે આવ્યો, પરંતુ આગળ એમણે બોલેલા શબ્દો મારા દિલમાં ખટક્યા કરતા હતા. મેં સલામ કરી, આપે જવાબ આપી મને કહ્યું, "ઉમર ! મારી સાથે ચાલો પરંતુ શરત એ કે કોઈપણ વિષયમાં તમારે મને પૂછવું નહીં." મેં આપની શરત મંજૂર કરી, અમે એક દિશા તરફ ચાલવા લાગ્યા, ત્યાં સુધી કે અમે ગીચ જંગલમાં પહોંચી ગયા, મને કકડીને ભૂખ લાગી, ત્યાં સુધી કે ચાલવાની શક્તિ જવાબ દેવા લાગી. હું પાછળ પડી રોકાઈ ગયો, આપે મને સંબોધી કહ્યું, કેમ શી વાત છે ? શા માટે રોકાઈ ગયા ?

મેં કહ્યું, "હઝરત ! ભૂખ ખૂબ લાગી છે જેથી ચાલવાની પણ શક્તિ નથી." આપે જમીન પર પડેલું બાવળની પાંખડી જેવું સૂકું ઘાસનું તણખલું ઉઠાવી મારા મો માં મૂકી દીધું, મેં તેને ચાવ્યું તો તે ખજૂરની જેમ મીઠું સ્વાદિષ્ટ બની ગયું, મારી ભૂખ પણ મટી ગઈ, અને ભરપુર શક્તિ પણ મળી ગઈ. અમે પણ ચાલવા લાગ્યા. થોડે દૂર ગયા પછી મેં વિચાર્યું એ વનસ્પતિમાં એ તાસીર હશે જેણે સ્વાદિષ્ટ હોવા સાથે ભૂખ પણ મટાડી.



મેં ચાલતાં ચાલતાં તે જ વનસ્પતિનું તરણું ફરી ઉઠાવી મોમાં મૂક્યું તો કડવું ઝેર લાગ્યું. મેં તરત થૂંકી નાખ્યું. તે જ વખતે આપે મારા તરફ જોઈ કહ્યું, અય ઉમર ! મેં કહ્યું, જી હુઝૂર ! આપ કશું ન બોલ્યા.

અમે ચાલતા રહ્યા, એક ગામડું આવ્યું, તેના પાણીના હોજના કિનારે એક કોઢી બેઠો હતો. મેં વિચાર્યું આપ કોઢીઓને સાજા કરવાનો દાવો કરે છે તો આજે સારો મોકો છે !

એ જ વખતે શૈખે મને પૂછયું, ઉમર ! તમારા દિલમાં શો વિચાર આવ્યો છે ? મેં કહ્યું, મેં અલ્લાહ તઆલાથી દિલમાં જ દુઆ કરી કે શૈખ અકીલ મન્જી અને શૈખ મુસ્લેહાના વસીલાથી આ બીમારને તંદુરસ્ત કરી દે. આ સાંભળી આપે કહ્યું, અય ઉમર ! અમારો ભેદ કોઈના ઉપર જાહેર ન કરતા. મેં વચન આપ્યું, તો આપે હોજમાંથી વુઝૂ કર્યું, કિબ્લા તરફ મોઢું કરી બે રકાત પઢી પછી મને કહ્યું, અય ઉમર ! હું દુઆ કરું તો તું આમીન કહેજે. આપે દુઆ કરી પછી પેલા કોઢીના ઉપર જઈ હાથ ફેરવી કહ્યું, ઉઠ ! ચાલતો થા ! તરત જ તેની કોઢની બીમારી જતી રહી અને ખુશીનો માર્યો દોડતો દોડતો ગામ તરફ જતો રહ્યો. ગામમાં જઈ તે લોકોને બૂમો પાડી કહેવા લાગ્યો, હોજની પાસે બે માણસો આવ્યા છે તેમાંનો એક મારા ઉપર હાથ ફેરવતાં જ મારી બીમારી જતી રહી.

આ સાંભળી ગામના લોકો અમારા તરફ દોડતા આવવા લાગ્યા. આ જોઈ શેખે મારા ઉપર ચાદર ઓઢાડી દીધી અને તેમની નજરથી ગાયબ થઈ ગયા. થોડી જ વારમાં તો અમે એમની ખાનકાહમાં પહોંચી ગયા. *(ક઼લાઈદુલ્ જવાહિર, પેજ–૩૦૩)*

અલ્લામા શતનૂફી رحمة الله عليه લખે છે કે હઝરત શૈખ અદ્દીનો ખાદિમ કહેતો હતો કે એક વેળા હું વુઝૂ કરી રહ્યો હતો. આપે મને પૂછયું, શો ઈરાદો છે ? મેં કહ્યું, કુર્આન મજીદમાંથી તિલાવતનો વિચાર છે. અને સૂરએ ફાતેહા અને ઈખ્લાસ સિવાય બીજા કોઈ સૂરતો પઢતાં તો આવતી નથી જેથી હું કુર્આન પઢવા વિચારું છું. અને મારાથી મોઢે તો થઈ શકે તેમ પણ નથી. આપે મારી છાતી પર હાથ માર્યો તો તે જ વખતે પૂરેપૂરું કુર્આન મજીદ હિફ્ઝ (મોઢે) થઈ ગયું. મેં આપની ખાનકાહથી નીકળી પઢવાનું શરૂ કર્યું તો મને કુર્આન મોઢે હતું કોઈ જગ્યાએ પણ સહ્વ–ભૂલ

થતી ન હતી ત્યાં સુધી કે બીજા સારા સારા હાફિઝોથી વધુ સારું યાદ હતું. *(બહજતુલ અસ્રાર, પેજ–૧૫૧)*

## ★ શૈખ માજિદ કુર્દીનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૫૬૪)*

આપ ઈરાક઼ના મશહૂર બુઝુર્ગોમાંથી હતા. હઝરત ગૌષુલ આ'ઝમ સૈયદના શૈખ સૈયદ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمة الله عليهથી ખૂબ અક઼ીદત મહબ્બત ધરાવતા હતા. હઝરત શૈખુલ મશાઈખ ગૌષે પાક رحمة الله عليه પણ આપની ખૂબ તારીફ કરતા હતા.

અવલિયાએ કિરામના તસર્રુફ બાબત એવા મહાન બુઝુર્ગની શી માન્યતા હતી તે જોઈએ.

અલ્લામા તાદની લખે છે કે, આપના (શૈખ માજિદ)ના ફરઝંદ શૈખ સુલેમાન કહે છે કે, વાલિદ સાહબ (પિતાજી) પાસે એક મહેમાન હતા, ઘરમાં ખાવાની કોઈ ચીજ હાજર ન હતી. તેવામાં બીજા વીસ મહેમાનો આવી ગયા. એવા સમયે હઝરત વાલિદ رحمة الله عليهએ ખાવાનું હાજર કરવા કહ્યું, મારામાં એ હિંમત ન હતી કે હું અરજ કરું કે હઝરત ! ઘરમાં ખાવાનું કાંઈ જ નથી. હું આપના હુકમને માથે ચઢાવી રસોડામાં ગયો તો ત્યાં ભાત–ભાતનાં પકવાન હાજર હતાં જેથી બધું જ ખાવા ઉઠાવી લાવી મેં મહેમાનો સમક્ષ હાજર કર્યું. હજુ મહેમાનો ખાવાથી પરવારી રહ્યા ત્યાં તો બીજા ત્રીસ મહેમાનો આવી ગયા તેઓને જોઈને વાલિદ સાહબે ફરીથી હુકમ કર્યો, મહેમાનો માટે ખાણુ લઈ આવો ! પ્રથમની જેમ ફરી હું રસોડામાં ગયો તો ત્યાં ખાવા હાજર હતું. અમે સેવકો સાથે તે ઉઠાવી લાવ્યા અને મહેમાનને પીરસી પેટ ભરી ખવડાવ્યું. તે જ વખતે આપે બે સેવકો ઉપર નજર–દષ્ટિ ફેંકી તો તેઓ બેહોશ થઈ ઢળી પડયા તેમને ઉઠાવી બહાર મૂકી દેવાનો હુકમ કર્યો, લાકડાની જેમ ઉઠાવી એમને બહાર મૂકી દીધા. તેમનાં ઘરવાળાં તેમને લઈ ગયાં. છ મહિના પછી તેઓ બંને હાજર થયા અને આપની પાસે ક્ષમા યાચના કરી વિનંતિ કરવા લાગ્યા કે હઝરત અમારા દિલમાં શૈતાને વસવસો નાખ્યો હતો કે આ બધું જાદૂના જોરથી કરી રહ્યા છો, અમે માફી માંગીએ છીએ અમને માફ કરો. *(ક઼લાઈદુઝલ્ જવાહિર, પેજ–૩૭૬)*



અલ્લામા શતનૂફી رضي الله عنه કહે છે કે, રાવી કહે છે કે, અમારા દોસ્તોમાંથી એક માણસ હઝરત શૈખ માજિદ કુર્દી પાસે હાજર થયો અને વિનંતિ કરી કે મેં હજ્જનો ઈરાદો કર્યો છે પરંતુ મારી સાથે ન તો કોઈ ખાવા–પીવાનો સામાન લઈ જવા માગું છું ન તો કોઈનો સંગાથ લેવા માંગું છું. (ફક્ત અલ્લાહના ઉપર તવક્કલ–ભરોસો રાખી)

આપે કહ્યું, આ લોટો લઈ જા. તું વુઝૂનો ઈરાદો કરીશ તો તેમાં તને વુઝૂનું પાણી મળી રહેશે, તરસ લાગશે તો તને તેનામાંથી દૂધ મળશે, તને ભૂખ લાગી હશે તો તેમાંથી તને જવ (સત્તુ) મળશે.

એ માણસની પરિસ્થિતિ એ રહી કે હમ્દયન પહાડથી લઈ મક્કા મોઅઝ્ઝમા સુધીની સફરમાં અને જ્યાં સુધી તે હિજાઝ મુક઼દ્દસ અને અરબમાં રહ્યો અને તે પછી પરત ઈરાક઼ આવ્યો ત્યાં સુધી જ્યારે જ્યારે વુઝૂની જરૂરત પડી તે લોટાથી વુઝૂનું પાણી મળી રહેતું. પાણી પીવાનો ઈરાદો કરતો ઈરાકની ફુરાત નદીના પાણીથી પણ મીઠુ અને ઠંડુ પાણી મળી રહેતું. જ્યારે ભૂખ સંતોષવાની જરૂરત ઉભી થતી દૂધ અને મધ મળી રહેતું જે દુનિયાના મધ અને દૂધ કરતાં પણ અનેક ઘણુ સ્વાદિષ્ટ હોતું. વળી કદી કદી મીઠાં સ્વાદિષ્ટ સત્તુ (જવ) મળી રહેતાં. *(બહજતુલ અસ્રાર, પેજ–૨૬૭)*

અલ્લામા શતનૂફી رحمة الله عليه લખે છે કે આપના પુત્ર શૈખ સુલૈમાન કહે છે કે એક દિવસે મારા પિતાએ મને કહ્યું, અય સુલૈમાન ! ફલાણી પહાડીના છેડે તમે જાવ ત્યાં ત્રણ માણસો તમને મળશે. તેમને મારા સલામ કહેજો, કહેજો કે તમે લોકો જે ઈચ્છા ધરાવો છો તે તમને મળીને જ રહેશે.

મેં તેમની પાસે જઈ સલામ સાથે મારા પિતાજીનો સંદેશો પહોંચાડયો. તો તેમનામાંના એકે કહ્યું, મને દાડમ ખાવાની ઈચ્છા છે. બીજાએ કહ્યું, મારી ઈચ્છા સફરજન (એપલ) ખાવાની છે. ત્રીજાએ કહ્યું, હું દ્રાક્ષ ખાવા ઈચ્છા ધરાવું છું.

મેં મારા પિતાજીની પાસે આવી તેઓની ઈચ્છા જણાવી. તો આપે મને કહ્યું, ફલાણા ઝાડ પાસે જઈ તેનાથી જે ફળો તેઓ માંગે છે તે તોડી લો. હું તે ઝાડને જાણતો હતો તે ઘણા દિવસથી સૂકાઈ ગયેલું હતું. અમારાથી નજીક જ હતું પરંતુ હું પિતાજીની સામે તેમની વાતને રદ કરવા માંગતો ન હતો, આપના હુકમ મુજબ તે ઝાડ પાસે ગયો તો જોયું તો લીલુછમ હતું

તેના ઉપરથી દાડમ, સફરજન અને દ્રાક્ષ ત્રણે પ્રકારના બેહતરીન ફળો પણ મને મળ્યાં જે કદીય મેં એવાં બેહતરીન ફળો જોયાં ન હતાં. એ ફળો લઈ હું મારા પિતાજીની પાસે આવ્યો. આપે તે ફળો પેલા ત્રણ મહેમાનો પાસે જઈ આપવા કહ્યું. જ્યારે હું તે ફળો લઈ તેમની પાસે ગયો તો દ્રાક્ષવાળાએ દ્રાક્ષ લઈ ખાય લીધી. દાડમવાળાએ દાડમ લઈ ખાય લીધી પરંતુ સફરજનવાળાએ સફરજન ન લેતા તે મને પાછું આપ્યું. પછી તેઓ થોડાક અંતર સુધી ચાલ્યા હું તેમની સાથે હતો. પછી તેઓ હવામાં ઉડવા લાગ્યા પરંતુ જેણે સફરજન પાછું આપ્યું તે બિલ્કુલ ઉડી ન શક્યો. તેના સાથીઓ પાછા નીચે ઉતરી આવ્યા અને કહેવા લાગ્યા, અય દોસ્ત ! તેં સફરજન ખાવાનો ઈન્કાર કર્યો તેનું આ પરિણામ છે ! પછી તે ત્રણેવ ઉઘાડા માથે (આજીજીપૂર્વક) મારા પિતાની ખિદમતમાં હાજર થયા. મારા પિતાજીએ કહ્યું, અય ફરઝંદ ! મારા તરફથી તને મોકલેલ બખ્શિશ કૃબૂલ કરવામાં કઈ બાબતે રોક્યો ? તેણે જવાબ આપવાને બદલે મારા પિતાજીના હાથ અને પગ ચૂમવા લાગ્યો.

આપે કહ્યું, કાંઈ વાંધો નહીં. સુલેમાન ! તે સફરજન ક્યાં છે ? લાવ ! મેં હાજર કર્યું. આપે તેના ટુકડા કર્યા, એક આપે ખાધો એક મને ખાવા આપ્યો અને એક એક તે ત્રણેવને ખવડાવ્યા. પછી તે માણસના ખભાઓને પોતાના હાથ વડે ધક્કો માર્યો તો તે પણ પોતાના સાથીઓ સાથે તીરની જેમ ઉડી ગયો.

મેં મારા પિતાજીને એમના વિશે પૂછયું તો કહ્યું, તેઓ રિજાલુલ ગૈબ છે તેઓ હમેશાં સફરમાં જ રહે છે. *(બહજતુલ અસ્રાર, પેજ–૧૬૭)*

હઝરત માજિદ કુર્દી رحمۃ اللہ علیہએ આ પ્રસંગ વર્ણવી પોતાનો અક્રીદો અને ઈખ્તેયાર સાબિત કરી આપ્યો કે અલ્લાહે મને કાઈનાતમાં તસર્રુફનો ઈખ્તેયાર (પાવર) આપેલો છે.

## ★ શૈખ મોહીયુદ્દીન ઈબ્ને અરબી رحمۃ اللہ علیہનો અક્રીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૬૩૮)*

આપના ખિર્કા (ખિલાફત)ની નિસ્બત (સંબંધ) ફક્ત એક જ વાસ્તાથી હુઝૂર સૈયદના સૈયદ શૈખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہથી મળે છે.



લગભગ ૨૫૦ જેટલી કિતાબો આપે લખી છે. હઝરત સૈયદના શૈખ શહાબુદ્દીન સોહરવર્દી رحمۃ اللہ علیہથી આપના વિષયમાં પૂછવામાં આવ્યું તો કહ્યું કે, *હોવ બહરુલ હક્રાઈક્*. અર્થાત એઓ હક્રીકતોના દરિયા હતા. *(નફહાતુલ ઉન્સ, પેજ–૮૦૧)*

હઝરત અલ્લામા જામી رحمۃ اللہ علیہ લખે છે કે, ફુતૂહાતે મક્કિયામાં શૈખ અકબર લખે છે કે, હિ.સ. ૫૩૬નું વર્ષ હતું. અમારી મજલિસમાં એક આલિમ આવ્યો જે તત્વજ્ઞાની વિચારોને માનનારો હતો અને નબુવ્વતને જે રીતે મુસલમાન માને છે તે માનતો ન હતો. કરામતો અને મો'જિઝાને બિલ્કુલ માનતો ન હતો. ઠંડીની ઋતુ હતી અમારી મજલિસમાં ઠંડીથી બચવા ધુણી સળગતી રહી હતી. આગ જોઈને તેણે કહ્યું કે, હઝરત ઈબ્રાહીમ علیہ السلامને આગમાં ફેંકવામાં આવ્યા પરંતુ તેઓને આગ કશું જ નુકસાન ન પહોંચાડી શકી. પરંતુ એ અસંભવિત વાત છે કારણ કે આગનું કામ બાળવાનું છે જે ચીજ આગમાં બળવાનો ગુણ ધરાવતી હોય તે જરૂર બળવાની જ છે અને માણસ તેનાં કપડાં વગેરેમાં બળવાનો ગુણ મૌજૂદ છે.

સાથે જ તેણે કુર્આન વિશે પોતાની ફિલસૂફીની વાતો કરતાં કહ્યું કે કુર્આનમાં નમરૂદની આગમાં બળવાનો મતલબ નમરૂદની ગુસ્સારૂપી આગ છે અને હઝરત ઈબ્રાહીમ علیہ السلامને નુકસાન ન થવાનો મતલબ નમરૂદના ગુસ્સાની કોઈ અસર ન થઈ કારણ કે હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ પોતાની દલીલોથી તેને ચૂપ કરી દીધો હતો.

જ્યારે પેલો ફિલોસોફર આલિમ બોલી રહ્યો તો મજલિસમાં હાજરજનોએ ખ્યાલ કર્યો કે હું (શેખ અકબર) જરૂર કાંઈક કહીશ. જેથી મેં તેને કહ્યું, ''તું એ કુર્આની વાકેઆનો ઈન્કાર કરે છે ! હું તને એ વાત બતાવું છું કે જેનાથી તું જે મો'જિઝાનો ઈન્કાર કરે છે તેનાથી યક્રીન કરતો થઈ જાય, બાકી મારી બુઝુર્ગી બતાવવાનો મક્સદ નથી.''

તેણે કહ્યું, પરંતુ આગનું કામ આગ કરવાની જ, એનાથી વિરુદ્ધ કશું જ શક્ય નથી.

મેં કહ્યું, આ સગડી–ધૂણીમાં તે જ આગ છે જેના વિશે તું કહે છે કે એની ખાસિયત જ છે બાળવાની.

તેણે કહ્યું, "હા !" એમાં બાળવાની ખાસિયત છે જ. તરત જ મેં સગડી ઉઠાવી તેની અંદરની આગ તેના કુર્તાના આગલા ભાગમાં નાખી દીધી અને મારા હાથથી તેને ઉપર નીચે કરતો રહ્યો. પરંતુ તેના કુર્તાના કપડાને કે મારા હાથને જરા પણ નુકસાન ન થયું. પછી મેં કહ્યું, તારો હાથ પણ અંદર નાંખ. તેણે હાથ નાખતાં દાઝી ગયો. તો મેં તેને કહ્યું, હવે તો તું સમજી ગયો હશે કે આગમાં શક્તિ બાળવાની તો છે જ પરંતુ બાળવું કે ન બાળવાનું તે ફક્ત અલ્લાહના હુકમ પર જ આધાર રાખે છે. જે અલ્લાહે એને બાળવાની ખાસિયત આપી છે તે જ અલ્લાહ એને ન બાળવાનો હુકમ આપી એની એ શક્તિ છીનવી લે છે. તત્વજ્ઞાનીએ પોતાની હઠધર્મી છોડી અને ઈમાન લઈ આવ્યો. *(નફહાતુલ ઉન્સ, પેજ–૮૧૦)*

હઝરત શૈખ અકબર رحمۃ اللہ علیہ એ ફુતૂહાતે મક્કિયામાં આ બનાવને લખી દુનિયાવાળાઓ સમક્ષ પોતાનો અકીદો જાહેર કરી આપ્યો કે, અલ્લાહ તઆલાએ મને એ ઈખ્તેયાર આપેલો છે કે, આગ પણ મારા કાબૂમાં છે અને તે મારી ઈચ્છાને અનુસરે છે.

હઝરત અલ્લામા જામી رحمۃ اللہ علیہ બીજે ઠેકાણે લખે છે કે, શૈખ ઈબ્ને અરબી કહે છે કે મારા એક મામા તલમ્સાનના બાદશાહ હતા, એમનું નામ યહ્યા હતું. એમના સમયમાં શૈખ અબ્દુલ્લાહ તોંસી નામના બાદયાનશીન (જંગલમાં રહેનાર) હતા. તેમણે લોકોથી પોતાનો સંપર્ક તોડી ફક્ત ઈબાદતની ગરજથી જંગલમાં રહેવાનું શરૂ કર્યું હતું. પોતાનો તમામ ટાઈમ ફક્ત ઈબાદતમાં જ ગુજારતા હતા. એક વેળા બાદશાહ યહ્યા તલ્મસાનથી પોતાના સૌનિકો સાથે જંગલના રસ્તે જઈ રહ્યા હતા. શૈખ અબ્દુલ્લાહથી મુલાકાત થઈ ગઈ. સાથીઓએ કહ્યું, બાદશાહ સલામત ! એ શૈખ અબ્દુલ્લાહ તોંસી છે. બાદશાહે ઘોડાને પાછો પરત લાવી તેમને સલામ કરી કહ્યું, શૈખ સાહબ ! જરા મને બતાવશો કે મેં આ જે કપડાં પહેરેલાં છે તેમાં નમાઝ જાઈઝ છે કે નહીં ? (તે વખતે બાદશાહે ખૂબ જ ઉચ્ચ પ્રકારનો પહેરવેશ પહેરેલો હતો.) શૈખ આ સવાલ સાંભળી હસવા લાગ્યા, યહ્યા બાદશાહે કહ્યું, આમાં હસવાની શી વાત છે ?

શૈખ અબ્દુલ્લાહે કહ્યું, મને તમારી સાદગી અને મૂર્ખાઈ પર હસવું આવી રહ્યું છે. કેમ કે તમારી હાલત તો એક કૂતરાની જેમ છે કે મુરદાર, ગંદકી



ખાયને તો એનું પેટ ભરેલું છે પરંતુ જ્યારે એને પેશાબની જરૂરત પડે છે તો તે એક પગ ઉંચો કરી પેશાબ કરે છે કે ક્યાં પેશાબના છાંટા એના ઉપર ન પડી જાય. બસ તમારી હાલત પણ એના જેવી જ છે કે તમારું પેટ પણ હરામની રોજી ખાયને ભરેલું છે, લોકોની ગરદનો ઉપર બેશુમાર જુલ્મોની તલ્વાર લટકાવી રહ્યા છો અને પછી પૂછો છો કે આ કપડામાં નમાઝ જાઈઝ છે કે નહીં ?

બાદશાહ યહ્યા આ સાંભળી રડી પડયા. ઘોડા ઉપરથી નીચે ઉતરી આવ્યા અને શૈખના હાથ પર તૌબા કરી, સલ્તનત છોડી ખાદિમ બની સાથે રહેવા લાગ્યા. ત્રણ દિવસ પૂરા થયા ત્યાં હઝરત શૈખે કહ્યું, યહ્યા ! મહેમાનીના ત્રણ દિવસ પૂરા થયા. લો આ દોરડું લાકડાં લાવો અને તેને વેચો. એમણે દોરડું લઈ લાકડાંની ભારીઓ ઉઠાવી વેચવાનું શરૂ કર્યું. એમની પબ્લિકમાંથી બાદશાહને આ રીતે જોતાં કેટલાક રડવા લાગ્યા, પરંતુ એમણે તેની કોઈ પરવા ન કરી, એઓ લાકડાં વેચી ગુજરાન ચલાવતા. વધારાની કમાય દરરોજ સદકો કરી આપતા. એ હમેશાં પોતાના જ શહેરમાં રહ્યા ત્યાં સુધી કે એ જ હાલતમાં અલ્લાહને પ્યારા થયા. *(નફહાતુલ ઉન્સ, પેજ–૮૧૨)*

શૈખ અકબર મોહીયુદ્દીન ઈબ્ને અરબી رحمۃ اللہ علیہ એ આ બનાવ પોતાની કિતાબ ફુતૂહાતે મક્કિયામાં લખી પોતાનો અકીદો સાબિત કરી આપ્યો કે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ બંદાઓની ઝબાનમાં તસર્રુફની એ તાકાત આપેલી છે કે, તે ચાહે તો બાદશાહને પણ કથિયારો બનાવી દે છે.

અને હઝરત અલ્લામા નબ્હાની رحمۃ اللہ علیہ લખે છે કે, અલ્લામા સિરાજુદ્દીન કહે છે કે અમોને આ બનાવ શૈખ સાલેહ હૈદર બિન અબુલ હુસૈન જાફરી બગદાદીએ કહ્યો, એમને સૈયદ ઝૈનુદ્દીન હુસૈની હલબીએ અને એમને શૈખ અઝુદ્દીન દામગાની ખુરાસાનીએ કહ્યો જેઓ એક મહાન આલિમે બાઅમલ હતા. તેઓ કહે છે કે શૈખ ઈબ્ને અરબીનો એક ખુરાસાની માણસ દુશ્મન હતો. હમેશાં આપની બુરાઈ કરતો રહેતો, ત્યાં સુધી દુશ્મની ધરાવતો કે જે કોઈપણ શૈખ સાહબથી મહોબ્બત જાહેર કરતો તો તેને ઈજા (તકલીફ) પહોંચાડવામાં કસર ન છોડતો. એ વિષયમાં તે કોઈપણ બાબતની પરવા ન કરતો. લોકોએ હઝરતથી તેની તકલીફોની

ફરિયાદો કરી કહ્યું, હઝરત હવે તો હદ થઈ, સબ્રની પણ કોઈ હદ હોય છે, હવે તો તમારે એનો ફેંસલો કરવો જ પડશે. આખરે વાત ત્યાં સુધી પહોંચી કે અલ્લાહે હઝરત શૈખને એના ફેંસલા માટે ઈખ્તેયાર આપી દીધો.

એક દિવસ આપે એક આદમીને બોલાવી કહ્યું, આવા પ્રકારની એક મોટી છરી (અમુક નિશાની બતાવી) લાવી આપ. તે માણસે તેવા પ્રકારની જેવી હઝરતે નિશાનીઓ બતાવી મંગાવેલી તે છરી લાવી આપી. પછી આપે એક કાગળનો ટુકડો જે માણસની આકૃતિ જેમ કાપેલો લઈ તેને છરાથી કાપી નાંખ્યો અને કહ્યું, મેં પેલા ખુરાસાનીને કાપી નાંખ્યો જે આપણા ઉપર જુલ્મ કર્યા કરતો હતો. અને મેં એના ઘરની દિવાલ સાથે પુલ જેવી બનાવટનો જે ભાગ હતો તેને ઉઠાવી તેની નીચે છરાને મૂકી દીધો છે. એ એટલા ભારે વજનવાળો છે કે ઓછામાં ઓછા વીસ માણસો એને ઉંચકવા જોઈશું, મેં છરા ઉપર લખી નાખ્યું છે કે આ માણસને મોહીયુદ્દીન ઈબ્ને અરબીએ ક઼ત્લ કર્યો છે.

હાજરજનોમાંથી અમુક લોકોને શૈખની આ વાતો પર શંકા ગઈ તો તેઓ ખુરાસાન ગયા, તપાસ કરતાં લોકોએ કહ્યું કે એ આદમીને તો ફલાણા દિવસે ફલાણા સમયે કોઈએ ક઼ત્લ કરી નાખ્યો છે. લોકોએ બતાવેલો સમય અને દિવસ તે જ હતો જે દિવસે હઝરત શૈખે મજલિસમાં વાત કરી હતી. તપાસ કરવા જનારાઓ લોકોને હઝરત શૈખની મેહફિલની બધી ઘટના કહી તેના ઘરના દિવાલની પુલ જેવી છત હતી તે ઉઠાવતાં છરો મળ્યો અને તેના ઉપર લખેલું હતું કે, ''આ માણસને મોહીયુદ્દીન ઈબ્ને અરબીએ ક઼ત્લ કર્યો છે.'' આથી ઘણાય તે વ્યક્તિઓ કે જેમના ઉપર તેના ખૂનનો આરોપ હતો તેઓ બચી ગયા અને આપે મેહફિલમાં કરેલી વાતોની સચ્ચાઈ પણ સાબિત થઈ. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૫૪૬)*

ઉપરોક્ત ઘટનાના આધારે સેંકડો કિલોમિટર દૂર ખુરાસાનમાં રહેતા ગુસ્તાખને હઝરત શૈખે પોતાની ખાનકાહમાં રહી ક઼ત્લ કરી એ અક઼ીદો સ્પષ્ટ કરી દીધો કે અલ્લાહ તઆલાએ મને તે શક્તિ આપી છે કે જેને સાંભળી માણસની બુદ્ધિ પણ બહેર મારી જાય છે.

અને હઝરત અલ્લામા નબ્હાની رحمۃ اللہ علیہ લખે છે કે, હઝરત ઈમામ શઅરાની رحمۃ اللہ علیہ કહે છે કે, મને મારા ભાઈ શૈખ સાલેહ અલ્હાજ અહમદ



હલબી رحمۃ اللہ علیہએ કહ્યું કે, મારું મકાન એમના મઝાર શરીફની બિલ્કુલ પાસે જ હતું, મઝાર જોઈ શકાતું હતું, એક દિવસ એક માણસ એમના મઝારના તાબૂત (ક઼બ્રનો ઉપરનો ભાગ)ને બાળવા માટે આવ્યો. હજુ તે ક઼બ્રથી ૮–૯ મીટર દૂર હતો કે જમીનમાં ધસવા લાગ્યો, ત્યાં સુધી કે મેં સ્પષ્ટ જોયું કે મારી નજર સામે જ જમીનમાં દટાઈ ગાયબ થઈ ગયો. રાત્રે એમના ઘરવાળાંએ ઘરે પાછો ન આવતાં શોધખોળ શરૂ કરી. મેં જોયેલો બનાવ તેમને કહ્યો તો તેઓ મારી બતાવેલી જગાએ ખોદવા લાગ્યા, ત્યાં સુધી કે ખોદતાં ખોદતાં તેનું માથુ દેખાયું, પરંતુ તે લોકો જેમ ખોદતા તેમ માથુ નીચે ઉતરતું જતું. છેવટે તેઓએ થાકી–હારીને માટી નાખીને દાટી દીધો. *(જામેઅ કરામાતે અવલિયામાંથી, પેજ–૫૪૬)*

આ બનાવથી હઝરત શૈખ મોહીયુદ્દીન ઈબ્ને અરબી رحمۃ اللہ علیہએ સ્પષ્ટપણે સાબિત કરી આપ્યું કે મૃત્યુ બાદ પણ મારી પાસે તસર્રુફની શક્તિ છે જે અલ્લાહ તઆલાએ અતા કરી છે.

## ★ સમયના ગૌષ અને સાલિકોમાં કુ઼તુબ હઝરત અબ્દુલ અઝીઝ દબ્બાગ رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

આપ અવલિયાએ કિરામ વિશે લખે છે કે, ''અવલિયા અલ્લાહને તમામ કાઈનાતમાં સિફલી અને ઉલવી (ઠેઠ નીચેની ઉપર સુધી) તસર્રુફની શક્તિ મળી હોય છે. ત્યાં સુધી કે, સત્તર હિજાબાત (ગૈબના સત્તર પર્દાઓ) અને તેથી પણ ઉપર સુધી આ તે જ લોકો છે જેમને દુનિયા અને દુનિયાના લોકો તેમજ તેમના દિલના વિચારો ઉપર પણ તસર્રુફનો ઈખ્તેયાર હોય છે. જે કોઈના દિલમાં ખ્યાલાત આવજા કરે છે તે તેમના તસર્રુફની ઈજાઝતથી જ પ્રવેશે છે. (رضوان اللہ تعالٰی علیہم اجمعین)

અને અલ્લામા હાફિઝુલ હદીષ અહમદ સલ્જમાસી رحمۃ اللہ علیہ લખે છે કે, મેં મારા શૈખ મુર્શિદ ગૌષે ઝમાં સૈયદી અબ્દુલ અઝીઝ દબ્બાગ رحمۃ اللہ علیہથી પૂછયું કે, ''ઉલમાએ ઝાહિર, મુહદ્દિષો વગેરેમાં ઉલૂમે ખમ્સા (પાંચ ઈલ્મ)માં ઈખ્તેલાફ જોવા મળે છે. આલિમોનું એક ગૃપ કહે છે કે, નબીએ કરીમ ﷺને એ પાંચ બાબતોનો ઈલ્મ હતો, તો બીજું ગૃપ તેને નકારે છે, એમાં સાચું શું છે ?'' આપે કહ્યું, નબીએ કરીમ ﷺથી એ પાંચ

વાતોનો ઈલ્મ કેવી રીતે છુપો રહી શકે છે ! જ્યારે કે આપની શરીફ ઉમ્મતના જે અહલે તસર્રુફ વ્યક્તિઓ (બુઝુર્ગો) છે (જેઓ દુનિયામાં તસર્રુફ કરે છે) તેઓ તસર્રુફ કરી જ નથી શક્તા જ્યાં સુધી કે એ પાંચ વાતોનો ગૈબી ઈલ્મ તેઓ જાણી ન લે. *(અબરેઝ શરીફ, પેજ–૨૮૩)*

ઉપરોક્ત બયાનથી હઝરત ગૌષુલ આ'ઝમ અબ્દુલ અઝીઝ દબ્બાગે رحمۃ اللہ علیہ પોતાનો અક઼ીદો જાહેર કરી આપ્યો કે, અવલિયાએ કિરામને અલ્લાહે સફલી અને ઉલૂવી તમામ કાઈનાતમાં તસર્રુફનો ઈખ્તેયાર આપી દીધો હોય છે, ત્યાં સુધી કે માણસોના દિલમાં ગુજરતા ખ્યાલાત પર પણ તસર્રુફ હોય છે. વળી ત્યાં સુધી કહી દીધું કે ઉલૂમે ખમ્સા (પાંચ વાતોનો ગૈબી ઈલ્મ) પણ તેમને મળેલો હોય છે તેના વિના તેઓ દુનિયા–જહાંમાં તસર્રુફ કરી જ શકતા નથી.

અલ્લામા નબ્હાની કહે છે કે, હઝરત અબ્દુલ અઝીઝ દબ્બાગ رحمۃ اللہ علیہના શાર્ગિદ (વિદ્યાર્થી) અબ્રેઝના લેખક અલ્લામા ઈબ્ને મુબારક رحمۃ اللہ علیہ એ લખ્યું કે, ષિક઼હ ફક઼ીહ સદુક સૈયદી અલી બિન અબ્દુલ્લાહ સબાગીએ કહ્યું કે, સૈયદી અબ્દુલ અઝીઝ દબ્બાગની પહેલી જ વાર ઝિયારતનો મને મોક઼ો મળ્યો, વિદાયના સમયે હઝરતે મને કહ્યું, તમે એક ઘેટો લઈ આવજો, ઈદ તેનાથી થશે, મેં કહ્યું, જરૂર ઈન્શાઅલ્લાહ !

જ્યારે ઈદ નજીક આવી મેં બે ઘેટાઓ ખરીદયા. મેં જે દિવસે આ ઘેટાઓ ખરીદયા હતા તે જ દિવસે મારો એક દોસ્ત હઝરતની ખિદમતમાં હાજર હતો. મારા દોસ્તનું ઘર મારા ઘરથી બે દિવસના અંતરે હતું અને ત્યાંથી બે દિવસના અંતરે હઝરતની ખાનકાહ હતી. હઝરતે તેને કહ્યું કે, અલી બિન અબ્દુલ્લાહ તારી પાસે બે ઘેટા (દુમ્બા) લઈને આવશે. એમાંથી એક તું લે જે જેનાથી ઈદ મનાવજે અને બીજો મારી પાસે લઈ આવજો.

જ્યારે હું મારા દોસ્તના ઘરે પહોંચ્યો તો તેણે હઝરતે કહેલી વાત મને કહી, મને ખબર હતી કે હઝરતના ખાસ ખાદિમોમાંથી એ ગણાતો વળી હઝરત એનાથી ખૂબ પ્રેમ–મહોબ્બત ધરાવતા એટલે એની એ વાત માની લેવામાં મને જરા પણ શંકા જેવું ન હતું. મેં કહ્યું, બેમાંથી જે જોઈએ તે લઈ લો. એક એને આપી બીજો લઈ હઝરતની ખિદમતમાં હાજર કરવા ચાલ્યા. અમે સવારી પર હતા એટલે ચિંતિત હતા કે હઝરતની ખાનકાહ



સુધી આ ઘેટો કેવી રીતે પહોંચાડીશું ? સાથીઓમાં મારો મતરાઈ ભાઈ હતો, તેને પગપાળા ઘેટો લઈને આવવાનું કહીને અમે સવારી પર જલ્દી આગળ નીકળી ગયા. અમે હઝરતની ખિદમતમાં પહોંચી ગયા બીજે દિવસે ભાઈ ઘેટો લઈ પહોંચ્યો, હઝરતે તેને જોઈ કહ્યું, તું અમારી પાસે ઘેટો લાવ્યો, અમે તને ઔલાદમાં છોકરો આપ્યો. મેં (અલી અબ્દુલ્લાહે) કહ્યું, હુઝૂર ! એના ઘેર ઔલાદ નથી એને જરૂરત છે જ.

હઝરત અલી અબ્દુલ્લાહ કહે છે કે મારા ભાઈના ઘેર પંદર વર્ષ શાદીનો વીતી ગયો છતાં ઔલાદ ન હતી એને ઔલાદની તમન્ના પણ હતી. એની ઔરત પણ એને કદી કદી વાંઝિયો કહી ટોણા મારતી.

ઘેટાને એક તરફ બાંધી દીધો. હઝરત અબ્દુલ અઝીઝ દબ્બાગ رحمۃ اللہ علیہ અમને એક ખાસ ઓરડામાં લઈ ગયા. રાત્રિનો સમય હતો, દીવાના અજવાળે મારા ભાઈને જ્યારે એમણે જોયો તો કહેવા લાગ્યા ''મારી પાસે આવ'' ભાઈ નજીક ગયો તો તેની પેશાની જોઈ કહ્યું, ''તારી પાસે તો મોટો તાજો છોકરો લખેલું જોઉં છું.'' આ શબ્દો ત્રણવાર બોલ્યા, થોડીવાર પછી ફરી મારા ભાઈને સંબંધી કહ્યું કે, પેદા થનાર છોકરાનું નામ શું રાખીશ ? ભાઈએ કહ્યું, હઝરત આપ કહેશો તે જ રાખીશ. આપે કહ્યું, રેહાલ નામ રાખજે. (રેહાલનો અર્થ ચાલનાર થાય)

સૈયદી અલી અબ્દુલ્લાહ કહે છે કે, ''રિહાલ'' નામ અમારા માટે તદ્દન અજુગતુ અને અજાણ જેવું હતું. બાપ દાદાઓમાં પણ કોઈનું એવું નામ ન હતું. હાજરજનોમાંથી કેટલાકે અરજ કરી, હુઝૂર ! આવું નામ શા માટે ? હઝરતે કહ્યું, મારી સમજમાં આ જ નામ આવી રહ્યું છે.

સૈયદી અલી અબ્દુલ્લાહ કહે છે કે જ્યારે અમે ઘેર પહોંચ્યા તો જાણ્યું કે ભાભી હામેલા છે, હાંલાકે એ પહેલાં ખાનદાનમાં કોઈને જાણ ન હતી. જ્યારે છોકરો પેદા થયો તો હઝરાતના હુકમ મુજબ ''રિહાલ'' નામ રાખ્યું. લોકોને નવાઈ લાગતી કે આવું નામ કેમ રાખ્યું ?! મને પૂછતા તો હું કહેતો કે હઝરત શૈખે અબ્દુલ અઝીઝ દબ્બાગે કહ્યું છે કે, ''આ છોકરો થોડા સમય પછી ચાલ્યો જશે એટલે મેં આ નામ તજવીજ કર્યું છે.'' થયું પણ એમ જ કે થોડા દિવસ જીવતો રહી એ મૃત્યુ પામ્યો.

હઝરત સૈયદી અલી અબ્દુલ્લાહ કહે છે કે, છોકરાના મૃત્યુ પછી હઝરત શૈખ અબ્દુલ અઝીઝ દબ્બાગે رحمۃ اللہ علیہ મારા ભાઈને કહ્યું, પહેલાં સફરમાં અમે તને રિહાલ (ચાલી જનાર) આપ્યો હતો પણ હવે આ સફરમાં તને એવો છોકરો મળશે કે તે તારી પાસે રહેશે અને તને ચાલ્યા જવાનો રંજ નહીં પહોંચાડે. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૧૮૩/૧૮૨)*

ગૌષેઝમાં હઝરત સૈયદના અબ્દુલ અઝીઝ દબ્બાગ رحمۃ اللہ علیہ એ ઘેટા પહોંચાડવા સમયે કહ્યું, અમે તને બાળક આપીશું અને વળી બીજી સફરમાં ફરી કહ્યું, અમે તને પહેલીવાર રિહાલ આપ્યો હતો પરંતુ આ સફરમાં તને એવો પુત્ર આપીશું કે તારી પાસે રહેશે તે તને છોડી ચાલી જશે નહીં.

ઉપરોક્ત બનાવથી પોતાનો અક઼ીદો સ્પષ્ટપણે જાહેર કરી આપ્યો કે, અલ્લાહે મને છોકરો આપવાની (ઔલાદ આપવાની) શક્તિ પણ આપી છે. જો આ પ્રમાણે માન્યતા ન હોત તો કદી પણ આપ આવું ન કહેતા.

અને અબરેઝ કિતાબના કર્તાનું આ બનાવનું અક્ષરસઃ વર્ણન કરવું એ વાતનો પુરાવો છે કે તેઓ પણ એ માન્યતા–અક઼ીદો ધરાવતા હતા કે અલ્લાહ તઆલા પોતાના બંદાઓને (પુત્ર, પુત્રી) અવલાદ આપવાની શક્તિ પણ આપે છે અને અલ્હમ્દુલિલ્લાહ ! અમે અહલે સુન્નત પણ આ જ અક઼ીદો રાખીએ છીએ.

## ★ સુલ્તાનુલ મુર્શિદીન ખ્વાજા ઉષ્માની હારૂની رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૬૧૭)*

આપ સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના પીરો મુર્શિદ છે. શરીઅત અને તરીક઼તમાં આપ મહાન આલિમ સાથે મહાન અવલિયા અલ્લાહ (અવતાદ, અબ્દાલ)ના પણ સરદાર હતા. હારૂન એક ગામનું નામ છે જે નીશાપુર એરિયામાં આવેલું છે. આપ ત્યાંના રહીશ હોવાને કારણે હારૂનીથી જાણીતા થયા. આપનો મઝાર મુબારક મક્કા શરીફમાં મસ્જિદે જિનની નજીક હતો તે વહાબી–નજદી (બદ્બખ્ત) ગવર્નમેન્ટે તોડી રોડમાં લઈ લીધો.

હઝરત ખ્વાજા અમીર ખુર્દ કિરમાની નિઝામી (સિયરુલ અવલિયાના લેખક) લખે છે કે, શૈખુલ ઈસ્લામ હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી



અજમેરી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, હું સતત એક લાંબા સમય સુધી હઝરત પીરો મુર્શિદ ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ સાથે સફરમાં હતો. એક વખતે અમે દજલા નદી કિનારે પહોંચ્યા, આકસ્મિક રીતે તે દિવસે કોઈ નાવડી જ ત્યાં ન હતી. ખ્વાજા સાહેબે (હારૂની) મને કહ્યું, મોઈનુદ્દીન ! આંખો બંધ કરો ! મેં આંખો બંધ કરી. જ્યારે મેં ખોલી તો જોયું કે પીરો મુર્શિદ સાથે અમે નદીના બીજે કાંઠે હતા. *(સૈરુલ અવલિયા, પેજ–૧૦૭)*

હઝરત ખ્વાજા અમીર ખુર્દ કિરમાની رحمۃ اللہ علیہ કહે છે કે, એક દિવસ એક વૃદ્ધ માણસ ઘણી જ પરેશાન હાલતમાં આપની પાસે આવ્યો, હઝરત ખ્વાજા ઉષ્માની હારૂની رحمۃ اللہ علیہએ એને પૂછયું, શા કારણે તું પરેશાન છે ! તેણે કહ્યું, હઝરત ! ચાલીસ વર્ષથી મારો છોકરો ખોવાયેલ છે તેનો કોઈ જ અત્તો–પત્તો નથી કે તે જીવે છે કે મૃત્યુ પામ્યો છે ! જેથી આપની સેવામાં હાજર થયો છું કે દુઆ કરો કે મારો છોકરો મળી જાય. આપે મુરાકેબો કર્યો અને થોડીકવાર પછી મુરાકેબામાંથી માથુ ઊંચું કરી કહ્યું, હાજર સાથીઓ ! આપણે બધા સાથે મળી આ માણસનો છોકરો મળી જાય તે નિય્યત કરી ફાતેહા પઢીએ. બધા ફાતેહા પઢી રહ્યા, પછી આપે તે વૃદ્ધને કહ્યું, જાવ ! છોકરો ઘેર આવી ગયો હશે.

વૃદ્ધ ઘેર આવ્યો તો ઘેર આવતાં મહોલ્લાના લોકોએ અવર–જવર કરતાં તેને મુબારકબાદી આપવા માંડી. વૃદ્ધ ઘરમાં આવ્યો તો તેની ખુશીનો પાર ન રહ્યો. બાપ–બેટાની મુલાકાત થઈ. વૃદ્ધ તેને લઈ હઝરતની સેવામાં હાજર થયો, બંનેવે આપને કદમબોસી કરી. વૃદ્ધે કહ્યું, હુઝૂર ! આપના ગુલામનો આ છોકરો આપની દુઆથી સેવામાં લઈને આવ્યો છું. હઝરતે તેને પૂછયું, અત્યાર સુધી તું ક્યાં હતો ?

છોકરાએ કહ્યું, દયાવાન નદીના એક ટાપુમાં મને કેદ કર્યો હતો. મને સાંકળોથી બાંધી રાખેલો હતો. આજે પણ હું એ જ હાલતમાં ત્યાં હતો કે એક દુરવેશ જે બિલ્કુલ આપની શક્કલ–સૂરતના આવ્યા, તેમણે મારી સાંકળો પર હાથ મૂકતાં તે તૂટી ગઈ. પછી તેમણે તેમની પાસે ઊભો રાખી કહ્યું, મારી પાછળ પાછળ ચાલ. થોડાં ડગલાં તેમની પાછળ ચાલ્યો ત્યાં તેમણે કહ્યું, આંખો બંધ કરી લો. મેં આંખો બંધ કરી. જ્યારે મેં આંખો ખોલી તો જોઉં છું કે હું મારા ઘરના દરવાજા પાસે છું. *(સિયરુલ અવલિયા, પેજ–૧૦૮)*

હઝરત મીર અબ્દુલ વાહિદ બેલગરામી رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૧૦૧૭) ફર્માવે છે કે, હઝરત ખ્વાજા ઉષ્માની હારૂની رحمۃ اللہ علیہ પોતાના મકાનમાં હતા ત્યાં ૭૯ કાફિરોએ નક્કી કર્યું કે અડધી રાત્રે એમના ઘેર જઈ આપણે કહીએ કે, ''અમે ભૂખ્યા છીએ હઝરત ! અમોને ખાણુ આપો. અમારી દરેકને અલગ થાળીમાં જુદી જુદી વાનગી જોઈએ.'' જ્યારે એ લોકો હઝરતના ઘેર આવ્યા તો હઝરતે કહ્યું, અય આદમ અને હવ્વાના ફરઝંદો ! બેસો અને તમારા હાથ ધોઈ લો. પછી આપે ''બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ'' પઢીને આકાશ તરફ હાથ ઉઠાવ્યા અને ગૈબથી એમને મળતી વાનગીઓની થાળીઓ જેવી કે તેઓ એ ખાનગીમાં સલાહ મશ્વેરાથી વિચારેલી તેવી લઈ લઈને એક પછી એક આપવાનું શરૂ કર્યું, કાફિરો પણ પોતાની આંખોથી જોઈ રહ્યા હતા કે ખાવા ગૈબથી આવી રહ્યું છે.

જ્યારે તેઓ ખૂબ પેટ ભરી ખાય રહ્યા તો આપે કહ્યું, અલ્લાહની નેઅમતો ખાઓ અને તેના ઉપર ઈમાન લાવો !

કાફિરોએ કહ્યું, અમે તમારા ખુદા તથા રસૂલ પર ઈમાન લાવી મુસલમાન બની જઈએ તો શું તે અમોને તમારા જેવા બનાવી દેશે !

આપે કહ્યું, તેની કુદરત–તેની શક્તિ સામે હું નાચીઝ શી ગણત્રીમાં ! મારા કરતાં હજાર દરજે વધુ સારા પણ તમને બનાવી શકે છે. તેઓ ત્યાં જ ઈમાન લાવી મુસલમાન થઈ ગયા. આપનાથી બયઅત (મુરીદ) થઈ આપની સંગતમાં જ રહેવા લાગ્યા. અને મહાન વલીના દરજ્જે પહોંચી ગયા, ત્યાં સુધી કે તે દરેકની નજર અર્શથી લઈ તહતુષ્ષરા (જમીનના પેટાળથી પણ નીચે) સુધી જોઈ શકતી. *(સબએ સનાબિલ, પેજ–૪૩૧)*

હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہએ ઉપરોક્ત બનાવોના આધારે એ સ્પષ્ટ જાહેર કરી આપ્યું કે અલ્લાહ તઆલાએ અમોને આલમમાં તસર્રુફનો પાવર–ઈખ્તેયાર આપેલો છે.

## ★ સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા મોઈનુદ્દીન અજમેરી رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૬૩૩)*

આપ પૂર્વના એશિયાઈ દેશોના મહાન અવલિયાએ કિરામના સરદાર



અને સિલસિલએ ચિશ્તિયાના સ્થાપક છે. આપ હનફી સુન્ની મઝહબ ધરાવતા હતા. ૧૪ મી રજજબ હિ.સ. ૫૨૯માં ખુરાસાનમાં આપનો જન્મ થયો હતો. આપના પિતાનું નામ સૈયદ ગ્યાસુદ્દીન છે આપ હુસૈની સૈયદ હતા. માંનુ નામ માહેનૂર હતું જે હસની સૈયદ હતાં. (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ)

૯ વર્ષની ઉંમરમાં આપે કુર્આન હિફ્ઝ (કંથસ્થ) કરી લીધું હતું. ૧૪ વર્ષની ઉંમરમાં આલિમનો અભ્યાસ સંપૂર્ણ કરી લીધો. લગભગ ૨૦ વર્ષની ઉંમર સુધી દીની તા'લીમ લેતા રહ્યા.

રાજકિય ઉથલપાથલથી કંટાળી આપના પિતા કુટુંબ કબીલા સાથે ઈરાક઼ ચાલી ગયા. ખ્વાજા સાહબની ઉંમર ૧૫ વર્ષની હતી ને પિતા ઈરાક઼માં અલ્લાહને પ્યારા થઈ ગયા. اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ

વાલિદ સાહબ (પિતાજી)ના વિસાલ પછી અમ્મા સાહેબા સાથે આપ ફરી ખુરાસાન જતા રહ્યા. વારસામાં આપને એક બાગ અને પવનક્કી મળી હતી જેની આવકથી ગુજરાન ચલાવતા હતા.

એક દિવસ ખ્વાજા સાહબ બાગમાં હતા. ત્યાં અચાનક એક ખ્વાજા ઈબ્રાહીમ નામના મજઝૂબ આવી ગયા. ખ્વાજા સાહબે ખૂબ અદબપૂર્વક તેમને આવકારી દ્રાક્ષનો લૂમ સેવામાં હાજર કર્યો. મજઝૂબે પ્રેમપૂર્વક ખાધો. પછી પોતાના થેલામાંથી ખળીનો ટુકડો કાઢી પોતાના દાંતથી તોડી ખ્વાજા સાહબને ખાવા આપ્યો. બસ એ ટુકડો ખાતાં જ આપના દિલની દુનિયા બદલાઈ ગઈ. બાગ અને ચક્કી વેચી ગરીબો–ફક઼ીરોમાં રકમ વહેંચી નાખી અને સફરમાં નીકળી પડયા. બુખારા થઈને બગદાદ શરીફ પહોંચ્યા ત્યાં સુલ્તાનુલ મુર્શિદીન હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની બયઅતની નેઅમતથી પાવન થયા. ૨૦ વર્ષ સુધી પીરો મુર્શિદની સેવામાં ૨૪ કલાક હાજર રહ્યા. મુર્શિદે કરીમ સફરમાં જ્યાં પણ જતા આપ એમનો બિસ્તરો અને જરૂરિયાતની ચીજો ઉઠાવી સાથે જતા, ત્યાર બાદ આપને ખિલાફતના તાજથી નવાઝવામાં આવ્યા.

૭મી મુહર્રમ હિ.સ. ૫૬૧માં આપ અજમેર શરીફ પધાર્યા. અને છઠ્ઠી રજજબ હિ.સ. ૬૩૩માં ૧૦૩ વર્ષની ઉંમરે આ ફાની દુનિયા છોડી વિસાલ ફર્માવ્યો. વફાતના અંતે આપની પેશાની (કપાળ) મુબારક પર સ્પષ્ટ રીતે

નૂરાની અક્ષરોમાં વાંચી શકાતું હતું કે, "અલ્લાહના હબીબ અલ્લાહની મહોબ્બતમાં દુનિયાથી કૂચ કરી ગયા છે."

શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ લખે છે કે, પૃથ્વીરાજ ચૌહાણના શાસનકાળમાં આપ અજમેર શરીફ આવ્યા, અને ઈબાદતે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા. એ સમયે પૃથ્વીરાજ અજમેરમાં જ હતો, એક દિવસે આપના સાથીઓમાંથી એક મુસલમાનને પૃથ્વીરાજે કોઈક કારણે ખૂબ તકલીફ આપી. તેણે આવી ખ્વાજાસાહબની પાસે ફરિયાદ કરી. આપે સિફારિશ રૂપે એક માણસને મોકલ્યો. પરંતુ તેણે સિફારિશ તો કૂબૂલ ન કરી બલ્કે ખ્વાજાની શાનમાં બકવાસ કર્યો કે એ ફકીર અહીં આવી બેસી ગયો છે અને ગૈબની વાતો કરે છે.... વગેરે.

હઝરત ખ્વાજા સાહબને આ વાતની જાણ થતાં આપે કહ્યું, "પૃથ્વીરાજને અમે જીવતો કેદમાં સોંપી દીધો." એ સમયમાં જ સુલ્તાન મોઅઝુદ્દીન ઉર્ફે શાહબુદ્દીન ઘોરીનું લશ્કર ગિઝની પહોંચ્યું, પૃથ્વીરાજ મુસલમાનોના લશ્કર સામે લડવા નીકળ્યો પરંતુ તેણે ભારે હાર ખાધી અને શાહબુદ્દીનના હાથે જીવતો કેદ પકડાયો. *(અખ્બારુલ અખ્યાર, ઉર્દૂ પેજ–૫૬)*

આપના જીવનના ઈતિહાસમાં લખ્યું છે કે, હઝરત ખ્વાજા સાહબે અજમેર પહોંચતાં એક ઝાડ નીચે આરામ કરવા પડાવ નાખ્યો. રાજાના માણસોએ જોયું કે કોઈ મુસલમાન ફકીરો છે એટલે એક માણસે બરાડો પાડયો, અહીં બેસશો નહીં ! અહીં તો રાજાનાં ઊંટો બેસે છે. ખ્વાજા સાહબે ત્યાંથી પડાવ ઉઠાવી તળાવના કિનારે જતા રહ્યા. ઊંટો બેસાડનારાએ ઊંટો તે ઝાડ નજીક બાંધી દીધાં. સવારમાં ઉઠાડવા જતાં જમીન પરથી ઉઠી જ ન શક્યાં જાણે એમનાં પેટો જમીન સાથે ચોંટી ગયાં હોય. ઊંટોવાળાઓ ખૂબ પરેશાન થયા છેવટે સમજી ગયા કે પેલા મુસલમાન ફકીરને કાલે આપણે સતાવેલા તેનું આ પરિણામ છે. અંતે એમણે હઝરત ખ્વાજા સાહબની પાસે આવી ખૂબ કાકલૂદી કરી ક્ષમા યાચના કરી. તો આપે કહ્યું, જાવ ! ઊંટો ઊભા થઈ જશે. તેઓ ઊંટો પાસે આવ્યા અને તેમને ઉઠાડતાં તરત જ ઊભાં થઈ ગયાં.

જ્યારે ઉપરોક્ત બનાવની શહેરમાં લોકોને જાણ થઈ તો શહેરના હિંદુ લોકોએ રાજાને ફરિયાદ કરી કે એ પરદેશી મુસલમાન ફકીરે તળાવના



કાંઠે આવી પડાવ નાંખ્યો છે તે અમને પસંદ નથી. લોકોની ફરિયાદ સાંભળી રાજાએ હુકમ કર્યો કે એને અમારા રાજ્યની હદ બહાર કાઢી મૂકો.

બસ લોકોનાં ટોળાં ખ્વાજા સાહબને તકલીફ પહોંચાડવાના ઈરાદે દોડતાં એમના તરફ આવ્યાં તો ખ્વાજા સાહેબે જમીન ઉપરથી માટીની એક મુઠ્ઠી ભરી તેના ઉપર આયતુલ કુર્સી પઢી દમ કરી આવનાર લોકો તરફ ફેંકી તો જેની જેની આંખ ઉપર એક રજમાત્ર માટી પડી તે ત્યાં જ લાકડા જેમ સૂકાઈ મૂર્તિ બની ઊભો થઈ ગયો. આ ચિત્ર જોઈ બાકીના લોકો બીકના માર્યા ત્યાંથી ભાગી છૂટયા.

ખ્વાજા સાહબની આ કરામત જોઈ રાજા અને લોકો સમજ્યા કે આ એક મહાન જાદૂગર લાગે છે એની સામે લડવું સહેલું નથી, એના સામના માટે તો એવા જ મહાન જાદૂગરની જરૂરત છે જે એને હરાવીનેથી ભગાડી શકે. જેથી હિંદુસ્તાનના તે સમયના ખ્યાતનામ જાદૂગર જયપાલને બોલાવવામાં આવ્યો. એ સમયે જયપાલની બરાબરીમાં આખાય દેશમાં કોઈ જ જાદૂગર ન હતો. જયપાલ પોતાના દોઢ હજાર ચેલાઓ સાથે અજમેર આવ્યો. જયપાલ પોતાના ચેલાઓ સહિત તળાવ તરફ જવા નીકળ્યો. ખ્વાજા સાહબને આ બાબતની જાણ થતાં આપે વુઝૂ કરી બે રકાત નફ્લ પઢી પછી એક મોટુ વર્તુળ ખેંચી પોતાના સાથીઓને અંદર લઈ કહ્યું, ઈન્શાઅલ્લાહ ! દુશ્મન આની અંદર આવી જ નહીં શકશે, અને તેવું જ થયું. જયપાલના ચેલાઓમાંથી કોઈનો પણ પગ એની હદમાં પડયો તે ત્યાં જ બેહોશ થઈ ઢળી પડયો. *(બરકાતુસ્સાલેહિન, પેજ–૬૭)*

અને રિવાયત છે કે ખ્વાજા સાહબને સતાવવા જયપાલને બોલાવવા સાથે તળાવના પાણી ઉપર પણ પહેરો લગાડી દેવામાં આવ્યો કે જેથી એ લોકો પાણી વિના તકલીફમાં પડવાથી અહીંથી નાસી છૂટે. આપના મુરીદે આપને આ બાબતની જાણ કરી કે હઝરત રાજાના પોલીસો તળાવના કાંઠે પેહરો ભરી રહ્યા છે કે જેથી આપણે પાણી વિના વુઝૂ, ગુસ્લ ન કરી શકીએ, અને ખાવા–પીવામાં પણ પાણી વિના તકલીફમાં પડીએ. ખ્વાજા સાહબે કહ્યું, ગમે તે રીતે એક પ્યાલો પાણી તળાવમાંથી લઈ આવો. મુરીદે જઈ ફક્ત પ્યાલો ભરી પાણી લીધું ત્યાં તો તરત જ આખુ તળાવ સૂકાઈ ગયું જાણે કદી પાણી જ ન હતું. ખ્વાજા સાહબ અને સાથીઓ ફક્ત એક જ

પ્યાલા પાણીથી પોત પોતાની તમામ જરૂરતો પૂરી કરતા રહ્યા. ગમે તેટલું વપરાતું પણ પ્યાલામાં પાણી તેટલું જ ભરેલું રહેતું.

તળાવનું પાણી સૂકાઈ જતાં શહેરમાં હાહાકાર મચી ગયો. જયપાલ જોગીએ ખ્વાજા સાહબની નજીક આવી (વર્તુળની બહાર) કહેવા લાગ્યો, લોકો પાણી વિના તરસે મરે છે, જાનવરો તરસે મરે છે, તમે મુસલમાન ફ઼કીર છો, ફ઼કીર તો લોકોને તકલીફો પહોંચાડી ખુશ નથી થતા. જો તમે તમારી જાતને ફ઼કીર કહો છો તો તમારી શાન તો આરામ પહોંચાડવાની છે નહીં કે તકલીફ પહોંચાડવાની. ખ્વાજા સાહબે એની આ વાત સાંભળી તો મુરીદને હુકમ કર્યો, જાવ ! પ્યાલાનું પાણી તળાવમાં નાખી દો. મુરીદે હુકમ પર અમલ કરતાં પ્યાલાનું પાણી તળાવમાં નાખ્યું, તરત જ તળાવમાં જમીનમાંથી પાણીના ફુવારા ફૂટી નીકળ્યા અને જોત જોતામાં તો તળાવ છલોછલ ભરાય ગયું અને પ્રથમની જેમ મોજાં મારવા લાગ્યું, જાણે કદી સૂકાયું જ ન હતું. *(બરકાતુસ્સાલેહીન, ભાગ–૨, પેજ–૬૮)*

ખ્વાજા સાહબની જિંદગી મુબારક લખનાર ઈતિહાસકારો કહે છે કે, રાજા અને તેના માણસો અનેક પ્રકારના પ્રપંચો રચતા પણ નાસીપાસ થયા તો તેમણે જાદૂગરોને પોતાના જાદૂઓના પ્રયોગો અજમાવવા કહ્યું. જાદૂગરોએ પહાડમાંથી સાપોનું જાણે લશ્કર આવતું હોય તેમ કાઢવાનું શરૂ કરી ખ્વાજા સાહબ તરફ મોકલવાનું શરૂ કર્યું પરંતુ આપે પોતાની લાકડીથી જે વર્તુળકાર નિશાની કરી હતી ત્યાં પહોંચી સાપ પણ મૃત્યુ પામતા. છેવટે આગ વરસાવતો જાદૂ કર્યો, એ આગથી આજુબાજુના ઝાડો સળગતાં, પરંતુ ખ્વાજા સાહેબે કરેલી હદમાં જરા પણ અસર ન પહોંચતી. અંતે જયપાલે કહ્યું, અય મુસલમાન ફકીર ! હું આકાશમાં ઉડી શકું છું મારી શક્તિ જોઈલે ! તારામાં આ શક્તિ હોય તો બતાવી આપ ! આમ કહી હરણના ચામડા ઉપર બેસી ઉડવા લાગ્યો, ત્યાં સુધી કે આંખોથી અદશ્ય થઈ ગયો.

હઝરત ખ્વાજા સાહબે પોતાના પગના જોડા (અથવા પાવડી) મુબારકને આકાશમાં ફેંક્યો, તે આકાશમાં ઉડતો ઉડતો જયપાલ પાસે જઈ તેને માથામાં ફટકારતો ફટકારતો નીચે લઈ આવ્યો. જયપાલ પોતાની હાલત પર રડવા લાગ્યો અને આપના કદમોમાં પડી ક્ષમા યાચના કરી કલમો



પઢી સાચા દિલથી મુસલમાન થઈ ગયો. *(બરકાતુલસ્સાલેહીન, ભાગ–૨, પેજ–૬૯)*

હઝરત ખ્વાજા સાહબનું કહેવું કે, ''અમે રાજાને જીવતો પકડી સોંપી દીધો, ઊંટોના પેટો જમીન સાથે ચોંટી જવાં, વળી ખ્વાજાના કહેવાથી ઊંટોનું ઊભાં થઈ જવું, માટીની રજકણ પડવાથી દુશ્મનોનું મૂર્તિ જેમ બની જવું. તળાવનું પાણી પ્યાલામાં આવી જવું, ફરી તેનાથી જ પૂરું તળાવ ઉભરાઈ જવું, જોડા મુબારક અથવા પાવડીનું હવામાં ઉડી જયપાલને લઈ આવવું, આ બધા જ બનાવોથી આપનો અક઼ીદો સ્પષ્ટ થાય છે કે ખ્વાજા સાહબ બતાવે છે કે અલ્લાહે મને કાઈનાત (બંને દુનિયા)માં તસર્રુફનો ઈખ્તેયાર આપેલો છે.

**નોંધ** : ઉપરોક્ત કરામાતના બનાવો પ્રયત્નો છતાં કોઈ આધારભૂત પુસ્તકમાં ન મળતાં એક સામાન્ય પુસ્તકમાંથી લેવામાં આવ્યા છે. *(મૂળ લેખક)*

## ★ ઈમામુલ અવલિયા ખ્વાજા બહાઉદ્દીન નક્શબંદી બુખારી رحمۃ اللہ علیہ નો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૭૯૧)*

આપ પોતે ફર્માવે છે કે એક દિવસે હું મુહમ્મદ ઝાહિદને સાથે લઈ જંગલ તરફ નીકળી ગયો, મુહમ્મદ ઝાહિદ મારો મોટો પુત્ર અને પાકો અને સાચો મુરીદ હતો અને બંનેવ મઅરેફતના વિષય પર વાતચીત કરવા લાગ્યા. વાત ચાલતાં ચાલતાં ત્યાં પહોંચી કે અબૂદિયત (બંદગી) શું હોય છે ? મેં મારા સાચા મુરીદ (પોતાના પુત્ર)ને કહ્યું, અબૂદિયત (બંદગી–ગુલામી)નો આખરી દરજ્જો તે છે કે અબૂદિયતનો તાજ પહેરનાર જો કોઈને કહી દે કે ''મરી જા'' તો તે મૃત્યુ પામે છે. પછી થયું એ કે મુહમ્મદ ઝાહિદને આ વાત કહી હતી કે મરી જા ! તો તે તરત મૃત્યુ પામ્યો. ચાશ્ત (સૂર્યોદય પછી કલાક બે કલાક પછી ઝવાલ પહેલાંની નમાઝ)થી લઈ બપોર સુધી તે પડી રહ્યો. ઉનાળાની ઋતુ હતી મને ખૂબ જ દુઃખ થયું. હૈરાની–પરેશાનીની હદ ન રહી. તેવી પરેશાનીની હાલતમાં જ નજીક એક ઝાડ નીચે આવી બેસી ગયો.

થોડીવાર પછી ફરી એની પાસે આવ્યો તો જોયું કે સખત ગરમીને કારણે

એના શરીરમાં ફેરફાર થયેલા જોયા. મને ખૂબ દુ:ખ થયું તે વખતે મારા દિલમાં અલ્લાહ તઆલા તરફથી ગૈબથી ઈશારો થયો કે, "એને કહી દે અય મુહમ્મદ ! હવે જીવતો થઈ જા !" મેં ત્રણવાર એ શબ્દો કહ્યા, તો ધીમે ધીમે એના શરીરમાં જિંદગીની નિશાનીઓ દેખાવા લાગી. હું એ મારી આંખોથી દશ્ય જોઈ રહ્યો હતો, થોડી જ વારમાં બિલ્કુલ પોતાની અસલી હાલત પર આવી ગયો. જ્યારે હું જંગલથી પરત આવ્યો તો મેં તમામ બનાવ સૈયદ કલાલ رحمۃ اللہ علیہને કહી સંભળાવ્યો. જ્યારે મેં એમને કહ્યું, મેં કહ્યું કે "મરી જા" તો તે તરત મરી ગયો. તો હઝરતે કહ્યું, બેટા ! તમે તરત જ એવું કેમ ન કહ્યું કે, "જીવતો થઈ જા !" તો મેં કહ્યું, હઝરત ! મારા દિલમાં ગૈબનો ઈશારો થતાં મેં એવું જ કહ્યું તો તે તરત જીવતો થઈ ગયો. *(જામેઅ કરામાતે અવલિયા ઉર્દૂ, પેજ–૬૨૯)*

અલ્લામા નબહાની رحمۃ اللہ علیہ લખે છે કે, આપનો એક મુરીદ બયાન કરે છે કે, હઝરત શૈખ નક્શબંદ رحمۃ اللہ علیہ મારા ગરીબના ઘેર મહેમાન આવ્યા. મારા ઘેર રોટલી પકાવવા આટો બિલ્કુલ ન હતો. જેમ તેમ કરી આટાના થેલાની વ્યવસ્થા કરી. હઝરતે મને કહ્યું, "એમાંથી આટો કાઢી રોટલીઓ બનાવતા રહેજો. કોઈને એમાં વધઘટની જાણ ન કરશો." હઝરત શૈખ દસ મહિના સુધી મારે ઘેર મહેમાન રહ્યા. મુરીદો (અક઼ીદતમંદો) આવતા જ રહ્યા. દરેકને માટે થેલામાંથી આટો કાઢી રોટલીઓ બનાવતો રહ્યો પરંતુ થેલામાં આટો જેટલો હતો તેટલો ભરેલો જ રહ્યો. છેવટે એક દિવસે હઝરતે ના કહ્યું છતાં મારાથી મારી પત્નીને કહેવાય ગયું, બસ તે દિવસથી બરકત ઉઠી ગઈ. થોડા જ દિવસોમાં થેલાનો આટો પૂરો થઈ ગયો. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૬૪૦)*

એ જ કિતાબમાં આપ લખે છે કે, શૈખ અલાઉદ્દીન رحمۃ اللہ علیہનું બયાન છે કે હઝરત શૈખ બહાઉદ્દીન નક્શબંદ ખ્વારઝમના પ્રવાસે નીકળ્યા. સાથે શૈખ શાદી પણ હતા. જ્યારે હિરામ નદી કિનારે પહોંચ્યા તો શૈખ શાદીને હુકમ કર્યો કે, "પાણી પર ચાલો !" શૈખ શાદી ગભરાયા. આપે બે ત્રણ વખત કહ્યું, પરંતુ હિંમત ન કરી શક્યા. તો આપે એક દષ્ટિ ફેંકી તો શૈખ શાદી બેહોશ થઈ ગયા. જ્યારે હોશમાં આવ્યા તો પાણી પર પગ મૂકી ચાલવા લાગ્યા. બંનેવ બીજે કિનારે પહોંચ્યા, તો આપે પૂછયું શાદી !



જુઓ તમારા જોડાનું તળિયું પાણીથી લીલું થયું છે ? શૈખ શાદીએ જોયું તો અલ્લાહની કુદરતથી જરા પણ તળિયું ભીંગેલું ન હતું. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૬૪૧)*

આપ આગળ લખે છે કે, આપના એક મુરીદ કહે છે કે હઝરત શૈખ નક્શબંદીથી મારી મહોબ્બત થઈ જવાનું બહાનું એ થયું કે એક દિવસે હું મારી દુકાને બેઠો હતો. ત્યાં હઝરત આવ્યા અને દુકાને બેસી ગયા. વાતચીત દરમ્યાન હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہના વખાણમાં કહેવા લાગ્યા કે બાયઝીદે પોતે એક મનકબત લખી છે તેમાં કહે છે કે, "જો મારા પહેરણનો કોઈ છેડો પણ કોઈને અડકી જાય છે તો તે મારો પ્રેમી (આશિક) બની મારી પાછળ પાછળ ચાલવા લાગે છે. હું (શૈખ નક઼શબંદી) કહું છું, કે મારા પહેરણની આ બાંયોને હું હલાવી આપું તો બુખારાના રહેનારાઓ બધાય માણસો (બાળકો ઔરતો બધાં જ) પોતાની દુકાનો, મકાનો, માલ મિલ્કત છોડીને મારી પાછળ પાછળ ચાલવા લાગે." આપે પોતાનો હાથ પોતાની બાંય પર મૂક્યો તે વખતે મારી નજર તે તરફ પડી ગઈ. બસ તરત જ વજદની હાલતમાં ભાન ભૂલી ગયો. ઘણા લાંબા સમય સુધી મારી એ જ હાલત રહી. જ્યારે મારી હાલત ઠીક થઈ તો તે વખતે હઝરતની મહોબ્બત મારા દિલમાં બરાબર ઘર કરી ગઈ હતી. દુકાન–મકાન બધું જ છોડી હું હઝરતની ખિદમતમાં જ રહેવા લાગ્યો. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૬૪૨)*

આપનો એક ગુલામ કહે છે કે, મેં એક વેળા હઝરતની ખિદમતમાં અરજ કરી હઝરત દુઆ કરો કે અલ્લાહ તઆલા મારા ઘેર છોકરો આપે. હઝરતે દુઆ કરી જેથી અલ્લાહ તઆલાએ મારી ઔરતને છોકરાનો જન્મ આપ્યો પરંતુ તે મરી ગયો. મેં ફરી ખિદમતમાં અરજ કરી, "હઝરત ! આપની દુઆથી છોકરાનો જન્મ તો થયો પરંતુ તે મૃત્યુ પામ્યો." હઝરતે કહ્યું, તેં છોકરાની માંગણી કરી હતી તો છોકરો આપ્યો પરંતુ તેણે ફરી તેને લઈ લીધો, પરંતુ મને અલ્લાહ કરીમથી પૂરે પૂરો વિશ્વાસ છે કે તે તારા ઘેર બે છોકરાઓ આપશે અને તેઓને લાંબી ઉંમર મળી હશે.

કેટલાક સમય બાદ મારા ઘેર બે છોકાઓનો જન્મ થયો. એક દિવસ એક છોકરો બીમાર પડયો તો મેં હઝરતને ખબર આપી. આપે કહ્યું, "તમારે

શું છે ? એ તો મારા છોકરા છે, બીમાર થઈને પણ સાજા થતા રહેશે.'' આ પછીથી હઝરતે જેમ કહ્યું હતું તેમ જ થતું રહ્યું. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૪૪૨)*

હઝરત અલ્લામા નબ્હાની લખે છે કે, શૈખ શાદી رحمۃ اللہ علیہ કહે છે કે, એક દિવસે હઝરત ખ્વાજા નક્શબંદે رحمۃ اللہ علیہ કહ્યું, ''જો હું ઈચ્છું તો અલ્લાહની આપેલી શક્તિથી પહાડને તમારા માટે સોનાનો બનાવી દઉં'' પરંતુ અમારા માટે આ દુનિયાની ફાની ચીજો તરફ દિલ લગાવવું ઠીક નથી. કારણ કે અમારા લોકોની નજરો આ દુનિયાની બહાર (આખેરત તરફ) લાગેલી હોય છે. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૬૪૪)*

હઝરત શૈખુલ મશાઈખ બહાઉદ્દીન નક્શબંદ رحمۃ اللہ علیہએ ઉપરોક્ત ફર્માનો અને કરામાતો બતાવી પોતાનો અક઼ીદો સાબિત કરી આપ્યો કે અલ્લાહે અમોને એના ફઝ્લો કરમથી મૃત્યુ પામેલાને સજીવન કરવા, પાણી પર ચાલવા, પહાડને સોનું બનાવી દેવાની શક્તિઓ આપેલી છે.

અલ્હમ્દુલિલ્લાહ ! આવી મહાન બુઝુર્ગ હસ્તીના અક઼ીદા–માન્યતા મુજબ જ અમારો એહલે સુન્નત વ જમાઅતનો અવલિયાએ કિરામના વિષયમાં અક઼ીદો છે કે અલ્લાહની અતાથી એમને એ શક્તિ મળી છે.

## ★ અલ્લામા જલાલુદ્દીન મુહમ્મદ બલ્ખી ઉર્ફે મૌલાના રૂમી رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૬૭૨)*

આપ મસ્નવી શરીફના ત્રીજા ભાગમાં ફર્માવે છે :–

**અર્થાત** : અરબોના એક ટોળાનું જંગલના રસ્તે દુકાળના કારણે પાણી પૂરું થઈ ગયું, અચાનક બંને જહાનને મદદ ફર્માવનાર હુઝૂર સૈયદે આલમ ﷺ તે રસ્તે પહોંચ્યા, આક઼ા ﷺએ જોયું કે, તે લોકોના ઊંટો તરસનાં માર્યાં પોતાની જીભો લટકાવી હાંફી રહ્યાં છે અને લોકો રેતીની અંદર આમ તેમ પડેલા છે. રહમતે દો આલમ ﷺએ કાફલાવાળાઓની આ હાલત જોઈ, આપની રહમત જાશેમાં આવી. આપે કાફલાવાળાઓને કહ્યું, આ ટેકરીની પાછળ જાવ.

એક હબશી ગુલામ ટેકરીની પાછળ ઊંટ પર બેસી પાણીની મશક લઈ



પોતાના માલિક પાસે ઝડપથી જઈ રહ્યો છે તેને ઊંટ અને પાણી સાથે પકડી મારી પાસે લાવો. લોકો ટેકરીની બીજી તરફ ગયા તો હુઝૂર ﷺના ફર્માવવા મુજબ હબશી ગુલામ જઈ રહ્યો હતો. લોકોએ તેને કહ્યું :–

તને બંને જહાંના સરદાર રસૂલુલ્લાહ ﷺ બોલાવે છે. તેણે કહ્યું, હું તેમને નથી જાણતો. લોકોએ આપના ગુણો (સિફતો) વર્ણવ્યા તો કહેવા લાગ્યો, તેઓ તો જાદૂગર છે. (અલ્લાહની પનાહ !) હું ડગલું પણ તેમના તરફ આવીશ નહીં.

લોકો તેને જબરદસ્તીથી ખેંચી લાવ્યા. તે બૂમ બરાડા પાડતો અને ગાળો ભાંડતો.

જ્યારે એને ખેંચી હુઝૂર ﷺ પાસે લાવ્યા તો આપે કહ્યું, હબશીની પાણીની મશકમાંથી બધાય લોકો પીવાય તેટલું પાણી પીઓ, અને જેટલું જોઈએ તેટલું વાસણો ભરી લો, ઊંટોને પણ પીવડાવો.

આપ ﷺનું એલાન સાંભળતાં જ પાણી માટે લોકો તૂટી પડયા. દરેકે પીધું, મશકો ભરી લીધી, ઊંટોને પણ પીવડાવ્યું.

હવે સરકારે હબશી ગુલામને કહ્યું :–

અય ગુલામ ! તું જોઈ લે તારી મશક પાણીથી જેમની તેમ ભરેલી જ છે. તું બરાબર જોઈ તપાસી લે કે જેથી પાછળથી ફરિયાદ કરતાં તું અમને બુરુ ભલુ ન કહે.

તે હબશી નબીએ કરીમ ﷺનો આ મો'જિઝો જોઈ આશ્ચર્યમાં ડૂબી ગયો, અને એના ઈમાનનો સૂર્ય લામકાંથી ઉદય પામ્યો અર્થાત તે ઈમાન લાવી મુસલમાન બની ગયો.

હુઝૂર પુરનુર ﷺએ એના ચેહરા ઉપર પોતાનો નૂરાની હાથ ફેરવતાં જ (હબશીનો રંગ ખૂબસૂરત નૂરાની થઈ ગયો.) બદલાય ગયો.

તે ઝન્ગી (હબશનો રહેનાર) કાળો સફેદ થઈ ગયો, તેનો ચેહરો ચમકદાર ચૌદમી રાતના ચંદ્રની જેમ ચમકવા લાગ્યો.

હઝરત મૌલાના રૂમી رحمۃ اللہ علیہએ મસ્નવી શરીફમાં આ બનાવ લખીને પોતાનો અક઼ીદો જાહેર કરી આપ્યો કે સરકારે દો આલમ નૂરે મુજસ્સમ ﷺને અલ્લાહ તઆલાએ તસર્રુફની એ શક્તિ (પાવર) આપેલી છે કે

બદ્સૂરતને ચેહરા પર હાથ ફેરવતાં જ ખૂબસૂરત બનાવી દે.

બીજે ઠેકાણે મસ્નવી, ભાગ–૩માં લખે છે કે :–

હઝરત ઈબ્રાહીમ અદહમ એક દિવસે ચાલતાં ચાલતાં નદીના કિનારે બેસી ગયા, (આ બનાવ આપે ફકીરી (દુરવેશી) ઈખ્તેયાર કરી લીધી તે સમયનો છે.)

હઝરત પોતાની દુરવેશી ગોદડી પોતે સીવી રહ્યા હતા, ત્યાં એકાએક અમીર (જે પહેલાં આપનો ગુલામ હતો) આવી ચઢયો. તેને નવાઈ લાગી, પોતાના દિલમાં વિચારવા લાગ્યો;

મહાન બાદશાહત છોડી હવે ફકીરો જેમ પોતાની ગોદડી સીવી રહ્યા છે, કેટલા અફસોસની વાત છે.

હઝરત શૈખ અમીરના દિલમાં ચાલતા ખયાલોથી વાકેફ થઈ ગયા કારણ કે હઝરત તો સિંહની જેમ છે, લોકોના દિલો એમનું જંગલ છે.

હઝરતે સોય દરિયામાં ફેંકી દીધી અને પછી મોટા અવાજે કહ્યું, મારી સોય લાવો !

અલ્લાહવાળી લાખો માછલીઓ પોતપોતાના મોઢાઓમાં સોનાની સોય લઈ બહાર આવી હઝરત શૈખ સમીપ હાજર કરી.

આપે કહ્યું, યા અલ્લાહ ! મેં તો મારી સોય માંગી હતી, તેં તારા ફઝ્લો કરમથી મને સચ્ચાઈની નિશાની જરૂર આપી છે માટે મને તું મારી સોય મંગાવી દે.

તરત જ એ જ સમયે એક માછલી પોતાના મોં માં હઝરતની સોય લઈને બહાર નીકળી.

આપે તે અમીર તરફ મોં કરી કહ્યું, અય અમીર ! દિલો ઉપર બાદશાહત કરવી બેહતર છે જે અત્યારે મને મળી છે કે પછી તે મુલ્ક–પ્રદેશની જેની (અલ્લાહ નજીક કોઈ કિંમત નથી) કશી જ કદર–કિંમત નથી જે તેમને મળી છે ?

આપ મષ્નવી શરીફના, ભાગ–૨માં લખે છે કે :–

એક ફકીર એક વહાણમાં સફર–પ્રયાસ કરી રહ્યા હતા. વહાણના પ્રવાસીઓ પોતપોતાના સામાન સાથ ટેકા લગાડી બેઠા હતા.



એક માણસ સૂતેલો હતો, એની સોનાની થેલી ગુમ થઈ ગઈ, વહાણના મુસાફરોની ચેકીંગ કરવામાં આવી, તો કોઈએ ફકીર–દુરવેશ તરફ ઈશારો કર્યો. પેલા માણસે ફકીરની ફાટેલી ગોદડી (જે એણે પહેરી હતી) જોઈ કહ્યું તું કદી પણ બચી નહીં શકે.

આ વહાણમાં મારી સોનાની થેલી ગુમ થઈ છે. બધાંની તલાશી લીધી છે, તું છૂટી શકતો નથી.

તું તારી ગોદડી ઉતારી નાખ કે જેથી લોકોને વહેમ દૂર થઈ જાય.

(ફકીરે) બારગાહે ઈલાહીમાં કહ્યું, યા અલ્લાહ ! અય પરવરદિગાર ! આ કમીના–હલકત લોકોએ તારા બંદા ઉપર જૂઠો આક્ષેપ–તહોમત લગાડેલ છે તું તારો હુકમ મોકલી દે !

આ વાત બનવાથી ફકીરનાં દિલને ખૂબ ઠેસ પહોંચી તો તરત નદીની માછલીઓ પાણીની સપાટી ઉપર તરવા લાગી.

હજારો માછલીઓ પોત પોતાના મોઢાઓમાં કિંમતી મોતીઓ જે ખૂબ જ કિંમતી હતાં લઈને નીકળી પડી.

માછલીઓનાં મોઢાંઓમાંથી થોડાંક મોતી લઈને ફકીરે વહાણમાં નાંખી દીધાં અને પોતે હવામાં ઉપર ચાલી જઈ પોતાની બેઠક હવાને બનાવી લીધી. પછી વહાણવાળાઓને સંબોધી ફકીરે કહ્યું, મને મારો અલ્લાહ પૂરતો છે, તમને તમારું વહાણ મુબારક રહે, જેથી તમારી સાથે ચોરી કરનાર ફકીર ન રહે.

હઝરત મૌલાના રૂમી رحمۃ اللہ علیہ એ ઉપરોક્ત બનાવો લખી પોતાનો અકીદો જગ જાહેર કરી આપ્યો કે, અલ્લાહ તઆલાએ પોતાના વલીઓને તસર્રુફનો પૂરો ઈખ્તેયાર–પાવર આપેલો છે. અલ્લાહની આપેલી તાકાતથી એ સજ્જ છે મજબૂર–લાચાર નથી.

## ★ હઝરત અલ્લામા નૂરુદ્દીન અબ્દુર્રહમાન 'જામી' رحمۃ اللہ علیہ નો અકીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૮૯૮)*

આપ તે મહાન–મકબૂલ વ્યક્તિઓમાંથી છે કે જેમને અલ્લાહ

તઆલાએ જાહેરી અને બાતિની બંનેવ ઈલ્મોથી નવાજેલ હતા. આપે ઘણાય આલિમો અને બુઝુર્ગોથી ઈલ્મે શરીઅત અને તરીકત પ્રાપ્ત કર્યો પરંતુ આપના પીરો મુર્શિદ હઝરત સઅદુદ્દીન કાશગરી નક્શબંદી رحمۃ اللہ علیہ છે. ચાર વાસ્તા (પેઢી) પછી આપનો સિલસિલાની કડી હઝરત બહાઉદ્દીન નક્શબંદી બુખારી رحمۃ اللہ علیہથી જઈ મળે છે.

આપે અરબી–ફારસીમાં જુદા જુદા વિષયો ઉપર ઘણી કિતાબો લખી છે જેની સંખ્યા લગભગ ૫૪ સુધી પહોંચી છે. જેના અદદ (૫૪) પોતાના તખલ્લુસ 'જામી'ના પણ નીકળે છે.

ઈલ્મે નહવ (અરબી વ્યાકરણ)ની કિતાબ અલ ફવાઈદુઝ્ ઝિયાઈયા ફી શર્હે અલ કાફિયા જે શર્હે મુલ્લા જામીના નામથી ઓળખાયા છે. કાફિયાની શર્હોમાં (માર્ગદર્શિકાઓ)માં સૌથી વધુ સારામાં સારી અને મશહૂર છે જે લગભગ બધા જ અરબી મદ્રસાઓમાં પઢાવવામાં આવે છે.

આપ લખે છે કે એક માણસ હઝરત શૈખ હુસૈન મન્સૂર હલ્લાજ رحمۃ اللہ علیہ પાસે મુર્દા પોપટ લઈ આવ્યો. હઝરત શૈખે કહ્યું, શું તું એ ઈચ્છે છે કે તારો પોપટ જીવતો થઈ જાય ! તેણે કહ્યું, જી હા ! હું એટલા જ માટે આપની પાસે આવ્યો છું. શૈખે આંગળીથી ઈશારો કર્યો, તે જ મિનિટે પોપટ જીવતો થઈ ગયો. *(નફહાતુલ ઉન્સ, પેજ–૩૪૭)*

આપ આગળ લખે છે કે એક વેળા શૈખ અબુલ હસન કુરાફી رحمۃ اللہ علیہએ એમની સાથે વહાણમાં બેઠેલા લોકોને શરીઅત વિરુદ્ધ થતી વાતો જોઈ તેમને રોકટોક કરી. તો તે લોકો એમના ઉપર ગુસ્સે થયા અને આપના હાથ, પગ બાંધી વહાણમાંથી બહાર પાણીમાં ફેંકી દીધા. જ્યારે નમાઝનો સમય થયો તો બધાંએ જોયું કે તેઓ તો પહેલી સફમાં ઉભેલા છે અને એમનાં કપડાંને પાણીનો છાંટો પણ નથી લાગેલો. *(નફહાતુલ ઉન્સ, પેજ–૪૫૦)*

હઝરત શૈખ અમૂ قدس سرہથી રિવાયત છે કે એક દિવસે હું હઝરત શૈખ બાબ ફરગાની رحمۃ اللہ علیہની સેવામાં હાજર હતો ત્યાં એક માણસ આવ્યો અને કહેવા લાગ્યો કે દુઆ કરો કે અમીર સરકબ જાલિમ એનો જુલ્મ અમારા લોકો પર કરવાનું છોડે. હઝરત શૈખ બાબ તે વખતે ચુલા પાસે



બેઠા હતા પગમાં મોજાઓ પહેરલા હતા અને એક લોટો આપની પાસે પડેલો હતો. આપે લોટાને પગની ઠોકર મારી અને કહ્યું, "મેં સરકબને ફેંકી દીધો." તે જ સમયે સરકબ ફરગાના શહેરના દરવાજે હતો ત્યાં જ ઘોડા પરથી ઢળી પડયો અને એની ગરદન તૂટી ગઈ.

હઝરત શૈખ અમૂ رحمۃ اللہ علیہ કહે છે કે, એક માણસ મેહફિલમાં આવ્યો અને કહેવા લાગ્યો, "હઝરત દુઆ કરો વરસાદ આવી જાય." આપે તરત જ હાથ ઉઠાવી દુઆ માંગી, ખૂબ જ વરસાદ પડયો, જે ઘણા દિવસો સુધી ચાલુ જ રહ્યો. ફરી શહેરના લોકો આવ્યા કહેવા લાગ્યા, હઝરત વરસાદને કારણે અમારા મકાનો પડી જવા લાગ્યાં છે દુઆ કરો વરસાદ બંધ થાય.

હઝરતે તે જ વખતે હાથ ઉઠાવી દુઆ કરી અલ્લાહ તઆલાના હુકમથી વરસાદ બંધ થઈ ગયો. *(નફહાતુલ ઉન્સ, પેજ–૫૧૩)*

હઝરત શૈખ મુહમ્મદ મઅશૂક તૂસી رحمۃ اللہ علیہ મોટા ભાગે ઝભ્ભો (એક પ્રકારનું પહેરણ) પહેરતા હતા. એક દિવસે ઝભ્ભો પહેરી તૂસની જુમ્આ મસ્જિદમાં આવી ચઢયા. ત્યાં શૈખ અબૂ સઈદ અબુલ ખૈર વાઅઝ કહી રહ્યા હતા. શૈખ મુહમ્મદ મઅશૂકે પહેરણને ગાંઠ લગાડી લીધી. ગાંઠ બાંધતાં જ શૈખ અબૂ સઈદ ચૂપ થઈ ગયા, તેમનું વાઅઝનું જોર તૂટી ગયું. થોડી વાર પછી શૈખ અબૂ સઈદે કહ્યું, "અય જમાનાના બાદશાહ ! સમયના સરદાર ! આપ આપની કબા (પહેરણ)ની ગાંઠ ખોલી નાખો, કેમ કે તમે તો એ ગાંઠ લગાડી જમીન, આસ્માનના સાતે તબક પર બંધીશ બાંધી લીધી છે. (મારી જીભ પણ આપે બંધ કરી આપી છે.) *(તર્જુમાં નફહાતુલ ઉન્સ, પેજ–૫૪૩)*

હઝરત ખ્વાજા અબૂ અબ્દાલ ચિશ્તી رحمۃ اللہ علیہના પિતાજીનો દારૂનો બાર હતો. એક દિવસે શૈખ મુહમ્મદ માઅશૂક ચૂપકેથી દારૂખાનામાં પેસી ગયા અંદરથી દરવાજા બંધ કરી દારૂના માટલાં અને બાટલીઓ ફોડવા, તોડવાનું શરૂ કરી દીધું. હઝરત અબૂ અબ્દાલ ચિશ્તીના પિતાને જાણ થતાં તેઓ ગુસ્સાભેર આવ્યા દારૂખાનાની છત (છાપરા) ઉપર ચઢી ગયા ઉપરથી એક મોટો પથ્થર ઉઠાવી એમને મારવા ફેંક્યો પરંતુ તે પથ્થર તેમના ઉપર જઈ પડવાને બદલે હવામાં અદ્ધર લટકી રહ્યો આ કરામત જોઈ હઝરત શૈખ ચિશ્તી رحمۃ اللہ علیہના પિતાજીએ એમના હાથ પર તૌબા કરી

દારૂનો ધંધો બંધ કરી દીધો. *(નફહાતુલ ઉન્સ, પેજ–૫૫૯)*

નફહાતુલ ઉન્સમાં આપ લખે છે કે મુહમ્મદ ગિઝની رحمۃ اللہ علیہ જ્યારે સોમનાથ પર ચઢાઈ માટે હિંદુસ્તાન ગયા હતા ત્યારે હઝરત ખ્વાજા અબૂ મુહમ્મદ બિન અબૂ અહમદ ચિશ્તી رحمۃ اللہ علیہએ સ્વપ્ન જોયું કે, "તમારે મુજાહિદોની મદદ માટે જવું જોઈએ" જેથી એઓ ૭૦ વરસની ઉંમર હોવા છતાં પોતાના સાથીઓને લઈ સોમનાથ જવા નીકળી પડયા, ત્યાં પહોંચી પોતે જાતે લડાઈમાં સામેલ થઈ ગયા.

એક દિવસે લડાઈમાં સામેના લશ્કરનું પલ્લુ ભારે થતાં મુસલમાનોનું લશ્કર પાછળ હઠી જંગલ તરફ આશરો લેવા મજબૂર થવા લાગ્યું. હઝરત ખ્વાજા અબૂ મુહમ્મદનો એક મુરીદ હતો તેનું નામ મુહમ્મદ કાકુ હતું તે ઘંટી ચલાવવાનું કામ કરતો હતો. લડાઈના મેદાનમાં મુસલમાનોના લશ્કરની હાલત જોઈ હઝરત ખ્વાજાએ જોરથી બૂમ પાડી, અય કાકુ ! જલ્દી પહોંચ." લોકોએ જોયું, કાકુ ખૂબ ઝડપથી ત્યાં પહોંચ્યો અને ખૂબ જ બહાદુરીથી લડવા લાગ્યો. ત્યાં સુધી કે દુશ્મનનું લશ્કર એમનો સામનો ન કરી શક્યું અને પીછેહઠ કરી ભાગવા લાગ્યું, આખરે મુસલમાનોની જીત થઈ.

બરાબર એ જ સમયે ચિશ્તના લોકો કહે છે કે કાકુ ઘંટી ચલાવતાં ચલાવતાં એકાએક ઘંટીની પથ્થરની પાટોને દિવાલો સાથે જોર જોરથી મારવા લાગ્યો. લોકોએ તેને પૂછયું તો કહેવા લાગ્યો કે સોમનાથના મેદાનમાં મુસલમાનોના લશ્કરને મદદની ખાસ જરૂરત છે મુજાહિદો તકલીફમાં છે, હઝરત ખ્વાજાએ અવાજ આપી છે. (સારાંશ કે તે તમામ બાબતો વર્ણવી જે લડાઈના મેદાનમાં બની હતી.) *(નફહાતુલ ઉન્સ, પેજ–૫૬૦)*

ઈમામ યાફઈ કહે છે કે શૈખ ઈસા બિન હન્નાર યમની رحمۃ اللہ علیہ એક વેશ્યાના મકાન પર ગયા અને કહ્યું, હું આજે રાત્રે ઈશા બાદ તારા કોઠા પર આવીશ ! તેણી ખૂબ ખુશ થઈ, તેણી ઈશાના સમયે ખૂબ શણગાર સજી તેમની રાહ જોઈ બેઠી, તેવામાં આપ પહોંચ્યા, આવતાં વેંત પોતાનો મુસલ્લો પાથરી બે રકાત નમાઝ પઢી, પછી તરત જ તેના ઘરમાંથી આપ બહાર નીકળી ગયા.



બસ તે જ વખતે તેણીની હાલત બદલાઈ ગઈ. પોતાના ધંધાથી તૌબા કરી જે કાંઈ માલ–દૌલત કમાયો હતો તે ખુદાની રાહમાં વહેંચી દીધો. હઝરત શૈખ ઈસાએ એક દુરવેશ સાથે તેણીના નિકાહ કરાવી આપ્યા અને કહ્યું, વલીમામાં કંસાર બનાવજો પરંતુ ઘી વેચાતું લાવશો નહીં.

તેણી જે અમીરની દાસી હતી તેને કોઈએ કહ્યું, તારી દાસીએ ફલાણા દુરવેશ સાથે નિકાહ કરી લીધો છે, આજે વલીમાની દા'વત છે પરંતુ તેમની પાસે ઘી નથી. અમીરે પોતાની બદ્‌નિય્યતીથી બે શરાબની બોટલો મોકલી શૈખને કહેવડાવ્યું, તમારા આ કામથી મને ઘણી જ ખુશી થઈ છે. મેં સાંભળ્યું છે કે વલીમામાં કંસાર બનાવવા તમારી પાસે ઘી નથી જેથી હું જે ઘી મોકલું છું તેનાથી કંસાર તૈયાર કરી ખાવ, ખવડાવો.

અમીરનો માણસ શૈખ પાસે પહોંચ્યો તો હઝરત શૈખે કહ્યું, તમે આવવામાં મોડુ કર્યું કંસાર તો તૈયાર છે. લાવો તમારી બોટલો, આમ કહી બંનેવ બોટલો કંસારના તપેલામાં ઊંધી વાળી દીધી. પછી કહ્યું, ચાલો તમે પણ કંસાર ખાવામાં બધાની સાથે બેસી જાઓ. તે આવનાર પણ ખાવામાં સામેલ થઈ ગયો. જ્યારે તે ખાવા લાગ્યો તો વિચારવા લાગ્યો આવું સરસ સ્વાદિષ્ટ ઘી તો મેં આખી જિંદગીમાં કદી નથી ચાખ્યું, આ તો ઘી છે કે પછી જન્નતનું ખાણું !

તે માણસ અમારી પાસે આવ્યો અને બધી હક઼ીક઼ત કહી સંભળાવી તો અમીરે પણ હઝરત શૈખની ખાનકાહમાં આવી ક્ષમા યાચના કરી, કહેવા લાગ્યો, સરકાર મને માફ કરજો ! મેં બોટલો આપની ઠેકડી ઉડાડવા મોકલી હતી, મને માફ કરો ! હું તૌબા કરી આપનો સેવક બની રહેવા માંગું છું. *(નફહાતુલ ઉન્સ, પેજ–૮૨૪)*

હઝરત શૈખ અબુલ ગયષ યમની رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૬૫૧) એક દિવસે જંગલમાં લાકડાં કાપવાના ઈરાદે ગયા. સાથે એમનો ગધેડો પણ લઈને ગયા હતા. આપ લાકડાં કાપવામાં તલ્લીન હતા ત્યાં એમના ગધેડાને વાઘે ફાડી ખાધો, લાકડાં લઈ જ્યારે ગધેડા પાસે આવ્યા, જોયું તો એને વાઘે ફાડી ખાધો છે. આ જોઈ કહ્યું, તેં મારા ગધેડાને ફાડી ખાધો જેના ઉપર લાકડાં લઈ મારે ઘેર જવાનું હતું. ક઼સમ ખુદાની ! હવે તો આ લાકડાંનો

ભારો તારી પીઠ ઉપર મૂકી ઘેર લઈ જઈશ.

આપે વાઘની પીઠ ઉપર ભારો મૂક્યો, વાઘ વફાદાર કૂતરાની જેમ ભારો ઉઠાવી સાથે સાથે ચાલવા લાગ્યો. આપ ઘેર પહોંચ્યા, ભારો ઉતારી કહ્યું, તું જા ! હવે તારું દિલ ચાહે ત્યાં ચાલ્યો જા ! વાઘ જંગલ તરફ ચાલ્યો ગયો.

એક દિવસે એમના ઘેરથી કહ્યું, અમોને અત્તર જોઈએ છે. આપ અત્તરની દુકાને ગયા, અત્તરવાળાએ આપને કહ્યું, અત્તર નથી ! (જ્યારે અત્તર હતું જ.) આપે કહ્યું, કાંઈ નહીં ! અત્તર નથી તો તારી દુકાને નથી જ ! " બસ, એ જ સમયે એની દુકાનનું તમામ અત્તર ગાયબ થઈ ગયું. *(નફહાતુલ ઉન્સ, પેજ–૮૨૫)*

એક વેળા એક માણસ દરિયા કિનારે હતો, રાતનો સમય હોવાથી શહેરના દરવાજા બંધ થઈ ગયા હતા જેથી શહેર એડનમાં તે દાખલ થઈ શક્યો ન હતો જેથી દરિયા કિનારે જ રાત વિતાવવી પડી. એની પાસે ખાવાનું કાંઈ જ ન હતું, ભૂખ જોરમાં લાગી હતી. એકાએક તેણે કહ્યું કે, દરિયા કાંઠે હઝરત શૈખ રયહાન ઉભા છે, તે માણસ તેમની પાસે જઈ કહેવા લાગ્યો, હઝરત ! શહેરના દરવાજા બંધ થઈ ગયા છે, ખાવાનું કશું જ નથી અને ભૂખ જોરમાં લાગી છે, આપથી વિનંતિ છે કે મને હલવો ખવડાવો.

હઝરત શૈખે કહ્યું, તમે પણ અજીબ માણસો છો, આટલી રાત્રે ખાવા માંગો છો અને તે પણ હલવો ! તમે મને શું સમજી ગયો છો ! શું હું હલવો પકવવાનું કામ કર્યા કરું છું ?!

આ સાંભળી તે માણસે કહ્યું, હઝરત મને ક્ષમા કરજો પરંતુ મારે તો ગરમ ગરમ હલવો જ ખાવો છે, હું તો તમારાથી હલવો જ લઈશ. તેણે જોયું એકાએક ગરમ ગરમ હલવો ભરેલો પ્યાલો તેની સમક્ષ હાજર છે. તેણે કહ્યું, હઝરત હલવામાં તો ઉપરથી ઘી પણ હોવું જોઈએ. (અરબનો તે હલવો જેમાં આપણે ત્યાંના કંસારની જેમ પાછળથી ઘી નાખવામાં આવે છે.) ઘી વિના હું નથી ખાય શક્તો. આપે કહ્યું, શું હું ઘી વેચનારો છું કે તને હલવા સાથે ઉપરથી ઘી પણ આપું ! પેલાએ હઠ પકડી તો આપે કહ્યું,



જાવ ! આ વાસણમાં દરિયાનું પાણી ભરી લાવ. જ્યારે તે પાણી લઈ આવ્યો તો આપે વાસણ તેના હાથમાંથી લઈ લીધું અને તેમાથી થોડુંક પાણી હલવામાં નાંખી દીધું. પછી તેને કહ્યું, ખા ! તારી ઈચ્છા મુજબ ખાય લે. તેણે તે હલવો ખૂબ ધરાઈને ખાધા પછી કહેવા લાગ્યો, આવું સરસ ઘી તો મેં જિંદગીમાં કદી પણ ખાધું નથી. *(નફહાતુલ ઉન્સ, પેજ–૮૪૪)*

હઝરત અલ્લામા જામી رحمۃ اللہ علیہએ આ બધા બનાવો પોતાની કિતાબમાં લખીને પોતાનો અક઼ીદો (માન્યતા) સ્પષ્ટ કરી આપ્યો કે, અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા બંદાઓ અવલિયાએ કિરામને દુનિયા–જહાંમાંની ચીજો ઉપર તસર્રૂફ–ઈખ્તેયારની શક્તિ અપર્ણ કરી હોય છે.

## ★ કુતબુલ અકતાબ હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૬૩૩ )*

આપ ખ્વાજાએ ખ્વાજગાં સુલતાનુલ હિંદ ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી અજમેરી رحمۃ اللہ علیہના મહાન ઈજ્જતવાળા, માન મરતબાવાળા ખલીફાઓમાંથી તેમજ હિંદુસ્તાનના મહાન સૂફી બુઝુર્ગોમાં અગ્રિમ સ્થાન ધરાવનાર બુઝુર્ગ હતા. દુનિયાથી તદન બેપરવાહી બલ્કે બિલ્કુલ દૂર અને ફકો–ફાકામાં આગવું સ્થાન ધરાવતા હતા. ઈબાદત – રિયાઝતમાં હમેશાં ડૂબેલા રહેતા. આપની મુલાકાત માટે આવનાર તરફ થોડી વારે ધ્યાન આપી તેની ફરિયાદ – વાતચીત સાંભળી કોઈક જરૂરી હિદાયત ફરમાવી કહેતા, મને માફ કરજો આપ જઈ શકો છો. બસ, પાછા તરત જ અલ્લાહની યાદમાં મશ્ગૂલ થઈ જતા. આપની અવલાદમાંથી કોઈનું મૃત્યુ થતું તો તે પણ આપને ખબર ન પડતી. થોડા સમય પછી જ્યારે મુરાકેબા–મુજાહિદામાંથી હોશમાં આવતા તો જાણ થતી. *(અખ્બારૂલ અખ્યાર, પેજ–૫૯)*

નકલ છે કે, શેખ અલી સકઝમી رحمۃ اللہ علیہના મકાન ઉપર દુરવેશોની મેહફિલે સિમાઅ જામેલી હતી તેમાં હઝરત ખ્વાજા બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ પણ હાજર હતા. એક પઢનારે હઝરત શેખ અહમદ જામ رحمۃ اللہ علیہનો લખેલો આ શેર. (કવિતાની પંક્તિ) પઢયો :–

*કુશ્તગાને ખંજરે તસ્લીમ રા*
*હર ઝમાં અઝ ગૈબ જાને દીગરસ્ત*

અર્થાત : તસ્લીમ વ રઝાના ખંજરથી થએલા શહીદોને દરેક ઘડીએ ગૈબથી એક નવી જિંદગી મળે છે. (તસ્લીમ વ રઝા અર્થાત અલ્લાહની ખુશ્નુદી માટે પોતાને સંપૂર્ણ પણે સોંપી દેવું)

હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ આ શેઅર સાંભળી વજદમાં આવી ગયા. ચાર દિવસ–રાત વજદની કેફિયત છવાઈલી રહી (ફક્ત નમાઝના ટાઈમે હોશમાં આવી જતા) ચાર દિવસ–રાત આલમે તહય્યુરમાં રહ્યા. પાંચમા દિવસે રબીઉલ અવ્વલ શરીફની ૧૪ મી રાતે હિ. ૬૩૩ માં આપે પોતાની જાતને અલ્લાહને સુપુર્દ કરી દીધી. (વિસાલ ફરમાવ્યો) *(અખ્બારૂલ અખ્યાર, પેજ–૬૧)*

હઝરત શેખ અબ્દુલહક મોહદ્દિષ દહેલ્વી બુખારી رحمۃ اللہ علیہ પોતાની એ જ કિતાબમાં લખે છે કે, આપની પડોશમાં એક વાણિયો રહેતો હતો, શરૂ શરૂમાં આપ એનાથી ઉધાર લેતા હતા. તેને કહી દેતા કે જ્યારે તારૂં લેણું ત્રીસ દિરહમ (અરબી ચલણી નાણુ) થઈ જાય તો તે પછી ઉધાર આપવું નહીં. જ્યારે આપને નજરાના–બક્ષીસ મળતા તો તેમાંથી દેવું ભરપાઈ કરી દેતા. તે પછી આપે મજબૂત ઈરાદો કરી લીધો કે હવે પછી ગમે તે સંજોગોમાં કોઈની પાસેથી પણ કરજ (ઉધાર) લઈશ નહીં. તો અલ્લાહના ફઝ્લો કરમથી આપના મુસલ્લા નીચેથી રોટલી મળી આવતી જેનાથી ઘરવાળાંનો ગુજારો થઈ જતો. એટલા જ માટે આપની ઓળખ રૂપે "કાકી" નામ પડી ગયું. કાક અફઘાની ભાષામાં રોટલીને કહે છે. (અખ્બારૂલ અખ્યાર, પેજ–૬૦) (કેટલીક કિતાબોમાં "કાકી" નામ પડવા માટે નીચે મુજબ જાણવા મળે છે) *–ગુજરાતી અનુવાદક*

"કાકી" લકબ પડવાના કેટલાક કારણો જુદી જુદી કિતાબોમાં છે, ૧. જ્યારે હઝરત કુતબુલ અકતાબ رحمۃ اللہ علیہ એ દિલ્હીને પોતાનું રહેઠાણ બનાવ્યું ત્યારે આપે ભરણપોષણ–ગુજરાન માટેના જે જાહેરી સબબો હોય છે તેનાથી તદ્દન સંબંધ કાપી નાખ્યો ત્યાં સુધી કે આપ અને આપના સંબંધીઓ ખૂબ જ તંગદસ્તીનું જીવન ગુજારવા લાગ્યાં. હઝરત વધારે પડતો સમય તો આલમે ઈસ્તેગરાક (યાદે ઈલાહીમાં ડૂબી જવું આ દુનિયા અને



તેના સંબંધ બાબતોથી તદ્દન બેખબર)માં જ રહેતા હતા. આપનાં પત્ની આપના ઘરની ખાવા–પીવા માટેની ચીજોની વ્યવસ્થા કરતાં. શરફુદ્દીન નામનો માણસ અનાજ કરિયાણાની દુકાનવાળો જે એમની પડોશમાં રહેતો હતો. હઝરતનાં માનનીય પત્ની સાહેબા તેની સ્ત્રીથી કાંઈક ઉધારે મંગાવી લેતાં હતાં, એક દિવસે દુકાનદારની સ્ત્રીએ ટોણું માર્યું કે સારું છે કે અમે તમારી પડોશમાં રહીએ છીએ, નહીં તો તમારી કેવી હાલત થાત?! તમોને કોણ ઉધાર આપત ! આ વાતથી હઝરત બીબી સાહેબાને ખૂબ જ ખોટું લાગ્યું, તેમણે તેનાથી ઉધાર લેવું બંધ કર્યું. આ વાતની જાણ હઝરત કુતુબ સાહેબ رحمۃ اللہ علیہને થઈ તો આપે કહ્યું, "કોઈનાથી ઉધાર કશું જ ન લેવું. જરૂરત પડે તો સામેના ગોખલામાં બિસ્મિલ્લાહ શરીફ પઢી રોટલીઓ લઈ લેવી." આપના ઘરવાળાં એ જ પ્રમાણે દરરોજ જરૂરત પ્રમાણે ગરમ ગરમ રોટલીઓ લઈ લેતાં. એક દિવસે પડોશણને વાત વાતમાં આ બાબત કહેવાય જતાં બીજા દિવસથી રોટલીઓ (કાક) મળવું બંધ થઈ ગયું. *(કિતાબ સૈરુલ આરિફીન)*

દારા શિકોહ કહે છે કે, હઝરત કુતુબ સાહેબ رحمۃ اللہ علیہ કોઈની પાસેથી નજરાણુ લેતા ન હતા. પડોશણ પાસેથી કરજ લઈ આપનાં બીબી સાહેબા ઘરનો ખર્ચ ચલાવતાં. એક દિવસ પડોશણે મહેણું–ટોણું માર્યું તો હઝરતે કહ્યું, કોઈથી કરજ ન લો. મારા આ ઓરડાના ગોખલામાંથી જરૂરત મુજબ ગરમ રોટલીઓ (કાક) લઈ લેવી, તે પછી એ જ રીતે રોટલીઓ અર્થાત કાક લઈ ગુજારો કરતાં હતાં. આ ઉપરથી આપનું "કાકી" નામ મશહૂર થયું. *(સફીનતુલ અવલિયા)*

હઝરત અમીર ખુસરૂ رحمۃ اللہ علیہ કહે છે કે એક દિવસે ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہને પૂછયું, હઝરત કુતુબબાવા رحمۃ اللہ علیہનું "કાકી" નામ કેવી રીતે પડયું ?

આપે કહ્યું, એક દિવસ ફકીરો–દુરવેશો સાથે હોઝે શમ્સી પાસે બેઠા હતા. ઠંડી ઠંડી હવા ચાલતી હતી. ત્યાં અમુક દુરવેશોએ કહ્યું, હઝરત ! ભૂખ ખૂબ લાગી છે. ગરમ ગરમ કાક (એક પ્રકારની રોટલી) ખાવા મળે તો કેવું સારું થાત.

આપે આ સાંભળી પાણીમાંથી ગરમ ગરમ રોટલીઓ કાઢીને આપવાનું

શરૂ કર્યું, તે દિવસથી આપ "કાકી" (કાકવાળા) તરીકે જાણીતા થઈ ગયા. *(રૌઝતુલ અકતાબ)*

ખ્વાજા અમીર ખુર્દ કિરામાની લખે છે કે رحمۃ اللہ علیہ સુલતાનુલ મશાઈખ મેહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, એક સમયે હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની رحمۃ اللہ علیہ અને હઝરત જલાલુદ્દીન તબરેઝી رحمۃ اللہ علیہ મુલ્તાનમાં હતા. ત્યાં મુલ્તાનનો હાકિમ (ગર્વનર) નાસિરૂદ્દીન કબાયાએ બુઝુર્ગોની ખિદમતમાં આવી આજીજી કરી કહેવા લાગ્યો, હુઝૂર ! કાફિરોનું લશ્કર મુલ્તાનના કિલ્લાની દિવાલો નજીક પહોંચી ચૂકયું છે, એ દુશ્મનોથી બચાવવા મારી વિનંતી છે. હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہએ કબાયાને એક તીર આપી કહ્યું, જા ! રાતના અંધારામાં દુશ્મનોના લશ્કર તરફ ફેંકી દેજે. કબાયાએ હુકમ મુજબ અમલ કર્યો તો સવારમાં જુએ છે તો એક પણ કાફિર ત્યાં ન હતો. *(સિયરુલ અવલિયા, પેજ-૧૧૭)*

ખ્વાજા અમીર ખુર્દ કિરમાની લખે છે કે મલેક ઈખ્તેયારૂદ્દીન ઐબક હાજબે અમુક રોકડ રકમ હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہની સેવામાં હાજર કરી. આપે તે લેવા ના પાડતાં કહ્યું, જુઓ આ શું છે ? આમ કહી પોતે જે સાદડી ઉપર બેઠા હતા તે ઉઠાવી, મલેકે જોયું તો તેની નીચે એક નદી ચાંદીની વહી રહી હતી. પછી હઝરતે કહ્યું, હવે તો તમોને ખ્યાલ આવી ગયો હશે જ કે, તમારી લાવેલી રકમની મારે જરૂરત નથી. *(સિયરુલ અવલિયા, પેજ-૧૨૦)*

હઝરત મીર સૈયદ અબ્દુલ વાહિદ બેલગરામી رحمۃ اللہ علیہ લખે છે કે, સુલતાન શમ્સુદ્દીન અલ્તમશ رحمۃ اللہ علیہ બાદશાહી શાનો શૌકત ઠાઠમાઠથી હઝરત કાઝી હમીદુદ્દીન નાગોરી અને હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થયા. બન્નેવ બુઝુર્ગો વુઝૂથી પરવારી તહિય્યતુલ વુઝૂની નફલો પઢી રહ્યા હતા. બાદશાહ કદમબોસીના આદાબ બજાવી લાવી અદબથી બેસી ગયા, અને બોલ્યા સેવક ભૂખ્યો છે. હઝરત કાઝી હમીદુદ્દીને ખાદિમને કહ્યું, ખાવા હોય તો લઈ આવ. બાદશાહે કહ્યું, આપ સાહેબોના આ સેવકને તો ગૈબથી ખાણું જોઈએ. હઝરત કાઝી સાહેબે મુસ્કરાહટ સાથે કુતુબબાવા સાહેબને કહ્યું, બાદશાહ સલામતને તો ગૈબથી



ખાવા આપો !

કુતુબ સાહેબે પોતાના પહેરણની બાંયોમાં હાથ નાખી ગરમ ગરમ રોટલીઓ કાઢી બાદશાહના હાથ ઉપર મૂકી દીધી.

કાઝી સાહેબે જે જગ્યાએ વુઝૂ કર્યું હતું ત્યાંથી કાદવ ઉઠાવી તો તે સ્વાદિષ્ટ ગરમ હલવો બની ગયો તે બાદશાહ સમક્ષ પીરસી આપ્યો.

એ પછી કાઝી હમીદુદ્દીને શેખ સાઅદુદ્દીનને કહ્યું, ખાવા પછી પાન પણ હોવું જોઈએ.

શેખ સાઅદુદ્દીને પોતાની બાંયમાં હાથ નાખ્યો તો ગૈબથી તૈયાર કાથો ચૂનો લગાડેલ પાન પણ હાજર થઈ ગયું.

બાદશાહે કહ્યું, હુઝૂર ! હું આપના દરબારનો કૂતરો છું મારા લશ્કરના સિપાઈઓને પણ આ ગૈબની રોટલી હલવો અને પાન ખાવા મળી જાય તો કેટલું સારું જણાય.

હઝરત કુતુબ સાહેબે કહ્યું, તમારા સિપાઈઓને કહો કે આકાશ તરફ તમારા હાથો કરી લો. બધાએ હાથો આકાશ તરફ ધર્યા. કુતુબ સાહેબે પોતાની બાંય ખંખેરી તો ગરમ ગરમ રોટલીઓ દરેક સિપાઈના હાથમાં જઈ પડી. પછી કાદવમાંથી ગરમ ગરમ હલવો તેમના હાથોમાં પહોંચ્યો. પછી શેખ સાઅદુદ્દીને બાંય ખંખેરતાં પાન તેમના હાથોમાં જઈ પહોંચ્યાં. શેખ સાઅદુદ્દીન رحمۃ اللہ علیہને એ જ કારણે તંબૂલી (પાનવાળા) કહે છે. *(સબ્એ સનાબિલ- ઉર્દૂ, પેજ-૪૪૬)*

આ બનાવોના આધારે હઝરત કુત્બુદ્દીન અખ્તિયાર કાકી રહમતુલ્લાહ અલયહે પોતાનો અકીદો સાફ સાફ જણાવી દીધો કે, અલ્લાહ તઆલાએ મને એ શક્તિ આપી છે કે જરૂરત જણાય તો પહેરણની બાંયમાંથી પણ ગરમ ગરમ રોટલીઓ કાઢી શકું છું. એ જ રીતે કાઝી હમીદુદ્દીન رحمۃ اللہ علیہ (વિસાલ. ૬૨૫ હિ.)એ પણ પોતાનો તસર્રૂફ બતાવી આપ્યો કે કાદવમાંથી પણ સ્વાદિષ્ટ હલવો કાઢી આપી શકું છું. એ જ રીતે શેખ સાઅદુદ્દીને પણ બાંયોમાંથી પાન ઝાટકીને પોતાનો તસર્રૂફ બતાવી દીધો. અવલિયાએ કિરામને અલ્લાહ તઆલા ઘણી જ શક્તિઓ અર્પણ કરે છે તેમને મજબૂર લાચાર બનાવી મોકલતો નથી. તેઓ અલ્લાહના થઈ જાય છે જેથી તેમના

હાથ–પગ–ઝબાન બધું જ અલ્લાહની કુદરતના શાહકાર બની જાય છે.

**નોંધ** : એહલે સુન્નત અવલિયા અલ્લાહની શક્તિઓ અલ્લાહની અતાથી માને છે, જેને જે પણ તસર્રૂફ–ઈખ્તેયાર મળેલો છે તે અલ્લાહ તઆલાના આપવાથી જ છે. *–અનુવાદક*

## ★ સુલતાનુત્તારેકીન હઝરત સૂફી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ. ૬૭૭ )*

આપ ખ્વાજાએ ખ્વાજગાં સુલતાનુલ હિંદ ખ્વાજા ગરીબનવાઝ સૈયદના સૈયદ મોઈનુદ્દીન અજમેરી ચિશ્તી رحمۃ اللہ علیہ ના માનીતા ખલીફાઓમાંના એક હતા. આપની પેદાઈશની વિશ્વાસપાત્ર તારીખ–વર્ષ મળતું નથી પરંતુ એટલું જરૂર છે કે, આપે કહ્યું, "જ્યારે મુસલમાનોએ દિલ્હી જીતી લીધું ત્યારે તે પછી સૌથી પહેલાં મુસલમાનોના ઘરોમાં જે બાળકનો જન્મ થયો હતો તે હું જ છું." સુલતાન શાહબુદ્દીન ઘોરીએ દિલ્હી જીત્યું. હિજરી ૫૭૧ માં તો એ હિસાબે આપની પેદાઈશનું વર્ષ ૫૭૧ અથવા ૫૭૨ હિજરી હોઈ શકે.

આપનો વંશીય સંબંધ ૧૫મી પેઢી પછી હઝરત ફારૂકે આઝમ رضی اللہ عنہ થી જઈને મળે છે આપના માનનીય પિતાજીનું નામ શેખ અહમદ સૂફી رحمۃ اللہ علیہ હતું જે પોતાના સમયના મહાન સૂફી ઉપરાંત મહાન આલિમ હતા. આપના માનવંત માતા પણ તે સમયનાં રાબેઆ બસરીયા હતાં. હઝરત મૌલાના સૂફી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ ફરમાવતા કે જો કોઈ ઔરત એ સમયમાં મારા માનવંત માજી કરતાં વધુ નેક પરહેઝગાર હોત તો હું તેમના પેટથી જન્મ લેત. અર્થાત આપની વાલિદા (મા) તે સમયના બેહતરીન પરહેઝગાર મુત્તક઼ી બુઝુર્ગ ઔરત હતાં. (رحمۃ اللہ علیہا)

આપ હઝરત નાગોરી رضی اللہ عنہ દુનિયાથી તદન બેપરવા મુત્તક઼ી પરહેઝગાર હોવામાં અજોડ હતા. વલીએ કામિલ હોવા સાથે પોતાના સમયના મહાન આલિમોમાં અગ્રસ્થાન ધરાવતા હતા. અરબી, ફારસી, હિંદીના ખૂબ જાણકાર ઉપરાંત કુર્આન, હદીષ, ફિક઼્હના વિદ્વાન હતા. તસવ્વુફની કિતાબોના પણ ખૂબજ ઉંડા અભ્યાસી હતા. આપ પોતાની



કિતાબોમાં ઠેક ઠેકાણે કુર્આનની આયતો, હદીષો અને બુઝુર્ગોના ક઼ૌલ નકલ કરે છે. આપની કિતાબો ઉસૂલે તરીક઼ા, રિસાલતુસ્સુલૂક અને ચાર મંઝિલો એ વાતનો પુરાવો છે. જેને વાંચ્યા પછી માણસ એમના ઈલ્મની તારીફ કર્યા વિના રહી શક્તો નથી.

૨૭મી રબીઉલ આખર હિ. ૬૭૭ માં પોતાના પીર ખ્વાજા ગરીબ નવાઝના વિસાલ પછી ૪૪ વર્ષે આપનો વિસાલ થયો આપનો મઝાર શરીફ રાજસ્થાનમાં નાગોર મુકામે છે જ્યાં અકીદતમંદોની હમેશાં ભીડ જામેલી રહે છે. *(કિતાબ : સુલતાનુત્તારેક઼ીનમાંથી)*

હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની સોહરવર્દી رحمۃ اللہ علیہ અને હઝરત હમીદુદ્દીન નાગોરી ચિશ્તી رحمۃ اللہ علیہના વચ્ચે કોઈક મસ્અલા બાબત પત્ર વ્યવહાર ચાલી રહ્યો હતો, તે દરમ્યાન હઝરત હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ પાસે હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની رحمۃ اللہ علیہ નો પુત્ર નાગોર આવ્યો. કોઈક મસ્અલામાં તે હઝરત નાગોરી رحمۃ اللہ علیہ સાથે ખૂબ જ બહષ મુબાહેષા કરવા લાગ્યો, છેવટે આપે શરઈ દલીલોથી એને પોતાની વાત ક઼બૂલ કરાવી લીધી. પરંતુ તેની ચર્ચા–બહષ કરવાની રીત સારી ન હોવાથી હઝરત નાગોરી رحمۃ اللہ علیہનું દિલ ખૂબ નારાજ થયું હતું. બેકારની વાતોમાં નાખીને આપનો સમય બરબાદ કર્યો હતો તેથી આપે તેને ગુસ્સામાં કહી દીધું હતું કે "જા ! મેં તને કેદ કર્યો."

પરિણામે હઝરત હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ અને હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની رحمۃ اللہ علیہ ના પર્દે (વિસાલ) થયા પછી હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની رحمۃ اللہ علیہનો પુત્ર કોઈ જગ્યાએ મુસાફરીમાં ડાકૂઓના હાથે પકડાયો, તે ડાકૂઓએ કહ્યું, શેખ બહાઉદ્દીનનો વારસામાં મળેલો તમામ માલ–સામાન અમને તું આપીશ તો જ તને અમારી કેદમાંથી છોડીશું. જેથી તેણે પોતાના ભાઈ શેખ સદરૂદ્દીનને લખ્યું કે મારા ભાગનો માલ–સામાન આ લોકોને પહોંચાડશો, નહીં તો તેઓ મને કેદમાંથી છોડશે નહીં. જેથી તેમણે તેનો માલ પહોંચાડી આપ્યો. તો ડાકૂએ ફરી કહ્યું, "હજીય શેખ સદરૂદ્દીનને લખ કે તેમના ભાગમાંથી પણ થોડોક માલ મોકલે." ફરી શેખ સદરૂદ્દીન પાસેથી થોડોક માલ મંગાવ્યો તો પછી તેને કેદમાંથી મુક્ત કર્યો. *(સિયરુલ અવલિયા, પેજ–૨૬૭)*

કહેવાય છે કે, આપ પોતાના પીરો મુર્શિદની મસ્જિદમાં અજમેર શરીફમાં ઈમામત કરતા હતા. જ્યારે તકબીરે તહરીમા કહેતા તો દરેક મુક્તદીને અર્શે આઝમનું દર્શન થતું. એને દરેક મુક્તદી પોતે પોતાની બુઝુર્ગી–કરામત સમજતો. એક દિવસ બન્યું એવું કે આપ મસ્જિદમાં હાજર ન હતા જેથી બીજા કોઈ બુઝુર્ગે ઈમામત કરવી પડી. તે દિવસે કોઈને પણ અર્શેઆઝમનો દીદાર થયો નહીં. ત્યારે એ ભેદ ખુલ્યો કે આ કરામત તો હઝરત હમીદુદ્દીન رحمۃ اللہ علیہની છે, એમની બરકતથી મુક્તદીઓને અર્શનો જલ્વો નસીબ થાય છે.

ઈમામતને માટે આપ દરરોજ નાગોરથી અજમેર શરીફ હાજર થતા, ફજરની નમાઝ પઢાવી પગપાળા નાગોર જતા અને ઝહોર વખતે અજમેર શરીફ હાજર થઈ જતા. ઈશા બાદ નાગોર ચાલ્યા જતા અને ત્યાં રાત્રે ઈબાદત–રિયાઝતમાં પરોવાઈ જતા. *(સુલતાનુત્તારેકીન, પેજ–૧૨૭)*

**નોંધ** : અજમેર શરીફથી નાગોર ૧૬૫ કિલોમીટર છે.

આ બનાવોથી હઝરત હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہએ પોતાનો અકીદો જાહેર કરી આપ્યો કે અલ્લાહ તઆલાએ મને તસર્રુફની મહાન શક્તિથી નવાજેલો છે.

## ★ શૈખુશ્શુયુખુલ આલમ બાબા ફરીદુદ્દીન ગંજશકર رحمۃ اللہ علیہનો અકીદો ★

*(વિસાલ મુબારક : ૬૭૦ હિ.)*

રિવાયત છે કે, આપના સમયમાં હસન નામનો કવ્વાલ હતો. તેને પોતાની છોકરીની શાદી માટે રકમની જરૂરત હોવાથી હઝરતની સેવામાં હાજર થયો. અરજ કરી હઝરત મારી છોકરીની શાદી છે માટે આપનાથી મદદની આશા રાખું છું. આ સાંભળી હઝરતે કહ્યું, હસન મારી પાસે શું છે તે તને આપું ! હું તને શું આપું ! હસને કહ્યું, હઝરત ! તમારી પાસે કશું જ નથી તો કહી દો આ ઈંટ પડેલી છે તે ઉઠાવી લે.

આ સાંભળી હઝરત થોડી ક્ષણો ચૂપ થઈ ગયા, પછી કહ્યું, ઉઠાવી લે ! હસને ત્યાં પડેલી ઈંટ ઉઠાવી તો હાથથી પકડતાં જ સોનાની બની ગઈ.



હસને કહ્યું, હઝરત બીજી પણ ઉઠાવી લઉં ! હઝરતે કહ્યું. "બસ, એક જ બસ છે." પરંતુ હસને કહ્યું, હુઝૂર બીજી પણ અર્પણ કરો મહેરબાની થશે ! હઝરતે કહ્યું, ઠીક છે પરંતુ પછી વધુ લાલચ ન કરતો. હસને ઈંટ ઉઠાવતાં જ તે પણ સોનાની બની ગઈ. એટલે તેણે કહ્યું, ત્રીજી ઈંટ ! હઝરતે કહ્યું, હમણાં તો તેં વચન આપ્યું કે ત્રીજીની લાલચ નહીં રાખું ! તેણે કહ્યું, સરકાર ! આપની જરાક સરખી ઈજાઝત–રઝામાં ગરીબનું ભલુ થશે, કૃપા ફરમાવી દો ! હઝરત બાબા ફરીદુદ્દીન رحمۃ اللہ علیہ એ મલકાઈને કહ્યું, ઠીક છે જા ત્રીજી પણ લઈ લે ! હસને ત્રીજી ઈંટને હાથ લગાડતાં જ સોનાની બની ગઈ. હસન ત્રણેવ ઈંટો લઈ ગયો અને શાનો શૌકત સાથે એણે છોકરીની શાદી કરી. *(બરકાતુસ્સાલેહીન, ભાગ–૨, પેજ–૮૧)*

એ જ હસન કવ્વાલ જેની ઉપર વાત થઈ તેણે એક દિવસે હઝરત બાબા ફરીદ ગંજે શકર رضی اللہ عنہને કહ્યું, હુઝૂર ! હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની رحمۃ اللہ علیہ ની ખૂબ તારીફ સાંભળી છે, મારું દિલ ચાહે છે કે તેમની મુલાકાત કરું.

આપે કહ્યું, સારૂં ઠીક છે જા પરંતુ સાંભળ ! "તેમની જરા સરખી પણ બેઅદબી ન કરતો." હસન મુલતાન ગયો. તેણે જોયું કે હઝરત બહાઉદ્દીન ઝકરિયા આલીશાન બંગલામાં રહે છે, કિંમતી ગાલીચાઓ પાથરેલા છે, એક કિંમતી પલંગ અને તેના ઉપર મખમુલની કિંમતી ચાદરો બિછાવેલી છે. બેહતરીન તકીયા છે તેના ઉપર હઝરત બેઠેલા છે. હસને દિલમાં ખયાલ કર્યો, શું આ તસવ્વુફ છે ? આનું નામ તરીકતનો રસ્તો છે ? આ કંઈ દુરવેશી છે ? દુરવેશી તો બાબા ફરીદ પાસે છે જ્યાં એક સાદડી પણ ઠીકથી નથી.

શેખ બહાઉદ્દીન ઝકરિયા رحمۃ اللہ علیہ એ પોતાના બાતિની નૂરથી એના ખ્યાલો જાણી લીધા. અને કહ્યું, અય બેઅદબ ! શું તને ભાઈ ફરીદુદ્દીને કહ્યું ન હતું કે બેઅદબી ન કરતો ? તેમની વાતને પણ ન માની ! પછી હઝરત બહાઉદ્દીન رضی اللہ عنہએ એને ઉઠાવી બહાર ફેંકી દેવા વિચાર્યું પરંતુ આપને રોકવા ગૈબથી એક હાથ જાહેર થયો, આપે દરગુજર કરી. પરંતુ નારાજગી જાહેર કરવા ફરી બહાર ફેંકવા વિચાર્યું ત્યાં ફરી ગૈબથી હાથ જાહેર થયો. ત્રીજી વાર આપે એને કંઈક સજા આપવા વિચારતાં ત્રીજી વાર પણ ગૈબી હાથ જાહેર

થઈ વચમાં આડે આવી ગયો. અને હાથમાંથી અવાજ સંભળાયો, અય હસન ! આ હાથને ઓળખે છે ! હસને કહ્યું, હસન એ હાથ પર કુર્બાન, જો એ હાથ ન હોત તો આજે હસન જીવતો ન બચી શકત. *(બરકાતુસ્સાલેહીન, ભાગ–૨, પેજ–૮૩)*

ખઝીનતુલ અસ્ફિયાના લેખક લખે છે કે, હઝરત બાબા ફરીદ رحمة الله عليه પાસે એક જમીનનો ટૂકડો જે એમણે પોતાની જાત કમાઈની રકમથી વેચાતો રાખેલો હતો. કોઈ માણસે રૂપાલપુરની કોર્ટમાં ખોટો દાવો મૂક્યો કે "આ જમીન મારી છે." હાકિમે આપને કોર્ટમાં જવાબ આપવા બોલાવ્યા. આપે કહ્યું, હું કોર્ટમાં નથી આવતો, શહેરના લોકોને પૂછી લો જમીન કોની છે ?

હાકિમે કહ્યું, કેસમાં એવી બેપરવાઈ ન ચાલે અને એ રીતે ફેંસલા ન થાય, તમારે દસ્તાવેજી કાગળો લઈ હાજર થવું પડે. ગવાહો આપવા પડે. તમને ન આવવું હોય તો તમારો વકીલ તમારે મોકલવો પડે એ વિના કેસનો ફેંસલો ન થાય.

હઝરતે કહ્યું, એ તૂટેલી ગરદનવાળા હાકિમને કહી દો કે અમારી પાસે સાક્ષી પણ નથી તેમજ કોઈ દસ્તાવેજી સનદો પણ નથી, અમારી જીભ ઉપર ભરોસો ન હોય તો જમીનને જઈ પૂછી લો કે તું કોની છે ? તે પોતે જ બતાવી આપશે. આ સાંભળી અમલદાર–હાકિમ આશ્ચર્યમાં પડી ગયો, તેને થયું ઠીક છે જરા એ ફક઼ીરની પરીક્ષા તો કરી લઉં કે તેની વાતમાં કેટલી સચ્ચાઈ છે !

હાકિમ પોતાના માણસો લઈ જમીનના તે ટૂકડા પાસે ગયો, લોકોનાં પણ ટોળે ટોળાં ભેગાં થઈ ગયાં હતાં. હાકિમે (અમલદાર) દાવેદારને કહ્યું, તું પૂછ કે હે જમીન ! તું કોની માલિકીમાં છે ? દાવેદારે પૂછયું, પરંતુ કાંઈ જવાબ મળ્યો નહીં. ત્યાં ઉભેલા હઝરતના એક મુરીદે કહ્યું, "અય જમીન ! બાબા ફરીદુદ્દીન ગંજેશકરનો હુકમ છે કે તું સાચે સાચુ બતાવી દે કે તું કોની માલિકી હેઠળ છે. અર્થાત તારો માલિક કોણ છે ? તે જ વખતે જમીનમાંથી અવાજ આવ્યો "હું ફરીદુદ્દીનની માલિકી હેઠળ છું." આ સાંભળી દાવેદાર છોભીલો પડી ગયો. હાકિમ પણ આશ્ચર્યમાં ગરક થઈ ગયો. પાછા ફરતાં રસ્તામાં હાકિમની ઘોડીને ઠોકર વાગતાં તે ગબડી પડી તે સાથે હાકિમ પણ જમીન પર ઉંધે માથે પટકાયો, પરિણામે તેની ગરદન



તૂટી ગઈ અને હઝરત બાબા ફરીદુદ્દીન ગંજેશકરે ફરમાવેલો હુકમ સાચો પડયો. *(બરકાતુસ્સાલેહીન, ભાગ–૨, પેજ–૮૪)*

રિવાયત છે કે બાબા ફરીદુદ્દીન رحمة الله عليه એક લાંબી સફરમાંથી પરત થતાં મુલતાન પહોંચ્યા. તો હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની رحمة الله عليهથી મુલાકાત થઈ. તેમણે પૂછયું, બાબા ફરીદ ક્યાં સુધી મરતબાઓમાં સ્થાન પ્રાપ્ત થયું. આપે કહ્યું, "આપ જે ખુરસી ઉપર બિરાજમાન છો, હું હુકમ કરૂં તો તે આપને લઈને હવામાં ઉડવા લાવે." હજુ આટલું જ બોલતા તો ખુરસી ઉપર તરફ ઉડવા લાગી. પરંતુ હઝરત ઝકરિયા તેને દબાવીને નીચે લઈ આવ્યા. *(બાબા ફરીદુદ્દીનના જીવન ચરિત્રમાંથી, પેજ–૫૨)*

ખઝીનતુલ અસ્ફિયાના લેખક લખે છે કે, "બાબા ફરીદુદ્દીન ગંજેશકર رحمة الله عليهના નામે ખ્યાતિ પામવાનું કારણ એ છે કે, એક વેપારી ઉંટો ઉપર શાકર (ખાંડ) લઈ મુલ્તાનથી દિલ્હી જઈ રહ્યો હતો, રસ્તામાં પાક પટ્ટન પહોંચ્યા તો ખ્વાજા ફરીદુદ્દીનથી મુલાકાત થઈ. હઝરતે પૂછયું, ઉંટો ઉપર શું લઈને જાઓ છો ? વેપારીએ મજાકમાં કહ્યું કે, નમક (મીઠું) છે. આ સાંભળી ખ્વાજા સાહેબે કહ્યું, સારી વાત છે ! નમક હશે. જ્યારે પેલો વેપારી પોતાના સ્થળે પહોંચ્યો તો જોયું કે, ઊંટો ઉપર શાકર (ખાંડ) ની જગ્યાએ નમક (મીઠુ) જ હતું. વેપારી સમજી ગયો કે મારી મજાકનો જ આ બદલો છે ત્યાંથી પાછો હઝરત ખ્વાજા ફરીદુદ્દીન પાસે આવી માફી માંગી કરગરવા લાગ્યો તો આપે કહ્યું, જા શકર (ખાંડ) હતી તો શકર જ હશે.

બેરમખાને આ બનાવને પોતાની કવિતા પંક્તિઓમાં આ રીતે લખેલો છે.

*કાને નમક, જહાંને શકર શૈખે બેહરોબર*
*આં કઝ શકર નમક કુનદ વ અઝ નમક શકર.*

**અર્થાત** : ખ્વાજા ફરીદુદ્દીન નમક (મીઠા)ની ખાણ, શકર (ખાંડ, મીઠાશ)ની દુનિયા અને જમીન અને પાણીના તમામના શૈખ છે. જે શકરને નમક અને નમક ને શાકર બનાવી દે છે. *(બરકાતુસ્સાલેહીન, ભાગ–૧, પેજ–૮૫)*

આ ઉપરોક્ત બનાવથી હઝરત બાબા ફરીદુદ્દીન رحمة الله عليهએ પોતાનો અક઼ીદો સ્પષ્ટપણે જાહેર કરી દીધો કે અલ્લાહે મને દુનિયા–જહાંમાં તસર્રૂફની મહાન શક્તિ અર્પણ કરી છે.

યાદે ઊ ગર મૂનિસે જાનત બુવદ
હર દો આલમ ઝેરે ફરમાનત બુવદ

## ★ મેહબૂબે યઝદાની હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમનાની رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૮૦૮)*

આપ અખંડ હિંદુસ્તાનના ખૂબ જ ખ્યાતનામ બુઝુર્ગોમાંથી એક છે. આપ પહેલાં સિમનાનના બાદશાહ હતા. સિમનાન અત્યારે ઈરાનના એક શહેર તરીકે છે. આપે દશ વર્ષ સુધી બાદશાહત કર્યા પછીથી રાજપાટ છોડી ફક઼ીરી ધારણ કરી ઘેરથી નીકળી ગયા, હિંદુસ્તાન આવી પંડવા શરીફ (બંગાળ)માં સુલતાનુલ મુર્શિદીન હઝરત અલાઉલ હક્ક઼ વદીન رحمۃ اللہ علیہની બયઅત તથા ખિલાફતથી પાવન થયા. પોતાના પીરો મુર્શિદના હુકમથી કછોછાને પોતાનું કાયમી રહેઠાણ બનાવી ઈસ્લામની તબ્લીગમાં પોતાની જાહેરી જિંદગી પૂરી કરી. ત્યાં જ આપનો મઝાર શરીફ છે. ઝિયારત માટે આવનાર અકીદતમંદોની હમેશાં ભીડ રહે છે. જિન્નાત, ભૂત, પ્રેતવાળાઓ તેમજ બીમારો એમના દરબારથી અલ્લાહના ફઝ્લથી શિફા મેળવે છે.

હઝરત મૌલાના નઈમ અશરફ જાઈસી આપના જીવન વૃત્તાંતમાં વર્ણન કરે છે કે, એક વખત આપ જુમ્આની નમાઝ માટે સંજૂલી ગયા જે ખાનકાહથી ૨૦ કિલોમીટર દૂર આજે પણ એક વેરાન ગામડાની સ્થિતિમાં છે. જુમ્આની નમાઝ પછી ત્યાંના એક મુલ્લાએ જબ્ર અને ક઼દ્રના મસ્અલા પર ચર્ચા કરી અને કહ્યું કે માણસ પોતાના કર્મ ઉપર મુખ્તયાર છે કે નહીં ? જો મુખ્તયાર માનવામાં આવે તો એક અક઼ીદો ક઼દરિયા ફિરક઼ાનો છે અને મુખ્તયાર ન માનવામાં આવે તો એ અકીદો જબરિયા ફિરક઼ાનો છે. અને આ બન્નેવ ફિરક઼ાઓની વિચારશ્રેણી એહલે સુન્નત જમાઅતની નજીક જૂઠી જ છે. તો આ બન્નેવની વચ્ચેનો કયો રસ્તો છે કે જેને એહલે સુન્નત પોતાના અક઼ીદાની બુનિયાદ બનાવી શકે છે ?

હઝરતે કહ્યું, મસ્અલો ખૂબ જ નાઝુક છે, ઈલ્મે કલામના પારંગત ઈમામોએ એમાં ઘણી જ ઝીણવટભરી વિસ્તૃત છણાવટ કરી છે. જેમ કે



ઈમામ ફખરૂલ ઈસ્લામએ એમની પોતાની કિતાબ બરોઝીમાં જે કાંઈ લખ્યું છે, તેનો ખુલાસો એ છે કે "જો જાહિરમાં એનો અર્થ લેવા જઈએ તો "ઈખ્તેયાર" છે અને હકીકતના અર્થમાં જોઈએ "જબ્ર" છે."

પરંતુ મુલ્લાને પોતાના ઈલ્મનો ઘમંડ હતો એણે હઝરતની આ વાત ન માનતાં વધુ જીભાજોડી કરવા લાગ્યો. જ્યારે હક઼ીક઼તમાં જોઈએ તો હઝરતે પોતાના ટૂંકા વાક્યમાં દરિયાને કુજામાં સમાવી દીધો હતો.

બહષ–મુબાહેષો લંબાઈ ગયો. મુલ્લાએ પોતાના ઈલ્મનું જોર દેખાડી પોતે કેટલો ઈલ્મ ધરાવે છે તે બડાઈ હાંકતાં હાંકતાં એક બેઅદબી કરતું વાક્ય બોલી ગયો.

હઝરત ચૂપ થઈ ગયા. મુલ્લા પણ ચૂપ થઈ જાત તો સારું હતું પરંતુ એ સમજ્યો કે ફક઼ીરો–સૂફીઓ ઈલ્મથી કોરા જ હોય છે એટલે પોતાની જીભ ચાલુ જ રાખી. અંતે હઝરત જલાલ–ગુસ્સામાં આવી ગયા અને બોલ્યા, "મુલ્લા ! અભી તક તેરી જબાન ચલતી હૈ !" હજુ આપનું આ વાક્ય પૂરું પણ ન થયું હતું કે મુલ્લાની જીભ મોંથી બહાર નીકળી ગઈ. આખી મજલિસમાં સન્નાટો છવાઈ ગયો, જહાંગીરી જલાલ જોઈ સૌની જીભો સિવાઈ ગઈ. મુલ્લાજી અતિશય તકલીફથી તડપવા લાગ્યા. આ ખબર ગામમાં પહોંચતાં એની મા જે ખૂબ જ વૃધ્ધ હતી જેમ તેમ કરી મસ્જિદે પહોંચી રડી કકડી હઝરતના પગ પકડી માફી માંગવા લાગી. એનું રડવું પૂરી મજલિસથી જોઈ શકાતું ન હતું પરંતુ કોઈની હિંમત ન હતી કે હઝરત પાસે સિફારિશનો એક શબ્દ પણ ઉચ્ચારે ! આપના ગુસ્સા જલાલની હદ એ હતી કે આપના સાથીઓ કહે છે, આવો જલાલ અમે કદી પણ જોયો નથી.

ડોશી રડતી–પછડાતી અને કહેતી, "સરકાર આ એક જ મારી ઘડપણની લાકડી છે, મારી ઉપર દયા કરો, એ જ એક મારી ઉમ્મીદોનો સહારો છે. હઝરત એને માફ કરી દો, દુઆ કરી દો એની જીભ એને પાછી મળી જાય. અને પોતાની કાકલૂદી ભરી અરજ કરી બોલી, "યા મીર પૂત ભીક દે." અર્થાત અય રહમવાળી સરકારોની ઔલાદ ! આપ ખૂદ પણ આલે રસૂલ છો, તમારાથી મારો પુત્ર ભીખમાં માગું છું. તમારા નાના–દાદાઓ એ કદી સવાલીને ઠુકરાવેલો નથી, મને ભીખારણને પણ

મારો પુત્ર ભીખમાં આપો !''

એના વાક્યથી આપને રહમ–દયા આવી ગઈ, અને ફર્માવ્યું, ઈલાહી ! એની જીભને ઠીક કરી દે, પરંતુ થોડી તોતડી રહે. જેથી તરત મુલ્લાની જીભ તો ઠીક થઈ પરંતુ જિંદગી પર્યંત તોતડાતી રહી. *(મેહબૂબે યઝદાની, પેજ–૬૧)*

અને લખ્યું છે કે હઝરતનો એક જોહર નામે અફઘાની મુરીદ હતો. હમેશાં આપની સાથે રહેતો હતો. એને લોહીનું કેન્સર થઈ ગયું. એણે વિચાર્યું કે ''ખાનકાહમાં મારું રહેવું ઠીક નથી, મારા રહેવાથી ખાનકાહમાં રહેતા બીજા પીર ભાઈઓ પર પણ ખરાબ અસર પડશે જેથી હું ક્યાંક બહાર રહેવા ચાલ્યો જાઉં.''

એણે પોતાનો સામાન બાંધ્યો પરંતુ ખાનકાહની જુદાઈ અને હઝરતની સોબતના ફૈઝ (લાભ)થી વંચિત થવાના ગમને કારણે ખૂબ રડવા લાગ્યો. હઝરતના બીજા મુરીદોએ આ બાબતની જાણ હઝરતને કરી. આપે એને બોલાવ્યો, સાંત્વન આપ્યું, પછી એક પ્યાલામાં પાણી મંગાવ્યું, અને તેમાં પોતાનું થૂક મુબારક નાખી કહ્યું, આ પાણી તારા શરીર ઉપર લગાડજે. બસ, થોડા દિવસ પણ થયા ન હતા ને એ બિલ્કુલ તંદુરસ્ત થઈ ગયો. *(મેહબૂબે યઝદાની, પેજ–૬૪)*

એક વેળા આપની ખાનકાહમાં કલંદરોની જમાઅત આવી તેમાં તેમનો અમીર અલી નામનો કલંદર હતો તેણે હઝરતને સવાલ કર્યો, ''તમે તમારી જાતને જહાંગીર કેમ કહો છો ? હઝરતે કહ્યું, ''હું નથી કહેતો લોકો મને જહાંગીર કહે છે.'' તેણે ફરી પૂછયું, પરંતુ લોકો શા માટે કહે છે ? આપે ફર્માવ્યું, મારા પીરે મને જહાંગીરનો ખિતાબ આપ્યો અને તેઓ એ રીતે મને બોલાવતા હતા, તે સાંભળી લોકો પણ જહાંગીર કહેવા લાગ્યા.''

ફરી પેલા કલંદરે કહ્યું, પરંતુ તમે જહાંગીર છો તેની કોઈ સાબિતી છે ? આપને એની આ વાતથી ગુસ્સો આવી ગયો, ગુસ્સામાં કહ્યું, ''હમ જહાંગીર ભી હૈં ઔર જાંગીર ભી.'' બસ તરત જ પેલો અલી કલંદર જમીન પર ઢળી પડયો અને ત્યાં જ તેનું પ્રાણ પંખેરું ઉડી ગયું.'' *(મેહબૂબે યઝદાની, પેજ–૭૨)*



એ જ કિતાબમાં લખ્યું છે કે, બલ્ખની એક મસ્જિદમાં હઝરતનો મુક઼ામ હતો, આપની સાથે બીજા ઘણા દુરવેશો, મુરીદો, ખાદિમો પણ હતા. વાતચીત દરમ્યાન એકાએક આપે ક્રોધમાં આવી આપની લાકડી મસ્જિદની દિવાલ સાથે મારવાનું શરૂ કર્યું. હાજરજનો આશ્ચર્યમાં પડી ગયા કે એકાએક આમ કેમ ! પરંતુ કોઈની હિંમત ન થઈ કે પૂછી શકે. જ્યારે આપ શાંત થયા તે પછી અદબથી હઝરત નૂરૂલ ઐન رحمۃ اللہ علیہએ અરજ કરી, તો હઝરતે કહ્યું, મારો એક રૂમી મુરીદ મૂસલ દેશમાં કાફિરો સાથે લડાઈમાં હતો ત્યાં તેણે મને મદદ માટે પોકાર્યો, હું તેની મદદ કરી રહ્યો હતો, ''અલ્લાહે તેને ફતેહ આપી.'' લોકોએ તે સમય અને તારીખ નોંધી લીધી. થોડા દિવસ પછી તે રૂમી સિપાહી ઝખ્મી હાલતમાં હઝરતની ખાનકાહમાં આવ્યો તેનાથી જણાયું કે તે જ સમયે અને તારીખે હઝરતને પોકારતાં આપે ગૈબી મદદ ફર્માવી હતી અને ઈસ્લામી લશ્કરને ફતેહમંદી મળી હતી. *(મેહબૂબે યઝદાની, પેજ–૮૪)*

આ બનાવો પરથી હઝરત મખ્દૂમ જહાંગીર અશરફ સિમનાની رحمۃ اللہ علیہએ સ્પષ્ટપણે પોતાનો અક઼ીદો જાહેર કરી આપ્યો કે અલ્લાહે મને એ શક્તિ આપી છે કે મુસીબતમાં ફસાએલાની દૂર નજીકથી મદદ પણ કરી શકું છું અને દુશ્મનોની જાન પણ લઈ શકું છું.

## ★ હઝરત ખ્વાજા બાક઼ી બિલ્લાહ رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૦૧૩ )*

આપ હઝરત મુજદ્દિદે અલ્ફેષાની શેખ અહમદ સરહિંદી رحمۃ اللہ علیہના પીર મુર્શિદ છે. આપ કાબૂલ (અફઘાનિસ્તાન) માં હિ. ૯૭૧ માં પેદા થયા. આપના પિતા ક઼ાઝી અબ્દુસ્સલામ પણ મહાન આલિમ અને સૂફી બુઝુર્ગ હતા. આમ તો આપ ''ઓવેશી'' હતાં. પરંતુ આપની બાતિની તર્બિયત સીધી જ આક઼ાએ નામદાર તાજદારે રિસાલત મઆબ صلی اللہ علیہ وسلم થી થઈ હતી, વળી ખ્વાજા બહાઉદ્દીન નક્શબંદ رحمۃ اللہ علیہથી રૂહાની તરીક઼ાથી પણ થઈ. એ સિવાય જાહેરી રીતે ઈરાન અફઘાનિસ્તાન અને હિંદસ્તાનના ઘણાય બુઝુર્ગોથી ફૈઝ મેળવ્યો હતો. આપે હઝરત ખ્વાજા અમકંગની رحمۃ اللہ علیہ થી બયઅત અને ખિલાફત મેળવી હતી. આપ શરીઅત અને તરીક઼તના

ચમકતા ચાંદ હતા. આપનો મઝાર શરીફ દિલ્હીમાં ખ્વાસ અને અવામને માટે ઝિયારતનું મર્કઝ છે જ્યાંથી આજે પણ સેંકડો લોકો ફૈઝ મેળવે છે. *(ઉર્દૂ હાશિયા અન્ફાસુલ આરેફીનમાંથી, પેજ–૫૮)*

હઝરત શાહ અબ્દુલઅઝીઝ મોહદ્દિષે દહેલ્વી رحمة الله عليه લખે છે કે, એક દિવસ હઝરત ખ્વાજા બાક઼ી બિલ્લાહ رحمة الله عليهની ખાનકાહમાં કેટલાક મેહમાન આવ્યા પરંતુ ખાનકાહના રસોડામાં ખાવાની કોઈ ચીજ ન હતી. મહેમાનોની મેહમાનગીરી કરવા માટે આપને ચિંતા થવા લાગી. ખાદિમને કહ્યું જુઓ કોઈ ખાવાની ચીજ હોય તો તલાશ કરો. સંજોગવશાત ખાનકાહની નજીક એક રોટલી વેચનારની (નાનબાઈ) દુકાન હતી. તેને આ બાબતની જાણ થઈ તો તેણે તાજી તાજી રોટલીઓ અને નિહારી (એક પ્રકારનું ગોશ્ત અને સૂપવાળું શાક) બનાવી હઝરતની ખિદમતમાં પહોંચાડયું. આવા અણીના ટાઈમે નાનબાઈની આ ખિદમતથી હઝરત ખૂબ જ પ્રસન્ન થયા. આપે નાનબાઈને કહ્યું, "બોલ માંગ ! જે જોઈએ તે આજે માંગી લે." નાનબાઈએ કહ્યું, "મને તમારા જેવો બનાવી દો !" ખ્વાજા સાહેબે કહ્યું, "તું એ હાલતને વેઠી નહીં શકે, બીજું કાંઈ માંગી લે." પરંતુ નાનબાઈ જીદ પર રહ્યો. "હુઝૂર ! મારે તો એ જ જોઈએ, બીજું કાંઈ જ નથી જોઈતું."

જ્યારે એણે પોતે ખૂબ જ વિનંતી સાથે જીદ કરી તો ખૂબ જ લાચારીથી ખ્વાજા સાહેબ એને પોતાની ઈબાદતગાહમાં લઈ ગયા અને પોતાના જેવો બનાવવા નજર નાખી તો તે આબેહૂબ શિકલ, સૂરત પહેરવેશ ઊંચાઈમાં હઝરત ખ્વાજા જેવો જ થઈ ગયો. હઝરત તેને લઈ બહાર આવ્યા તો કોઈ ઓળખી શક્તું ન હતું કે ખ્વાજા કોણ અને નાનબાઈ કોણ છે ! ફક્ત તફાવત એટલો જ હતો કે ખ્વાજા સાહેબ હોશમાં હતા જ્યારે નાનબાઈ બેહોશ હતો.

આ સમાચાર લોકોમાં પ્રસરતાં દૂર નજદીકથી લોકોનાં ટોળે ટોળાં આ આશ્ચર્યજનક બનાવને નજરે નિહાળવા આવવા લાગ્યા. ત્રણ દિવસ સુધી નાનબાઈ બેહોશ રહીને ત્રીજે દિવસે અલ્લાહને પ્યારો થઈ ગયો. (اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رَاجِعُوْنَ) (હઝરત ખ્વાજા સાહેબે પહેલેથી જ કહ્યું હતું કે મારી જેવો તું બનવા માંગે છે પરંતુ તું એ હાલતને વેઠી શકીશ નહીં તે



અક્ષરસઃ સાચુ ઠર્યું) *(તફસીરે અઝીઝી, પારો અમ્મા, પેજ–૨૪૫)*

નાનબાઈને શકલ, સૂરત, કદ વગેરે તમામ બાબતોમાં પોતાના જેવો બનાવી દઈ હઝરતે એ સાબિત કરી આપ્યું કે અલ્લાહ તઆલાએ મને તસર્રૂફની ઘણી જ મોટી તાક઼ાત અર્પણ કરી છે.

હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી رحمة الله عليه લખે છે કે, મારા પિતા હઝરત શાહ અબ્દુર્રહીમ رحمة الله عليهએ ફર્માવ્યું કે, હઝરત મુજદ્દિદે અલ્ફેષાની શેખ અહમદ સરહિંદી رحمة الله عليهથી એમના પીર હઝરત બાક઼ી બિલ્લાહ رحمة الله عليهના સંબંધે એક અણછાજણી વાત થઈ ગઈ. આ વાત એક માણસે હઝરત બાક઼ી બિલ્લાહ رحمة الله عليهને જેવી થઈ હતી તેવી જ કહી દીધી જેથી હઝરત પીરો મુર્શિદને ખૂબ જ ગુસ્સો આવ્યો. એમની નજીક પડેલા એક દોરાને ઉઠાવી તેમાં મજબૂત ગાંઠ વાળી દીધી.

શેખ રફીઉદ્દીન જેઓ હઝરતના ખાસ ખાદિમ હતા તેઓ હઝરતના સ્વભાવને જાણતા હતા તેમણે તે દોરો ઉઠાવી પોતાના ખિસ્સામાં મૂકી દીધો. થોડા દિવસ પછી શૈખ અહમદ સરહિંદી રૂહાનિયતની બંદિશમાં આવી ગયા. પોતે પોતાના ઈલ્મ અને રૂહાની મર્તબામાં આવેલા નુકસાનનું કારણ શોધવા લાગ્યા. અંતે એમને પોતે પોતાના પીર મુર્શિદ માટે બોલેલા શબ્દો યાદ આવતાં સમજી ગયા (સાથીઓથી જાણ પણ થઈ કે તમારી વાતથી હઝરત ખૂબ ગુસ્સે થયા હતા) તો આપ દિલ્હી હાજર થયા અને ખ્વાજા સાહેબના ખાસ ખાદિમોથી સિફારિશની વિનંતી કરી પરંતુ કોઈની હિંમત ન હતી કે ખ્વાજા સાહેબને સિફારિશ કરે, દરેકે ઈન્કાર કરી આપ્યો. પરંતુ કહ્યું, શેખ રફીઉદ્દીન સિવાય આ કામ કોઈ કરી શકે નહીં. જેથી હઝરત મુજદ્દિદ رحمة الله عليهએ શેખ રફીઉદ્દીનને વિનંતી કરતાં તેમણે હઝરત ખ્વાજા સાહેબને સમય પારખી ખિદમતમાં ખૂબ જ મહોબ્બત અને સમજદારી પૂર્વક બધી વિગત રજૂઆત કરી તો આપે કહ્યું, રફીઉદ્દીન ! હવે તો તે દોરો જ ખોવાય ગયો છે, ગાંઠ કઈ રીતે ખોલું ! એ જ વખતે રફીઉદ્દીને પોતાના ખિસ્સામાંથી દોરો કાઢી આપ્યો તો હઝરત ખ્વાજાએ ગાંઠ ખોલી નાખી તે જ વખતે હઝરત મુજદ્દિદ رحمة الله عليهની બંદિશ દૂર થઈ ગઈ અને એમનો ઈલ્મ અને રૂહાનિયત પહેલાં કરતા વિશાળ પ્રમાણમાં

મળી ગયો. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૩૫૫)*

આ બનાવના આધારે હઝરત બાક઼ી બિલ્લાહનો અક઼ીદો એમના તસર્રૂફ બાબતે સ્પષ્ટપણે સમજાય છે.

## ★ હઝરત ખ્વાજા ખુર્દ ફરઝંદ હઝરત બાક઼ી બિલ્લાહ رحمۃ اللہ علیہ નો અક઼ીદો ★

આપનું મૂળ નામ ખ્વાજા અબ્દુલ્લાહ છે પરંતુ આપ હઝરત બાક઼ી બિલ્લાહના નાના પુત્ર હોવાને લીધે ખ્વાજા ખુર્દ (નાના) ના નામથી ઓળખાયા. આપ જાહેરી તેમજ બાતિની ઈલ્મોમાં પારંગત હતા અને પોતાના વાલિદ સાહેબના નક઼્શે ક઼દમ ઉપર સખત પાબંદીથી હતા.

હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી رحمۃ اللہ علیہ લખે છે કે, હઝરત વાલિદ સાહેબ ફર્માવ્યા કરતા હતા કે, એક વખતે અમે બન્નેવ ભાઈ હઝરત ખ્વાજા ખુર્દની સેવામાં હાજર હતા કે આપ ભૂખથી એટલા વ્યાકૂળ થઈ ગયા કે આપ સબક઼ પઢાવી શકવાની સ્થિતિમાં પણ ન રહ્યા. આપે ઘરવાળાઓને પૂછયું કે કંઈક ખાવાનું છે ? તેમણે કહ્યું કે હા ! બાળક માટે થોડુંક પકાવેલું પડયું છે. આપે કહ્યું, તેમાંથી થોડુક લઈ આવો ! ઘરમાંથી એક પ્યાલીમાં થોડુક આવ્યું. આપે હાથ ધોયા પછી હાજરજનોને કહ્યું કે, "આવો ! આપણે બધા મળીને ખાઈએ !" અમને ખૂબ નવાઈ લાગી કે પ્યાલીમાં થોડુક જ છે અને હઝરત બધાને બોલાવે છે. હઝરતે ફરીથી પોતાના અનોખા અંદાજથી ઈશારો કર્યો, અમે ખાવામાં હાજર થઈ ગયા. અમે ત્રણેવે મળીને ખૂબ પેટ ભરીને ખાધું છતાં પ્યાલીમાં ખાવા બચ્યું જે ઘરમાં બાળક માટે મોકલી આપ્યું. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૬૧)*

હઝરત શાહ વલીયુલ્લાહ رحمۃ اللہ علیہ લખે છે કે , મારા વાલિદ સાહેબે કહ્યું કે, એક માણસ હઝરત ખ્વાજા ખુર્દ رحمۃ اللہ علیہ ની પાસે આવી કહેવા લાગ્યો કે "બાદશાહ મને એક યુદ્ધમાં મોકલવા માંગે છે, દુશ્મનની સંખ્યા ઘણી જ વધારે છે અને મારી પાસે લડાઈનો સામાન નહિવત છે પરંતુ બાદશાહ સામે લડાઈમાં જવાની ના પણ પાડી શક્તો નથી, કૃપા કરી આપ દુઆ કરો મારી આ મુસીબત ટળી જાય. આપે મજાકના તૌર પર તેને કહ્યું,



"અરે ભાઈ ! કાંઈ નજરાણુ તો આપ કે જેથી અમારું દિલ તારા તરફ આકર્ષાય." સંજોગવશાત તે સમયે એની પાસે કાંઈ ન હતું સાથી મિત્રો પાસેથી એને કાંઈ ન મળ્યું તો પોતાની તલવાર ગિરો મૂકી દસ રૂપિયા લાવી હઝરતની ખિદમતમાં હાજર કર્યા.

આપે કહ્યું, જાવ ફલાણા દિવસે યુદ્ધ શરૂ કરજો, દુશ્મનની તાકાત અને સંખ્યા જોઈ ડરવાની જરૂરત નથી હિંમતથી તમારી જગ્યાએ અડગ રહેજો. પછી મને (શાહ વલીયુલ્લાહના પિતા) કહ્યું, નક્કી કરેલી તારીખ આવે તો મને યાદ અપાવજો." જ્યારે તે સમય આવ્યો, મેં હઝરતને યાદ અપાવ્યું. હઝરત ઈબાદત કરવાના રૂમમાં એકલા જતા રહ્યા અને મને દરવાજા પર બેસાડી કહ્યું કોઈ પણ માણસને અંદર આવવા ન દેવો.

થોડીવારમાં હઝરત ખુશમિજાઝ બહાર આવ્યા અને કહેવા લાગ્યા, દુશ્મનની તાકાત અને સંખ્યા ઘણી વધારે હતી દોસ્તોની ઘણી જ ઓછી, પહેલા હુમલામાં તો દુશ્મનોના હુમલાને કારણે દોસ્તોની પીછેહઠ થઈ ગઈ પરંતુ પેલો અઝીઝ મિત્ર જે અહીં હાજર થએલો તે અડગ રહ્યો, તેવામાં હું પણ પહોંચી ગયો. અલ્લાહના ફઝ્લો કરમથી અલહમ્દુલિલ્લાહ ! જીત નસીબ થઈ. દુશ્મન ઘણી સંખ્યામાં મરાયા બાકી નાસી છૂટયા.

લાંબા સમય પછી તે મિત્રનો કાગળ આવ્યો તેમાં આ બનાવ વિસ્તૃત રીતે વર્ણન કર્યો હતો સાથે ઘણો બધો સામાન પણ નજરાના તરીકે મોકલ્યો હતો પરંતુ આપે નજરાનાનો સામાન ક઼બૂલ ન કર્યો. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૬૧)*

આ બનાવો ઉપરથી હઝરત ખ્વાજા ખુર્દ رحمۃ اللہ علیہ એ પોતાનો અક઼ીદો અમલી તૌર પર સાબિત કરી આપ્યો કે અલ્લાહ તઆલાએ અમને તસર્રૂફની તાકાત આપેલી છે.

## ★ હઝરત ખ્વાજા મુહમ્મદ મા'સૂમ બિન મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ નો અક઼ીદો ★

આપ નક્શબંદી સિલસિલાના ઈમામ છે. આપના વાલિદ હઝરત મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ થી રૂહાની ફૈઝ મેળવી સિલસિલા નક્શબંદની

ખિલાફત મેળવી.

આપ પેદાઈશી વલી હતા. રમઝાન મુબારકના મહિનામાં દિવસે કદી પણ દૂધ પીતા ન હતા. ત્રણ મહિનામાં કુર્આન મજીદ હિફઝ કરી લીધું હતું તેમજ ૧૭ વર્ષની ઉંમરમાં ઈલ્મે ઝાહિરી અને બાતિનીમાં કમાલ હાંસલ કરી લીધો હતો. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૮૧૪)*

હઝરત અલ્લામા નબ્હાની رحمة الله عليه ફર્માવે છે કે, આપના એક ખલીફા ખ્વાજા મુહમ્મદ સિદ્દીક઼ ઘોડા પર સવાર થઈ સફર કરી રહ્યા હતા. ઘોડો ભડકી ભાગતાં આપ ઘોડા પરથી પડયા પરંતુ આપનો એક પગ પેંગડામાં ફસાય ગયો. ઘોડો બેફામ દોડવા લાગ્યો પોતે સમજી ગયા મૌત નજીક જ છે, તેવામાં પોતાના પીરની યાદ આવતાં યા પીરો મુર્શિદ અલમદદ ! ની દુહાઈ આપી. જુએ છે કે પોતાના પીર હઝરત ખ્વાજા મા'સૂમ હાજર થઈ ગયા. તેમણે ઘોડાને રોકી લઈ ખ્વાજા મોહમ્મદ સિદ્દીક઼નો પગ પેંગડામાંથી કાઢી ફરીથી ઘોડા પર સવાર કરી દીધા.

એ જ ખ્વાજા મુહમ્મદ સિદ્દીક઼ નદીમાં પડી ગયા. તરતાં આવડતું ન હતું જેથી ડૂબવા લાગ્યા. મુર્શિદે કરીમને પોકારતાં તરત જ આપ હાજર થઈ ગયા અને હાથ પકડી પાણીમાંથી કાઢી ડૂબતા બચાવી લીધા.

એક દિવસે સાથીઓ સાથે પોતાની ખાનકાહમાં હતા, જોયું કે આપનો હાથ અને બાંય પાણીથી પીંગળી ગઈ હતી. હાજર સાથીઓને નવાઈ લાગી તેમણે પૂછયું, હઝરત ! એકાએક આમ કેમ ?

હઝરતે કહ્યું મારો એક મુરીદ વેપાર અર્થે વહાણમાં બેસી જઈ રહ્યો હતો. વહાણ ડૂબવા લાગ્યું તો એણે મને મદદ માટે પોકાર્યો, મેં તેને ડૂબવાથી બચાવી લીધો તે કારણે મારો હાથ અને બાંય પાણીથી ભીનાં થઈ ગયાં છે. આ વેપારી થોડા સમય પછી સરહિંદ (પંજાબ) આપની ખિદમતમાં આવ્યો, એણે હઝરતના કહ્યા મુજબ જ પોતાની વિગત કહી સંભળાવી.

આપના સમયમાં એક અગ્નિપૂજક જાદૂગરની ખૂબ ચર્ચા થવા લાગી કે એ પોતે પોતાના સાથીઓ સહિત આગમાં કૂદી પડે છે પરંતુ આગ તેને જરા પણ નુકશાન પહોંચાડતી નથી. લોકો એના કારણે ફિત્નામાં પડી ગયા. આ બાબતની હઝરતને જાણ થતાં આપે એ જાદૂગરને આમંત્રણ



આપ્યું પછી ખૂબ જ મોટી આગ ભડકાવી પોતાના મુરીદને કહ્યું તો તે ઝિક્ર કરતો કરતો આગમાં કૂદી પડયો તો આગ તેને માટે આગ બાગ બની ગઈ, કાફિર જાદૂગર અવાચક થઈ ગયો. *(જામેઅ કરામાતે અવલિયા ઉર્દૂ, પેજ–૮૧૪)*

હઝરત અલ્લામા નબ્હાની رحمة الله عليه લખે છે કે, આપની મેહફિલમાં એક આંધળો માણસ આવ્યો તેણે વિનંતી કરી હઝરત દુઆ કરો કે અલ્લાહ તઆલા મને આંખોની રોશની અતા કરે. આપે પોતાનું થૂંક મુબારક લઈ આંધળાની આંખો પર લગાડી કહ્યું, જા ! હવે તારા ઘેર પહોંચીને તું તારી આંખો ખોલજે. તેણે એ પ્રમાણે જ કર્યું તો તેને આંખોની રોશની મળી ગઈ હતી.

આપની મજલિસ ભરી હતી તેમાં કોઈએ કહ્યું, "ફલાણો રાફઝી (શીઆ) હઝરતે શૈખૈન કરીમૈન" (એટલે કે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ અને હઝરત ઉમર ફારૂકે આઝમ رضي الله عنهما)ને ખુલ્લે આમ ગાળો ભાંડે છે." આ સાંભળતાં જ આપ ક્રોધાવેશમાં આવી ગયા. નજીકમાં તે વખતે એક તરબુજ પડેલું હતું આપે છરી લઈને કહ્યું, એ ખબીષને ઝુબ્હ કરી નાંખ ! આપે જે વખતે તરબુજ પર છરી ચલાવી તે જ વખતે પેલો રાફઝી મરી ગયો. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૮૧૫)*

હઝરત મુહમ્મદ માસૂમ رحمة الله عليهએ આ કરામત જાહેર કરી પોતાનો અક઼ીદો જાહેર કરી આપ્યો કે "અલ્લાહ તઆલાએ આ દુનિયામાં દરેક પ્રકારના તસર્રૂફનો અમોને ઈખ્તેયાર આપેલો છે."

## ★ આશિકે ઈલાહી હઝરત વારિષ અલીશાહ رحمة الله عليهનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ. ૧૨૨૩)*

આપ હિંદુસ્તાનના ખ્યાતનામ બુઝુર્ગોમાંથી છે. આપના બુઝુર્ગો (બાપ–દાદા) નીશાપુરના મશ્હૂર સાદાતોમાંથી હતા. સૈયદ અશરફ અબૂ તાલિબ નીશારપુરથી હિંદુસ્તાન આવી કિન્તુર જિ. બારાબંકી આવી સ્થાયી થયા હતા. આપના વંશમાં ૮ માં નંબરે હઝરત સૈયદ અબ્દુલઅહદ رحمة الله عليه આવે છે તેઓ હિ. ૧૧૨૭ માં કિન્તુરથી દેવા શરીફ આવી સ્થાયી થયા

હતા. એ જગ્યાએ હઝરત વારિષ અલીશાહ رحمۃ اللہ علیہનો જન્મ (હિ. ૧૨૩૪) થયો હતો આપના પિતાનું નામ સૈયદ કુર્બાનઅલી અને માંનું નામ સૈયદા સકીનાબીબી ઉર્ફે ચંદનબીબી હતું. (رضی اللہ عنہا)

આપ બે વર્ષની બાળવયમાં હતા ત્યાં જ મહેરબાન પિતાનો છાંયડો ઉઠી ગયો. હજુ એ ગમ ભૂલાય તે પહેલાં ત્રણ વર્ષની ઉંમરે તો માં નો રહેમતભર્યો સહારો પણ ઉઠી ગયો. જેથી આપનાં દાદીએ આપના પાલન પોષણની જિમ્મેદારી નિભાવી. પાંચ વર્ષની ઉંમરે આપની પઢાઈ શરૂ થઈ. હઝરત અમીર અલીશાહ رحمۃ اللہ علیہ પાસે બે વર્ષમાં હિફઝે કુર્આન ખતમ કર્યું. મૌલાના ઈમામ અલીથી (સતરખના રહેવાસી) આલિમનો અભ્યાસ કરતા હતા ત્યાં તો દાદી સાહેબા પણ દુનિયા છોડી અલ્લાહને પ્યારા થઈ ગયાં. હવે આપના બનેવી હઝરત સૈયદ ખાદિમ અલીશાહ ચિશ્તી (જેઓ પાછળથી આપના પીર–મુર્શિદ પણ થયા) લખનૌ લઈ ગયા. કેટલીક કિતાબો હઝરત બુલંદશાહ رحمۃ اللہ علیہ થી પઢી કેટલીક કિતાબો હઝરત સૈયદ ખાદિમ અલીશાહે પોતે પઢાવી. સૈયદ ખાદિમ અલીશાહ હઝરત શાહ અબ્દુલ અઝીઝ મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہના ખાસ શાગિર્દોમાંથી હતા.

પરંતુ કોઈ નક્કર પુરાવા સાથે એ માહિતી મળતી નથી કે હઝરત વારિષ અલીશાહે ક્યાં સુધી ઈલ્મ મેળવ્યો, જાહેરી ઈલ્મ પ્રણાલિકા મુજબ કઈ સનદો મેળવી ! કારણ કે કેટલાકનું કહેવું છે કે આલિમ કોર્સ (દર્સે નિઝામી) પૂરો કર્યો હતો તો કેટલાક કહે છે કે હજી કોર્સ પૂર્ણ થયો ન હતો કે, ઈશ્કે ઈલાહીની મસ્તીમાં એટલા ગુમ થયા કે પઢાઈ છોડી દીધી, અને મક્કા–મદીના શરીફની હાજરી માટે ઘેરથી ચાલી નીકળ્યા. તો કેટલાકનું કહેવું છે કે હજી થોડી જ કિતાબો પઢી હતી કે દુનિયાનો તાલ્લુક તોડી હિ.સ. ૧૨૫૩ માં પગપાળા હરમૈન તૈયબેન જવા રવાના થઈ ગયા. પરંતુ આપના બયાનો, મલ્ફૂઝાત વગેરે જોતાં જણાય છે કે ઈલ્મે અદબમાં પારંગત તથા તફસીર અને હદીષનો બહોળો ઈલ્મ ધરાવતા હતા. આપે હિજાઝ મુક઼દસ (મક્કા–મદીના મુનવ્વરા)ના ત્રણવાર સફર કર્યા છે અને દરેક સફરમાં કેટલાક વર્ષો પછી વતન પાછા ફર્યા છે. એ રીતે આપે સાત અથવા કેટલાકના કહેવા મુજબ અગિયાર હજ કર્યા. જીવંત પર્યંત કુંવારા રહ્યા, શાદી કરી જ નહીં. હજના પ્રથમ સફરથી આપે આમ પ્રચલિત



પોશાક પહેરવાનું છોડી હમેશાં એહરામના કપડાં જ શરીર ઉપર રાખ્યાં. પીળા રંગની એક લુંઘી અને પીળા રંગની ચાદર હમેશાં પહેરતા. ખૂબ જ સાદી ફક઼ીરી જિંદગી ગુજારી હિ. ૧૩૨૩ માં આ ફાની દુનિયા છોડી ગયા. દેવા શરીફ (જિ. બારાબંકી) માં આપનો મઝાર છે. જ્યાં હજારો લોકો હાજરી આપે છે. *(સઈઉલ્‌હારિષ ફી રિયાહીનલ વારિષમાંથી)*

હઝરત વારિષ અલીશાહ પોતે કહે છે કે મક્કા મોઅઝ્ઝમા ગારે ષૌર પર અમે એક વખતે ગયા ત્યાં એક વૃદ્ધ સ્ત્રી ખૂબ જ આક્રંદ કરી રડતી હતી. એ વૃદ્ધાને પૂછતાં કહ્યું કે, "મારો છોકરો મરી ગયો છે." અમે કહ્યું, સબ્ર કરો. તેણી કહેવા લાગી, હકીમ સાહેબ ! સબ્ર આ વેરાન જગાએ ક્યાંથી મળશે ! અને મારી પાસે પૈસા પણ ક્યાં છે કે હું એને ખરીદી લઉં ! જો તમારી પાસે કોઈ દવા હોય લિલ્લાહ એને ખવડાવી દો કે જેથી એ જીવતો થઈ જાય. "આ મારો એકનો એક ઘડપણનો સહારો છે." અમે તે છોકરાના મોં પરથી કપડું હઠાવી તેના ઉપર ઠંડુ પાણી છાટયું તો તેણે આંખો ખોલી અને વાતો કરવા લાગ્યો, ડોશી તો ખુશીની મારી છોકરાને વળગી પડી. અમે ત્યાંથી ચાલી નીકળ્યા. કદાચ એ બેભાન થઈ ગયો હતો. *(રિયાહિનલ વારિષ, પેજ–૭૨)*

વિશ્વાસપાત્ર રિવાયત કરનારાઓના આધારે જાણવા મળેલ છે કે મોલવી મોહમ્મદ યહયા વારષી વકીલ પટનાના રઈસે આઝમ પણ હતા. જે હઝરત વારિષ અલી رحمۃ اللہ علیہ ના ખાસ મુરીદોમાંથી હતા. હઝરતે એમને વઝઅદારનો લક઼બ (ઉપનામ) આપેલો, એ કારણે કે મોલવી સાહેબ જિંદગીનો જે તરીક઼ો ઈખ્તેયાર કરતા તેના ઉપર સખત મજબૂતી સાથે અમલ કરતા. ત્યાં સુધી કે કાર્તિકી મેળામાં (ઉર્સ) જે તારીખમાં એઓ પ્રથમ વખતે આવેલા તે જ તારીખે હમેશાં આવતા પછી તેમાં ગમે તેવા અવરોધો આવે તેમને અવરોધો રોકી શકે જ નહીં.

એક વેળા બન્યું એવું કે, એમની છોકરી કોલેરાની બીમારીમાં પથારીવશ હતી, ઉર્સની હાજરીની તારીખ આવી ગઈ, બસ મોલવી સાહેબ પોતાની લાડલીને પથારીવશ છોડી દેવા શરીફ ચાલ્યા આવ્યા. જેના બીજા દિવસે ડૉ. અસદ અલીનો તાર આવ્યો કે આપની લાડલી બેટીનો ઈન્તેક઼ાલ થઈ ગયો છે. જ્યારે આ ખબર હઝરતને મળી તો આપે મોલવી સાહેબને

બોલાવી કહ્યું, "તમે તો તમારી વઝઅદારી બતાવી આપી પરંતુ કેટલાક બીમારો બેહોશ થઈ જાય છે ત્યારે તેની પાસે સેવા કરનારાઓ સમજે છે કે આ તો મરી ગયો છે."

આ વાત સાંભળી હાજર રહેલા ખાદિમોએ કોઈ નોટિસ ન લીધી કે હઝરતનો બોલવાનો ભાવાર્થ શો છે ! ત્રીજે દિવસે ઉર્સમાંથી પરવારી રહ્યા ત્યાં મોલવી સાહેબને એમના સાળાનો પત્ર મળ્યો કે છ કલાક પછી છોકરી આપોઆપ જીવતી થઈ ગઈ અને હવે બિલ્કુલ તંદુરસ્ત છે. *(રિયાહીનલ વારિષ, પેજ–૧૦૯)*

આ બનાવના આધારે જણાય છે કે, હઝરત વારિષ અલી رحمۃ اللہ علیہ એ પોતાનો અક઼ીદો સ્પષ્ટ રીતે બતાવી આપ્યો કે અલ્લાહે અમને મુર્દાને જિંદગી આપવાનો ઈખ્તેયાર પણ અર્પણ કર્યો છે.

હવે રહી એમના શબ્દો "બેહોશ–બેભાન થઈ ગઈ" તો એ તો પોતાની આઝીઝી–ઈન્કેસારી છે. મૌલાના રૂમ رحمۃ اللہ علیہ પોતાની મસ્નવીમાં ફર્માવે છે :–

*અવલિયા રા હસ્ત કુદરત અઝ ઈલાહ*
*તીર જસ્તા બાઝગર દાનન્દ ઝેરાહ.*



# ઈલ્મે ગૈબ

ઈલ્મે ગૈબ તે બાબતોના ઈલ્મને કહેવામાં આવે છે કે જેને પોતાના ઈલ્મ, બુધ્ધિ કે પોતાની શારીરિક શક્તિ આવડતથી જાણી ન શકે. અલ્લામા ઈમામ રાઝી رحمۃ اللہ علیہ લખે છે કે :– **قَوْلُ جُمْهُوْرِ الْمُفَسِّرِيْنَ الْغَيْبُ هُوَ الَّذِىْ يَكُوْنُ غَائِبًا عَنِ الحَاسَّةِ** *(તફસીરે કબીર, જી. ૧, પેજ–૧૭૪)*

# નબીઓનો અક઼ીદો

## ★ હુઝૂર સૈયદે આલમ ﷺનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.૧૧, ઈ. ૬૩૨)*

હુઝૂર સૈયદે આલમ નબીએ આખિરુઝ્ઝમાં ﷺનો ઈલ્મે ગૈબ બાબત અક઼ીદો શો હતો તે કેટલીક હદીષોના અભ્યાસથી જાણીએ :–

હઝરત ઉમર બિન ખત્તાબ ફારૂકે આઝમ رضی اللہ عنہ રિવાયત કરે છે કે, એક વખત હુઝૂર આક઼ાએ દો આલમ ﷺ અમારા બધાની સાથે હતા. આપ અમારી મેહફિલમાં ઉભા થયા અને અમને મખ્લૂક઼ની પેદાઈશથી બતાવવાનું શરૂ કર્યું ત્યાં સુધી કે જન્નતીઓ પોત પોતાની મંઝિલો પર પહોંચી જન્નતમાં દાખલ થઈ ગયા અને દોઝખીઓ દોઝખમાં પોત પોતાના ઠેકાણાઓએ પહોંચી ગયા. જેણે આ બયાનને યાદ રાખ્યું તેણે યાદ રાખ્યું અને જેઓ ભૂલી ગયા તેઓ ભૂલી ગયા. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૪૫૩)*

અને હઝરત ષૌબાન رضی اللہ عنہથી રિવાયત છે કે, હુઝૂર સરકારે દો આલમ

ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ જમીનને મારા માટે ખૂબ જ (સમેટી) સંકોચી આપી કે મેં પૂર્વથી પશ્ચિમ જમીનનો તમામ હિસ્સો જોઈ લીધો. (અર્થાત જમીનનો કોઈ પણ ભાગ આપની નજરની બહાર ન રહ્યો) અને ટૂંક સમયમાં જ મારી ઉમ્મતની હુકૂમત–સત્તા ત્યાં સુધી પહોંચશે જ્યાં સુધી કે જમીન મારા માટે સંકોચી–લપેટી હતી. *(મુસ્લિમ શરીફ, પેજ–૩૯૦)*

અને હઝરત અનસ رضي الله عنهથી રિવાયત છે કે, એક વેળા નબીએ કરીમ ﷺ હઝરત અબૂબક્ર સિદ્દીક઼, હઝરત ઉમર અને હઝરત ઉષ્માન رضوان الله تعالى عليهم أجمعين ઓહદ પહાડ પર ચઢયા તો પહાડ હાલવા લાગ્યો. તો આપ ﷺએ પહાડ પર ઠોકર મારી કહ્યું, અય ઓહદ ! હાલવાનું બંધ કર ! એટલા માટે કે તારા ઉપર એક નબી, એક સિદ્દીક઼ અને બે શહીદ છે. *(બુખારી શરીફ, જિ. ૧, પેજ–૫૧૯)*

હઝરત અબૂ હુરૈરહ رضي الله عنه રિવાયત કરે છે કે રસૂલલ્લાહ ﷺએ ફતહે મક્કા (મક્કાની જીત)ના દિવસે મક્કામાં મદીનાના અન્સારોને કહ્યું, મારી જિંદગી ત્યાં છે જ્યાં તમારા બધાની જિંદગી છે અને મારું મૌત પણ ત્યાં જ છે જ્યાં તમારા બધાએ મરવાનું છે. *(મુસ્લિમ, મિશ્કાત, પેજ–૫૭૭)*

અને હઝરત અનસ رضي الله عنه કહે છે કે, નબીએ કરીમ ﷺ જ્યારે યુધ્ધ માટે બદરના મેદાનમાં ઉતર્યા તો ફર્માવ્યું કેઃ

આ ફલાણા ફલાણાની ઢગલો થઈ પડવા (મૃત્યુ થઈ પડવા)ની જગા છે અને પોતાના હાથ મુબારકને જમીન પર મૂકી બતાવ્યું અહીં તથા અહીં. હઝરત અનસ કહે છે કે, રસૂલલ્લાહ ﷺ એ પોતાના હાથ મુબારકથી જે જે જગ્યાઓ (કાફિરોને કતલ થઈ મરવા માટેની) બતાવી હતી તેનાથી લેશમાત્ર ફર્ક પડયો નહીં. *(મુસ્લિમ શરીફ, મિશ્કાત શરીફ, પેજ–૫૩૧)*

અને હઝરત સહલ બિન સઅદ رضي الله عنهથી રિવાયત છે કે, હુઝૂર તાજદારે કાએનાત ﷺ એ જંગે ખયબરના મોકા ઉપર ઈર્શાદ ફર્માવ્યો :–

કાલે હું આ ઝંડો એક માણસના હાથમાં આપીશ, જેના હાથે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા મુસલમાનોને જીત અપાવશે. *(બુખારી, જિ. ૨, પેજ–૬૦૫ અને ૫૬૩)*

અને હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما થી રિવાયત છે કે, એમણે કહ્યું



કે, મને મારી માં હઝરત ઉમ્મે ફઝ્લે હદીષ બયાન કરી કે, "હું હઝરત રહમતે આલમ નબીએ કરીમ ﷺની સામે થઈ પસાર થઈ તો આપે ફર્માવ્યું કે "અય ઉમ્મે ફઝ્લ ! તું હામેલા છે અને તારા પેટમાં પુત્ર છે જ્યારે એ જન્મ આપે ત્યારે એને મારી પાસે લાવજે."

ઉમ્મે ફઝ્લે કહ્યું "યા રસૂલલ્લાહ ! મારે હમલ ક્યાંથી હોય શકે જ્યારે કે કુરેશીઓએ ક઼સમો ઉઠાવેલી છે કે તેઓ પોતાની ઓરતો પાસે નહીં જાય." આપે કહ્યું કે "વાત તે જ બરાબર છે જે મેં તને કહી છે."

ઉમ્મે ફઝ્લે કહ્યું કે "જ્યારે પુત્ર જન્મ થયો તો હું નબીએ કરીમ ﷺની સેવામાં તેને લઈ હાજર થઈ. હુઝૂરે બાળકના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં તકબીર (ઈક઼ામત) કહી પોતાનું થૂંક મુબારક એના મોં માં મૂક્યું અને એનું નામ અબ્દુલ્લાહ રાખ્યું, સાથે જ ફર્માવ્યું, ખલીફાઓના બાપને લઈ જા !"

મેં હઝરત અબ્બાસને (એમના પતિ) رضي الله عنه આ વાત કહી, તો એઓ હુઝૂરની સેવામાં હાજર થયા અને પૂછયું યા રસૂલલ્લાહ ! ઉમ્મે ફઝ્લે (મારી પત્નીએ) આ મુજબ કહ્યું છે તે કેવું છે ? આપે ફર્માવ્યું કે "વાત એ જ છે, અમે એમનાથી કહ્યું છે એ ખલીફાઓનો બાપ છે ત્યાં સુધી કે એમનામાંથી સફ્ફાહ પેદા થશે, ત્યાં સુધી કે એમનામાંથી મેહદી થશે. *(દલાઈલુન્નબુવ્વત, અદ્દૌલતુલ મક્કિયા, પેજ–૧૫૩)*

આ હદીષોમાં મખ્લૂક઼ની પેદાઈશથી જન્નતીઓના જન્નતમાં અને દોઝખીઓના દોઝખમાં દાખલ થવા સુધીની ખબરો આપવી, પૂર્વથી પશ્ચિમ સુધી જમીનના દરેક ભાગને જોવો, હઝરત ઉષ્માન رضي الله عنهની શહાદતની સમય પહેલાં જ ખબર આપવી, આ ભવિષ્યવાણી પણ આપવી કે મારી વફાત પણ ત્યાં જ થશે કે જ્યાં અન્સાર (મદીનાવાસીઓ) ની વફાત થશે. મૈદાને બદરમાં એક દિવસ પહેલાં જંગનો નકશો ખેંચી બતાવવો કે ફલાણો કાફિર અહીં મરશે, ફલાણો અહીં મરશે.

ખયબરની લડાઈ માટે ફર્માવ્યું કે કાલે હું જેને ઝંડો આપીશ તેના હાથે જંગમાં ફતેહ થશે. ઉમ્મે ફઝ્લને હામેલા હોવા સાથે પુત્ર જન્મની ખબર આપી, વળી એ પુત્ર પણ ખલીફાઓનો બાપ થશે, એના વંશજોમાંથી જ સફ્ફાહ અને મેહદી થશે. આ બધી જ ગૈબની ખબરો છે. આથી સાબિત

થયું કે હુઝૂર નબીએ કરીમ રઉફોરહીમ નો એ અક઼ીદો (માન્યતા) હતો કે મને અલ્લાહે ઈલ્મે ગૈબ અર્પણ કર્યો છે. જો આપનો અક઼ીદો એવો ન હોત તો આપ કદી પણ આવી ગૈબની વાતો જાહેર ન કરત.

અને હઝરત અબૂહુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે, અલ્લાહના મેહબૂબ દાનાએ ગોયૂબ ﷺ એ ફર્માવ્યું કે, "ખુદાની ક઼સમ ! તમારા રુકૂઅ અને ખુશૂઅ (દિલની સફાઈ–વિનય) મારાથી છુપાં નથી. હું પીઠની પાછળથી પણ જોઉં છું. *(બુખારી શરીફ, જિ.૧, પેજ ૫૯ અને ૧૦૨)*

આ હદીષ શરીફથી જણાયું કે હુઝૂર નબીએ કરીમ ﷺ નો એ અક઼ીદો હતો કે ખુશૂઅ જે દિલની એક કેફિયતનું નામ છે તે પણ એમનાથી છુપું નથી, આપ એને જાણે છે. અને એ ઈલ્મે ગૈબ છે. વળી આ હદીષ શરીફથી હુઝૂર ﷺ નો એ અક઼ીદો પણ સાબિત થયો કે આપ પીઠ પાછળ પણ જુએ છે.

જો કોઈ એવો ખ્યાલ કરે કે "નમાઝની હાલતમાં હુઝૂર ﷺ એ આંખોની કિનારીઓથી જોઈ લીધું હશે" તો એ ખ્યાલ એનો તદ્દન ખોટો છે કારણ કે આપે ફર્માવ્યું કે પીઠ પાછળ પણ હું જોઈ શકું છું." સફોની છેવાડે ભૂલ કરનારને હુઝૂર ﷺ એ જોયા અને તેથી જ ચેતવણી આપી. જેમ કે હઝરત અબૂહુરૈરહ رضی اللہ عنہ થી હદીષમાં રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ અમોને ઝોહરની નમાઝ પઢાવી અને સફોની છેવાડે એક માણસ હતો તેણે નમાઝ ખરાબ રીતે પઢી. જ્યારે આપ ﷺ એ સલામ ફેરવી તો અવાજ આપી કે અય ફલાણા ! (એનું નામ લીધું) શું તું અલ્લાહથી નથી ડરતો ? શું તું જોતો નથી કે તું કેવી નમાઝ પઢે છે ? તમે લોકો એમ સમજો છો કે, તમારું કોઈ પણ કામ મારાથી છુપું રહે છે ? ખુદાની કસમ ! હું પાછળ પણ એવું જ જોઈ શકું છું જેવું મારી સામેથી જોઉં છું. *(મિશ્કાત શરીફ, પેજ–૭૭)*

વિચાર કરો ! હદીષ શરીફમાં "ફી મોઅખ્ખરિસ્સફે" શબ્દો નથી કે જેથી જેનો અર્થ એ લઈ શકાય કે "પહેલી સફની છેવાડે જે માણસ હતો" એને જોઈ લીધો બલ્કે હદીષમાં શબ્દો છે કે "ફી મુઅખ્ખરિસ્સુફૂફે" અર્થાત તે માણસ કે જે સફોની છેવાડે હતો પરંતુ આપ ﷺ એ એને પોતાની પીઠ પાછળથી જોઈ લીધો, વચમાંની સફો પણ રૂકાવટ બની શકી નહીં.

*સરે અર્શ પર હૈ તેરી ગુઝર, દિલે ફર્શ પર હૈ તેરી નઝર,*
*મલકૂત વ મુલ્કમેં કોઈ શૈ નહીં વોહ જો તુઝ પે અયાં નહીં.*



## ★ હઝરત ઈસા રૂહુલ્લાહ નો અક઼ીદો ★

સૂરએ આલે ઈમરાનમાં છે કે હઝરત ઈસા علیہ السلام એ બની ઈસ્રાઈલને કહ્યું : وَاُنَبِّئُكُمْ بِمَاتَاْكُلُوْنَ وَمَاتَدَّخِرُوْنَ فِیْ بُیُوْتِكُمْ "હું તમોને બતાઉં છું જે તમે તમારા ઘરોમાં ખાઓ છો અને જે ભેગું કરીને રાખો છો. *(પારા–૩, રૂકૂઅ–૧૩)*

સદ્રુલ અફાઝિલ મૌલાના સૈયદ નઈમુદ્દીન મુરાબાદી رحمۃ اللہ علیہ આ આયતની તફસીરમાં લખે છે કે હઝરત ઈસા علیہ السلام આવનાર માણસને બતાવી આપતા હતા કે તું શું ખાયને આવ્યો છે, કાલે શું ખાધું હતું અને ઘરમાં હવે પછીના સમય માટે શું મૂકીને આવ્યો છે.

ઘણીવાર આપની પાસે બાળકો ભેગાં થઈ જતાં તો આપ તેમને બતાવી આપતા કે તમારા ઘેર ફલાણી ચીજ ખાવાની બનેલી છે. તમારા ઘરવાળાઓએ ફલાણી ખાધી છે અને તમારા માટે ફલાણી ચીજ મૂકી રાખી છે. બાળકો જ્યારે ઘરે જઈ જીદ કરી તે ચીજ માંગતાં તો ઘરવાળાં કહેતાં, તમોને કોણે કહ્યું કે તમારા માટે આ ચીજ બનેલી છે ?! તો બાળકો કહેતાં કે ઈસા علیہ السلام એ. તો લોકોએ એમના બાળકોને હઝરત પાસે મોકલવાનું બંધ કર્યું અને કહેવા લાગ્યા કે એ તો જાદૂગર છે, એની પાસે ન જશો, એનાથી દૂર રહેજો. એટલું જ નહીં એમણે બધાં જ બાળ કોને એક મકાનમાં પૂરી રાખ્યાં. હઝરત ઈસા علیہ السلام બાળકો ન દેખાવાથી તલાશ કરતા આવ્યા. લોકોને પૂછયું કે બાળકો ક્યાં ગયાં ? કેમ દેખાતાં નથી ! તેમણે કહ્યું, એ અહીં નથી. તો આપે કહ્યું, તો પછી આ મકાનમાં કોણ છે ? લોકોએ કહ્યું, સુવ્વર છે ! આપે કહ્યું, એવું જ હશે ! અને ત્યાંથી ચાલી નીકળ્યા. લોકોએ જ્યારે ઘરનો દરવાજા ખોલ્યો તો ખરેખર બાળકોને બદલે સુવ્વર હતાં.

આ આયતથી સ્પષ્ટ જણાયું કે હઝરત ઈસા علیہ السلام નો અક઼ીદો હતો કે અલ્લાહે મને ઈલ્મે ગૈબની નેઅમતથી નવાજેલો છે.

## ★ હઝરત ફાતેમા ઝહરા رضی اللہ عنہا અને ઉમ્મહાતુલ મોઅમિનીન رضی اللہ تعالٰی عنہن નો અક઼ીદો ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે જ્યારે સૂરએ નસ્ર

(ઈઝા જાઅ નસ્રૂલ્લાહ) ઉતરી તો હુઝૂર તાજદારે કાએનાત એ ફાતેમા ઝહરા رضی اللہ عنہا ને બોલાવ્યાં અને ફર્માવ્યું, ફાતેમા મને મારી વફાતની ખબર આપવામાં આવી છે. હઝરત ફાતેમા રડવા લાગ્યાં તો આપ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, ''રડ નહીં ! એટલા માટે કે મારા ઘરવાળાઓમાંથી સૌથી પહેલાં તું મને આવી મળીશ.'' તો તેઓ હસી પડયાં. *(મિશ્કાત શરીફ, પેજ–૫૪૯)*

ઉમ્મુલ મોઅમિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا થી રિવાયત છે કે ઉમ્મહાતુલ મોઅમિનીને (નબીએ કરીમ صلی اللہ علیہ وسلم ની પવિત્ર પત્નીઓ જે તમામ મુસલમાનોની માંઓ ગણાય છે) નબીએ કરીમ રઉફો રહીમ صلی اللہ علیہ وسلم થી પૂછયું કે આખેરતમાં સૌથી પહેલાં કઈ પત્નીથી તમારી મુલાકાત થશે ? હુઝૂરે ફર્માવ્યું કે, ''જેના હાથ સૌ (બીવીઓથી)થી લાંબા છે.'' આ સાંભળી હુઝૂરની નેક બીવીઓ એક બીજીના હાથ માપવા લાગી, તો હઝરત સૌદાના હાથ લાંબા જણાયા. પરંતુ પાછળથી બનેલ બનાવોથી જણાયું કે લાંબા હાથનો મતલબ એ હતો કે જે સૌથી વધુ સદક઼ા–ખૈરાતમાં સખી છે. અને અમારામાં સૌથી પહેલાં વફાત પામવાવાળી હઝરત ઝયનબ رضی اللہ عنہا હતાં *(મિશ્કાત–બુખારી, પેજ–૧૬૫, જિ. ૧, પેજ–૧૯૧)*

હુઝૂર સરવરે આલમ صلی اللہ علیہ وسلم ની આપેલી એ ખબર કે મારા ઘરવાળાઓમાંથી ફાતેમા તમે સૌથી પહેલાં મને મળશો. ''આ સાંભળી હઝરત ફાતેમા رضی اللہ عنہ નું હસી પડવું, વળી આપની પુનિત પત્નીઓમાંથી સવાલ કરવો કે ''અમારામાંથી કોણ પહેલાં આખેરતમાં આપને મળશે ?'' પછી સરકારે દો આલમ صلی اللہ علیہ وسلم ના ફર્માવ્યા પછી દરેકે એકબીજાના હાથને માપવા, આ બધાય બનાવોથી સાફ સાફ જણાય આવે છે કે હઝરત ફાતેમા ઝોહરા رضی اللہ عنہا અને ઉમ્મહાતુલ મોઅમિનીન رضی اللہ تعالی عنہن નો એ અક઼ીદો હતો કે હુઝૂરને અલ્લાહે ઈલ્મે ગૈબ આપેલો છે અને આપ صلی اللہ علیہ وسلم એ જે પણ ભાવિની વાત કહી તે તદન સાચી જ છે, તે થઈને જ રહેશે.



# સહાબાએ કિરામનો અક઼ીદો

જે હદીષોમાં હુઝૂર સરવરે આલમ તાજદારે કાએનાત صلی اللہ علیہ وسلم ના ઈલ્મેગૈબનું વર્ણન છે તે સહાબાએ કિરામ رضوان اللہ تعالی علیہم اجمعین એ રિવાયત કરી છે તો એનાથી એ પણ સાબિત થાય છે કે સહાબાએ કિરામ رضوان اللہ تعالی علیہم اجمعین નો પણ એ જ અક઼ીદો (માન્યતા) હતો કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلم પાસે ઈલ્મે ગૈબ છે. એ સિવાય સહાબાએ કિરામના કેટલાય બનાવોથી પણ સ્પષ્ટ થાય છે કે એ હઝરાતના નજીક પણ અલ્લાહના મક઼બૂલ–મેહબૂબ બંદાઓને ઈલ્મે ગૈબ હોવાનો અક઼ીદો સહીહ છે.

## ★ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૩)*

ઉમ્મુલ મોઅમેનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا થી રિવાયત છે કે મારા વાલિદ સાહેબ (પિતા) હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ એ તેમની આ દુનિયાથી વિદાયની આખરી બીમારીમાં મને બોલાવી વસિયત કરી કે અય મારી પ્યારી બેટી ! મારી પાસે જે માલ–મિલ્કત છે તે હવે મારા વારસદારોની થઈ ચૂકી છે. મારા વારસોમાં તમારા ભાઈ અબ્દુર્રહમાન અને મુહમ્મદ છે. અને તમારી બે બહેનો માટે મારા મૃત્યુ પછી તમે લોકો કુર્આન મજીદના હુકમ મુજબ વહેંચણી કરી લેજો. હઝરત સિદ્દીક઼ા رضی اللہ عنہا કહે છે, અબ્બાજાન ! મારી તો એક જ બહેન અસ્મા છે પછી તમે બીજી બે કઈ રીતે કહો છો ? તો આપે (હઝરત અબૂબક્રે) કહ્યું, ''બેટા ! તમારી મતરાઈ માં હબીબા બિન્તે ખારેજા હામેલા છે તેના પેટમાં છોકરી છે તે તમારી બીજી બહેન છે.'' જેથી કરીને આપના વિસાલ પછી હબીબાના પેટે ઉમ્મે કુલષૂમ પેદા થયાં. *(મોઅત્તા ઈમામ મુહમ્મદ, પેજ–૩૪૮)*

આ હદીષથી સાબિત થયું કે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ ને એ વાતની ખબર હતી કે ''હું આ બીમારીમાં જ વિસાલ (મૃત્યુ) પામીશ એટલા જ

માટે કહ્યું કે "મારો માલ–મિલ્કત વારિસોની થઈ ચૂકી છે." વળી એ પણ યક઼ીન સાથે જાણતા હતા કે હબીબાના પેટમાં છોકરી છે, છોકરો નથી.

આ બન્નેવ વાતોનો તાલ્લુક ઈલ્મે ગૈબથી છે અને આપે એ બન્નેવ બાબતો બયાન કરી સાબિત કરી આપ્યું કે અલ્લાહે નબીઓ, રસૂલો અને એના ખાસ મક઼બૂલ બંદાઓને ગૈબનો ઈલ્મ અતા કરેલો છે. ( )

## ★ હઝરત ઉમર ફારૂક઼ે આઝમ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૨૩)*

અલ્લામા અબૂનુઐમે દલાઈનુબુવ્વતમાં હઝરત ઉમર બિન હારિષ થી રિવાયત કરી છે કે હઝરત ઉમર જુમ્આનો ખુત્બો પઢી રહ્યા હતા અચાનક ખુત્બો પઢવાનું છોડી ત્રણવાર કહ્યું "યા સારિયતલ જબલ, યા સારિયતલ જબલ, યા સારિયતલ જબલ ! હે સારિયા ! પહાડની તરફ જાવ, હે સારિયા ! પહાડની તરફ જાવ, હે સારિયા ! પહાડની તરફ જાવ," આ રીતે હઝરત સારિયા ને દૂર દરાઝથી પુકારી પહાડની પાછળ જવાનો હુકમ આપ્યો. અને પછી ખુત્બો પઢવું શરૂ કર્યું.

હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ એ નમાઝ પછી હઝરત ઉમર થી પૂછયું આપ ખુત્બો પઢી રહ્યા હતા તે દરમ્યાન વચમાં જ તમે "યા સારિયતલ જબલ" ત્રણ વાર બુલંદ અવાજથી કહેવા લાગ્યા, અમોને સમજમાં નથી આવતું કે આમાં શું હકીકત છે ! હઝરત સારિયા તો મસ્જિદમાં હાજર ન હતા, તેઓ તો જંગના મેદાનમાં છે.

હઝરત ઉમર બિન ખત્તાબ ફારૂક઼ે આઝમ એ કહ્યું, ખુદા રબ્બે ઝુલ જલાલની ક઼સમ ! હું એ કારણે સાદ આપવા મજબૂર થઈ ગયો હતો કે મેં જોયું કે મુસલમાનો પહાડની પાસે લડી રહ્યા છે અને કાફિરોએ એમને આગળ પાછળથી ઘેરી લીધા છે. આ જોઈ હું મારા દિલ ઉપર ક઼ાબૂ ન રાખી શક્યો અને બોલી ઉઠયો, અય સારિયા ! પહાડ તરફ જાવ !

આ બનાવના થોડાક દિવસ પછી હઝરત સારિયાનો સંદેશવાહક એક પત્ર લઈ આવ્યો, તેમાં લખ્યું હતું કે "અમે લોકો જુમ્આના દિવસે કાફિરોથી ઘમસાણની લડાઈ લડી રહ્યા હતા. અમે ચો તરફથી ઘેરાઈ ગએલા હતા, અમારી હાર અમોને ખૂબ નજીક દેખાતી હતી. જુમ્આની નમાઝનો ટાઈમ



હતો. અચાનક અમોને અવાજ સંભળાયો, અય સારિયા ! પહાડ તરફ જાવ ! પહાડ તરફ જાવ ! અમે આ અવાજ સાંભળી પહાડ તરફ ચાલી ગયા તો અલ્લાહે અમોને જંગમાં જીત આપી અને કાફિરોને નામોશીભરી હાર આપી. *(તારીખુલ ખુલફા, પેજ–૮૬, મિશ્કાત શરીફ, પેજ–૫૪૬)*

હઝરત ઉમર ફારૂક઼ે આઝમ એ રોમ (ઈટાલી)માં એક લશ્કર રવાના કર્યું. તે પછી એક દિવસે મદીના તૈયબહમાં આપે ઊંચા અવાજે કહ્યું, યા લબ્બૈકાહ ! યા લબ્બૈકાહ ! (અર્થાત : અય પુકારનાર તારી પોકાર પર હું હાજર છું ! થોડાક દિવસ પછી તે લશ્કર મદીના શરીફ પરત આવ્યું તો આપે લશ્કરના સેનાપતિને કહ્યું, જે સૈનિકને તમે જબરદસ્તીથી નદીમાં ઉતાર્યો હતો અને એણે યા ઉમરાહુ ! યા ઉમરાહુ ! કહી મને પુકાર્યો હતો એની શી હક઼ીક઼ત છે ? સેનાપતિએ કહ્યું, મારે મારા લશ્કરને નદી પાર કરવા નદીમાં ઉતારવું હતું, પાણી કેટલું ઊંડું હશે તે જાણવા મેં તેને નદીમાં ઉતરવાનો ઓર્ડર કરેલો. ઠંડીની ઋતુને કારણે પાણી ખૂબ જ ઠંડુ હતું, વળી ઠંડી હવા ખૂબ જોરમાં ચાલતી હતી જેથી એને ઠંડી લાગી ગઈ બીમાર થઈ ગયો એ હાલતમાં એણે બે વખત બુલંદ આવાજમાં યા ઉમરાહુ પુકાર્યું અને તરત જ મૃત્યુ પામ્યો, અલ્લાહ ગવાહ છે કે મેં એને હલાક કરવાની નિય્યતે નદીમાં ઉતરવાનો હુકમ આપ્યો ન હતો.

આપે કહ્યું, આવી ઠંડીની ઋતુમાં એ સિપાઈને નદીમાં ઉતારવો એને કતલ કરવાની ગલતી કરવા બરાબર જ ગણાય, જેથી તમારા માલમાંથી એના વારસદારોને ખૂનનો બદલો તમે ચૂકવો. *(ઈઝાલતુલ ખફા, પેજ–૧૭૨)*

આ ઉપરોક્ત બનાવોથી જણાયું કે નિહાવંદ જે ઈરાન દેશમાં છે ત્યાં લડનારા મુજાહિદોને મદીના શરીફમાં હઝરત ઉમર એ જોયા અને રોમમાં એક સિપાઈને જબરદસ્તી નદીમાં ઉતારવાના બનાવને મદીના શરીફમાં બેઠાં બેઠાં જોયો. આ ઈલ્મે ગૈબ છે જે એમણે લોકો સમક્ષ જાહેર કરી સાબિત કર્યું કે અલ્લાહ સિવાય અલ્લાહના મોઅમિન બંદાઓ પાસે પણ (અલ્લાહની અતાથી) ગૈબનો ઈલ્મ હોય છે એ અક઼ીદો સાચો છે, એને શિર્ક કુફ્ર સમજવું ગુમરાહી–બદ્દીની છે.

## ★ હઝરત ઉષ્માન ગ઼ની رضی اللہ عنہ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૩૫)*

હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું કે એક દિવસે હઝરત ઉષ્માન ગ઼ની رضی اللہ عنہ મદીના તૈયબાહના કબ્રસ્તાન જન્નતુલ બક઼ીઅ શરીફમાં તે ભાગ તરફ તશરીફ લઈ ગયા જેને હશકૌકબ કહેવામાં આવે છે. આપે ત્યાં ઉભા ઉભા એક જગ્યા તરફ ઈશારો કરી કહ્યું, ''ખૂબ જ નજીકના સમયે આ જગ્યાએ એક નેક બંદાને દફન કરવામાં આવશે.'' આ વાતને થોડાક જ દિવસો વિત્યા હશે કે આપની શહાદત થઈ. બળવાખોરોએ એટલું તોફાન કર્યું કે ન તો આપને હુઝૂર صلی اللہ علیہ وسلم ના રોઝા મુબારકમાં દફન કરી શક્યા અને ન તો જન્નતુલ બક઼ીઅના તે ભાગમાં કે જ્યાં મોટા મોટા સહાબાએ કિરામને દફન કરવામાં આવ્યા હતા, બલ્કે બધાથી દૂર અલગથી હશકૌકબમાં દફન કરવા પડયા જે જગાનો એમણે ઈશારો કરેલો હતો. *(ઈઝાલતુલ ખફા, પેજ–૨૨૭)*

## ★ હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالی وجہہ الکریم નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૪૦)*

હઝરત અલ્લામા જામી رحمۃ اللہ علیہ કહે છે : કૂફામાં એક દિવસે હઝરત અલી کرم اللہ تعالی وجہہ الکریم એ એક માણસને ફજરની નમાઝ પછી બોલાવી કહ્યું કે ફલાણી જગાએ મસ્જિદની બાજુમાં એક મકાન છે, એમાં એક સ્ત્રી અને એક પુરૂષ તને પરસ્પર લડતાં ઝઘડતાં મળશે, જા એને મારી પાસે લઈ આવ. તે માણસ ત્યાં પહોંચ્યો તો તેઓ એક બીજા સાથે લડી ઝઘડી રહ્યાં હતાં. તે એ બન્નેવને પોતાની સાથે બોલાવી લાવ્યો. આપે ફર્માવ્યું, તમારા બન્નેવમાં આજે રાત્રે ખૂબ જ ઝઘડો થયો ! એ નવજવાને કહ્યું, યા અમીરુલ મોઅમેનીન ! મેં આ સ્ત્રીથી નિકાહ કર્યા છે પરંતુ જ્યારે હું એની પાસે આવ્યો તો એની શક્લ જોવાથી પણ મને ખૂબ જ નફરત થઈ ગઈ. જો મારા હાથમાં હોત તો હું એને એ જ વખતે મારાથી દૂર કરી આપત. એણે મારાથી ઝઘડો શરૂ કર્યો અને સવાર સુધી અમે લડતાં જ રહ્યાં ત્યાં સુધી કે આપના તરફથી અમોને તેડુ આવ્યું.

હઝરત અલી کرم اللہ تعالی وجہہ الکریم એ મજલિસમાં હાજરજનોને મજલિસમાંથી



ચાલી જવાનો ઈશારો કરતાં સૌ એક પછી એક ચાલ્યા ગયા. ત્યાર પછી આપે એ સ્ત્રીને પૂછયું, તું આ મર્દને ઓળખે છે ? તેણીએ કહ્યું, ના ! પરંતુ હું એટલું જ જાણું છું કે એણે ગઈ કાલે મારી સાથે નિકાહ કર્યા અને એ મારો પતિ છે. આપે ફર્માવ્યું હવે તું સારી રીતે એને જાણી લઈશ પરંતુ હું જે સવાલ કરું તેનો તદ્દન સાચો જ જવાબ દે જે, જૂઠુ બોલવાની કોશિશ ન કરતી. તેણીએ કહ્યું, હું વચન આપું છું કે જરા પણ જૂઠુ નહીં બોલું. આપે કહ્યું, સાંભળ ! તું ફલાણા માણસની છોકરી છે ? તેણીએ કહ્યું, હા ! સાચી વાત, હું તે જ છું. પછી આપે કહ્યું, તારા ફલાણા કાકાનો છોકરો (પિત્રાઈ) હતો જે તારી સાથે પ્રેમ કરતો હતો અને તું પણ તેની સાથે પ્રેમ કરતી હતી.

તેણીએ એ વાતનો પણ સ્વીકાર કર્યો તો પછી આપે કહ્યું, તું એક રાત્રે કોઈ જરૂરી કામે બહાર નીકળી તો તેણે તારી સાથે બળાત્કાર કર્યો તેનાથી તને ગર્ભ રહ્યો, આ વાત તેં તારા પિતાથી પણ છુપાવી રાખી. તેણીએ કહ્યું, બેશક ! તદ્દન સાચી વાત યા અમીરૂલ મોઅમેનીન !

આપે કહ્યું, તારી માં તારી આ બાબત બરાબર જાણતી હતી. જ્યારે બાળક પેદા થવાનો સમય આવ્યો તો રાત હતી. તારી માં તને ઘરની બહાર લઈ ગઈ. જ્યારે બાળકે જન્મ આપ્યો તો તારી માંએ તેને એક કપડામાં લપેટી દિવાલ પાછળ નાખી દીધું, ત્યાંથી એક કૂતરું પસાર થતું હતું તેણે એને સૂંઘ્યું, તો તેં એ કૂતરાને પથ્થર માર્યો. કૂતરું નાસી ગયું પરંતુ તે પથ્થર તારા બાળકના માથા પર વાગ્યો તે ઝખ્મી થયું. તારી માં એ પોતાની ઈજારનું કપડું ફાડી તેને પટ્ટો બાંધ્યો પછી તમે બન્ને માં–દીકરી ત્યાંથી ઘેર આવી ગયાં.

તે સ્ત્રીએ કહ્યું, યા અમીરૂલ મોઅમેનીન ! આપની વાત અક્ષરસઃ સાચી છે ! પરંતુ આ બનાવને હું અને મારી માં સિવાય કોઈ જ નથી જાણતું. હઝરત અલી کرم اللہ تعالی وجہہ الکریم એ કહ્યું, હજુ સાંભળ ! જ્યારે સવાર થઈ તો ફલાણા કબીલાના માણસ એને ઉઠાવી લઈ ગયા અને એની પરવરિશ કરી ત્યાં સુધી કે એ જુવાન થઈ ગયો અને કૂફા શહેરમાં આવ્યો અને તારી મુલાકાત થઈ, તારી સાથે શાદી કરી લીધી. પછી આપે એ જુવાનને કહ્યું, તારું માથુ ખોલ ! તેણે પોતાનું માથુ ખોલ્યુ તો પથ્થરના ઘાનું નિશાન હતું.

આપે કહ્યું, અય ઔરત ! આ તારો જ તે છોકરો છે અને અને અલ્લાહ ﷻએ એને હરામ કામથી બચાવી લીધો. જા તું એને તારી સાથે લઈ જા, તું એની પત્ની નથી પરંતુ એની માં છે, એ તારો પતિ નથી બલ્કે તારો પુત્ર છે. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૨૮૨)*

અને હઝરત અલ્લામા જામી ﷺલખે છે કે હઝરત અલી كرم الله تعالى وجهه الكريم યમ્બિઅ્ સ્થળે ખૂબ જ બીમાર થઈ ગયા. લોકોએ કહ્યું કે, હુઝૂર ! આપ અહીં કેમ રોકાયેલા છે ? જો અહીં આપની વફાત થઈ ગઈ તો કફન દફન કોણ કરશે ? બેહતર છે કે આપ મદીના ચાલો જેથી આપનાં સગાં વહાલાં કફન દફનની વ્યસ્થા કરે અને અન્સાર તથા મુહાજિરો વગેરે સહાબાએ કિરામ આપની જનાઝાની નમાઝ પઢે. હઝરત અલી મુર્તઝા كرم الله تعالى وجهه الكريمએ ફર્માવ્યું, હું હમણા મરીશ નહીં, એટલા માટે કે રસૂલુલ્લાહ ﷺએ મને ફર્માવ્યું છે કે તમે એ સમય સુધી મૃત્યુ પામશો નહીં જ્યાં સુધી અમીરુલ મો'મિનીન નહીં થઈ જાવ, અને ત્યાં સુધી કે તલ્વાર મારીને તમારી પેશાની તથા દાઢી લોહીથી રંગીન ન કરી દેવામાં આવે. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૨૪૭)*

ઉપરોક્ત બનાવમાં વર્ણવેલી સ્ત્રીના તમામ છુપા હાલાતને હઝરત અલી كرم الله تعالى وجهه الكريمએ સાફ સાફ બતાવી દીધા, આ ઉપરથી સાબિત થયું કે એમનો અક઼ીદો હતો કે અલ્લાહની અતાથી હું ઈલ્મેગૈબ જાણું છું. અને બીજા બનાવથી એ જણાયું કે આપનો અક઼ીદો હતો કે રસૂલુલ્લાહ ﷺને ઈલ્મગૈબ છે તેથી જ આપે કહ્યું કે મારી મૌત સંબંધે જે ભવિષ્ય નબી ﷺએ બતાવ્યું તે થઈને જ રહેશે એમાં લેશમાત્ર ફર્ક આવી શક્તો નથી.



# તફસીરકારોના અક઼ીદા

## ★ ઈમામ ફખ્રુદ્દીન રાઝી رضی اللہ عنہ ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૬૦૬)*

પારા–૧૫, રુકૂઅ ૧૩ ની આયત اَمْ حَسِبْتَ اَنَّ اَصْحٰبَ الْكَهْفِ.... الخ ની તફસીરમાં ફર્માવે છે :–

જ્યારે અલ્લાહનો કોઈ બંદો નેકીઓ પર હમેશગી ઈખ્તેયાર કરે છે તો તે એ મુકામ સુધી પહોંચી જાય છે જેને માટે અલ્લાહ ﷻએ ફર્માવ્યું★ كُنْتُ لَهٗ سَمْعًا وَّ بَصَرًا તો જ્યારે અલ્લાહના જલાલનું નૂર તેની સાંભળવાની શક્તિ બની જાય છે તો તે દૂર નજીકના અવાજો સાંભળી લે છે અને એ જ નૂર એની આંખ બની જાય છે તો તે દૂર નજીકની તમામ ચીજોને જોઈ લે છે અને એ જ નૂરે જલાલ એના હાથ બની જાય છે તો તે બંદો આસાન મુશ્કેલ દરેક પરિસ્થિતિમાં મદદનો હાથ લંબાવવામાં શક્તિમાન થઈ જાય છે. *(તફસીરે કબીર)*

અલ્લામા ક઼ાઝી નાસિરુદ્દીન رحمۃ اللہ علیہ (હિ. ૬૮૫ વિસાલ) પારા–૪, રુકૂઅ–૯ ની આયત મુબારક وَمَا كَانَ اللّٰهُ لِيُطْلِعَكُمْ.. الخ ની તફસીરમાં પોતાની તફસીરે બયઝાવીમાં લખે છે કે અને અલ્લાહની એ શાન નથી કે સામાન્ય લોકો તમારામાંથી કોઈને ઈલ્મે ગૈબ આપી દે અને લોકોના દિલોના કુફ્ર ઈમાનથી તમોને વાકેફ કરી દે, હા ! આ મરતબા અને પોતાના એ ઈલ્મને પહોંચાડવા અલ્લાહ પોતાના બંદાઓમાંથી જેને પોતે ચાહે તેને પસંદ કરી લે છે અને કેટલાક ગૈબની તેમને ખબર કરી દે છે.

અને અલ્લામા ઈસ્માઈલ હક્કી رحمۃ اللہ علیہ (વિસાલ હિ. ૧૧૩૭) પારો–૨૧ સૂરએ લુકમાન રુકૂઅ–૧૩ ની આયત اِنَّ اللّٰهَ عِنْدَهٗ عِلْمُ السَّاعَةِ.. الخ ની

★*(બુખારી જિ.૨, પેજ–૯૬૩ ની મશ્હૂર હદીષે કુદસી* وَمَا كَانَ اللّٰهُ لِيُطْلِعَكُمْ *તરફ ઈશારો છે.)*

તફસીરમાં ફર્માવે છે : અને જે અંબિયાએ કિરામ, અવલિયાએ કિરામથી ગૈબની ખબરોની રિવાયતો કરવામાં આવી છે તે એમને અલ્લાહ તઆલાની તરફથી આપવામાં આવી છે. વહી, ઈલ્હામ અથવા કશ્ફના તરીક઼ાથી એમને અલ્લાહે પહોંચાડી વાકેફ કર્યા હોય છે.

એવી જ રીતે કેટલાક વલીઓએ વરસાદ વરસવાની ખબર આપી, કેટલાકે છોકરો કે છોકરી પેદા થવાની ખબર આપી તો તે જ થયું જેવું એમણે કહ્યું હતું.

અને તે પછી તેઓ આગળ લખે છે કે હઝરત અબુલ અઝમ અસ્ફહાની رحمۃ اللہ علیہ શિરાજમાં બીમાર થઈ ગયા તો તેમણે કહ્યું, જો હું શિરાજમાં મૃત્યુ પામું તો મને યહૂદીઓના કબ્રસ્તાનમાં દફન કરી દેજો. એટલા માટે કે મેં ખુદા તઆલાથી દુઆ કરી છે કે ''મને તરતૂસમાં મૌત આવે.'' પછી તેઓની બીમારી મટી ગઈ અને સારા થઈ ગયા તે પછી તેઓ તરતૂસ જતા રહ્યા અને ત્યાં મૃત્યુ પામ્યા. એમણે પોતાના મૃત્યુ માટે જે ભાવિ બતાવેલું તે પ્રમાણે જ થયું.

અલ્લામા અલાઉદ્દીન ખાઝિન رحمۃ اللہ علیہ (વિસાલ હિ. ૭૨૫) પારો–૨૭, સૂરએ રહમાનની આયત خَلَقَ الْاِنْسَانَ عَلَّمَهُ الْبَيَانَના હેઠળ તફસીર ખાઝિનમાં ફર્માવે છે કે, ''ઈન્સાનને સંબોધન કરવામાં આવ્યું છે પરંતુ એનાથી અસલ મુરાદ તો મુહમ્મદ صلی اللہ علیہ وسلم છે અને બયાનથી મુરાદ જે કાંઈ થશે અને થઈ ચૂક્યું તે બધું જ અલ્લાહે આપ صلی اللہ علیہ وسلمને શીખવી આપ્યું. એટલા માટે કે આપને આદીથી અંત અને કયામતના દિવસની પણ ખબર આપી દીધી છે.

અને અલ્લામા અબૂ મોહમ્મદ બગવી رحمۃ اللہ علیہ એ જ આયતે કરીમાથી (તફસીર મઆલિમુત્તનઝીલ)માં તફસીર કરતાં લખે છે કે ''અલ્લાહે ઈન્સાન અર્થાત મુહમ્મદ صلی اللہ علیہ وسلمને પેદા કર્યા, અને એમને બયાન અર્થાત જે કાંઈ થશે અને જે કાંઈ થઈ ચૂક્યું તે બધો જ ઈલ્મ (જ્ઞાન) શીખવી આપ્યો.

અને આરિફ બિલ્લાહ શેખ અહમદ સાવી માલિકી رحمۃ اللہ علیہ એ જ આયતના વિષયમાં પોતાની કરેલ તફસીરે સાવીમાં ફર્માવે છે કે ''અને કહેવામાં આવ્યું છે કે તે ઈન્સાને કામિલ મુહમ્મદ صلی اللہ علیہ وسلم છે. અને બયાનથી મુરાદ ઈલ્મે મા કાન વમા યકૂન (જે કાંઈ થઈ ચૂકયું અને જે કાંઈ થશે તે)



તે એમને શીખવી આપ્યું.

અને સૂરએ જિનની આયત મુબારક عَالِمُ الْغَيْبِ فَلَا يُظْهِرُ---الخ ની તફસીર કરતાં લખે છે કે અંબિયાએ કિરામને ઔલિયા કરતાં ગયબ પર અધિક જાણકારી હોય છે. *(તફસીરે સાવી, ૪/૨૪૪)*

આ સર્વ લખાણોથી સ્પષ્ટપણે માલૂમ થઈ ગયું કે મુફસ્સિરોનો એ અક઼ીદો છે કે મા કાન વમા યકૂન એટલે કે જે કાંઈ થઈ ગયું અને જે ભાવિમાં ક઼યામત સુધી થશે તે તમામ ઈલ્મ અલ્લાહ તઆલાએ પોતાના મેહબૂબ આક઼ાએ દો આલમ મુહમ્મદ صلی اللہ علیہ وسلمને અર્પણ કરી દીધો છે, અને બીજા નબીઓ, રસૂલો અને વલીઓને પણ અલ્લાહ તઆલા ગૈબ ઉપર ખબરદાર કરે છે. પરંતુ અવલિયાએ કિરામ કરતાં અંબિયાએ કિરામને અધિક (મજબૂત) ઈલ્મે ગયબ અલ્લાહે અતા કરેલો છે. (અલ્લાહના ઈલ્મની આગળ નબી صلی اللہ علیہ وسلمનો ઈલ્મ દરિયાના પાણીની સામે એક ટીપું અને નબી صلی اللہ علیہ وسلمના ઈલ્મની આગળ તમામ કાએનાતનો ઈલ્મ દરિયાના પાણીની સામે એક ટીપું. આ દષ્ટાંત ફક્ત સમજવા પૂરતું છે, બાકી ક્યાં અલ્લાહનો જાતી ઈલ્મ જે લા મેહદૂદ જેની કોઈ હદ જ નથી. દરિયાની તો હદ છે, જ્યારે અલ્લાહના ઈલ્મની કોઈ હદ નથી. *–અનુવાદક)*

તફસીરે કબીરની ઈબારતથી ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہનો પણ અક઼ીદો સાબિત થયો કે બંદો જ્યારે અલ્લાહ અને તેના રસૂલની ફર્માબરદારીમાં હમેશાં પોતાની જિંદગીને વિતાવે છે તો અલ્લાહ તઆલાની અઝમત અને બુઝુર્ગીનું નૂર એના કાન, આંખ બની જાય છે જેના વડે તે દૂર અને નજીકની તમામ વાતોને તેમજ તમામ હાલતોને જુએ છે તેમજ સાંભળે છે.

અને હઝરત અબુલ અઝમ અસ્ફહાની رحمۃ اللہ علیہના બનાવના આધારે તફસીરે રૂહુલ બયાનના કર્તા અલ્લામા ઈસ્માઈલ હક્કી رحمۃ اللہ علیہનો પણ એ અકીદો જાણવા મળ્યો કે, અલ્લાહના મકબૂલ બંદાઓને એ વાતનો ઈલ્મ પણ હોય છે કે તે ક્યાં મરશે, જે સૂરએ લુકમાનની આખરી આયતમાં બતાવેલ પાંચ બાબતોના ઈલ્મમાંથી એક છે.

★ ★ ★

# મુહદ્દિષોનો અક઼ીદો

મુહદ્દિષીને કિરામ કે જેમણે હુઝૂર તાજદારે દો આલમ ﷺની હદીષોને એકત્ર કરવામાં બે હદ તકલીફો ઉઠાવી અને એને પઢવા, પઢાવવા અને સમજવા, સમજાવવામાં પોતાની જિંદગીઓ વક્ફ કરી દીધી. એ ઈજ્જતવાળી જમાઅતનો ઈલ્મે ગૈબ માટે અક઼ીદો કેવો હતો તે જોઈએ :–

## ★ ઈમામ બુખારીનો અક઼ીદો رحمة الله عليه ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૨૫૬)*

હઝરત અનસ رضي الله عنهથી રિવાયત છે કે તેમણે કહ્યું કે "નબી ﷺએ હઝરત ઝૈદ, હઝરત જાઅફર અને હઝરત રવાહા رضي الله عنهની શહાદતની ખબર આવતાં પહેલાં જ એમના શહીદ થઈ જવાની ખબર દેતાં ફર્માવ્યું કે ઝૈદે ઈસ્લામી લશ્કરનો ઝંડો હાથમાં લીધો અને એમને શહીદ કરી દીધા, પછી જાઅફરે ઝંડો સંભાળ્યો પરંતુ તેમને પણ શહીદ કરી દીધા. આપ આ બનાવનું વર્ણન કરતા હતા તે વખતે આપની આંખોમાંથી આંસૂ વહી રહ્યાં હતાં. પછી આપે કહ્યું, હવે ઝંડાને તે માણસે ઉઠાવ્યો જે અલ્લાહની તલવારોમાંથી એક તલવાર છે એટલે કે ખાલિદ બિન વલીદે, ત્યાં સુધી કે અલ્લાહે મુસલમાનોને ફતેહ અતા કરી. *(બુખારી શરીફ, જિ. ૨, પેજ–૬૧૧)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهماથી રિવાયત છે કે હુઝૂર નબીએ કરીમ ﷺ મક્કા કે મદીના શરીફના બાગોમાંથી કોઈ એક બાગમાં તશરીફ લઈ ગયા, તો બે માણસોનો અવાજ સાંભળ્યો જેમના ઉપર એમની કબ્રોમાં અઝાબ થઈ રહ્યો હતો. આપે સાથીઓને કહ્યું, આ બન્નેવ ઉપર અઝાબ થઈ રહ્યો છે કોઈ મોટા ગુનાહને કારણે નહીં પરંતુ (અલ્લાહ તઆલાની સામે એ મોટી વાત છે મોટો ગુનોહ છે) એમાંનો એક પેશાબના છાંટાઓથી બચતો ન હતો અને બીજો ચુગલી ખાયા કરતો હતો. *(બુખારી શરીફ, જિ. ૧, પેજ–૩૫)*



અને હઝરત અબૂ હુરૈરહ رضي الله عنهથી રિવાયત છે કે એમણે કહ્યું કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું કે જ્યારે કિસ્રા હલાક બરબાદ થશે તો તે પછી કોઈ કિસ્રા નહીં થાય, અને કૈસર હલાક થશે તો તે પછી કોઈ કૈસર નહીં થાય. ક઼સમ છે તે જાતની જેના કબ્જાએ કુદરતમાં મુહમ્મદ ﷺની જાન છે ! જરૂર જરૂર બન્નેવના ખઝાના અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવામાં આવશે. *(બુખારી, જિ. ૧, પેજ–૫૧૧)*

હઝરત અબૂ હૂરૈરહ رضي الله عنهથી રિવાયત છે કે એમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે "અલ્લાહ તઆલા ફર્માવે છે કે જ્યારે બંદાને હું મારો દોસ્ત બનાવી લઉં છું ત્યારે હું તેના કાન બની જાઉં છું જેના વડે તે સાંભળે છે, હું તેની આંખ બની જાઉં છું જેના વડે તે જુએ છે, તેના હાથ બની જાઉં છું જેના વડે તે પકડે છે અને પગ બની જાઉં છું જેના વડે તે ચાલે છે. *(બુખારી, જિ. ૨, પેજ–૯૬૩, મિશ્કાત પેજ–૧૯૭)*

જંગે મૌતહ જે સિરિયામાં થઈ રહી હતી હુઝૂર નબીએ કરીમ ﷺએ મદીનામાં બેઠા બેઠા તેની બધીય પરિસ્થિતિ બતાવવી, જમીનની અંદર ક઼બ્રોમાં માણસો પર થતો અઝાબ જમીન પરથી નિહાળી તે શા માટે થઈ રહ્યો છે તે પણ બતાવવું, કૈસર તથા કિસ્રાની બાદશાહતો ખતમ થઈ જશે તે ખબર આપવી, ઉપરાંત અલ્લાહ ﷻ ની ક઼સમ સાથે ફર્માવ્યું કે એમના ખજાના અલ્લાહના રસ્તામાં ખર્ચ થશે. અને એમ જ થયું. આ બધી જ ગૈબની વાતો છે જેને ઈમામ બુખારીએ પોતાની કિતાબ બુખારીમાં લખી. જેથી એ સાબિત થયું કે ઈમામ બુખારીનો પણ એ અક઼ીદો હતો કે નબી ﷺ ગૈબ જાણે છે, નહિતર તેઓ પોતાની કિતાબમાં એ હદીષો કદી પણ ન લખતે.

અને છેલ્લી હદીષે કુદસીથી પણ ઈમામ બુખારી رضي الله عنهનો એ અક઼ીદો સાબિત થયો કે અલ્લાહના મેહબૂબ ગૈબના જાણનાર હઝરત મુહમ્મદ ﷺની જાત તો ઘણી જ મહાન છે પરંતુ અલ્લાહ તઆલા તો પોતાના સામાન્ય મોમિન બંદાઓમાંથી જ્યારે કોઈને પોતાનો વલી દોસ્ત બનાવી લે છે તો તેના કાન, આંખ, હાથ, પગ બની જાય છે, દૂર નજીકની વાતો સાંભળે છે, દૂર નજીકના હાલાતને જુએ પણ છે, એટલા માટે કે જ્યારે એને એ દરજ્જો એ મરતબો મળી જશે તો તેનામાં અલ્લાહની કુદરતની

સિફતો (ગુણો) જાહેર થઈ જશે.

## ★ ઈમામ મુસ્લિમ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૨૬૧)*

હઝરત અબૂઝયદ એટલે કે અમ્ર બિન અખ્તબ અન્સારી થી રિવાયત છે કે એમણે કહ્યું રસૂલુલ્લાહ એ અમોને ફજરની નમાઝ પઢાવી અને મિમ્બર ઉપર તશરીફ લઈ જઈ વાઅઝ બયાન ફર્માવી ત્યાં સુધી કે ઝહોરની નમાઝનો વખત થઈ ગયો, પછી મિમ્બર પરથી ઉતરી ઝહોરની નમાઝ પઢાવી ફરી મિમ્બર ઉપર તશરીફ લઈ જઈ વાઅઝ ફર્માવવાનું શરૂ કર્યું ત્યાં સુધી કે અસરની નમાઝનો ટાઈમ થઈ ગયો, તો મિમ્બર પરથી ઉતરી અસરની નમાઝ પઢાવી, ફરી મિમ્બર પર તશરીફ લઈ જઈ વાઅઝ શરૂ કર્યું ત્યાં સુધી કે સૂર્યાસ્ત થઈ ગયો, મગરિબનો ટાઈમ થઈ ગયો. તો એ તક઼રીરમાં જે કાંઈ બન્યું અને જે કાંઈ બનશે તે બધા જ બનાવોની હુઝૂરે અમોને ખબર કરી આપી. તો અમારામાંથી સૌથી વધુ ઈલ્મવાળો તે માણસ છે જેણે હુઝૂર એ બતાવેલી ખબરો વધુ યાદ રાખી. *(મુસ્લિમ શરીફ, જિ. ૨, પેજ–૩૦૯)*

અને હઝરત અનસ થી રિવાયત છે કે તેમણે કહ્યું કે હઝરત ઉમર બિન ખત્તાબ ફારૂકે આઝમ એ કહ્યું, જંગે બદ્રમાં એક દિવસ પહેલાં અમોને તે જગાઓ બતાવી દીધી જ્યાં જંગે બદ્રમાં સામેલ થએલા મુશરિકોની કતલ થવાની હતી. આપે કહ્યું, કાલે ઈન્શાઅલ્લાહ ! ફલાણો કાફિર અહીં મરશે, ફલાણો કાલે ઈન્શાઅલ્લાહ ! અહીં ઢગલો થઈ પડી મરશે. હઝરત ઉમર એ કહ્યું, ક઼સમ છે તે જાતે પાકની જેણે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ને સત્યની સાથે મોકલ્યા છે ! હુઝૂર એ જે જગ્યાઓ બતાવી હતી તેનાથી લેશમાત્ર પણ ફરક પડયો નહીં એટલે કે તે કાફિરો ત્યાં જ મર્યા જ્યાં જેને માટે સરકારે દો આલમ એ નિશાન કરી બતાવેલું હતું. *(મુસ્લિમ શરીફ, જિ. ૨, પેજ–૧૦૨)*

અને હઝરત જાબિર થી રિવાયત છે કે તેમણે કહ્યું, નબીએ કરીમ સફરથી પરત આવી રહ્યા હતા, જ્યારે મદીના શરીફની નજીક પહોંચ્યા તો પવનના વંટોળિયાનું ભયંકર તોફાન આવ્યું, એવું લાગતું હતું



કે આ તોફાન મુસાફિરોને દફન કરી દેશે. રસૂલુલ્લાહ એ ફર્માવ્યું, આ તોફાન એક મુનાફિક઼ના મૃત્યુ ટાણે મોકલવામાં આવ્યું છે. જ્યારે અમે મદીના મુનવ્વરા પહોંચ્યા તો જાણ્યું કે એ દિવસે મોટો મુનાફિક઼ મૃત્યુ પામ્યો હતો. *(મુસ્લિમ શરીફ, મિશ્કાત, પેજ–૫૩૬)*

અને જાબિર બિન સમુરા થી રિવાયત છે કે એમણે કહ્યું, મેં રસૂલુલ્લાહ ને ફર્માવતાં સાંભળ્યું કે જરૂર જરૂર મુસલમાનોની એક જમાઅત કિસ્રાના ખજાના ખોલશે અને તે સફેદ જગ્યાએ હશે. *(મુસ્લિમ, મિશ્કાત, પેજ–૪૬૬)*

હઝરત શૈખ અબ્દુલહક઼ મુહદ્દિષે દહેલ્વી એ હદીષની શરહ (વિવરણ)માં લખે છે કે ઈ ગંજ દર ઝમાને અમીરૂલ મોઅમેનીન ઉમર બેરૂને આવુરદાં શુદ. **અર્થાત** : "એ ખજાનો અમીરૂલ મોઅમિનીન હઝરત ઉમર ના સમયમાં કાઢવામાં આવ્યો." *(અશ્અતુલ્ લમઆત, જિ. ૪, પેજ–૨૯૯)*

હઝરત અબૂક઼તાદા થી રિવાયત છે કે તેમણે કહ્યું, રસૂલુલ્લાહ એ હઝરત અમ્માર ને જ્યારે તે ખંદક ખોદી રહ્યા હતા, હુઝૂર તેમના માથા ઉપર હાથ ફેરવતા અને ફર્માવતા જતા હતા કે ઈબ્ને સુમય્યાની મુસીબત કે તમને દ્રોહીઓનું એક ટોળું શહીદ કરશે. *(મુસ્લિમ, મિશ્કાત, પેજ–૫૩૨)*

હુઝૂર સૈયદે આલમ ના ફર્માન મુજબ જંગે સિફફીનમાં હઝરત અલી كرم الله وجهه الكريم ના લશ્કર સાથે હઝરત અમ્માર ને શહીદ કરવામાં આવ્યા.

જે કાંઈ થયું અને જે કાંઈ થવાનું છે હુઝૂર એ તમામ બનાવોની ખબર આપી દીધી, મેદાને બદ્રમાં એક દિવસ પહેલાં બતાવી દેવું કે કયો કાફિર ક્યાં મરશે, મદીના મુનવ્વરા પહોંચતા પહેલાં મોટા મુનાફિક઼ના મરવાની ખબર આપવી, કેટલાક વર્ષો પહેલાં એ વાતની ખબર આપવી કે કિસ્રાના ખજાના મુસલમાનો હાથ લાગશે, અને હઝરત અમ્મારને લગભગ ૩૨ વર્ષ પહેલાં બતાવી દેવું કે તમોને મુસલમાનોની દ્રોહી જમાઅત શહીદ કરશે, આ બધીય ગૈબની ખબરો છે જેને ઈમામ મુસ્લિમે પોતાની કિતાબ મુસ્લિમમાં લખી સાબિત કરી આપ્યું કે રસૂલુલ્લાહ ને

ગૈબનો ઈલ્મ છે. અમારો પણ એ જ અક઼ીદો છે.

## ★ ઈમામ તિર્મિઝી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૨૭૯)*

હઝરત અબૂ સઈદ ખુદરી થી રિવાયત છે કે તેમણે કહ્યું, રસૂલુલ્લાહ એ અમોને એક દિવસ અસરની નમાઝ શરૂ ટાઈમમાં પઢાવી પછી ઉભા થઈ તક઼રીર શરૂ કરી તો કોઈ પણ વાતને ન છોડી ત્યાં સુધી કે ક઼યામત સુધીના તમામ બનાવોની અમોને ખબર આપી દીધી. જેણે એ તકરીરને યાદ રાખી તેણે યાદ રાખી જે ભૂલી ગયો તે ભૂલી ગયો. *(તિર્મિઝી શરીફ, જિ. ૨, પેજ–૪૨)*

અને હઝરત ઈબ્ને ઉમર થી રિવાયત છે કે એમણે કહ્યું, નબીએ કરીમ રઉફો રહીમ એ એક ફિત્નાની વાત કરી તો તેમાં હઝરત ઉષ્માન ગ઼ની માટે કહ્યું કે એમને એમાં મઝલૂમ કરવામાં આવશે. *(તિર્મિઝી, જિ. ૨, પેજ–૨૧૨)*

ઉપરોક્ત હદીષોના બયાનના આધારે જણાયું કે ઈમામ તિર્મિઝીનો પણ એ જ અક઼ીદો હતો કે હુઝૂર નબીએ કરીમ ને ઈલ્મે ગૈબ છે નહિતર એ હદીષો કે જેમાં કયામત સુધીની તમામ બાબતો બતાવવાનું હઝરત ઉષ્માનગની ને શહીદ કરવાની ખબર દેવાનું બયાન છે એને પોતાની કિતાબમાં કદી પણ દાખલ કરતા જ નહીં.

## ★ હઝરત ઈમામ અબૂ દાઊદ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૨૭૫)*

હઝરત હુઝૈફા થી રિવાયત છે કે એમણે કહ્યું કે ખુદાની ક઼સમ ! હું નથી કહી શક્તો કે મારા સાથીઓ ભૂલી ગયા છે કે ભૂલી જવાનું જાહેર કરી રહેલા છે. (આજથી) દુનિયાના અંત સુધીમાં જેટલાય ફિત્નાખોરો પેદા થશે તેમના સાથીઓની સંખ્યા ત્રણસોથી વધુ હશે. હુઝૂરે અમોને તેમના નામ તેમના બાપના નામ તેમના ખાનદાનના નામ બધું જ બતાવી દીધું. *(અબૂ દાઊદ, મિશ્કાત, પેજ–૪૬૩)*

અને હઝરત અબૂ સઈદ ખુદરી થી રિવાયત છે કે એમણે કહ્યું કે



રસૂલુલ્લાહ એ ફર્માવ્યું કે ''મહેદી મારામાંથી છે, પહોળી પેશાની અને ઊંચી નાકવાળા, જમીનને ઈન્સાફથી ભરી દેશે જેવી કે તે જુલ્મ જોરથી ભરાઈ ગઈ હશે. સાત વર્ષ રાજ કરશે. *(અબૂ દાઊદ, મિશ્કાત, પેજ–૪૭૦)*

આ હદીષોથી સાબિત થયું કે સરવરે કાયેનાત રૂહી ફિદા ઉમ્મી વ અબી ને ક઼યામત સુધી જન્મનાર તમામ ફિત્નાબાજોનો ઈલ્મ હતો અને આપ ઈમામ મેહદી ના બાબત તમામ વાતો જાણતા હતા, એ બધી જ ગૈબની વાતો છે. અને ઈમામ અબૂ દાઊદે આ હદીષોને પોતાની કિતાબ અબૂ દાઊદમાં લખી સાબિત કરી આપ્યું કે હુઝૂર નબી ના માટે ઈલ્મે ગૈબનો અક઼ીદો રાખવો કે આપ (અલ્લાહની અતાથી) ગૈબ જાણે છે તો તે સાચો અક઼ીદો છે.

## ★ ઈમામ દારમી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૨૫૫)*

હઝરત અબ્દુર્રહમાન બિન આઈશાથી રિવાયત છે કે સરકારે દો આલમ તાજદારે કાએનાત નબી એ ફર્માવ્યું, મેં મારા પરવરદિગાર ને સારામાં સારી શકલમાં જોયો જે એની શાનને લાયક છે. રબ તઆલાએ મને પૂછયું, મલએ આ'લાના ફરિશ્તા કઈ બાબતમાં ઝઘડે છે ? મેં કહ્યું, મારા પરવરદિગાર ! તું ખૂબ સારી રીતે જાણે છે. તો રબ તઆલાએ કુદરતનો હાથ મારા ખભાઓના વચ્ચે મૂક્યો તેની કુદરતના ફૈઝની ઠંડક મારા સીનામાં મેહસૂસ કરી તો મેં તે સર્વ ચીજોને જાણી લીધી જે જમીનો અને આસ્માનોમાં છે. *(દારમી, મિશ્કાત, પેજ–૭૦)*

હઝરત અબૂ ખુદરી થી રિવાયત છે કે રસૂલુલ્લાહ છેલ્લી બીમારી (વિસાલથી પહેલાંની) માં મસ્જિદે નબવી ના મિમ્બર શરીફ ઉપર બિરાજમાન થયા અને ફર્માવ્યું, ક઼સમ છે તે જાતપાકની જેના ક઼બજામાં મારી જાન છે ! હું આ જગ્યાએથી પણ હૌઝે કૌષર જોઈ રહ્યો છું. *(દારમી, મિશ્કાત, પેજ–૫૪૮)*

આસ્માનો અને જમીનોની તમામ વાતોને જાણવી, મદીના શરીફના મિમ્બર પરથી હૌઝે કૌષર ને નિહાળવું એ બધું ઈલ્મે ગૈબમાંથી છે. ઈમામ દારમી પોતાની દારમી શરીફમાં આ હદીષોનું વર્ણન કરી સ્પષ્ટ કરે છે કે

અમારો પણ એ જ અક઼ીદો છે કે હુઝૂર તાજદારે દો આલમ નબી આખેરૂઝઝમાં ને ઈલ્મે ગૈબ મળેલો છે.

## ★ મિશ્કાતના લેખક અલ્લામા ખતીબ તબરેઝી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૭૪૦)*

હઝરત ઉનીસા પોતાના પિતા ઝૈદ બિન અરકમ થી રિવાયત કરે છે કે હુઝૂર નબીએ કરીમ એમના પિતા ઝૈદની બીમારપુરસી માટે તશરીફ લાવ્યા તો તે વખતે હુઝૂર એ ફર્માવ્યું, આ બીમારીથી તમોને કોઈ જ ખતરો નથી પરંતુ ત્યારે તમારી શી હાલત હશે કે જ્યારે તમે અમારા પછી પણ જીવતા રહેશો અને તમે આંધળા થઈ ગયા હશો. તો મારા પિતા ઝૈદે અરજ કરી, સવાબ મેળવીશ અને સબ્ર કરીશ. તો આપ એ ફર્માવ્યું, તો તમે કોઈ પણ પ્રકારના હિસાબ વિના જ સીધા જન્નતમાં દાખલ થઈ જશો. રાવીનું બયાન છે કે નબીએ કરીમ ની વફાત પછી એ આંધળા થઈ ગયા. ફરી પાછી અલ્લાહે એમને આંખોની રોશની આપી તે પછી એમની વફાત થઈ ગઈ. *(મિશ્કાત શરીફ, પેજ–૫૪૩)*

અને મેઝબાને રસૂલ હઝરત અબૂ અય્યૂબ અન્સારી એ ફર્માવ્યું કે નબીએ કરીમ બહાર તશરીફ લઈ ગયા, સૂર્ય આથમવાની તૈયારી હતી ત્યાં એક અવાજ સાંભળી આપ એ ફર્માવ્યું, યહૂદીઓને એમની કબ્રમાં અઝાબ થઈ રહ્યો છે. *(મિશ્કાત, પેજ–૫૩૬)*

અને હઝરત જાબિર થી રિવાયત છે કે એમણે કહ્યું કે નબીએ કરીમ એ ફર્માવ્યું કે શૈતાન એ વાતથી નાઉમ્મીદ થઈ ચૂક્યો છે મોઅમિન અરબ દેશોમાં એની ઈબાદત કરે પરંતુ એમને પરસ્પર લડાવવાથી નાઉમ્મીદ નથી થયો. *(મુસ્લિમ, મિશ્કાત, પેજ–૧૯)*

હઝરત શૈખ અબ્દુલહક઼ મુહદ્દિષે દહેલ્વી આ હદીષના વિવરણમાં લખે છે કે શૈતાનની ઈબાદતનો મતલબ મૂર્તિ પૂજા છે, જો કે મુસૈલમાના સાથી અને ઝકાતના મુન્કરો મુર્તદ થયા પરંતુ તેમણે પણ મૂર્તિ પૂજા કરી નથી. *(અશ્અતુલ લમ્આત, જિ. ૧, પેજ–૮૩)*



## ★ હઝરત અલ્લામા ક઼ાઝી અયાઝ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૫૪૪)*

રસૂલુલ્લાહ એ કુઝમાન માટે ફર્માવ્યું, તે જહન્નમી છે. જ્યારે કે તે મુસલમાનો તરફથી કાફિરો સાથે ખૂબ બહાદુરીથી લડી રહ્યો હતો પાછળથી આપઘાત કરી મૃત્યુ પામ્યો હતો.

એવી જ રીતે એક જમાઅત માટે આપે ખબર આપેલી જેમાં અબૂ હુરૈરા, સમુરા બિન જુન્દુબ અને હઝરત હુઝૈફા હતા કે તમારામાંથી છેલ્લી મરનાર એક વ્યક્તિ આગથી મૃત્યુ પામશે. તે કારણે એ લોકો જ્યારે જ્યારે મળતા એક બીજાની ખૈરીયત પૂછતા. એઓમાં સૌથી છેલ્લે સુમરાનો ઈન્તેકાલ આગ તાપતાં તાપતાં થયો હતો. સમુરા ખૂબ જ વૃદ્ધ થઈ ગયા હતા અને બુધ્ધિ સમજશક્તિ પણ ખૂબ ઘટી ગઈ હતી. *(શિફા શરીફ જિ, ૧, પેજ–૨૨૪)*

રસૂલુલ્લાહ એક મજલિસમાં ફર્માવ્યું, તમારામાંથી એક માણસતી દાઢ જહન્નમમાં ઓહદ પહાડથી પણ મોટી હશે.

હઝરત અબૂહરૈરા કહે છે તે મેહફિલના સાથીઓ એક પછી એક બધા મરી ગયા ફક્ત હું અને બીજો એક માણસ હતો. તો તે મુર્તદ થઈ ગયો હતો અને જંગે યમામામાં (કાફિરો તરફ લડતાં) મુસલમાનોના હાથે કતલ થયો. *(શિફા શરીફ, જિ. ૧, પેજ–૨૨૫)*

રસૂલુલ્લાહ એ હઝરત અબ્બાસ (આપના કાકા)ને તે માલની ખબર આપી જે એમની પત્નીએ છુપાવેલો હતો. હઝરત અબ્બાસે કહ્યું, એ છુપાવેલા માલની મારા અને મારી પત્ની સિવાય કોઈને પણ ખબર ન હતી. બેશક ! અય મુહમ્મદ ! તમે અલ્લાહના સાચા રસૂલ છો.( ) આમ કહી તેઓ ઈમાન લાવી મુસલમાન થઈ ગયા. પછી નબીએ કરીમ એ કહ્યું, ટૂંક સમયમાં જ તમે ઉબય બિન ખલફને કતલ કરશો. અને ઉત્બા બિન અબૂ લહબ માટે કહ્યું, તેને એક કૂતરો ખાશે. બદ્રની લડાઈમાં કાફિરોના કતલ થવાની જગા પહેલેથી બતાવી આપી, તો જેવું હુઝૂર એ કહેલું તેવું જ થયું.

હઝરત ઈમામ હસન માટે આપે ફર્માવ્યું, મારો આ બેટો સરદાર

છે અને ટૂંક સમયમાં જ અલ્લાહ તઆલા એના હાથે મુસલમાનોના બે ગૃપો વચ્ચે સુલેહ કરાવી દેશે.

જ્યારે હઝરત ખાલિદ ને ઉકૈદિરની તરફ મોકલ્યા તો કહ્યું, તમે એને ગાયનો શિકાર કરતા જોશો. ઉપરની આ બધી જ વાતો હુઝૂરની જાહેરી જિંદગી અને વિસાલ પછી એવી જ બની જેવી કે હુઝૂર એ ફર્માવેલી. *(શિફા શરીફ જિ. ૧, પેજ–૨૨૬)*

આ બધાં જ લખાણોથી સાબિત થાય છે કે અલ્લામા કાઝી અયાઝ નો પણ એ જ અકીદો હતો કે સરકારે દો આલમ ગૈબ જાણે છે.

## ★ હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી નો અકીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૯૧૧)*

હઝરત અલી મુર્તઝા એ કહ્યું કે રસૂલુલ્લાહ મને એ ફર્માવ્યું કે તમોને ઘણા જ ટૂંક સમય મારવામાં આવશે, એક ઘા અહીં, એક ઘા અહીં થશે. (આપે પોતાની કાનની ટીસીઓ તરફ ઈશારો કરી કહ્યું) તેમાંથી લોહી વહેશે ત્યાં સુધી કે તમારી દાઢી રંગીન થઈ જશે. *(ખસાઈસે કુબ્રા. જિ. ૨, પેજ–૧૨૪)*

અને હઝરત અનસ થી રિવાયત છે કે એમણે કહ્યું કે હઝરત રસૂલે કરીમ સાથે હું હઝરત અલી ના ઘરે ગયો. તેઓ બિમાર હતા તેમની પાસે હઝરત અબૂબક્ર સિદીક અને હઝરત ઉમર ફારૂકે આઝમ પહેલેથી બેઠેલા હતા. એમનામાંથી એક સાહેબે બીજાને કહ્યું, મારા ખ્યાલ મુજબ હવે એ દુનિયાથી વિદાય લઈ લેશે. તો રસૂલુલ્લાહ એ ફર્માવ્યું, "બેશક ! એઓ નહીં મરે જ્યાં સુધી એમને કતલ કરવામાં નહીં આવે." *(ખસાઈસે કુબ્રા. જિ. ૨, પેજ–૧૨૪)*

હઝરત જાબિર એ કહ્યું કે રસૂલુલ્લાહ એ ફર્માવ્યું કે જે માણસ કોઈ શહીદને જમીન ઉપર ચાલતો જોવા માંગે તેણે જોઈએ કે તે તલ્હા બિન ઉબૈદુલ્લાહને જુએ. *(ખસાઈસે કુબ્રા, જિ. ૨, પેજ–૧૨૪)*

અને બયહકી શરીફમાં છે કે જ્યારે અબૂ યઅલા બિન મુનબ્બિહ જંગે મૌતાની ખબર લઈ આવ્યા તો આપ એ ફર્માવ્યું કે જંગના હાલાત હું તમોને બતાવું કે તમે બતાવશો ? અબૂ યઅલાએ (કહ્યું, હુઝૂર ! આપ જ



બતાવો ! અલ્લાહના મેહબૂબ ગૈબના જાણકાર એ જંગના મેદાનની પૂરેપૂરી વિગત બતાવી આપી, તો અબૂ યઅલાએ કહ્યું, કસમ છે તે જાતની જેણે સત્યની સાથે આપને મોકલ્યા ! આપે અક્ષરસઃ સાચુ કહ્યું, કશું જ છોડયું નથી. એના બનાવ એવા જ થયા છે જેવા કે આપે બયાન કર્યા. *(ખસાઈસે કુબ્રા, જિ. ૧, પેજ–૨૫૯)*

ઉપરોક્ત હદીષોમાં તાજદારે કાએનાત એ જે જે ખબરો આપી જેમ કે હઝરત અલી ને કાન પટ્ટી પર ઘા કરીને શહીદ કરવામાં આવશે, હઝરત અબૂ તલ્હા બિન ઉબેદુલ્લાહ પણ શહીદ થશે, જંગે મૌતા જે સિરિયામાં થઈ રહી હતી તેના તમામ હાલાત મદીના મુનવ્વરામાં બેઠા બેઠા અક્ષરસઃ વર્ણન કરવા, આ બધી જ ગૈબની ખબરો છે જેને હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી એ પોતાની કિતાબમાં લખી સાબિત કરી આપ્યું કે અમારો પણ એ જ અકીદો છે કે રસૂલુલ્લાહ ગૈબનો ઈલ્મ જાણે છે.

## ★ શારેહ બુખારી અલ્લામા અસ્કલાની નો અકીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૮૫૨)*

આપ પોતાની કિતાબમાં લખે છે કે જિબ્રઈલ એ આપ નું સીના મુબારક (છાતી) ખોલી દિલ મુબારકને ઝમઝમ શરીફથી ધોયું તો ફર્માવ્યું, દિલ મુબારક તમામ પ્રકારની ખામીઓથી પાક છે, એમાં બે આંખો છે જે જુએ છે, બે કાન છે જે સાંભળે છે. *(ફત્હુલબારી શર્હે બુખારી, જિ. ૧૩, પેજ–૪૧૦)*

આથી જણાયું કે હઝરત અલ્લામા અસ્કલાની નો પણ એ જ અકીદો છે કે હુઝૂર ને ઈલ્મે ગૈબ છે, એ કારણે કે દિલ મુબારકની બે આંખો અને બે કાન ગૈબની વાતો જોવા અને સાંભળવા માટે છે. જેવું કે આપ એ ફર્માવ્યું, "હું તે ચીજ જોઉં છું જે તમે નથી જોતા અને હું તે સાંભળું છું જે તમે નથી સાંભળતા." *(મિશ્કાત, પેજ –૪૫૭)*

અને લખે છે કે રસૂલુલ્લાહ માટે એક એવી સિફત (ગુણ) છે જેના વડે તે ભવિષ્યની ગૈબની વાતો જાણી લે છે અને એનાથી લોહે મેહફૂઝની

તમામ વાતો જાણે છે. *(ફત્હુલબારી, જિ. ૧૬, પેજ–૨૧)*

## ★ અલ્લામા ઝુર્કાની નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ. સ. ૧૧૨૨)*

અલ્લામા અબૂ સઈદ ખુદરી ફર્માવે છે કે હઝરત ક઼તાદા બિન નોઅમાન એક અંધારી રાત્રે વરસાદ પણ ચાલુ હતો તે વેળા હુઝૂર ની સેવામાં ઘણીવાર સુધી રોકાયા. જ્યારે તેમણે જવા માટેની ઈચ્છા દર્શાવી તો આપે એ એક ખજૂરની ડાળી આપી અને કહ્યું, "આ ડાળી લઈ જાવ ! એ તમારી આગળ અને પાછળ દસ દસ હાથ સુધી અજવાળુ આપશે અને જ્યારે તમે તમારા ઘરમાં પ્રવેશશો તો એક કાળો છાયો તમે જોશો તેને એટલો માર મારજો કે તે ઘરમાંથી બહાર નીકળી જાય એટલા માટે કે એ શૈતાન છે." જ્યારે હઝરત ક઼તાદા ત્યાંથી ચાલ્યા તો તે ડાળી તેમના માટે અજવાળુ આપવા લાગી ત્યાં સુધી કે તેઓ પોતાના ઘરમાં દાખલ થયા. ઘરમાં દાખલ થતાં જ એમણે કાળો પડછાયો જોયો તો તેને એટલો માર્યો કે તે ઘરની બહાર નીકળી ગયો. *(ઝુર્કાની અલલ મવાહિબ, જિ. ૫, પેજ–૧૯૫)*

અને અબ્દુલ્લાહ બિન ઉમર થી રિવાયત છે કે એમણે કહ્યું, રસૂલુલ્લાહ એ ફર્માવ્યું, અલ્લાહે મારા માટે જમીનના પર્દા ઉઠાવી દીધા છે તો હું દુનિયાને અને ક઼યામત સુધી એમાં જે કાંઈ થવાનું છે તેને એવી રીતે જોઉં છું જેવી કે આ મારી હથેળીને. *(ઝુર્કાની અલલ મવાહિબ, જિ. ૭, પેજ–૨૩૪)*

સરકારે દો આલમ, રસૂલે મોઅઝઝ્મ, નબીએ આખેરૂઝ્ઝમાં નું વરસાદની અંધારી રાત્રે ક઼તાદા ના ઘરમાં શૈતાનને પોતાના ઘરમાંથી જોવું અને ફર્માવ્યું કે ક઼યામત સુધીના તમામ બનાવોને પોતાની હથેળીમાંની વસ્તુઓ જેમ નિહાળવું એ બધી જ ગૈબની વાતો છે.

આથી જણાયું કે અલ્લામા ઝુર્કાની નો પણ એ જ અક઼ીદો હતો કે અલ્લાહના નબી ને ઈલ્મે ગૈબ છે. એટલા જ માટે બીજી એક જગ્યાએ લખે છે કે, "બેશક ! મુતવાતિર સહીહ હદીષો અને એના અર્થ એ વાત પર ઈત્તેફાક કરે છે કે હુઝૂર નબી ને અલ્લાહે ગૈબનો ઈલ્મ આપ્યો



છે. *(ઝુર્કાની અલલ મવાહિબ, જિ. ૭, પેજ–૧૯૮)*

## ★ મુલ્લા અલી ક઼ારી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૦૧૪)*

ઈમામ દારમીના બયાનમાં અક઼ીદા બાબત પહેલી હદીષ જે લખવામાં આવી છે એના નીચે હઝરત મુલ્લા અલી ક઼ારી ફર્માવે છે કે અલ્લામા ઈબ્ને હજરે ફર્માવ્યું કે હુઝૂર એ આસ્માનો બલ્કે એનાથી પણ ઉપર કાએનાતને જાણી લીધી અને અર્દ (જમીન) જિન્સના અર્થમાં છે એટલે કે તમામ ચીજો જે સાતે જમીનો બલ્કે એનાથી પણ નીચે છે તેની હુઝૂર ને જાણ થઈ ગઈ. *(મિર્ક઼ાત શર્હે મિશ્કાત, જિ. ૧, પેજ–૪૬૩)*

અને એ જ કિતાબમાં બીજે ઠેકાણે લખે છે કે હુઝૂર નો ઈલ્મ કુલ્લી અને જૂઝઈ (ઈલ્મની નાનામાં નાની નીકળતી બાબતો) કાએનાતની તમામ ચીજોને ઘેરી વળેલો છે.

અને મુલ્લા અલી ક઼ારી લખે છે કે પાક સાફ નફસવાળાઓ જ્યારે શરીરના પાંજરાથી આઝાદ થઈ તરક્કી કરી મલએ આ'લાથી મળી જાય છે અને એનાથી કોઈ જ પર્દો રહેતો નથી. તે તમામ ચીજોને પોતાની સમક્ષ હાજરની જેમ જુએ છે અથવા ફરિશ્તાઓના ઈલ્હામથી. *(મિર્ક઼ાત શર્હે મિશ્કાત, જિ. ૨ , પેજ–૭)*

એ જ કિતાબમાં બીજી જગ્યાએ લખે છે કે જ્યારે પાક રૂહ નૂરાની બની જાય છે, દિલમાંનો અંધકાર દૂર થાય છે. લોભ, લાલચ, મોહ તેમજ દુન્યવી ગંદકીઓથી પોતાના દિલને પાક કરી આઈના જેમ ચમકદાર બનાવી ઈલ્મ અમલના નૂરાની રંગથી રંગી દે છે તો નૂરાની રંગ દિલ પર છવાઈ જાય છે તો તેના ઉપર લોહે મેહફૂઝના લખાણના નક઼્શ (કોપી) છવાય જાય છે જેથી તે ગૈબની વાતોનો જાણકાર બની જાય છે અને આ જાહેરી દુનિયામાં ચાહે ત્યાં તસર્રૂફ કરે છે. બલ્કે એના દિલ પર અનવારે ઈલાહીની તજલ્લીઓ વરસે છે. જેથી અલ્લાહ તઆલાની એ માઅરેફતના કારણે જે સૌ આપનારાઓમાં સર્વ શ્રેષ્ઠ આપનાર છે તો એનાથી કોઈપણ ચીજ કેવી રીતે છુપી રહી શકે છે ! *(મિર્ક઼ાત, મિશ્કાત, જિ. ૧, પેજ–૬૨)*

ઉપરોક્ત લખાણોથી જાણવા મળ્યું કે હઝરત મુલ્લા અલી ક઼ારી નો

પણ એ અક઼ીદો હતો કે હુઝૂર નબીએ કરીમ ગૈબનો ઈલ્મ ધરાવે છે. આપ આસ્માનો અને જમીનોની તમામ બાબતોને જાણે છે. કાએનાતની મોટામાં મોટી નાનામાં નાની તમામ બાબતો આપના ઈલ્મની બહાર નથી. બલ્કે તમામ પાક રૂહો જેને અલ્લાહના સાચા વલી કહી શકાય તેમના દિલો પર પણ લોહે મેહફૂઝની વાતો જાહેર થઈ જાય છે જેથી તેઓ પણ ગૈબના જાણકાર બની જાય છે.

અને હઝરત મુલ્લા અલી ક઼ારી લખે છે કે અબ્દુલ્લાહ બિન અલી અસરૂન તમીમી શાફઈ બયાન કરે છે કે ઈલ્મ પઢવા હું બગદાદ આવ્યો અને મદ્રસા નિઝામિયામાં દાખલ થયો. ઈબ્ને સક્કા મારી સાથે કલાસમાં પઢતો હતો અને બંનેવ ઈબાદત પણ સાથે જ ગુજારતા તેમજ અલ્લાહવાળાઓની ઝિયારત માટે નીકળી જતા. બગદાદમાં એક માણસ માટે લોકોમાં મશ્હૂર હતું કે તે આ સમયના ગૌષના દરજ્જા પર છે, તે જ્યારે ચાહે ત્યારે હાજર થઈ જાય છે અને ચાહે ત્યારે ગાયબ થઈ જાય છે.

એક દિવસે હું, ઈબ્ને સક્કાઅ અને (તાલિબે ઈલ્મના જમાનામાં) હઝરત શૈખ અબ્દુલક઼ાદિર જીલાની એ ગૌષની મુલાકાત માટે ગયા. રસ્તામાં ઈબ્ને સક્કાએ કહ્યું, ''આજે હું એવા ઈલ્મી સવાલ પૂછીશ કે એ મને જવાબ જ આપી શકશે નહીં.'' મેં કહ્યું, ''હું પણ એક મસ્અલો પૂછીશ જોઈએ જવાબ આપે છે ! '' અને હઝરત શૈખ સૈયદ અબ્દુલક઼ાદિર જીલાની એ કહ્યું, ''મઆઝલ્લાહ ! હું તો કોઈ જ સવાલ નહીં કરું, મજલિસમાં બેસી ઝિયારત અને સોહબતનો ફૈઝ મેળવીશ.''

જ્યારે અમે ત્રણેય એમના મકાન પર પહોંચ્યા તો તેઓ પોતાની જગ્યા પર હાજર ન હતા પછી થોડીક જ વારમાં તેમને પોતાની જગ્યા ઉપર બેઠા જોયા. તેમણે ઈબ્ને સક્કાને ક્રોધાવેશમાં જોઈ કહ્યું, ''ઈબ્ને સક્કા ! ખુદા તારું ભલું ન કરે, તું મને તે મસ્અલો પૂછીશ કે જેનો જવાબ મારાથી અપાશે નહીં. સાંભળ ! તારો મસ્અલો આ છે અને એનો જવાબ આ છે ! બેશક ! હું તારામાં કુફ્રની ભડકતી આગ જોઈ રહ્યો છું. તે પછી તેમણે મારી તરફ નજર કરી કહ્યું, અય અબ્દુલ્લાહ ! તું મને મસ્અલો પૂછીશ કે જોઈએ શો જવાબ મળે છે ! સાંભળ ! તારો મસ્અલો આ છે અને તેનો જવાબ પણ આ પ્રમાણે છે. તેં કરેલી ગુસ્તાખીના કારણે દુનિયા તારા



ઉપર એટલી ગંદકી કરશે કે તું તારા કાનની ટીસીઓ સુધી તેમાં ડૂબી જઈશ. પછી શૈખ અબ્દુલક઼ાદિર જીલાની ને પોતાની પાસે ઈજ્જતથી બેસાડી કહ્યું, અય અબ્દુલક઼ાદિર ! તમે અદબને કારણે અલ્લાહ અને તેના રસૂલને રાજી કરી લીધા. હું જોઈ રહ્યો છું કે તમે બગદાદમાં વાઈઝના મિમ્બર ઉપર તશરીફ લઈ ગયા અને ફર્માવી રહ્યા છો, (આ મારા પગ કુલ વલીઅલ્લાહની ગર્દનો ઉપર છે) એ સમયના તમામ અવલિયા અલ્લાહ તમારી અઝમત બુઝુર્ગીને ક઼બૂલ કરી પોતાની ગરદનો ઝુકાવી દેશે. એ ગૌષ આટલું જ બોલી અમારી નજરોથી ગાયબ થઈ ગયા, તે પછી અમે તેમને કદી જોયા નથી.

આ બનાવ પછીથી હઝરત શૈખ અબ્દુલક઼ાદિર જીલાની માં કુર્બે ઈલાહી (અલ્લાહની નઝદીકી)ની નિશાનીઓ જાહેર થવા લાગી અને પબ્લિક ટોળે ટોળા આપની પાસે આવવા લાગી . અને મેં મારી જિંદગીમાં જ એમનું એ સાંભળ્યું જ્યારે સમયના વલીઓએ પોતાની ગરદનો ઝુકાવી દીધી હતી. અને ઈબ્ને સક્કા એટલો જબરદસ્ત આલિમ બન્યો કે તેના સમયના ઘણા આલિમો, મુફતીઓ પણ તેના ઈલ્મની કાબેલિયતને માનવા લાગ્યા. તે ઈલ્મે મુનાઝરામાં એટલો ક઼ાબિલ હતો કે તેના હરીફને આસાનીથી ચૂપ કરી દેતો. સાથે જ તે રૂઆબ દબદબાવાળો અને વાએઝમાં તે સમયમાં ખૂબ ખ્યાતિ ધરાવતો. અબ્બાસી ખલીફાએ એને પોતાના ખાસ સલાહકારોમાં રાખ્યો હતો અને રોમન બાદશાહ તરફ એને એલચી બનાવી મોકલ્યો હતો જ્યાં તેણે શાહી દરબારમાં ઈસાઈઓના પાદરીને એક મુનાઝરામાં ચૂપ કરી આપેલો. બાદશાહના દિલમાં એની ઈજ્જત ખૂબ વધી ગઈ. એક દિવસે એણે બાદશાહની નવજુવાન છોકરીને જોઈ અને તેનો આશિક થઈ બેઠો ! બાદશાહને એણે નિકાહ માટે સંદેશો મોકલ્યો.બાદશાહે જવાબ આપ્યો, જો તું ઈસાઈ ઘર્મ સ્વીકારી લે તો જરૂર મારી બેટીના નિકાહ તારી સાથે કરી આપું. ઈબ્ને સક્કાએ ખુશીથી ઈસાઈ મઝહબ સ્વીકારી લીધો. હવે એને બગદાદના પેલા ગૌષની વાત યાદ આવી કે આ જે કાંઈ થયું તે તેમની બદદુઆનું જ પરિણામ છે.

રાવીનું બયાન છે કે હું દમાસ્કસમાં આવ્યો. સુલતાન નૂરૂદ્દીન શહીદ

એ મને વક્ફ ખાતાનો પ્રધાન બનાવ્યો અને દુનિયાની બેહિસાબ દૌલત મારી પાસે જમા થઈ ગઈ. *(નુઝહતુલ ખવાતિર, અલફ્રાતિર ઉર્દૂ, પેજ–૮૨)*

રસ્તામાં ત્રણેવ મિત્રોએ વ્યક્તિગત રીતે કરેલી વાતોને બુઝુર્ગે જાણી લેવું અને દરેકને માટે તેમનું ભાવિ સ્પષ્ટ રીતે બતાવી દેવું એ જ ઈલ્મે ગૈબ છે. તો હઝરત મુલ્લા અલી કારી એ આ બનાવ પોતાની કિતાબમાં લખી સાબિત કરી આપ્યું કે બુઝુર્ગોને પણ અલ્લાહે ગૈબનો ઈલ્મ આપેલો હોય છે અને એ જ અમારો અક઼ીદો છે.

## ★ હઝરત શૈખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષે દહેલ્વી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૦૫૨)*

મિશ્કાત શરીફ પેજ ૭૦ ૫ર એક હદીષમાં છે કે અલ્લાહના મેહબૂબ દાનાએ ગુયૂબ (ગયબોના જાણનાર) એ ફર્માવ્યું કે, "મેં એ બધી જ ચીજોને જાણી લીધી, જે આસ્માનો અને જમીનમાં છે."

અને હઝરત શૈખ આ હદીષની નીચે ખુલાસામાં લખે છે કે હુઝૂરના આ ફર્માનનો મતલબ એ છે કે આપ ને તમામ ચીજોની અસલ તથા તેના શાખાકિય તમામ ઈલ્મો મળી ચૂક્યા અને આપે તે તમામને પોતાના ઈલ્મી વર્તુળમાં સમેટી લીધા. *(અશ્અતુલ લમ્આત, જિ. ૧, પેજ–૩૩૩)*

અને મદારિજમાં આપ લખે છે કે, "મુસ્તફા તમામ ચીજોના જાણવાવાળા છે. આપે અલ્લાહ તઆલાની શાનો, એની સિફતોના એહકામ, નામો, કામો, નિશાનીઓ અને તમામ ઈલ્મે ઝાહિર, બાતિન, આદિથી અંતને પોતાના ઈલ્મી વર્તુળમાં સમાવી લીધાં છે. આપ તમામ ઈલ્મ જાણવાવાળાઓના ઈલ્મથી ઉપરવટ ઈલ્મ જાણવાવાળા હોવાના હક઼દાર થયા. *(મદારિજુન્નુબુવ્વત, જિ. ૧, પેજ–૩)*

અને હુઝૂર તાજદારે કાએનાત ના ઝિક્રે ફઝાઈલમાં આપ લખે છે કે, "હઝરત આદમ થી સૂર ફૂંકવા સુધી બધું જ હુઝૂર નબીએ કરીમ પર જાહેર કરી દેવામાં આવ્યું જેથી કરીને આદિથી અંત સુધીના



તમામ હાલાતની આપને જાણ થઈ જાય. અને હુઝૂર એ કેટલાક હાલાતની સહાબાઓને ખબર પણ આપી. *(મદારિજુન્નુબુવ્વત, જિ. ૧, પેજ–૧૪૪)*

શેખ અબ્દુલહક઼ મુહદ્દિષે દહેલ્વી બુખારી એ આ લખાણોથી પોતાનો અક઼ીદો જાહેર સ્પષ્ટ કરી આપ્યો કે હુઝૂર એવા ગૈબના જાણકાર છે કે એમને તમામ ઈલ્મો જુઝવી અને કુલ્લી મળેલા છે અને શરૂથી અંત સુધીના જાહેર અને બાતિન તમામ ઈલ્મો એમના ઈલ્મની હદમાં સમાએલ છે.

## ★ હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ. સ. ૧૧૭૬)*

હઝરત શાહ સાહેબ ફર્માવે છે કે મારા ઉપર રસૂલુલ્લાહ ની અઝમત બુઝુર્ગીવાળી બારગાહથી ફૈઝ રૂપે ઈલ્મ હાંસલ થયો કે બંદો પોતાની જગ્યાએથી કેવી રીતે તરક્કી કરે છે કે દરેક ચીજ તેના ઉપર રોશન (સાફ જાહેર) થઈ જાય છે. *(ફુયૂઝુલ હરમૈન, પેજ–૫૯)*

અને એ જ શાહ સાહેબ પેજ ૬૧ ઉપર લખે છે કે આરિફ મુક઼ામે હક઼ સુધી પહોંચી બારગાહે કુર્બ (અલ્લાહ તઆલાની ખૂબ જ નઝદીકી)માં હોય છે તો દરેક ચીજ તેના ઉપર રોશન થઈ જાય છે. *(ફુયૂઝુલ હરમૈન, પેજ–૬૧)*

આ ઉપરોક્ત લખાણોથી સ્પષ્ટ થયું કે શાહ સાહેબ નો પણ એ અક઼ીદો હતો કે હુઝૂર સૈયદે આલમ ની બરકતવાળી, અઝમતવાળી હસ્તીની વાત તો બહુ જ ઊંચી આ'લા અર્ફા છે. (જેમનો મુક઼ામ સમજવો આપણા વશની વાત નથી) પરંતુ સામાન્ય મોમિન મુસલમાન બંદો જ્યારે ઈબાદત રિયાઝતના સહારે તરક્કી કરી બારગાહે ઈલાહીમાં નઝદીકી મેળવી લે છે તો તેના ઉપર દરેક ચીજ રોશન (સ્પષ્ટ જાહેર) થઈ જાય છે અને તે ગૈબ જાણનાર થઈ જાય છે.

આ મુજબનાં ઘણા લખાણો આપની એ કિતાબમાં આપે લખ્યાં છે, એ સિવાય એમણે અસંખ્ય એવા બનાવો લખ્યા છે કે જેનાથી સાબિત થાય છે

કે અવલિયાએ કિરામ ગૈબ જાણે છે અને છુપી વાતોને જાણે છે.

આપ લખે છે કે મારા પિતાજી ઘણીવાર કહ્યા કરતા કે એક દિવસે અસરના ટાઈમે હું મુરાકેબા★માં હતો, મારા ઉપર ગૈબત✪ની કૈફિયત છવાઈ ગઈ મારા માટે તે સમયને ચાલીસ વર્ષના સમયની બરાબર વિસ્તૃત અલ્લાહે કરી આપ્યો અને આ મુદતમાં મખ્લૂક઼ની પેદાઈશથી લઈ ક઼યામતના દિવસ સુધી પૈદા થનાર તમામ મખ્લૂક઼ના હાલાત નિશાનીઓ મારા ઉપર જાહેર કરી દેવામાં આવ્યાં. *(અન્ફાસુલ આરેફીન ઉર્દૂ, પેજ–૯૫)*

અને બીજે ઠેકાણે શાહ સાહેબ ફર્માવે છે કે મારા પિતાજી એક દિવસે શેખ અબ્દુલ કુદુસના ઘેર ગયા તો તેમણે તેમના પુત્રને કહ્યું, બેટા ! હઝરતની સેવામાં શરબતનું ગ્લાસ હાજર કરો. મકાનમાં બે બોટલો હતી એક મોટી એક નાની. એમના પુત્રએ મોટી રહેવા દઈ નાની લાવી હાજર કરી, તો મારા પિતાજીએ જરાક હસી કહ્યું, બેટા ! મોટી બોટલ કેમ રહેવા દીધી, એને લઈ આવ ! *(અન્ફાસુલ આરેફીન ઉર્દૂ, પેજ–૧૨૫)*

અને શાહ સાહેબ લખે છે કે પિતા કહ્યા કરતા હતા કે એક વેળા મારા વાલિદ (પિતા) સાહેબ (શાહ વલીયુલ્લાહ સાહેબના દાદા) કોઈ દૂરના પ્રવાસથી આવી રહ્યા હતા, એમનો ઈરાદો હતો કે શહેરની બહારથી જ બીજે પ્રવાસે જતું રહેવું. મને બોલાવ્યો એટલે હું એમની સેવામાં હાજર થવા નીકળ્યો, રસ્તામાં એક ખૂબ સૂરત બાગ આવ્યો હું તેને જોવા બગીચામાં ઘુમવા લાગ્યો એમાં એક ઝાડ હતું જેની ડાળીઓ જમીન સાથે નીચે સુધી ઝુકેલી હતી, એ ડાળીઓની ઓઠમાં એક મોગલાઈ શિકલનો મઝજૂબ બેઠો હતો, એ મઝજૂબે મને બોલાવ્યો, "દોસ્ત આવ ! અને થોડી વાર મારી સાથે પણ બેસ." હું તેની પાસે જઈ બેઠો તેણે પોતાના સુલૂક અને મુજાહિદાની વાતો શરૂ કરી, તેમાં એક વાત એ પણ હતી કે સુલૂકની શરૂઆતમાં હું એક પહોર બલ્કે એથી પણ વધુ હબ્સે દમ (શ્વાસ રોકાણ) કરતો હતો.

આ મઝજૂબ મૌલાના ક઼ાઝી ના સિલસિલા સાથે તાલ્લુક રાખતો

★મુરાકેબા એટલે અલ્લાહના કુર્બમાં દિલના ઈલ્મને મુરાકેબા કહે છે.

✪ ગૈબત એટલે પોતાના નફસ અને મખ્લૂક઼થી ગાઈબ (છુપા) અને હક઼ તઆલા સુબ્હાનહુ ના હુઝૂર હાજર રહેવાને ગૈબત કહે છે.



હોય તેમ લાગતું હતું તેણે મને કહ્યું, તારી પાસે ફલાણું ખાવા છે એમાંથી થોડું મને આપ. મેં મંગાવી આપ્યું તે એમણે ખાધું. પછી કહ્યું, તારી પાસે ગજવામાં (સંખ્યા) પૈસા છે તો તેમાંથી એક સિક્કો આપ જેથી હું હજામત બનાવરાવી લઉં. મેં એમની સામે પૈસા મૂકી આપ્યા અને ત્યાંથી ચાલી નીકળ્યો. *(અન્ફાસુલ આરેફીન ઉર્દૂ, પેજ–૮૪)*

અને આપ પેજ ૭૮ ઉપર લખે છે કે એક માણસ હરમૈન શરીફૈનમાં રહેતો હતો. તેની પાસે હઝરત ગૌષે આ'ઝમ ની કુલાહ (ટોપી) મુબારક હતી જે એને તબર્રૂક તરીકે એના બાપ દાદાથી મળી હતી જેની બરકતથી હરમૈન શરીફૈનમાં એની ઈજ્જત સારી હતી. એક રાત્રે સરકારે બગદાદ ગૌષે આ'ઝમ ખ્વાબમાં તશરીફ લાવ્યા અને આપે કહ્યું, આ મારી કુલાહ અબુલ ક઼ાસિમ અકબરાબાદીને આપી દો. હઝરત ગૌષેપાક નું ફર્માન સાંભળી તેમની પાસે જવા નીકળ્યો. દિલમાં વિચાર્યું, આ માણસને ગૌષપાક એ પસંદ કરવામાં નક્કી મહત્વ છે જ, લાવ જોઉં તેની પરીક્ષા કરું. એટલે રસ્તામાંથી એક ખૂબ જ કિંમતી ઝબ્ભો પણ સિવડાવી તબર્રૂક તરીકે સામેલ કરી લીધો. જ્યારે ખલીફા અબુલ ક઼ાસિમ પાસે પહોંચ્યો તો કહ્યું, આ બન્નેવ તબર્રૂક ગૌષે આઝમ નાં છે, એમણે મને ખ્વાબમાં તમોને પહોંચાડવા હુકમ કર્યો છે. આટલું કહી તબર્રૂકાત તેમની સામે મૂકી દીધાં. અબુલ ક઼ાસિમે તબર્રૂકાત ક઼બૂલ કરી બેહદ ખુશી જાહેર કરી. એ માણસે અબુલકાસિમને કહ્યું આ તબર્રૂકાત એક મહાન બુઝુર્ગ તરફથી છે માટે એ આપને મળવાની ખુશીમાં એના શુક્રિયહ રૂપે શહેરના નામીચા માણસોની એક મોટી દાવત કરો.

બીજે દિવસે પેલો દુરવેશ શહેરના મોટા મોટા અમીર, ઉમરાવ, આલિમો બધાને પોતાની સાથે લઈ આવ્યો, બધાએ ખૂબ દાવત ખાધી, ફાતેહા દુઆ પઢી. દાવતથી ફારિગ થઈ ગયા પછી વાતચીત દરમ્યાન પૂછયું, અય અબુલ ક઼ાસિમ ! તમે તો મુતવક્કિલ (અલ્લાહ પર ભરોસો કરી જાહેરી સામાન ન રાખવો) છો, તમારી પાસે તો કોઈ જ સામાન નથી ! પછી આટલી મોટી દાવત કઈ રીતે કરી ? તેમણે કહ્યું, સાંભળ ! જે કિંમતી ઝબ્ભો મને મળેલો હતો તે વેચી તેનાથી આ ખાણાની વસ્તુઓ ખરીદી છે.

આ સાંભળી પેલો દુરવેશ (તબર્રૂકાત લાવનાર) ઉભો થઈ બરાડી ઉઠયો, મેં આ ફકીર (અબુલ કાસિમ)ને અલ્લાહવાળો સમજ્યો હતો પરંતુ આ તો દંભી ધોકાબાઝ નીકળ્યો, એણે એક મહાન વલીઅલ્લાહના તબર્રૂકાતની ઈજ્જત ન કરી અને એને વેચી નાખ્યો.

અબુલકાસિમ અકબરાબાદી એ કહ્યું, ચૂપ રહો ! જે તબર્રૂક હતી તે તો ઈજ્જત એહતેરામથી મેં પોતાની પાસે રાખી લીધી છે અને જે મારી પરીક્ષા માટેનો સામાન હતો તેને વેચી શુક્રિયહની વ્યવસ્થા કરી છે.

આ સાંભળી તે છોભીલો પડી ગયો પછી તેણે મેહફિલ સમક્ષ પૂરેપૂરી હકીકત વર્ણવી. બધાએ એક અવાજે કહ્યું, અલહમ્દુલિલ્લાહ ! તબર્રૂક પોતાની સહીહ જગાએ લાયક વ્યક્તિ પાસે પહોંચી ગયું છે. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૭૮)*

અને હઝરત શાહ સાહેબ લખે છે કે મુહમ્મદ ફાઝિલની પુત્રી શરીફા ખાતૂન બચપન હોવા છતાં હઝરતે વાલા (એટલે કે શાહ અબ્દુર્રહીમ)ની નૂરાનિય્યતનો અક્સ મેળવી ચૂકી હતી. એક રાત્રે હઝરતે વાલા (શાહ અબ્દુર્રહીમ) મુહમ્મદ ફાઝિલના ઘરેથી જઈ રહ્યા હતા. રસ્તામાં એમની તસ્બીહ હાથમાંથી પડી ગઈ એને શોધવા લાગ્યા તો શરીફાએ કહ્યું, ''હું જોઈ રહી છું કે તસ્બીહ ફલાણી જગ્યાએ પડેલી છે.'' ત્યાં દીવો લઈ જઈને જોયું તો તસ્બીહ ત્યાં જ પડેલી હતી.

એક દિવસે શરીફા પોતાના ઘરમાં હતી હઝરતે વાલા પણ ત્યાં હતા. કહેવા લાગી, ફતેહમુહમ્મદ આપણા ઘેર આવવાનો વિચાર કરી રહ્યા છે. પછી કહ્યું, હવે રસ્તામાં છે કોઈ માણસથી વાતો કરી રહ્યા છે. એ પોતે તડકે ઉભા છે જ્યારે બીજો માણસ છાંયડે ઉભો છે. પછી કહેવા લાગી, હવે એમણે ત્રણ નારંગીઓ ખરીદી છે, બે એના બે છોકરાઓ માટે અને એક હઝરતે વાલા માટે. પછી થોડીક વારે કહે છે કે હવે એની નિય્યત બદલાઈ ગઈ છે. બે હઝરતે વાલા માટે અને એક બન્નેવ છોકરાઓ માટે નક્કી કરી છે. પછી કહેવા લાગી કે ફતેહમુહમ્મદ દરવાજે ઉભા છે, ફતેહમુહમ્મદ દાખલ થયા. તેમનાથી તેહકીક કરી તો બધી જ વાતો તદ્દન સાચી હતી. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૧૪૮)*



એક દિવસે શરીફા કહેવા લાગી, હઝરતે વાલા આપણા ઘેર આવવા નીકળ્યા છે, તેમને ફલાણું ખાવાની ઈચ્છા છે જેથી ઘરમાં તે ખાવા તૈયાર કર્યું. હઝરત તશરીફ લાવ્યા (ખાવા વિશે) હઝરતે શરીફાની વાતની સચ્ચાઈનો સબૂત આપ્યો. *(અન્ફાસુલ આરેફીન ઉર્દૂ)*

હઝરત શાહ અબ્દુર્રહીમ પર મખ્લૂકની પેદાઈશથી લઈ કયામત સુધી પેદા થનાર મખ્લૂકના હાલાત જાહેર થવા, શેખ અબ્દુલકાદિરના છોકરાને એમ કહેવું કે મોટી બોટલ શા માટે લાવ્યા નથી ? મઝજૂબનું એમને કહેવું કે તમારી સાથે ફલાણું ખાવા છે અને તમારા ખિસ્સામાં આટલી રકમ છે, અબુલકાસિમે તબર્રૂક કઈ ચીજ છે અને પરીક્ષાની ચીજ કઈ છે તે જાણી લેવું, શરીફા ખાતૂને ઘરમાં બેઠાં બેઠાં જ દિલોના વિચારો જાણી લેવા, આ બધી જ ગૈબની વાતો છે. હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી

એ આ બધા જ બનાવો પોતાની કિતાબમાં લખી સ્પષ્ટપણે પોતાનો અકીદો જાહેર કરી આપ્યો કે નબીઓ તો નબીઓ બલ્કે વલીઓ પણ ગૈબની વાતોનો ઈલ્મ ધરાવે છે.

હઝરત શાહ સાહેબ ફર્માવે છે કે મારા કાકા શૈખ અબૂર્રઝા મુહમ્મદનો એક ખાદિમ (સેવક) કોઈ બૂરી આદતમાં ફસાએલો હતો. આપે એને ઈશારા કિનાયાથી સમજાવવાની કોશિશ કરી પરંતુ તે ન સમજ્યો. આખરે આપે તેને ખાનગીમાં અલગ બોલાવી કહ્યું કે મેં તને ઈશારતન સમજાવવાની ખૂબ કોશિશ કરી પરંતુ તું ન સમજ્યો. તું એવું સમજે છે કે મને તારા કરતૂતોની ખબર નથી ?! ખુદાની કસમ ! જમીનની નીચે પેટાળમાં રહેતી કીડીના દિલમાં સો (૧૦૦) વિચારો આવે તો તેનામાંથી ૯૯ને તો હું જાણું છું અને અલ્લાહ તઆલા તેના સો એ સો વિચારોથી વાકેફ છે. આ સાંભળી ખાદિમે પોતાની બુરાઈથી તૌબા કરી. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૨૦૫)*

હઝરત શાહ સાહેબ લખે છે કે હાફિઝ ઈનાયતુલ્લાહે બયાન કર્યું કે એક નવજવાન સનદી આલિમ બહષ, તકરાર, મુનાઝરાથી ખૂબ જ દિલચસ્પી રાખતો હતો. એક દિવસે કહેવા લાગ્યો કે દિલ્હીના બધાય આલિમો ફાઝિલોને હું ચૂપ કરી ચૂક્યો છું, મારી સામે તેઓ પોતાના ઈલ્મની હાર માની ચૂક્યા છે. મેં તેને કહ્યું કે હઝરત શૈખ અબૂર્રઝાની મેહફિલમાં તું કદી ગયો છે ? એમની મુલાકાત તેં કરી છે ?

તે કહેવા લાગ્યો કે સાંભળ્યું છે કે તે લોકોને તફસીરે હુસૈની પઢી સંભળાવી તેમાંથી જ વાએઝ કરે છે, તે કોઈ સનદી આલિમ નથી. મેં તેને કહ્યું, ના એવું ન બોલ ! બલ્કે તેમની ઝિયારત કર કે જેથી તેમના ઈલ્મનો કમાલ અને સીરત તારા ઉપર સ્પષ્ટ થઈ જાય. તે પછીના જુમ્આના દિવસે તે તેમની મેહફિલમાં આવ્યો. એણે વિચાર્યું એમની સાથે મુનાઝરો કરું. હઝરત શૈખે એના વિચારોને જાણી લઈ પોતાના રૂહાની તસર્રૂફથી તેનો ઈલ્મ ખેંચી લીધો ત્યાં સુધી કે સર્ફ નહવ (વ્યાકરણ)ના ક઼ાયદા પણ તેના દિમાગમાંથી નીકળી ગયા. એટલો મજબૂર થઈ ગયો કે આપની વાએઝનું એક પણ વાક્ય એની સમજમાં આવતું ન હતું. તે સમજી ગયો કે આ હઝરતનો જ તસર્રૂફ છે જેના કારણે મારો ઈલ્મ મારામાંથી ચાલ્યો ગયો છે. પસ્તાવા લાગ્યો, હઝરતની પાસે ખૂબ કરગરી સાચા દિલથી માફી માંગવા લાગ્યો.

હઝરતે એનો બધો જ ઈલ્મ પરત કરી આપ્યો અને પહેલાં જેવી હાલત કરી આપી. એણે પોતે હઝરતની સામે ન્યાઝમંદી દર્શાવી તો હઝરતે કહ્યું મૌલાના ! હું તો આલિમ ફાઝિલની કોઈ સનદ ધરાવતો નથી ! હું તો તફસીરે હુસૈની પઢી લોકોને નસીહત કરું છું ! *(અન્ફાસુલ આરેફીન, પેજ–૨૦૬)*

હઝરત શાહ સાહેબ લખે છે કે હઝરત શૈખ અબૂર્રઝા ના અકીદતમંદોમાંથી ઘણાયનું કહેવું છે કે અમે આપની મેહફિલમાં ઈલ્મ ઈર્ફાનના સવાલો પૂછવાથી પરહેઝ કરતા, બને ત્યાં સુધી અમારી ઝુબાન પર ન લાવતા બલ્કે કોઈ પણ સવાલો હોય તે પોતપોતાના દિલમાં જ રાખી ચૂપચાપ મેહફિલમાં બેસતા. જ્યારે પણ અમારામાંથી કોઈના દિલમાં કોઈ શક, વહેમ, સવાલ પેદા થતો તો હઝરત તેનાથી વાકેફ થઈ જતા અને તરત જ તેનો સ્પષ્ટ જવાબ આપતા, છતાં કોઈને શક રહેતો તો ફરી ખૂબ જ આસાન કરી તેનો જવાબ આપતા, ત્યાં સુધી કે પૂછનારના દિલને સાંત્વન મળી જાય. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૨૦૭)*

અને શાહ સાહેબ લખે છે કે સૈયદ ઉમર હિસારીએ મને કહ્યું કે એક દિવસે શૈખ અબૂર્રઝા મુહમ્મદ એક ઘણી જ ખૂબસૂરત ચાદર ઓઢી હરણના ચામડા ઉપર બેઠેલા હતા. તે ચાદર અને હરણનું ચામડુ મારા દિલને ખૂબ



જ ગમી ગયું. એવી જ ચાદર અને ચામડુ મેળવવાનો મને શોખ પેદા થયો. એમની સામે બેઠા બેઠા આ વિચારોએ મને પરેશાન કરી મૂક્યો. આ ખ્યાલને દૂર કરવા ખૂબ પ્રયત્ન કરવા છતાં દૂર ન થતો. મજલિસ પૂરી થતાં હઝરતે મને કહ્યું, તમે બેસી રહેજો મારે તમારું કામ છે.

એ ચામડા ઉપર ન્યાઝના કેટલાક ડાઘ હતા તે આપે પોતાના હાથ મુબારકથી ધોયા. પછી ચાદર અને એ ચામડાને પેક કરી પોતાના હાથ મુબારકથી મને બખ્શિશ આપી કહ્યું, અવલિયાની મેહફિલમાં આવા વિચારો દિલમાં ન લાવવા જોઈએ ! *(અન્ફાસુલ આરેફીન, પેજ–૨૦૩)*

ઉપરોક્ત લખેલા બનાવોથી હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી નો અક઼ીદો જણાય કે અવલિયાએ કિરામ દિલમાં ઉઠતા વિચારો, વસવસા, અને દિલના હાલાતથી વાકેફ થઈ જાય છે. જો એમનો અક઼ીદો એવો ન હોત તો તેઓ આ હિકાયતો આ બનાવોને પોતાની કિતાબમાં કદી પણ લખતા જ નહીં.

## ★ શાહ અબ્દુલ અઝીઝ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૨૩૯)*

આપ તફસીરે અઝીઝીમાં લખે છે કે રસૂલુલ્લાહ પોતાના નબુવ્વતના નૂરથી દરેક દીનદારના દીનને જાણે છે કે તે દીન (ઈસ્લામ)ના કયા દરજ્જા ઉપર છે અને એના ઈમાનની શી હક઼ીક઼ત છે ! અને કઈ બાબત છે જે એના દરજ્જાની ઉન્નતિમાં અવરોધક બની છે ? જેથી કરીને રસૂલુલ્લાહ તમારા ગુનાહોને, તમારા ઈમાની દરજ્જાઓને, તમારા ભલા બુરા અમલોને, તમારા ઈખ્લાસ (દિલની શુધ્ધિ)ને, તમારા નિફાક઼ (દિલના છુપા કુફ્ર)ને જાણે છે, એટલા માટે એમની ગવાહી શરીઅતના હુકમ મુજબ ઉમ્મતના માટે ક઼બૂલ અને અમલ કરવા માટે વાજિબ છે. *(તફસીરે અઝીઝી, જિ. ૧, પેજ–૬૩૬)*

અને હઝરત શાહ સાહેબ લખે છે કે લોહે મેહફૂઝને જાણવું તેમજ તેમાં જે કાંઈ લખ્યું છે તેનો અભ્યાસ કરવો પણ કેટલાક અવલિયા અલ્લાહથી નક્કર સનદોથી સાબિત છે. *(તફસીરે અઝીઝી, સુરએ જિન)*

આ લખાણોથી સાબિત થયું કે શાહ અબ્દુલ અઝીઝ દહેલ્વી નો

પણ અકીદો હતો કે સરકારે દો આલમ તાજદારે અંબિયા ને ઈલ્મે ગૈબ છે. આપ પોતાની ઉમ્મતના ભલા બુરા અમલોને જુએ છે ત્યાં સુધી કે તેમના દિલના ઈખ્લાસ (દિલની સફાઈ) અને નિફાક (દિલના છુપા કુફ્ર)થી પણ વાકેફ છે. બલ્કે શાહ સાહેબની નજીક અવલિયાએ કિરામ પણ ગૈબ જાણે છે એ કારણે કે લોહે મેહફૂઝ એમની નજરો સમક્ષ છે, અને એમાં મા–કાન–વામ–યકૂન–અર્થાત જે કાંઈ થયું અને જે કાંઈ થવાનું છે તે બધું જ લખ્યું છે. *(તફસીરે ખાઝિન)*

## ★ અલ્લામા નબ્હાની નો અકીદો ★

*(વિસાલ મુબારક : હિ. સ. ૧૩૫૦)*

ઈમામુલ મુહદ્દિષીન આશિકે રસૂલ હઝરત અલ્લામા યૂસુફ નબ્હાની જામેઉલ ઉલૂમ (તમામ ઈલ્મોમાં પારંગત) હતા, એમને એમના સમયના એકી સાથે ઈમામ રાઝી, અલ્લામા જામી, અલ્લામા સિયૂતી અને મુહદ્દિષે દહેલ્વી પણ કહેવામાં આવે છે. (અર્થાત આ ચાર બુઝુર્ગોમાં અલગ અલગ ઈલ્મ અને સિફતો હતી તે એકી સાથે એક જ વ્યક્તિ અલ્લામા નબ્હાનીમાં હતી) આપે નાની મોટી પચાસથી વધુ કિતાબો લખી છે. હવે ઈલ્મે ગૈબના સંબંધે વાકેઆતની રોશનીમાં એમનો અકીદો જોઈએ.

આપ લખી રહ્યા છે કે હર્દ પ્રદેશના રહેવાસી બે ભાઈઓ ઓવાજહ ગામમાં આવ્યા. ગામની નજીક પહોંચ્યા તો હઝરત મુહમ્મદ કબીર હુકમી યમીન (વિસાલ. હિ. ૬૧૭) ની ખૂબીઓની ચર્ચા સાંભળી પરંતુ તેને સાચી ન સમજ્યા. લાંબો સમય ઓવાજહમાં મુકામ રાખ્યા પછી એક દિવસે ખબર મળી કે એમનો બાપ વતનમાં બીમાર થઈ ગયો છે જેથી તેમણે પોતાના વતન હર્દ જવા તૈયારી કરી. વિચાર્યું કે શૈખ મોહમ્મદ કબીરની સેવામાં હાજરી આપી પોતાના બાપની બીમારીની શિફા માટે દુઆ ગુજારવા કહીએ. તેઓ શૈખની સેવામાં હાજર થયા અને પોતાના બાપની બીમારીની વિગત કહી કહેવા લાગ્યા, અમે આ કારણે વતન પાછા જઈ રહ્યા છીએ.

હઝરતે કહ્યું, તમે ઘેર પહોંચશો ત્યારે તો તમારા બાપને આરામ થઈ ગયો હશે. તમે શહેરમાં રાતના પાછલા પહોરે પહોંચશો જ્યારે બાપની



ખિદમતમાં હાજર થશો તે વખતે ફજરની નમાઝ માટે વુઝૂ કરતા હશે, એક પગ ધોયો હશે અને બીજો ધોવાની તૈયારી કરતા હશે.

તે બંનેવ ભાઈઓ હઝરત શૈખથી વિદાય લઈ વતન રવાના થયા. જ્યારે બાપથી મુલાકાત કરી તો તેમને સારું થઈ ગયું હતું, વુઝૂ કરી રહ્યા હતા, એક પગ ધોયો હતો એક બાકી હતો. મતલબ શૈખ સાહેબે બતાવેલી દરેકે દરેક વાત અક્ષરસઃ સાચી ઠરી. તેમણે હઝરતે કહેલી વાતો ત્યાંના લોકોને કહી તો તે શહેરના લોકો પણ આપના અકીદતમંદ બની ગયા. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૫૩૮)*

અને આપ લખી રહ્યા છે કે હઝરત મુહમ્મદ બિન હારૂન જેઓ ઈજિપ્તના શહેર સંહૂરના રહેવાસી હતા. જ્યારે આપની પાસેથી હઝરત ઈબ્રાહીમ વસૂકી ના વાલિદ સાહેબ પસાર થતા તો આપ તેમને જોઈને ઉભા થઈ જતા અને કહેતા કે આપની પીઠ મુબારકમાં એક મહાન વલીઅલ્લાહ છે જેની ખ્યાતિ પૂર્વથી લઈ પશ્ચિમ સુધી ફેલાશે. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૫૫૮)*

અને આપ લખે છે કે હઝરત મુહમ્મદ બિન અલી બિન મુહમ્મદ (વિસાલ : હિ.સ. ૬૫૩) એ ઘણા જ આશ્ચર્યજનક બનાવો બતાવ્યા અને તે જ પ્રમાણે બન્યા જેવા કે એમણે બતાવ્યા હતા. આપે બગદાદ પાણીમાં ડૂબવાની આગાહી કરેલી તો એવું બન્યું કે દજલા નદી ખૂબ તોફાને ચઢી તેમાં એટલું બધું પાણી આવ્યું કે શહેરમાં દાખલ થવા માટેની જે દિવાલ હતી તેનાથી પણ ઉપર પાણી ચઢી ગયું અને વઝીર (મંત્રી)નું મકાન ડૂબી જઈ તારાજ થઈ ગયું, બાદશાહનો સ્ટોર ડૂબી ગયો, ત્રણસોથી વધુ મકાનો ડૂબી ગયાં, અગણિત લોકો ઘર વગરના થઈ ગયા, સેંકડો લોકો તો પાણીમાં તણાય ગયા. આ બનાવ જમાદિઉલ આખર હિજરી ૬૫૪નો છે. આપે એ પણ બતાવેલું કે મસ્જિદે નબવી શરીફ ( ) બળી જશે, તો હિજરી ૬૫૪ના રમઝાન શરીફની પહેલી શરૂઆતની તારીખોમાં જ આ બનાવ બન્યો. આપે તાતારીઓના હુમલાની આગાહી કરેલી તે પણ સાચી નીવડી. આ તે હુમલો હતો કે આના જેવી તબાહી જમીન આસ્માને કદી પણ જોઈ નહીં હોય. આમાં તમામ પ્રકારની મુસીબતો, બુરાઈઓ સામેલ થઈ ચૂકી હતી. ખલીફા હિ.સ. ૬૫૬ માં કતલ થયા અને દરેક જ જગ્યાએ તાતારીઓ

છવાઈ ગયા. આ ત્રણેવ બનાવો હઝરત શૈખની વફાત પછી જાહેર થયા હતા, આપે હજરમૂતમાં ભયંકર રેલની પણ આગાહી કરેલી આ પાણીની રેલ પણ આવી, ખેતી, જંગલો બધું જ તબાહ થયું ત્યાં સુધી કે ઘણા શહેરો તબાહ થઈ ગયાં. લગભગ ૪૦૦ માણસો મૃત્યુની લાંબી ઊંઘમાં સૂઈ ગયા. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૫૬૫)*

અને આપ એ જ કિતાબમાં લખે છે કે હઝરત ઈબ્રાહીમ બતાઈહી થી રિવાયત છે કે હઝરત શૈખ મુહમ્મદ બિન અબૂબક્ર કવ્વામ (વિસાલ હિજરી–૬૫૮) હલબમાં હતા અમે પણ તેમની સાથે હતા. આપ કહેવા લાગ્યા કે હું યમીનવાળાઓને (જમણી તરફવાળા) શુમાલવાળા (ડાબી તરફવાળા)માંથી જાણું છું અર્થાત જન્નતીઓને દોઝખીઓમાંથી જાણું છું, જો હું ચાહું તો તેમનાં નામો પણ બતાવી શકું છું પરંતુ મને એનો હુકમ નથી એના હક઼ને અમે મખ્લૂકની સામે ખોલવા નથી માંગતા. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૫૬૬)*

અને આપ લખે છે કે હઝરત શૈખ મલેક ઈસ્માઈલ કુરવી કહે છે કે મારી પાસે બકરીઓ હતી જેને એક ચારનાર હતો. એક દિવસે તે ચારવા ગયો પરંતુ સાંજે પાછો આવ્યો નહીં. હું એની શોધમાં નીકળ્યો પરંતુ તે મળ્યો નહીં. હું હઝરત શૈખ મુહમ્મદ અબૂબક્ર કવ્વામની સેવામાં ગયો તે વખતે તેઓ પોતાના ઘરના દરવાજે ઉભા હતા. મને જોતાં જ કહેવા લાગ્યા, બકરીઓ ખોવાય ગઈ છે ? મેં કહ્યું, હાં ! આપે કહ્યું, બાર માણસો બકરીઓ હાંકી ગયા છે ચારનારને બાંધી દીધો છે. મેં અલ્લાહથી દુઆ કરી છે કે એમને ઊંઘાડી દે, અલ્લાહે મારી દુઆ કબૂલ કરી છે. અલ્લાહે તેમને ઊંઘાડી દીધા છે. ફલાણી જગ્યાએ જાવ તેઓ સૂતેલા છે, બકરીઓ બેઠેલી છે ફક્ત એક ઉભી ઉભી બચ્ચાને દૂધ પીવડાવે છે. આપે જે જગ્યા બતાવી હતી ત્યાં ગયો તો આપે બતાવ્યા મુજબ જ જોયું કે એક જ બકરી ઉભી ઉભી બચ્ચાને દૂધ પીવડાવી રહી હતી, બધી બકરીઓ અમે હાંકીને ગામે લઈ આવ્યા. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૫૭૪)*

અને આપ કહે છે કે એક જનાઝો આવ્યો શહેરના કેટલાક ઈજ્જતદાર માણસો પણ સાથે હતા, જ્યારે માણસો મૈયતને દફન કરવા બેસી ગયા તો શહેરના મેયર અને ન્યાયાધીશ (કાઝી) ખતીબ પણ ખૂણામાં બેસી ગયા.



શૈખ મુહમ્મદ અને આપના દુરવેશો બીજા ખૂણામાં બેઠા બેઠા એ લોકોની વાતો સાંભળી રહ્યા હતા. કાઝી અને શહેરના વાલી (મેયર) કરામાતે અવલિયા વિષયમાં વાતો કરતા કરતા કહેવા લાગ્યા કે કરામતોની કોઈ જ હકીકત નથી, બેકારના પ્રોપેગન્ડા છે ! ખતીબ નેક આદમી હતા. (વાઈઝ–નસીહત કરનાર)

જ્યારે બધા માણસો મૈયતના વારસોને તાઝિયત માટે ઉભા થઈ ભેગા થયા ત્યારે કેટલાક લોકો હઝરત શૈખને સલામ કરવા ગયા. હઝરતે ખતીબ (વાઈઝ–નસીહત કરનાર આલિમ) ને કહ્યું કે ખતીબ સાહેબ ! હું તમારી સાથે સલામ કરવા નથી માંગતો. ખતીબે અરજ કરી, હુઝૂર ! શા માટે ? આપે કહ્યું, જ્યારે અવલિયાએ કિરામની નિંદા થતી હતી ત્યારે તમે તેનો રદ ન કર્યો, તમે તેના વિરૂધ્ધ કશું બોલ્યા નહીં ! અવલિયા અલ્લાહની તરફદારી ન કરી. પછી આપ કાઝી અને શહેરના વાલી (મેયર) તરફ જોઈને ફર્માવવા લાગ્યા કે તમે લોકો અવલિયા અલ્લાહની કરામતોનો ઈન્કાર કરો છો. બતાવો તમારા પગોની નીચેની જમીનમાં શું છે ? બંનેવ વ્યક્તિઓએ કહ્યું, અમને કાંઈ જ ખબર નથી ! આપે કહ્યું, તમારા પગની નીચેની જમીનમાં એક ભોંયતળિયું છે તેમાં એક માણસને તેની પત્ની સહિત દાટેલો છે. હવે તે કબ્રમાં ઉભો થઈ મને કહી રહ્યો છે કે ''લગભગ એક હજાર વર્ષ પહેલાં હું આ શહેરનો બાદશાહ હતો.'' પછી હઝરતે કહ્યું, એ માણસ ભોંયતળિયામાં ગાદી ઉપર બેઠો છે એની પત્ની પણ ગાદી ઉપર બેઠી છે.

અમે નક્કી કર્યું આપણે આ જમીનમાં ખોદકામ કર્યા વિના જવું નથી. જેથી મજૂરોને બોલાવી ખોદકામ કર્યું તો હઝરત શૈખના કહેવા મુજબ બધું જ હતું. ગાર (ભોંયતળિયા જેવી છુપી જગા) અત્યારે પણ ખુલ્લી જ છે અને હલબમાં એ આ સમયે પણ જોઈ શકાય છે. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૫૭૬)*

બે માણસોને એ બતાવવું કે જ્યારે તમે ઘેર પહોંચશો ત્યારે તમારા બાપને વુઝૂ કરતા જોશો, એક પગ ધોયો હશે બીજો ધોવાતો હશે, બાપની પીઠમાં એક મહાન વલીને જોવો, બગદાદ ડૂબી જવાને, મસ્જિદે નબવીમાં આગ લગવાને, તાતારીઓના હુમલાને, હજરમૂતમાં પાણીની ભારે રેલ

આવવાની ઘણા જ સમય પહેલાં ખબર આપવી, જન્નતી અને દોઝખીને જાણવા, બકરીઓ અને તેના ચારનારની ખબર આપવી કે તે ક્યાં છે ? કેવી હાલતમાં છે ? વળી એ બતાવવું કે જમીનની નીચે શું છે ? એ બધી બાબતો અલ્લામા નબ્હાનીએ પોતાની કિતાબમાં લખી સાબિત કરી દીધું કે અમારો એ અક઼ીદો છે કે અવલિયાએ કિરામને અલ્લાહ તઆલા ગૈબનો ઈલ્મ અતા કરે છે.

બીજે ઠેકાણે આપ લખે છે કે હઝરત શૈખ ઈમામ શમ્સુદ્દીન ખાબૂરી કહે છે કે હલબમાં મદ્રસા સુલતાનિયાના આલિમો પાસે હઝરત શૈખ મુહમ્મદ બિન અબૂબક્ર કવ્વામ ના વખાણ કર્યા કરતો હતો. એક દિવસે તેઓ કહેવા લાગ્યા, અમે તમારી સાથે હઝરતને મળવા એક દિવસ આવીશું અને તેમનાથી ફિક઼્હ (શરીઅતના મસ્અલા) તફસીર વગેરે બાબતના મસાઈલ પૂછીશું. અમે બધા આપની મુલાકાતનો પ્રોગામ બનાવી જવા તૈયાર થયા ત્યાં તો એક ફક઼ીર આવ્યો તેણે કહ્યું, હઝરત શૈખ કવ્વામ તમોને બોલાવે છે. મેં તેને કહ્યું, હઝરત અત્યારે ક્યાં છે ? તેણે કહ્યું, શૈખ અબુલફરહ કિતાનીની ખાનકાહમાં છે જેઓ આપના મુરીદ છે.

હું આલિમોની જમાઅત સાથે આપને મળવા નીકળ્યો, જ્યારે અમે આપની ખાનકાહમાં પહોંચ્યા તો શૈખ મુહમ્મદ અકીબીએ મને કહ્યું, આ આલિમોની શી હાલત છે ? મેં કહ્યું, હઝરતની ખિદમતમાં સલામ અને ઝિયારત માટે હાજર થયા છે. તેમણે કહ્યું, એક આશ્ચર્યની બાબત બની છે. મેં કહ્યું, શી બાબત છે ? તેમણે કહ્યું, હઝરત શૈખે એ આલિમોને લગામ પહેરાવી છે અને આપનો ભેદ ફાડી ખાનાર જાનવરની શિકલમાં બની દરેકના ચેહરાને ગુસ્સાથી જોઈ રહેલ છે. (એટલે કે હઝરત શૈખે એમની જીભો સીવી લીધી છે, હવે એ બોલી નથી શક્તા અને સામે વાઘની શિકલ છે જેથી ભયભીત છે)

અસલ વાત એ છે કે એઓ હઝરતની પરીક્ષાની નિયતે આવ્યા હતા પરંતુ તેઓ પોતે જ પરીક્ષાની મુસીબતમાં પડી ગયા. શૈખ મુહમ્મદ અકીબીએ પોતાના કશ્ફથી આ હક઼ીક઼ત જોઈ લીધી હતી. *(ઉર્દૂ અનુવાદક)*

જ્યારે મેહફિલ શરૂ થવાને ઘણો સમય વિતી ગયો અને એ આલિમ હઝરાતમાંથી કોઈએ કાંઈ જ બોલવાની હિંમત ન કરી તો હઝરતે આ



પ્રમાણે કહ્યું, તમે લોકો કેમ કાંઈ બોલતા જ નથી ? તમે કેમ કોઈ સવાલ નથી કરતા ? છતાં પણ કોઈ જ બોલ્યા નહીં. હવે હઝરત શૈખે પોતાની જમણી બાજુ બેઠેલા આલિમને કહ્યું, તમારો સવાલ આ પ્રમાણે છે અને એનો જવાબ આ પ્રમાણે છે. એ જ રીતે દરેક આલિમને તેનો સવાલ બતાવતા ગયા અને સાથે જ જવાબ પણ આપતા ગયા. એક એક કરી બધાના જવાબ આપી દીધા. હવે બધા આલિમો પોતાની જગ્યાએથી ઉઠયા અને તૌબા ક્ષમા યાચના કરી. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૫૭૩)*

હઝરત અલ્લામા નબ્હાની એ આ બનાવ લખી સ્પષ્ટ કરી આપ્યું કે અલ્લાહના વલીઓ દિલોના વિચારોથી પણ વાકેફ થઈ જાય છે એ પણ અમારો અક઼ીદો છે, નહિતર આ બનાવને જરા પણ રદિયો આપ્યા વિના પોતાની કિતાબમાં લખતા જ નહીં.

# અવલિયા અલ્લાહના અક઼ીદા

અલ્લાહના વલી તે મુસલમાન અલ્લાહના પસંદ કરેલા ખાસ બંદાઓ હોય છે કે ઈન્સાનની શક્તિ મુજબ અલ્લાહની જાત અને સિફાતના આરિફ હોય છે. શરીઅતના એહકામના પાબંદ હોય છે અને નફસની ઈચ્છા, વાસનાનો જરા પણ મોહ નથી રાખતા. એમના અલગ અલગ દરજ્જાઓ હોય છે પરંતુ બધાય અલ્લાહના પ્યારા બંદાઓ હોય છે અને ઘણી જ ઈજ્જત અને માન મરતબા ધરાવે છે. હવે ઈલ્મે ગૈબ માટે તેમના અક઼ીદા કેવા છે તે જોઈએ :–

## ★ ઈમામ બાક઼ર નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૧૪)*

આપ અલ્લાહના હબીબ ના નવાસા, હઝરત ઈમામ હુસૈન ના પૌત્ર, હઝરત ઈમામ ઝૈનુલઆબેદીન ના વહાલાસોયા પુત્ર છે. આપના વિશે અલ્લામા જામી ફર્માવે છે કે એક વિશ્વાસુ રાવીનું બયાન છે કે અમે ઈમામ બાક઼ર ની સાથે હુશ્શામ બિન અબ્દુલ મલિકના ઘરની પાસેથી જઈ રહ્યા હતા તે વખતે તે હજુ એનો પાયો નાખી રહ્યા હતા.

ઈમામ બાક઼ર એ એને જોઈ કહ્યું, ખુદાની કસમ ! આ ઘર તબાહ બરબાદ થઈ જશે ત્યાં સુધી કે લોકો એની માટી પણ ખોદી લઈ જશે. આ પથ્થરો કે જેનાથી એનો પાયો નંખાય છે તે ખંડેર બની જશે.

રાવી કહે છે કે આ સાંભળી આશ્ચર્ય થયું કે હુશ્શામના ઘરને વળી કોણ તબાહ બરબાદ કરી શકે છે ?! પરંતુ જ્યારે મૃત્યુ થયું ત્યારે વલીદ બિન હુશ્શામના હુકમથી એ ઘર ખોદી નાખવામાં આવ્યું ત્યાં સુધી કે એની માટી એટલે સુધી ખોદી કે પાયાના પથ્થરો પણ દેખાવા લાગ્યા. મેં પોતે મારી આંખોથી આ દ્રશ્ય જોયું. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૩૧૯)*



અને ઈમામ જાફર થી રિવાયત છે કે એમણે કહ્યું, એક દિવસે મારા વાલિદ (પિતા) સાહેબે મને કહ્યું કે, "મારી ઉંમર હવે પાંચ વર્ષ બાકી રહી છે." જ્યારે એમની વફાત થઈ તો અમે વર્ષ, મહિના, દિવસોની ગણત્રી કરી તો બરાબર તેટલો જ સમય નીકળ્યો જેટલો કે એમણે બતાવેલો. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૩૧૯)*

અને બુઝુર્ગોમાંથી એક માણસ કહે છે કે હું મક્કા શરીફમાં હતો, મને ઈમામ બાકર થી મુલાકાતનો શોખ થયો. હું ફક્ત એટલા જ ખાતર મદીના મુનવ્વરા ગયો. જે રાત્રે હું પહોંચ્યો ત્યારે સખત વરસાદ પડયો જેના કારણે ઠંડી ખૂબ જ વધી ગઈ. રાત્રીના સમયે લગભગ અડધી રાત્રે એમના ઘેર પહોંચ્યો. હજી એ વિચારમાં જ હતો કે દરવાજો ખખડાવું કે સબ્રથી કામ લઈ સવાર સુધી બહાર ઉભો રહું અને હઝરત સવારની નમાઝ માટે નીકળે ત્યારે મુલાકાત કરું. એકાએક હઝરતનો અવાજ સંભળાયો. આપે કહ્યું, અય નોકરાની ! ફલાણો માણસ બહાર ઉભો છે તેને માટે દરવાજો ખોલી દે, એ કારણે કે આજની રાત્રે એને ખૂબ જ ઠંડી લાગી ગઈ છે. લોંડીએ આવી દરવાજો ખોલ્યો અને હું અંદર ચાલ્યો ગયો. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૩૨૦)*

એક બીજા બુઝુર્ગ રિવાયત કરે છે કે હું ઈમામ બાક઼ર ના ઘેર ગયો. મેં દરવાજો ખખડાવ્યો તો એક લોંડી બહાર આવી તે જવાનીમાં કદમ મૂકી રહી હતી, મને તે પસંદ આવી. મેં તેની છાતીઓને સ્પર્શ કરતાં કહ્યું, તારા માલિકને કહે કે "ફલાણો માણસ દરવાજા ઉપર આવેલો છે." અંદરથી અવાજ આવ્યો "ઘરમાં આવી જાવ ! અમે તમારી જ વાટ જોઈ રહ્યા છીએ." હું અંદર ગયો અને વિનંતી કરી, હુઝૂર ! મારો ઈરાદો બુરો ન હતો. આપે ફર્માવ્યું, તું સાચું કહે છે પરંતુ **કદી એવું ન વિચારીશ કે આ દરવાજા અને દિવાલો અમારી આંખોની સામે તેવી જ રીતે પર્દો (આડ) છે જેવી રીતે તમારી આંખોની સામે છે.** જો એવું જ હોત તો પછી તમારી અને અમારી વચ્ચે તફાવત જ શો રહે ? ભવિષ્યમાં કદી પણ આવી ચેષ્ટા કરતો નહીં. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૩૨૨)*

અને હઝરત અલ્લામા નબ્હાની લખે છે કે અબૂ બુશેરાથી રિવાયત

છે કે તે કહે છે કે હું ઈમામ બાક઼ર સાથે મસ્જિદે નબવીમાં હાજર હતો. મન્સૂર અને દાઊદ બિન સુલેમાન મસ્જિદ શરીફમાં આવ્યા. હજી સુધી અબ્બાસી ખાનદાનને બાદશાહત મળી ન હતી. (જેના ખલીફા પાછળ થી મન્સૂર બનનાર હતા) દાઉદ ઈમામ સાહેબની ખિદમતમાં હાજર થયા. ઈમામ સાહેબે ફર્માવ્યું ''મન્સૂરને મારી પાસે હાજર થવામાં કઈ ચીજે રોક્યો ? દાઊદે કહ્યું, હુઝૂર ! એ સખ્ત મિઝાજનો માણસ છે.

ઈમામ સાહેબે કહ્યું, જરૂર એ માણસ એક દિવસે ખિલાફતની ગાદી પર બેસી જશે, પ્રજાની કત્લેઆમ કરશે, પૂર્વ પશ્ચિમના પ્રદેશો પર છવાય જશે, એની હુકૂમતનો સમય લાંબો હશે અને બે હિસાબ માલ દૌલત ભેગી કરશે.

દાઊદે મન્સૂરને જઈ હક઼ીક઼ત કહી સંભળાવી. હવે તે આપની ખિદમતમાં હાજર થઈ માફી માંગી કહેવા લાગ્યો કે હુઝૂર ! આપના પ્રભાવ દબદબાના કારણે હું હાજર થઈ શક્યો નહીં.

પછી દાઊદે જે કાંઈ બતાવ્યું હતું તેના બાબત હઝરત ઈમામ સાહેબથી પૂછયું તો હઝરતે કહ્યું, હા ! એ તો થઈને જ રહેશે. શું અમારી હુકૂમત બાદશાહત આપ સાદાતની હુકૂમતથી પહેલાં થશે ? તો આપે કહ્યું, જી હા ! એવું જ થશે. તો તેણે પૂછયું, શું મારા પછી મારો કોઈ પુત્ર પણ ગાદીનશીન થશે ? આપે ફર્માવ્યું, જી હા ! તેણે પૂછયું, શું ઉમવી હુકૂમતનો સમય લાંબો હશે કે અમારી ? તો આપે કહ્યું, હા તમારી બાદશાહતનો સમય લાંબો હશે, આ દેશ સાથે તમારા નવજવાન છોકરાઓ એવી રીતે રમશે (વર્તન કરશે) જેવું કે છોકરાઓ દડા સાથે રમે છે. મારા વાલિદે (ઈમામ ઝૈનુલ આબેદીને) મને એ જ રીતે બતાવેલું હતું. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૪૬૭)*

વર્ષો પહેલાં ભવિષ્યવાણી કરવી કે હુશ્શામનું ઘર ખોદી કાઢવામાં આવશે, એ બતાવવું કે હવે મારી ઉંમર ફક્ત પાંચ વર્ષ બાકી છે, મક્કા શરીફથી આવનારને ઘરની અંદરથી જાણી લેવો, વળી એને ઠંડી ચઢી ગઈ છે તે કહેવું, વળી લોંડી સાથે ખરાબ વર્તણુંક કરનારને ઘરમાંથી જાણી લેવું એ બધી જ ગૈબની વાતો છે.



જાણવા મળ્યું કે ઈમામ બાક઼ર નો અક઼ીદો હતો કે અમોને ગૈબનો ઈલ્મ છે જેવું કે એમણે પોતે જ કહ્યું કે એ કદી ન વિચારશો કે આ દરો દિવાલ અમારી આંખો સામે પર્દા છે. ખલીફા મન્સૂરના બનાવથી જણાયું કે આપનો અક઼ીદો હતો ઈમામ ઝૈનુલઆબેદીન પણ ગૈબ જાણતા હતા.

## ★ ઈમામ જાફર સાદિક઼ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૪૮)*

આપ હઝરત ઈમામ બાક઼ર ના સાહેબઝાદા (સુપુત્ર) છે. આપના હાલાતમાં હઝરત અલ્લામા જામી લખે છે કે જનાબ અબૂબસીરનું બયાન છે કે હું મદીના મુનવ્વરા ગયો. મારી સાથે મારી લોંડી પણ હતી. મેં તેની સાથે સંભોગ કર્યો પછી બાથરૂમમાં જવાની તૈયારી કરતો બહાર આવ્યો તો જોયું કે ઘણાય લોકો ઈમામ જાફર સાદિક઼ ની મુલાકાત માટે તેમના મકાન તરફ જઈ રહ્યા છે, હું પણ તેમની સાથે થઈ ગયો. જ્યારે અમે હઝરતના મકાન શરીફ પર પહોંચ્યા તો હઝરતની નજર મારા ઉપર પડી તો આપે કહ્યું, અય અબૂબસીર ! શું તમને ખબર નથી કે પયગમ્બર અને એમની આલ અવલાદના રહેઠાણો ઉપર નાપાકીની હાલતમાં ન આવવું જોઈએ.

મેં કહ્યું, અય ઈબ્ને રસૂલુલ્લાહ ! (રસૂલુલ્લાહ ની અવલાદ) લોકોને મેં આપની મુલાકાત માટે આવતા જોયા તો મારાથી રહી શકાયું નહીં. મને એ વાતનો ડર લાગ્યો કે શાયદ આપની ઝિયારત (મુલાકાત) પછી મને નસીબ થાય કે ન થાય, જેથી હું આ હાલતમાં દોડી આવ્યો. પછી મેં તૌબા કરી કહ્યું, ભવિષ્યમાં કદી આવું નહીં કરું ! પછી તરત હું બહાર નીકળી આવ્યો. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૩૩૨)*

એક બીજા દોસ્તનું બયાન છે કે તે કહે છે કે મારો એક દોસ્ત હતો તેને ખલીફા મન્સૂરે જેલમાં પૂર્યો હતો. મારી મુલાકાત હઝરત ઈમામ જાફર થી હજના પ્રસંગે અરફાતમાં થઈ. આપે મને મારા તે દોસ્તના બાબત પૂછયું, મેં કહ્યું, હુઝૂર ! તે હજુ જેલમાં જ છે.

આપે તેના માટે દુઆ કરી પછી એક કલાક પછી મને કહ્યું, ખુદાની કસમ ! તમારો તે દોસ્ત જેલમાંથી છોડી દેવામાં આવ્યો છે.

રિવાયત કરનારનું બયાન છે કે જ્યારે હું હજમાંથી વતન પરત આવ્યો. તે મિત્રની મુલાકાત થતાં મેં પૂછયું, તું જેલમાંથી ક્યારે છૂટયો ? તેણે મને કહ્યું, અરફાના દિવસે અસરની નમાઝ પછી મને છોડી દેવામાં આવ્યો હતો. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૩૩૨)*

એક માણસ કહે છે કે મેં મક્કા મોઅઝઝ્મામાં એક ચાદર ખરીદી પછી પાકો નિશ્ચય કર્યો કે આ ચાદર કોઈને પણ નહીં આપું બલ્કે એ મારા મૃત્યુ પછી કફન માટે કામ લાગશે. અરફાતથી મુઝદલેફા આવ્યો તો તે ચાદર ખોવાય ગઈ. મને ઘણુ જ દુઃખ થયું. જ્યારે હું મિનામાં આવ્યો તો મસ્જિદે ખયફમાં બેસી ગયો. એકાએક એક માણસ આવી કહેવા લાગ્યો કે તમને ઈમામ જાફર સાદિક઼ બોલાવે છે. હું તરત જ ઉઠી આપની પાસે હાજર થયો, સલામ અરજ કરી બેસી ગયો.

આપે કહ્યું, શું તમે ચાહો છો કે તમારી ચાદર તમને મળી જાય ? મેં અરજ કરી, હાં હુઝૂર !

આપે એક ખાદિમને બોલાવ્યો તે એક ચાદર લઈને આવ્યો, મેં તરત ઓળખી લીધી કે મારી જ ચાદર છે.

હઝરતે કહ્યું, આ તમારી ચાદર લઈ લો અને અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરો. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૩૩૩)*

અબૂબસીરની નાપાક હાલતને જાણી લીધી, અરફાના દિવસે જેલમાંથી છૂટેલા કેદીની ખબર અરફાતના મેદાનમાં તે જ સમયે બતાવવી, ચાદર કોની છે ? શા કામ માટે છે ? ચાદરવાળો ક્યાં બેઠો છે ? આ બધી જ ગૈબની વાતો છે જે ઈમામ જાફર સાદિક઼ એ લોકોને બતાવવી એ સ્પષ્ટ સાબિત કરે છે કે આપનો અક઼ીદો હતો કે અલ્લાહે મને ઈલ્મે ગૈબ અર્પણ કર્યો છે.

## ★ ઈમામ મૂસા કાઝિમ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૮૬)*

આપ હઝરત ઈમામ જાફર સાદિક઼ ના સુપુત્ર આપના વિષે બયાન કરતાં હઝરત અલ્લામા જામી લખે છે કે હઝરત અલ્લામા શફીક઼ બલ્ખી (એક મહાન વલીઅલ્લાહ) રિવાયત છે કરે છે કે હું હજની



સફરમાં કાદસિયા પહોંચ્યો. ત્યાં મેં એક ખૂબ સૂરત અને ઊંચા પડછંડ માણસને જોયો, તેણે સૂફીઓનો પહેરવેશ પહેરેલો હતો. તે એક જગાએ એકલો જઈને બેસી ગયો. મેં વિચાર્યું કે આ માણસ સૂફી ગૃપનો લાગે છે કદાચ એ આ સફરમાં બીજા મુસલમાનો માટે બોજ રૂપ બને માટે જરૂરી છે કે હું તેને કહું કે તું આવું ન કરતો. હું તેની પાસે ગયો તો તરત જ તેણે કહ્યું, અય શફીક઼ ! ''અધિક ગુમાન કરવાથી બચો, એટલા માટે કે કેટલાંક ગુમાન ગુનાહ પણ હોય છે.'' *(પારો–૨૬, રુકૂઅ–૧૪)*

આટલું બોલી તે નવજુવાન ચાલ્યો ગયો. હું મારા દિલમાં જ વિચારવા લાગ્યો કે આ અજબની વાત છે કે એણે મારા દિલની વાતને જાણી લીધી ! આ કોઈ અલ્લાહનો વલી છે, મારે એનાથી માફી માંગવી જોઈએ. મેં ખૂબ ઝડપથી ચાલવાની કોશિશ કરી પરંતુ હું તેમને મેળવી શક્યો નહીં.

પછી જ્યારે હું મક્કા શરીફમાં પહોંચ્યો તો જોયું કે તે જ નવજુવાન છે અને તેની સાથે કેટલાય નોકરો અને સેવકો હતા. લોકોએ એમને ચારે તરફથી ઘેરેલા હતા અને કહી રહ્યા હતા કે અસ્સલામુ અલયકુમ ઈબ્ને રસૂલિલ્લાહ ! મેં લોકોને પૂછયું તો જણાયું કે એ હઝરત ઈમામ મૂસા કાઝિમ પોતે છે. મારા મુખમાંથી એકાએક શબ્દો નીકળી ગયા કે આવા પ્રકારના બનાવો એમના માટે કોઈ આશ્ચર્યની વાત નથી. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૩૩૧)*

એક રાવીનું બયાન છે કે હું મદીના શરીફમાં મુજાવર હતો. મેં એક મકાન ભાડે લીધું હતું, મારો વધારે પડતો ટાઈમ હઝરત ઈમામ મૂસા કાઝિમની ખિદમતમાં ગુજારતો હતો. એક દિવસે મૂશળધાર વરસાદ પડયો. મેં આપની ખિદમતમાં હાજરીનાં કપડાં પરિધાન કરી ખિદમતમાં પહોંચ્યો. મેં ખાનકાહમાં દાખલ થતાં જ સલામ અરજ કરી, આપે મારી સલામનો જવાબ આપી કહ્યું, અય ફલાણા ! જાવ તમે ઘેર પાછા જાવ ! તમારા ઘરનું છાપરુ તમારા માલ સામાન ઉપર તૂટીને પડયું છે. મેં ઘેર આવી જોયું તો ખરેખર મારા ઘરનું છાપરુ તૂટી ઘરવખરીના સામાન પર પડયું છે. મેં મજૂરો બોલાવી દબાએલો સામાન કઢાવ્યો. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૩૪૦)*

હઝરત શફીક઼ બલ્ખી ના દિલની વાતથી વાકેફ થઈ એમની બદગુમાની દૂર કરવા આયતે કરીમા તિલાવત કરવી, અને મદીનાના મુજાવરને તેનું છાપરુ પડી જવાની પોતાની ખાનકાહથી જ જોઈ ખબર આપવી, આ ઈલ્મ ગૈબની વાત છે. જે એમણે જાહેર કરી સાબિત કરી આપ્યું કે હઝરત ઈમામ મૂસા કાઝિમ નો એ અક઼ીદો હતો કે મારું ગૈબ જાણવું એ સત્ય જ છે. અલ્લાહ તઆલા પોતાના દોસ્તોને ગૈબનો ઈલ્મ આપે છે.

## ★ ઈમામ અલી રઝા નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૨૦૨)*

આપ હઝરત ઈમામ મૂસા કાઝિમના સુપુત્ર છે. આપના હાલાતમાં અલ્લામા જામી લખે છે કે કૂફાના રહેવાસીઓમાંથી એક માણસ કહેતા હતા કે જ્યારે હું ખુરાસાનથી કૂફા જવા રવાના થયો ત્યારે મને મારી છોકરીએ ઘણુ જ સારું કપડું આપ્યું અને કહ્યું કે આને વેચી મારે માટે ફિરોઝા ખરીદી લાવજો. જ્યારે હું મરુ પહોંચ્યો તો ઈમામ અલી રઝાના ગુલામોએ આવી મને કહ્યું કે અમારા એક સાથીનું મૃત્યુ થયું છે એના કફન માટે કપડું તમે અમોને વેચી દો. મેં કહ્યું, મારી પાસે કોઈ જ કપડું નથી. તે લોકો આ જવાબ સાંભળી જતા રહ્યા પરંતુ થોડીક વાર પછી ફરીથી આવી કહેવા લાગ્યા કે અમારા માલિકે તમને સલામ કહી છે અને કહ્યું છે કે તમારી પાસે એક કપડું છે જે તમારી છોકરીએ ઘરેથી નીકળતી વેળા તમોને આપી કહ્યું હતું કે આને વેચી મારા માટે ફિરોઝા (એક કિંમતી પથ્થર) લાવજો, અમે તેની કિંમત લઈને આવ્યા છીએ.

મેં તેમને કપડું આપી દીધું પછી મનથી વિચાર્યું કે અમુક મસાઈલ ઈમામ અલી રઝાથી પૂછું, જોઉં શો જવાબ આપે છે ?! જેથી કરી કેટલાક મસાઈલ કાગળ પર લખી સવારમાં આપના દરવાજા પર હાજર થયો. જોયું તો ત્યાં લોકોની ખૂબ ભીડ જમા થઈ હતી, કોઈની હિંમત ન થઈ શકે કે આવી હાલતમાં આપનાથી આસાનીથી કોઈ મળી શકે.

હું ખૂબ જ આશ્ચર્યજનક હાલતમાં હતો ત્યાં તો એક માણસ આવ્યો તેણે મને મારા નામથી સંબોધી પત્ર આપી કહ્યું, ''અય ફલાણા ! માણસ



લો આ તમારા સવાલોના જવાબો છે.'' મેં પત્ર વાંચ્યો તો ખરેખર ! મારા સવાલોના જવાબો તેમાં લખેલા હતા. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૩૪૮)*

એક રાવી કહે છે કે રય્યાન બિન સલ્લતે મને કહ્યું, તમે મારા માટે ઈમામ અલી રઝાથી રજા લો કે મારી ઈચ્છા છે કે હું એ આશાએ આપની સેવામાં હાજરી આપું કે આપ આપના કપડાંઓમાંથી કોઈ એક કપડું મને પહેરાવે, ઉપરાંત પોતાના નામના કેટલાક દિરહમ પણ મને અર્પણ કરે.

રાવી કહે છે કે જ્યારે હું ઈમામ અલી રઝા ની સેવામાં પહોંચ્યો તો હજુ મેં આપની સાથે કોઈપણ વાતચીત કરી જ ન હતી ત્યાં તો આપ કહેવા લાગ્યા કે ''રય્યાન બિન અલ્લત ઈચ્છે છે કે તે મારી પાસે એ આશાએ હાજરી આપે કે તેને હું કોઈ કપડુ પહેરાવું અને મારા નામના દિરહમ જે ચાલુ થયા છે તેમાંથી કંઈક આપું, રય્યાનને મારી પાસે લાવો.'' પછી રય્યાન અંદર હાજર થયા તો આપે બે કપડાં પહેરાવ્યાં અને ત્રીસ દિરહમ પણ આપ્યા. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૩૪૯)*

છોકરીએ ફિરોઝા ખરીદવા કપડું આપ્યાનો બનાવ જે કૂફામાં બન્યો હતો તે મરુ શહેરમાં બેઠા બેઠા જાણી લેવું, પછી સવાલો પૂછયા વિના જ તેના જવાબો મરુ શહેરમાં બેઠા બેઠા જાણી લેવા, ઈબ્ને રય્યાન દિરહમ અને કપડું ઈચ્છે છે, આ બધી જ ગૈબની વાતો છે જેને આપે જાહેર કરી. સાબિત થયું કે ઈમામ અલી રઝાનો પણ એ અક઼ીદો હતો કે મને ઈલ્મે ગૈબ મળેલો છે નહિતર એઓ ઉપરની વાતો કદી પણ પોતાની જીભથી ઉચ્ચારત જ નહીં અને સવાલોના જવાબ પણ લખતા નહીં.

## ★ હઝરત ઈમામ મુહમ્મદ તક઼ી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૨૧૦)*

આપ ઈમામ અલી રઝાના સુપુત્ર છે. આપના વિશે અલ્લામા જામી ફર્માવે છે કે જ્યારે ખલીફા મામૂન રશીદનું મૃત્યુ થયું ત્યારે હઝરત ઈમામ મુહમ્મદ તક઼ી એ કહ્યું, મારી વફાત આજથી ૩૦ મહિના પછી થશે. જ્યારે ખલીફા મામૂનની વફાતને બરાબર ૩૦ મહિના થયા ત્યારે હઝરત ઈમામ મુહમ્મદ તક઼ીનો વિસાલ થઈ ગયો. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૩૫૮)*

બીજા એક માણસનું બયાન છે કે હું હઝરત ઈમામ તક઼ી નીસેવામાં હાજર થયો અને કહ્યું, ફલાણા નેક માણસે આપને સલામ મોકલી છે અને તે માણસ પોતાના કફન માટે આપનાથી કોઈક કપડું મળે તેવી ઈચ્છા રાખે છે.

ઈમામ સાહેબે કહ્યું, તે આ વાતોથી બે પરવા થઈ ચૂક્યો છે હવે એને એની જરૂરત નથી. આ સાંભળી હું બહાર આવી ગયો પરંતુ મને આપના ફર્માનની બિલ્કુલ સમજણ ન આવી. છેવટે મને ખબર મળી કે હું હઝરતની બારગાહમાં પહોંચ્યો તેના ૧૨–૧૪ દિવસ પહેલાં જ તે માણસ મરણ પામ્યો હતો. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૩૫૮)*

આમ કહેવું કે મારી વફાત આજથી ૩૦ મહિના પછી થશે, તેમજ કફનનું કપડું માંગનાર માટે કહેવું કે તેને હવે એની જરૂરત નથી તે બેપરવા થઈ ચૂક્યો છે. (અર્થાત મૌતની આગોશમાં ક્યારનો સૂઈ ગયો છે) આ બધી જ ગૈબની ખબરો છે, જેથી સ્પષ્ટ જણાયું કે ઈમામ મુહમ્મદ તક઼ી નો અક઼ીદો હતો કે અલ્લાહ તઆલાએ મને ઈલ્મે ગૈબ અર્પણ કરેલો છે.

## ★ ઈમામ અસ્કરી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૨૫૪)*

આપ હઝરત ઈમામ હુસૈન શહીદે કરબલા ની અવલાદમાંથી હઝરત ઈમામ મુહમ્મદ તક઼ીના નેક ફરઝંદ છે. આપના હાલાતના વર્ણનમાં અલ્લામા જામી લખે છે કે એક માણસને ઘેર શાદી પ્રસંગે વલીમાની દાવત હતી તેમાં મોટા મોટા અમીર ઉમરાવ અને ખલીફાની ઔલાદ પણ હતી. એમની તાઝીમ માટે ઘણાય લોકો ઉપસ્થિત હતા. આ મહેફિલમાં એક નવજુવાન હતો તે બેઅદબ હતો, બેકાર વાતો કરતો અને હસતો હતો. ઈમામ અલી અસ્કરી એ તેને સંબોધીને કહ્યું, "અય જુવાન ! તું અલ્લાહની યાદ ભૂલી ઠઠ્ઠા મઝાકમાં પડેલો છે, તને ખબર નથી ત્રણ દિવસ પછી તારું ઠેકાણું કબ્ર છે."

આ સાંભળી તે નવજુવાને માફી માંગી અને હઝરતથી તૌબા કરી પરંતુ હઝરતના ફર્માન મુજબ ૩ દિવસ પછી તે મરણ પામ્યો. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૩૬૩)*



એક બીજી મેહફિલમાં બનેલો બનાવ પણ આ મુજબ છે કે એક વલીમાની દાવતમાં ઈમામ હાજર હતા ત્યાં એક નવજુવાન ઘણો જ બેઅદબ હતો, ગમે તેવી ગંદી વાતો કરતો હતો પરંતુ હઝરતનો જરા પણ તેને ખ્યાલ ન હતો. હઝરત ઈમામ અલી અસ્કરી એ તેને જોઈ કહ્યું કે "આ માણસ આ દાવતના ખાણામાંથી કાંઈ પણ ખાય શકશે નહીં." થોડીવારમાં ખાવા પીરસાયું. એણે ખાવા તરફ હાથ લંબાવ્યો ત્યાં તો તેનો નોકર દોડતો રડતો બૂમો પાડતો આવ્યો અને કહેવા લાગ્યો, માલિક ! તમારી માં અગાસી પરથી નીચે પડી ગયાં અને તરત જ મૃત્યુ પામ્યાં છે ! તે માણસ ખાવા ખાધા વિના જ ગમગીન હૃદયે ત્યાંથી ઉઠી ચાલ્યો ગયો. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૩૬૩)*

એક માણસને એ વાતની ખબર આપવી કે તું ત્રણ દિવસ પછી કબ્રમાં હશે, વળી બીજાને કહેવું કે તું આ ખાવામાંથી કાંઈ ખાઈ શકશે નહીં, આ બન્નેવ ગૈબની વાતો છે જેની ખબર ઈમામ અલી અસ્કરી એ આપી પોતાનો અક઼ીદો જાહેર કર્યો કે અલ્લાહ તઆલાની અતાથી હું ગૈબની ખબરો જાણું છું.

## ★ હઝરત ઈમામ હુસૈન ઝકીનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૨૬૦)*

આપ હઝરત ઈમામ હુસૈન શહીદે કરબલા ના વંશમાં હઝરત ઈમામ અલી અસ્કરી ના નેક ફરઝંદ (સુપુત્ર) છે. આપના જીવન વૃત્તાંતમાં હઝરત અલ્લામા જામી લખે છે કે એક માણસનું બયાન છે તે કહે છે કે હું જેલમાં હતો, જેલની મુસીબતોનું વર્ણન કરતો પત્ર મેં ઈમામ ઝકી ને લખ્યો, હું કંઈક રોકડ નાણા માટે પણ લખવા વિચારતો હતો પરંતુ મને એ લખવાથી શરમ આવી જેથી એનો ઉલ્લેખ કર્યો નહીં.

પત્રના જવાબમાં આપે લખ્યું કે આજની ઝહોરની નમાઝ તમે તમારા ઘરમાં પઢશો. અલ્લાહના ફઝલો કરમથી હું જેલમાંથી છૂટી ગયો અને ઝહોરની નમાઝ મારા ઘરમાં પઢી. પછી અચાનક હઝરતનો ખાદિમ મારા ઘેર આવ્યો અને સો દીનાર અને એક પત્ર મને આપ્યો તેમાં લખ્યું હતું કે

"જ્યારે પણ તમારે પૈસાની જરૂરત હોય અમારાથી માંગી લેવા શરમ રાખવાની કોઈ જરૂરત નથી." *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૩૬૫)*

એક માણસનું બયાન છે કે મેં ઈમામ ઝકી થી કેટલાક મસ્અલા પૂછવા અંગે પત્ર લખ્યો અને લખતી વેળા મારા દિમાગમાં હતું કે ચોથિયા તાવ માટે પણ પૂછી લઉં પરંતુ લખવાનું ભૂલી ગયો. આપે પત્રના જવાબમાં લખ્યું કે તમારા સવાલોના જવાબો આ મુજબ છે અને તમે ઈચ્છતા હતા કે ચોથિયા તાવ વિશે પૂછી લઉં પરંતુ લખવાનું ભૂલી ગયા છો તો જુઓ ચોથિયા તાવવાળા માટે કાગળ પર લખી તેને લટકાવી દો. મેં એવું જ કર્યું તો ચોથિયો તાવ દૂર થઈ ગયો. *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૩૬૫)*

ઈમામ ઝકી નું પ્રથમ વ્યક્તિ માટે જણાયું કે આજે એ માણસ જેલમાંથી છૂટી જઈ ઝહોરની નમાઝ તેના ઘરમાં પઢશે, વળી એ વાત પણ જાણી લેવી કે આ માણસને પૈસાની જરૂરત છે.

બીજી વ્યક્તિ માટે જાણી લેવું કે તેને ચોથિયા તાવ માટે પૂછયું હતું પણ તે લખવું ભૂલી ગયો છે. આ બધી જ ગૈબની વાતો છે જેને આપે જાહેર કરી. આથી જણાયું કે આપનો અક઼ીદો હતો કે હું ગૈબ જાણુ છું, નહિતર આ વાતો બાબત આપ કદી જાહેર ન કરતા.

## ★ હુઝૂર સૈયદેના ગ઼ૌષે આ'ઝમ શૈખ અબ્દુલક઼ાદિર જીલાની નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૫૬૧)*

હુઝૂર ગ઼ૌષે સમદાની કુત્બે રબ્બાની સૈયદેના શૈખ અબ્દુલક઼ાદિર જીલાની બગદાદી તાઅરૂફ (ઓળખ)ના મોહતાજ નથી. ઈલ્મે ગૈબ માટે એમનો અક઼ીદો જાણવા નીચે લખી રિવાયતો વાંચો :–

હઝરત શૈખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષે દહેલ્વી લખે છે કે હઝરત સૈયદેના મેહબૂબે સુબ્હાની ગૌષે સમદાની એ ફર્માવ્યું, "મારી આંખ લોહે મેહફૂઝમાં રહે છે અને હું અલ્લાહ તઆલાના ઈલ્મોના દરિયાઓમાં ડૂબકીઓ લગાવું છું." *(ઝુબદતુલ અસ્રાર, પેજ–૮૧)*

અને હઝરત અલ્લામા મુહમ્મદ યહયા તાદની એ લખ્યું છે કે



હઝરત અબુલ ખિઝર હુસૈની બયાન કરે છે કે હઝરત સૈયદેના ગૌષપાક ના એક ખાદિમને રાતભરમાં કેટલીયે વાર એહતેલામ થયું અને એને ખ્વાબમાં દરેક વખતે જુદી જુદી શિકલો દેખાઈ જેમનામાંથી કેટલીક ને એ ઓળખતો હતો કેટલીકને બિલ્કુલ જાણતો ન હતો. સવારમાં હઝરત ગૌષપાક ની મેહફિલમાં જઈ પોતાની વિગત કહી સંભળાવવા વિચાર્યું ત્યાં તેના બોલતા પહેલાં જ હઝરતે કહ્યું, રાત્રે તને કેટલીય વાર એહતેલામ થવું કોઈ બુરી વાત નથી એટલા માટે કે જ્યારે મેં લોહે મેહફૂઝમાં લખેલું જોયું તો તેમાં લખેલું હતું કે તું ફલાણી ફલાણી સ્ત્રી સાથે વ્યભિચાર કરીશ. (હઝરતે એ સ્ત્રીઓનાં નામ પણ બતાવી દીધાં) તો મેં તારા માટે દુઆ કરી તો અલ્લાહે જાગતામાં જે તું કરવાનો હતો તેને ખ્વાબમાં બદલી નાખ્યું. *(ક઼લાઈદુલ જવાહિર, પેજ–૧૩૦)*

અને અબુલ ખિઝર હુસૈની નું કહેવું છે કે, "મને હઝરત ગ઼ૌષેપાક એ હિજરી ૫૬૦ માં કહ્યું કે તમે મૂસલ શહેર તરફ ચાલ્યા જાવ ત્યાં અલ્લાહ તઆલા તમને અવલાદ અતા કરશે. પહેલો છોકરો પેદા થશે તેનું નામ મુહમ્મદ રાખજો. એ છોકરાને એક અજમી (જે અરબનો રહેવાસી નહીં તે) હાફિઝ આંધળા હશે તે કુર્આન પઢાવશે, તેનું નામ અલી હશે. તારો છોકરો સાત વર્ષની ઉંમરે ફક્ત સાત મહિનામાં કુર્આન હિફ્ઝ કરી લેશે અને તારી ઉંમર ૯૪ વર્ષ ૬ માસ સાત દિવસની હશે ત્યારે તંદુરસ્તીની હાલતમાં બારબિલ નામની જગાએ તારું મૃત્યુ થશે.

એમના છોકરા અબૂઅબ્દુલ્લાહ મોહમ્મદ કહે છે કે મારી પેદાઈશ હિજરી ૫૬૧માં મૂસલ શહેરમાં થઈ. મારા પિતાએ મને કુર્આન પઢવા એક આંધળા ક઼ારી પાસે મૂક્યો, જ્યારે તેમને નામ અને વતન સંબંધે પૂછયું તો તેમણે પોતાનું નામ અલી અને વતન બગદાદ બતાવ્યું. એ વખતે મારા માનનીય પિતાને હઝરત ગૌષપાક નું ફર્માન યાદ આવ્યું. અને એમની વફાત પણ હઝરત ગૌષપાક ના બતાવ્યા મુજબ જ તંદુરસ્તીની હાલતમાં ૯૪ વર્ષ ૬ માસ સાત દિવસની ઉંમરે બારબિલમાં થઈ. *(કલાઈદુલ જવાહિર, પેજ–૧૨૬)*

અને શૈખ ઝયનુલ આબેદીન કહે છે કે હું અને મારો એક સાથી હજથી પરત થતી વખતે પહેલી જ વાર બગદાદ શરીફ પહોંચ્યા પરંતુ ત્યાં

અમારે કોઈનાથી ઓળખાણ ન હતી. એ વખતે અમારી પાસે ફક્ત એક છરી બચેલી હતી. (માલ પૈસા કાંઈ જ ન હતું) તેને વેચી એક ટંકનું ખાવા ખરીદી લાવ્યા, પરંતુ તેનો સ્વાદ ઘણો જ ખરાબ હોવાથી પેટ ભરી ખાય શક્યા નહીં. તે પછી અમે હઝરત ગૌષુલ આ'ઝમ ની મજલિસમાં હાજર થયા. તે વખતે આપ વાઅઝ કરી રહ્યા હતા. અમને જોતાં જ આપે વાઅઝ કરવાનું બંધ કરી આપી ફર્માવ્યું, બે ગરીબ મિસ્કીન હિજાઝ (મક્કા મદીના)થી મજલિસમાં હાજર થયા છે એમની પાસે એક છરી (ચાકૂ) સિવાય કાંઈ જ ન હતું તે વેચી ખાણુ લઈ આવ્યા પરંતુ તે ઠીક ન લાગવાથી પેટ ભરી ખાય શક્યા નથી.

આ સાંભળી અમને ખૂબ નવાઈ લાગી. અમે બંનેવ આશ્ચર્યમાં ડૂબી ગયા (કારણ કે આ વાતો અમારા બંને સિવાય કોઈ જાણતું જ ન હતું) પછી હઝરતે પોતાની વાઅઝ પૂરી કર્યા પછી ખાદિમને દસ્તરખાન પાથરવા હુકમ આપ્યો. એ વખતે મેં મારા સાથીને પૂછયું, તારે કઈ ચીજ ખાવાની ઈચ્છા છે ? તેણે કહ્યું, મરઘીના ગોશતનો અખની પુલાવ. મેં મારા દિલમાં વિચાર્યુ, હું તો મધ ખાઈશ. હઝરતે મરઘીનો અખની પુલાવ અને મધ લાવવા ખાદિમને હુકમ આપ્યો. ખાદિમ બંનેવ ચીજો લઈને આવ્યો. તેણે મારા તરફ અખની અને મારા સાથી તરફ મધ મૂકયું. હઝરતે કહ્યું, બંનેવ ચીજો અદલ બદલ મૂકો. (એટલે કે મારા તરફ મધ અને મારા સાથી તરફ અખની મૂકાવ્યું) આ સાંભળી અમે ચીસ પાડી ઉઠયા અને હઝરતના કદમોમાં જઈ પહોંચ્યા. તે વખતે આપે મને કહ્યું, હે મિસરના વાઈઝ ! મરહબા ! ભલે પધારો !

મેં અદબથી અરજ કરી, હું સૂરએ ફાતેહા પણ સારી રીતે પઢી શક્તો નથી. તો આપે ફર્માવ્યું, મને હુકમ થયો છે કે આ બશારત તને સંભળાવું જેથી મેં હઝરતના ફર્માનને આધિન બગદાદ શરીફમાં જ વાઅઝના પ્રોગામ શરૂ કરી દીધા. થોડાક સમય પછી મેં હઝરતથી મિસર જવાની ઈજાઝત માંગી તો આપે કહ્યું, જ્યારે તમે દમાસ્કસ પહોંચશો ત્યારે મુજાહિદોને જંગની તૈયારી કરતા જાશો પરંતુ તમે તેમને કહી દેજો આ વખતે તમને જીતની સફળતા નહીં મળે, અલબત્ત બીજી વાર કામયાબ થશો.

હઝરતના ફર્માન મુજબ મેં એ ગાઝીઓ મુજાહિદોને કહ્યું કે તમે આ



વખતની ચઢાઈમાં નિષ્ફળ જશો, પરંતુ તેઓએ મારી વાતને ગણકારી નહીં અને મિસ્ર (ઈજિપ્ત) પર હુમલો કરી જ દીધો. હું ઈજિપ્ત પહોંચ્યો તો મેં જોયું કે ખલીફા એ લોકો સામે લડવા માટે તૈયારીઓ કરી રહ્યા હતા. મેં તેમને કહ્યું, આપ એ લોકોની સામે લડવા જરૂર નીકળો આ લડાઈમાં અવશ્ય આપ જીતવાના જ છો.

દમાસ્કસવાળાઓએ હુમલો તો કર્યો પરંતુ તેમણે ભૂંડી હાર ખાધી. અને મિસ્ર (ઈજિપ્ત)ના ખલીફાએ મને પોતાનો સલાહકાર અને મિત્ર બનાવી હુકમની તમામ ભેદી બાબતો પણ બતાવી દીધી. ફરી દમાસ્કસવાળાઓએ બીજીવાર હુમલો કર્યો ત્યારે તેઓની જીત થઈ અને ખલીફાને હાર મળી.

મારા આ કહેવાથી કે "તમે આ વખતે નહીં પણ બીજીવાર કામયાબ (સફળ) થશો" દમાસ્કસ વાળા તરફથી ઘણી જ ભેટ સોગાત અને ઈનામો મળ્યા. એ રીતે ગૌષે આઝમ ની એક જ વાતથી મને બંનેવ પક્ષો તરફથી એક એક લાખ દીનાર મળ્યા. *(કલાઈદુલ જવાહિર ૧૨૩)*

અને અબુલ ફરહ હમામીનું બયાન છે કે હું ગૌષે આઝમ ની કરામતોને સાંભળી તેના પર યકીન રાખતો ન હતો અને એ બાબતોને અશક્ય માનતો હતો, પરંતુ હઝરતથી મળવાનો શોખ જરૂર રાખતો હતો.સંજોગોવશાત મારે એક જરૂરતને કારણે બાબુલ અઝજ જવાનું થયું. પાછા ફરતાં હઝરતની મુલાકાત માટે આપના મદ્રસામાં ગયો. એ વખતે મસ્જિદમાં નમાઝની ઈકામત (તકબીર) થઈ રહી હતી. મેં વિચાર્યું, હું પણ અસરની નમાઝ અદા કરીને આપની મુલાકાતથી પાવન થાઉં. પરંતુ જલ્દીમાં મને એ યાદ ન રહ્યું કે મારે વુઝૂ નથી, મેં જમાઅત સાથે મળી જઈ જમાઅતથી નમાઝ પઢી લીધી.

હઝરત મેહબૂબે સુબ્હાની ગૌષુલ આઝમ નમાઝ દુઆથી પરવારી મારી તરફ નજરે કરમ ફર્માવી કહ્યું, "સાહેબઝાદા ! તમે મારી પાસે કોઈ હાજત લઈને આવતા તો હું જરૂર પૂરી કરી આપત, પરંતુ તમારી ગફલતની તો એ હાલત છે કે તમે વુઝૂ વગર જ નમાઝ પઢી લીધી. *(કલાઈદુલ જવાહિર, પેજ–૧૦૮)*

આંખોનું લોહે મેહફૂઝ પર રહેવું, ખાદિમને કેટલીયવાર એહતેલામનું

જાણી લેવું, અબુલ ખિઝર હુસૈનીને અવલાદ ક્યાં થશે, એમનો છોકરો કોનાથી પઢશે, તેમનું નામ સુધ્ધાં બતાવવું, કેટલા સમયમાં, કેટલી ઉંમરે કુર્આન હિફ્ઝ કરશે, અબુલ ખિઝર કેટલા વર્ષની ઉંમરે, કઈ હાલતમાં, ક્યાં મરશે આ બધી જ વાતો જાણી લેવી. હજથી પાછા ફરતા હાજીઓની હાલત જાણી લેવી, તેઓ શું ખાવા ઈચ્છે છે તે જાણી લેવું, દમાસ્કસવાળા પહેલી વાર નહીં જીતી શકે, બીજી વાર જીતશે, વિના વુઝૂ નમાઝ પઢી લેનારને તેનું વુઝૂ ન હતું તે જાણી લેવું. આ બધી જ ગૈબની વાતો છે જે હઝરત પીરાને પીર મેહબૂબે સુબ્હાની એ પોતે બયાન ફર્માવી પોતાનો અક઼ીદો બતાવી દીધો કે મને (અલ્લાહ તઆલાએ) ઈલ્મે ગૈબ અર્પણ કર્યો છે.

## ★ હઝરત જુનૈદ બગદાદી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૨૯૭)*

આપ હઝરત સિર્રી સકતી ના ભાણ્યા અને મુરીદ છે. તમામ બુઝુર્ગોએ આપને સૈયદુત્તાઈફા અર્થાત સૂફીઓના ઈમામ સરદાર માન્યા છે. એમના જીવનના હાલાતમાં હઝરત દાતા ગંજબક્ષ સૈયદ અલી હિજવૈરી (લાહોરી) લખે છે કે હઝરત સિર્રી સકતી ની જાહેરી જિંદગીની હયાતીમાં લોકોએ હઝરત જુનૈદ બગદાદીને વાઅઝ કરવા વિનંતી કરી પરંતુ તેમણે એ કબૂલ ન કર્યું અને કહ્યું, જ્યાં સુધી મારા પીર મુર્શિદ હાજર છે હું વાઅઝ કરી શક્તો નથી.

એક રાત્રે હુઝૂર સૈયદે આલમ તાજદારે કાઈનાત નો ખ્વાબમાં દીદાર થયો. આપે ફર્માવ્યું જુનૈદ ! લોકોને વાઅઝ નસીહત કરો. અલ્લાહ તઆલાએ તમારા કલામ (નસીહતની વાતો)ને લોકો માટે નજાત છૂટકારાનો ઝરિયો (સબબ) બનાવ્યો છે. જાગ્યા તો દિલમાં ખ્યાલ આવ્યો કદાચ હવે મારો રૂહાની દરજ્જો પીર મુર્શિદથી પણ ઊંચો થઈ ગયો છે એટલા જ માટે હુઝૂર તાજદારે કાઈનાત એ મને હુકમ કર્યો છે.

સવાર થઈ ફજરની નમાઝ પછી હઝરત સિર્રી સકતી એ મુરીદને મોકલી હુકમ આપ્યો કે લોકોની ઈચ્છા વિનવણી છતાં તમે વાઅઝ ન કરી, બગદાદના સૂફીઓ બુઝુર્ગોની સિફારિશ પણ રદ કરી દીધી, મેં હુકમ



આપવા છતાં વાઅઝ ન કરી, હવે તો દોઆલમના સરદાર અલ્લાહના હબીબ નો હુકમ થયો છે એમના હુકમ પર અમલ કરો !

હઝરત જુનૈદ ની આંખો ખુલી, હવે એમને સમજાયું કે મારા મુર્શિદ હઝરત સર્રી સકતી તો મારા ઝાહિર અને બાતિન (છુપા) તમામ હાલાતથી વાકેફ છે. એમનો દરજ્જો મારાથી ઘણો જ ઊંચો છે એટલા જ માટે કે એઓ જુનૈદના તમામ ભેદોથી પણ વાકેફ છે. અને જુનૈદ એમના હાલાતથી અજાણ છે. *(કશ્ફુલ મહજૂબ, પેજ–૧૦૭)*

અને લખે છે કે હઝરત જુનૈદ બગદાદી નો એક મુરીદ એમનાથી નારાજ થઈ ગયો અને સમજી બેઠો કે એને આરિફાના મુકામ મળી ગયો છે, હવે એને મુર્શિદની જરૂરત નથી. એક દિવસે એ પોતાના પીર હઝરત જુનૈદ ની પરીક્ષાની નિય્યતે આવ્યો. હઝરત જુનૈદ એના દિલના છુપા ભેદથી વાકેફ થઈ ગયા. તેણે કોઈ વાત પૂછી તો આપે કહ્યું, લફ્ઝી (શબ્દોમાં) જવાબ જોઈએ કે એનો માઅનવી ? તેણે કહ્યું, બંનેવ.

હઝરતે કહ્યું, લફ્ઝી જવાબ તો એ છે કે જો તું તારી પોતાની પરીક્ષા કરી લેત તો મારી પરીક્ષા માટે ન આવત. અને માઅનવી જવાબ તો એ છે કે, "મેં તને વિલાયતના મુક઼ામથી દૂર કરી દીધો." આ વાત ફર્માવતાં જ મુરીદનો ચેહરો કાળો થઈ ગયો. પછી આપે કહ્યું, "તને ખબર નથી કે અલ્લાહના વલીઓ છુપાં રહસ્યોને જાણતા હોય છે !" *(કશ્ફુલ મેહજૂબ, પેજ–૨૦૯)*

અને હઝરત અલ્લામા નબ્હાની લખે છે કે હઝરત અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ શિરાઝી એ જંગલમાં એક હરણને કૂવા ઉપર પાણી પીતું જોયું. એમને પણ તરસ લાગી હતી એટલે એઓ કૂવા પર પાણી પીવાના ઈરાદે ગયા, એમને જોતાં જ હરણ નાસી ગયું. કૂવાનું પાણી હરણ માટે ઉપર આવી ગયું હતું તે એકદમ તરત નીચે ઉતરી ગયું. આપને ખૂબ જ આશ્ચર્ય થયું. આપે અર્ઝ કરી, અય મારા પરવરદિગાર ! શું તારી બારગાહમાં મારું એટલું પણ સ્થાન નથી કે જેટલું આ હરણનું છે !

આપે એક (ગૈબી) અવાજ સાંભળ્યો, "તમારી કસોટી થઈ રહી હતી પરંતુ તમે સબ્ર ન કરી શક્યા. હરણ તો ડોલ દોરડાના સહારા વિના ફક્ત અલ્લાહના ભરોસે આવ્યું હતું, જ્યારે તમે તો ડોલ અને દોરડાનો સહારો

લઈ આવેલા છો.'' પછી આપે કૂવા તરફ નજર કરી તો તે ઠેઠ ઉપર સુધી ભરેલો હતો. આપે પાણી પીધું, ગુસલ, વુઝૂ કર્યું અને પોતાની પાણીની મશક પણ ભરી લીધી. પછી ત્યાંથી હજમાં રવાના થયા. હજથી વાપસ પરત થયા છતાં તે મશકનું પાણી પૂરું ન થયું.

જ્યારે આપ હઝરત જુનૈદ બગદાદી ની ખિદમતમાં હાજર થયા તો આપને જોતાં જ કહ્યું, જો તમે થોડીક વધુ સબ્ર કરતા તો પાણી એટલું ઉપર આવી જતું કે તમારા પગો નીચે વહી જતું અને તમે જ્યાં જતા ત્યાં તમારી પાછળ પાછળ ચાલ્યા કરતું. *(કરામાતે અવલિયા, પેજ-૪૯૪)*

પહેલી વાત જે ઉપર લખી તેનાથી જણાયું કે હઝરત સર્રી સકતી ના માટે હઝરત જુનૈદ બગદાદી નો અક઼ીદો હતો કે તેઓ ગૈબ જાણે છે. મારા બાતિની (છુપા) હાલાતથી તેઓ પૂરેપૂરા વાકેફ છે. અને બીજી વાતથી જણાયું કે એમણે મુરીદના દિલની કૈફિયત (હાલત)ને જાહેર કરી એમ કહ્યું કે વલીઓ દિલોના છુપા ભેદોથી પણ વાકેફ હોય છે, અને હઝરત મુહમ્મદ શિરાઝીને જોઈને જ એમના કૂવાવાળા બનાવને વર્ણવી દેવું એ સ્પષ્ટ સાબિતી છે કે હઝરત જુનૈદ બગદાદી નો પોતાના વિશે પણ એ અક઼ીદો હતો કે મને ગૈબનો ઈલ્મ મળેલો છે.

## ★ બાયઝીદ બુસ્તામી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૨૬૧)*

આપ એમના સમયના ઈમામુલ અવલિયા અને સુલતાનુલ અસ્ફિયા છે. ઈલ્મે જાહેરી અને બાતિનીમાં નિપૂણ હતા. આપની બુઝુર્ગી માટે દુનિયાના તમામ આલિમો સૂફીઓ એકમત છે ઈલ્મે ગૈબ બાબત એમનો અક઼ીદો જોઈએ :–

હઝરત મૌલાના રૂમ પોતાની મસ્નવી શરીફમાં લખે છે કે હઝરત બાયઝીદ ક્યાંક સફરમાં જઈ રહ્યા હતા કે રેય શહેરના ઈલાકામાં ખિરકાન તરફથી એમને સુગંધ આવી, આ સુગંધથી આપ એટલા પ્રભાવિત થયા કે કદી આપનો ચેહરો લાલ થઈ જતો તો કદીક સફેદ.

એક મુરીદે અરજ કરી, હુઝૂર ! શી બાબત છે ? હું આપના ચેહરા



મુબારકના રંગને ઘડી ઘડી બદલાતો જોઉં છું !

આપે કહ્યું એ તરફથી મને એક દોસ્તની (વલીની) સુગંધ આવે છે. જ્યાં ટૂંક સમયમાં જ એક મહાન વલીઅલ્લાહ પધારશે.

તે અલ્લાહવાળો અમુક વર્ષો પછી પેદા થશે જે આકાશની ઊંચાઈઓ પર પોતાની આરામગાહ બનાવશે.

કોઈએ પૂછયું, એમનું નામ શું હશે ? કહ્યું નામ અબુલ હસન છે. પછી એમના ચેહરા મુબારકનું પૂરેપૂરું વર્ણન કર્યું, ભંવર કેવા હશે ? દાઢીની નીચેનો ભાગ કેવો હશે ? મતલબ આખો ચેહરો જ બતાવી દીધો.

એમની ઊંચાઈ એમની મુખાકૃતિ અને વાળ વગેરે વિસ્તૃત રીતે બયાન કરી આપ્યું. હઝરતના ફર્માન મુજબ લોકોએ હઝરત અબુલ હસન ખિરકાનીની જન્મ તારીખને લોકોએ લખી લીધી.

જ્યારે તે સમય અને તારીખ આવી તો ખિરકાનમાં હઝરત અબુલ હસન ખિરકાની પૈદા થયા.

ઉપરોક્ત બનાવમાં હઝરત બાયઝીદ બુસ્તામી એ હઝરત અબુલ હસન ખિરકાનીની પૈદાઈશના ઘણા સમય પહેલાં તેમના જન્મ અને તારીખ ઉપરાંત શક્લો સૂરતની વિગતવાર ખબર આપી, આ બધી જ ગૈબની વાતો છે જેને આપે જાહેર કરી સાબિત કરી આપ્યું કે અલ્લાહે અમોને ઈલ્મે ગૈબ આપેલો છે અને એ અમારો અક઼ીદો છે.

હઝરત બાયઝીદ બુસ્તાની નો વિસાલ (મૃત્યુ) હિજરી ૨૬૧માં થયો અને અબુલ હસન ખિરકાનીનો હિ.સ. ૪૩૫ માં વિસાલ થયો. *(નફહાતુલ ઉન્સ)*

## ★ ઈમામુલ અવલિયા શૈખ શહાબુદ્દીન સોહરવર્દી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૬૩૨)*

હઝરત અલ્લામા તાદની લખે છે કે આપ ઈરાકના તે બુઝુર્ગોમાંથી છે કે જેમના ઉપર બાતિની હુકૂમતની હદ પૂર્ણ થાય છે. આપ મહાન આલિમ ફાઝિલ હતા. એમને અરબી ભાષા ઉપર ઘણો જ

ક઼ાબૂ હતો. ખૂબ જ સુંદર ખુશબયાન ભાષામાં બયાન કરતા. એમને ઈલ્મે લદુન્ની મળેલો હતો એટલું જ નહીં બલ્કે ગૈબની ઘણી બાબતો પણ બતાવી દેતા હતા. ઘણીય વાર કરામાતો એમનાથી જાહેર થયા કરતી હતી. કુર્આન અને સુન્નત પર ચુસ્તપણે અમલ કરતા. શરીઅત અને તરીક઼તમાં ઈજતેહાદનો મરતબો ધરાવતા હતા. મઝાર શરીફ બગદાદ શરીફમાં છે. આપ તે મહાન માણસોમાંથી છે કે જેમની પાસે હઝરત સૈયદના શૈખ અબ્દુલક઼ાદિર જીલાની ગૌષુલ આઝમ رضی اللہ عنہ ખૂદ પોતે જાતે તશરીફ લઈ આવ્યા અને કહ્યું, અય શહાબુદ્દીન ! તમે ખ્યાતનામ મહાન અવલિયાએ કિરામમાંના છેલ્લા વ્યક્તિ છો. *(કલાઈદુલ્ જવાહિર, પેજ–૩૯૧)*

અલ્લામા તાદની رحمۃ اللہ علیہ આપના સાથી શૈખ નજમુદ્દીન નકતીસી رحمۃ اللہ علیہ કહે છે કે હું એક દિવસે રાત્રે હઝરત શૈખ સોહરવર્દી رحمۃ اللہ علیہના ઈબાદતના ઓરડામાં દાખલ થયો તે એમના ચિલ્લાનો છેલ્લો દિવસ હતો. એ દિવસે રૂમમાં દાખલ થતાં જ મેં જોયું કે શૈખ ઊંચા પહાડ ઉપર છે અને આપની નજીક મોતી, હીરા, જવાહેરાતનો ઊંચો ઢગલો છે, આપ મુટ્ઠીઓ ભરી ભરી લોકો તરફ ફેંકી રહ્યા છે, લોકો દોડી દોડી તે ઉઠાવી રહ્યા છે. જ્યારે મોતી હીરાનો ઢગલો થોડો પણ ઓછો થાય કે તરત પાછો હતો તેટલો જ થઈ જાય છે. હું મારી પથારી પર જઈ સૂઈ ગયો. બીજે દિવસે આ દૃશ્ય જે મેં જોયું તે અંગે પૂછવા હિંમત કરી તો આપ પોતે જ હું બોલું તે પહેલાં કહેવા લાગ્યા, સાહેબઝાદા ! તમે જે કાંઈ જોયું તે બિલ્કુલ સાચુ જ જોયું છે અને આ જે કાંઈ છે તે હઝરત શૈખ સૈયદના અબ્દુલક઼ાદિર જીલાની رضی اللہ عنہ ના ફૈઝ અને એમની તાલીમના પરિણામે છે. *(કલાઈદુલ્ જવાહિર, પેજ–૩૯૧)*

હઝરત અલ્લામા તાદની رحمۃ اللہ علیہના કહેવા મુજબ આપ ગૈબની વાતો પણ બતાવી દેતા હતા. અને હઝરત શૈખ નકતીસી رحمۃ اللہ علیہના કહેવા મુજબ કે "મારા બોલતા પહેલાં જ એમણે બધી વિગત જણાવી દીધી."

સ્પષ્ટ થાય છે કે હઝરત શૈખ શહાબુદ્દીન સોહરવર્દી رحمۃ اللہ علیہનો એ અક઼ીદો હતો કે હું ગૈબ જાણુ છું, જો એવું ન હોત તો તેઓ કદી પણ ગૈબની વાતો પોતાની જીભ ઉપર લાવતા જ નહીં.



## ★ હઝરત અલી દાતાગંજ બક્ષ હિજ્વૈરી رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૪૬૫)*

આપ પુરાતન સમયના મહાન અવલિયાએ કિરામમાંથી છે. ઈલ્મે જાહેરી (શરીઅત) અને ઈલ્મે બાતિની (તરીક઼ત, મઅરેફ઼ત)માં અજોડ હતા. આપનો મઝાર શરીફ લાહોરમાં (પાકિસ્તાન) ખાસ અને અવામ માટે ઝિયારતગાહ છે. આપની અઝમત, મહાનતા, બુઝુર્ગીનો એ વાતથી અંદાજો લગાડી શકાય કે સુલતાનુલ હિંદ ખ્વાજા ગરીબનવાઝ رحمۃ اللہ علیہ આપના મઝાર પર હાજર થયા અને ત્યાં ચિલ્લો કર્યો, અને ત્યાંથી વિદાય વેળા દાતાની શાનમાં આ પંક્તિ કહી :–

*ગંજ બખ્શ ફૈઝે આલમ મઝહરે નૂરે ખુદા*
*નાકિસાં રા પીરે કામિલ કામિલાં રા રાહનુમા*

**ઈલ્મે ગૈબ બાબત હઝરત દાતાગંજ બક્ષ رحمۃ اللہ علیہનો અક઼ીદો જાણવા નીચેના બનાવો જોઈએ :–**

હઝરત દાતાગંજ બક્ષ પોતે લખે છે કે એક વૃધ્ધ આદમીએ બયાન કર્યું કે હું એક દિવસ હઝરત અબૂઅલી હુસૈન દક્કાહ رحمۃ اللہ علیہની મેહફિલમાં એવી નિય્યતે ગયો કે આજે હઝરતને મુતવક્કેલુન એટલે તવક્કલના મરતબા અને એમની હાલત બાબત પૂછીશ. જ્યારે મેહફિલમાં પહોંચ્યો તે વેળા હઝરતે તિબ્રસ્તાનનો બનેલો ખૂબ જ સુંદર અમામો (પાઘડી) બાંધેલો હતો.

વૃધ્ધ કહે છે કે મેં પૂછયું, હઝરત ! તવક્કલ અલલ હક્ક઼ શું ચીજ છે ? આપે કહ્યું, "લોકોની પાઘડીઓને લાલચી નજરે ન જોવું એને તવક્કલ કહે છે." આટલું જ કહ્યું અને પોતાની પાઘડી ઉતારી મારી સામે મૂકી દીધી. *(કશ્ફુલ મહજૂબ, પેજ–૨૪૪)*

અને આપ લખે છે કે હઝરત અબૂસઈદ ફઝલુલ્લાહ મેહની رحمۃ اللہ علیہ નીશાપુરથી તૂસ જઈ રહ્યા હતા. રસ્તામાં એક ઠંડો પ્રદેશ આવી રહ્યો હતો. ઠંડીના કારણે આપના પગ ઠંડા થઈ ગયા. એક દુર્વેશ આપની સાથે હતો તેણે વિચાર્યું પોતાનો કમરપટો ફાડી હઝરતના પગો ઉપર વિંટળાવી આપું. તરત એવો ખ્યાલ આવ્યો કે કમરપટો ખૂબ જ સુંદર છે એને આ

કામ માટે ફાડીને વેડફી નાખવો ઠીક નથી.

જ્યારે તૂસ પહોંચ્યા તે પછી તે દુર્વેશ આપને સવાલ કરે છે કે હઝરત ! વસવસા અને ઈલ્હામમાં શો તફાવત છે ?

હઝરતે કહ્યું, કમરપટો ફાડી પગો પર વિંટાળવું એ ઈલ્હામી ખ્યાલ હતો, અને જે ચીજ એ કામને રોકવાવાળી હતી તે વસવસો હતો. *(કશ્ફુલ મહજૂબ, પેજ–૨૪૭)*

અને લખે છે કે એક દિવસ હું હઝરત અબુલ ફઝલ મુહમ્મદ ખતલ્લી رحمۃ اللہ علیہને વુઝૂ કરાવી રહ્યો હતો. મારા દિલમાં વિચાર આવ્યો કે જ્યારે કે દરેક કામ નસીબના આધારે થાય છે તો આઝાદ સ્વતંત્ર લોકો શા માટે કરામતની આશાએ પીરોના ગુલામ બનીને રહે છે ? આપે તરત જ કહ્યું ! અય મારા પ્યારા દોસ્ત ! હું તારા દિલની હાલતને સમજી રહ્યો છું, તને એ વાતની ખબર હોવી જ જોઈએ કે દરેક ચીજને માટે અલ્લાહે સબબ બહાનુ પેદા કર્યું છે. જ્યારે અલ્લાહ તઆલા કોઈને રૂહાની બાદશાહત આપવા માંગે છે તો તે તેને એના કોઈ ખાસ બંદાની સેવામાં લગાવી દે છે કે જે સેવા ખિદમત એની રૂહાની કરામત થતા બુઝુર્ગીનું બહાનું બની જાય. *(કશ્ફુલ મહજૂબ, પેજ–૨૪૮)*

અને બીજે ઠેકાણે હઝરત દાતાગંજ બક્ષ رحمۃ اللہ علیہ લખે છે કે એક દિવસ હું અબુલ ક઼ાસિમ બિન અલી رحمۃ اللہ علیہની સામે મારા રૂહાની હાલાત અને મુશાહેદાત બયાન કરી રહ્યો હતો એટલા માટે કે તેઓ આ બાબતમાં એક સમયના અજોડ વ્યક્તિ ગણાતા હતા જેઓ મારી હાલત ઉપર નજર રાખે. જેઓ ખૂબ જ ધ્યાનથી સાંભળી રહ્યા હતા. મેં મારી જુવાનીના જોશ અને ખુમારમાં મારા બયાનને વધુ લંબાવ્યું એવા ખ્યાલથી કે હઝરત અબુલ ક઼ાસિમ આવા રૂહાની મુક઼ામો મર્તબાથી વાકેફ નથી, નહિતર આટલા ધ્યાન અને દિલચસ્પીથી સાંભળતા નહીં. એમણે તરત મારા દિલમાં ઉત્પન્ન થએલ વસવસાને જાણી લીધો અને કહ્યું, અય ભાઈ ! હું આટલા ધ્યાન અને દિલચસ્પીથી તારા હાલાત મુશાહેદાતની વાતો સાંભળું છું તે તારા એ હાલાત માટે નહીં પરંતુ એ હાલાતને પેદા કરનાર ખાલિક છે તેને માટે સાંભળું છું. આવી બાબતો તો તરીક઼તના રસ્તાના દરેક તાલિબની સમક્ષ આવે જ છે તારે માટે એ નવી ચીજ નથી.'' આ સાંભળી મારા તો હોશ જ



ઉડી ગયા. *(કશ્ફુલ મહજૂબ, પેજ–૨૫૦)*

એક બુઝુર્ગનું લાલચી નજરે પાઘડી (અમામા)ને જોવાનું જાણી લેવું, બીજાના કમરપટ્ટાને ફાડી બાંધવાને ઈરાદાને જાણી લેવું, ત્રીજા અને ચોથાનું દિલમાં ઉત્પન્ન થએલ ખયાલોને જાણી લેવું, આ બધી જ ગૈબની વાતો છે. આ બધી વાતો હઝરત દાતાગંજ બક્ષ رحمۃ اللہ علیہએ પોતાની કિતાબમાં લખી સ્પષ્ટપણે જણાવ્યું કે અલ્લાહવાળાઓને ગૈબનો ઈલ્મ મળેલો હોય છે, મારો પણ એ જ અક઼ીદો છે.

સફીનતુલ અવલિયા નામની કિતાબમાં છે કે હઝરત દાતાગંજ બક્ષ رحمۃ اللہ علیہ લાહોરમાં સ્થાયી થયા તો ત્યાં મસ્જિદ બનાવવાનો પાયો નાખ્યો. એ મસ્જિદની મેહરાબ (કિબ્લા રૂખ) ત્યાંની મસ્જિદોને જોતાં થોડી દક્ષિણ તરફ વધુ જણાતી હતી. કિબ્લારૂખ બરાબર ન હોવા બાબત ત્યાંના ઉલમાએ અવાજ ઉઠાવ્યો તો તે વખતે આપ ચૂપ રહ્યા. જ્યારે મસ્જિદ તૈયાર થઈ ગઈ તો આપે શહેરના તમામ આલિમો ફાઝિલોને દાવત આપી અને પોતે ઈમામત કરી નમાઝ પઢાવી પછી બધા જ નમાઝીઓને ઉભા કરી કહ્યું, જુઓ તો ક઼િબ્લો કઈ તરફ છે ? બસ આટલું કહેતાં જ સઘળા નમાઝીઓની આંખો સામેથી પર્દા ઉઠી ગયા અને કાબા શરીફ એમની સામે જ દેખાવા લાગ્યો ! હજારો માઈલ દૂરથી મક્કા મોઅઝ્ઝમામાં આવેલ કાબા શરીફ સર્વ વ્યક્તિઓએ નરી આંખે જોઈ લીધો. *(હદાઈકે હનફિયા, પેજ–૧૯૮)*

આ બનાવથી જણાયું કે હઝરત દાતાગંજ બક્ષ رحمۃ اللہ علیہનો પણ પોતાના વિષયમાં એ અક઼ીદો હતો કે મને પણ અલ્લાહે ગૈબનો ઈલ્મ અર્પણ કર્યો છે. હજારો માઈલ દૂર સેંકડો પર્દાઓ (જાહેરી આડ) વચ્ચે પણ હું મક્કા મોઅઝ્ઝમાને અહિંયાથી જોઈ રહ્યો છું અને જરૂરત પ્રસંગે બીજાઓને પણ બતાવી શકું છું.

## ★ ઝુબ્દતુલ ઉર્ફા હઝરત અલ્લામા શતનૂફી رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૭૧૩)*

અલ્લામા જલાલુદ્દીન સિયૂતીએ આપને (કિતાબ હુસ્નુલ મુહાજિરા)માં બેનઝીર (અજોડ) ઈમામ કહ્યા. આ'લા હઝરત ઈમામે એહલે સુન્નત

મુજદ્દિદે દીનો મિલ્લત ફાઝિલે બરેલ્વી એ અદ્દૌલતુલ મક્કિયામાં આપને આરિફે કામિલ, વલીએ કામિલ, આરિફોના સરદાર વગેરે શબ્દોથી સંબોધન કર્યું છે. એ અલ્લામા શતનૂફી પોતાની કિતાબ બહજતુલ અસ્રારમાં લખે છે કે અબુલ અફફાફ મૂસા બિન ઉષ્માને હિજરી ૬૬૩ માં કેરો શહેર (ઈજિપ્ત)માં અમોને કહ્યું હતું કે મારા પિતા અબુલમઆની ઉષ્માને હિજરી ૬૧૪ માં દમાસ્કસમાં (સિરિયામાં) કહ્યું હતું કે અમોને બે બુઝુર્ગો હઝરત અબૂઅમ્ર ઉષ્માન શરીફીની અને અબૂ મુહમ્મદ અબ્દુલહક઼ હરીમીએ હિજરી ૫૫૯માં બગદાદ શરીફમાં કહ્યું કે ત્રીજી સફર રવિવારના દિવસે હિજરી ૫૫૫ માં અમે સરકાર સૈયદના ગૌષે આઝમ رضی اللہ عنہના દરબારમાં હાજર હતા તો હઝરતે વુઝૂ કરી બે રકાત નમાઝ પાવડીઓ (તે સમયના ચપ્પલ) મુબારક પહેરીને પઢી સલામ ફેરવી ઊંચા આવાજે (તકબીર અલ્લાહુ અકબર)નો નારો મારી એક પાવડી ઊંચે હવામાં જોરથી ફેંકી પછી બીજો નારો મારીને બીજી પણ હવામાં ફેંકી. એ બન્નેવ અમારી આંખોથી ગાયબ થઈ ગઈ. પછી હઝરત પોતે પોતાની જગ્યાએ બેસી ગયા પરંતુ હૈબતને કારણે કોઈ કાંઈ જ પૂછી શક્યું નહીં. ૩૩ દિવસ પછી અજમ (અરબ દેશોની બહારનાને અજમ કહે છે)થી એક કાફલો આવ્યો અને કહ્યું અમારી પાસે હઝરતની એક બખ્શિશ ભેટ સોગાત છે. અમે હઝરતને અરજ કરી ઈજાઝત માંગી તો હઝરતે ફર્માવ્યું, લઈ લો ! અમે તે લીધી તો તેમાં એક મણ રેશમ કિનખાબના કપડાના તાકા, સોનું અને હઝરતની મુબારક પાવડીઓ હતી જે તે દિવસે એમણે હવામાં ફેંકી હતી.

અમે તેમને પૂછયું, આ પાવડીઓ (ચપ્પલ) તમારી પાસે ક્યાંથી આવી ? એમણે કહ્યું, ત્રીજી સફર રવિવારના દિવસે અમે લોકો સફર કરી રહ્યા હતા. એકાએક લૂંટારાઓનું ટોળું તેમના બે સરદારો સાથે અમારા ઉપર તૂટી પડયું, અમારો માલ સામાન લૂંટી લીધો, અમારા અમુક માણસોને મારી પણ નાંખ્યા. પછી એક નાળામાં માલ સામાનની વહેંચણી કરવા ઉતર્યા. અમે વિચાર્યું આપણે હઝરત શૈખ સૈયદ અબ્દુલક઼ાદિર જીલાનીને શા માટે યાદ કરી મન્નત ન માનીએ. અમે તે જ વખતે ઈરાદો કર્યો, યા અલ્લાહ ! હઝરત શૈખના વસીલાથી અમને મુસીબતમાંથી બચાવી લે, અમે હઝરતની બારગાહમાં મન્નત (ભેટ– સોગાત) હાજર કરીશું.



બસ હજુ અમે હઝરતને યાદ જ કર્યા હતા એવામાં અમે ભયંકર ડરાવી દે તેવા બે નારા સાંભળ્યા જેના અવાજથી જાણે જંગલ ધમધમી ઉઠયું ડાકૂઓ પણ એકદમ ડરથી ધ્રુજવા લાગ્યા. અમોને થયું કદાચ બીજા કોઈ ડાકૂઓ આવ્યા લાગે છે. ડાકૂઓ દોડીને અમારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે, ''મહેરબાની કરી આ તમારો માલ સામાન લઈ લો ! જુઓ અમારા ઉપર કેવી મહા આફત આવી પડી છે ! આમ કહી તેઓ અમોને એમના સરદારો પાસે લઈ ગયા. જોયું તો તે બંનેવ મરેલા પડેલા છે. એમની પાસે આ બંનેવ પાવડી (ચપ્પલ) મુબારક પાણીથી ભીંગેલી પડેલી હતી. એમણે બધો માલ સામાન પરત કરી ક્ષમા માંગી પછી કહ્યું, ખરેખર અમારા માનવા મુજબ આ બનાવમાં કોઈ અઝીમુશ્શાન ખબર છુપાએલી છે. *(બહજતુલ અસ્રાર, પેજ–૬૭)*

હઝરત અલ્લામા શતનૂફી رحمۃ اللہ علیہ લખે છે કે અમોને હઝરત શૈખ અબુલફતહ દાઊદ બિન અબુલ મઆલી નસર બિન શૈખ અબુલહસન અલી બિન શૈખ અબુલમજદ મુબારક બિન અહમદ બગદાદી હરીમી હંબલી رضی اللہ عنہએ ખબર આપી. એમણે કહ્યું કે અમોને અમારા પિતાએ કહ્યું, મેં મારા દાદા અબુલમજદથી સાંભળ્યું હતું કે હું એક દિવસ શૈખ મકારિમ પાસે એમના ઘેર પાણીની નહેરના કિનારે ઘર હતું ત્યાં ગયો. (શૈખ મકારિમ શૈખ અલી હૈતીના ખલીફા હતા) મારા દિલમાં વિચાર આવ્યો કે હઝરતની કોઈ કરામત જોવા મળત તો કેવું સારું ! તરત જ આપ મારા તરફ જોઈ મુસ્કરાયા અને કહ્યું, ખૂબ જ જલ્દી પાંચ માણસો આવશે જેમાં એક ગોરો લાલચોળ હશે જેના ગાલ ઉપર કાળો તલ છે, એની જિંદગી ફક્ત ૯ મહિના જ બાકી છે. બતાઈહ મુકામે એને વાઘ ફાડી ખાશે અને અલ્લાહ તઆલા એને ત્યાંથી જ ઉઠાડશે. બીજો ઈરાક઼નો રહેવાસી છે તે રંગે લાલ સફેદ કાણો અને લંગડો છે તે અમારી પાસે એક મહિનો બીમાર રહી મરી જશે. અને એક ઈજિપ્તનો રહીશ છે જે ઘઉંવર્ણો છે. એના ડાબા હાથમાં છ આંગળીઓ છે અને ડાબી સાથળ ઉપર ભાલો વાગ્યાનું નિશાન છે જે એને ત્રીસ વર્ષ પહેલાં વાગેલું હતું, એ હિંદુસ્તાનમાં વેપાર કરશે અને ત્રીસ વર્ષ પછી મરશે.

અને એક સિરિયન છે જે ઘઉંવર્ણો છે જેની આંગળીઓ ઉપર ગાંઠો છે.

તે હરીમમાં તારા ઘરના દરવાજા પર જ ૭ વર્ષ ૩ મહિના અને સાત દિવસ પછી મરશે. અને એક યમની છે તે રંગે ગોરો છે તે કાફિર છે, તેના કપડાંની નીચે જનોઈ છુપાવેલી છે. ૩ વર્ષથી ઘેરથી નીકળેલો છે હજુ સુધી તો કાફિર હોવાની બાબત તેણે કોઈને જ બતાવી નથી, તે મુસલમાનોને પરખવા માંગે છે કે તેના કાફિર હોવાની વાત કોણ બતાવે છે તે જોઉં.

અને બેશક ! અજમીએ શેકેલો ગોશ્ત ખાવાનું વિચાર્યું છે, ઈરાક઼ીએ ચાવલ સાથે બતક અને સિરિયને એપલ ખાવાનું અને યમનીએ કાચુ પાકુ ઈંડુ વિચાર્યું છે. કોઈએ એકબીજાના વિચારોને જણાવ્યા નથી અને ખૂબ જ ટૂંક સમયમાં એમની મરજી મુજબનાં ખાણા અમારી પાસે પહોંચી જશે. (અલ્લાહ તઆલાની જ હમ્દ ષના છે)

અબુલમજદએ કહ્યું, ખુદાની ક઼સમ ! હજુ થોડીક વાર લાગી હશે ને હઝરત શૈખના ફ઼ર્માન મુજબ પાંચેય માણસો આવી ગયા અને તેમના શારીરિક વર્ણનમાં જરા પણ ફરક ન હતો. મેં ઈજિપ્સીયનથી તેની સાથળ ના ઘા વિશે પૂછયું તો તેને મારા આ સવાલ પર ખૂબ આશ્ચર્ય થયું અને કહ્યું, મને આ ઘા ત્રીસ વર્ષ પહેલાં થએલો હતો.

એ પછી એક માણસ સેવામાં હાજર થયો તેની પાસે પેલા પાંચેયની મરજી મુજબનું ખાવાનું હતું એણે તે હઝરત શૈખ સામે મૂકી દીધું. પછી હઝરતના હુકમ કરવાથી તેણે દરેકની ઈચ્છા મુજબની ચીજો તેમના જણાવ્યા વિના જ તેમની સામે મૂકી દીધી અને એમને કહ્યું, જે તમારી ઈચ્છા છે તે ખાવ ! આ સાંભળી પેલા લોકોના તો હોશ જ ઉડી ગયા, તેઓ અવાચક બની એક બીજા સામે જોવા લાગ્યા.

જયારે તેઓને શાંતિ મળી તો તેમાંથી યમની મુસાફરે કહ્યું, યા શૈખ ! યા સૈયદ ! એ માણસની ઓળખ શી છે કે જે લોકોના ભેદો છુપા રહસ્યોથી પણ જાણકાર હોય છે ?

હઝરતે કહ્યું એની ઓળખ એ છે કે તેણે જાણી લીધું કે તું કાફ઼િર છે, તારા કપડાં નીચે તેં જનોઈ છુપાવેલી છે !

આ સાંભળી પેલો માણસ ચીસ પાડી ઉઠયો અને શૈખની ખિદમતમાં ઉભો થઈ ઈસ્લામ લઈ આવ્યો.



પછી આપ હઝરતે કહ્યું, તું મશાએખની પરીક્ષા લેવા ચાહતો હતો પરંતુ સાંભળી લે ! તારા છુપા કુફ્રની બધાને ખબર હતી, પરંતુ તેઓને એ પણ ખબર હતી કે તારું ઈસ્લામ ક઼બૂલ કરવાનું સદ્‌ભાગ્ય અલ્લાહે મારા હાથ ઉપર લખેલું છે જેના કારણે તારો આ ભેદ બતાવવું તેમને ઉચિત ન લાગ્યું.

એ ઉપરાંત એમનું મૃત્યુ એ જ રીતે થયું જેવું કે હઝરતે બતાવ્યું હતું, સમય સ્થળ બધું જ હઝરતના બતાવ્યા મુજબ જ હતું. ઈરાકી મુસાફર એક જ મહિનામાં હઝરતના પાસે રહી મૃત્યુ પામ્યો. હું તેના જનાઝામાં પણ હતો. સિરિયન મારા ઘરના દરવાજે હરીમમાં પડયો એનો અવાજ સાંભળી હું બહાર આવ્યો તો તે એકાએક મૃત્યુ પામ્યો હતો. મેં સમય તારીખ જોઈ તો બિલ્કુલ હઝરતના ફ઼ર્માન મુજબ બરાબર સાત વર્ષ ૩ મહિના અને સાત દિવસ થતા હતા. *(બહજતુલ અસ્રાર, પેજ–૨૦૦)*

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ આ બનાવોના કુલ ગૈબો (તમામ ગૈબો)ની તફસીલ આ રીતે લખે છે કે ''ખૂબ જ ટૂંક સમયમાં પાંચ આદમી આવશે એમાં એક અજમી છે, બીજો ઈરાકી, ત્રીજો ઈજિપ્સયન, ચોથો સિરિયન અને પાંચમો યમની. આ કુલ આઠ ગૈબ થયા. પછી અજમીના બારામાં ૧૧ ગૈબોની ખબર આપી કે તે ગોરો હશે, એની સફેદીમાં લાલાશ મળી હશે, એને તલ હશે, તલ ગાલ પર હશે, તે ગાલ જમણો ગાલ હશે, ગોશ્ત ખાવાની ઈચ્છા કરશે, અને તે પણ આગ પર સેકેલો, ન પકાવેલો, ન સૂકો. તે ૯ મહિના પછી મરી જશે, એની મૌત વાઘના ફાડી ખાવાથી થશે, અને બતાઈહમાં હશે ત્યાં દફન થશે, ત્યાંથી બીજે ફેરવાશે નહીં. અને ત્યાંથી જ તેનો હશ્ર થશે. (કયામતના દિવસે એ જ કબ્રમાંથી ઉઠશે)

એવી જ રીતે ઈરાક઼ી માટે ૧૧ ગૈબોની ખબર આપી તે ગોરો છે, તેમાં લાલશ છે, આંખમાં ફૂલ છે, પગે લંગડો છે, તે બતક ખાવાની ઈચ્છા રાખે છે, અને તે પણ ચાવલ સાથે ખાશે, એ બીમાર પડશે, અને અહીં જ એક મહિના પછી મરી જશે.

અને ઈજિપ્સયન માટે ૧૫ ગૈબો બયાન કર્યા તે ઘઉંવર્ણો હશે, છંગલયો એટલે એક હાથમાં છ આંગળીઓ હશે, છટ્ટી આંગળી ડાબા હાથમાં હશે,

એને ભાલાનો ઘા થયેલાનું નિશાન હશે, તે પણ જાંગ પર હશે, એ ઘા એનો ભરાયો નહીં હોય, ઘા ત્રીસ વર્ષ ઉપર વાગેલો હશે, તે મધ ખાવાની ઈચ્છા ધરાવશે, સાથે ઘીની પણ ઈચ્છા હશે, તે વેપારી હશે, તેના વેપારનું મથક હિંદુસ્તાન હશે, જિંદગીના અંત સુધી તે વેપાર કરશે અને હિંદુસ્તાનમાં જ મૃત્યુ પામશે અને તે પણ ત્રીસ વર્ષ પછી મરશે.

અને સિરિયન માટે નવ ગૈબની ખબર આપી. તે ઘઉંવર્ણો હશે પરંતુ તેમાં સફેદી વધુ પડતી હશે, આંગળીઓ પર મોટી મોટી ગાંઠો પડેલી હશે, એપલ ખાવની ઈચ્છા હશે, સિરિયન એપલ માંગશે, હરીમની જમીનમાં મરશે, એની મૌત અબુલમજદના ઘરના દરવાજા પર થશે, એની ઉંમરમાં ૭ વર્ષ ૩ મહિના અને સાત દિવસ જ બાકી રહ્યા છે. *(અક઼ીલતુલ મક્કિયા, પેજ–૧૭૧)*

ઉપરોક્ત લખાણના પહેલા બનાવમાં દૂર દૂરના સ્થળેથી કાફલાવાળાઓએ યાદ કર્યાનું હઝરત ગૌષુલ આઝમ બગદાદી رضی اللہ عنہનું જાણી લેવું પછી એમને કેવી મદદની જરૂરત છે તે જાણી લેવું વળી ડાકૂઓના બે સરદારો છે તે જાણી લેવું.

બીજા બનાવમાં શૈખ મકારિમે પાંચ આદમીઓ આવશે તેમની ભૂત ભાવિ અને વર્તમાન તમામ હાલાતને જાણી લેવું અને તેની ખબરો અગાઉથી આપી દેવી એ બધી જ ગૈબની વાતો છે.

આ બનાવોને લખવાથી જણાયું કે બુઝુર્ગાને દીનને ગૈબનો ઈલ્મ હોય છે. અલ્લામા શતનૂફીનો પણ એ જ અક઼ીદો છે જો એમનો એવો અક઼ીદો ન હોત તો આ બનાવોને પોતાની કિતાબ બહજતુલ અસ્રારમાં કદી પણ લખતા જ નહીં.

## ★ ઈમામુલ અવલિયા હઝરત બહાઉદ્દીન નક્શબંદી બુખારી رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૭૯૧)*

આપ નક્શબંદિયા સિલસિલાના મહાન બુઝુર્ગોમાંથી છે અને મહાન સૂફી બુઝૂર્ગોના સરદાર છે. નક્શબંદી સિલસિલો આપનાથી શરૂ થએલો ગણાય છે. આપનો જન્મ હિ.સ. ૭૧૭ માં અને વફાત હિ.સ. ૭૯૧ માં



થઈ. આપનો મઝાર બુખારાથી ૪ કિ.મી દૂર કસ્રે આરિફમાં લોકોની ઝિયારતનું મર્કઝ છે. ઈલ્મે ગૈબ બાબત હઝરતનો અક઼ીદો જાણવા નીચેના કેટલાક બનાવો જોઈએ.

હઝરત અલ્લામા નબ્હાની رحمۃ اللہ علیہ કહે છે કે હઝરત ખ્વાજા નક્શબંદ رحمۃ اللہ علیہના એક ખાદિમનું કહેવું છે કે હું હઝરતની સેવામાં મરૂ શહેરમાં હતો, ત્યાં મને મારા ઘરવાળાઓને મળવાની ઈચ્છા થઈ જેઓ બુખારામાં હતા. એટલા માટે કે મને મારા ભાઈ શમ્સુદ્દીનના મૃત્યુની ખબર મળી હતી પરંતુ હું હઝરતથી ઈજાઝત માંગવાની હિંમત કરી શક્યો નહીં. મેં અમીર હુસૈનથી વિનંતી કરી કે તમે મને બુખારા જવાની ઈજાઝત અપાવી દો. હઝરત જુમ્આની નમાઝ માટે ગયા ત્યાંથી પાછા ફરતાં અમીર હુસૈને મારા ભાઈના મૃત્યુની વાત કરી. હઝરતે કહ્યું એ કેવી ખબર છે એ તો જીવતા છે, આ જુઓ એમની સુગંધ મહેકી રહી છે ! હું તો એની ખુશ્બુ સુગંધને બિલ્કુલ નજીક જોઈ રહ્યો છું ! હજુ હઝરતની વાત પૂરી પણ થઈ ન હતી ત્યાં તો બુખારાથી મારા ભાઈ હાજર પણ થઈ ગયા, તેમણે આવી હઝરતને સલામ અરજ કરી. હઝરતે કહ્યું, અમીરહુસૈન ! જુઓ ! આ શમ્સુદ્દીન છે. હાજરજનો પર આ બનાવનો ઘણો જ અસર પડયો. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૬૩૨)*

હઝરત અલ્લામા નબ્હાની વર્ણન કરે છે કે એક દિવસે હઝરત ખ્વાજા નક્શબંદ બુખારામાં હતા. મગરિબની નમાઝ પછી આપે મૌલાના નજમુદ્દીનને કહ્યું, જો હું તમોને ચોરી કરવાનું કહું તો ચોરી કરશો ?

મૌલાનાએ કહ્યું, ના હુઝૂર !

આપે કહ્યું, કેમ ?

એમણે જવાબ આપ્યો, હુકુકુલ્લાહ (અલ્લાહના હક્ક઼) અદા કરવામાં ખામી આવે તો તેનો ઈલાજ (માફી) તૌબાથી થઈ શકે છે પરંતુ ચોરીનો સંબંધ તો બંદાઓના હક્ક઼ સાથે છે એનો ઈલાજ (માફી) શક્ય નથી.

આપે કહ્યું, જો તમે અમારા હુકમ પર અમલ નથી કરી શક્તા તો અમારો સંગ છોડી દો.

મૌલાના નજમુદ્દીન ખૂબ પરેશાન થયા. હઝરતથી ક્ષમા યાચના કરી

વચન આપ્યું કે હવે પછી હઝરતના કોઈ પણ હુકમની અવગણના કરીશ નહીં. સાથીઓએ પણ એમના માટે હઝરતને સિફારીશ કરી ક્ષમા માંગી તો હઝરતે તેમને માફ કર્યા

માફી પછી મૌલાના નજમુદ્દીન અને બીજા સાથીઓને લઈને સફરે નીકળ્યા. જ્યારે બાબે સકરકંદના મહોલ્લામાં પહોંચ્યા તો એક મકાન તરફ ઈશારો કરી કહ્યું, પેલા ઘરની દિવાલ તોડી અંદર ઘુસી જાવ અને ફલાણી જગ્યાએ સામાનથી ભરેલો થેલો પડેલો છે તે લઈ આવો. બધા સાથીઓએ આપના હુકમ પર અમલ કર્યો પછી એક ખૂણામાં જઈ બેસી ગયા. થોડીક વારમાં કૂતરાઓના ભસવાના અવાજ આવ્યો.આપે મૌલાનાને અને કેટલાક ખાદિમોને પેલા ઘર તરફ મોકલ્યા તો તેમણે જોયું કે બીજી દિવાલ તોડી ચોરો અંદર ઘુસેલો છે પરંતુ કોઈ ચીજ મળી નહીં. એ ચોરો એક બીજાને કહે છે, અમારા પહેલાં બીજા કોઈ ચોરો આવેલા છે જેઓ ઘરમાંથી બધું જ લઈ ગયા લાગે છે. હઝરતના સાથીઓ આ સાંભળી દંગ જ રહી ગયા.

ઘરનો માલિક એક બાગમાં રોકાયેલો હતો સવારમાં તેનો બધો જ માલ એક સાથી સાથે હઝરતે તેને પહોંચાડી આપ્યો.

હઝરતે તે સાથી મુરીદને કહ્યું, તેને કહેજે કે તારા ઘરમાં ચોરી થવાની છે, ફકીરોને આ વાતની ખબર પહેલેથી થઈ ચૂકી હતી જેથી બધો માલ સામાન અગાઉથી જ તારા ઘરમાંથી કઢાવી લીધો હતો. એ પછી હઝરતે મૌલાના નજમુદ્દીન તરફ જોઈ કહ્યું, જો શરૂઆતમાં જ અમારો હુકમ બજાવી લાવતા તો ઘણા જ રહસ્યો તમોને જાણવા મળતા. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૬૪૦)*

અને હઝરત અલ્લામા જામી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે પીર શૈખ કુત્બુદ્દીન જે હઝરત ખ્વાજા નક્શબંદ رحمۃ اللہ علیہના મુરીદ છે, એમણે અમોને એક બનાવ બયાન કર્યો કે હું જ્યારે નાનો છોકરો હતો તે વખતે હઝરતે મને કહ્યું, ફલાણા કબૂતરખાને જઈને કેટલાક કબૂતરો લઈ આવ. જ્યારે હું કબૂતરખાને ગયો તો એક કબૂતરનું બચ્ચું મેં મારી પાસે રાખી લીધું, બાકીનાં કબૂતરો ઝુબ્હ કરી હઝરતની પાસે લઈ આવ્યો. જ્યારે પકાવેલો ગોશ્ત



બધા હાજર લોકોને વહેંચ્યો તો મને આપવામાં ન આવ્યો અને કહ્યું, બેટા ! તેં તારો હિસ્સો જીવતો લઈ લીધો છે. *(નફહાતુલ ઉન્સ, પેજ–૬૨૫)*

શમ્સુદ્દીનના મૌતની ખબરનો ઈન્કાર કરી એ કહેવું કે એ જીવતો જ છે, બાબે સરકંદના મહોલ્લાના એક ઘરમાં ચોરી થવાની છે અને કિંમતી સામાન ક્યાં છે એ વાતોનું જાણી લેવું, છોકરાએ એક કબૂતર જીવતું છુપાવી પોતાના ઘેર રાખી લીધું છે એ જાણી લેવું, આ બધી વાતો ગૈબની જ છે જેને જાહેર કરીને હઝરત ખ્વાજા નક઼્શબંદ رحمۃ اللہ علیہએ પોતાનો અક઼ીદો જાહેર કરી આપ્યો કે અલ્લાહ તઆલાએ અમોને ગૈબનો ઈલ્મ આપેલો છે. બલ્કે સાફ શબ્દોમાં આપે પોતાનો અક઼ીદો બયાન ફર્માવી કહ્યું છે કે **જમીન અવલિયા અલ્લાહની જમાઅતની સમક્ષ એક નખની બરાબર છે એમની નજરથી કોઈ ચીજ છુપી નથી.** *(નફહાતુલ ઉન્સ, પેજ–૬૨૪)*

## ★ અલ્લામા જલાલુદ્દીન મુહમ્મદ રૂમી رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૬૭૨)*

આપ શરીઅત અને તરીક઼તના ગુઢ રહસ્યોના જાણકાર છે. આપનું નામ જલાલુદ્દીન મુહમ્મદ છે પરંતુ લોકજીભે મૌલાના રૂમના હુલામણા નામથી મશ્હૂર છે. આપ જન્મજાત વલી હતા. બાળપણમાં ૩ થી ૪ દિવસમાં ફક્ત એક જ વખત ખાતા હતા. કિરામન કાતેબીનને ફક્ત પાંચ વર્ષની જ ઉંમરે જોઈ લેતા હતા. આપની લખેલી કિતાબ મષ્નવી માઅનવી દુનિયામાં મષ્નવીએ મૌલાના રૂમથી પ્રખ્યાત છે. આપનો જન્મ હિ.સ. ૬૧૩ માં અને વફાત હિ.સ. ૬૭૨ માં થઈ. તુર્કીમાં આવેલા કોનિયા શહેરમાં આપનો મઝાર મુબારક ખાસ તથા આમ લોકો માટે ઝિયારતગાહ બનેલ છે. ઈલ્મ ગૈબના વિશે આપનો અક઼ીદો જોઈએ :–

આપ હઝરત મસ્નવી શરીફમાં લખે છે કે નબીએ રહમત તાજદારે કાઈનાત ﷺ એ વુઝૂ કર્યું અને જ્યારે મોજા શરીફ પહેરવા તે તરફ હાથ લંબાવ્યો તો આકાશમાંથી એક સમડી આવી અને ઝપટ મારી મોજાને ઉઠાવી ઉડી ઉપર જઈ મોજા મુબારકનું મોં નીચે તરફ ઉંધું કર્યું તો તેમાંથી સાપ નીચે પડયો. આપ લખે છે.

એ પછી એ મોજા મુબારકને સમડીએ નીચે લાવી હુઝૂર ની ખિદમતમાં રજૂ કરી આપ્યો અને અરજ કરી, હવે આપ એને પહેરી નમાઝ માટે તશરીફ લઈ જઈ શકો છો.

અહીં એક વહેમ ઉઠી શકે છે કે જો હુઝૂર ﷺ ગૈબનો ઈલ્મ ધરાવે છે, દરેક જાહેર અને છુપી ચીજોથી વાકેફ છે તો પછી મોજામાં સાપ હોવાનું કેમ જાણી લીધું નહીં !

આ શંકાનો જવાબ અલ્લાહના હબીબ ગૈબદાં નબી ﷺએ જે આપ્યો છે તે હઝરત મૌલાના રૂમ નીચેના શબ્દોમાં વર્ણાવે છે :–

અર્થાત : હુઝૂર ﷺએ ફર્માવ્યું જો કે અલ્લાહ તઆલા તમામ ગયબો મારા ઉપર જાહેર કરી આપ્યા છે પરંતુ મારું દિલ એ વખતે યાદે ઈલાહીમાં મશ્ગૂલ હતું એટલે સાપ હોવા તરફ મારું ધ્યાન રહ્યું નહીં.

રહી એ વાત કે સમડીને કઈ રીતે ખબર પડી કે મોજા મુબારકમાં સાપ છે, તો એ શંકાના નિવારણમાં મૌલાના જવાબ આપે છે સમડીએ સરકાર અબદકરાર ﷺને વિનંતી કરી,

*માર દર મોજા બ બીનમ અઝ હવા*
*નેસ્ત અઝ મન અકસે તુસ્ત અય મુસ્તફા*

**અર્થાત** : હવામાં ઉડતાં ઉડતાં મોજાની અંદરના સાપને જોવું એ મારી પોતાની ખૂબી નથી બલ્કે હે મુસ્તફા ! (ﷺ)એ આપના નૂરાની અક્સ અને પ્રતિબિંબની જ બરકત છે કે જેના પ્રતાપે મારા માટે તમામ ચીજો રોશન સ્પષ્ટ દેખાતી થઈ ગઈ. *(મસ્નવી મૌલાના રૂમ, જિ. ૩)*

અને મૌલાના રૂમ رحمۃ اللہ علیہ લખે છે કે એક દિવસે હુઝૂર નબીએ કરીમ ﷺએ હઝરત ઝૈદ رضی اللہ عنہને પૂછયું, અય મારા વહાલા સહાબી ! કહો આજે તમે કઈ હાલતમાં સવાર કરી ? હઝરત ઝૈદે અર્ઝ કરી, યા નબીયલ્લાહ ! મેં એ હાલતમાં સવાર કરી કે હું અલ્લાહનો બંદો અને મોમિન છું. અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, તમારા ઈમાનની કેટલીક નિશાનીઓ બયાન કરો !

અરજ કરી, યા રસૂલલ્લાહ ! જેવી રીતે મખ્લૂક આસ્માનોને જુએ છે એવી જ રીતે હું અર્શને અર્શવાળાઓ એટલે કે ફરિશ્તાઓની સાથે જોઉં છું.



આઠેય જન્નત અને સાતેય દોઝખને હું મારી સામે એવી રીતે જોઉં છું જેવી રીતે કે પૂજારી સામે મૂર્તિ હોય છે.

જન્નતી અને દોઝખી મારી સામે એવા સ્પષ્ટ છે કે જેવી રીતે કે આંખોવાળા સામે કીડી અને માછલી દેખાય છે.

હુઝૂર ! આપ મને ઈજાઝત આપો તો બયાન કરું અથવા હુકમ કરો તો ચૂપ થઈ જાઉં.

પ્યારા આક઼ા ﷺએ ફર્માવ્યું, ચૂપ થઈ જાવ. *(મષ્નવી શરીફ, જિ. ૧)*

આ બનાવોને મૌલાના રૂમ رحمۃ اللہ علیہ એ પોતાની મષ્નવી શરીફમાં બયાન કરી પોતાનો એ અક઼ીદો સ્પષ્ટ કરી આપ્યો કે હુઝૂર ﷺને ગૈબનો ઈલ્મ મળેલો છે અને હઝરત ઝૈદ પણ ગૈબ જાણતા હતા.

પહેલા બનાવથી એ પણ જણાયું કે હુઝૂર ﷺ કદી કોઈ બાબત ન જાણી તો તેનું કારણ એ કે હુઝૂરની એના તરફ તવજ્જુહ ન હતી, જેમ કે આપનું દિલ મુબારક યાદે ઈલાહીમાં મગ્ન હતું તો મોજામાંના સાપ તરફ ધ્યાન રહ્યું.

એનો દાખલો એ રીતે સમજો કે ઉસ્તાદ પોતાના શાગિર્દોને સબક સમજાવી રહ્યા હોય છે પરંતુ જે વિદ્યાર્થી બીજા વિચારોમાં ખોવાએલો હોય તે બહેરો ન હોવા છતાં તે ઉસ્તાદની વાતોને સાંભળતો નથી. અને એ એટલા જ માટે કે તેનું ધ્યાન બીજે જ લાગેલું હતું. ઉસ્તાદની વાતો તરફ તેનું ધ્યાન હતું નહીં.

જલ્સાઓમાં મુક઼ર્રિર માઈક પર બયાન કરી રહેલા હોવા છતાં સ્ટેજ પર બેઠેલો માણસ બીજા વિચારોમાં ગુમ થયો હોય તો તેને મુક઼ર્રિરની વાતો સંભળાતી નથી (તમે તેમને પછીથી સવાલ કરશો કે મૌલાનાએ શું બયાન કર્યું ? તો કહેશે માફ કરજો હું બીજા જ ખયાલોમાં ડૂબી ગયો હતો.)

એવી જ રીતે કદી કદી કોઈ ચીજ નજર સમક્ષ હોય છે પરંતુ તે તરફ ધ્યાન ન હોવાને કારણે દેખાતી નથી. દા.ત રેલ્વે સ્ટેશન પર ટ્રેનના આવવા જવાનો ચાર્ટ લાગેલો છે તેમાં તમારે જે ટ્રેનમાં જવું છે તેનો ટાઈમ પણ લખેલો છે પરંતુ જો તમારું ધ્યાન એના ઉપર નહીં હોય તો તમને દેખાશે નહીં . એવી જ રીતે કબાટમાં કિતાબો ગોઠવેલી છે તેની જિલ્દો પર નામો

પણ લખેલાં છે, પરંતુ જો તમારી તવજ્જુહ બીજે હશે તો જે કિતાબ તમારે જોઈએ છે તે જોવા છતાં તમને દેખાશે નહીં. એ જ રીતે કબાટમાં ગોઠવેલી દવાઓની બોટલોને પણ સમજી લો.

દવાઓની બોટલ હોય કે કબાટમાં ગોઠવેલી કિતાબ હોય કે બીજી કોઈ વસ્તુ આપણી તવજ્જુહ બીજે ઠેકાણે હશે તો તે ચીજ આપણી નજર સામે હોવા છતાં દેખાતી નથી, એવી જ રીતે ગયબની બધી જ ચીજો અલ્લાહના મેહબૂબ દાનાએ ગોયૂબ ﷺની સામે જ છે પરંતુ કદીક તે આપને નજર નથી આવતી કારણ કે આપની તવજ્જુહ તેના તરફ નથી હોતી.

અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની લખે છે કે જિબ્રઈલ علیہ السلامએ આપ ﷺના શક્કે સદર અર્થાત સીના મુબારકને ચીરી જ્યારે આબે ઝમઝમથી ધોયું અને તે પછી ફર્માવ્યું, કલ્બ મુબારક તમામ પ્રકારની ખામીઓથી પવિત્ર અને એબ વગરનું છે, એમાં બે આંખો છે જે જુએ છે અને બે કાન છે તે સાંભળે છે. *(ફત્હુલબારી, જિ. ૧૩, પેજ–૪૧૦)*

હુઝૂર સૈયદે આલમ ﷺના દિલ મુબારકની એ બે આંખો અને કાન ગૈબની વાતો જોવા અને સાંભળવા માટે છે. જેવું કે હુઝૂર નબી ﷺએ પોતે ફર્માવ્યું છે કે, હું તે ચીજો જોઉં છું જે તમે નથી જોતા, અને તે વાતો સાંભળું છું જે તમે નથી સાંભળતા. *(અહમદ તિર્મિઝી, ઈબ્ને માજા, મિશ્કાત, પેજ–૪૫૭)*

જાહેરી આંખ કાન હમેશાં જુએ અને સાંભળે છે પરંતુ જ્યારે કદીક તવજ્જુહ નથી હોતી તો ન કાન સાંભળી શકે છે ન તો કદીક આંખો જોઈ શકે છે. એવી જ રીતે અલ્લાહના હબીબ, ગૈબોનો જાણકાર ﷺ દિલની આંખો અને કાનથી હમેશાં ગૈબની વાતો જુએ છે અને સાંભળે છે પરંતુ જ્યારે તે યાદે ઈલાહીમાં ડૂબી જાય છે તો તવજ્જુહ બીજે તરફ હોય છે તો તે વખતે ગૈબની વાતો હુઝૂર ﷺને માલૂમ નથી પડતી.

મૌલાના રૂમી رحمۃ اللہ علیہ જણાવે છે :–

*લોહે મેહફૂઝસ્ત પેશે અવલિયા*
*અઝ ચેહ મેહફૂઝસ્ત મેહફૂઝ અઝ ખતા*



**અર્થાત** : લોહે મેહફૂઝ અવલિયાએ કિરામની નજરોની સામે છે અને એ લોહે મેહફૂઝ એવું છે જે દરેક પ્રકારની ગલતી ભૂલોથી મેહફૂઝ છે. અને આપ رحمۃ اللہ علیہ કહે છે

*કામિલાં અઝ દૂર નામત બિશનોન્દ*
*તા બ કઅરે તારો પોદત દર રવન્દ*

**અર્થાત** : અય સાંભળનાર ! અવલિયાએ કિરામ દૂરથી તારું નામ સાંભળે છે ત્યાં સુધી કે તારા તાણા વાણાની અંદર પણ ચાલે છે અર્થાત તારા રગ રેસા (શરીરની જાહેરી બાતિની હાલત)થી પણ વાકેફ હોય છે.

*બલ્કે પેશ અઝ ઝાદને તૂ સાલહા*
*દીદા બા શંદત તુરા બા હાલહા*

**અર્થાત** : બલ્કે પેદા થવાના વર્ષો પહેલાંથી તારા તમામ હાલાત તેઓ જોઈ રહ્યા હોય છે.

*હાલે તૂ દાનન્દ યક યક મૂ બમૂ*
*ઝાંકે પુર હસ્તન્દ અઝ અસ્રારે હૂ*

**અર્થાત** : તમારા દરેક હાલતના રજ રજ માત્રથી પણ તેઓ જાણકાર છે એટલા કારણે કે તેઓમાં અલ્લાહ રબ્બુલ આલમીનની કુદરતના અસ્રાર (ભેદો) સમાએલા છે.

આ પંક્તિઓથી હઝરત મૌલાના રૂમ رحمۃ اللہ علیہ નો અકીદો સાફ સાફ જણાય આવ્યો કે અવલિયાએ કિરામને પણ ગૈબનો ઈલ્મ મળેલો હોય છે. એટલા માટે કે એમની નજર સમક્ષ લોહે મેહફૂઝ હોય છે. જેમાં તમામે તમામ ચીજોનું બયાન છે અને અવલિયા અલ્લાહ લોકોના દરેક હાલાતથી વાકેફ હોય છે ત્યાં સુધી કે તેમના જન્મથી ઘણા જ સમય પહેલાંથી તેઓ તેમના હાલત જાણતા હોય છે.

## ★ હુજ્જતુલ ઈસ્લામ હઝરત અલ્લામા ઈમામ ગિઝ્ઝાલી رحمۃ اللہ علیہનો અકીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૫૦૫)*

આપ નબુવ્વતની વિશિષ્ટતાઓ બાબત બયાન કરે છે કે બેશક ! નબી

માટે એક એવી સિફત હોય છે કે જેનાથી તેઓ ભવિષ્યની ગૈબની વાતો જાગતાં અથવા ખ્વાબમાં જાણી લે છે એટલા કારણે કે એ જ સિફતથી તેઓ લોહે મેહફૂઝને જોઈ રહ્યા હોય છે, તો એમાં જેટલી ગૈબની વાતો છે તેને તેઓ જુએ છે *(અહયાઉલ ઉલૂમ, જિ. ૪, પેજ–૧૯૪)*

અને બીજે ઠેકાણે લખે છે કે જ્યારે બાતિન સાફ થઈ જાય છે ત્યારે ભાવિમાં જે બનાવો બનવાના છે તે તેના દિલની આંખો સામે સ્પષ્ટ જાહેર થઈ જાય છે. *(અહયાઉલ ઉલૂમ, જિ. ૪, પેજ–૫૦૪)*

આ લખાણોથી સ્પષ્ટ રીતે ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہએ સાબિત કરી આપ્યું કે અમારો અક઼ીદો છે કે નબી ગૈબ જાણે છે એટલા માટે કે એમનામાં ગૈબ જાણવાની ખૂબી હોય છે બલ્કે અલ્લાહના બીજા મક઼બૂલ બંદાઓના દિલોમાં પણ ગૈબની વાતો જાહેર થતી હોય છે.

## ★ સુલતાનુલ હિંદ ખ્વાજા મોઈનુદ્દીન અજમેરી رحمۃ اللہ علیہ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૬૩૩)*

હઝરત ખ્વાજા સાહેબ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જ્યારે મુસલમાનો માટે દુઆ ગુજારનાર આ ફક઼ીર હક઼ીર બંદાઓમાં સૌથી નાચીઝ મોઈનુદ્દીન હસન સંજરીને બગદાદ શહેરમાં ખ્વાજા જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ ની મસ્જિદમાં હઝરત ખ્વાજા ઉસ્માન હારૂની رحمۃ اللہ علیہ ની ક઼દમબોસીની સઆદત નસીબ થઈ તે વખતે કેટલાક મહાન સૂફી સંતો પણ હાજર હતા. તો મેં મારું માથુ ક઼દમ મુબારક પર મૂક્યું જ હતું કે તરત જ આપે હુકમ કર્યો, જા ! બે રકાત નમાઝ શુક્રાનાના અદા કર. હઝરતના હુકમ મુજબ બે રકાત નમાઝ શુક્રાના અદા કરી હાજર થયો તો કહ્યું, ક઼િબ્લા તરફ મોં કરી બેસ. મેં ક઼િબ્લા તરફ મોં કર્યું અને બેઠો. પછી કહ્યું, સૂરએ બકરહ પઢ ! મેં પૂરી સૂરત પઢી. તો આપે કહ્યું, ૨૧ વખત દુરૂદ શરીફ અને ૨૧ વખત સુબ્હાનલ્લાહ પઢ. જ્યારે હું પઢી ચૂક્યો તો હઝરત મારો હાથ પકડી ઉભા થયા અને આકાશ તરફ મોં કરી કહ્યું, આવ ! તને અલ્લાહ તઆલા સુધી પહોંચાડી આપું, અલ્લાહવાળો બનાવી આપું. આમ કહી, આપે એક કાતર લઈ મુજ નાચીઝના માથા ઉપર ચલાવી અને પોતાની ગુલામીમાં



સામેલ કરી લીધો. પછી (કુલાહ ચાર ગોશા) ચો ખૂણી ટોપી જે ચિશ્તિયા તરીક઼ામાં ખિલાફત વેળા આપે છે તે મારા માથા ઉપર મૂકી અને એક ખાસ ચાદર અર્પણ કરી. કહ્યું, જા ! બેસી જા. પછી હુકમ કર્યો, અમારા ખાનવાદામાં  એક ખાસ મુજાહિદો કરવાની પ્રથા ચાલતી આવી છે માટે જા આજનો દિવસ અને પૂરી રાત ઝિક્રમાં મશ્ગૂલ થઈ જા.

આપના હુકમ મુબારક પ્રમાણે આ ફક઼ીરે (ખ્વાજા સાહેબ) પૂરો એક દિવસ અને એક રાત ઝિક્ર ઈબાદતમાં ગુજારી બીજા દિવસે હઝરત ખ્વાજા رحمۃ اللہ علیہ ની સેવામાં હાજર થયો તો આપે ફર્માવ્યું, બેસી જા અને ૧૦૦૦ વાર કુલ્હુવલ્લાહની સૂરત પઢ. જ્યારે હું પઢી ચૂક્યો તો ફર્માવ્યું, આકાશ તરફ નજર કર. મેં જોયું તો આપે કહ્યું, ક્યાં સુધી દેખાય છે ? મેં અરજ કરી, અર્શે આઝમ સુધી. આપે કહ્યું, નીચે જમીન તરફ નજર કર ! મેં જમીન તરફ જોયું તો આપે કહ્યું, ક્યાં સુધી જોઈ શકે છે ? મેં અરજ કરી તહતુષ્ષરા સુધી. (સાતેય જમીનની નીચે પેટાળ સુધી) પછી આપે કહ્યું, એક હજાર વાર સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) પઢ. હું પઢી ચૂક્યો તો ફર્માવ્યું, હવે આકાશ તરફ નજર કર ! મેં આકાશ તરફ જોયું તો આપે કહ્યું ક્યાં સુધી દેખાય છે ? મેં અરજ કરી હિજાબે અઝમત સુધી. આપે ફર્માવ્યું, આંખો બંધ કર ! મેં આંખો બંધ કરી. પછી ફર્માવ્યું શું દેખાય છે ? મેં અરજ કરી, ૧૮ હજાર આલમ દેખાય છે. તો આપે કહ્યું, હવે તારું કામ પૂરું થઈ ગયું. *(અનીસુલ અર્વાહ, પેજ–૫)*

હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رضی اللہ عنہના આ લખાણથી સાબિત થાય છે કે એમનો અક઼ીદો હતો કે અલ્લાહે એમને ગૈબનો ઈલ્મ આપેલો છે, કેમ કે પીરો મુર્શિદના પૂછવા પર કહ્યું કે અર્શે આઝમ સુધી અને નીચે તહતુષ્ષરા સુધી દેખાય છે. ફરીથી કહ્યું કે એથીય વધુ હિજાબે અઝમત સુધી દેખાય છે ઉપરાંત બે આંગળીઓ વચ્ચે ૧૮૦૦૦ આલમ જોઉં છું

## ★ કુત્બુલ અકતાબ ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૬૨૪)*

આપ સુલતાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ના મુરીદ અને

ખલીફા અને હઝરત ખ્વાજા બાબા ફરીદુદ્દીન ગંજેશકર ના પીરો મુર્શિદ છે. આપ મહાન અવલિયા અલ્લાહ અને સૂફીઓના ગિરોહના સરદારોમાંથી છે. આપનો મઝાર શરીફ દિલ્હીમાં મહરોલી મુકામે ખ્વાસો આમની ઝિયારતગાહનું કેન્દ્ર છે.

હઝરત ખ્વાજા અમીર કિરમાની رحمۃ اللہ علیہ લખે છે કે જ્યારે મશાઈખના સરદાર હઝરત શૈખુલ આલમ બાબા ફરીદુદ્દીન ગંજશકર رحمۃ اللہ علیہએ વિચાર્યું કે મુજાહિદા કરવામાં આવે. આપે એ વિષયમાં હઝરત શૈખ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ ની ખિદમતમાં વિનંતી કરી, હઝરત શૈખ બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, બાબા ફરીદ ! 'તૈ' કરો ! તો બાબા સાહેબ رحمۃ اللہ علیہ ૩ દિવસ સુધી લગાતાર રાત દિવસ ખાયા પિયા વિનાનો રોઝો રાખ્યો. ત્રીજા દિવસે ઈફતારીના ટાઈમે એક માણસ કેટલીક રોટલીઓ લઈને આવ્યો આપે એ રોટલીઓ એવું સમજી ખાય લીધી કે આ ગૈબથી આવી છે. ખાય રહ્યા પછી આપે જોયું કે એક કાગડો ઝાડ પર બેઠો બેઠો કોઈ મુર્દારની આંતરડીઓ ખાય રહ્યો છે. કાગડાને આ મુર્દાર ખાતાં જોયું કે આપને દિલમાં એ ખાવા તરફ નફરત પેદા થઈ અને તરત જ ઉલ્ટીઓ થઈ જેનાથી એમણે રોટલીઓ ખાધી હતી તે બધું જ નીકળી ગયું અને આપનું પાક પેટ એનાથી ખાલી થઈ ગયું.

જ્યારે આપ આપના મુર્શિદ હઝરત બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ ની મુલાકાતે હાજર થયા તો આપે કહ્યું, બાબા મસઊદ ! તમે જે રોટલીઓ ખાધી હતી તે એક દારૂડિયાના ઘેરથી આવી હતી, તમારા ઉપર અલ્લાહની મહેરબાની થઈ કે તમારા પેટે એ ખાવાને કબૂલ ન કર્યું ! હવે "જાવ અને ફરીથી 'તૈ' નો રોઝો રાખો. ત્રણ દિવસ પછી તમોને જે ચીજ ગૈબથી મળે તેનાથી જ રોઝો ઈફતાર કરજો." જેથી આપે ફરીથી ત્રણ દિવસનો 'તૈ' નો રોઝો રાખ્યો પરંતુ છ દિવસ વીતી જવા છતાં કોઈ ખાણું પહોંચ્યું નહીં. ખાવા પીવાના છ દિવસ ગુજરવાને કારણે આપના શરીરમાં ખૂબ જ અશક્તિ આવી ગઈ ત્યાં સુધી કે એક પહોર રાત વીતી ગઈ, કમજોરી ઓર વધી ગઈ, અને ભૂખની ગરમીથી નફસ બળવા લાગ્યો, ભૂખ તરસથી ન રહેવાતાં જમીન ઉપરથી હાથ મારી પથ્થરની કેટલીક કાંકરીઓ મોંમા મૂકી દીધી. આપના મોં મુબારકની બરકતથી તે પથરીઓ



સાકર બની ગઈ. શાઈર હકીમ સનાઈએ કેટલી સારી વાત કહી છે :–

*સંગ દર દસ્તે તૂ ગોહર ગરદદ*

*ઝહર દર કામ તૂ શકર ગરદદ*

*–(સિયરૂલ અવલિયા, પેજ–૧૪૧)*

અને હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજેશકર رحمۃ اللہ علیہ લખે છે કે (હિ.સ. ૫૮૪) રમઝાન મુબારકમાં જ્યારે આ દુઆગોને પીરો મુર્શિદની કદમ બોસીની દૌલત મળી તો હુઝૂર પીરો મુર્શિદ કુત્બુલ ઈસ્લામ બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ એ કુલાહ ચાર તુર્કી મારા માથા ઉપર પહેરાવી ઘણી જ મહેરબાની ફર્માવી. એ દિવસે હઝરત કાઝી હમીદુદ્દીન નાગોરી મૌલાના અલાઉદ્દીન કિરમાની, સૈયદ નૂરૂદ્દીન ગઝનવી, શૈખ નિઝામુદ્દીન અબુલ મોઅય્યદ, મૌલાના શમ્સુદ્દીન તુર્ક, ખ્વાજા મેહમૂદ મોઝાદોઝ અને બીજા સાથીઓ પણ ખિદમતમાં હાજર હતા. અવલિયા અલ્લાહના કશ્ફ તથા કરામાતની વાતચીત નીકળી તો ખ્વાજા કુત્બુલ ઈસ્લામ બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ આ શબ્દો જીભ મુબારક ઉપર લાવ્યા કે..... મને એટલે સુધી રોશની મળી છે કે આસ્માન ઉપર દષ્ટિ ફેકું છું તો અર્શ સુધી સાફ જોઈ શકું છું વચમાં કોઈ જ પર્દો આડે આવતો નથી. જ્યારે જમીન તરફ દષ્ટિ ફેકું છું તો તહતષ્ષરા સુધી બધું જ મને દેખાય જાય છે. *(મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત, ભાગ–૧, ફવાઈદુસ્સાલેકીન, પેજ–૧૧૩)*

અને હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજેશકર رحمۃ اللہ علیہ ફવાઈદુસ્સાલેકીનની મજલિસ નં–૨ માં લખે છે કે હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, એક વખતે હું અને કાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ બંનેવ કાબા શરીફનો તવાફ કરી રહ્યા હતા. એક બુઝુર્ગને જોયા તેમને પણ શૈખ ઉષ્માન નામે ઓળખતા હતા અને એઓ હઝરત ખ્વાજા અબૂબક્ર શિબ્લીના મુરીદોમાંથી હતા. એમના કમાલ અને બુઝુર્ગીની જાણ થતાં અમે બંનેવ એમની પાછળ થયા. તે જ્યાં જ્યાં જતા અમે તેમની પાછળ પાછળ જતા, એ જ્યાં પોતાનો કદમ મૂકતા અમે પણ તેમના કદમ પર કદમ મૂકતા. એ પીર રોશન ઝમીર હતા જેથી અમારા આ કામની તેમને ખબર પડી ગઈ. તેમણે પાછુ ફરી અમોને કહ્યું, એવી જાહેરી તાબેદારીથી શું થાય ? જે કામો હું કરું છું તે પણ કરો ! અમે બંનેવે પૂછયું, હઝરત !

આપ શું કરો છો ? એમણે કહ્યું, હું દરરોજ એક હજાર વખત કુર્આન મજીદ ખતમ કરું છું. અમે આ સાંભળી આશ્ચર્યમાં પડી ગયા અને અમારા દિલમાં વિચાર્યું કે કદાચ દરેક સૂરતની શરૂઆત પઢી પઢીને હજારની સંખ્યા પૂરી કરી લેતા હશે. આ વિચાર અમારા મનમાં હજુ આવ્યો જ હતો કે એ બુઝુર્ગે માથુ ઊંચુ કરી કહ્યું, એક એક હરફ કરીને પઢું છું.'' મતલબ એ કે શરૂથી આખર સુધી એક હરફ પણ છોડતો નથી, પૂરું કુર્આન મજીદ પઢું છું. *(મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત, જિ. ૧, પેજ–૧૨૦)*

હઝરત ખ્વાજા કુત્બુલ અકતાબ બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ નું એ ફર્માન કે, ''તમે ત્રણ દિવસ પછી જે રોટલીઓથી રોઝો ઈફતાર કરેલો તે એક શરાબીના ઘરનું ખાણું હતું.'' અને તે ફર્માવવું કે,'' ઉપર અર્શ સુધી અને નીચે તહતુષ્ષરા સુધી મારા માટે કોઈ જ પર્દો નથી, બધું જોઈ શકું છું.'' આથી એમનો એ અકીદો સાફ જાહેર કરે છે અલ્લાહે મને ઈલ્મે ગૈબ આપેલો છે, અને ખ્વાજા અબૂબક્ર શિબ્લીના મુરીદના બનેલા બનાવથી એમનો એ અકીદો સાબિત થયો કે અવલિયા અલ્લાહ દિલોના ભેદથી પણ વાકેફ થઈ જાય છે.

## ★ હઝરત શૈખુશ્શુયૂખુલ આલમ બાબા ફરીદુદ્દીન ગંજે શકર رحمۃ اللہ علیہનો અકીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૬૭૦)*

આપ હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ ના મુરીદ અને ખલીફા છે અને સુલતાનુલ મશાઈખ મેહબૂબે ઈલાહી હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ ના પીર મુર્શિદ છે. આપની જ ફૈઝભરી દષ્ટિએ હઝરત નિઝામુદ્દીન અવલિયાને સુલતાનુલ અવલિયા મેહબૂબે ઈલાહી બનાવી દીધા. આપનો બરકતવંતો મઝાર અજોધન (પાક પટ્ટન) શરીફમાં (પાકિસ્તાન) છે. ઈલ્મે ગૈબના બાબત આપનો અકીદો શો છે તે જોઈએ.

હઝરત ખ્વાજા અમીર ખુર્દ કિરમાની رحمۃ اللہ علیہ લખે છે કે સુલતાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ ફર્માવતા હતા કે હઝરત શૈખુલ આલમ બાબા ફરીદુદ્દીન رحمۃ اللہ علیہ ફજરની નમાઝ પછી ઝિક્રમાં મશ્ગૂલ હતા. માથુ મુબારક સજદામાં જમીન પર મૂકી યાદે



ઈલાહીમાં ડૂબી ગયા હતા. આ સ્થિતિમાં ઘણો જ સમય વિતી ગયો. ઠંડીની મોસમ હતી, ખૂબ ઠંડી હવા ચાલી રહી હતી એટલા માટે આપની ચાદર મુબારક (ચામડાની) લાવી આપની ઉપર ઓઢાડી દેવામાં આવી. કોઈ જ ખાદિમ ત્યાં ન હતા, ફક્ત હું જ હતો. એ વખતે એક માણસ આવ્યો અને મોટા આવાજે સલામ કરી. હઝરત શૈખનું માથુ મુબારક જમીન પર હતું અને ચાદર ઓઢેલી હતી એ વખતે એ જ હાલતમાં રહી કહ્યું, ''અહીં કોઈ છે ?'' મેં અરજ કરી, હુઝૂર ! ખાદિમ નિઝામુદ્દીન હાજર છે. આપે કહ્યું, હમણા અહીં જે માણસ આવેલો તે મોટા પેટવાળો, ટૂંકી ગરદનવાળો, નાના મોં વાળો અને પીળા રંગનો છે ? મેં જોયું તો એવો જ હતો. મેં અરજ કરી, જી હા ! એવો જ છે. ફરી આપે કહ્યું, સાંકળ વિંટાળેલી છે ? મેં જોયું તો શરીર ઉપર સાંકળ લપેટેલી હતી. ફરી આપે કહ્યું, કાનમાં કોઈ ચીજ લટકાવેલી છે ? મેં જોયું તો કાનમાં બૂટી જેવું કાંઈક હતું. મેં કહ્યું, જી હુઝૂર ! કાનમાં કોઈ ચીજ લટકાવેલી છે.

આપે કહ્યું, જાવ એને કહી દો કે તમારી બેઈજ્જતી થાય તે પહેલાં જ અહીંથી ચાલ્યા જાવ.'' મેં પાછું ફરી એના તરફ જોયું તો તે પોતે જ ત્યાંથી ચાલી ગયો હતો. *(સિયરૂલ અવલિયા, પેજ–૧૫૯)*

અને હઝરત ખ્વાજા અમીર ખુર્દ કિરમાની નિઝામી લખે છે કે સુલતાનુલ મશાઈખ હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અમે અજોધન જઈ રહ્યા હતા. સરસીના જંગલમાં મને સાપે કરડયો. જે માણસ અમારી સાથે હતો તેણે સાપ કરડવાની જગ્યાએ પાટો બાંધી દીધો. ઝેરની અસર જતી રહી અને હું સાજો થઈ ગયો. અમે મોડી રાત્રે અજોધન પહોંચ્યા તો શહેરમાં દાખલ થવાના દરવાજા બંધ થઈ ગયા હતા. સાથીઓએ કહ્યું, દિવાલ પર ચઢીને કૂદી અંદર દાખલ થઈ જઈએ. અમે જોયું કે દિવાલ પર ઠેક ઠેકાણે કાંણા પડેલાં છે. બધાય સાથીઓ ચઢી ગયા પણ મારી હિંમત થતી ન હતી. સાથીઓએ મારો હાથ પકડી ચઢાવી દીધો. સવારે હઝરત શૈખની સેવામાં હાજર થયા તો બધાંની એક પછી એક ખૈરિયત પૂછી પરંતુ મને પૂછયું નહીં. થોડીવાર પછી ફર્માવ્યું, સાપનું કરડવું એ તો અલગ વાત છે પરંતુ દિવાલ ઉપર ચઢવું એ કયાં આવેલું છે. *(સિયરૂલ અવલિયા, પેજ–૧૬૦)*

અને હઝરત ખ્વાજા અમીર ખુર્દ કિરમાની رحمة الله عليه લખે છે કે મેં મારા માનનીય કાકા સૈયદુસ્સાદાત સૈયદ મુહમ્મદ હુસૈનથી સાંભળ્યું છે કે એક વેળા શૈખુલ આલમ હઝરત બાબા ફરીદુદ્દીન ગંજે શકર رحمة الله عليه એ ખ્વાજાએ ખ્વાજગાં શૈખુલ ઈસ્લામ બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની رحمة الله عليهને પત્ર લખવા વિચાર્યું. પત્ર હાથમાં લઈ વિચારવા લાગ્યા, કાગળમાં એમના માટે કયા લક઼બો લખું ? પછી આપના દિલમાં ખ્યાલ આવ્યો લોહે મેહફૂઝ પર જે લક઼બ એમના માટે લખેલા છે તે લખું, જેથી એ ઈરાદે આકાશ તરફ પોતાનું માથુ મુબારક ઉઠાવી જોયું તો લોહે મેહફૂઝ પર એમનો લક઼બ "શયખુલ ઈસ્લામ" લખેલું હતું એટલે આપે પત્રમાં "શયખુલ ઈસ્લામ"ના લક઼બથી સંબોધન કર્યું. કોઈ અલ્લાહના વલીએ કહ્યું છે કે :–

*કુલૂબુલ આરિફીન લહા ઉયૂનુન*
*તરા માલા યરાહુન્નાઝિરુદના*

**અર્થાત** : આરિફોનાં દિલોને તે આંખો મળી હોય છે કે તેઓ એવી ચીજો જુએ છે કે સામાન્ય લોકો તે ચીજોને જોઈ શક્તા નથી. *(સિયરુલ અવલિયા, પેજ–૧૬૧)*

અને ખ્વાજા અમીર ખુર્દ કિરમાની رحمة الله عليه લખે છે કે સુલતાનુલ મશાએખ, મેહબૂબે ઈલાહી ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા رحمة الله عليه ફર્માવે છે કે એક માણસ દિલ્હીથી અજોધન (પાકપટ્ટન) જવા એટલા માટે રવાના થયો કે ત્યાં જઈ હઝરત શૈખુલ આલમ બાબા ફરીદુદ્દીન ગંજે શકર رحمة الله عليه ના હાથ પર તૌબા કરું. રસ્તામાં એક ગાનારી સ્ત્રી તેની સાથે થઈ ગઈ. તેણીએ ઘણા પ્રયત્નો કર્યા કે એ માણસ એની મોહબ્બતમાં ફસાય અને ગુનાહમાં સંડોવાય પરંતુ તે માણસ સાચા દિલથી તૌબાની નિય્યતે જતો હતો જેથી તેણે તેના તરફ જરા પણ નજર ન કરી ત્યાં સુધી કે એક જગ્યાએ સવારીમાં બંનેવેએ સાથે બેસવાનું થયું તો તે સ્ત્રી તેની બિલકુલ નજદીક આવી બેસી ગઈ, બંનેવની વચમાં કોઈ જ પર્દો ન હતો. તેણી જાણી બુઝી તેના શરીરને અડીને બેઠી હતી, આ સ્થિતિમાં એ માણસના દિલમાં જરાક ખતરો આવ્યો કે એની સાથે કંઈક વાતચીત કરું કે હું પણ તેને સ્પર્શ કરું, બસ ! તે જ વખતે એક માણસ આવ્યો અને એણે મને એક તમાચો મારી દીધો, કહેવા લાગ્યો કે તું ફલાણા બુઝુર્ગ પાસે તૌબા કરવા



જઈ રહ્યો છે અને તારી આ ચેષ્ટા ! અફસોસ છે તારા ઉપર ! તે માણસ તરત જ ગુનાહથી અટકી ગયો.

જ્યારે તે માણસ હઝરત શૈખુલ આલમ બાબા ફરીદુદ્દીન رحمة الله عليهની સેવામાં હાજર થયો તો સૌથી પહેલાં હઝરતે તેને કહ્યું, અલ્લાહ તઆલાએ ફલાણા દિવસે તમને મહાપાપમાંથી બચાવી લીધો. *(સિયરુલ અવલિયા, પેજ–૧૬૫)*

અને લખી રહ્યા છે કે હઝરત સુલતાનુલ મશાઈખ رحمة الله عليه ફર્માવે છે કે હઝરત પીર મુર્શિદ શૈખ ફરીદુલહક઼ વદ્દીન رحمة الله عليهના મુરીદોમાં એક મુહમ્મદ શાહ ગોરી નામનો મુરીદ હતો. કહેવાય છે કે તે આપથી ખૂબ જ સાચી અક઼ીદત તથા મહોબ્બત ધરાવતો હતો. એક દિવસે તે ખૂબ જ પરેશાન હાલતમાં આપની સેવામાં હાજર થયો, તેને પરેશાન અને ચિંતામય જોતાં હઝરતે પૂછયું, બતાવો ! કેમ પરેશાન જણાવ છો ? તો તેણે અરજ કરી, "હઝરત ! મારો ભાઈ ખૂબ જ બીમાર છે. હું જ્યારે તેની પાસેથી આવવા નીકળ્યો ત્યારે તેનામાં જિંદગીની થોડીક નિશાની બાકી હતી, કદાચ હવે તો તે આ દુનિયાથી વિદાય થઈ ચૂક્યો હશે, એ જ કારણે પરેશાન છું."

"હઝરતે કહ્યું, જેવા અત્યારે તમે પરેશાન છો હું આખી જિંદગી એવી જ રીતે પરેશાન રહ્યો છું પરંતુ હું તો કોઈને કહેતો નથી, જાવ ! તમારો ભાઈ તો સાજો તંદુરસ્ત થઈ ચૂક્યો છે."

મુહમ્મદશાહ જ્યારે ઘેર પાછા ફર્યા તો જોયું કે તેનો ભાઈ તંદુરસ્ત સાજો માજો છે અને બેઠો બેઠો ખાવા ખાઈ રહ્યો છે. *(સિયરુલ અવલિયા, પેજ–૧૬૫)*

હઝરત ખ્વાજા અમીર ખુર્દ કિરમાની નિઝામી رحمة الله عليه ફર્માવે છે કે હઝરત ખ્વાજા બાબા ફરીદુદ્દીન رحمة الله عليهના બધાય પુત્રો એ બાબતમાં સહમત હતા કે વાલિદ સાહેબને અજોધનની હદ બહાર જ્યાં શહીદોના મઝાર છે ત્યાં દફન કરવામાં આવે. એ જ નિય્યતે તે જગ્યાએ જનાઝો લઈને આવ્યા. એ જ વખતે આપના એક પુત્ર ખ્વાજા નિઝામુદ્દીન જેઓ આપને ખૂબ જ વહાલા હતા તેઓ સુલતાન ગ્યાસુદ્દીન બલ્બનના નોકર હતા તેઓને તે વખતે પટયાલી કસ્બામાં નોકરી હતી એઓ આવી પહોંચ્યા.

એમણે સ્વપ્નમાં જોયું હતું કે વાલિદ સાહેબ હઝરત બાબા ફરીદુદ્દીન એમને બોલાવે છે એટલે તેઓ તરત છૂટ્ટી લઈ અજોધન (પાકપટ્ટન) આવવા માટે રવાના થયા. આપ તે રાત્રે અજોધન પહોંચ્યા જે રાત્રે હઝરત બાબાનો વિસાલ થયો પરંતુ મોડી રાત્રે શહેરના દરવાજા બંધ થઈ જવાથી શહેરમાં દાખલ થઈ શક્યા નહીં. વફાતની રાત્રે વારંવાર આપ ફર્માવતા કે નિઝામુદ્દીન તો આવી ગયો છે પરંતુ ફાયદો શો ? જ્યારે કે એની મુલાકાત ન થઈ શકી ! જ્યારે સવાર થઈ શહેરના દરવાજા ખુલ્યા તો ખ્વાજા નિઝામુદ્દીન અંદર દાખલ થયા, જોયું તો સામેથી આપનો જનાઝો આવી રહ્યો હતો. *(સિયરુલ અવલિયા, પેજ–૧૭૧)*

અને આપ લખે છે કે સુલતાનુલ મશાઈખ મેહબૂબે ઈલાહી ફર્માવતા હતા કે શૈખ આરિફને શૈખુલ આલમ બાબા ફરીદુદ્દીને સીવિસ્તાન તરફ મોકલ્યા હતા અને એમને બયઅતની ઈજાઝત આપી હતી. એમનો કિસ્સો એવો બન્યો કે ઓચ અને મુલતાનનો એક બાદશાહ હતો અને આ બુઝુર્ગ એના ઈમામ હતા કે બીજા કોઈ સંબંધ હતા તો એ બાદશાહે એમને સો રૂપિયા આપી હઝરત બાબા ફરીદ رحمۃ اللہ علیہની સેવામાં મોકલ્યા. એમણે પચાસ રૂપિયા પોતાની પાસે રાખ્યા અને પચાસ આપની સેવામાં નજર કર્યા. તો હઝરત શૈખે મુસ્કરાઈને કહ્યું, આરિફ ! તમે ખૂબ સરસ ભાઈચારાનો હિસ્સો વહેંચ્યો છે. આ સાંભળી શૈખ આરિફ શરમિંદા થયા અને બાકીના પચાસ રાખેલા હતા તે પણ ખિદમતમાં રજૂ કરી દીધા, બલ્કે કાંઈક આપની પાસેથી વધારાના મૂકીને માફી માંગી અને બયઅત માટે વિનંતી કરી તો હઝરતે એમને બયઅત કરી પોતાના હલ્કામાં દાખલ કરી દીધા. *(સિયરૂલ અવલિયા, પેજ–૩૦૧)*

માથુ સિજદામાં હોવા છતાં આવનાર અજાણી વ્યક્તિના શરીરની પૂરેપૂરી રચના જાણી લેવી, સાપ કરડવા અને દિવાલ પર રહી દાખલ થવાનું જાણી લેવું, હઝરત બહાઉદ્દીન મુલ્તાની رحمۃ اللہ علیہના લક઼બને લોહે મેહફૂઝ પર વાંચી લેવું, વેશ્યા સ્ત્રીની બાબત, તેની સાથે આવનાર વ્યક્તિની નિય્યત જાણવી, મુહમ્મદશાહ ગોરીના ભાઈના તંદુરસ્ત થવાના હાલાત જાણી લેવા, પોતાના દીકરા નિઝામુદ્દીનના રાત્રે આવી જવાના સમાચાર આપવા, નજરાનામાં મોકલેલા રૂપિયામાંથી અડધા છુપાવી



લેવાનું જાણી લેવું, કેટલા મોકલેલા છે તે પણ જાણી લેવું. આ બધી જ ગૈબની વાતો છે, શૈખુશ્શોયુખુલ આલમ હઝરત બાબા ફરીદુદ્દીન ગંજે શકર رحمۃ اللہ علیہએ બધી વાતો બયાન કરી આપનો એ અક઼ીદો સાબિત કરી આપ્યો કે અલ્લાહે અમોને ઈલ્મે ગૈબ આપેલો છે, જો હઝરતનો એ અક઼ીદો ન હોત તો કદી પણ આપ આવી વાતો પોતાની જીભ ઉપર લાવતા જ નહીં.

## ★ સુલ્તાનુલ મશાઈખ મેહબૂબે ઈલાહી નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૭૨૫)*

હઝરત ખ્વાજા અમીર ખુર્દ رحمۃ اللہ علیہ લખે છે કે એક વેળા એક માણસ હઝરત મેહબૂબે ઈલાહીની સેવામાં ખાવા લઈ હાજર થયો. ખાવા લઈને આવતી વખતે તેના દિલમાં વિચાર આવ્યો કે, ''જો સુલતાનુલ મશાઈખ મેહબૂબે ઈલાહી મારા મોં માં કોળિયો આપે તો એ મારી કેટલી મોટી ખુશકિ઼સ્મતી ગણાય.''

જ્યારે તે માણસ ખાવા લઈને આવ્યો ત્યારે દસ્તરખાન પર ખાવા ખવાય ચૂક્યું હતું, હઝરત તે વખતે પાન ખાય રહ્યા હતા. હઝરતે પાનમાંથી થોડુંક પાન તેના મોં માં મૂકયું અને કહ્યું, લો ! આ પાન પેલા કોળિયાથી ઘણુ જ બહેતર છે.

અને લખે છે કે એક દિવસે બે મુરીદો આપની પાસે હાજર થયા તે બેમાંથી એકે વુઝૂમાં બરાબર એહતેયાત (સુન્નતોનો ખ્યાલ) રાખ્યા વિના વુઝૂ કર્યું હતું. હઝરતે સૌથી પહેલાં એનાથી જે વાત કરી તે એ હતી કે વુઝૂમાં ખાસ એહતેયાત કરવો જોઈએ કારણ કે વુઝૂ અલ્લાહ તઆલાના ભેદોમાંથી એક ભેદ છે. *(સિયરૂલ અવલિયા, પેજ–૨૪૩)*

અને ખ્વાજા અમીર ખુર્દ લખે છે કે એક વખત મૌલાના વજીહુદ્દીન હઝરત સુલતાનુલ મશાઈખ મેહબૂબે ઈલાહીની સેવામાં હાજરી આપવા આવી રહ્યા હતા. રસ્તામાં જ્યારે તેઓ કર્રાહના બાગોમાં પહોંચ્યા તો એક વૃધ્ધ આદમીને જોયો જે મુત્તક઼ી પરહેઝગારની શિકલ, લાંબો ઝબ્બો, હાથમાં લાકડી, ખભા ઉપર મુસલ્લો હતો તે સામે આવ્યો. તેણે મૌલાનાને સલામ કરી પછી કહ્યું, ઘણે જ દૂરથી આવી રહ્યો છું, કેટલીક જુદી જુદી

ઈલ્મી મુશ્કેલીઓમાં આપનાથી મદદનો ઈચ્છુક છું, મહેરબાની કરી મારી મુશ્કેલીઓ દૂર કરી દો. મૌલાના એ હા ભરી તો તેણે ખૂબ જ સમજદારી બુધ્ધિપૂર્વક પોતાના સવાલો રજૂ કર્યા. મૌલાનાએ એના શાંતિપૂર્વક સારા જવાબો આપ્યા. પરંતુ મૌલાના વિચારમાં પડી ગયા કે આ માણસ આ શહેરનો રહીશ તો નથી તો પછી એણે જુદા જુદા ક્ષેત્રોમાં આટલા બધા ઈલ્મો શિખ્યા ક્યાંથી ? જ્યારે તે ઈલ્મી ચર્ચાથી પરવાર્યો તો તેણે મૌલાનાને પૂછયું, તમે ક્યાં જઈ રહ્યા છો ! મૌલાનાએ કહ્યું, હું સુલતાનુલ મશાઈખ હઝરત નિઝામુદ્દીન અવલિયાની સેવામાં દિલ્હી જવા નીકળ્યો છું.

પેલા વૃધ્ધે કહ્યું, હું તેમને ઘણીવાર મળ્યો છું તેઓ તો એટલા મોટા આલિમ નથી જેટલા મોટા આલિમ તમે છો, છતાં તમે તેમની પાસે જાવ છો ! મૌલાનાએ કહ્યું, અસ્તગફિરૂલ્લાહ ! આ તમે શું બોલો છો ! સુલતાનુલ મશાઈખ ઈલ્મનો દરિયો છે અને એમનું બાતિન ઈલ્મે લદુન્નીથી જગમગે છે.

ફરી પેલો માણસ બોલ્યો હું એમને અનેકવાર મળેલો છું, તેમની પાસે ખાસ કાંઈ ઈલ્મ નથી, શા માટે તમે તેમની પાસે જાવ છો ! મૌલાનાએ કહ્યું, લા હવલા વલા કુવ્વત..... તમે આ કેવી બેકારની વાતો કરો છો ! તે માણસ મૌલાના સાહેબની બિલ્કુલ નજીક ઉભો ઉભો વાતો કરતો હતો, મૌલાનાના જવાબથી થોડે દૂર થઈ ગયો એટલે મૌલાના બીજી વાર લા હવલ..... પઢી તો તે મરદૂદ વધારે દૂર જઈ ઉભો થઈ ગયો. હવે મૌલાના વારંવાર લા હવલ..... પઢવા લાગ્યા તો તે ત્યાંથી ગાયબ થઈ ગયો.

જ્યારે મૌલાના વજીહુદ્દીન હઝરત મેહબૂબે ઈલાહીની સેવામાં હાજર થયા તો આપ રસ્તામાં બનેલો બનાવ બયાન કરે તે પહેલાં જ હઝરતે નૂરે બાતિનથી હક઼ીક઼ત જાણી લઈ કહ્યું, મૌલાના ! તમે પેલા માણસને બરાબર ઓળખી લીધો, જો તમે ઓળખવામાં જરા પણ ધોકો ખાય જાત તો તે તમને જરૂર લૂંટી ચૂક્યો હતો (ઈમાન અને અકીદતથી). *(સિયરૂલ અવલિયા, પેજ–૪૪૭)*

ઉપરોક્ત કિસ્સાઓમાં ખાવા લાવનારની દિલી તમન્નાને જાણી લેવી, વુઝૂ કરનારની નિષ્કાળજીઓને જાણી લેવું, મૌલાના વજીહુદ્દીનને રસ્તામાં શો વાક઼ેઓ બન્યો તેનાથી વાકેફ થઈ જવું, આ બધી જ વાતો ગૈબની છે જે



સુલતાનુલ મશાઈખ મેહબૂબે ઈલાહી        એ સ્પષ્ટ રીતે બતાવી જાહેર કર્યું કે અલ્લાહ તઆલાના ફઝ્લો અતાથી હું ગૈબની વાતો જાણી લઉં છું, આ જ અમારો અક઼ીદો છે.

ખ્વાજા અમીર ખુર્દ કિરમાની લખે છે કે સુલતાનુલ મશાઈખ ફર્માવતા હતા કે ગ્યાસપુરમાં અમારા રહેવા આવતા પહેલાં કિલાખરીની મસ્જિદે જુમ્આ પઢવા અમે જતા હતા, ગરમ ગરમ હવા ચાલતી હતી, મસ્જિદ ત્રણ કિલોમિટર દૂર હતી. હું રોઝાની હાલતમાં હતો, મને ચક્કર આવવા લાગ્યા એટલે એક દુકાને હું બેસી ગયો, મને વિચાર આવ્યો કે મારી પાસે સવારી હોત તો હું એની ઉપર બેસીને જાત, પછી શૈખ સાઅદી رحمۃ اللہ علیہનો આ શેર મારી જીભે આવ્યો :–

*મા ક઼દમ અઝ સર કુનૈમ, દર તલબે દોસ્તાં*
*રાહ બજાએ બર દહર કે બા કુદામે રફત*

મેં એ ખ્યાલથી દિલમાં તૌબા કરી. આ બનાવને ત્રણ દિવસ જ વિત્યા કે ખલીફા મલેક યારપરાં મારા માટે એક ઘોડી લઈને આવ્યો અને મને કહ્યું, આને ક઼બૂલ કરી લો. મેં કહ્યું, તમે પોતે એક દુર્વેશ છો, તમારાથી હું કેવી રીતે લઈ શકું છું. તેમણે કહ્યું, ત્રણ રાતોથી હું મારા મુર્શિદને બરાબર ખ્વાબમાં જોઈ રહ્યો છું, હઝરત શૈખ બરાબર એક જ વાત કહી રહ્યા છે, ફલાણા માણસ પાસે આ ઘોડી લઈને જાવ ! મેં કહ્યું, તમારી વાત તદ્દન સાચી પરંતુ મારા શૈખ પણ મને હુકમ કરશે તો હું ઘોડી કબૂલ કરીશ. એ જ રાત્રે મેં ખ્વાબમાં જોયું કે હઝરત શૈખુલ આલમ બાબા ફરીદુદ્દીન ગંજે શકર رحمۃ اللہ علیہ કહી રહ્યા છે કે મલેક યારપરાંના દિલને ખુશ કરવા ઘોડી કબૂલ કરી લે. બીજે દિવસે તે ઘોડી લઈ આવ્યો તો મેં એને અલ્લાહ તરફથી મોકલેલ સમજી ક઼બૂલ કરી લીધી. *(સિયરૂલ અવલિયા, પેજ–૨૪૬)*

હઝરત મેહબૂબે ઈલાહીએ આ બનાવને બયાન કરી પોતાનો એ અક઼ીદો જાહેર કર્યો કે મલેક યારપરાંના પીર મુર્શિદ અને મારા પીરો મુર્શિદ ગૈબની વાતો જાણી લે છે, આ બન્નેવ બુઝુર્ગો અમારી વાતોથી વાકેફ થઈ ગયા અને ખ્વાબમાં ઘોડી લેવા દેવાના હુકમ પણ કર્યા.

હઝરત અમીર ખુર્દ કિરમાની رحمۃ اللہ علیہ લખે છે કે સુલતાનુલ મશાઈખ હઝરત મેહબૂબે ઈલાહી નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ કહે છે કે નાગોરમાં

એક હિંદુ હતો, જ્યારે પણ શૈખ હમીદુદ્દીનની એના પર નજર પડતી તો કહેતા કે, "આ માણસ અલ્લાહનો વલી થશે, મરતી વખતે ઈમાન સાથે જશે, ખાતેમો ખૈર સાથે થશે." અને ખરેખર ! એવું જ થયું જેવું આપ કહેતા હતા. *(સિયરૂલ અવલિયા, પેજ–૨૬૫)*

અને આપ લખી રહ્યા છે કે શૈખ જમાલુદ્દીન હાંસવી رحمۃ اللہ علیہ હઝરત શૈખુલ આલમ હઝરત બાબા ફરીદુદ્દીન ગંજે શકર رحمۃ اللہ علیہના મુરીદ અને ખલીફા હતા. આપની મુરીદીના સદક઼ામાં શૈખુશ્શુયૂખ ના મરતબા પર પહોંચ્યા. સુલતાનુલ મશાઈખ હઝરત મેહબૂબે ઈલાહી ફર્માવતા હતા કે જે સમયે હઝરત શૈખુલ આલમે મને ખિલાફત આપી તો આપે કહ્યું, આ ખિલાફતનામુ હાંસીમાં મૌલાના જમાલુદ્દીન હાંસવીને દેખાડી લેશો. ખિલાફત મળતા પહેલાં જ્યારે હું તેમની પાસે જતો તો ઉભા થઈ મારી ઈજ્જત સાથે મુલાકાત કરતા હતા, જ્યારે ખિલાફત મળ્યા પછી એક દિવસે મુલાકાત માટે ગયો તો પોતાની આદતની વિરૂધ્ધ બેસી રહ્યા. મારા દિલમાં વિચાર આવ્યો, આ કામ તો એમની આદતની વિરૂધ્ધ છે. હજુ હું કંઈ બોલું તે પહેલાં તેમણે કહ્યું, નિઝામુદ્દીન ! તમારા દિલમાં એ વિચાર આવ્યો છે કે હું તમારા માટે ઉભો કેમ ન થયો પરંતુ એનું કારણ બીજું છે તે એ કે જ્યારે મારા અને તમારા વચ્ચે (ખિલાફત મળ્યા પછી) મહોબ્બતનો સંબંધ કાયમ થઈ ચૂક્યો છે તો હું અને તું બન્ને એક થઈ ગયા, હવે મારું મારા પોતાના માટે ઉભું થવું કેવી રીતે જાઈઝ હોય શકે ?

આ બંનેવ બનાવોના વર્ણનના આધારે હઝરત મેહબૂબે ઈલાહીનો સાફ સાફ એ અક઼ીદો સાબિત થયો કે મૌલાના હમીદુદ્દીન નાગોરી અને શૈખ જમાલુદ્દીન હાંસવી رحمۃ اللہ علیہ પણ ગૈબ જાણતા હતા, હિંદુ અલ્લાહવાળો અને વલી થઈ જશે એ વાતથી હઝરત હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ વાકેફ હતા અને હઝરત જમાલુદ્દીન હાંસવી દિલના ખ્યાલને તરત જ જાણી ગયા.

## ★ હઝરત શૈખ હસન અફઘાન رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૬૮૯)*

હઝરત બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની رحمۃ اللہ علیہ જેમનો મરતબો એ હતો કે એક વખત હઝરત કુત્બુલ અકતાબ ખ્વાજા બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہની



મુલાકાતે એઓ આવ્યા, જ્યારે પાછા જવા લાગ્યા તો હઝરત બખ્તિયાર કાકીએ એમના જોડા મુબારક પહેરતી વખતે સીધા કરીને આપ્યા. *(સિયરૂલ અવલિયા, પેજ–૧૩૨)*

હસન અફઘાન એ જ બુઝુર્ગ હઝરત ઝકરિયા મુલ્તાનીના મુરીદ અને ખલીફા હતા, સોહર્વદિયા સિલસિલાના ખ્યાતનામ શૈખ અને બુઝુર્ગોના ઉચ્ચ મરતબા ઉપર છે, ત્યાં સુધી કે હઝરત મેહબૂબે ઈલાહી નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ કહેતા હતા કે હઝરત ઝકરિયા મુલ્તાની ફર્માવતા હતા કે કાલે ક઼યામતના દિવસે અલ્લાહ તઆલા મને પૂછશે કે ઝકરિયા ! અમારા માટે શું લાવ્યા છો ? તો કહીશ, યા અલ્લાહ ! હસન અફઘાનને લાવ્યો છું. *(ફવાઈદુલ ફવાદ, મેહબૂબે ઈલાહી, પેજ–૧૭)*

## ★ હવે ઈલ્મે ગૈબના વિષયમાં એવો ઉચ્ચ મરતબો ધરાવનાર બુઝુર્ગનો અકીદો જોઈએ ! ★

હઝરત અલી સંજરી ફવાઈદુલ ફવાદના સંપાદક છે તેઓ લખે છે કે સુલતાનુલ મશાઈખ મેહબૂબે ઈલાહી નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, એક વખતે એક ગામમાં લોકો મસ્જિદ બનાવી રહ્યા હતા. ખ્વાજા હસન અફઘાન ત્યાં પહોંચ્યા તો લોકોને કહ્યું, મેહરાબ આ તરફ સીધી કરો ક઼િબ્લો આ તરફ છે, આમ કહી આપે હાથથી ઈશારો કરી બતાવ્યું. એક બુધ્ધિશાળી ત્યાં હતો તેણે ઝઘડો શરૂ કર્યો કે ના ! કિબ્લો તમે કહો છો તે ગલત છે, અમે કરીએ છીએ તે જ બરાબર છે. હઝરતથી ખૂબ જીદે ચઢ યો. છેવટે આપે કહ્યું, મારું મોઢું જે તરફ છે તે તરફ ફરી ઉભો રહે પછી બોલ કિબ્લો કઈ તરફ છે ! તે માણસે હઝરતના બતાવ્યા મુજબ મોઢું કરી જોયું તો સામે જ કાબા શરીફ જોયો જે તરફ શૈખ હસન અફઘાને કહ્યું હતું. *(ફવાઈદુલ ફવાદ, પેજ–૧૭)*

શૈખ હસન અલી સંજરી લખે છે કે સુલતાનુલ મશાઈખ મેહબૂબે ઈલાહીએ કહ્યું કે એક દિવસે હસન અફઘાન ક્યાંક જઈ રહ્યા હતા. નજીકની મસ્જિદમાંથી અઝાનનો અવાજ આવતાં આપ મસ્જિદમાં નમાઝ માટે ગયા. મોઅઝ્ઝિને તકબીર કહી, ઈમામે નમાઝ પઢાવી. હસન અફઘાન પણ જમાઅતમાં સામેલ હતા. બધા નમાઝીઓ જતા રહ્યા પછી તેઓ

ઈમામ સાહેબ પાસે આવ્યા અને ધીમેથી કહ્યું, ઈમામ સાહેબ ! જ્યારે તમે નમાઝ શરૂ કરી તો હું તમારી પાછળ પાછળ ચાલી રહ્યો હતો ત્યાં સુધી કે તમે દિલ્હી ગયા, ત્યાંથી ગુલાબો ખરીદયા, ત્યાંથી ખુરાસાન આવ્યા, ત્યાંથી મુલ્તાન આવ્યા અને પછી મસ્જિદમાં આવ્યા. હું તમારી પાછળ પરેશાન પરેશાન ફરતો રહ્યો ! આખર આ કેવી નમાઝ છે ?! *(ફવાઈદુલ ફવાદ, પેજ–૧૭)*

મુલ્તાન (પાકિસ્તાન)થી કાબા શરીફને જોવું અને ઈમામ સાહેબના દિલમાં પેદા થનારા ખયાલાતથી વાકેફ થઈ જવું, આ બન્નેવ વાતો ગૈબની છે. હઝરત ખ્વાજા હસન અફઘાને એને બયાન કરી પોતાનો અક઼ીદો જાહેર કરી આપ્યો કે અલ્લાહના ફઝ્લો કરમથી અમને ઈલ્મે ગૈબ મળેલો છે અને ઉપર જણાવેલ માણસને પાકિસ્તાનથી કાબા શરીફ દેખાડી એ સાબિત કરી દેખાડી આપ્યું કે અમે તો ગૈબના હાલાત જોઈએ છીએ પરંતુ જરૂરત પડે તો બીજાઓને પણ બતાવી શકીએ છીએ.

## ★ મખ્દૂમુલ મુલ્ક હઝરત શર્ફુદ્દીન યહયા મુનીરી رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૭૮૨)*

મેહબૂબે યઝદાની હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમનાની કછોછવી رحمۃ اللہ علیہ ગુલબર્ગા શરીફથી પંડવા શરીફ જઈ રહ્યા હતા. રસ્તામાં બિહારમાં આવેલ મુનીર શરીફ નજીક પહોંચ્યા તો તે દિવસે હઝરત યહયા મુનીરીની વફાત થઈ હતી. હઝરત મહબૂબે યઝદાનીને હઝરત યહયા મુનીરીથી મુલાકાતનો શોખ હતો પરંતુ તક઼દીરમાં દુન્યવી જાહેરી જિંદગીમાં મળવાનું લખ્યું ન હતું, પરંતુ હઝરત યહયા મુનીરી رحمۃ اللہ علیہએ વસીયત કરી હતી કે એક સૈયદ સહીહ નસબવાળા, સાતેય કિ઼રાઅતના હાફિઝ, બાદશાહી છોડીને આવવાના છે તેઓ આવીને મારા જનાઝાની નમાઝ પઢાવશે.

મખ્દૂમુલ મુલ્કનો વિસાલ થઈ ગયો, જનાઝો તૈયાર કરી લોકો વસિયત મુજબ હઝરત મખ્દૂમ સાહેબની રાહ જોઈ રહ્યા હતા. જ્યારે રાહ જોતાં થોડુ મોડુ થયું તો શૈખ જિલાઈ નામનો એક માણસ વસ્તીની બહાર તલાશ માટે નીકળ્યો. દૂરથી કાફલો આવતો જોયો. જ્યારે કાફલો નજીક પહોંચ્યો



તો ખૂબ જ ઉતાવળે હઝરત યહયા મુનીરીએ બતાવેલી નિશાનીઓવાળા માણસને શોધવા લાગ્યો. જ્યારે આપની પેશાની ઉપર નૂરે વિલાયતને રોશન જોયું તો પૂછયું, હુઝૂર ! આપ સૈયદ છો ? હઝરત મખ્દૂમ સિમનાની رحمۃ اللہ علیہએ કહ્યું, હા ! તો પછી આપની સાથે વાત કરતા હિફઝે કુર્આન વગેરે નિશાનીઓ જોઈ ખૂબ આદર, માનપાનથી વસ્તીમાં લાવી લોકોથી મુલાકાત કરાવી પછી બધાંએ જનાઝો પઢાવવા અરજ કરી. પ્રથમ તો ઈન્કેસારી આજિઝીને લઈ આપે કહ્યું, મારાથી બેહતર કોઈ હોય તેમની પાસે પઢાવો, હું બહારથી આવેલ મુસાફર છું. છતાં લોકોના કહેવા સાથે હઝરતની વસિયતને કારણે જનાઝાની નમાઝ પઢાવી. *(મેહબૂબે યઝદાની, પેજ–૯૭)*

સાચા નસબ (વંશાવલી)વાળા સૈયદ, બાદશાહતને છોડનાર, સાતેય કિ઼રાઅતના હાફિઝ અને પાછા તે આવી રહેલા છે, એવા બુઝુર્ગ માટે કોઈ જાતના ખબર અંતર સંદેશા વિના જનાઝો પઢાવવાની વસિયત કરી સૈયદ શર્ફુદ્દીન યહયા મુનીરી رحمۃ اللہ علیہએ પોતાનો અક઼ીદો જાહેર કરી આપ્યો કે અલ્લાહ તઆલાએ અમોને ગૈબનો ઈલ્મ અર્પણ કર્યો છે.

## ★ મેહબૂબે યઝદાની હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમનાની رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૮૦૮)*

જ્યારે આપ જાઈસ પહોંચ્યા ત્યાં કસબા સુવાદની દક્ષિણ પૂર્વ (અગ્નિ) ખૂણા તરફ એક બુઝુર્ગ હઝરત માઅરૂફ શહીદનો મઝાર છે તેની નજીક પડાવ નાખ્યો. મોડી રાત્રે આપના સાથીઓ અલ્લાહુનો ઝિક્ર ઊંચા અવાજથી કરી રહ્યા હતા, આજુબાજુની વસ્તીના લોકોને એ અવાજથી શાંતિભંગ જેવું લાગ્યું. નજીકમાં જ મૌલાના અઅલામુદ્દીન રહેતા હતા તેમણે આ અવાજ સાંભળી કહ્યું, આ ગોગાઈઓ ક્યાંથી આવ્યા ? મૌલાનાની આદત હતી કે દરરોજ સવારમાં નમાઝ બાદ હઝરત મઅરૂફ શહીદના મઝાર પર ફાતેહા પઢવા આવતા. એ દિવસે પણ સવારમાં ફાતેહા માટે આવ્યા, અહીં આવી જોયું કે હઝરત મખ્દૂમ رحمۃ اللہ علیہ સાથીઓ સાથે છે અને સાથીઓ સહિત આપ પણ ફાતેહા પઢવા આવેલા છે. મૌલાનાએ

એક સાથીને પૂછયું, આ કોણ બુઝુર્ગ છે ? તેમણે કહ્યું, અમે ગોગાઈ છીએ ! આ સાંભળી મૌલાનાને પોતે રાત્રે બોલેલા શબ્દો યાદ આવ્યા, તે ખૂબ શરમિંદા થયા અને હઝરત પાસે ખૂબ કાકલૂદી સાથે માફી માંગવા લાગ્યા. હઝરતે કહ્યું કે મૌલાના ! એ તો કોઈ ખાસ બાબત નથી જેની તમે માફી ચાહો છો અમે તો એનાથી પણ અનેક ઘણી વધુ બુરાઈની વાતો વેઠેલી છે. મૌલાનાએ આજિઝી નમ્રતાથી હઝરતનું દિલ ખુશ થાય તે માટે એવું વર્તન કર્યું કે હઝરત મૌલાનાથી ઘણા જ રાજી થઈ ગયા. *(મેહબૂબે યઝદાની, પેજ–૫૩)*

હઝરતની મેહફિલમાં એક ફિલોસોફર આવ્યો અને મેહફિલમાં બેસી ગયો. એની જાહેરી શિકલ સૂરત પહેરવેશથી એવું જણાતું હતું કે જાણે કોઈ પાકો મુસલમાન છે. જ્યારે આપ હઝરતની નજર તેના પર પડી તો કહ્યું, શા માટે બહુરૂપીનો વેશ ધારણ કર્યો છે ! તમે સૂફીઓની નજર સામે તમારી અસલી હકીકત છુપાવી શક્તા નથી. તે ફિલોસોફર ખૂબ શરમિંદો થયો અને દિલમાં જ તૌબા કરી. થોડીક વારે હઝરતે કહ્યું, અલ્હમ્દુલિલ્લાહ ! ખુદાએ તમોને તૌબાની તૌફીક નસીબ કરી. હઝરતના કશ્ફ (છુપી વાત જાણી લેવા)થી તેને બેહદ નવાઈ લાગી અને તેણે દોડીને હઝરતના કદમોમાં માથુ નાખી દીધું પછી આપનો મુરીદ થઈ ગયો. *(મેહબૂબે યઝદાની, પેજ–૭૧)*

હઝરત શૈખ નિઝામુદ્દીન ગરીબ યમની (સંપાદક લતાઈફે અશરફી) લખે છે કે જ્યારે દરિયામાં અમારું વહાણ રવાના થયું તો મારા દિલમાં વિચાર આવ્યો કે આ જમાનામાં એવો પણ કોઈ આશિક હશે જે દરિયામાં રહેનારા આરિફો અને આબિદોની ખબર આપી શકે. તરત જ હઝરત મખ્દૂમ સાહેબે કહ્યું, બેટા નિઝામુદ્દીન ! ફકીરો માટે એને જાણી લેવું તો તરણાને તોડવા કરતાં પણ વધુ સહેલું છે. *(મેહબૂબે યઝદાની, પેજ–૮૦)*

હિરાતમાં એક અમીર હઝરતથી બદઅકીદા થઈ ગયો. તેણે પરીક્ષા માટે આપની દાવત કરી, દસ્તરખાન પર ભાત ભાતના ખાણા મૂકવામાં આવ્યાં. એક વાસણમાં આખી મરઘીઓ તળેલી હતી. હઝરતે તેના તરફ બિલ્કુલ ધ્યાન આપ્યું નહીં. મેજબાને (ઘર માલિકે) ખૂબ આગ્રહથી તે મરઘીઓવાળું શાક આપના તરફ કર્યું અને કહ્યું, આપના માટે ખાસ



મહેનતથી બનાવવામાં આવ્યું છે, હઝરત થોડુંક તો કબૂલ કરો ! હઝરતે એક મરઘી લીધી તેમાંથી ઉઠાવી થોડું લીધું બાકીનું સાથી સૂફીઓને આપી દીધું અને કહ્યું "આ એક ફકીરોને લાયક હતી તે મેં લીધી બીજી જે છે તે તમારે લાયક છે જે મેં રહેવા દીધી છે." આ સાંભળી તેનું મોઢું બિલ્કુલ ફિક્કુ પડી ગયું. તે વખતે સાથી સૂફીઓ તો ન સમજી શક્યા પરંતુ પછીથી જાણ થઈ કે એક મરઘી જે હઝરતે ઉઠાવી તે પૈસા ખર્ચી વેચાતી મંગાવી હતી અને બીજી જુલ્મથી પડાવી લઈને તેણે મેળવેલી હતી જે હઝરતે મકાન માલિક અમીર માટે રહેવા દીધી હતી. *(મેહબૂબે યઝદાની, પેજ–૮૮)*

હિરાતથી યાગિસ્તાન જતાં હઝરતને એવા રસ્તાથી પસાર થવાનું થયું કે જ્યાં કેટલાય દિવસો સુધી સફર કરવા છતાં માનવ વસ્તીનું નામ નિશાન ન મળ્યું. ત્રણ દિવસ સુધી ખાધા પીધા વિના કાફલો ચાલ્યા જ કર્યો, સાથીઓ એકદમ હતાશ થઈ ગયા. જ્યારે એમની હાલત ખૂબ જ બગડી ત્યારે હઝરત સુધી વાત પહોંચાડી કે કાફલાના સાથીઓ ભૂખ તરસથી એટલા વ્યાકૂળ છે કે હવે તેમનામાંથી કેટલાક તો હોશ પણ ગુમાવી દે એમ લાગે છે, હવે એમાનામાં આગળ મુસાફરીની બિલ્કુલ શક્તિ નથી. આપે સાથીઓને કહ્યું, અહીંયાં જ પડાવ નાખી દો અને કોઈની પાસે લોખંડની સાંકળ હોય તો લાવો. એક કલંદર પાસે લોખંડની સાંકળ હતી તે હઝરત પાસે લઈ ગયા. હઝરતે તેના ઉપર પોતાની રૂહાની દૃષ્ટિ ફેંકી તો તે સોનાની થઈ ગઈ. બાબા હુસૈન નામના ખાદિમને બોલાવ્યો કે ફલાણી દિશામાં અહીંથી થોડે દૂર એક બજાર છે ત્યાં આ સાંકળ વેચી જે રકમ આવે તેમાંથી ત્રણ દિવસ ચાલી શકે એટલો ખાવા પીવાનો સામાન લઈ આવો, બાકી જે રકમ બચે તે અહીં મારી પાસે પાછી ન લાવશો બલ્કે એને પાણીમાં ફેંકી દેજો.

હઝરતે બતાવેલા નિશાન તરફ ચાલતાં એક જગ્યાએ પહોંચ્યા, બાબા હુસૈન તો અચંબામાં પડી ગયા. ત્રણ દિવસ સુધી લગાતાર ચાલવા છતાં વસ્તીનું નામ નિશાન ન હતું અને ખાવા પીવાનું મયસ્સર ન થયું, જ્યારે એકાએક આ ભવ્ય બજાર કેવી રીતે ! ખૈર, તેમણે તે સોનાની સાંકળ વેચી અને ત્રણ દિવસનો ખાવા પીવાનો સામાન જાનવરો ઉપર મૂકીને લાવ્યા, બચેલી રકમ રસ્તામાં પાણીમાં ફેંકી દીધી અને કાફલાના મુકામે પહોંચી

હઝરતને એ બાબતની જાણ કરી.

આપનો એક મુરીદ તંગરકુલી મેહફિલમાં બેઠો હતો તેણે આ સાંભળ્યું કે બાકી બચેલી રકમ બાબા હુસૈને પાણીમાં ફૈંકી દીધી તો તેને ખ્યાલ આવ્યો કે ''પૈસાને પાણીમાં ફૈંકી તેને બેકાર બરબાદ કર્યા એના કરતાં તો કોઈ ફક઼ીરને આપતે કે કોઈ જરૂરતમંદને આપતે તો તે સારું થાત.'' તે આ હજુ વિચારી જ રહ્યા હતા કે હઝરતે તેને સંબોધી કહ્યું, તંગરકુલી ! તું ખુદાના કામોમાં દખલગીરી કરે છે અને અર્હમુર્રાહિમીનને પરવરિશનો સબક શીખવે છે, તને શું ખબર છે કે બરબાદ થઈ કે ઠીક થયું છે ! તંગરકુલી ખૂબ જ પસ્તાયો અને હઝરતથી ખૂબ જ આજીઝી સાથે માફી માંગી. *(મેહબૂબે યઝદાની, પેજ–૮૯)*

મૌલાના અઅલામુદ્દીનની કહેલી વાત જાણી લેવી, ફિલોસોફરના અંદરના બાતિની હાલતથી વાકેફ થઈ જવું, શૈખ નિઝામુદ્દીનના વિચારો જાણી લેવા, જુલ્મથી પડાવી લાવેલી મરઘી છે એ જાણી લેવું, તંગરકુલીના દિલના વિચારો જાણી લેવા, આ બધી જ ગૈબની વાતો છે. હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમનાની رحمۃ اللہ علیہએ આ બધી વાતો જાહેર કરી પોતાનો અકીદો સ્પષ્ટપણે જાહેર કરી આપ્યો કે ''અમે ગૈબની વાતો જાણી લઈએ છીએ.'' અને લોઢાની સાંકળને સોનામાં બદલીને એ અક઼ીદો પણ સાબિત કરી આપ્યો કે અલ્લાહના મેહબૂબ બંદાઓને ચીજોની હક઼ીક઼તો (અસલિયત) બદલી નાખવાની શક્તિ પણ અલ્લાહે આપેલી હોય છે.



# હાઝિર અને નાઝિર

હાઝિરનો શબ્દકોશના આધારે અર્થ થાય છે મૌજૂદ, જાણવાવાળો અને શહેરનો રહેવાવાળો, અને નાઝિરનો અર્થ થાય છે કે જોવાવાળો, ચિંતન મનન કરવાવાળો, ખેતીની હિફાઝત કરવાવાળો. અને અલ્લામા શામી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હાઝિર હોવું જાણવાના અર્થમાં મશ્હૂર છે અને નાઝિર હોવું એ જોવાના અર્થમાં. *(રદ્દુલ મુહતાર, જિ. ૩, પેજ– ૩૦૭)*

શરીઅતની પરિભાષામાં હાઝિર નાઝિરનો અર્થ છે તમામ દુનિયાને જોવું અને દૂર નજીકના અવાજને સાંભળવું અથવા થોડાક સમયમાં જ તમામ દુનિયામાં પહોંચી જવું અને સેકંડોમાં રૂહાની મિષાલી શરીર સાથે હજારો કિલોમીટર દૂર મદદ માટે પહોંચી જવું.

અલ્લાહના મેહબૂબ બંદાઓનું હાઝિર નાઝિર હોવું એ સાચુ જ છે. હુઝૂર નબીએ કરીમ صلی اللہ علیہ وسلم અને મોટા મોટા ઉલમા અને બુઝુર્ગોનો એ જ અક઼ીદો છે સાબિતી માટે નીચે વાંચો :–

## ★ હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلمનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૧, ઈ.સ. ૬૩૨)*

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે એમણે કહ્યું કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلم હઝરત ઝૈદ, હઝરત જાઅફર અને હઝરત ઈબ્ને રવાહા رضی اللہ عنہની શહાદતની ખબર આવતા પહેલાં એ લોકોની શહાદતની ખબર આપી અને કહ્યું કે ઝૈદે ઝંડો હાથમાં લીધો અને શહીદ કરી દેવામાં આવ્યા, પછી જાઅફરે ઝંડો હાથમાં લીધો અને એમને પણ શહીદ કરી દેવામાં આવ્યા, પછી ઈબ્ને રવાહાએ ઝંડો સંભાળી લીધો પરંતુ તેમને પણ શહીદ કરી દેવામાં આવ્યા. આપ આ બનાવનું વર્ણન કરી રહ્યા હતા અને આપની આંખોમાં અશ્રુ વહી રહ્યાં હતાં, પછી આપે ફર્માવ્યું, હવે ઝંડો તેણે સંભાળી

લીધો છે જે અલ્લાહની તલવારોમાંથી એક તલવાર છે એટલે કે ખાલિદ બિન વલીદે ત્યાં સુધી કે અલ્લાહ તઆલાએ મુસલમાનોને ફતેહ અતા કરી. *(બુખારી શરીફ, પેજ–૬૧૧, ભા–૨)*

અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ એ કહ્યું કે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહે મારા માટે દુનિયાના પર્દાઓ ઉઠાવી દીધા તો હું દુનિયાને અને તેમાં કયામત સુધી જે કાંઈ થવાનું છે તે બધાને એવી રીતે જોઉં છું જેવી રીતે મારા હાથની હથેળીને જોઉં છું. *(ઝુર્કાની અલલ મવાહિબ, જિ. ૭, પેજ–૨૦૪)*

ઉપરની હદીષોથી જાણવા મળ્યું કે હુઝૂર સૈયદે આલમ ﷺનો પોતાના વિષે એ અકીદો છે કે હું હાઝિર નાઝિર છું, એટલા માટે જંગે મૌતા જે લડાઈ સિરિયામાં થઈ રહી હતી તેના મદીના મુનવ્વરાથી જ તમામ હાલતને જાણુ છું અને જોઉં છું, બલ્કે દુનિયામાં કયામત સુધી જે કાંઈ થવાનું છે તેને હું એવી રીતે જાણુ છું અને જોઉં છું જેવી રીતે મારા હાથની હથેળીને.

જો નબીએ કરીમ રઉફો રહીમ ﷺનો પોતાના વિષયમાં એ અક઼ીદો ન હોત કે હું હાઝિર નાઝિર છું તો આપ એવું કદી ફર્માવતા નહીં.

## મુહદ્દિષીનનો અક઼ીદો

જે હદીષો હુઝૂર સરવરે આલમ ﷺના અક઼ીદામાં બુખારી અને ઝુર્કાની શરીફમાંથી લખવામાં આવી છે. એ હદીષોથી હુઝૂર ﷺનો અક઼ીદો જણાવવાની સાથે ઈમામ બુખારી અને અલ્લામા ઝુર્કાનીનો અક઼ીદો પણ જાણવા મળ્યો કે હુઝૂર નબી ﷺ હાઝિર નાઝિર છે તેમ તેઓ પણ માને છે. નહિતર આ હદીષોને એ બુઝુર્ગો પોતાની કિતાબોમાં કદી પણ લખતા નહીં. બીજા મુહદ્દિષોના અક઼ીદા પણ જુઓ.

### ★ હઝરત ઈમામ તિર્મિઝી અને સાહિબે મિશ્કાત رضی اللہ عنہما નો અક઼ીદો ★

હઝરત સલમા رضی اللہ عنہا જે હુઝૂર ﷺના આઝાદ કરેલા ગુલામ હઝરત અબૂ રાફેઅનાં પત્ની હતાં એમણે કહ્યું, હું ઉમ્મુલ મોઅમેનીન હઝરત



ઉમ્મે સલમા ની સેવામાં હાજર થઈ, જોયું કે તે રડી રહ્યાં છે. મેં અરજ કરી, આપ શા માટે રડો છો ? એમણે કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને સ્વપ્નમાં જોયા એમના માથા મુબારક અને દાઢી મુબારકના વાળો ધૂળવાળા છે. મેં અરજ કરી યા રસૂલુલ્લાહ ! આપની આવી હાલત કેમ ? આપે ફર્માવ્યું, હું હમણાં જ હુસૈન رضی اللہ عنہની શહીદ થવાની જગ્યાએ ગયો હતો. *(તિર્મિઝી, મિશ્કાત)*

હુઝૂર નબીએ કરીમ ﷺનું મદીના મુનવ્વરાથી કરબલા શરીફ લડાઈના મેદાનમાં જવું, ત્યાંની પરિસ્થિતિ શી છે તે નિહાળવું એ હાઝિર નાઝિરના જ અર્થમાં છે.

હઝરત ઈમામ તિર્મિઝી અને સાહિબે મિશ્કાત અલ્લામા ખતીબ તિર્મિઝી عَلَیۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُએ પોત પોતાની કિતાબોમાં આ હદીષ શરીફને લખીને પોતાનો અક઼ીદો સાબિત કરી આપ્યો કે હુઝૂર નબી કરીમ ﷺ હાઝિર નાઝિર છે.

### ★ શારેહે બુખારી અલ્લામા કસ્તલાની رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

(વિસાલ મુબારક : હિ.સ. ૮૫૨)

આપ લખી રહ્યા છે કે આપણા ઉલ્માએ કિરામે ફર્માવ્યું છે કે હુઝૂર નબી ﷺની જિંદગી અને વફાતમાં કોઈ જ ફરક નથી. આપ આપની ઉમ્મતને જુએ છે અને એના હાલાત, ઈરાદા તથા દિલની વાતોને જાણે છે અને એ આપ પર બિલ્કુલ જાહેર છે એમાં કાંઈ જ છુપુ નથી.

હઝરત અલ્લામા ઈબ્ને હજર કસ્તલાનીના આ લખાણથી સ્પષ્ટ થયું કે એમનો પણ એ અક઼ીદો હતો કે હુઝૂર ﷺ હાઝિર નાઝિર છે એટલા માટે કે પોતાની ઉમ્મતને જુએ છે અને એમની હાલતથી વાકેફ છે.

### ★ હઝરત ક઼ાઝી અયાઝ અને મુલ્લા અલી ક઼ારી رضی اللہ عنہનો અક઼ીદો

હઝરત અલ્લામા ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہ લખે છે કે, જ્યારે મકાનમાં કોઈ ન હોય (અને તમે દાખલ થાવ) તો તમે કહો :–

اِنۡ لَّمۡ یَکُنۡ فِی الۡبَیۡتِ اَحَدٌ فَقُلِ السَّلَامُ عَلَی النَّبِیِّ وَرَحۡمَةُ اللّٰهِ وَبَرَکَاتُهٗ

"અય નબી ! આપ પર સલામ અને અલ્લાહની રહમતો અને બરકતો." *(શિફા શરીફ, જિ. ૨, પેજ–૫૨)*

ઉપરોક્ત ઈબારતના અનુસંધાનમાં મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہ લખે છે કે, **لِاَنَّ رُوحَهٗ عَلَيهِ السَّلَامُ حَاضِرَةٌ فِى بُيُوتِ اَهلِ الاِسلَامِ** "એટલા માટે કે હુઝૂર ﷺની રૂહ મુબારક મુસલમાનોના ઘરોમાં હાજર છે. *(શિફા શરીફ, મુલ્લા અલી ક઼ારી, નસીમુર્રિયાઝ, જિ. ૩, પેજ–૪૬૪)*

ઉપરોક્ત લખાણોથી હઝરત અલ્લામા ક઼ાઝી અયાઝ અને મુલ્લા અલી ક઼ારી رضی اللہ عنہએ પોત પોતાનો અક઼ીદો સ્પષ્ટપણે જાહેર કરી આપ્યો કે રસૂલે કરીમ ﷺ હાઝિર નાઝિર છે. મુસલમાનોના ઘરોમાં એમની રૂહ હાજર છે, એમના ઉપર સલામ અરજ કરવામાં આવશે.

## ★ હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૯૧૧)*

પોતાની ઉમ્મતના આમાલ પર નજર રાખવી, એમના ગુનાહ માટે મગફેરત માંગવી, એમની બલા આફત દૂર થવાની દુઆ માંગવી, જમીન પર જ્યાં ચાહે ત્યાં જવું આવવું, તેમાં બરકત આપવી, કોઈ નેક ઉમ્મતીના જનાઝામાં હાજરી આપવી, આ બાબતો હુઝૂર નબીએ કરીમ ﷺની મસ્રૂફિયતનાં કામકાજ છે, જેમ કે એને માટેની કેટલીક હદીષો અને નિશાનીઓ જોવા મળે છે. *(ઈન્તેબાહુલ અઝકિયા, પેજ–૭)*

આ લખાણથી અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہનો અક઼ીદો જાહેર છે કે હુઝૂર ﷺ હાઝિર નાઝિર છે કે આખી દુનિયા જહાનમાં ફેલાએલી પોતાની ઉમ્મતના અમલો પર પોતે નજર રાખે છે અને જમીનમાં જ્યાં ચાહે ત્યાં આવ જા કરે છે.

## ★ હઝરત શૈખ અબ્દુલહક઼ મોહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૦૫૨)*

ઉમ્મતના ઉલમામાં ઘણાય મત મતાંતર અને કેટલાય મઝહબ છતાં આ બાબતમાં કોઈને જ ઈખ્તિલાફ મતભેદ નથી કે આં હઝરત ﷺ



હક઼ીક઼ી જિંદગી સાથે ક઼ાયમ અને બાક઼ી છે. હુઝૂરની જિંદગીમાં મજાઝ અર્થાત અસલી ન હોય તેવી બાબતનો કે તાવીલની જરા પણ શંકા વહેમને સ્થાન નથી. (મતલબ હક઼ીક઼ી અસલી હયાત જ છે) અને આપ આપની ઉમ્મતના આમાલ પર હાઝિર નાઝિર છે. અને હક઼ીક઼તને તલબ કરનારા અને જે લોકો આં હઝરતની પ્રતિ ધ્યાન કેન્દ્રિત કરે છે તેઓને ફૈઝ પહોંચાડનાર તેમજ તેમની તર્બિયત કરનાર છે. *(સુલૂક અકરબુસ્સુબુલ બતવજ્જુહે ઈલા સૈયદિર્રુસુલ મઅ અખ્બારૂલ અખ્યાર, રહીમિયહ દેવબંદ, પેજ–૧૬૧)*

અને હઝરત શૈખ મોહક્કિક઼ رحمۃ اللہ علیہ લખે છે કે હુઝૂર ﷺનો ઝિક્ર કરો અને દુરૂદ શરીફ પઢો, ઝિક્રની હાલતમાં એવા રહો કે જાણે હુઝૂર જાહેરી જિંદગીમાં તમારી સામે જ છે અને તમે એમને જુઓ છો. અદબ, જલાલ (રૂઆબ), તાઅઝીમ, ડર, હયબત અને હયા શર્મથી રહો, અને સમજો કે હુઝૂર ﷺ તમને જુએ છે અને તમારી વાતોને સાંભળે છે, એટલા માટે કે આપ ﷺ અલ્લાહ તઆલાની સિફતોની સાથે મૌસૂફ છે, અને અલ્લાહની એક સિફત એ છે કે હું મારો ઝિક્ર કરનારા (યાદ કરનાર) ની સાથે જ છે. *(મદારિજુન્નબુવ્વત)*

અને હઝરત શૈખ મોહક્કિક઼ે અલલ ઈત્લાક઼ લખે છે કે, "જો એના પછી કહે કે ખુદા તઆલાએ હુઝૂર ﷺના શરીર મુબારકને એવી હાલત અને શક્તિ આપેલી છે કે જે જગ્યાએ ઈચ્છે ત્યાં જઈ શકે છે, ભલે પછી આ જાહેરી શરીર સાથે કે મિષાલી શરીર સાથે. ઈચ્છે તો આકાશમાં, ઈચ્છે તો જમીનમાં, ઈચ્છે તો ક઼બ્રમાં અથવા બીજે ક્યાંય પણ, તો એ બિલ્કુલ બરાબર છે. છતાંય ક઼બ્રથી તો દરેક હાલતમાં તાલ્લુક રહે છે. *(મદારિજુન્નબુવ્વત, ભા. ૨, પેજ–૪૫૦)*

અને હઝરત શૈખ લખે છે કે, "કેટલાક આરિફોએ કહ્યું છે કે આ હુકમ જે અત્તહિય્યાતમાં હુઝૂર ﷺને **અસ્સલામુ અલયકુમ અય્યુહન્નબિય્યુ** કહી સલામ અરજ કરવી, એટલા માટે છે કે હક઼ીક઼તે મુહમ્મદિયહ્ મૌજૂદાતના કણ કણમાં અને મુમ્કિનાતના દરેકે દરેક ફર્દમાં સમાયેલ છે. એટલા માટે હુઝૂર ﷺ નમાઝીઓની જાતમાં મૌજૂદ અને હાઝિર છે. નમાઝીએ જોઈએ કે આ વાતથી ખબરદાર રહે અને આ હાજરીથી ગાફિલ

ન થાય, જેથી કુર્બ (નઝદીકી)ના નૂર અને માઅરેફતના રહસ્યોથી રોશન અને કામયાબ થઈ જાય. *(અશ્અતુલ લમ્આત, જિ. ૧, પેજ–૪૦૧)*

હઝરત શૈખ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہના આ લખાણોથી એમના અક઼ીદા સાફ સમજાય છે કે અલ્લાહના મેહબૂબ દાનાએ ગુયૂબ ﷺ હાઝિર નાઝિર છે. પોતાના ઝિક્ર કરનારના હમનશીં (સાથે જ) છે. જમીન આસ્માનમાં જ્યાં ચાહે ત્યાં તશરીફ લઈ જાય છે અને આપની હક઼ીક઼ત મૌજૂદાતના દરેક રજમાત્રમાં તથા મુમ્કિનાતના દરેકે દરેક ફર્દમાં સમાએલી છે.

## ★ સાહિબે નસીમુર્રિયાઝ અલ્લામા ખફફાજી رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૦૭૦)*

અલ્લાહના પયગમ્બરો علیہم السلام શારીરિક અને જાહેરી રીતે ઈન્સાનની સાથે જ છે, પરંતુ એમનું બાતિન અને રૂહાની શક્તિ ફરિશ્તાઓવાળી હોય છે. એટલા માટે તેઓ જમીનના પૂર્વ પશ્ચિમ (અર્થાત તમામ જમીન) ને જુએ છે. આસ્માનોના ચળચળાહટના અવાજને સાંભળે અને જિબ્રઈલ علیہ السلامઆવવાની ખૂશ્બુ પણ સુંઘે છે જ્યારે તે આવવા નીકળે છે. *(નસીમુર્રિયાઝ, ભા–૩, પેજ–૫૪૫)*

ઉપરોક્ત લખાણથી અલ્લામા શહાબુદ્દીન ખફફાજી رحمۃ اللہ علیہનો અક઼ીદો પણ સ્પષ્ટ સાબિત થાય છે કે નબીઓ علیہم السلام હાઝિર નાઝિર છે, તેઓ પૂરી જમીનને (પૂર્વ– પશ્ચિમ– ઉત્તર– દક્ષિણ) જોઈ રહ્યા હોય છે, અને એના હાલાત જાણતા હોય છે.

## ★ હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૧૭૬)*

વાલિદ સાહેબ رحمۃ اللہ علیہ ફર્માવતા હતા કે રમઝાન શરીફમાં એક દિવસે મારી નસ્કોરી ફૂટવાથી ખૂબ લોહી વહી ગયું તેનાથી મારામાં ખૂબ અશક્તિ આવી ગઈ ત્યાં સુધી કે રોઝો રાખવાની હિંમત ન રહી. મને થયું કે રોઝો તોડી નાખુ પરંતુ રમઝાનના રોઝા રાખવાની ફઝીલત ગુમાવવાની ચિંતા



થવા લાગી. આજ ચિંતા ફિકરમાં મારી આંખ લાગી ગઈ. મેં આકાએ કાએનાત ફખ્રે મૌજૂદાત નબીએ કરીમ ﷺનો ખ્વાબમાં દીદાર કર્યો, જોયું કે આપે મને ખૂબ જ સ્વાદિષ્ટ અને ખૂશ્બુદાર ઝર્દો આપ્યો છે પછી ખૂબ મજાનું ઠંડુ પાણી પણ આપ્યું જે મેં ધરાયને પીધું. જ્યારે આંખ ખુલી તો મને ભૂખ તરસ બિલ્કુલ ન હતી અને મારા હાથોમાં હજુ સુધી ઝર્દાની અંદર નાંખેલા કેસરથી એકદમ ખૂશ્બુ મહેકતી હતી. અકીદતમંદોએ મારા હાથ ધોઈ તે પાણી સાચવી લીધું અને તેનાથી રોઝો ઈફતાર કર્યો. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૧૦૦)*

અને હઝરત શાહ સાહેબ લખે છે કે વાલિદ માજિદ ક઼િબ્લાએ કહ્યું કે મુહમ્મદ ફાઝિલે વિચાર્યું કે એના પુત્રને અજમેર મોકલી દેવામાં આવે. રસ્તામાં આવતી તકલીફોને કારણે પોતે પણ તેની સાથે જવા વિચાર્યું. મને મળવા આવ્યા તો મેં કહ્યું, તમારે જવાની જરૂરત નથી કારણ કે એ સહીસલામત અજમેર જઈને પાછો આવી જશે, હા ! પાછા ફરતાં અજમેરથી બે માઈલ દૂર ડાકૂઓ જરૂર હુમલો કરશે, પરંતુ એના રક્ષણની જવાબદારી મારા ઉપર છે, પરંતુ હા ! એને સમજાવી દેજો કે તે વખતે એ પોતાની સવારી એક તરફ ઉભી કરી દે.

જ્યારે તે છોકરો અજમેરથી પરત આવ્યો તો તેણે કહ્યું, રસ્તામાં ડાકૂઓ આવ્યા હતા. મેં મારી સવારી એક તરફ ઉભી કરી દીધી, હઝરત શાહ સાહેબ મિષાલી સૂરતમાં ત્યાં ઉભેલા હતા, બધા સાથીઓને ડાકૂઓએ લૂંટી લીધા પરંતુ અમારી નજીક પણ આવ્યા નથી. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૧૩૪)*

સરકારે દો આલમ ﷺનું મદીના મુનવ્વરાથી જાણી લેવું કે દિલ્હીમાં શાહ અબ્દુર્રહીમને ખૂબ જ ભૂખ તરસને કારણે બેહદ કમજોરી આવી ગઈ છે, અને પછી હુઝૂર ﷺએ તેમને ખાવા પીવા માટે સ્વાદિષ્ટ સુગંધીદાર ઝર્દો અને મજેદાર ઠંડુ પાણી મોકલવું, અને શાહ અબ્દુર્રહીમે અજમેરથી બે માઈલ પર દિલ્હીમાં બેઠાં બેઠાં ડાકૂઓ પહોંચવાનું જોઈ લેવું, અને તરત જ દિલ્હીથી અજમેર મુહમ્મદ ફાઝિલના પુત્રની મદદે મિષાલી શિકલમાં (જાહેરી શરીર નહીં બલ્કે રૂહાની શરીર) પહોંચી મદદ કરવી, આ બધું જ હાઝિર નાઝિરનું કામ છે. જેથી મુહદ્દિષે શાહ વલીયુલ્લાહ

દહેલ્વીએ આ બનાવો લખી પોતાનો અકીદો સાબિત કરી આપ્યો કે સૈયદે આલમ ﷺ હાઝિર નાઝિર છે, બલ્કે અલ્લાહના વલીઓ પણ હાઝિર નાઝિર હોય છે જેમનામાંથી મારા પોતાના પિતા હઝરત અબ્દુર્રહીમ સાહેબ પણ છે.

## ★ હઝરત અલ્લામા નબ્હાની رحمۃ اللہ علیہ નો અકીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૩૫૦)*

ઈમામુલ મુહદ્દિષીન આશિકે રસૂલ હઝરત અલ્લામા યૂસુફ બિન ઈસ્માઈલ નબ્હાની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ પેલેસ્ટાઈનમાં હિ.સ. ૧૨૬૫માં પેદા થયા અને હિ.સ. ૧૩૫૦માં બૈરુતમાં એમનો વિસાલ થયો, આપે નાની મોટી લગભગ પચાસથી વધુ કિતાબો લખી છે.

આપ લખી રહ્યા છે કે હઝરત શૈખ અદવી એમની કિતાબ મશારેકુલ અન્વારમાં લખે છે : બલ્ખ શહેરમાં એક અલ્વીનો વિસાલ થઈ ગયો તો એની ઔરત સમરકંદ ચાલી ગઈ. સાથે એની પુત્રીઓ પણ હતી, તેમને એણે એક મસ્જિદમાં બેસાડી દીધી, અને પોતે શહેરમાં જઈ શહેરના એક મોટા રઈસ પાસે પોતાની આપવીતી બયાન કરી. રઈસે મુસલમાન હોવા છતાં કોઈ ધ્યાન ન આપ્યું બલ્કે તેણીને કહ્યું, "તું અલ્વી છે (હઝરત અલીની અવલાદમાંથી) તેની તારી પાસે કોઈ સાબિતી છે ? સાબિતી રૂપે ગવાહ હોય તો લાવ." તેણી ખૂબ જ નારાજ થઈ તેની પાસેથી ચાલી નીકળી.

રસ્તામાં શહેરના ચોકીદાર પાસે જવા વિચારી તેણી ચોકીદારને મળી. ચોકીદાર અગ્નિપૂજક હતો. તેણી અલ્વી સૈયદ છે એ સાંભળી એણે તેણી અને તેની પુત્રીઓને ખૂબ જ માનપૂર્વક પોતાના ઘરમાં અલગ ઓરડો આપ્યો, ગુસલ કપડાં વગેરેની સગવડ કરી આપી. આ ઔરતની તાઝીમ મોહબ્બત ઈજ્જત કરવાને કારણે એ ચોકીદારના ઘરનાં સર્વ ઈસ્લામ લાવી મુસલમાન થઈ ગયાં.

રાત્રે પેલા રઈસે ખ્વાબ જોયો કે કયામત કાયમ થઈ ગઈ છે અને લિવાઉલ હમ્દ (હમ્દનો ઝંડો) હુઝૂર સરવરે આલમ ﷺના માથા મુબારક ઉપર લેહરાય રહેલો છે. રઈસે ત્યાં પહોંચવા કોશિશ કરી તો હુઝૂરે તેનાથી મોં ફેરવી લીધું. તેણે અરજ કરી "યા નબીયલ્લાહ ! આપ મારાથી મોં ફેરવી લો છો, જ્યારે કે હું તો મુસલમાન છું."



હુઝૂર ﷺ એ ફર્માવ્યું, "તું મુસલમાન છે તેની સાબિતી શી છે ? તારો ગવાહ હાજર કર !" તે રઈસ આ સાંભળીને અવાચક જ થઈ ગયો. હુઝૂર રહમતે આલમ ﷺએ ફર્માવ્યું, "તેં આ અલ્વી સ્ત્રીને જે કહ્યું હતું તે ભૂલી ગયો ! અને પછી જન્નતના આલીશાન મહેલ તરફ ઈશારો કરી શહેરના રક્ષકને કહ્યું કે "આ મહેલ તારા અને તારા ઘરવાળાઓ માટે છે, અને તમે લોકો જન્નતી છો." *(અશ્શરફુલ મુઅબ્બદ લિ આલિ મુહમ્મદ ﷺ, પેજ–૯૭)*

હઝરત અલ્લામા નબ્હાની رحمۃ اللہ علیہ લખે છે કે, અલ્લામા મુકરીઝી ફર્માવે છે કે મારાથી રઈસ (શહેરનો મેયર) શમ્સુદ્દીન મુહમ્મદ બિન અબ્દુલ્લાહ ઉમરીએ બયાન કર્યું કે હું એક દિવસે કાઝી જમાલુદ્દીન મેહમૂદ અજમીની સેવામાં હાજર થયો, જે કેરોના ગવર્નર હતા. તેઓ તેમના ખાદિમો અને સાથીઓ સાથે સૈયદ અબ્દુર્રહમાન તબાતની મોઅઝ્ઝિનના ઘેર તશરીફ લઈ ગયા. એનાથી ઈજાઝત માંગી, તેઓ ઘરની બહાર આવ્યા જોયું તો ગવર્નર આવ્યા છે, તેને ખૂબ જ આશ્ચર્ય થયું. તેમણે આવકાર આપી ઘરમાં લઈ ગયા. અમે પણ એમની સાથે અંદર ગયા અને સૈયદ અબ્દુર્રહમાનની સામે પોત પોતાના મરતબા મુજબ બેઠા.

બધા લોકો શાંતિથી બેસી ગયા ત્યારે ગવર્નરે સૈયદ સાહેબને કહ્યું, હઝરત ! મને માફ કરી દો. તેમણે કહ્યું, કાલે રાત્રે હું કિલ્લા પર ગયો અને બાદશાહ ઝાહિર બરકૂકની સામે બેઠો તો તે વખતે આપ આવ્યા અને મારાથી ઉંચી જગ્યા પર બેસી ગયા એ વાત મને ઠીક ન લાગી.

રાત્રે નબીએ કરીમ ﷺ મારા સ્વપ્નમાં આવ્યા અને મને કહ્યું, "મેહમૂદ ! તું એ વાતથી તારી બેઈજ્જતી સમજે છે કે તું મારી અવલાદથી નીચે બેસે."

આ સાંભળી સૈયદ અબ્દુર્રહમાન રડી પડયા અને બોલ્યા, સાહેબ ! હું એવો ક્યાં છું કે આકાએ કાએનાત ﷺ મને યાદ ફર્માવે ! આટલું સાંભળતાં મેહફિલમાં હાજર તમામ સાથીઓ ખૂબ રડવા લાગ્યા. બધાએ સૈયદ સાહેબથી દુઆની વિનંતી કરી અને પાછા ફર્યા. *(અશ્શરફુલમોઅબદ, પેજ–૯૮)*

સમરકંદ શહેરના રઈસથી અલ્વી ઔરતે પોતાની મુસીબતભરી

જિંદગીના હાલાત બયાન કરવા, જવાબમાં તેણે અલ્વી ઔરત પાસે અલ્વી હોવાની સાબિતી અને ગવાહ માંગવા અને શહેરના ચોકીદારનું એ અલ્વી ઔરતની બનતી મદદ કરવી ઉપરાંત ઈજ્જત, તાઝીમ સાથે તેણી સાથે વ્યવહાર કરવો, તેમજ મેહમૂદ ગવર્નરનું નીચે બેસવું તથા સૈયદ સાહેબનું ઉપર બેસવું અને પછી ગવર્નરનું પોતાના મનમાં વિચારવું કે આ સૈયદ મારાથી ઊંચી જગ્યાએ કેમ બેઠા છે ?

આ બધીય વાતોને અલ્લાહના મેહબૂબ દાનાએ ગુયૂબ ﷺ જુએ અને જાણે છે. આવા પ્રકારની વાતોને જોનાર જાણનાર વ્યક્તિને હાઝિર નાઝિર કહેવામાં આવે છે. હઝરત અલ્લામા નબ્હાની રحمۃ اللہ علیہએ આ બનાવો પોતાની કિતાબમાં લખી પોતાનો અક઼ીદો સાબિત કરી આપ્યો કે હુઝૂર સૈયદે આલમ ﷺ હાઝિર નાઝિર છે. જો આં હઝરત ﷺ હાઝિર નાઝિર ન હોત તો ઉપર જણાવેલા બનાવોને કદી પણ જોઈ શક્તા નહીં તેમજ જાણી શક્તા પણ નહીં. (નોટ– એક આલે રસૂલની તાઝીમ ઈજ્જત કરવાથી આપણી ઈજ્જત વધે છે ઘટતી નથી. આલે રસૂલની ઈજ્જત કરવાથી અલ્લાહના હબીબ ﷺ ખુશ થાય છે અને બેઈજ્જતી કરવાથી નારાજ થાય છે. *–અનુવાદક*)

અને આપ (અલ્લામા નબ્હાની) ફર્માવે છે કે હઝરત અલી બિન સઈદ અલ માઅરૂફ ઝૈઝીર رحمۃ اللہ علیہ બયાન ફર્માવે છે કે, "મેં મારા યુવાકાળમાં હઝરત શૈખ મુહમ્મદ બિન અબૂબક્ર બિન ક઼વ્વામ رحمۃ اللہ علیہ (વિસાલ હિજરી ૬૫૮) થી બયઅત કરી લીધી. એક વાર બયતુલ મુક઼દ્દસની ઝિયારતનો મારો વિચાર થયો, મેં હઝરતથી ઈજાઝત માંગી તો આપે કહ્યું કે, "બેટા ! તમે નવયુવાન છો, મને બીક છે કે કાંઈ ખરાબી ન થાય." મેં ખૂબ જ આજીઝી, કાકલૂદી કરી ઈજાઝત માંગી, તો મને એમ કહી ઈજાઝત આપી કે મારો ભેદ તારી એ રીતે હિફાઝત કરશે જેવી રીતે લોઢાનું પાંજરૂ કરે છે." અને કહ્યું, જ્યારે દમાસ્કસના દરવાજા પર મહેલની સામે આવે તો શહેરમાં દાખલ થઈ શૈખ અલી બિન જમલનું પૂછી તેમની પાસે ઝિયારત માટે હાજરી આપજે, તેઓ અલ્લાહના વલી છે."

જ્યારે હું ત્યાં પહોંચ્યો તો તેમનું ઠેકાણુ પૂછયું, લોકોએ મને તેમનું ઠેકાણું બતાવી આપ્યું, એમના ઘેર પહોંચી દરવાજો ખટખટાવ્યો, તો એક



માણસ બહાર આવ્યો, તેણે કહ્યું, અલી ! અંદર આવો. હઝરતે તમારા માટે કહ્યું છે કે, અલી નામનો એક માણસ આવશે તે હઝરત અબૂબક્ર ક઼વ્વામનો ખાદિમ છે, એને હું આવું ત્યાં સુધી અંદર આવવાની ઈજાઝત આપજે. એમના કહેવાથી હું અંદર જઈ બેસી ગયો, ત્યાં સુધી કે હઝરત શૈખ અલી બિન જમલ તશરીફ લઈ આવ્યા. મેં ઉભા થઈ એમને સલામ અરજ કરી. એમણે મને મીઠો આવકાર આપી કહ્યું, કાલે રાત્રે શૈખ અબૂબક્ર ક઼વ્વામ તશરીફ લાવ્યા હતા, એમણે મને તમારી દેખભાળ રાખવાનું કહ્યું છે, હવે તમને કોઈ જ તકલીફ પહોંચશે નહીં. એટલા માટે કે તમે સિર્રે શૈખ (શૈખના બાતિની ભેદો)માં સુરક્ષિત છો જેવી રીતે કે કોઈ લોખંડના પીંજરામાં સુરક્ષિત રહે છે.

હું એમની પાસે રોકાય રહ્યો, પછી ત્યાંથી બૈતુલ મુક઼દ્દસ ગયો. જ્યારે ત્યાં પહોંચ્યો તો જોયું કે શહેરની બહાર ધખધખતી સૂર્યની ગરમીમાં એક માણસ ઉભો છે જેને મેં સલામ કરી, તેણે મારી સલામનો જવાબ આપ્યો અને કહ્યું, બેટા ! તમે આવવામાં ખૂબ જ મોડું કર્યું, હું સવારથી તમારી રાહ જોતો આ ગરમીમાં ઉભો છું. મને એનાથી ડર લાગ્યો, મને થયું કે આ કોઈ શકમંદ માણસ હશે. તેણે કહ્યું, બેટા ! ડરવાની જરૂર નથી, મને હઝરત શૈખ અલી બિન જમલે તમારા માટે હુકમ કર્યો છે. મને એમના ઘેર સાથે લઈ ગયા, મારા માટે ખાવા પીવાની વ્યવસ્થા કરી, પછી જ્યારે નમાઝનો ટાઈમ થયો તો કહ્યું, ચાલો ! હરમમાં નમાઝ પઢીશું. અમે બન્નેવ હરમમાં જઈ નમાઝો પઢયા. પછી ઘેર આવ્યા, રાત્રે તેઓ આખી રાત નમાઝો પઢતા રહ્યા, જ્યારે તેમને એમ લાગતું કે હું જાગું છું તો બેસી જતા. પછી એઓને મારા ઉંઘી જવાનું ગમાન થતું કે ઉભા થઈ નમાઝ પઢવા લાગતા. (આ બધું એટલા માટે કે રિયાકારી ન થાય.)

હું કેટલાક દિવસો તેમની પાસે રહ્યો, પછી મેં હઝરત ઈબ્રાહીમ علیہ السلامની ઝિયારત માટે જવા વિચાર્યું, તેઓ મને અલવિદાઅ કહેવા શહેરની બહાર સુધી આવ્યા. જ્યારે હું હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلامના મઝાર મુબારકની નજીક પહોંચ્યો તો ચાર ડાકૂઓ મારી તરફ આવ્યા. જ્યારે નજીક આવ્યા તો તેઓ અવાચક બની ગયા, મારી પાછળ જોવા લાગ્યા. મેં મારી પાછળ જોયું તો એક સફેદ કપડાં વેશ ધારણ કરી મોં

પર બુકાની બાંધેલો એક માણસ મારી પાછળ ઉભો હતો તેણે મને કહ્યું, તમે તમારા રાસ્તે ચાલ્યા કરો તે મારી પાછળ પાછળ ત્યાં સુધી સુધી રહ્યો જ્યાં સુધી હઝરત ઈબ્રાહીમ عليه السلام ની કબર અને શહેર સામે ન આવી ગયું.

જ્યારે હું મારા શહેર પાછો પહોંચ્યો તો સૌથી પહેલાં હઝરત શૈખને સલામી અરજ કરવા સેવામાં હાજર થયો. જ્યારે આપને સલામ કરી તો તે વખતે મને પૂછયા વિના જ મુસાફરીમાં બનેલા બધા જ બનાવો પોતે વર્ણન કરી આપ્યા અને કહ્યું, જો મોં પર બુકાની બાંધેલો સફેદ વસ્ત્રધારી માણસ ન હોત તો ડાકૂઓ તારા કપડાં સુધ્ધાં ઉતારી લેતા. આ સાંભળી મને યકીન થઈ ગયું કે તે બીજો કોઈ નહીં પરંતુ હઝરત શૈખ અલી પોતે જ હતા. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ-૫૭૭)*

અને આપ લખી રહ્યા છે કે, એક ઈસાઈ સ્ત્રી ફિરંગીઓના દેશમાં રહેતી હતી અને હઝરત શૈખ મુહમ્મદ બિન અહમદ ફરગલ સઈદી رحمة الله عليه ની અકીદતમંદ હતી. (વિસાલ : હિ.સ. ૮૬૦) તેણે મન્નત માની હતી કે, અલ્લાહે એના બીમાર પુત્રને સાજો કરી આપ્યો તો તે હઝરત ફરગલને માટે ગોદડી બનાવશે.

એક દિવસે આપ કહેવા લાગ્યા કે, " હવે એ લોકોએ ગોદડી માટે ઉનના દોરા કાંતવા શરૂ કરી આપ્યું, હવે એ સૂતરને ફિરકીઓમાં ચઢાવી વણવાનું શરૂ કર્યું છે, હવે એમણે એ ગોદડી મારા તરફ રવાના કરી આપી છે, હવે લઈ આવનાર સ્ટેશન ઉપર ઉતરી ગયા છે, હવે ફલાણી જગ્યા પર છે. પછી એક દિવસે કહ્યું, હવે સામે આવે છે એણે ગોદડી ઉઠાવેલી છે, અને હવે તે દરવાજા પર પહોંચી ગયો છે. લોકોએ જોયું તો ખરેખર એવું જ થયું. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ-૬૮૬)*

હઝરત શૈખ ઈબ્ને કવ્વામ رحمة الله عليه એ ખાદિમના મુસાફરીના તમામ બનાવો કોઈના બતાવ્યા વિના જાણી લેવા તથા જોઈ લેવા, એવી જ રીતે હઝરત ફરગલ رحمة الله عليه ના ગોદડીની મન્નત જાણી લેવી, પછી તેનું કામ થઈ જવા ઉપરાંત ગોદડીના બનવાના અને દરવાજા સુધી લઈને આવવાના તમામ બનાવો જોઈ લેવા, જાણી લેવા એ જ હાઝિર નાઝિરના અર્થમાં છે.

હઝરત અલ્લામા નબ્હાની رحمة الله عليه એ આ બનાવો પોતાની કિતાબમાં લખી પોતાનો અકીદો સ્પષ્ટપણે બતાવી આપ્યો કે, અલ્લાહના કેટલાક વલીઓ પણ અલ્લાહની અતાથી હાઝિર નાઝિર હોય છે.



# તા'ઝીમ

તા'ઝીમનો અર્થ એ થાય છે કે શબ્દો દ્વારા કે કાર્ય દ્વારા કોઈની મોટાઈને જાહેર કરવી. તો સરકારે દો આલમ તાજદારે મદીના નબીએ કરીમ صلى الله عليه وسلم ની અને બીજા નબીઓ, રસૂલો عليهم السلام તેમજ અવલિયાએ કિરામ વગેરેની તા'ઝીમ જાઈઝ છે કે નહીં ? તે વિષયમાં બુઝુર્ગોના અકીદા કેવા છે તે જોઈએ.

## ★ હુઝૂર સૈયદે આલમ صلى الله عليه وسلم નો અકીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૧, ઈ.સ. ૬૩૨)*

**(૧)** હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما થી રિવાયત છે કે, હુઝૂર صلى الله عليه وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

"જે અમારા નાનાઓ ઉપર મહેરબાની ન કરે, અને અમારા મોટાઓની ઈજ્જત (રિસ્પેક્ટ) ન કરે તે અમારા રસ્તા પર નથી." *(તિર્મિઝી, મિશ્કાત, પેજ-૪૨૩)*

આ હદીષ શરીફથી જણાયું કે, હુઝૂર صلى الله عليه وسلم ની નજીક મોટાઓની ઈજ્જત, તા'ઝીમ કરવી એ શિર્ક નથી બલ્કે ન કરનાર હુઝૂર صلى الله عليه وسلم ના રસ્તા પર નથી.

**(૨)** હઝરત મુસિવર ઈબ્ને મખ્રમાહથી રિવાયત છે કે ઉર્વા બિન મસઊદ رضي الله عنه જ્યારે હજુ મુસલમાન થયા ન હતા, હુદયબિયા મુકામે હુઝૂર صلى الله عليه وسلم થી વાતચીત માટે આવ્યા. તે પ્રસંગે સહાબાએ કિરામને હુઝૂર صلى الله عليه وسلم ની તા'ઝીમ કરતાં તેમણે જે સ્થિતિમાં જોયા હતા, તે મક્કા શરીફ પહોંચી કાફિરો સામે આ શબ્દોમાં વર્ણવ્યું :–

કસમ ખુદાની ! હું બાદશાહોના દરબારમાં પ્રતિનિધિમંડળ લઈ ગયો

છું. કૈસર અને કિસ્રા તથા નજજાશીના દરબારોમાં પણ હાજર થયો છું, પરંતુ કસમ ખુદાની ! મેં કોઈ બાદશાહને એવો નથી જોયો કે તેના સાથીઓ તેની તા'ઝીમ એવી રીતે કરતા હોય જેવી કે મુહમ્મદ ﷺની તા'ઝીમ એમના સાથીઓ કરે છે. ખુદાની કસમ ! તેઓ જો થૂંકે છે તો તેમનું થૂંક તેમના કોઈ ન કોઈ સાથીની હથેળીમાં જ પડે છે, જેને તે તેના મોં અને શરીર પર મસળી લે છે. અને જ્યારે તેઓ (મુહમ્મદ ﷺ) કોઈ હુકમ કરે છે તો તેના ઉપર તરત જ અમલ કરે છે. અને જ્યારે તેઓ વુઝૂ કરે છે તો વુઝૂનું વપરાતું પાણી મેળવવામાં સાથીઓ એવી રીતે તૂટી પડે છે કે કદાચ તેઓ લડવા મરવા પર આવી જશે, અને જ્યારે એમની સામે વાત કરે છે તો તેમની અવાજો તદ્દન નરમ અને ધીમી રાખે છે, અને એમની તા'ઝીમને ખાતર આંખ ઉઠાવી જોવાની હિંમત પણ નથી કરતા. *(બુખારી, જિ. ૧, પેજ–૩૭૯)*

**(૩)** હઝરત અબૂ હુઝૈફા رضی اللہ عنہથી રિવાયત છે કે, એમણે કહ્યું, હું નબીએ કરીમ ﷺની બારગાહમાં હાજર થયો તો આપ ચામડાના લાલ તંબૂમાં તશરીફ ધરાવતા હતા. મેં હઝરત બિલાલ رضی اللہ عنہને જોયા કે તેમણે હુઝૂર ﷺનું વુઝૂનું પાણી એક વાસણમાં લીધું, અને લોકો તે પાણી લેવા દોડી રહ્યા છે, તો જેને એમાંથી જેટલું મળ્યું તે તેના ચેહરાને શરીર ઉપર ઘસી રહ્યો છે અને જેને ન મળ્યું તે બીજા સાથીના હાથ પર લાગેલી ભીનાશ લઈ રહ્યો છે. *(બુખારી, જિ. ૨, પેજ–૮૭૧)*

આ હદીષોમાંથી સાફ જણાયું કે, સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن નબીએ કરીમ ﷺની તા'ઝીમ કરતા હતા, પરંતુ આપ ﷺ એમને રોકતા ન હતા, જેથી સ્પષ્ટપણે હુઝૂરનો અકીદો સાબિત થયો કે, મુસલમાન એમની તા'ઝીમ કરે તો તે શિર્ક નથી. જો આ કામ શિર્ક હોત તો હુઝૂર ﷺ જરૂર સહાબાને મના કરી આપતે.

**(૪)** હઝરત સાઈબ બિન ખુલ્લાદ رضی اللہ عنہ થી રિવાયત છે કે, એક માણસ પોતાની કૌમને નમાઝ પઢાવી રહ્યો હતો, જ્યારે તે નમાઝથી પરવારી ગયો ત્યારે રસૂલુલ્લાહ ﷺએ એની કૌમના એ લોકોને બોલાવી કહ્યું, હવે પછી આ માણસ ઈમામત ન કરે. હુઝૂર ﷺના આ હુકમ પછી તેણે જ્યારે નમાઝ પઢાવવા માટે કહ્યું તો લોકોએ તેને ના પાડી દીધી અને



હુઝૂરે એ આપેલો હુકમ તેને કહી સંભળાવ્યો. તેણે હુઝૂર ની બારગાહમાં જઈ આ બાબત પૂછયું તો આપે કહ્યું, હા ! મેં ના પાડી છે.

હદીષ બયાન કરનાર હઝરત સાઈબ ફર્માવે છે કે, "મારા ખ્યાલમાં હુઝૂર ﷺએ પણ ફર્માવ્યું કે, "તેં અલ્લાહ અને તેના રસૂલને ﷺ તકલીફ પહોંચાડી છે." *(અબૂ દાઊદ, મિશ્કાત, પેજ–૭૧)*

મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ લખે છે કે, કા'બા શરીફની તરફ થૂંકવાની મનાઈ એની તા'ઝીમને કારણે કરવામાં આવી છે. *(મિર્કાત શર્હે મિશ્કાત, પેજ–૪૫૫)*

ઈમામ પર કાબા શરીફની તા'ઝીમ જરૂરી વાજિબ હતી જે એણે ન કરી, તેથી નબી ﷺએ તેને નમાઝની ઈમામતથી મનાઈ ફર્માવી દીધી. જ્યારે કે આ બનાવ મદીના શરીફનો છે, જ્યાંથી એ કાબા શરીફને જોઈ રહ્યો ન હતો. આથી જણાયું કે હુઝૂર ﷺનો એ અકીદો છે કે તા'ઝીમ માટે જે ચીજની તા'ઝીમ કરવી છે તે સામે હોવું જરૂરી નથી, બલ્કે તે આંખોથી છુપાએલી દૂર પણ હોય તો પણ એની તા'ઝીમ કરવામાં આવશે. (નોટ : ઈમામતનો મન્સબ સંભાળનાર સાહેબો આ હદીષ વાંચી વિચારે કે ફક્ત કાબા શરીફ તરફ થૂંકવામાં હુઝૂર નારાજ થયા, તો શરીઅતના કેટલાક હુકમોનું ઉલંઘન થવા છતાં પરવા ન કરનાર ઈમામોની ઈમામતથી સરકાર નારાજ નહીં થતા હોય ? અલ્લાહ આપણને સૌને આકા ﷺની નારાજગીથી બચાવે. આમીન –અનુવાદક)

## ★ ઈમામ બુખારી رحمۃ اللہ علیہનો અકીદો ★

*(વિસાલ મુબારક : હી.સ. ૨૫૬)*

હઝરત મુહમ્મદ બિન યૂસુફ ફુર્બરી رحمۃ اللہ علیہ કહે છે કે, "હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, બુખારી શરીફની દરેક હદીષ લખતાં પહેલાં મેં ગુસલ (નહાવું) કરીને બે રકાત નમાઝ પઢી. *(મુકદ્દમા ફતહુલ બારી શર્હેબુખારી, પેજ–૫)*

હદીષ શરીફની તા'ઝીમ ખરેખર તો રસૂલુલ્લાહ ﷺની તા'ઝીમ છે. તો ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ આવી રીતે તા'ઝીમ કરી પોતાનો અકીદો સાબિત કરી આપ્યો કે, હુઝૂર સૈયદે આલમ ﷺની તા'ઝીમ કરવી એ

દુરૂસ્ત બલ્કે ફર્ઝ, વાજિબ છે.

અને કેટલાક સહાબા رضی اللہ عنہ હદીષ લખતા હતા (જુઓ બુખારી શરીફ, જિ. ૧, પેજ–૨૨ લાઈન નં–૮) પરંતુ દરેક હદીષ લખતાં પહેલાં ગુસલ કરતા ન હતા, ન તો બે રકાત નમાઝ નફ્લ પઢતા હતા. જ્યારે કે ઈમામ બુખારીએ દરેક હદીષ લખતાં પહેલાં ગુસલ અને નમાઝ પઢી એ પોતાનો અક઼ીદો પણ સાબિત કર્યો કે રસૂલુલ્લાહ ﷺની તા'ઝીમ માટેની દરેક રીત સહાબાથી સાબિત હોવી જરૂરી નથી, બલ્કે દરેક તે રીત કે જેનાથી નબીએ મોઅઝ્ઝમ ﷺની મોટાઈ, બુઝુર્ગી જાહેર થાય તે બધી જ રીતોથી હુઝૂરની તા'ઝીમ કરવી જાઈઝ અને પસંદીદા છે.

અને નબી ﷺએ આ રીતે હદીષની તા'ઝીમથી પોતાની તા'ઝીમનો હુકમ ન ફર્માવ્યો, પરંતુ ઈમામ બુખારીએ આ રીતે હદીષની તા'ઝીમને નબી ﷺની તા'ઝીમ કહી પોતાનો એ અક઼ીદો જાહેર કરી આપ્યો કે, દરેકે દરેક પ્રકારની તા'ઝીમ માટે કુર્આન અને હદીષનો સ્પષ્ટપણે હુકમ હોવું જરૂરી નથી એટલા માટે અલ્લાહ તઆલાનો હુકમ ખુલ્લો છે કે **وَتُعَزِّرُوْهُ وَتُوَقِّرُوْهُ** "રસૂલ ﷺની તા'ઝીમ અને ઈજ્જત (રિસ્પેક્ટ) કરો." *(પારો–૨૬, રુકૂઅ–૯)* એમાં તા'ઝીમની તમામ રીતો સામેલ છે.

## ★ ઈમામ માલિક رضی اللہ عنہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૭૯)*

**(૧)** હઝરત અબૂ મસ્અબ رضی اللہ عنہ લખે છે કે, હઝરત ઈમામ માલિક બિન અનસ رضی اللہ عنہ હુઝૂર ﷺની હદીષ શરીફની તા'ઝીમ, ઈજ્જત ખાતર વુઝૂ વિના બયાન કરતા ન હતા.

**(૨)** હઝરત મુતરફ رحمۃ اللہ علیہ કહે છે કે, ઈમામ માલિક પાસે કોઈ માણસ કાંઈક પૂછવા આવતા તો તેમની નોકરાણી બહાર આવીને પ્રથમ પૂછતી કે, "તમારે શું જાણવું છે હદીષ શરીફ કે પછી ફિક઼્હનો કોઈ મસ્અલો ? " જો તે માણસ કહે કે, "મારે એક મસ્અલો પૂછવો છે" તો ઈમામ સાહેબ તરત જ બહાર આવી જતા. અને જો તે કહે કે "મારે હદીષ શરીફ જાણવી છે" તો ઈમામ માલિક رضی اللہ عنہ પ્રથમ ગુસલ કરતા, ખૂશ્બુ લગાડતા, કપડાં બદલતા, પછી આપ આપની ગાદી પર બેસતા અને



ખૂબ જ અદબ ઈજ્જત સાથે બેસી હદીષ બયાન કરતા. અને મજલિસની શરૂઆતથી અંત સુધી ખૂશ્બુ સળગાવેલી રાખતા. એ જે ગાદી પર બેસતા તે ફક્ત હદીષ શરીફ બયાન કરવા માટે જ ઉપયોગમાં લેવાતી. જ્યારે ઈમામ સાહેબને આ બાબત સવાલ કરવામાં આવ્યો તો આપે કહ્યું કે,

"હું ચાહું છું કે આ રીતે રસૂલુલ્લાહ ﷺની હદીષ શરીફની તા'ઝીમ (રિસ્પેક્ટ) કરું" *(શિફા શરીફ, જિ. ૨, પેજ–૩૬)*

**(૩)** હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક رضی اللہ عنہ ફર્માવે છે કે, હું ઈમામ માલિક رضی اللہ عنہની પાસે હાજર હતો, આપ હદીષો બયાન કરી રહ્યા હતા, તે વખતે એક વીંછીએ આપને સોળ વખત ડંખ માર્યા, જેની તકલીફ અને ઝેરના કારણે આપનો રંગ પીળો પડી રહ્યો હતો પરંતુ આપે અલ્લાહના રસૂલ ﷺની હદીષ બયાન કરવાનું બંધ ન કર્યુ. જ્યારે હદીષનો સબક઼ પૂરો થયો, લોકો ચાલ્યા ગયા, તો મેં પૂછયું, હઝરત ! તમારામાં મેં એક અજીબ ફેરફાર જોયો શી વાત હતી ? તો આપે કહ્યું, સબક઼ દરમ્યાન વીંછી ડંખ મારી રહ્યો હતો, પરંતુ મેં રસૂલૂલ્લાહ ﷺની હદીષની તા'ઝીમમાં સબ્ર કરી. *(શિફા શરીફ, જિ. ૨, પેજ–૩૬)*

હઝરત ઈમામ માલિક رضی اللہ عنہએ પણ હદીષ શરીફની તા'ઝીમથી રસૂલુલ્લાહ ﷺની તા'ઝીમ કરી, પોતાનો અક઼ીદો બતાવી આપ્યો કે નબી ﷺની તા'ઝીમ બરહક઼ છે, જરૂરી છે.

અને સહાબાએ કિરામ હાલતાં, ચાલતાં, ઉઠતાં, બેસતાં આક઼ાએ નામદાર ﷺની હદીષો બયાન કરતા હતા, પરંતુ તેઓ તે માટે સ્પેશ્યલ ગુસલ (નહાવુ) કરતા ન હતા, એને માટે અત્તર, ખૂશ્બુ વગેરેની વ્યવસ્થા કરતા ન હતા. પરંતુ ઈમામ માલિક હદીષ બયાન કરવા આ બધી ગોઠવણ કરતા, આ આધારે એમણે પોતાનો એ અક઼ીદો પણ બયાન કરી આપ્યો કે દરેક પ્રકારની તા'ઝીમ માટે સહાબાથી સાબિત હોવું જરૂરી નથી, બલ્કે મુસલમાનોનો દિલી જઝબો, લગાવ જે તરફ પણ તેને ખેંચે તે રીતે તા'ઝીમ કરી હુઝૂરની ﷺની તા'ઝીમ જાહેર કરી શકાય છે. (તે રીતે કે જેનાથી સરકારે અક઼દસ ﷺએ મનાઈ કરી છે તે સિવાયની કરી શકાય જેમ કે સજદાએ તા'ઝીમી. –*અનુવાદક*)

## ★ અલ્લામા ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૫૪૪)*

**(૧)** અલ્લાહ જલ્લ શાનહુએ ઈર્શાદ ફર્માવ્યો :–

وَتُعَزِّرُوْهُ وَتُوَقِّرُوْهُ "રસૂલ ﷺની તા'ઝીમ અને તૌક઼ીર કરો." *(પારો–૨૬ રુકૂઅ– ૯)*

આ આયત નક઼લ કરીને અલ્લામા ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہ લખે છે કે :– فَاَوْجَبَ اللّٰهُ تَعَالٰى تَعْزِيْرَهٗ وَ تَوْقِيْرَهٗ وَاَلْزَمَ اِكْرَامَهٗ وَتَعْظِيْمَهٗ "અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺની તા'ઝીમ અને તૌક઼ીર વાજિબ ઠરાવી છે. અને એમની ઈજ્જત, તા'ઝીમ જરૂરી ફર્માવી છે." *(શિફા શરીફ, જિ. ૨, પેજ–૨૮)*

આ લખાણમાં અલ્લામા ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہએ પોતાનો અક઼ીદો સાફ જાહેર કરી લખી આપ્યો કે નબીએ કરીમ ﷺની તા'ઝીમ વાજિબ છે.

**(૨)** અલ્લાહ તઆલાનું ફર્માન છે કે :–

يٰاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَقُوْلُوْا رَاعِنَا وَقُوْلُوا انْظُرْنَا "અય ઈમાનવાળાઓ ! રાઈના ના કહો, બલ્કે ઉન્ઝુરના કહો." *(પા–૧, રુકૂઅ–૧૩)*

હુઝૂર નબી ﷺ જયારે કોઈ વાતચીત કરતા તો કેટલીક વાર અમુક સહાબાએ કિરામની સમજમાં ન આવતું તો તેઓ અરજ કરતા કે "રાઈના યા રસૂલલ્લાહ" અર્થાત : યા રસૂલલ્લાહ ! અમારી રિઆયત (નઝરે કરમ) ફર્માવો, એ વાત ફરીથી બતાવો." રાઈના શબ્દના 'ઈ' ને ખેંચીને બોલવામાં યહૂદીઓની બોલીમાં ગાળ ગણાતી હતી. એટલે તે લોકો સરકારને 'ઈ' ખેંચી ગાળના માએનામાં બોલવા લાગ્યા. મુસલમાનોની નિય્યતો સાફ હતી. છતાં અલ્લાહ عزوجلએ રાઈના બોલવાથી રોકી લીધા એની જગ્યાએ "ઉન્ઝુરના" અર્થાત અમારી ઉપર નઝરે કરમ ફર્માવો બોલવાનો હુકમ આપ્યો.

અલ્લામા ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہ આ આયતે કરીમા લખી ફર્માવે છે કે, "સહાબાએ કિરામને હુઝૂર ﷺની તા'ઝીમ, ઈજ્જત માટે રાઈના શબ્દ બોલવાથી રોકી લેવામાં આવ્યા. *(શિફા શરીફ, જિ. ૨, પેજ–૨૯)*

અલ્લામા ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہએ ઉપરોક્ત લખાણથી પોતાનો અક઼ીદો



સાફ બતાવી આપ્યો કે, નબીએ કરીમ ની તા'ઝીમ ફક્ત ઉભા થવામાં જ ખાસ ફિક્સ નથી બલ્કે રાઈનાની જગ્યાએ ઉન્ઝુરના કહેવું પણ આપ ﷺની તા'ઝીમ છે.

**(૩)** આપ બીજે ઠેકાણે લખી રહ્યા છે કે :–

"સહાબાએ કિરામે રસૂલુલ્લાહ ﷺની જે તા'ઝીમ કરી છે તેમાંથી એક એ પણ છે કે જયારે મક્કાના કુરૈશી કાફિરોએ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને કાબા શરીફનો તવાફ કરવાનું કહ્યું, તે સમયે કે જયારે હુદયબિયહમાં સુલેહના ટાણે હુઝૂરે અક઼દસ ﷺએ આપને મક્કા શરીફ મોકલ્યા હતા. તો આપે તવાફ કરવાની ના પાડી દીધી, અને કહ્યું, જયાં સુધી રસૂલુલ્લાહ ﷺ તવાફ નહીં કરે, હું તવાફ નથી કરી શક્તો." *(શિફા શરીફ, ભા–૨, પેજ–૩૧)*

આથી જણાયું કે હઝરત ક઼ાઝી અયાઝ رضی اللہ عنہની નજીક હઝરત ઉષ્માનગની رضی اللہ عنہનું એ કહેવું કે નબીએ કરીમ ﷺ જયાં સુધી તવાફ નથી કરતા ત્યાં સુધી હું તવાફ કરી શક્તો નથી, એ પણ હુઝૂર ﷺની તા'ઝીમ છે.

**(૪)** અને આપ લખે છે કે :–

"હુઝૂર ﷺની તા'ઝીમ તૌક઼ીર એ પણ છે કે હુઝૂર ﷺની સાથે જે ચીજો સંબંધ ધરાવે છે તે તમામ ચીજોની તા'ઝીમ કરવામાં આવે, અને મક્કા મોઅઝ્ઝમા અને મદીના મુનવ્વરાના જે જે સ્થળોને આપની ઝાતે અક઼દસની સાથે સંબંધ છે તે તમામની ઈજ્જત, એહતરામ, તા'ઝીમ કરવામાં આવે, અને જે જગ્યાઓ ઉપર આપ ﷺએ આરામ કર્યો, અને તે બધી ચીજો કે જેને આપના હાથ મુબારકે સ્પર્શ કર્યો અથવા આપના શરીર મુબારકના કોઈપણ ભાગ સાથે સ્પર્શ થયો, અથવા આપના નામથી સંબોધન કરવામાં આવે છે તે તમામની તા'ઝીમ, ઈજ્જત કરવામાં આવે." *(શિફા શરીફ. ભા–૨, પેજ–૪૪)*

એટલે કે સરકારે દો આલમ ﷺની ઝાતેપાક તો ખૂબ જ ઉચ્ચ આ'લા બુલંદો બાલા છે, જ્યાં તમામે તમામ ચીજોની ઉચ્ચતા, શ્રેષ્ઠતા પૂર્ણ થાય ત્યાંથી આપની ઉચ્ચતા, શ્રેષ્ઠતા શરૂ થાય છે તે પાક જાત છે પરંતુ હઝરત

કાઝી અયાઝ ની નજીક તો જે ચીજો હુઝૂર ની સાથે નિસ્બત સંબંધ ધરાવે છે તેની તા'ઝીમ પણ કરવામાં આવશે.

## ★ સાહિબે હિદાયા અલ્લામા મરગીનાની નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૫૯૩)*

આપનું નામ અલી કુન્નિયત અબુલહસન અને લક઼બ બુર્હાનુદ્દીન છે. વાલિદ સાહેબનું નામ અબૂબક્ર છે. મરગીનાની જે ફરગાનાના શહેરોમાંથી એક શહેર છે જે માવરાઉન્નહરમાં આવેલું છે. ત્યાંના રહેવાસી હોવાથી મરગીનાની તરીકે ઓળખાય છે.

આપ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ ના વંશજોમાંથી છે. ૮ મી રજબ હિ.સ. ૫૧૧ સોમવારના દિવસે અસર બાદ જન્મ થયો અને હિ. ૫૪૪ માં હજ્જે બૈતુલ્લાહ અને રોઝાએ અક઼દસ ની ઝિયારતથી પાવન થયા.

આપે મુફતીએ ષક઼લૈન નજમુદ્દીન અબુલ હફસ ઉમર નસફી, અબૂફતહ મુહમ્મદ બિન અબ્દુર્રહમાન મરૂઝી, શૈખુલ ઈસ્લામ ઝિયાઉદ્દીન અબૂ મુહમ્મદ સાઅદ મરગીનાની, અબૂ શુજાઅ ઝિયાઉલ ઈસ્લામ ઉમર બિન મુહમ્મદ બલ્ખી બુસ્તામી અને અબૂ અમ્ર ઉષ્માન બિકન્દી શાર્ગિદ શમ્સુલ અઈમ્મા સરખસી વગેરે ઉમ્મતના મહાન આલિમો કે જેઓ પોતાના સમયમાં દરેક ઈલ્મી મેદાનમાં અજોડ હતા તેમની પાસે ઈલ્મ મેળવ્યો.

આ મહાન પવિત્ર આલિમો આરિફોની સોહબતના ફૈઝને કારણે આપ ઈલ્મ તથા ઈર્ફાનના તાજદાર બની ગયા, જેની સંપૂર્ણ તસ્વીર જવાહિરે મઝિયાના લેખકે આ રીતે ખેંચી છે કે હિદાયાના લેખક સમયના ઈમામ, ફિકહમાં અજોડ, સમયના મહાન નક્કર ઈલ્મવાળા મહાન મોહક્કિ઼ક, ખૂબ જ દૂરંદેશ, આબિદ ઝાહિદ, અજોડ લેખક સાથે મહાન શાઈર હતા. ઈલ્મ તથા અદબમાં આપનો જોટો મળી શકે તેમ ન હતું.

આપના સમયના મહાન આલિમો જેવા કે, મહાન ફક઼ીહ ઈમામ ફખ્રુદ્દીન ક઼ાઝીખાન, મહમૂદ અહમદ સાહિબે મોહીત વ ઝખીરા, શૈખ ઝૈનુદ્દીન અબૂનસર બિન મુહમ્મદ ઉતાબી મુહમ્મદ બિન અહમદ બુખારી ફતાવા ઝહિરીયાના કર્તા, વગેરેએ આપના ફઝ્લો કમાલને સ્વીકાર્યો છે બલ્કે



ક઼ાઝીખાન અને ઝૈનુદ્દીન અતાબીથી નકલ થયેલ છે કે સાહિબે હિદાયા પોતાના સમયના સર્વ ફક઼ીહોથી ઉપરવટ હતા બલ્કે પોતાના ઉસ્તાદોથી પણ આગળ વધી ગયા હતા.

ઘણાય મહાન આલિમોએ આપનાથી ઈલ્મે ફિક઼હ મેળવ્યો, જેમનામાંથી આપના બે પુત્રો શૈખુલ ઈસ્લામ જલાલુદ્દીન મુહમ્મદ, નિઝામુદ્દીન ઉમર અને ઈબ્નુલ ઈબ્ને શૈખુલ ઈસ્લામ ઈમાદુદ્દીન, શમ્સુલ અઈમ્મા કુરદરી, બુર્હાનુલ ઈસ્લામ ઝરનોજી અને કાઝીઉલ કુઝાત મુહમ્મદ બિન અલી સમરકંદી જેવા ઈલ્મના ચાંદ સૂરજ ખાસ નોંધપાત્ર છે.

આપની તમામ કૃતિઓ હિદાયા મુબ્તદી, કિફાયતુલ મુન્તહી, અલ મન્તક઼ી, અત્તજનીસ વલમઝીદ, મનાસિકુલ હજ્જ, નશ્રૂલ મઝહબ, મુખ્તારૂન્નવાઝિલ, અને ફરાઈઝે ઉષ્માની વગેરે ખૂબ કિંમતી અને ફાયદાકારક છે. ખાસ કરી હિદાયા તો આપની ઘણી જ ઊંચી ઈલ્મી કૃતિ છે કે ઈલ્મી દુનિયામાં એની બરાબરી કરનાર કોઈ જ કૃતિ મળી શક્શે નહીં.

આના વિષે કોઈએ અરબીમાં જે શેઅરો લખ્યા છે તેનો મતલબ છે કે, કુર્આને કરીમે આગલી શરીઅતોની કિતાબોને મન્સૂખ કરી આપી એટલે કે કુર્આનની હાજરીમાં હવે બીજી આસ્માની કિતાબોના હુકમો રદ ગણાયા કે જે કુર્આનથી ટકરાતા હોય. બસ તે જ રીતે ફિક઼હમાં હિદાયા એની પહેલાંની લખાએલી કિતાબોને મન્સૂખ કરનાર છે, જેથી એને પઢતા રહો, એને પઢવું જરૂરી કરી લો, જો તમે એવું કરશો તો તમારી વાતચીત ફિક઼હમાં ભૂલો કરવાથી કે ખોટું બોલવાથી પાક રહેશે.

હિદાયા લખવાનું કારણ એવું બન્યું કે, આપે એવું વિચાર્યું કે, ફિક઼હ (મસ્અલા મસાઈલ)માં એક સંક્ષિપ્ત કિતાબ લખવામાં આવે. પરંતુ તેમાં દરેક પ્રકારના મસાઈલ આવરી લેવામાં આવે, તો આપે કુદૂરી અને જામેઅ સગીરથી વીણી વીણી "હિદાયતુલ મુબ્તદી" લખી, અને એમાં વાયદો કર્યો કે ફુરસત મળશે તો એના વિવરણ તરીકે "કિફાયતુલ મુન્તહી" લખીશ. વાયદા મુજબ આપે એના ૮૦ ભાગ લખ્યા. પછી આપને સંદેહ થયો કે, કદાચ આટલા વિસ્તૃત વિવરણથી લોકો જોઈએ તેવો ફાયદો ઉઠાવી શક્શે નહીં તો પછી તેને ટૂંકાણમાં રૂપાંતર કરી "હિદાયા" નામથી કિતાબ લખી.

તે એટલી બધી ખ્યાતિ પામી કે અત્યાર સુધીમાં એના ૩૬ કે તેથી વધુ હાશિયા તથા વિવરણ લખાયાં છે અને કેટલાકે તો એને પુરેપૂરી હિફ્ઝ (મોઢે) યાદ કરી છે. હિ.સ. ૫૭૩ ઝીલ્કદ મહિનાના બુધવારના દિવસે હિદાયા લખવાની શરૂઆત કરી અને ખૂબ જ મહેનત કરી ૧૩ વર્ષ સુધી કામ કર્યું. એ દરમ્યાન ફક્ત જે દિવસોમાં રોઝા રાખવાની મનાઈ છે, તે છોડી બાકીના દિવસોમાં રોઝા રાખતા અને કોઈને પોતે રોઝદાર હોવાની ખબર પણ પડવા દેતા નહીં, જ્યારે ખાદિમ ખાવા લઈને આવતો આપ કહેતા અહીં મૂકી દો અને તમે જતા રહો. જ્યારે જતો રહે તો તે પછી કોઈ તાલિબે ઈલ્મ (મદ્રસાના વિદ્યાર્થી)ને બોલાવી તે ખાણુ ખવડાવી દેતા.

૧૪ મી ઝીલ્હજ હિ.સ. ૫૯૩ માં આપનો વિસાલ થયો. સમરકંદમાં આપનો મઝાર પબ્લિકને માટે ઝિયારતનું મર્કઝ બનેલું છે. *(માખૂઝ અઝ હદાઈકે હનફિયા વ અહવાલુલ મુસન્નેફીન)*

*રહતા હૈ નામ ઈલ્મ સે ઝિંદા હમેશા દાગ*
*અવલાદસે તો બસ યેહી દો પુશ્ત ચાર પુશ્ત*

આપ મુર્દાને ગુસલ આપવા માટેના પાટલાને લોબાનની ધૂણી દેવા માટેનું કારણ બયાન કરતાં લખે છે કે :–

''ધૂણી આપવામાં મૈયતની તા'ઝીમ છે.'' *(હિદાયા, જિ. ૧, પેજ–૧૫૮)*

આથી જણાયું કે હિદાયાના કર્તાની નજીક મૈયતને નવડાવવાના તખ્તાને ધૂણી આપી મૈયતની તા'ઝીમ જાઈઝ છે. તો અલ્લાહના મેહબૂબ અહમદે મુજતબા, મુહમ્મદ મુસ્તફા ની તા'ઝીમ એનાથી અનેક ઘણી વધારે ઉચ્ચતમ, દરજ્જે જાઈઝ છે.

## ★ હઝરત મુલ્લા અલી કારી નો અકીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૦૧૪)*

**(૧)** હઝરત અબૂ ઐયૂબ અન્સારી થી રિવાયત છે કે, નબીએ કરીમ એ ઈર્શાદ ફર્માવ્યો : ''જ્યારે તમે જાજરૂ જાવ તો કિબ્લા તરફ મોઢું ન કરો અને પીઠ પણ ન કરો.''

હઝરત મુલ્લા અલી કારી આ હદીષ શરીફની શર્હ (વિવરણ)માં ફર્માવે છે કે, કાબા શરીફની તરફ મોં કે પીઠ ન કરવાનો હુકમ એની



તા'ઝીમ માટે છે.'' *(મિર્કાત, જિ. ૧, પેજ–૨૮૩)*

**(૨)** હઝરત અબૂ હરૈરાથી રિવાયત છે કે, હુઝૂર તાજદારે દો આલમ, નબીએ કરીમ એ ફર્માવ્યું, ''જ્યારે તમારામાંથી કોઈ નમાઝ પઢવા ઉભો થાય તો તેને જોઈએ કે સામેની તરફ થૂંકવાનું એની તા'ઝીમને કારણે મના કરવામાં આવ્યું છે.'' *(મિર્કાત, જિ. ૧, પેજ–૪૫૫)*

આ ઉપરથી જણાયું કે મુલ્લા અલી કારી ની નજીક તા'ઝીમ કરવા માટે મોઅઝ્ઝમ એટલે કે જેની તા'ઝીમ કરવી છે તેનું સામે હોવું જરૂરી નથી, તેમજ એનું દેખાવું પણ જરૂરી નથી. એટલા માટે કે જાજરૂ, પેશાબ કરનાર અને નમાઝ પઢનારથી સેંકડો હજારો માઈલ કાબા શરીફ દૂર છે, આંખોથી જોઈપણ શકાતો નથી છતાં પણ કાબા શરીફની તા'ઝીમ જરૂરી છે.

**(૩)** હઝરત મુગીરા બિન શોઅબા થી હદીષ રિવાયત છે કે, રસૂલુલ્લાહ ના સહાબા એમના દરવાજા મુબારક ઉપર પોતાના નખોથી દસ્તક (નોક) દેતા. *(શિફા શરીફ, જિ. ૨, પેજ–૩૨)*

હઝરત મુલ્લા અલી કારી આ હદીષની શરહમાં લખે છે કે, ''એટલે કે હુઝૂર ની તા'ઝીમ તૌકીર, રિસ્પેક્ટને ખાતર ખૂબ જ મામૂલી અવાજ થાય તે રીતે દરવાજો ખટખટાવતા હતા. *(શિફા શરીફ મઅ નસીમુર્રિયાઝ, જિ. ૩, પેજ–૩૯૫)*

આ ઉપરોક્ત હદીષોની શરહથી જણાયું કે, મુલ્લા અલી કારી ની નજીક તો નખોથી પણ મામૂલી અવાજ થાય તે રીતે ખટખટાવવું એ મકાન માલિકની તા'ઝીમ છે.

## ★ હઝરત ઈમામ તકીયુદ્દીન સુબ્કી નો અકીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૭૫૬ )*

આપ દીનના ઈમામ, પેશ્વા, લીડર અને મહાન મુજતહિદ લગભગ ૧૫૦ કિતાબોના લેખક હતા. એમનો એક બનાવ હઝરત અલ્લામા ઈસ્માઈલ હક્કી લખે છે કે, હઝરતની સેવામાં ઉલ્માએ કિરામની એક જમાઅત હતી. તેમાં એક નઅત પઢનારે નઅત શરીફના બે શેઅર

પઢયા, તો તરત જ ઈમામ સુબ્કી અને તમામ મજલિસના હાજરજનો ઉભા થઈ ગયા અને એ મજલિસમાં ઘણો જ રૂહાની લુત્ફ આવ્યો. અને તાબેદારી માટે આટલું જ બસ છે. *(તફસીર રૂહુલ બયાન, જિ. ૯, પેજ-૫૬)*

આ ઉપરથી જણાયું કે ઈમામ તકીય્યુદ્દીન સુબ્કી ના માનવા પ્રમાણે હુઝૂર સૈયદે આલમ ના ખાસ ઝિક્ર બયાન વખતે તા'ઝીમ માટે ઉભુ થવું જાઈઝ છે. અને હઝરત ઈસ્માઈલ હક્કી નો અકીદો પણ આ ઈબારતથી સ્પષ્ટ થઈ ગયો કે પેરવીના માટે આટલું પૂરતુ છે.

## ★ કુત્બુલ અફ્તાબ હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી નો અકીદો ★

સુલતાનુલ મશાએખ હઝરત મેહબૂબે ઈલાહી નિઝામુદ્દીન અવલિયા ફર્માવે છે કે, ''રઈસ નામના એક માણસે ખ્વાબમાં જોયું કે તંબૂ જેવું છે અને બહાર લોકોની ભીડ છે. એક નીચા શરીરવાળો માણસ વારંવાર તે તંબૂમાં જાય છે, આવે છે અને લોકોના સવાલોના જવાબો લાવીને આપે છે. રઈસે પૂછયું, આ કુબ્બા (તંબૂ) માં કોણ છે ? જે અંદર આવ જા કરે છે. લોકોએ કહ્યું, આ તંબૂ જેવી ઈમારતમાં (કુબ્બા) હઝરત રિસાલત મઆબ તશરીફ ફર્માવી રહેલા છે અને અંદર આવ જા કરનાર હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ છે. રઈસ કહે છે કે હું હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ પાસે ગયો અને મેં કહ્યુ, ''રસૂલુલ્લાહ થી અરજ કરો કે મારી તમન્ના છે કે આપ ની ઝિયારતથી હું ભાગ્યશાળી બનું.

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ અંદર ગયા અને પછી બહાર આવી કહ્યું, ''રસૂલુલ્લાહ ફર્માવે છે કે, હજી તારામાં એ લાયકાત નથી કે તું મારી ઝિયારત કરી શકે, પરંતુ જા બખ્તિયાર કાકીને મારા સલામ પહોંચાડી કહેજે કે દરરોજ તમે મને જે તોહફો મોકલો છો તે મને મળે છે પરંતુ ત્રણ રાત એવી પસાર થઈ છે કે તે તોહફો મળ્યો નથી, આ રોકાણનું કારણ અલ્લાહ કરે કે ખૈર ભલાઈ હોય.''

રઈસ કહે છે કે, જ્યારે હું જાગ્યો તો તરત હઝરત બખ્તિયાર કાકી ની ખિદમતમાં હાજર થયો અને મેં અરજ કરી કે ''હુઝૂર !



અલ્લાહના હબીબ, રસૂલે કરીમ એ આપને સલામ મોકલી છે.'' હઝરતે જ્યારે સલામ સાંભળી તો તા'ઝીમ અદબ માટે ઉભા થઈ ગયા. *(સિયરુલ અવલિયા, પેજ-૧૧૬, ફવાઈદુલ ફવાદ મજલિસ ૧૯૭)*

આ લખાણથી જણાયું કે, હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી ની નજીક હુઝૂર નબીએ કરીમ ના સંબંધોમાં કોઈ ખાસ ખબર પ્રસંગ તા'ઝીમ માટે ઉભુ થવું જાઈઝ છે.

## ★ સુલતાનુલ મશાઈખ હઝરત મેહબૂબે ઈલાહી નિઝામુદ્દીન અવલિયા નો અકીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૭૨૫)*

હઝરત મીર અબ્દુલ વાહિદ બેલગ્રામી વિસાલ : હિ.સ. ૧૦૧૭ પોતાની કિતાબ સબ્એ સનાબિલમાં લખે છે કે, ''એક વેળા હઝરત મેહબૂબે ઈલાહી સુલતાનુલ મશાઈખ નિઝામુદ્દીન અવલિયા પોતાના સાથીઓ સાથે બેઠા હતા કે એકાએક ઉભા થઈ ગયા પછી બેસી ગયા, મજલિસમાંના હાજરજનોએ સવાલ કર્યો, હુઝૂર ! શા માટે આપ એકદમ ઉભા થઈ ગયા ? આપ હઝરતે કહ્યું, અમારા પીરો મુર્શિદની ખાનકાહમાં એક કૂતરો રહેતો હતો, આજે એવી શકલ સૂરતનો એક કૂતરો મેં જોયો કે તે પસાર થઈ રહ્યો છે, હું એ કૂતરાની તા'ઝીમ (અદબ) માટે ઉભો થઈ ગયો હતો. *(સબ્એ સનાબિલ, પેજ-૧૪૩ ઉર્દૂ)*

જે બુઝુર્ગની નજીક એવા કૂતરાની તા'ઝીમ માટે ઉભુ થવું જાઈઝ હોય (કે તે પોતાના પીરની ખાનકાહના કૂતરા જેવો હોય) તો સરકારે દો આલમ તાજદારે કાઈનાત ની તા'ઝીમના વિષે તેમનો અકીદો બિલ્કુલ સ્પષ્ટ જ છે.

# હુઝૂર નું શરીર મુબારક પછડાયા વિનાનું

હુઝૂર સૈયદે આલમ નૂરે મુજસ્સમ ની તમામ ખુસૂસિયતોમાંથી એક એ પણ છે કે આપના શરીર મુબારકનો પડછાયો પડતો ન હતો, ન તો સૂર્યના પ્રકાશમાં, ન તો ચાંદની ચાંદનીમાં. આ જ અકીદો (માન્યતા) તમામ સહાબા, તાબેઈન તેમજ સર્વ બુઝુર્ગોનો છે જેની વિગતો કિતાબોમાં વાંચવાથી મળે છે. આ જગ્યાએ ટૂંકમાં અમુક બુઝુર્ગોનો એ બાબત અકીદો કેવો છે તે વાંચો :–

### ★ અમીરૂલ મોઅમેનીન હઝરત ઉષ્માન ગ઼ની નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૩૫)*

મુફસ્સિરોના સરદાર હઝરત અલ્લામા નસફી (વિસાલ : હિ.સ. ૭૦૧) પોતે કરેલ તફસીરમાં લખે છે કે, "હઝરત ઉષ્માન ગ઼ની એ હુઝૂરની બારગાહમાં અરજ કરી કે અલ્લાહ તઆલાએ આપનો પડછાયો જમીન ઉપર પડવા જ ન દીધો કે જેથી કોઈ માણસનો પગ તેના ઉપર પડી ન જાય." *(તફસીરે મદારિક, જિ. ૨, પેજ–૧૦૩)*

આ હદીષ શરીફથી સરકારે દો આલમ તાજદારે કાએનાત ના શરીર મુબારકનો પડછાયો ન હોવાનો હઝરત અમીરૂલ મોઅમેનીન ઉષ્માનગ઼ની નો અક઼ીદો જણાયો જેનો સપોર્ટ ખૂદ હુઝૂર થી મળી રહે છે કે હઝરત ઉષ્માને આપની સામે આપની મેહફિલમાં આ વાત કહી અને આપે આ સાંભળી તેનો ઈન્કાર ન કર્યો. અને સાથે સાથે એ પણ સાબિત થાય છે કે અલ્લામા નસફી નો પણ અક઼ીદો હતો કે હુઝૂર



ના શરીર મુબારકનો પડછાયો પડતો ન હતો. નહીં તો આપ પોતાની કિતાબમાં એ હદીષ તેનો રદ કર્યા વિના કદી પણ લખતા જ નહીં.

### ★ હઝરત ઝકવાન તાબઈ નો અક઼ીદો ★

હઝરત હકીમ તિર્મિઝીએ આપથી રિવાયત કરી છે કે, "હુઝૂર ના શરીર મુબારકનો પડછાયો ન તો સૂરજના પ્રકાશમાં દેખાતો હતો કે ન તો ચાંદની ચાંદનીમાં દેખાતો. *(ખસાઈસે કુબ્રા, જિ. ૧, પેજ–૬૮)*

હઝરત ઝકવાન એ જ્યારે આ હદીષ શરીફ રિવાયત કરી તો સાબિત થયું કે એમનો અક઼ીદો પણ એ જ હતો કે હુઝૂર નબી નો પડછાયો કોઈ પણ ચીજની રોશનીમાં દેખાતો જ ન હતો, અને આ હદીષ હકીમ તિર્મિઝીએ પણ લખી પોતાનો અક઼ીદો સાબિત કરી આપ્યો.

### ★ ઈમામુઝ્ઝમાં અલ્લામા ક઼ાઝી અયાઝ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૫૪૪)*

આપ લખી રહ્યા છે કે, "આ જે બયાન કરવામાં આવ્યું છે કે સૂરજ અને ચંદ્રની રોશનીમાં હુઝૂર નબીએ કરીમ નો પડછાયો પડતો ન હતો, તે એટલા જ માટે કે આપ નૂર હતા. *(શિફા શરીફ, જિ. ૧, પેજ–૨૪૨)*

હઝરત અલ્લામા ક઼ાઝી અયાઝ નો અક઼ીદો આ ઉપર લખેલા લખાણથી સાફ સ્પષ્ટ રીતે જાહેર છે કે આપ નૂર હોવાને કારણે આપનો પડછાયો પડતો ન હતો.

### ★ હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૯૧૧)*

ખસાઈસે કુબ્રામાં એક આખુ પ્રકરણ લખતાં લખી રહ્યા છે કે, તે મોઅજિઝાનું બયાન કે હુઝૂર ના શરીર મુબારકનો પડછાયો દેખાયો નથી . *(ખસાઈસે કુબ્રા, જિ. ૧,પેજ–૬૮)*

પછી અલ્લામા સિયૂતી હકીમ તિર્મિઝીથી હઝરત ઝકવાન ની

હદીષ નક઼લ કરી તેના ઉપર હઝ઼ત ઈમામ ઈબ્ને સબ્અથી એના ઉપર આ રીતે શહાદત (ગવાહી) રજૂ કરી રહ્યા છે કે, ઈબ્ને સબ્અએ કહ્યું કે હુઝૂર ﷺની ખુસૂસિયાતમાંથી એક એ પણ હતી કે આપનો પડછાયો જમીન ઉપર પડતો ન હતો, એટલા માટે કે આપ નૂર હતા. તો જ્યારે ચંદ્ર–સૂર્યના અજવાળામાં આપ ચાલતા હતા તે વેળા આપના શરીર મુબારકનો પડછાયો પડતો ન હતો. કેટલાક ઈમામોએ કહ્યું કે, હુઝૂરની આ વિશિષ્ટતા ઉપર હુઝૂરની આ હદીષની સાબિતી પણ છે કે આપ ની એ દુઆ પણ નકલ કરી છે કે, અય અલ્લાહ ! મને નૂર બનાવી દે. *(ખસાઈસે કુબ્રા, જિ. ૧,પેજ–૬૮)*

ઉપરોક્ત લખાણથી સાબિત થયું કે ઈમામ જલાલુદ્દીન સિયૂતીનો એ અક઼ીદો હતો કે આપ ના શરીર મુબારકનો પડછાયો પડતો ન હતો. અને સાથે સાથે ઈબ્ને સબ્આનો અક઼ીદો પણ સાબિત થાય છે.

## ★ ઈમામે રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૦૩૫)*

આપ મક્તૂબાતમાં લખી રહ્યા છે કે, ''બેશક ! હુઝૂર નો સાયો ન હતો એ કારણે કે આલમે શહાદત (આ જાહેરી દુનિયા)માં દરેક ચીજ કરતાં તેનો પડછાયો લતીફ, પવિત્ર હોય છે અને હુઝૂર થી વધુ પવિત્ર–પાક તમામ કાએનાતમાં કોઈ જ ચીજ નથી તો પછી આપનો પડછાયો કેવી રીતે હોય શકે છે ! *(મક્તૂબાત શરીફ, જિ. ૨, પેજ–૧૮૭)*

અને આપ લખી રહ્યા છે કે, '' જ્યારે કે મુહમ્મદ રસૂલુલ્લાહ લતીફ (પવિત્ર–પાક) હોવાને કારણે આપનો પડછાયો નથી, તો પછી હુઝૂર ના ખુદાના માટે પડછાયો કેવી રીતે હોય શકે ? *(મક્તૂબાત, જિ. ૨, પેજ–૨૩૭)*

હઝ઼રત મુજદ્દિદ એ આ લખાણોથી પોતાનો અક઼ીદો સાફ જાહેર કરી આપ્યો કે, હુઝૂર થી વધારે લતીફ ચીજ કાએનાતમાં કોઈ જ નથી એટલે આપનો પડછાયો હોય શક્તો જ નથી.



## ★ શૈખ મોહક્કિક઼ હઝ઼રત અબ્દુલહક઼ મોહદ્દિષે દહેલ્વી બુખારી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૦૫૨)*

આપ લખી રહ્યા છે કે, હુઝૂર નો પડછાયો ન તો સૂરજના પ્રકાશમાં પડતો હતો કે ચાંદની ચાંદનીમાં. *(મદારિજુન્નબુવ્વત, જિ. ૧, પેજ–૨૧)*

અને લખી રહ્યા છે કે, હુઝૂર નબીએ કરીમ સરાપા નૂર છે અને નૂરનો પડછાયો નથી હોતો. *(મદારિજુન્નબુવ્વત, જિ. ૧, પેજ–૧૧૮)*

શૈખ મોહક્કિક઼નો અક઼ીદો ઉપરોક્ત લખાણથી સ્પષ્ટ જાહેર છે કે હુઝૂર ના શરીર મુબારકનો પડછાયો પડતો ન હતો.

## ★ સિરાજુલ હિંદ શાહ અબ્દુલ અઝીઝ મોહદ્દિષ દહેલ્વી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક :હિ.સ. ૧૨૩૯)*

આપ હુઝૂર સૈયદે દો આલમ ના શરીર મુબારકની ખુસૂસિયાત (વિશિષ્ટતાઓ), ખૂબીઓ લખતાં લખી રહ્યા છે કે, ''આપનો પડછાયો જમીન ઉપર પડતો ન હતો. *(તફ઼સીરે અઝીઝી, પારો–૩૦, પેજ–૨૧૮)*

આપનો અક઼ીદો આ લખાણથી સ્પષ્ટપણે જાહેર થઈ ગયો છે.

# વસીલા

જેના મારફત કોઈકની નઝદીક કુર્બ મેળવવામાં આવે તેને વસીલો કહે છે. (અત્તઅરીફાત, પેજ–૨૨૫) સહાબાએ કિરામ અને બધાય બુઝુર્ગો બલ્કે ખૂદ હુઝૂરે સૈયદે આલમ સૈયદુલ મુર્સલીન નો એ જ અક઼ીદો છે કે બુઝુર્ગોને વસીલો બનાવવો જાઈઝ છે, જાહેરી જિંદગીમાં પણ અને વફાત પછી પણ. એ માટે વિગતવાર ઉદાહરણો વાંચો.

### ★ હુઝૂર સૈયદે આલમ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : ઈ.સ.૬૩૨, હિ.સ. ૧૧)*

હઝરત ઉષ્માન બિન હુનૈફ થી રિવાયત છે કે, એક આંધળો માણસ નબી કરીમ ની ખિદમતમાં હાજર થયો કે આપ અલ્લાહ તઆલાથી મારા માટે દુઆ કરો કે મને આંખોવાળો (દેખતો) કરી આપે. હુઝૂર એ કહ્યુ, જો તું ઈચ્છે તો તારા માટે દુઆ કરું, અને જો તું સબ્ર કરી લે એ તારા માટે વધુ સારું છે. તેણે કહ્યું, હું ચાહું છું કે આપ મારા માટે દુઆ કરો. હુઝૂર એ કહ્યું, જા ! સારી રીતે વુઝૂ કર અને બે રકાત નમાઝ પઢીને આ દુઆ પઢ :–

"અય અલ્લાહ ! હું તારાથી માંગુ છું તારા તરફ તારા નબી મુહમ્મદ ના વસીલાથી ધ્યાન કરું છું જે રહેમતવાળા નબી છે, યા રસૂલુલ્લાહ ! હું આપના વસીલાથી આપના પરવરદિગાર પાસે મારી હાજત–જરૂરતની તવજ્જુહ કરી સવાલ કરું છું. અય અલ્લાહ ! મારા માટે હુઝૂર ની શફાઅત કબૂલ કર." તો જ્યારે એ માણસ આપના ફર્માન મુજબ દુઆ



કરી ઉભો થયો તો તેની આંખોમાં રોશની આવી ગઈ હતી. *(તિર્મિઝી, જિ. ૨, પેજ–૧૯૭, ખસાઈસે કુબ્રા, જિ.૨)*

ઈમામ તિર્મિઝીએ કહ્યું, આ હદષ છે. અલ્લામા સિયૂતીએ કહ્યું, આ હદીષને ઈમામ બુખારીએ પોતાની કિતાબ "તવારીખ" માં પણ લખી છે. અને બયહકીએ અદ્દલાઈલ વ દાઅવામાં આ હદીષ શરીફ રિવાયત કરી કહ્યું કે આ હદીષ સહીહ છે અને અબૂનઐમે એને માઅરેફહમાં રિવાયત કરી છે.

આ હદીષ શરીફથી સ્પષ્ટપણે જણાયું કે, હુઝૂર સૈયદે આલમ નો અક઼ીદો છે કે મને અલ્લાહ તઆલાની બારગાહમાં વસીલો બનાવવો જાઈઝ છે. જો વસીલો બનાવવું શિર્ક હોત તો હુઝૂર પોતાના વસીલાથી એ આંધળા સહાબીને દુઆ માંગવાનો કદી પણ હુકમ આપતા જ નહીં.

### ★ હઝરત ઉમર ફારૂકે આઝમ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૨૩)*

હઝરત અનસ બિન માલિક થી રિવાયત છે કે, જ્યારે લોકો દુષ્કાળની મુસીબતમાં ફસાતા તો હઝરત ઉમર હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ ના વસીલાથી દુઆ કરતા અને કહેતા કે અય અલ્લાહ ! અમે તારા નબી નો વસીલો બનાવી તારી બારગાહમાં દુઆ કરતા તો તું અમોને વરસાદના પાણીથી નવાઝતો હતો, અને હવે અમે તારી બારગાહમાં તારા નબીના કાકાને વસીલો બનાવીએ છીએ."

હઝરત અનસ કહે છે દરેક વખતે આપની આ દુઆથી વરસાદ વરસતો હતો. *(બુખારી, જિ. ૧, પેજ–૧૩૭)*

હઝરત અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની (હિ.સ. ૮૫૨ વિસાલ) આ હદીષ શરીફની શરહમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર થી રિવાયત કરે છે કે, "પછી હઝરત ઉમર એ લોકોને સંબોધી ફર્માવતા કે હે લોકો ! રસૂલુલ્લાહ હઝરત અબ્બાસ સાથે એવી જ વર્તણૂંક કરતા જેવી કે એક બેટો તેના બાપ સાથે કરે છે. માટે લોકો ! તમે પણ રસૂલુલ્લાહ ના કાકા હઝરત અબ્બાસ સામે હુઝૂરનો તરીક઼ો અપનાવો અને એમને અલ્લાહ તઆલાની

બારગાહમાં વસીલો બનાવો. *(ફતહુલ બારી શર્હે બુખારી, જિ. ૨, પેજ–૪૧૩)*

આ હદીષ શરીફથી હઝરત ઉમર ફારૂકે આઝમ નો અક઼ીદો સ્પષ્ટપણે જાહેર થયો કે આપ હુઝૂર સૈયદે આલમ ને વસીલો બનાવતા હતા. પછી તેમણે હઝરત અબ્બાસ ને પોતે વસીલો બનાવ્યો અને લોકોને પણ હુકમ આપ્યો કે તેમને વસીલો બનાવે, જેથી સાબિત થઈ જાય કે ગેર નબી (નબી સિવાયના સહાબી, વલી) ને પણ વસીલો બનાવવો જાઈઝ છે. અને એમના આ કામની સામે કોઈ પણ સહાબીએ વાંધો ઉઠાવ્યો નહીં, જેથી ગેર નબીને વસીલો બનાવવા ઉપર તમામ સહાબાનો ઈજમાઅ (એકમત) છે તે પણ સાબિત થયું.

## ★ હઝરત અમીર મુઆવિયહ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૬૦)*

અલ્લામા ઈબ્ને સઅદ સનદો સાથે (વિસાલ : હિ.સ. ૮૪૫) હઝરત સુલૈમ બિન આમિર થી રિવાયત કરે છે કે, "વરસાદ ન પડયો દુકાળ પડી ગયો, તો હઝરત અમીર મુઆવિયહ અને દમાસ્કસના લોકો નમાઝે ઈસ્તિસ્ક઼ા (વરસાદ માટેની નમાઝ) માટે નીકળ્યા, જ્યારે હઝરત અમીર મુઆવિયહ મિમ્બર ઉપર બેઠા ત્યારે કહ્યું કે યઝીદ બિન અસ્વદ જર્શી ક્યાં છે ? રિવાયત કરનાર કહે છે કે, લોકોએ તેમને અવાજ આપી બોલાવ્યા તો તેઓ ધીમે પગલે આગળ આવ્યા અને હઝરત અમીર મુઆવિયહના હુકમથી મિમ્બર પર ચઢયા અને એમના ક઼દમો પાસે બેસી ગયા. પછી અમીર મુઆવિયહએ દુઆ કરી, અય અલ્લાહ ! અમે આજે તારી બારગાહમાં અમારી જમાઅતના બેહતર અને અફઝલ માણસને વસીલો બનાવીએ છીએ, અય અલ્લાહ ! અમે તારી બારગાહમાં યઝીદ બિન અસ્વદ જર્શીને સિફારશી બનાવીએ છીએ."

પછી આપે કહ્યું, યઝીદ આપ આપના હાથોને બારગાહે ઈલાહીમાં ઉઠાવો ! તો યઝીદે પોતાના હાથો બારગાહે ખુદાવંદીમાં ઉઠાવ્યા અને લોકોએ પણ ઉઠાવ્યા, થોડી વાર પણ થઈ ન હતી કે પશ્ચિમ તરફ વાદળનો ટુકડો દેખાયો તેની સાથે હવા ચાલી અને એટલો વરસાદ થયો કે અમારે અમારા મકાનો સુધી પહોંચવું મુશ્કેલ થઈ પડયું. *(તબક઼ાત ઈબ્ને સઅદ, જિ. ૭, પેજ–૪૪૪)*



## ★ હઝરત સૈયદના શૈખ અબ્દુલક઼ાદિર જીલાની નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૫૬૧)*

અલ્લામા નૂરૂદ્દીન શતનૂફી લખે છે કે ખબર આપી અમોને અબુલ હસન ઝકરિયા બગદાદીએ, એમણે કહ્યું (હિ.સ. ૬૨૯) અમોને ક઼ાઝીયુલ કુઝાત અબૂ સાલેહ બિન હાફિઝ અબૂબક્ર અબ્દુર્રઝ્ઝાક બિન શૈખુલ ઈસ્લામ મોહયુદ્દીન અબ્દુલક઼ાદિર જીલાની એ બગદાદમાં ખબર આપી, એમણે કહ્યું, અમોને શૈખ અબૂ અબ્દુર્રઝ્ઝાક એ ખબર આપી અને (હિ.સ. ૬૯૦) અમોને શૈખ અબૂ મુહમ્મદ હસન ફકીયાહ અબૂઈમરાન બિન મૂસા બિન અહમદ બિન હુસૈન કર્શી શાફઈએ કેરોમાં ખબર આપી, એ બંનેવે કહ્યું કે અમોને (હિ.સ. ૬૧૩) શૈખ સરદાર અબુલહસન કર્શીએ દમાસ્કસમાં ખબર આપી કે, "મેં શૈખ અબૂ મોહમ્મદ અબ્દુલક઼ાદિર જીલાનીથી સાંભળ્યું, આપ ફર્માવતા હતા કે, "જ્યારે તમે અલ્લાહથી કોઈ તમારી જરૂરત માંગો તો મારા વસીલાથી માંગો." *(બહજતુલ અસ્રાર, પેજ–૨૩)*

હુઝૂર સૈયદના ગૌષુલઆઝમ શૈખ સૈયદ અબ્દુલક઼ાદિર જીલાની ના આ ફર્માનથી વસીલાના બાબત આપનો અક઼ીદો બિલ્કુલ સાફ જણાય આવે છે.

## ★ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૫૦)*

આપનું નામ નોઅમાન કુન્નિયત અબૂહનીફા અને લક઼બ ઈમામે આઝમ તથા ઈમામુલ મુસ્લિમીન છે. આપ ઈરાનના બાદશાહ નૌશેરવાનના વંશમાંથી છે. આપની વંશાવળી સિલસિલો આ રીતે છે, નોઅમાન બિન ષાબિત બિન નુઅમાન બિન મરઝબાન બિન ષાબિત બિન કૈસ બિન યઝદર્ગદ બિન શહરયાર બિન પરવેઝ બિન નૌશિરેવાન.

આપના દાદા ઈસ્લામની દૌલતથી માલામાલ થઈ ઈરાક઼ના શહેર

કૂફામાં સ્થાયી થયા. ત્યાં ૮૦ હિજરીમાં આપનો જન્મ થયો. આપના પિતા ષાબિતને દાદા હઝરત અલી كَرَّمَ اللّٰهُ تَعَالٰى وَجْهَهُ الْكَرِيْم ની સેવામાં લાવ્યા અને દુઆ કરવા અરજ કરી, તો હઝરત અલી كَرَّمَ اللّٰهُ تَعَالٰى وَجْهَهُ الْكَرِيْم એ એમની ઔલાદમાં ખૈરો બરકતની દુઆ કરી.

આપના સમયમાં લગભગ ૨૨ સહાબા આ દુન્યવી જિંદગીમાં હયાત હતા, જેમાંથી સાત સહાબાએ કિરામથી આપની મુલાકાત હોવાની સાબિતી મળે છે. ખાસ કરીને હઝરત અનસ બિન માલિક, હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ, હઝરત અબ્દુલ્લાહ બિન ઔફી, હઝરત મઅકલ બિન યસાર અને વાસેલા બિન અલ સકાઅ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن થી અને હઝરત અનસ, હઝરત જાબિર તથા હઝરત વાસેલા વગેરેથી આપે હદીષો પણ રિવાયત કરી છે.

હદીષ શરીફમાં આપના બારામાં ભવિષ્યની ખુશખબરીઓ પણ આપવામાં આવી છે. જેમ કે સમયના મહાન મુહદ્દિષ હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી શાફઈ લખે છે કે, "હું કહું છું કે, હુઝૂર સૈયદે આલમ એ સૈયદના ઈમામ અબૂહનીફાના બારામાં તે હદીષમાં ખુશખબરી આપી છે જેને અબૂનુએૈમે હુલયામાં હઝરત અબૂહુરૈરાથી નકલ કરી છે કે નબી એ ફર્માવ્યું, "જો ઈલ્મ સુરૈયા (એક તારાનું નામ છે) સુધી ઊંચે પહોંચી જાય તો ફારસ (ઈરાન)ના નવયુવાનોમાંથી એક યુવાન ત્યાં સુધી પહોંચી જશે." *(તબીયદુસ્સહીફા ફી મનાક઼િબે ઈમામ અબૂ હનીફા– ઉર્દૂ પેજ–૬)*

અને હઝરત અબૂહુરૈરા થી તે હદીષ છે જે આ શબ્દોમાં છે, બુખારી શરીફમાં અને મુસ્લિમ શરીફમાં છે કે :–

"જો ઈમાન ષુરૈયાની નજીક પણ પહોંચી જાય ફારસ (ઈરાન)ના મરદોમાંથી એક એના સુધી જરૂર પહોંચી જશે." *(તબીયદુસ્સહીફા, પેજ–૬)*

અને લખે છે કે, મોઅજમે તિબરાનીમાં હઝરત ઈબ્ને મસ્ઊદ થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ એ ફર્માવ્યું, "જો દીન (ઈસ્લામ) ષુરૈયા સુધી પહોંચી જાય તો યક઼ીનન ! ફારસના મરદો તેને મેળવી લેશે. *(તબીયદુસ્સહીફા, પેજ–૬)*



આ હદીષોમાં "અબ્નાએ ફારસ" અને "રિજાલે ફારિસ"થી હઝરત ઈમામે આ'ઝમ અબૂહનીફા અને એમના સાથીઓ તરફ ઈશારો છે.

આપે ચાર હજાર મશાઈખ, તાબેઈન અને તબએ તાબેઈનથી હદીષો અને ફિક઼્હ મેળવી જેમાંથી કેટલાક બુઝુર્ગોના નામ આ મુજબ છે : હઝરત ઈમામ જાફર સાદિક઼, નાફેઅ મૌલા ઈબ્ને ઉમર મૂસા ઈબ્ને અબીઆઈશા, સાલમ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન ખત્તાબ, સઈદ બિન મસરૂક઼, સલમા બિન કુહેલ, સુલેમાન બિન મેહરાન અઅ્મશ, તાઉસ બિન કિસાન, અબ્દુલ્લાહ બિન દીનાર, અબ્દુર્રહમાન બિન હરમઝા ઉર્જ, અતા બિન અબી રેબાહ, અતા બિન યસાર, મુહમ્મદ બિન અલી બિન હુસૈન બિન અલી મુર્તઝા, મુહમ્મદ બિન અમ્ર બિન હસન બિન અલી મુર્તઝા, વલીદ બિન સરીહ મૌલા ઉમર બિન ખત્તાબ અને હુશામ બિન ઉર્વાહ બિન ઝુબૈર. (رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن)

આપે તમામ ઈલ્મોમાં કમાલિયાત મેળવ્યા પછી ગોશાનશીની (એકાંતવાસ)નો ઈરાદો કર્યો, તો અકે રાત્રે તાજદારે કાએનાત આક઼ાએ દો આલમ ને ખ્વાબમાં દીદાર કરવાના ભાગ્યશાળી થયા. હુઝૂર એ ફર્માવ્યું, અય અબૂહનીફા ! મારી સુન્નતોને નવજીવન આપવા માટે અલ્લાહે તમને પેદા કર્યા છે, તમે એકાંતવાસનો ઈરાદો કદી પણ કરશો જ નહીં. આ ખુશખબરી પછી આપ તાલીમ તથા તર્બિયત અને શરઈ મસાઈલના ઈજતેહાદ, ઈસ્તિમ્બાતમાં દિન રાત લાગી ગયા, ત્યાં સુધી કે આપનો મઝહબ દુનિયામાં ચોમેર ફેલાય ગયો. (ઈજતેહાદ : જે વાતની સ્પષ્ટતા કુર્આન હદીષમાં ન મળે તે માટે ઈલ્મી શક્તિ સાથે બુધ્ધિથી રસ્તો શોધવો) (ઈસ્તિમ્બાત : દીની ગુઢવાક્યોનો સાર નિચોડ કાઢવો)

આપના અગણિત શાર્ગિદો થયા છે તેમાંથી સાઈઠ (૬૦)નાં નામ કેટલાક મુહદ્દિષોએ વિગતે લખેલા છે. તેમાંથી કેટલાક બુઝુર્ગોનાં નામ આ પ્રમાણે છે : ઈમામ અબૂ યૂસુફ, ઈમામ મુહમ્મદ, ઈમામ ઝફર, હસન બિન ઝિયાદ લુઅલુઈ, અબૂમુતીઅ બલખી, અબ્દુલ્લાહ બિન મુબારક, વકીઅ બિન જર્રાહ, ઝકરિયા બિન ઝાઈદા, હસન બિન ગિયાષ નખઈ, સૂફીઓના સરદાર હઝરત દાઊદ તાઈ, યૂસુફ બિન ખાલિદ, અસદ બિન

અમ્ર, નૂહ બિન મરયમ, વગેરે વગેરે (        )

હઝરત ઈમામે આ'ઝમ ને મસાઈલના ઈસ્તિમ્બાત અને ઈજતેહાદમાં મસ્રૂફિયતના કારણે હદીષોની રિવાયતનો ટાઈમ ઘણો જ ઓછો મળેલો છે, જેમ કે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ અને હઝરત ફારૂકે઼ આઝમ ને ખિલાફતના કામકાજના કારણે સમયના અભાવે હદીષની રિવાયતનો મોકો નથી મળી શક્યો.

ઈમામે આ'ઝમ ને શરઈ મસાઈલ, એહકામના ઈજતેહાદ, ઈસ્તિમ્બાતના કામમાં ફુરસતનો સમય મળતો ન હોવા છતાં પણ આપે રિવાયત કરેલી હદીષો ૧૫ જિલ્દોમાં 'મુસ્નદે ઈમામે આ'ઝમ' ના નામથી છે અને આપના શાર્ગિદો મહાન મુહદ્દિષોના શૈખો ઉસ્તાદોમાંથી ગણાય છે. જેમ કે યહયા બિન મુઈન, વક઼ીઅ બિન જર્રાહ, મસ્અર બિન કુદામ, અબ્દુલ્લાહ બિન મુબારક, ઈમામ અબૂ યૂસુફ, અહમદ બિન હંબલ અને બિલવાસ્તા અસ્હાબે સિહાહ સિત્તહ એટલે હઝરત ઈમામ બુખારી, હઝરત ઈમામ મુસ્લિમ વગેરે પણ હઝરત ઈમામ અબૂહનીફાની શાર્ગિદીથી બહાર નથી થઈ શક્તા.

ઝુર્કાની શારેહે મોઅત્તાએ હઝરત ઈમામે આ'ઝમ ની રિવાયત કરેલી હદીષોની સંખ્યામાં કેટલાક ક઼ૌલ નક઼લ કર્યા છે. પ્રથમ એ કે આપની રિવાયતો ૫૦૦ છે, બીજો એ કે સાતસો છે, ત્રીજો એ કે એક હજારથી વધારે છે, ચોથો એ કે એક હજાર સાતસો છે, પાંચમો એ કે ૬૬૭ છે.

ગેર મુક઼લ્લિદો એમ કહે છે કે ઈમામ આઝમ અબૂહનીફા ને ફક્ત ૧૭ હદીષો જ મળી છે અને તે માટે ઈબ્ને ખલ્દૂનનો હવાલો આપે છે, તે તદ્દન ગલત છે. એટલા માટે કે ઈબ્ને ખલ્દૂનની એ માન્યતા નથી અને ન તો એમનું કહેવું છે, બલ્કે એમણે તો બીજાનો ક઼ૌલ (કથન) હિકાયત રૂપે નકલ કરેલા છે. અને મોટાભાગનાનું ચોક્કસ યક઼ીન સાથે માનવું એ છે કે એમણે સબ્અમઅતહૂ લખ્યું હતું પરંતુ કાતિબ (લહિયા) ની ભૂલથી સબ્અતહુ અશ્ર થઈ ગયું છે અથવા ઈર્ષાને કારણે જાણી બુઝી એવું કર્યું હોય. એટલા માટે કે મુલ્લા અલી ક઼ારીના કહેવા મુજબ ઈમામે આઝમ એ ૮૩ હજાર મસાઈલ હલ કર્યા તેમાંથી ૩૮ હજાર ઈબાદતના વિષયમાં બાકીના જીવન વ્યવહાર વિષયમાં છે.



પરિણામે જો આપને ફક્ત ૧૭ હદીષો જ પહોંચી હોય તો પછી કુર્આન અને હદીષને સામે રાખ્યા વિના આટલા હજારો મસાઈલ કેવી રીતે ચૂંટી કાઢી શકે ? જો આટલી જ હદીષો (૧૭) પહોંચી હોત તો ન તો અલ્લામા જહબી શાફઈ તઝકિરતુલ હુફ્ફાઝમાં આપને હુફ્ફાઝે હદીષમાં કરતા, અને ન તો અકાબિર ઉલમાએ હદીષ એમને એમના શૈખ માનતા અને ન તો આપને માટે ઈમામનો ઈલ્ક઼ાબ માનતા. અને ન તો સમયના મહાન મુહદ્દિષ ઈમામ જલાલુદ્દીન સિયૂતી શાફઈ અને તે સમયના મહાન આલિમો આપના વખાણમાં મોટી મોટી કિતાબો લખતા.

મતલબ કે ગૈર મુક઼લ્લિદોનો પ્રોપેગંડો કે હઝરત ઈમામ અબૂહનીફાને ફક્ત ૧૭ હદીષો જ મળી હતી તે તદ્દન જૂઠો જ છે, એને તે જ માની શક્શે જેને ઈમામે આઝમથી ઈર્ષા હશે અથવા આપના ઈલ્મી મરતબાથી તે જાહિલ હશે. જે આપની હદીષ રિવાયતોને જોવા જાણવા ઈચ્છે તો તેણે મોઅત્તા ઈમામ મુહમ્મદ, કિતાબુલ આષાર, કિતાબુલ હજ, સિયરે કબીર, અને ઈમામ અબૂ યૂસુફની કિતાબુલ ખિરાજ, કિતાબુલ અમાલી, મુજર્રદ બિન ઝિયાદ વગેરેનો અભ્યાસ કરવો એમાં ઈમામ આઝમે રિવાયત કરેલી સેંકડો હદીષો સહીહ અને હસન જોવા મળશે.

આપે લખેલી કિતાબો ફિક઼હે અકબર, કિતાબુલ વસાયા, કિતાબુલ આલિમ વલ મુતઅલ્લિમ, કિતાબુલ મક્ફૂદ વગેરે છે. આપનો વિસાલ હિજરી ૧૫૦ માં થયો મઝાર મુબારક બગદાદ શરીફમાં ખીઝરાં કબ્રસ્તાનમાં છે જ્યાં સેંકડો લોકો ઝિયારત માટે હાજરી આપે છે. જેના પર સૌથી પહેલાં સુલતાન મલેક શાહ સલજૂક઼ીએ (હિ.સ. ૪૫૯) શાનદાર ગુંબદ બનાવ્યો અને આપના આસ્તાના સાથે હનફીઓ માટે મદ્રસા હનફિયાની બુનિયાદ નાખી. *(માખૂઝ અઝ તબીયદુસ્સહીફા, ખયરાતુલ હસ્સાન, હદાઈક઼ે હનફિયા, મુફીદુલ મુફતા, સવાનેહે ઈમામ આઝમ)*

આપ આપના મશ્હૂર ક઼સીદા નોઅમાનિયામાં હુઝૂર નબીએ કરીમ ની શાનમાં અરબી અશ્આર કહે છે તેનો મતલબ છે. "આપ જ તે હસ્તી છો જેઓને જ્યારે આદમ એ વસીલો બનાવ્યા તો તેઓ કામયાબ થયા, એમની દુઆ કબૂલ થઈ જ્યારે કે તે આપના પિતા છે."

ઈમામે આઝમ નો અક઼ીદો આપના આ શેરોથી સ્પષ્ટ છે કે

હુઝૂર ના જાહેરી આગમન પહેલાં હઝરત આદમ એ આપને વસીલો બનાવી દુઆ માંગી તો એ પણ જાઈઝ છે શિર્ક નથી કે એ વસીલાથી તેમની તૌબા કુબૂલ થઈ.

### ★ હઝરત ઈમામ માલિક નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૭૯)*

હઝરત ઈમામ ક઼ાઝી અયાઝ (વિસાલ : હિ.સ. ૫૪૪) લખે છે કે, અમીરૂલ મોઅમેનીન ઈમામ અબૂ જાઅફર મન્સૂર (બની અબ્બાસના બીજા ખલીફ઼ા) જ્યારે હુઝૂરે અક઼દસ ના મઝાર મુબારકની ઝિયારત માટે હાજર થયા તો તે વખતે મસ્જિદે નબવી શરીફ઼માં ઈમામ માલિક હાજર હતા, ખલીફ઼ા મન્સૂરે આપને સંબોધી કહ્યું, "અય અબૂ અબ્દુલ્લાહ ! હું કાબા શરીફ તરફ મોઢું કરી દુઆ કરું કે હુઝૂર ની તરફ મોં કરું ? ઈમામ માલિકે કહ્યું, તમે કેવી રીતે તમારું મોઢું હુઝૂર થી ફેરવી શકો છો ! જ્યારે કે આપ અલ્લાહ તઆલા ની બારગાહમાં તમારા અને તમારા બાપ આદમ ના વસીલા છે. માટે તમે હુઝૂરની તરફ જ તમારું મોં કરો અને એમનાથી શફ઼ાઅત માંગો. અલ્લાહ તઆલા એમની શફ઼ાઅત કબૂલ કરશે. *(શિફ઼ા શરીફ઼, જિ. ૨, પેજ–૩૩)*

ઈમામ માલિકના આ ફ઼ર્માનથી એમનો અક઼ીદો સ્પષ્ટ છે કે હુઝૂર ખુદા તઆલાની બારગાહમાં લોકોના વસીલા છે.

### ★ હઝરત ઈમામ શાફ઼ઈ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૨૦૪ )*

અલ્લામા ખતીબ બગદાદી (વિસાલ : હિ.સ. ૪૬૩) લખે છે કે, ઈમામ શાફ઼ઈ જે દિવસોમાં બગદાદમાં હતા તે વેળા ઈમામે આઝમ ને પોતાનો વસીલો બનાવતા, એમની ક઼બ્ર મુબારક પર હાજર થઈ સલામ કરતા પછી એમની જરૂરી હાજત માટે અલ્લાહથી દુઆમાં વસીલો બનાવતા. *(તારીખ ખતીબ બગદાદી, જિ. ૧, પેજ–૧૨૩)*

અને અલ્લામા ઈબ્ને હજર મક્કી શાફ઼ઈ (વિસાલ : હિ.સ. ૯૭૪) લખે છે કે, ઈમામ શાફ઼ઈ એ ફ઼ર્માવ્યું, આલે નબી મારા



માટે નજાત (છૂટકારા)નો ઝરિયો (સબબ) છે, એઓ અલ્લાહની બારગાહમાં મારા માટે વસીલો છે, હું ઉમ્મીદ રાખું છું કે કાલે (ક઼યામતના દિવસે) અલ્લાહ મારું આમાલનામુ મારા જમણા હાથમાં આપશે. *(સવાઈક઼ે મોહર્રિક઼ા, પેજ–૧૮૦)*

હઝરત ઈમામ શાફ઼ઈ નો અક઼ીદો આ રિવાયતોથી સાફ જણાય છે કે, ઈમામ આઝમ અબૂ હનીફ઼ા ની વફ઼ાત પછી પોતાની હાજત માટે એમને વસીલો બનાવતા હતા, અને આલે રસૂલને પોતાના માટે વસીલો હોવાનો અક઼ીદો રાખતા હતા.

### ★ હઝરત ઈમામ અહમદ બિન હમ્બલ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૨૪૧)*

હઝરત અલ્લામા નબ્હાની લખી રહ્યા છે કે, ઈમામ અહમદ બિન હંબલ એ ઈમામ શાફ઼ઈને (બારગાહે ઈલાહીમાં) વસીલો બનાવ્યા, તો એમના પુત્ર હઝરત અબ્દુલ્લાહે આશ્ચર્ય વ્યક્ત કર્યું. તેના ઉપર ઈમામ અહમદે કહ્યું, ઈમામ શાફ઼ઈ એવા છે કે જાણે લોકો માટે સૂર્ય અન શરીર માટે તંદુરસ્તી. *(શવાહિદુલ હક઼્ક઼, પેજ–૧૬૬)*

સાબિત થયું કે, હઝરત ઈમામ અહમદ બિન હંબલ ની નજીક પણ વસીલાનો અક઼ીદો સાચો છે, એમણે પોતે પણ ઈમામ શાફ઼ઈ નો વસીલો રજૂ કર્યો.

### ★ સાહિબે શરહે વ઼કાયા હઝરત ઉબૈદુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہما નો અક઼ીદો ★

આપનું નામ મુબારક ઉબૈદુલ્લાહ અને લકબ સદરુશ્શરીઆ ષાની છે અને પરદાદાનું નામ અહમદ છે જેઓ સદરુશ્શરીઅહ અવ્વલના નામથી જાણીતા છે. આપ મશ્હૂર સહાબી ઉબાદા બિન સામત ના વંશજોમાંથી છે.

આપ એક મહાન આલિમ, શરીઅતના ક઼ાનૂનોના હિફ઼ાઝત કરનાર હાફ઼િઝ, ફ઼ુરૂઅ અને ઉસૂલની મુશ્કેલીઓને આસાનીથી ઉકેલનાર, માઅકૂલ અને મન્કૂલના ભેદોના જાણનાર, મહાન મુહદ્દિષ, બેમિષાલ ફ઼ક઼ીર, મુફ઼સ્સિર, નહવી, લુગવી, અદીબ, મુતકલ્લિમ, મન્તિકી, પોતાના સમયના

તમામ ઈલ્મોના ઈમામ હતા. આપના દાદા તાજુશ્શરીઆ એ આપનું પાલન પોષણ કર્યું. ઘણી જ મહોબ્બત, પ્યાર સાથે આપને તમામ ઈલ્મો તથા વિદ્યાઓ પઢાવી અને આપને હિફઝ્ કરવા 'વક઼ાયા' નામની કિતાબ લખવામાં આવી.

આપે જોયું કે બીજા લોકો એને કંઠસ્થ કરવામાં આળસ કરે છે, તો 'વક઼ાયા સંક્ષિપ્ત' લખી આપના પુત્ર મેહમૂદે વક઼ાયા સંક્ષિપ્તને મોઢે યાદ કરી લીધી તો વક઼ાયાની શરહ (વિવરણ) લખવા વિનંતી કરી. જેમાં 'વકાયા સંક્ષિપ્ત' ની મુશ્કેલીઓ પણ ઉકેલવાનું કહ્યું જેથી આપે તેમની ઈચ્છા પૂર્ણ કરવા શરહે વક઼ાયા લખવાનું શરૂ કર્યું.પરંતુ કિતાબ પૂરી થાય તે પહેલાં આપના સાહેબઝાદા આ દુનિયા છોડી ગયા. ( ) જેનું આપને બેહદ દુ:ખ થયું.

વક઼ાયાની કુલ પંદર શર્હો (વિવરણો) લખવામાં આવી, તેમાં આપે લખેલી એટલી સારી છે કે તમામ ઈસ્લામી દુનિયાએ એને પસંદ કરી. અને તમામ અરબી મદ્રસાઓના કોર્ષમાં દાખલ થઈ. જેના ઉપર અત્યાર સુધીમાં ૪૨ હાશિયા લખાયા છે અને હજારો બલ્કે લાખો આલિમોએ એનાથી ફાયદો ઉઠાવ્યો અને ઉઠાવી રહ્યા છે. ગેરમુકલ્લિદ જેઓ તક઼લીદને હરામ કહે છે તેઓ પણ પોતાના મદ્રસામાં હનફી મઝહબની આ કિતાબ પઢી પઢાવી ફાયદો ઉઠાવે છે.

આપે ઉસૂલે ફિક઼્હમાં એક લતીફ મતન તનકીહના નામથી લખ્યું છે પછી એની શરહે તૌઝીહ લખી જેની શરહે અલ્લામા સઅદુદ્દીન તફતાઝાની (વિસાલ : હિ.સ. ૭૯૨) એ તલ્વીહ઼ના નામથી કરી. આની સિવાય અલમુક઼દ્દમાતુલ અરબાઅ, તાઅદીલુલ ઉલૂમ (ઉલૂમે અક઼લીયાના પ્રકારોમાં), વ શાહ (ઈલ્મે મઆનીમા), શરહે ફુસૂલુલ ખમસીન (નહવમાં), કિતાબુશ્શુરૂત અને કિતાબુલ મહાઝિરા વગેરે આપે લખેલી છે.

હિ. ૭૪૭માં આપનો વિસાલ થયો. મઝાર મુબારક શારેઅઆબાદ બુખારામાં અવામ ખાસ માટે ઝિયારતગાહ છે.

આપ શરહે વક઼ાયા અવ્વલની પ્રસ્તાવનામાં લખે છે કે, ''હું અલ્લાહ તઆલાના દરબારમાં શક્તિશાળી વસીલાને શોધનાર છું.''

મૌલાના અબ્દુલ હૈય ફિરંગી મહેલી ''અલમુતવસ્સેલુ'' ના હાશિયામાં



લખે છે કે, ''નેક અમલો અને બુઝુર્ગોને દીનથી વસીલો માંગવાનો સુબૂત હદીષોથી સાબિત છે.''

અને અકવીઉઝ્ઝરિયાના હાશિયામાં લખે છે કે, ''મજબૂત ઝરિયાથી ક્યાં તો રસૂલુલ્લાહ મુરાદ છે ક્યાં તો કુર્આન ક્યાં તો હુઝૂર પર દુરૂદ ક્યાં તો શરીઅત અને એના એહકામનો ઈલ્મ જેમાં ફિક઼્હ, ઉસૂલ અને કલામ પણ આવી જાય અથવા ઈલ્મે ફિક઼્હ મુરાદ છે.

પરંતુ ખૂબ મજબૂત ઝરિયાથી સ્પષ્ટ રીતે એ જાહેર જણાય છે કે, હુઝૂર જ એનાથી મુરાદ છે, એટલા માટે કે અલ્લાહ તઆલાની બારગાહમાં સૌથી વધુ તાક઼તવર વસીલો હુઝૂર જ છે, એમનાથી વધીને કોઈ જ વસીલો નથી.

શર્હે વક઼ાયાના લેખક હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضي الله عنه ના લખાણથી એમનો અક઼ીદો સાબિત થાય છે કે સરકારે દો આલમ અને તમામ બુઝુર્ગાને દીનને અલ્લાહ તઆલાની બારગાહમાં વસીલો બનાવવો જાઈઝ છે અને મૌલાના અબ્દુલહય ફિરંગી મેહલ્લીનો પણ એ જ અક઼ીદો છે.

## ★ ઈમામ ઈબ્ને હુમામ સાહેબે ફત્હુલક઼દીર નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૮૬૧)*

આપ કિતાબુલ હજ્જ બાબે ઝિયારતુન નબી માં લખી રહ્યા છે કે, ''અલ્લાહથી પોતાની હાજત માટે એના નબીને વસીલો બનાવી સવાલ કરવો. પછી નબીથી શફાઅતના તાલિબ (માંગનાર) બની કહો, અય અલ્લાહના રસૂલ ! હું આપનાથી શફાઅત ચાહું છું, અય અલ્લાહના રસૂલ ! આપનાથી સવાલ કરું છું, અને આપને અલ્લાહ તઆલાની બારગાહમાં વસીલો બનાવું છું. *(ફત્હુલ ક઼દીર, ભા–૩, પેજ–૯૫)*

ઉપરોક્ત લખાણથી ઈમામ ઈબ્ને હુમામનો અક઼ીદો બિલ્કુલ સ્પષ્ટ છે કે, ''હુઝૂર ના વિસાલ પછી પણ એમનો વસીલો માંગો બિલ્કુલ જાઈઝ છે.

## ★ અલ્લામા જલાલુદ્દીન સિયૂતી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૯૧૧)*

આપ ફર્માવે છે કે હઝરત અબૂ ઉમામા બિન સહલ બિન હુનૈફ થી રિવાયત છે કે, "એક માણસ હઝરત ઉષ્માન બિન અફ્ફાન ની પાસે કોઈ હાજત જરૂરત માટે જતો હતો, પરંતુ હઝરત ઉષ્માનગની તેના તરફ ધ્યાન આપતા ન હતા, એની શી જરૂરત છે તે પણ પૂછતા ન હતા, તો તેણે હઝરત ઉષ્માન બિન હુનૈફથી મુલાકાત કરી આ બાબતની ફરિયાદ કરી. એમણે એને કહ્યું, બરાબર વુઝૂ કરો અને મસ્જિદમાં જઈ બે રકાત નમાઝ પઢો, પછી દુઆ કરો કે, "અય અલ્લાહ ! હું તારાથી સવાલ કરું છું, અને તારી બારગાહમાં તારા નબીના વસીલાથી રજૂ કરું છું જે નબીયે રહમત (રહમતવાળા નબી) છે, યા રસૂલલ્લાહ ! હું આપના વસીલાથી પરવરદિગારેઆલમની તરફ રજૂ કરું છું કે તે મારી હાજત પૂરી કરે. (આ દુઆ કરતાં) તમારી હાજત શી છે તે કહો. પછી સાંજે મારી પાસે આવો કે હું તમારી સાથે (હઝરત ઉષ્માનગની ની પાસે) આવીશ. તે માણસ ચાલ્યો ગયો અને તેણે આપના કહેવા મુજબ અમલ કર્યો, પછી ઉષ્માનગની ના દરવાજા પર આવ્યો, તો ચોકીદાર આવ્યો અને તેનો હાથ પકડી અંદર લઈ ગયો. અમીરૂલ મોઅમેનીને એને પોતાની પાસે ગાદી ઉપર બેસાડયો, પછી કહ્યું, તારી જે પણ હાજત જરૂરત છે તે હું પૂરી કરીશ." પછી તે માણસ હઝરત ઉષ્માન બિન હુનૈફના ઘેર ગયો અને કહેવા લાગ્યો, અલ્લાહ તઆલા આપને ભલાઈનો બદલો આપે. અમીરૂલ મોઅમેનીન પાસે હું મારી હાજત માટે જતો હતો પરંતુ મારા તરફ જરા પણ ધ્યાન આપતા જ ન હતા ત્યાં સુધી કે તમે મારા માટે તેમની પાસે મારી ભલામણ કરી.

ઉષ્માન બિન હુનૈફે કહ્યું, મેં તમારા માટે તેમની પાસે કોઈ જ વાત કરી નથી પરંતુ મેં જોયું છે કે, રસૂલુલ્લાહ પાસે એક આંધળો માણસ આવ્યો તેણે પોતાની આંખો ન હોવાની ફરિયાદ કરી, તો હુઝૂરે કહ્યું, શું તમે સબ્ર કરી શકો છો ? તો તેણે કહ્યું, યા રસૂલલ્લાહ ! મને કોઈ રસ્તો દેખાડનાર નથી, અને એ મારા માટે તકલીફવાળી વાત છે. તો નબીએ કરીમ એ ફર્માવ્યું, જા ! વુઝૂ કરવાની જગ્યાએ જઈ વુઝૂ કર અને



પછી બે રકાત નમાઝ પઢ, પછી આ રીતે દુઆ કર. "અય અલ્લાહ ! હું તારાથી સવાલ કરું છું અને તારી બારગાહમાં તારા નબી નો વસીલો રજૂ કરું છું જે તારા રહમતવાળા નબી છે. યા રસૂલલ્લાહ ! હું આપના વસીલાથી આપના પરવરદિગાર તરફ તવજ્જુહ કરું છું કે એ મારી આંખોની તકલીફ દૂર કરી દે. અય અલ્લાહ ! તું હુઝૂરની ની શફાઅત મારા માટે કબૂલ ફર્માવ અને મારી શફાઅત મારા હક઼માં. હઝરત ઉષ્માન બિન હુનૈફે એ કહ્યું, "ખુદાની ક઼સમ ! અમે ત્યાંથી હજુ ઉઠયા પણ ન હતા કે તે માણસ આવ્યો અને તે જાણે કદી આંધળો હતો જ નહીં." *(ખસાઈસે કુબ્રા, ભા–ર, પેજ–૨૦૨)*

અલ્લામા જલાલુદ્દીન સિયૂતીએ પોતાની કિતાબમાં આ હદીષ લખી પોતાનો અક઼ીદો સાબિત કરી આપ્યો કે વિસાલ પછી પણ હુઝૂર નબીએ કરીમ નો વસીલો પકડવો જાઈઝ છે. જો એમનો એ અક઼ીદો ન હતો તો તે કદી પોતાની કિતાબમાં આ હદીષને જગ્યા ન આપત.

## ★ સિરાજુલ હિંદ શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૨૩૯)*

હઝરત પોતાની કિતાબમાં લખે છે કે મદદ માંગવાની રીત એ છે કે જરૂરતમંદ વ્યક્તિ અલ્લાહ તઆલા પાસે એ નેક બંદાની રૂહાનિયતના વસીલાથી માંગે જે એની બારગાહમાં મુક઼ર્રબ અને મુકર્રમ હોય. અને કહે, અય અલ્લાહ ! તારા એ બંદાની બરકતથી કે જેના ઉપર તારી બારગાહમાંથી રહમતો અને ઈન્આમ ઉતરે છે તારી બારગાહમાં ઈજ્જતવાળો દરજ્જો ધરાવે છે તું મારી હાજત પૂરી ફર્માવ." અથવા એ મુક઼ર્રબ (અલ્લાહનો કરીબી નબી, વલી, શહીદ વગેરે ઈનામવાળા) બંદાને પુકારે અને કહે, "અય અલ્લાહના મેહબૂબ બંદા ! અય અલ્લાહના વલી ! મારી શફાઅત (ભલામણ) કરો. અલ્લાહથી દુઆ કરો કે મારો મક઼સદ પૂરો થઈ જાય."

મુક઼ર્રબ બંદો હાજતમંદ અને અલ્લાહ તઆલાની વચ્ચે ફક્ત વસીલો છે દેવાવાળો, કુદરતવાળો તો ફક્ત અલ્લાહ જ છે. અને જેનાથી સવાલ

કરવામાં આવ્યો છે તે અલ્લાહ તઆલા જ છે. એમાં શિર્કનો વહેમ પણ ઉપસ્થિત થતો નથી જેવો કે ન માનનારે વહેમ કરેલો છે. આ રીતે છે કે અલ્લાહના નેક બંદાઓને એના દોસ્તોને જાહેરી જિંદગીમાં વસીલો બનાવવામાં આવે છે, એનાથી દુઆની અરજ કરવામાં આવે છે એ સર્વોનુમતે જાઈઝ છે. તો વફાત પછી તે જ વાત કેમ જાઈઝ ન હોય શકે ? કામિલ બંદાઓની રૂહોમાં જાહેરી જિંદગી અને વફાત પછી ફક્ત એટલો જ તફાવત હોય છે કે (વફાત પછી) એમને વધુ કમાલ, વધુ ખૂબીઓ મળી જાય છે. *(ફતાવા અઝીઝિયાહ, જિ–૨, પેજ–૧૦૮)*

આ ફતાવામાં હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી સાહેબ رضی اللہ عنہએ પોતાનો અક઼ીદો સ્પષ્ટ રીતે જણાવી આપ્યો કે બુઝુર્ગાને દીનને જેવી રીતે એમની જાહેરી જિંદગીમાં વસીલો બનાવવો જાઈઝ છે એવી જ રીતે વિસાલ પછી પણ જાઈઝ છે. અને એમાં શિર્કનો વહેમ જરા પણ ઉપસ્થિત થતો નથી. એટલા માટે કે સવાલ અલ્લાહ તઆલાથી કરવામાં આવે છે અને બુઝુર્ગો ફક્ત વસીલો હોય છે.



# ક઼બ્રોની જિંદગી

અલ્લાહના મેહબૂબ બંદાઓ નબીઓ, રસૂલો, વલીઓ, શહીદોનું પોતપોતાની કબ્રોમાં જીવતા હોવું બિલ્કુલ સાચુ જ છે. સરકારે અક઼દસ ﷺ અને તમામ ઉલ્મા અને બુઝુર્ગોનો એ જ અક઼ીદો (માન્યતા) છે. સાબિતી માટે નીચે જૂઓ :–

## ★ હુઝૂર સૈયદે આલમ ﷺનો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૧ ઈ.સ. ૬૩૨)*

હઝરત અબૂદર્દા رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર સૈયદેઆલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે "બેશક ! અલ્લાહ તઆલાએ જમીન ઉપર અંબિયા علیہم السلامનાં શરીરોને ખાવાનું હરામ કરી આપ્યું છે, તો અલ્લાહના નબીઓ (ક઼બ્રોમાં) ઝિંદા છે, એમને રિઝ્ક઼ પણ આપવામાં આવે છે. *(ઈબ્નેમાજા, મિશ્કાત, પેજ–૧૨૧)*

આ હદીષ શરીફથી સ્પષ્ટ રીતે જણાયું કે હુઝૂર નબીએ કરીમ ﷺનો અક઼ીદો છે કે નબીઓ પોત પોતાની ક઼બ્રોમાં દુનિયવી જિંદગીની હક઼ીક઼ત સાથે હયાત (ઝિંદા) છે.

અને સહાબીએ રસૂલ હઝરત અબૂદર્દા رضی اللہ عنہએ આ હદીષને રિવાયત કરી તો એમનો પણ અક઼ીદો સાબિત થયો કે નબીઓ પોતાની ક઼બ્રોમાં હયાત છે.

# મુહદ્દિષોનો અક઼ીદો

હઝરત અબૂદર્દાની રિવાયત કરેલી હદીષોને મોહદ્દિષ હઝરત ઈબ્ને માજહ્ અને સાહિબે મિશ્કાત અલ્લામા તબરેઝીએ પોતપોતાની કિતાબોમાં લખી સાબિત કરી આપ્યું કે અમારો અક઼ીદો એ છે કે અંબિયાએ કિરામ પોતાની હક઼ીક઼ી જિંદગી સાથે હયાત છે, અને હવે બીજા મોહદ્દિષોના અક઼ીદા જોઈએ.

### ★ અલ્લામા જલાલુદ્દીન સિયૂતી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૯૧૧)*

હઝરત અનસ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ એ ફર્માવ્યું કે, અલ્લાહના નબીઓ عليهم السلام પોતપોતાની કબ્રોમાં હયાત છે, નમાઝ પણ પઢે છે. *(ખસાઈસે કુબ્રા. જિ–૨, પેજ–૨૮૧)*

અલ્લામા સિયૂતી એ ખસાઈસે કુબ્રામાં આ હદીષ શરીફ લખી પોતાનો અક઼ીદો સ્પષ્ટ કરી આપ્યો કે નબીઓ પોતાની ક઼બ્રોમાં ઝિંદા છે.

### ★ મુલ્લા અલી ક઼ારી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૦૧૪)*

આપ હઝરત અબૂદર્દાની રિવાયત કરેલી હદીષની શરહ (વિવરણ)માં લખી રહ્યા છે કે, નબીઓ عليهم السلامની દુનિયાની જિંદગી અને વફાત પછીની જિંદગીમાં કોઈ જ તફાવત નથી, એટલા જ માટે કહેવામાં આવે છે કે અલ્લાહના મહબૂબ બંદાઓ મરતા નથી, બલ્કે એક મકાનથી બીજા મકાનમાં ચાલી જાય છે. *(મિર્કાત, જિ–૨, પેજ–૨૧૨)*

અને હઝરત અવસ બિન અવસ રિવાયત કરે છે કે સરકારે અક઼દસ એ ફર્માવ્યું : બેશક ! અલ્લાહ તઆલાએ નબીઓના શરીરોને જમીન પર ખાવાનું હરામ કરી આપ્યું છે. *(અબૂ દાઊદ નિસાઈ, બયહકી, દારમી, ઈબ્ને માજા, મિશ્કાત, પેજ–૨૦)*

આ હદીષના વિવરણમાં મુલ્લા અલી ક઼ારી ફર્માવી રહ્યા છે કે, **અલ અંબિયાઓ ફી કુબૂરિહીમ અહયાઉન** ''નબીઓ عليهم السلام પોતાની કબ્રોમાં ઝિંદા છે.'' *(મિર્ક઼ાત, જિ–૨, પેજ–૨૦૯)*

અને બીજે ઠેકાણે લખે છે કે બેશક ! હુઝૂર ઝિંદા છે, એમને રોજી પહોંચાડવામાં આવે છે અને એમનાથી દરેક પ્રકારની મદદ માંગી શકાય છે. *(મિર્ક઼ાત, જિ–૧, પેજ–૨૮૪)*

હઝરત મુલ્લા અલી ક઼ારી ના લખાણથી એમનો અક઼ીદો ખુલ્લો જાહેર છે કે હઝરત અંબિયાએ કિરામ પોતાની ક઼બ્રોમાં હયાત ઝિંદા છે, બલ્કે અલ્લાહના બીજા ખાસ બંદાઓ પણ મરતા નથી ફક્ત ફના થનાર મકાનમાંથી હમેશાં રહેનાર મકાન તરફ રહેઠાણ બદલે છે.



### ★ હઝરત શૈખ અબ્દુલ હક઼્ક઼ મુહદ્દિષે દહેલ્વી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૦૫૨)*

ઉમ્મતના ઉલ્મામાં ઘણાય ઈખ્તેલાફ (વિરોધી મતમતાંતર) અને ઘણાય મઝહબ હોવા છતાં કોઈ પણ માણસને એ બાબતમાં ઈખ્તેલાફ નથી, નબીએ કરીમ દુન્યવી જિંદગીની હક઼ીક઼ત સાથે ક઼ાયમ અને બાકી છે. આ હયાતે નબવીમાં મજાઝની ભેળસેળ કે તાવીલનો વહેમ પણ નથી અને ઉમ્મતના અમલો પર હાઝિર નાઝિર છે, વળી હક઼ીક઼તના તલબગારો માટે અને તે લોકો માટે જે હુઝૂર ની તરફ તવજ્જુહ રાખે છે હુઝૂર તેઓને ફૈઝ બખ્શનાર અને એમના મુરબ્બી છે. *(મક્તૂબે સુલૂક અકરબુસ્સુબુલ બિત્તવજ્જુહિ ઈલાસય્યિદિર્રુસુલ મઅ અખ્બારૂલ અખ્યાર, પેજ–૧૬૧)*

અને હઝરત અબૂદર્દા થી રિવાયત કરેલી હદીષ નીચે આપ લખી રહ્યા છે કે, ''અલ્લાહના નબી દુનિયવી જિંદગીની હક઼ીક઼ત સાથે ઝિંદા છે. *(અશ્અતુલ લમ્આત. જિ–૧, પેજ ૫૭૬)*

અને અવસ બિન અવસની રિવાયત કરેલી હદીષની નીચે લખે છે કે, ''પયગમ્બરો عليهم السلامની જિંદગી બધા જ માને છે, કોઈને એમાં મતભેદ નથી. એમની જિંદગી હક઼ીક઼ત સાથે દુનિયવી છે, શહીદોની જેમ માઅનવી (બાતિની) અને રૂહાની નથી. *(અશ્અતુલ લમ્આત, જિ–૧, પેજ–૫૭૪)*

આ લખાણોથી હઝરત શૈખ અબ્દુલહક઼ મોહદ્દિષે દહેલ્વી એ પોતાનો અક઼ીદો સ્પષ્ટપણે જણાવી આપ્યો કે હુઝૂર દુન્યવી જિંદગીની હક઼ીક઼ત સાથે હયાત છે, જેમાં મજાઝની ભેળસેળ કે કોઈ જાતની તાવીલ (મતલબ ઘડવા)ને સ્થાન નથી, બલ્કે તમામ નબીઓની જિંદગી દુનિયાની જેમ શારીરિક હક઼ીક઼ી છે અને હઝરત શૈખના લખાણથી એ પણ જણાયું કે એમના સમયકાળ સુધી આ મસ્અલામાં કોઈને ઈખ્તેલાફ ન હતો.

### ★ અલ્લામા શહાબુદ્દીન ખફ્ફાજી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૦૭૦)*

આપ પોતાની કિતાબ નસીમુર્રિયાઝમાં લખે છે કે, ''અંબિયા عليهم السلام

હકીકી જિંદગી સાથે પોતાની કબ્રોમાં હયાત છે." *(જિ–૧, પેજ–૧૯૬)*

આપનો અકીદો આ લખાણથી સ્પષ્ટ જણાય આવે છે.

## ★ શાહ વલીયુલ્લાહ મોહદ્દિષ દહેલ્વી નો અકીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૧૭૬)*

આપ લખે છે કે વાલિદ સાહેબ હઝરત શાહ અબ્દુર્રહીમ ફર્માવ્યા કરતા હતા કે જે દિવસોમાં બાદશાહ ઔરંગઝેબ અકબરાબાદમાં હતા, હું તે વખતે મિરઝા ઝાહિદ હરવી જેઓ લશ્કરમાં અધિકારી હતા તેમની પાસે કેટલાક સબક પઢવા જતો હતો. આ બહાને હું મારા વાલિદ (બાપ) સાથે ગયો. સૈયદ અબ્દુલ્લાહ પણ સૈયદ અબ્દુર્રહમાનના સાથીદાર તરીકે ત્યાં હાજર હતા. ત્યાં તેઓ બીમાર થયા અને અલ્લાહ તઆલાની રહેમતમાં પહોંચી ગયા, એમણે વસિયત કરી હતી કે મને મિસ્કીનોના (અવામ ગરીબ પબ્લિક) કબ્રસ્તાનમાં દફન કરવો કે જેથી મને કોઈ જાણી ન શકે જેથી લોકોએ એવું જ કર્યું. હું પણ તે દિવસે ખૂબ બીમાર હતો જેથી જનાઝા સાથે જવાની હિંમત ન હતી. જ્યારે ઠીક થયો અને ચાલવા ફરવાની શક્તિ આવી તો એક માણસ કે જે એમના જનાઝામાં ગયો હતો તેને સાથે લઈ તેમની કબ્રની ઝિયારત અને બરકત માટે તેમના મઝાર તરફ ચાલી નીકળ્યો. એ એમની છેલ્લી વસીયતની વિશિષ્ટતા હતી કે જનાઝામાં સાથે આવેલા મારા સાથીએ ઘણી જ કોશિશો કરી છતાં કબ્ર તલાશ કરી શક્યા નહીં. હું ત્યાં બેસી કુર્આન શરીફની તિલાવત કરવા લાગ્યો તો મારી પીઠ પાછળથી સૈયદ સાહેબે આવાજ આપ્યો, "મારી કબ્ર તો અહીં છે પરંતુ તમે જે તિલાવત શરૂ કરી ચૂક્યા છો તેને ત્યાં જ પૂરી કરી લો અને એનો સવાબ એ જ કબ્રવાળાને બક્ષી આપો, જલ્દી ન કરો જે કાંઈ પઢી રહ્યા છો એને શાંતિથી પૂરું કરો."

આ સાંભળી મેં મારા સાથીને કહ્યું, બરાબર ધ્યાન કરી જુઓ સૈયદ સાહેબની કબ્ર તેજ છે જે તરફ તમે ઈશારો કર્યો હતો કે પછી મારી પીઠની પાછળ છે ?

થોડીવાર વિચારીને કહેવા લાગ્યો, મારી ભૂલ હતી, સૈયદ સાહેબની કબ્ર તો તમારી પીઠની પાછળ છે. હું તે તરફ ફરીને બેઠો અને કુર્આન



શરીફ પઢવા લાગ્યો. એ સમયે દિલ ગમગીન અને ચિંતાગ્રસ્ત હોવાથી ઘણી જગ્યાએ તિલાવતના કાયદા કાનૂનનો ખ્યાલ રાખી શક્યો નહીં, કબ્રમાંથી અવાજ આવ્યો, ફલાણી ફલાણી જગ્યાએ સુસ્તીથી કામ લેવામાં આવ્યું છે, તિલાવત કરવામાં ખૂબ જ સાવચેતીથી કામ લેવાની જરૂરત છે. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૫૭)*

અને લખે છે કે, મીર અબુલ ઉલા (સ્થાપક સિલસિલા અબુલ ઉલાઈયા)ના ઘરવાળાંએ એમના છોકરા નૂરૂલ ઉલા બીમાર થયા તો મન્નત ન્યાઝ રૂપે એક રૂપિયો અને ચાદર હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી અજમેરી ના મઝાર ઉપર મોકલી હતી જેની ખબર હઝરત અબુલ ઉલાને ન હતી, એક દિવસે હઝરત ખ્વાજા તરફ ધ્યાનસ્થ હતા કે, મઝાર મુબારકમાંથી અવાજ આવ્યો કે તમારા પુત્રની બીમારીમાં સાજા થવાની તમારા ઘેરથી જે ન્યાઝ આવી છે તે અને ઘરવાળાંએ બીજા પુત્રના માટે પણ વિનંતી કરી છે, ન્યાઝ અમોને કબૂલ છે, વિનંતી સાંભળી છે. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૬૯)*

અને લખી રહ્યા છે કે વાલિદ માજિદ શાહ અબ્દુર્રહીમે ફર્માવ્યું કે, શૈખ બાયઝીદ અલ્લાહગોએ હરમૈન શરીફૈનની હાજરીનો વિચાર કર્યો તો એમની સાથે ઘણાય વૃધ્ધો, બાળકો, ઔરતો પણ તૈયાર થઈ ગયાં, જ્યારે કે મુસાફરી માટે કોઈ સામાનની તૈયારી ન હતી. મારા મોટા ભાઈ અને મેં બંનેએ વિચાર કર્યો કે એમને પાછા લાવવામાં આવે. જ્યારે અમે તઘલખાબાદ પહોંચ્યા તો બપોરના સમયે સૂર્ય ખૂબ જ ગરમ થઈ ચૂક્યો હતો. અમે એક ઝાડ નીચે આરામ માટે બેઠા, થાકના કારણે સાથીઓ ઊંઘી ગયા, હું એકલો બધાનાં કપડાં સામાન સાચવવા જાગતો રહ્યો, ઊંઘ ન આવી જાય તેથી જાગતા રહેવા માટે મેં કુર્આન શરીફની તિલાવત શરૂ કરી, થોડીક સૂરતોની તિલાવત કરી હું ચૂપ થઈ ગયો, એકાએક નજીકની કબ્રોમાંથી એક કબ્રવાળાએ મને સંબોધી કહ્યું, "હું કુર્આન કરીમનો ખૂબસૂરત અવાજ સાંભળવા લાંબા સમયથી તરસતો રહ્યો છું, જો તમે થોડો સમય આપીને હજુ પણ તિલાવત કરો તો તમારું મોટું એહસાન સમજીશ."

મેં થોડી વધુ તિલાવત કરી, પછી ચૂપ થઈ ગયો, કબ્રવાળાએ ફરી

વિનંતી કરી તો ફરી મેં થોડી તિલાવત કરી ચૂપ થઈ ગયો, તેણે ત્રીજી વાર પણ વિનંતી કરી, તો મેં થોડી વધુ તિલાવત કરી હું ચૂપ થઈ ગયો.

એ પછી એ કબ્રવાળા મોટા ભાઈના ખ્વાબમાં આવ્યા જેઓ નજીક જ સૂતેલા હતા. ખ્વાબમાં કહ્યું, મેં એમને વારંવાર તિલાવતનું કહ્યું, હવે વધુ કહેવાની શર્મ આવે છે માટે તમે જ કહો કે થોડી વધુ તિલાવત કરી મારી રૂહનો ખોરાક પહોંચાડે. તેઓ ઊંઘમાંથી ઉઠયા અને ખ્વાબની હાલતનું વર્ણન કર્યું. તે પછી મેં થોડી વધુ તિલાવત કરી એનાથી કબ્રવાળાઓમાં ખુશીઓની કેફિયતને મેં મેહસૂસ કરી અને એમણે મને જઝાકલ્લાહુ અન્ની ખયરલ જઝાઅ કહ્યું. એ પછી મેં એને આલમે બરઝખ બાબત પૂછયું, તો એણે કહ્યું, તેની આજુબાજુના કબ્રવાસીઓમાંથી મને કોઈ બાબત કશી જ જાણ નથી, હા હું મારી હાલત જણાવું છું કે, ''જ્યારથી હું દુનિયાથી મૃત્યુ પામી અહીં આવ્યો છું મેં કોઈ પ્રકારનો અઝાબ મુસીબત જોઈ નથી, જો કે વધારે ઈન્આમ સુખ પણ નથી.'' મેં પૂછયું ''તમને ખબર છે કે કયા નેક કામને કારણે તમોને અઝાબથી છૂટકારો મળેલો છે ?'' તેણે કહ્યું, મેં હમેશાં એ વાતની કોશિશ કરી હતી કે દુનિયાની બેકાર ઝંઝટથી દૂર રહું અને પોતાને ઝિક્ર ઈબાદતથી દૂર કરવાવાળી ચીજોથી બચાવી રાખું, જો કે મારા આ ઈરાદાને સંપૂર્ણ રીતે પૂરો નથી કરી શક્યો છતાં અલ્લાહ તઆલાએ મારી નેક નિય્યતને પસંદ કરી મને આ બદલો અર્પણ કર્યો છે. *(અન્ફાસુલ આરેફીન, ઉર્દુ, પેજ–૧૧૪)*

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વી એ આ બધા બનાવો પોતાની કિતાબમાં લખી પોતાનો અકીદો સાબિત કરી આપ્યો કે અલ્લાહના પ્યારા બંદાઓ વફાત પછી પણ પોતાની કબ્રોમાં ઝિંદા રહે છે અને જરૂરત પ્રસંગે દુનિયાવાળાઓથી વાતચીત પણ કરે છે.

## ★ અલ્લામા નબ્હાની નો અકીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૩૫૦)*

આપ લખી રહ્યા છે કે હઝરત અલ્લામા મુહમ્મદ સદરૂદ્દીન બિકરી (વિસાલ : હિ. ૯૧૮) જ્યારે હજ્જ માટે ગયા અને જ્યારે સરકારે દો આલમની ઝિયારત કરી તો લોકોએ સાંભળ્યું કે, હુઝૂર એ એમની



સલામનો જવાબ આપ્યો. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૭૨૩)*

અને લખે છે કે, મુહમ્મદ બિન શર્ફુદ્દીન ખલીલી શાફઈ (વિસાલ. હિ. ૧૧૪૭) જેઓ બયતુલ મુકદસમાં રહેતા હતા જેઓ એવું બયાન કરે છે કે મૂસા સાથે અમારે એવો બનાવ બન્યો કે હું રાતના આપના મઝાર શરીફની ઝિયારત માટે મઝાર મુબારક પાસે ઉતર્યો, મેં હુઝૂર ની મુબારક હસ્તી માટે દુરૂદો સલામ લખાયેલી કિતાબ ''દલાઈલુલ ખૈરાત'' પઢવાનું શરૂ કર્યું, એક વાર પૂરી કરી જ્યારે બીજી વાર પઢવાનું શરૂ કર્યું તો મને વિચાર આવ્યો કે બેહતર એ છે કે સૈયદના મૂસા અને સૈયદના હારૂન પર સલાતો સલામ મોકલું. તો મેં આ રીતે દુરૂદ શરીફ પઢયું, ''અલ્લાહુમ્મ સલ્લિ અલા મૂસા વ અખીહિ હારૂન.'' અર્થાત અય અલ્લાહ ! હઝરત મૂસા અને હારૂન પર દુરૂદ મોકલ.'' તે જ વખતે કબ્રમાંથી સાફ સ્પષ્ટ અવાજ આવ્યો ''નસબનો રિશ્તો (સંબંધ) વિલા (આઝાદી)ના રિશ્તાથી અફઝલ અને પ્રાથમિક્તા ધરાવે છે.''

આનો અર્થ હું તરત જ સમજી ગયો કે હુઝૂર સૈયદના મુહમ્મદ રસૂલુલ્લાહ થી તમારો સંબંધ એવો છે જેવો કે નસબી રિશ્તો હોય છે, એટલા માટે નબીએ કરીમ એ ઈર્શાદ ફર્માવ્યો છે કે, ''મારી ઉમ્મત મારા અસ્બા અને રિશ્તો છે.'' અને બીજાઓથી તમારો રિશ્તો વિલા છે. નસબનો રિશ્તો વિલાના રિશ્તાથી અગ્રિમતા ધરાવે છે. આ સાંભળી પછી મેં ''દલાઈલુલ ખૈરાત'' પઢવાનું શરૂ કર્યું. *(જામેઅ કરામાતે અવલિયા, પેજ–૮૪૦)*

અલ્લામા યૂસુફ નબ્હાની એ આ બનાવો લખી પોતાનો અકીદો સ્પષ્ટપણે જાહેર કરી આપ્યો કે અંબિયા અવલિયા કબ્રોમાં જીવતા છે એ અકીદો સાચો છે.

## ફુકહા (ફકીહો)નો અકીદો

**★ સાહિબે નૂરૂલ ઈઝાહ અલ્લામા શરનબલાલી નો અકીદો ★**

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૦૬૯)*

આપ લખી રહ્યા છે કે એ વાત તહકીક કરનારા ઉલમાથી સાબિત છે કે હુઝૂર (હકીકી જિંદગી સાથે) હયાત છે, એમના ઉપર રોજી પણ પેશ કરવામાં આવે છે. તમામ લજ્જતવાળી ચીજોની મજા અને ઈબાદતોની મીઠાશ પણ મેળવે છે, પરંતુ જે લોકો ઊંચા દરજ્જાઓ સુધી પહોંચી શક્તા નથી તેવાઓની દ્રષ્ટિથી પર્દામાં છે. (અર્થાત : એવા લોકો આ વાતો સમજી શક્તા નથી. –અનુવાદક)

હઝરત અલ્લામા હસન શરનબલાલી એ ખુલ્લેઆમ પોતાનો અકીદો તથા તમામ મોહક્કિક ઉલમાનો અકીદો લખી આપ્યો કે "હુઝૂર હયાત છે, પરંતુ આમ લોકોની નજરોથી પર્દામાં છે.

*તૂ ઝિંદા હૈ વલ્લાહ તૂ ઝિંદા હૈ વલ્લાહ*
*મેરી ચશ્મે આલમ સે છુપ જાને વાલે*
–(આલા હઝરત)

**★ અલ્લામા ઈબ્ને હજર મક્કી શાફઈ નો અકીદો ★**

*(વિસાલ મુબારક : હિ.સ. ૯૭૪)*

આપ લખે છે કે, કેટલાક લોકોએ કહ્યું, હું કાલે ઝોહરના વખતે મરીશ, તો તે કહેવા પ્રમાણે જ થયું. અને જ્યારે કબ્રમાં મૂકવામાં આવ્યા તો આંખો ખોલી આપી. દફન કરનારાઓએ એમને કહ્યું કે આપ મરવા પછી પણ જીવતા છો ? તો તેમણે કહ્યું, હું ઝિંદા જ છું અને અલ્લાહથી મહોબ્બત કરનાર દરેક ઝિંદા જ છે. *(ફતાવા હદીષિયહ, પેજ–૨૬૭)*



આ લખાણથી હઝરત અલ્લામા ઈબ્ને હજર મક્કી એ પોતાનો અકીદો સ્પષ્ટ કરી આપ્યો કે અંબિયાએ કિરામ તો ઘણી જ મહાન વ્યક્તિઓ છે, એમની મહાનતા, ઉચ્ચતા એટલી હદે છે કે જ્યાં આપણા દિમાગી ખ્યાલો પણ પહોંચી શક્તા નથી. પરંતુ અલ્લાહના તે નેક બંદાઓ જેઓ એનાથી મહોબ્બત કરવાવાળા છે તેઓ પણ પોતાની કબ્રોમાં ઝિંદા હયાત રહે છે.

## અવલિયા અલ્લાહના અકીદા

**★ હુઝૂર સૈયદેના ગૌષે આઝમ શૈખ અબ્દુલકાદિર જીલાની નો અકીદો ★**

*(વિસાલ મુબારક : હિ.સ. ૫૬૧)*

અલ્લામા તાદની લખે છે કે શૈખ કિમયાઈ, શૈખ બઝાઝ અને શૈખ અબુલ હસન બયાન કરે છે : અમે લોકો હઝરત શૈખ અબ્દુલકાદિર જીલાની સાથે ૨૭ ઝીલ્હજ બુધવારે (હિ. ૫૨૩) શોનીઝ કબ્રસ્તાનમાં મઝારોની ઝિયારત માટે ગયા. એ વખતે આપની સાથે ફકીહો અને કારીઓની એક મોટી જમાઅત પણ હતી. ત્યાં આપ હઝરત શૈખ હમ્માદના મઝાર ઉપર ઘણા સમય સુધી થોભ્યા, ત્યાં સુધી કે બપોરની ગરમી ખૂબ વધી ગઈ પરંતુ આપને જોઈને આપના સાથીઓ પણ પાછળ ચૂપચાપ ઉભા રહ્યા. જ્યારે આપ ત્યાંથી પાછા ફર્યા તો આપના ચેહરા મુબારક પર ખૂબ પ્રસન્નતા જણાતી હતી. સાથી લોકોએ ઘણીવાર સુધી થોભવાનું કારણ પૂછયું તો એક બનાવનું વર્ણન કરતા કહ્યું,

હું ૧૫ મી શાબાન હિજરી ૪૯૯ જુમ્આના દિવસે જુમ્આની નમાઝ પઢવા શૈખ હમ્માદ સાથે અલ રફાશા તરફ જવા નીકળ્યો. એ સમયે અમારી સાથે બીજા ઘણા સાથીઓ હતા. જ્યારે અમે યહૂદીપુલ પાસે પહોંચ્યા તો ખૂબ જ ઠંડી હોવા છતાં શૈખ હમ્માદે મને પાણીમાં ધક્કો મારી દીધો. મેં બિસ્મિલ્લાહ કહી જુમ્આના ગુસલની નિય્યત કરી લીધી. એ વખતે મારા શરીર પર એક ગરમ ઝભ્ભો હતો બીજો બાંયોમાં ઉપર હતો તેને મેં કાઢી હાથમાં લઈ લીધો. શૈખ હમ્માદ ધક્કો મારી આગળ ચાલી નીકળ્યા. હું બહાર

નીકળી કપડાં નીચોવી તેમની પાછળ ચાલવા લાગ્યો. મને જોઈ સાથીઓએ અફસોસ વ્યક્ત કર્યો તો શૈખ હમ્માદે તેમને કહ્યું, ચૂપ થઈ જાવ ! મેં તો એમની પરીક્ષા માટે જ ધક્કો માર્યો હતો પરંતુ એ તો એવા મજબૂત પહાડ જેમ છે કે પોતાના સ્થાનેથી જરા પણ ડગતા નથી.

પછી હઝરત શૈખ અબ્દુલક઼ાદિર જીલાની એ ફર્માવ્યું કે આજે મેં શૈખ હમ્માદને એમની કબ્રમાં એ હાલતમાં જોયા કે એમના શરીર ઉપર સોના ચાંદીથી ભરેલી યમની ચાદર છે, એમના માથા ઉપર હીરાજડીત તાજ છે, હાથોમાં સોનાનાં કડાં અને બન્નેવ પગોમાં કિંમતી માણેકના જોડા છે. પરંતુ આપનો જમણો હાથ લકવાની જેમ સૂકાય જઈ બેકાર બની ગએલો છે. મેં તેમને પૂછયું, ''તમારા આ હાથને શું થયું છે ?'' આ હાથથી મેં તમને પાણીમાં ધક્કો માર્યો હતો, શું તું મને માફ નથી કરી શક્તો ?'' મેં કહ્યું, ''બેશક ! મેં તમોને માફ કરી આપ્યા. તો એમણે કહ્યું, તમે અલ્લાહથી દુઆ કરો મારો આ હાથ સારો થઈ જાય.'' જેથી મેં દુઆ કરવાનું શરૂ કર્યું જ્યારે હું દુઆ કરતો હતો તો પાંચ હજાર અવલિયા અલ્લાહ મારી દુઆ પર પોતાની ક઼બ્રોમાં રહી આમીન કહી રહ્યા હતા. અલ્લાહ તઆલાએ મારી દુઆ ક઼બૂલ કરી અને શૈખ હમ્માદનો હાથ તંદુરસ્ત કરી આપ્યો. અને તે પછી આપે મારી સાથે મુસાફો કર્યો એ રીતે મારી અને એમની ખુશી પૂરી થઈ ગઈ. *(કલાઈદુલ્ જવાહિર, પેજ–૯૯)*

આ ઉપરના બનાવથી સાબિત થયું કે હઝરત મેહબૂબે સુબ્હાની ગૌષુલ આ'ઝમ પીરાનેપીર નો અક઼ીદો છે કે અલ્લાહવાળા પોતાની કબ્રોમાં જીવતા જ છે. અને આપે કહ્યું, હમ્માદે મારી સાથે વાતચીત કરી અને હાથ ઠીક થઈ જવા માટે દુઆની વિનંતી કરી.

## ★ શૈખ અલી બિન હીતી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૫૬૪)*

આપ હઝરત ગૌષુલ આ'ઝમ પીરાનેપીર ના સમયના મહાન બુઝુર્ગોમાંથી છે. હઝરત અલ્લામા તાદની ફર્માવે છે કે, શૈખ અલી બિન હયતી ઈરાકના મશ્હૂર બુઝુર્ગોમાંથી હતા, એ તે બુઝુર્ગોમાંથી



હતા કે જેઓ આંધળા અને કોઢીઓને સાજા કરી આપતા હતા. આપ ઘણીય વાર ગૈબની ખબરો બતાવી આપતા હતા. હઝરત મેહબૂબે સુબ્હાની ગૌષુલઆઝમ એમના ખૂબ વખાણ કર્યા કરતા અને જ્યારે પણ મળતા ખૂબ જ મહોબ્બત અને ઈજ્જતથી વર્તન કરતા. અને ઘણીવાર ફર્માવતા કે બગદાદમાં જે વલીઓ તશરીફ લાવે છે તેઓ અમારા જ મેહમાન હોય છે, પરંતુ અમે શૈખ અલી બિન હીતીના મેહમાન રહીએ છીએ. *(કલાઈદુલ્ જવાહિર, પેજ–૩૧૩)*

શૈખ અલી બિન હીતી બયાન કરે છે કે, મેં હઝરત શૈખ અબ્દુલક઼ાદિર જીલાની અને શૈખ બકા બિન બતૂ ની સાથે ઈમામ અહમદ બિન હમ્બલ ના મઝારની ઝિયારત કરી તો જોયું કે ઈમામ અહમદ બિન હમ્બલ કબ્રમાંથી બહાર આવ્યા અને હઝરત શૈખ અબ્દુલક઼ાદિર જીલાનીથી બગલગીર થયા અને કિંમતી પોશાક અર્પણ કરી કહ્યું, અય અબ્દુલક઼ાદિર ! ઈલ્મે શરીઅત અને તરીક઼તમાં તમામ લોકો તમારા મોહતાજ હશે.

પછી મેં હઝરત સાથે હઝરત શૈખ માઅરૂફ કરખી (વિસાલ : હિ.સ. ૨૦૦)ના મઝાર મુબારકની ઝિયારત કરી. હઝરત શૈખ સૈયદ અબ્દુલક઼ાદિર જીલાનીએ કહ્યું, **અસ્સલામુ અલયકુમ યા શૈખ માઅરૂફ અબરનાક બેદરજતૈન** અર્થાત : અય શૈખ માઅરૂફ સલામુ અલયકુમ ! અમે તમારાથી બે દરજ્જા આગળ વધી ગયા છીએ ! તો તેમણે કબ્રમાંથી જવાબ આપ્યો, **વઅલયકુમુસ્સલામ યા સૈયદે અહલે ઝમાનિહી** અર્થાત : અય પોતાના સમયના તમામના સરદાર ! વઅલયકુમુસ્સલામ. *(કલાઈદુલ્ જવાહિર, પેજ–૧૪૧)*

હઝરત શૈખ અલી બિન હીતી એ આ બયાનથી પોતાનો એ અક઼ીદો સાબિત કરી આપ્યો કે, બુઝુર્ગો વફાત પછી પણ પોતાની કબ્રોમાં ઝિંદા (હયાત) રહે છે જેવું કે ઈમામ અહમદ બિન હમ્બલે પોતાની કબ્રમાંથી નીકળીને કિંમતી પોશાક અર્પણ કરી બગલગીર થયા અને બશારત આપી તેમજ માઅરૂફ કરખી એ ક઼બ્રમાંથી સલામનો જવાબ એવી રીતે આપ્યો કે બહાર પણ સાફ સાંભળી શક્યા.

## ★ હઝરત સૈયદ અહમદ કબીર રિફાઈ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૫૭૮)*

હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી પોતાની કિતાબ "અલહાવી" માં લખે છે કે, હઝરત સૈયદ અહમદ કબીર રિફાઈ મહાન સૂફી બુઝુર્ગોમાંથી છે. એમનો એક બનાવ ખૂબ જ મશહૂર છે કે જ્યારે તેઓ હિ. ૫૫૫માં હજથી પરવારી સરકારે દો આલમ તાજદારે મદીના ની ઝિયારત માટે મદીના મુનવ્વરા ગયા તો હુઝૂર ની ક઼બ્રે અન્વરની સામે ઉભા રહી આ શેઅર (પંક્તિ) પઢયા :–

*ફી હ઼ાલતિલ બુઅદિ રૂહી કુન્તુ ઉર્સિલુહા*
*તુક઼બ્બિલુલ અર્દ઼ અ઼ન્ની વહિય નાઈબતી*

**અર્થાત** : "આપનાથી દૂર (ઈરાક઼માં) હોવાની પરિસ્થિતિમાં તો ખિદમતે અક઼દસમાં હું મારી રૂહને મોકલતો હતો. જે મારી નાયબ બની આસ્તાના મુબારકની ચોખટને ચુમા કરતી હતી."

*વ હાઝિહી દૌલતુલ ઈશ્બાહિ઼ ક઼દ હ઼દ઼રત*
*ફમ દુદ યમીનક કય તખત઼્ઝા બિહા શફ઼તી*

**અર્થાત** : "યા રસૂલલ્લાહ ! હવે આ જાહેરી શરીર સાથે ખિદમતમાં હાજરી નસીબ થઈ છે જેથી આપ આપનો મુબારક હાથ અર્પણ કરો જેથી મારા હોઠો એને ચુમવા ભાગ્યશાળી બને."

હઝરત સૈયદ અહમદ કબીર ની આ ગુઝારિશ ઉપર હુઝૂર સરવરે કાઈનાત એ પોતાનો હાથ મુબારક બહાર કાઢયો જેને આપે બોસો આપ્યો.

'અલ બુન્યાનુલ મશીદ' માં લખ્યું છે કે તે વખતે હજારો માણસો મસ્જિદે નબ્વીમાં હાજર હતા જેમણે નજરે જોયું અને સરકારના હાથ મુબારકની ઝિયારત કરી, એ લોકોમાં હઝરત સરકાર મેહબૂબે સુબ્હાની સૈયદના શૈખ અબ્દુલક઼ાદિર જીલાનીનું મુબારક નામ બોલાય છે.

આ બનાવથી સાફ જાહેર થાય છે કે હઝરત સૈયદ અહમદ કબીર નો પણ અક઼ીદો હતો કે અલ્લાહના મેહબૂબ સરકારે દો આલમ પોતાની ક઼બ્ર શરીફમાં હયાત જ છે, નહિતર તેઓ હુઝૂરથી એ રીતે



વિનંતી કરતા જ નહીં કે યા રસૂલલ્લાહ ! તમારો હાથ આપો કે હું બોસો આપી શકું.

## ★ ખ્વાજાએ ખ્વાજગાં હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૬૧૭)*

આપ હઝરત ખ્વાજા હાજી શરીફ ઝન્દની (હિ. ૫૮૪ વિસાલ) ના મુરીદ અને ખલીફા છે, અને સુલતાનુલ હિંદ હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી ના પીરો મુર્શિદ છે. આપની જ નિગાહે કરમે હઝરત ખ્વાજાને સુલતાનુલ હિંદ અને સુલતાનુલ આરેફીન બનાવી દીધા. આપનો વિસાલ મક્કા શરીફમાં થયો હતો. મઝાર શરીફ મસ્જિદે જિનની નજીક હતો જેને નજદી વહાબી ગવર્મેન્ટે તોડીને ત્યાં રોડ બનાવી દીધો. અલ્લાહના મેહબૂબ બંદાઓ વિસાલ પછી પણ જીવતા જ હોય છે એ વિશે આપનો અક઼ીદો નીચે વાંચો :–

હઝરત ખ્વાજા મુઈનુદ્દીન અજમેરી લખે છે કે, હઝરત ખ્વાજાએ ખ્વાજગાં ખ્વાજા ઉષ્માન હારૂની એ ફર્માવ્યું, શમ્સુલ આરેફીનના મરતબાનો એ હાલ હતો કે આપ રોઝએ અક઼દસ પર હાજરી માટે હાજર થયા હતા અને આપે સરકારે અક઼દસ ને સલામ અર્ઝ કરી તો રોઝએ મુબારકમાંથી જવાબ આવ્યો કે **વઅલયકુમ સલામ યા શમ્સુલ આરેફીન** ! આપ રોઝએ મુબારકમાંથી નીકળી બહાર આવ્યા તો જે માણસ પણ મળતો તો કહેતો **અસ્સલામુઅલયકુમ યા શમ્સુલ આરેફીન !** પછી એ જગ્યાએ એના સંબંધે એક હિકાયત બયાન કરી કે હઝરત ઈમામે આઝમ અબૂહનીફા ના માટે પણ આવો જ બનાવ બન્યો હતો. જ્યારે શરૂઆતમાં હઝરત નોઅમાન કૂફી હુઝૂર સરવરે આલમ ના મઝાર મુબારક ઉપર હાજર થયા. અને સલામ અર્ઝ કરી **"અસ્સલામુઅલયકુમ યા સૈયદુલ મુર્સલીન !"** તો રોઝા મુબારકમાંથી જવાબ મળ્યો, **વઅલયકુમુસ્સલામ યા ઈમામલ મુસ્લિમીન !** *(અનીસુલ અર્વાહ, પેજ–૨૮)*

હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની ના આ બયાનથી સાબિત થયું

કે, એમનો પણ એ જ અક઼ીદો હતો કે હુઝૂરે અક઼્દસ રહમતે આલમ પોતાની ક઼બ્રે અન્વરમાં હયાત જ છે.

## ★ સુલતાનુલ હિંદ હઝરત ખ્વાજા મોઈનુદ્દીન અજમેરી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૬૩૩)*

આપ લખી રહ્યા છે કે અમે અમારા પીરો મુર્શિદ હઝરત ખ્વાજા ઉષ્માન હારૂની સાથે મક્કા મોઅઝ્ઝમાથી મદીના તૈયબહની તરફ રવાના થયા. જ્યારે રોઝએ અન્વરની ઝિયારતથી પાવન થયા તો હઝરત ખ્વાજા ઉષ્માન હારૂનીએ ફક઼ીરની (ખ્વાજએ અજમેરીની) તરફ નઝરે કરમ કરી કહ્યું, હવે તું હુઝૂરની બારગાહમાં હાજર છે સલામ અરજ કર ! મેં સલામ અરજ કરી તો રોઝએ અક઼્દસમાંથી અવાજ આવ્યો, **વઅલયકુમુસ્સલામ યા કુત્બુલ મશાઈખ લિલબર્રે વલબહરે.** જ્યારે અવાજ સાંભળી તો પીરો મુર્શિદ ખ્વાજા ઉષ્માન હારૂનીએ કહ્યું, બસ ! હવે તારું કામ પૂરું થઈ ગયું. *(અનીસુલ અર્વાહ, પેજ–૬)*

હઝરત ખ્વાજા ગરીબનવાઝે એ પોતાના લખાણમાં એ સાબિત કરી આપ્યું કે અમારો પણ એ જ અક઼ીદો છે કે રસૂલુલ્લાહ પોતાની ક઼બ્રે અન્વરમાં હયાત છે કે આપે અમારી સલામનો જવાબ એટલા ઊંચા અવાજમાં આપ્યો કે અમે બધાએ તે સાંભળી લીધો.

## ★ શૈખુલ આલમ હઝરત ફરીદુદ્દીન ગંજે શકર નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૬૭૦)*

આપ ફર્માવે છે. અલ અંબિયાઉ અહયાઉન ફિલ કુબૂર."અંબિયાએ કિરામ પોતાની કબ્રોમાં હયાત છે." *(સિયરૂલ અવલિયા, પેજ–૧૫૧)*

આ ફર્માનથી પયગમ્બરો عليهم السلام પોતાની કબ્રોમાં જીવતા હોવાના વિશે હઝરત બાબા ફરીદુદ્દીન ગંજે શકર નો અક઼ીદો બિલ્કુલ સ્પષ્ટ જ છે.



## ★ સુલતાનુલ મશાઈખ મેહબૂબે ઈલાહી નિઝામુદ્દીન અવલિયા નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૭૨૫)*

સુલતાનુલ મશાઈખ ફર્માવે છે કે એક વેળા હું શૈખુલ ઈસ્લામ ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી ના મઝાર મુબારકની ઝિયારત માટે ગયો. મને વિચાર આવ્યો કે અસંખ્ય લોકોની ભીડ બુઝુર્ગોની ઝિયારત માટે આવે છે તો એમને આ બાબતની ખબર થતી હશે કે કેમ? મારા હૃદયમાં આ વિચાર ઉપસ્થિત થયો, તરત ક઼બ્ર મુબારકની નજીક જઈ મુરાકેબામાં બેઠો કે અંદરથી આ શેર (પંક્તિ) પઢવાનો અવાજ આવ્યો.

*મરા ઝિંદા પિંદાર ચૂં ખ્વેશતન*
*મન આયમ બજાં ગર તૂ આઈ બ તન*

"મને તારી જેમ જીવતો જ સમજ, હું રૂહ સાથે આવું છું જો તું શરીર સાથે આવે છે. *(સીરૂલ અવલિયા, પેજ–૧૧૭)*

અને હઝરત ખ્વાજા મીરખુર્દ કિરમાની નિઝામી (લેખક સિયરૂલ અવલિયા) લખે છે કે, જે સમયમાં સુલતાનુલ મશાઈખ મેહબૂબે ઈલાહી ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા ગ્યાસપૂરમાં રહેતા હતા, મૌલાના ફસીહુદ્દીન અને ક઼ાઝી મોહયુદ્દીન કાશાની આપની ખિદમતમાં ગ્યાસપૂર આવ્યા. ક઼દમબોસી પછી બંનેવ વ્યક્તિએ મુરીદ થવા માટેની ઈચ્છા વ્યક્ત કરી, આપે ક઼ાઝી મોહયુદ્દીન કાશાની ને તરત જ મુરીદ બનાવી લીધા, અને મૌલાના ફસીહુદ્દીનને કહ્યું, હું તમારા માટે હઝરત શૈખુલ આલમને પૂછીશ. આ સાંભળી મૌલાનાને આશ્ચર્ય થયું, વિચારવા લાગ્યા કે શૈખુલ આલમ તો વફાત પામી ચૂક્યા છે તેમને કેવી રીતે પૂછશે ? આ વિચાર એમના મનમાં આવ્યો પણ કાંઈ જ બોલ્યા વિના ક઼દમબોસી કરી ત્યાંથી વિદાય થયા.

જ્યારે તેઓ બીજીવાર હઝરત સુલતાનુલ મશાઈખથી મુલાકાત માટે ગયા તો આપે કહ્યું, મેં હઝરત શૈખુલ આલમથી તમારા માટે પૂછી લીધું છે એમણે રજા આપી છે, આમ કહી મુરીદ બનાવી લીધા.

મૌલાના મુરીદ બન્યા પછી પૂછયુ, હુઝૂર ! શૈખુલ આલમ તો વફાત

પામી ચૂક્યા છે ! આપે રજા કેવી રીતે મેળવી !

આપે કહ્યું, મને કોઈપણ કામ બાબતમાં દિલમાં ખચકાટ જેવું લાગે તો તે કામ કરવું કે કેમ તે માટે હું તરત જ હઝરત શૈખુલ આલમથી પૂછી લઉં છું અને એમના હુકમ પ્રમાણે જ કરું છું. *(સિયરૂલ અવલિયા, પેજ–૪૫ર)*

સુલતાનુલ મશાઈખ હઝરત મેહબૂબે ઈલાહી નિઝામુદ્દીન અવલિયા ના એ ફર્માનથી કે મેં રોઝએ મુબારકથી ફારસીનો આ શેર સાંભળ્યો અને એ ફર્માન કે જ્યારે મને કોઈપણ કાર્ય કરવા ન કરવા બાબત દિલમાં ખચકાટ જેવું લાગે તો હું હઝરત શૈખુલ આલમથી પૂછી લઉં છું. આથી સ્પષ્ટ જાહેર થયું કે આપનો પણ એ અક઼ીદો હતો કે, અલ્લાહના વલીઓ વિસાલ (મૃત્યુ) પછી પણ કબ્રમાં જીવતા જ હોય છે. અને પ્રથમ બનાવથી એ પણ સ્પષ્ટ થયું કે અલ્લાહના વલીઓ વફાત પછી પોતાની કબ્રોમાં રહીને દુનિયાવાળાઓના દિલોમાંના ખયાલાતને પણ જાણી જાય છે.

### ★ હઝરત અલ્લામા જામી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૮૯૮)*

આપ લખી રહ્યા છે કે એક વિશ્વાસુ માણસથી કે જે હઝરત ખ્વાજા મુહમ્મદ પારસા બુખારી (વિસાલ. હિ. ૮૬૫)ના ખાસ ખાદિમોમાંથી હતા, તે ખ્વાજા બુર્હાનુદ્દીન અબૂનસરથી રિવાયત કરે છે કે મારા પિતાજીની રૂહ મુબારક આખેરતની સફરે રવાના થઈ (વિસાલ થયો) તે વખતે હું હાજર ન હતો. જ્યારે હું હાજર થયો તો મેં આપના મોઢા મુબારક ઉપરથી ચાદર હઠાવી એ નિયતે કે આપના દીદાર કરું. આપે તરત આંખો ખોલી અને મુસ્કરાયા જેનાથી મારી બેચેની, રંજ, ફિકર, ખૂબ જ વધી ગઈ. હું આપના પગ મુબારક તરફ ગયો અને મારો ચેહરો આપના તળિયા સાથે રગડવા લાગ્યો, આપે તે જ વખતે પોતાના પગ ખેંચી લીધા. *(નફહાતુલ ઉન્સ, પેજ–૬૩૧)*

હઝરત અલ્લામા જામી એ આ બનાવને પોતાની કિતાબમાં બેધડક કોઈપણ પ્રકારના રદિયા વિના લખી પોતાનો અક઼ીદો સાબિત કરી આપ્યો કે અમારો પણ અક઼ીદો એ જ છે કે, અવલિયા અલ્લાહ વફાત પછી પણ જીવતા જ છે.



## ક઼બ્રોની ઝિયારત અને એના ફાયદા

ક઼બ્રોની ઝિયારત કરવી અને એનાથી ફાયદા મેળવવા જોઈએ કે નહીં ? એના વિચારમાં સરકારે દો આલમ અને બુઝુર્ગાને દીનના અક઼ીદા કેવા છે તે જોઈએ :–

### ★ હુઝૂર સૈયદે આલમ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૧ ઈ.સ. ૬૩ર)*

**(૧)** હઝરત બરીદા થી રિવાયત છે કે રસૂલુલ્લાહ એ ફર્માવ્યું, મેં તમોને કબ્રોની ઝિયારત કરવાથી રોક્યા હતા, પરંતુ (હવે હું તમોને ઝિયારત કરવાની છૂટ આપું છું) એમની ઝિયારત કરો અર્થાત હાજરી આપો.

મોહક઼્ક઼િકે અલ ઈતલાક઼ હઝરત શૈખ અબ્દુલહક઼ મોહદ્દિષે દહેલ્વી આ હદીષ શરીફના વિવરણમાં લખે છે કે "અજ્ઞાનતાના સમયકાળની તદ્દન નજીકમાં હોવાથી સરકારે અક઼દસ એ ક઼બ્રોની ઝિયારતથી એ કારણે રોકી આપેલા કે કદાચ એમની સાથે જહાલત (અજ્ઞાનતા)ના સમયે જે રીતે વર્તણુંક કરતા હતા તેવી ન કરવા લાગે, પછી જ્યારે લોકો ઈસ્લામી ક઼ાયદા ક઼ાનૂનો મસ્અલા મસાઈલથી જાણકાર થઈ ગયા તો પછી આપે ક઼બ્રોની ઝિયારતની છૂટ આપી દીધી. *(અશ્અતુલ લમઆત, જિ. ૧, પેજ–૭૧૭)*

**(ર)** હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ એ ફર્માવ્યું, મેં તમોને ક઼બ્રોની ઝિયારતથી રોક્યા હતા, તો હવે તમે ક઼બ્રોની ઝિયારત કર્યા કરો. *(ઈબ્ને માજા, મિશ્કાત, પેજ–૧૫૪)*

**(૩)** ઉમ્મુલ મોઅમેનીન હઝરત આઈશા સિદ્દીક઼ા થી રિવાયત

છે કે, એમણે કહ્યું, જે રાત્રે રસૂલુલ્લાહ એમના ઘરે રોકાતા હતા તો તે દરેક મોડી રાત્રે ઉઠી મદીના શરીફના કબ્રસ્તાનમાં તશરીફ લઈ જતા. *(મુસ્લિમ, મિશ્કાત, પેજ-૧૫૪)*

**(૪)** હઝરત મોહમ્મદ બિન નોઅમાન થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ એ ફર્માવ્યું જે પોતાના મા બાપની કબ્રોની ઝિયારત કરે અથવા એમનામાંથી કોઈ એકની કબ્રની દરેક જુમ્આના દિવસે તો તેને બક્ષી આપવામાં આવશે અને એને નેકી કરવાવાળાઓની લિસ્ટમાં લખવામાં આવશે. *(મિશ્કાત, પેજ-૧૫૪)*

આ હદીષોથી પણ જણાયું કે હુઝૂર નબીએ કરીમ ની નજીક પણ કબ્રોની ઝિયારત કરવી જાઈઝ છે, બલ્કે દરેક જુમ્આના દિવસે પોતાના મા બાપ કે પછી તેમાંથી ગમે તે એકની પણ ઝિયારત કરવાવાળાને અલ્લાહ માફ કરી દેશે.

## ★ ઈમામ શાફઈ નો અકીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૨૦૪)*

હઝરત અલ્લામા ઈબ્ને આબેદીન શામી (વિસાલ. હિ. ૧૨૫૩) લખે છે કે હઝરત ઈમામ શાફઈ એ ફર્માવ્યું, ''હું ઈમામ અબૂહનીફાથી બરકત પ્રાપ્ત કરું છું અને એમની કબ્રની પાસે આવું છું. જ્યારે મારે કોઈ હાજત (જરૂરત) હોય છે તો હું બે રકાત નમાઝ પઢું છું અને પછી એમની કબ્રની પાસે આવી અલ્લાહ તઆલાથી મારી જરૂરત માટે દુઆ કરું છું તો મારી હાજત (જરૂરત) જલ્દી પૂરી થઈ જાય છે. *(રદુલ મુહતાર, જિ. ૧, પેજ-૩૮)*

અને હઝરત શૈખ અબ્દુલહક મોહદ્દિષે દહેલ્વી લખે છે કે, ''હઝરત ઈમામ શાફઈ કહે છે કે ઈમામ મૂસા કાઝિમ ની કબ્ર પાસે દુઆ જરૂર કબૂલ થાય છે, જે અનુભવ સિધ્ધ છે. *(અશ્અતુલ લમઆત, જિ. ૧, પેજ-૭૧૫)*

આ ઉપરના લખાણોથી ઈમામ શાફઈ ના એ અકીદા જણાયા કે બુઝુર્ગોની કબ્રોની ઝિયારત માટે જવું, કબ્રમાં આરામ કરનાર બુઝુર્ગથી બરકત મેળવવી, એમની કબ્રો પાસે જઈ દુઆ કરવી, અને મઝાર



(કબ્ર)માં આરામ કરનારને પોતાની હાજતનો વસીલો બનાવવો, અને કેટલાક બુઝુર્ગોના મઝારો દુઆની કબૂલિયતના માટે ખાલી ન જનાર તીર સમાન છે.

## ★ આરિફ બિલ્લાહ અલ્લામા સાવી માલિકી નો અકીદો ★

આપ આયતે કરીમા ની તફસીરમાં ફર્માવે છે કે, અવલિયાએ કિરામની ઝિયારતને કારણે મુસલમાનોને કાફિર કહેવું કે એમની ઝિયારત ગૈરુલ્લાહની ઈબાદત છે તો એ ખુલ્લી ગુમરાહી ખુલ્લી બરબાદી છે. અવલિયા અલ્લાહની ઝિયારત એ ગૈરુલ્લાહની ઈબાદત કદી પણ નથી બલ્કે એ **અલ હુબ્બુફિલ્લાહ** (અલ્લાહ તઆલાની સાથેની મહોબ્બત) માંથી છે. *(તફસીર સાવી, જિ. ૧, પેજ-૨૪૫)*

ઉપરોક્ત લખાણથી જણાયું કે આરિફ બિલ્લાહ હઝરત અલ્લામા સાવી માલકી ની નજીક અવલિયાએ કિરામની ઝિયારત માટે જવું જાઈઝ છે કારણ કે એ ગૈરુલ્લાહની ઈબાદતમાં કદી પણ ગણાશે નહીં બલ્કે અલ્લાહ તઆલા પ્રત્યે બંદાની મહોબ્બતમાંથી છે.

## ★ સુલતાનુત્તારેકીન હઝરત સૂફી હમીદુદ્દીન નાગોરી નો અકીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૬૭૭)*

આપ ફર્માવતા કે જેને કોઈ હાજત હોય તો તેણે મારી પત્ની સૈયદા ખદીજાની કબ્ર ઉપર જઈ અરજ કરવી, કારણ કે એણે કોઈપણ જરૂરતમંદને પોતાના દરવાજેથી ખાલી હાથે જવા દીધો નથી. *(સુલતાનુત્તારેકીન, પેજ-૯૩)*

હઝરત સુલતાનુત્તારેકીન સૂફી હમીદુદ્દીન નાગોરી ના આ ફર્માનથી એમનો એ અકીદો બિલ્કુલ સ્પષ્ટ થઈ ગયો કે અલ્લાહના મેહબૂબ બંદાઓ એમની કબ્રોમાંથી લોકોની હાજતો પૂરી કરે છે. મુસલમાનોએ એમની કબ્રો પર જઈ પોતાની જરૂરતો રજૂ કરી ફાયદા મેળવવા જોઈએ. (**નોંધ** : હકીકતમાં આપનાર અલ્લાહ છે પરંતુ એના બંદાનો

વસીલો માંગવાથી અલ્લાહ એના મક઼બૂલ બંદાના ખાતર હાજત પૂરી કરે છે. –ગુજરાતી અનુવાદક)

## ★ સુલતાનુલ મશાઈખ હઝરત મેહબૂબે ઈલાહી નિઝામુદ્દીન અવલિયા નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૭૨૫)*

આપે ફર્માવ્યું કે, મૌલાના કથૈલીએ મને કહ્યું કે દિલ્હીમાં એક વર્ષે દુકાળ પડયો. હું કરબાસી બજારથી જઈ રહ્યો હતો, મને ખૂબ ભૂખ લાગી હતી, મેં ખાવા ખરીદયું, અને મારા દિલમાં જ પોતાને કહેવા લાગ્યો કે આ ખાવા મારે પોતે એકલાએ ખાવું ન જોઈએ કોઈને બોલાવી તેની સાથે ખાઉં. એક ફકીરને મેં જોયો જે ગોદડી ઓઢી મારી નજીકથી જઈ રહ્યો હતો. મેં તેને કહ્યું, અય ખ્વાજા ! તમે પણ દુરવેશ છો, હું પણ દુરવેશ છું, હું પણ ગરીબ છું, તમે પણ ગરીબ દેખાઓ છો, મારી પાસે થોડુંક ખાવા છે, આવો ! આપણે બન્નેવ મળીને ખાઈએ, તે દુરવેશ રાજી થઈ ગયા, અમે રોટી બનાવનારની દુકાને ગયા અને ખાવા ખાધું.

આ સમય દરમ્યાન મેં પેલા દુરવેશને કહ્યું, અય ખ્વાજા ! મારા ઉપર વીસ રૂપિયાનું દેવું થઈ ગયું છે એ દેવું અદા થઈ જવું જોઈએ. તેણે કહ્યું, તમે શાંતિથી ખાવા ખાવ પછી હું તમોને વીસ રૂપિયા આપું છું. મૌલાના કથૈલી કહે છે કે મને થયું, આ ચીંથરેહાલ ફક઼ીર પાસે વીસ રૂપિયા ક્યાંથી હશે કે તે મને આપવાનો છે ! ખાવાથી પરવારી તે મને તેની સાથે લઈ ચાલ્યો, એક મસ્જિદમાં લઈ ગયો, મસ્જિદમાં એક ક઼બ્ર હતી, તેના માથા તરફ ઉભા રહી તેણે કંઈક માંગ્યું, અને એક નાની લાકડી એના હાથમાં હતી તે બે વખત એ ક઼બ્ર ઉપર ધીમેથી મારી, અને કહ્યું આ દુરવેશને વીસ રૂપિયાની જરૂરત છે એને આપો. પછી મારી તરફ જોઈ કહ્યું , જાવ ! મૌલાના તમોને વીસ રૂપિયા મળી જશે.

મૌલાના કથૈલી કહે છે કે, જયારે મેં આ વાત સાંભળી તો દુરવેશના હાથને બોસો આપ્યો અને તેનાથી જુદો થઈ શહેર તરફ ચાલી નીકળ્યો. હું એક અચંબામાં ડૂબેલો હતો કે મને કહ્યું વીસ રૂપિયા મળી જશે તો એ ક્યાંથી મળી જશે !



મારી પાસે એક કાગળ હતો જે કોઈના ઘેર મારે પહોંચાડવાનો હતો એ દિવસે એ કાગળ લઈ કમાલ દરવાજે ગયો. એક તુર્ક એના ઘરના ધાબા ઉપર બેઠો હતો તેણે નોકરને દોડાવ્યો કે જા પેલા માણસને મારી પાસે લઈ આવ. નોકર દોડતો આવી બળજબરીથી તેની પાસે લઈ ગયો, તુર્કે મને ખૂબ જ ખુશ કર્યો, મેં તેને ઓળખવાની કોશિશ કરી પરંતુ હું ઓળખી શક્યો નહીં. તેણે કહ્યું, તમે તે બુધ્ધિશાળી સમજદાર માણસ છો જે ફલાણા સમયે મારી સાથે ખૂબ ભલાઈ કરેલી. મેં કહ્યું, હું તમોને ઓળખતો જ નથી. તેણે કહ્યું, હું ઓળખું છું, તમે તમારી જાતને છુપાવવાની કોશિશ કરો છો. મતલબ કે આવી ઘણી વાતો થઈ પછી તે વીસ રૂપિયા લાવ્યો અને ખૂબ આજીજીપૂર્વક મને બખ્શિશ આપ્યા. *(ફવાઈદુલ ફવાદ, મજલિસ નં–૨૧, પેજ–૧૨૪)*

હઝરત મેહબૂબે ઈલાહી નિઝામુદ્દીન અવલિયા એ આ બનાવને કોઈપણ પ્રકારનો રદિયો આપ્યા વિના અક્ષરસઃ બયાન કર્યો એનાથી આપે એ અક઼ીદો સાબિત કરી આપ્યો કે જેવી રીતે જાહેરી હયાતીમાં અવલિયા અલ્લાહને કોઈ ચીજ આપવાનું કહેવું જાઈઝ છે એ જ રીતે એમની વફાત પછી પણ કોઈ ચીજ આપવાનું કહેવું પણ જાઈઝ છે. એટલા માટે કે હક઼ીક઼તમાં ખરેખર આપનાર અપાવનાર તો અલ્લાહ તઆલા જ છે, અને અવલિયાએ કિરામ તરફ નિસ્બત સંબોધન છે. જેવી રીતે બીમારને શિફા આપનાર તો ફક્ત અલ્લાહ જ છે, પરંતુ બીમાર માણસ કહે છે, ડોક્ટર સાહેબે મને સારો કરી દીધો અથવા ડોક્ટર સાહેબ મને સારો કરી આપો.

## ★ હઝરત અલ્લામા જામી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૮૯૮)*

આપ લખે છે કે હઝરત શૈખ અબુલહારિષ ઉલાસી એ બયાન કર્યું કે મેં હઝરત જુન્નૂન મિસ્રી ની ઘણી જ શોહરત ખ્યાતિ સાંભળી હતી, અમુક મસ્અલાનો ખુલાસો જાણવાની નિય્યતથી મેં એમની મુલાકાત માટે જવાનું વિચાર્યું. જયારે હું મિસર (ઈજિપ્ત) પહોંચ્યો, તો લોકોથી જાણ્યું કે આપની કાલે જ વફાત થઈ ચૂકી છે. આ સાંભળી હું એમના મઝાર શરીફ પર ગયો, ત્યાં પહોંચી મુરાકેબા (ધ્યાનસ્થ)માં બેસી ગયો, થોડી વાર પછી મને ઊંઘ આવી ગઈ, ખ્વાબમાં એમની મુલાકાત થઈ, તો

મને જે મસ્અલાઓમાં મુશ્કેલીઓ હતી તે મેં એમને જણાવી તો તેમનો એમણે મને ખુલાસો સમજાવી આપી મુશ્કેલીઓ દૂર કરી દરેકના આસાનીથી જવાબો સમજાવ્યા. *(નફહાતુલ ઉન્સ, પેજ–૧૯૩)*

હઝરત અલ્લામા જામી એ આ બનાવ લખી પોતાનો એ અક઼ીદો સાફ જાહેર કરી આપ્યો કે અવલિયા અલ્લાહના મઝારો પર પોતાની કોઈ પણ હાજતને લઈને જવું જાઈઝ છે અને તેઓ અલ્લાહ તઆલાની આપેલી શક્તિઓથી લોકોની મુશ્કેલીઓ દૂર કરે છે.

## ★ અલ્લામા ઈબ્ને હજર મક્કી શાફઈ નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૯૭૩)*

આપ લખે છે કે હમેશાંથી ઉલ્મા અને હાજતમંદોની એ પ્રણાલિકા રહી છે કે તેઓ ઈમામે આઝમ અબૂહનીફાની ક઼બ્ર મુબારકની ઝિયારત કરતા અને એમના વસીલાથી પોતાની હાજતો માટે સવાલ કરતા અને એમના સબબથી સફળતાનું યક઼ીન રાખતા અને મોં માંગ્યી મુરાદ પામતા. વળી ઈસ્લામના તમામ ઈમામો જેમ કે ઈસ્લામના સ્તંભ સમાન ઈમામ શાફઈ છે કે જેઓ બગદાદમાં રોકાયા હતા તે દરમ્યાન કહ્યું કે હું ઈમામ અબૂહનીફાથી બરકત મેળવું છું, એમની કબ્રની ઝિયારત કરું છું, જ્યારે મારે કોઈ હાજત જરૂરત હોય છે હું બે રકાત નમાઝ પઢી એમની ક઼બ્ર પાસે જાઉં છું અને અલ્લાહ તઆલાથી ત્યાં દુઆ કરું છું તરત મારી હાજત પૂરી થાય છે. *(અલ ખયરાતુલ હસાન, મુતર્જિમ, પેજ–૧૬૬)*

આ લખાણથી હઝરત અલ્લામા ઈબ્ને હજર મક્કી નો અક઼ીદો સ્પષ્ટપણે જણાયો કે બુઝુર્ગોની ક઼બ્રોની ઝિયારત કરવી તથા એમના વસીલાથી હાજત માંગવી જાઈઝ છે જેવું કે ઈમામ શાફઈ કરતા હતા.

## ★ હઝરત શૈખ અબ્દુલહક્ક઼ મોહદ્દિષ દહેલ્વી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હી.સ. ૧૦૫૨)*

આપ ફર્માવે છે કે, **ઝિયારતિ કુબૂર મુસ્તહબસ્ત બ ઈત્તિફાક઼** અર્થાત "કબ્રોની ઝિયારત સર્વ સંમતિથી મુસ્તહબ છે." *(અશ્અતુલ લમઆત. જિ. ૧, પેજ–૭૧૫)*

અને આપ લખે છે કે મૈયતની ઝિયારત ટાણે તેની ઈજ્જત કરવી વાજિબ છે ખાસ કરીને બુઝુર્ગાને દીનની, અને અદબ રિસ્પેક્ટનો ખ્યાલ તેઓના મરતબા પ્રમાણે કરવો જરૂરી છે જેવો કે એમની જાહેરી જિંદગીમાં કરતા હતા. એટલા માટે કે બુઝુર્ગોની મદદ એમની ઝિયારત કરવાવાળાઓ માટે અદબના એતબારથી પહોંચે છે. *(અશ્અતુલ લમઆત, જિ. ૧, પેજ–૭૨૦)*

આ લખાણોથી હઝરત શૈખ અબ્દુલહક મોહદ્દિષે દહેલ્વીનો અક઼ીદો સાફ સાફ જણાયો કે કબ્રોની ઝિયારત માટે જવું શિર્ક બિદઅત નથી. એ મુસ્તહબ હોવા માટે તમામ ઉલ્માનો ઈત્તેફાક઼ છે અને ઝિયારત કરવાવાળઓને એમની મદદ પણ પહોંચે છે.

## ★ સૈયદુલ ઉલ્મા સૈયદ અહમદ તહતાવી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૨૩૧)*

શરીઅતના વિરૂધ્ધ કોઈ રીત અપનાવ્યા વિના વૃધ્ધા સ્ત્રીઓ બુઝુર્ગોની ક઼બ્રોની ઝિયારત કરી બરકત મેળવે તો તેમાં કોઈ વાંધો નથી અને તે જુવાન સ્ત્રીઓ માટે નાજાઈઝ છે જેવું કે એમણે જમાઅતથી નમાઝ પઢવા મસ્જિદમાં જવું નાજાઈઝ છે. ખુલાસો એ કે સ્ત્રીઓને ઈજાઝત ફક્ત એ જ હાલાતમાં મળે છે કે ઝિયારત એવી રીતે હોય કે તેમાં કોઈપણ ફિત્નાનો સંદેહ પણ ન હોય. *(તહતાવી અલ મરાકી, પેજ–૩૪૧)*

એટલે કે સૈયદ અહમદ તહતાવી ના માનવા પ્રમાણે પુઢષોએ બુઝુર્ગોની ક઼બ્રોની ઝિયારત કરી બરકત મેળવવી જાઈઝ છે અને સ્ત્રીઓને ફક્ત એ જ સંજોગોમાં કે તેનાથી કોઈ ફિત્નાનો અંદેશો ન હોય. (હાલ તો જુવાન જુવાન સ્ત્રીઓ નગ્નતા દર્શાવતા ડ્રેસ સાથે દરગાહો પર જાય છે એ કોઈ રીતે જાઈઝ નથી એટલા માટે આ'લા હઝરતે સર્વ સ્ત્રીઓ માટે ના પાડી છે. –પ્રકાશક)

## ★ અલ્લામા ઈબ્ને આબેદીન શામી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૨૫૩)*

અવલિયા અલ્લાહ અલ્લાહ તઆલાની બારગાહમાં જુદા જુદા દરજજાઓ ધરાવે છે (અને ઝિયારત કરનારાઓને તેમની હૈસિયત મુજબ) ફાયદા પહોંચાડે છે. *(રદ્દુલ મુહતાર, જિ. ૧, પેજ–૬૦૪)*

અને લખી રહ્યા છે કે, બુઝુર્ગોની ક઼બરોની ઝિયારત કરવામાં તથા તેનાથી બરકત હાંસલ કરવામાં વૃધ્ધા સ્ત્રીઓ માટે કોઈ જ વાંધો નથી પરંતુ જુવાન સ્ત્રીઓ માટે નાજાઈઝ છે. જેવું કે તેણીઓએ મસ્જિદમાં જમાઅતથી નમાઝ પઢવા માટે હાજરી આપવી જાઈઝ નથી. *(રદ્દુલ મુહતાર, જિ. ૧, પેજ–૬૦૪)*

આ લખાણોથી અલ્લામા ઈબ્ને આબેદીન શામીએ પોતાનો અક઼ીદો બિલ્કુલ સ્પષ્ટ કરી આપ્યો કે અવલિયા અલ્લાહ પોતપોતાના દરજજાઓના પ્રમાણે ઝિયારત કરવાવાળાઓને ફાયદો પહોંચાડે છે, વળી ઘરડી સ્ત્રીઓ માટે મઝારાતની ઝિયારત કરી બરકત મેળવવી જાઈઝ છે. હા, જુવાન સ્ત્રીઓ માટે જાઈઝ નથી.

## ★ હઝરત શાહ વલીયુલ્લાહ દહેલ્વી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૧૭૬)*

આપ લખી રહ્યા છે કે મારા વાલિદ સાહેબ (પિતાજી) શાહ અબ્દુર્રહીમે ફર્માવ્યું, એમ વખત હું હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી ના મઝાર મુબારકની ઝિયારત માટે ગયો, તેમની રૂહ મુબારક જાહેર થઈ અને મને કહ્યું, તમારે ઘેર એક છોકરો પેદા થશે એનું નામ કુત્બુદ્દીન રાખજો. એ સમયે મારી ઔરતની ઉંમર તે હદે પહોંચી ચૂકી હતી કે જેમાં ઔલાદનું પેદા થવું શક્ય હોતું નથી. એટલે મેં વિચાર્યું કે કદાચ એમનો કહેવાનો મતલબ છોકરાનો છોકરો એટલે પૌત્ર છે. મારી આ શંકા ઉપર તરત જ તેઓ વાકેફ થઈ ગયા અને કહેવા લાગ્યા, "મારો મતલબ પૌત્ર નથી બલ્કે જે છોકરાની તમોને ખુશખબરી આપવામાં આવી છે તે તમારો પોતાનો પુત્ર હશે."

થોડા સમય પછી મને બીજો નિકાહ કરવાની ઈચ્છા થઈ, અને એનાથી



આ લખનાર વલીયુલ્લાહ પેદા થયો. મારી પેદાઈશ વખતે મારા વાલિદ સાહેબના ખ્યાલમાંથી આ બનાવ તદ્દન નીકળી ગયો હતો એટલે મારું નામ વલીયુલ્લાહ રાખી લીધું હતું પરંતુ થોડા સમય પછી એમને એ વાત યાદ આવતા મારું નામ કુત્બુદ્દીન રાખ્યું. *(અન્ફાસુલ આરેફીન, પેજ–૧૧૦)*

આ ઉપર બનાવ લખવાથી હઝરત શાહ વલીયુલ્લાહ નો અક઼ીદો સાફ સાબિત થાય છે કે, બુઝુર્ગોના મઝારોની ઝિયારત માટે જવું જાઈઝ છે તથા અવલિયાએ કિરામને મૃત્યુ પછી પણ ઈલ્મે ગૈબ હોય છે. જેમ કે કુત્બુદ્દીન બખ્તયાર કાકી કેટલાય વર્ષો પહેલાં ભવિષ્ય વાણી કહી કે તમારે ઘેર પુત્ર પેદા થશે. તેમજ એ પણ સાબિત થયું કે સાહિબે ક઼બ્ર બુઝુર્ગ ઝિયારત કરનારના દિલના વસવસાથી જાણકાર થઈ જાય છે.

## ★ હઝરત શાહ અબ્દુલ અઝીઝ દહેલ્વી નો અક઼ીદો ★

*(વિસાલ મુબારક : હિ.સ. ૧૨૩૯)*

શર્હે મક઼ાસિદમાં છે કે, ક઼બ્રોની ઝિયારત અને નેક લોકોની રૂહોથી વફાત પછી પણ ફાયદો ઉઠાવી શકાય છે. બેશક ! વફાત પછી રૂહનો શરીર અને ક઼બ્ર સાથે એક સંબંધ રહે છે એટલા માટે જ્યારે કોઈ માણસ એમની ક઼બ્રની ઝિયારત કરે છે અને મૈયતની રૂહ તરફ એકાગ્રતા સાથે ધ્યાન મગ્ન થાય છે તો બન્નેવની રૂહોના વચમાં મુલાકાત અને ફૈઝાનનો તાઅલ્લુક કાયમ થઈ જાય છે. એ બાબતમાં મતભેદ છે કે જીવંતની તરફથી મળતી મદદ મજબૂત વધારે છે કે પછી વફાત પામેલાની. કેટલાક રિસર્ચકારોએ કહ્યું કે આં હઝરત એ ફર્માવ્યું છે કે, "જ્યારે કોઈ કામમાં તમે પરેશાન થઈ જાવ તો ક઼બ્રવાળાઓથી મદદ માંગો." મહાન શૈખ અબ્દુલહક઼્ મોહદ્દિષે દહેલ્વી એ શર્હે મિશ્કાતમાં ફર્માવ્યું છે કે, કિતાબ સુન્નત તથા સલફે સાલેહીનના ફર્માનોમાં એવી કોઈ વાત નથી જણાતી જે એની વિરૂધ્ધ કે નુકસાનકારક હોય અને એ વાતને રદ બાતલ કરે. *(ફતાવા અઝીઝિયહ. જિ. ૨, પેજ–૧૦૮)*

આ લખાણથી હઝરત શાહ અબ્દુલ અઝીઝ નો અક઼ીદો સાફ સ્પષ્ટપણે જણાયો કે બુઝુર્ગાને દીનના મઝારોની ઝિયારત કરવી અને પોતાની મુશ્કેલીઓ દૂર થવા માટે એમનાથી મદદ માંગવી જાઈઝ છે.

# એક જરૂરી ફતવો

## ★ સહાબા સિવાય બીજા બુઝુર્ગોને રદીયલ્લાહુ અન્હૂ (     ) કહેવું કેવું છે ? ★

શું ફર્માવે છે ઉલ્માએ દીન અને શરીઅત પાકના મુફતી સાહેબો આ મસ્અલામાં કે "રદીયલ્લાહુ અન્હૂ" શબ્દ સહાબા સિવાય બીજાઓ માટે વાપરવું કેવું છે ? બકર કહે છે, રદીયલ્લાહુ અન્હુ નો શબ્દ મોટા મોટા ઉલ્મા અને બુઝુર્ગો માટે પણ જાઈઝ છે. આ શબ્દ સહાબાએ કિરામ માટે જ ખાસ નક્કી છે એવું નથી. અને ઝૈદ કહે છે કોઈ દીની પેશ્વા ભલે પછી તે ગમે તેટલો મોટો હોય પરંતુ સહાબી ન હોય તો તેના માટે "રદીયલ્લાહુ અન્હૂ" કહેવું જાઈઝ નથી, કારણ કે આ શબ્દ સહાબાએ કિરામ માટે જ ખાસ છે. એટલા જ માટે ઉવૈસ કરનીને જેઓ આશિકે રસૂલ અને બારગાહે રિસાલત       ના મકબૂલ હતા, છતાં આટલા મહાન બુઝુર્ગને પણ "રદીયલ્લાહુ અન્હૂ" લખવામાં આવતું નથી. તો કોઈ બીજા બુઝુર્ગને જો તે સહાબી નથી તો "રદીયલ્લાહુ અન્હૂ" કહેવું ખોટું છે. જેથી આ બાબતમાં કોનું કહેવું ખરું છે ? તે વિગતવાર જવાબ લખવા મહેરાબાની કરશો.

**પૂછનાર** : મોહમ્મદ હનીફ રઝવી

*(ખતીબ સુન્ની રઝવી મસ્જિદ, કુર્લા, મુબઈ)*

**જવાબ** : સહાબી ન હોય તેવા (મહાન બુઝુર્ગો,આલિમો) માટે **"રદિયલ્લાહુ અન્હૂ"** શબ્દ વાપરવો જાઈઝ છે. જેવું કે દુર્રેમુખ્તાર મઅ શામીમાં જિ.૫, પેજ ૪૮૦ ઉપર લખ્યું છે. સહાબાએ કિરામ માટે **રદિયલ્લાહુ અન્હૂ** કહેવું મુસ્તહબ છે, અને એનાથી ઉલ્ટું એટલે કે સહાબા



માટે **રહમતુલ્લાહિ અલૈહ** અને તાબેઈન વગેરે ઉલ્મા તથા મશાઈખ માટે રાજેહ (પસંદીદા) મઝહબ પર **રદિયલ્લાહુ તઆલા અન્હૂ** પણ જાઈઝ છે.

અને હઝરત અલ્લામા અહમદ શહાબુદીન ખફફાજી નસીમુર્રિયાઝ શરહે શિફા કાઝી અયાઝ જિ. ૩, પેજ–૫૦૯ ઉપર લખે છે. "પયગમ્બરો عَلَيْهِمُ السَّلَام સિવાય ઈમામો વગેરે ઉલ્મા અને મશાઈખને ગુફરાન અને રઝાથી યાદ કરવામાં આવે, તો ગુફિરલ્લાહુ તઆલા અન્હુમ અને રદિયલ્લાહુ તઆલા અન્હુમ કહેવામાં આવે."

માટે બકરનું કહેવું બરાબર છે કે, "રદિયલ્લાહુ અન્હૂ" નો શબ્દ સહાબાએ કિરામ માટે જ ખાસ નથી, મોટા મોટા ઉલ્મા અને બુઝુર્ગો માટે પણ કહેવું જાઈઝ છે. અને ઝૈદનું એ કહેવું ખોટુ છે કે "કોઈ દીની પેશ્વા ભલે ગમે તેટલા મોટા હોય પરંતુ તે સહાબી ન હોય તો તેને રદિયલ્લાહુ અન્હૂ કહેવું જાઈઝ નથી." એ પણ ખોટું છે કે ઉવેસ કરનીને રદિયલ્લાહુ અન્હૂ એટલા માટે લખવામાં નથી આવતું કે તેઓ સહાબી ન હતા એટલા માટે કે મોહદ્દિષે કબીર હઝરત શૈખ અબ્દુલહક઼ દહેલ્વી       જેને કુતુબખાના રહીમિયા દેવબંદે અખ્બારૂલ અખિયાર શરીફના ટાઈટલ પેજ પર સૈયદુલ મોહક્કે઼કી઼ન અને બરગુદ઼એ બારી તઆલા લખ્યું છે. એમણે એમની મશ્હૂર કિતાબ અશ્અતુલ લમ્આતમાં જિ. ૪, પેજ ૭૪૩ ઉપર હઝરત ઉવૈસ કરનીને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે.

અને હઝરત ઉવૈસ કરની       એવા મહાન તાબઈ છે કે જેમની કેટલાય મહાન સહાબાએ કિરામથી મુલાકાતો થઈ છે. અને હઝરત ઈમામે આઝમ અબૂહનીફા       એવા તાબઈ છે કે જેમને અમુક થોડાક સહાબાએ કિરામથી મુલાકાત થઈ છે. એમને ખાતિમુલ મોહક્કે઼કી઼ન હઝરત અલ્લામા ઈબ્ને આબેદીન શામીએ       શામી જિ. ૧ (પ્રિન્ટ– દેવબંદ) પેજ ૩૫, ૩૬, ૩૭ અને ૪૨ ઉપર કુલ છ જગ્યાએ       લખ્યું છે.

અને એ જ અલ્લામા શામીએ એમની એ જ કિતાબ (છપાઈ દેવબંદથી) પેજ ૩૫, ૩૮, ૪૧ અને ૪૩ ઉપર કુલ સાત જગ્યાએ ઈમામ શાફઈને       લખ્યું છે. અને પેજ ૩૭ ઉપર હઝરત સહલ બિન અબ્દુલ્લાહ તુસ્તરીને       લખ્યું છે, જ્યારે કે આ બન્નેવ બુઝુર્ગો તાબઈ પણ ન

હતા. ઈમામ શાફઈની પેદાઈશ તો હિ.સ. ૧૫૦ માં થઈ અને વફાત હિ. ૨૦૪ માં થઈ અને હઝરત ઈબ્ને અબ્દુલ્લાહ તુસ્તરીની વફાત હિ.સ. ૨૮૩ માં થઈ.

અને હઝરત અલ્લામા અલાઉદ્દીન મુહમ્મદ અલી હસકફી એ એમની કિતાબ દુર્રેમુખ્તાર મઅ રદુલ મુહતાર જિ. ૧ (પ્રિન્ટ– દેવબંદ) પેજ ૪૫ ઉપર હઝરત ઈમામ શાફઈને લખ્યું છે અને પેજ ૪૩ ઉપર હઝરત અબ્દુલ્લાહ બિન મુબારકને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે. જ્યારે એઓ પણ તાબઈ ન હતા, એમનો જન્મ હિ.સ. ૧૧૮ માં થયો હતો.

અને હઝરત ઈમામ ફખ્રુદ્દીન રાઝી એ તફસીરે કબીર જિ. ૬, પેજ ૩૮૨ ઉપર હઝરત ઈમામ અબૂહનીફાને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે. અને ઈમામુલ મુહદ્દિષીન હઝરત મુલ્લા અલી કારીએ પણ મિર્કાત શર્હે મિશ્કાત જિ. ૧ (પ્રિન્ટ, મુંબઈ) પેજ ૩ ઉપર હઝરત ઈમામે આઝમ અને ઈમામ શાફઈને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે.

અને સૈયદુલ ઉલ્મા હઝરત સૈયદ અહમદ તહતાવી એ પોતાની ખ્યાતનામ કિતાબ તહતાવી અલા મરાકી (છપાઈ કસ્તુનતુનિયા) પેજ–૧૧ ઉપર હઝરત ઈમામે આઝમ અબૂહનીફાને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે.

અને હઝરત અલ્લામા ઈમામ ગિઝાલી એ અહયાઉલ ઉલૂમ જિ. ૨ પેજ–૭ ઉપર ઈમામ માલિક અને ઈમામ શાફઈને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે. અને શર્હે બુખારી અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીએ મુકદમા (પ્રસ્તાવના) ફતહુલ બારીમાં પેજ–૧૮ ઉપર ઈમામ બુખારીને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે જેમનો જન્મ હિ. ૧૯૪ માં છે. અને એ જ અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીએ એ જ કિતાબની પ્રસ્તાવનામાં પેજ–૨૧ ઉપર ઈમામ શાફઈને "રદિયલ્લાહુ તઆલા અન્હૂ" લખ્યું છે.

અને શારેહે મુસ્લિમ (મુસ્લિમની શરહ એટલે વિવરણ લખનાર) અબૂ ઝકરિયા મોહયુદ્દીન નબવી એ પ્રસ્તાવના શરહે મુસ્લિમ શરીફ પેજ–૧૧ ઉપર હઝરત ઈમામ મુસ્લિમને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું, જ્યારે કે એમની પેદાઈશ હિ. ૨૦૪ માં થઈ છે.



અને મોહદ્દિષે કબીર હઝરત શૈખ અબ્દુલહક મોહદ્દિષે દહેલ્વી બુખારી એ અશ્અતુલ લમઆત જિ. ૧ પેજ–૧૬ ઉપર ઈમામ શાફઈને લખ્યું છે, અને એ જ કિતાબની એજ જિલ્દના પેજ–૯ ઉપર હઝરત શૈખે ઈમામ બુખારીને પણ "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે.

અને હદીષની ખ્યાતનામ કિતાબ મિશ્કાત શરીફના લેખક હઝરત શૈખ વલીયુદ્દીન મુહમ્મદ બિન અબ્દુલ્લાહ ખતીબ તબરેઝી એ મિશ્કાત શરીફની પ્રસ્તાવનામાં પેજ–૧૧ ઉપર મસાબિહના લેખક હઝરત અલ્લામા મુહમ્મદ હુસૈન બિન મસઊદ ફરાઅ બગવીને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે. અને એ જ અલ્લામા બગવીને તફસીર મઆલિમુત્તનઝીલ (પ્રિન્ટ મિસર) પેજ–૨ ઉપર પણ "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે જે તબઅ તાબેઈન પણ ન હતા, એમની વફાત તો છટ્ઠી સદી હિજરીમાં થઈ છે.

અને અલ્લામા અહમદ શહાબુદ્દીન ખફફાઝી મિસ્રી પોતાની મશહૂર કિતાબ નસીમુર્રિયાઝ જિ. ૧, પેજ–૫ (પ્રિન્ટ– ઈજિપ્ત) ઉપર અલ્લામા કાઝી અયાઝને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે. જ્યારે કે એઓ પણ તબઅ તાબેઈનમાંથી ન હતા. છટ્ઠી સદીના સમયના આલિમ હતા, એમની વફાત હિ. ૫૫૪ માં થઈ.

અને સૈયદુલ મોહક્કેકીન હઝરત શૈખ અબ્દુલહક મોહદ્દિષે દહેલ્વી અશ્અતુલ લમઆત જિ, ૧ પેજ–૧૭ ઉપર અને અખ્બારૂલ અખ્યાર (પ્રિન્ટ– રહીમિયા દેવબંદ) પેજ ૧૫, ૧૬, ૧૮, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૦૯, ૨૧૦, ૨૧૧, ૨૧૩, ૨૧૪ કુલ પંદર જગ્યાએ હઝરત ગૌષેપાક સૈયદ અબ્દુલકાદિર જીલાનીને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે, જેમની પેદાઈશ હિ. ૪૭૦ કેટલાકના કહેવા મુજબ હિ. ૪૭૧ માં છે.

અને ઈમામુલ મોહદ્દિષીન હઝરત મુલ્લા અલી કારીએ મિર્કાત શર્હે મિશ્કાત જિ. ૧ પેજ–૨૭ ઉપર હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક, હઝરત લયષ બિન સઅદ, હઝરત ઈમામ માલિક બિન અનસ, હઝરત દાઉદ તાઈ, હઝરત ઈબ્રાહીમ બિન અદ્હમ અને હઝરત ફુઝૈલ બિન અયાઝ વગેરેને "રદિયલ્લાહુ અન્હુમ અજમઈન" લખ્યું છે, જ્યારે કે આમાંથી કોઈપણ બુઝુર્ગ સહાબી નથી.

અને આરિફ બિલ્લાહ હઝરત શૈખ અહમદ સાવી માલિકી એ

એમની તફસીરે સાવીમાં જિ. ૧, પેજ–૩ ઉપર હઝરત અલ્લામા શૈખ સુલેમાન જુમલ, અલ્લામા શૈખ અહમદ દર્દ, અલ્લામા શૈખ અમીર, અલ્લામા શમ્સુદ્દીન મુહમ્મદ બિન સાલિમ હફનાવી, ઈમામ અબુલહસન શૈખ અલી સઈદી અદવી, અલ્લામા મોહમ્મદ બિન બદીરી દમયાવી, અલ્લામા નૂરૂદ્દીન અલી શબ્રામલસી, અલ્લામા હલબી સાહિબે અસ્સિયરહ, અલ્લામા અલી અજહૂરી, અલ્લામા બુર્હાન અલકમી, અલ્લામા શમ્સુદ્દીન મુહમ્મદ અલકમી, અલ્લામા શૈખ રમલી, શૈખુલ ઈસ્લામ અલ્લામા ઝકરિયા અન્સારી, અલ્લામા જલાલુદ્દીન મુહલ્લી, અલ્લામા જલાલુદ્દીન સિયૂતી, આ સર્વ ઉલ્માએ કિરામને "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે જેમનામાંથી કોઈ જ સહાબી નથી.

અને અલ્લામા અબુલહસન નૂરૂલ મિલ્લતે વદ્દીન અલી બિન સૂયુફ શતનૂફી એ પોતાની મશહૂર કિતાબ બહજતુલ અસ્રારમાં સહાબી ન હોય તેમને અગણિત જગ્યાએ "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે. અને હિદાયામાં હિદાયાના લેખકને એમના શાર્ગિદે કેટલીય જગ્યાએ "રદિયલ્લાહુ અન્હૂ" લખ્યું છે.

આ બધી જ ગવાહીઓથી દિવસના અજવાળાની જેમ સ્પષ્ટ સાબિત થઈ ગયું કે "રદિયલ્લાહુ અન્હૂ"નો શબ્દ સહાબાએ કિરામ માટે જ ખાસ લખી બોલી શકાય તેવું નથી. જો આ શબ્દ એમના જ માટે વાપરી શકાય એવું હોત એટલે કે સહાબા સિવાય બીજા બુઝુર્ગો, આલિમો માટે રદિયલ્લાહુ અન્હૂ લખવું નાજાઈઝ હોત તો આટલા મોટા મોટા ઉલ્મા મોહક્કિક લોકો, મોહદ્દિષો જેઓ પોત પોતાના સમયના ચમક્તા સૂર્ય અને ચંદ્ર હતા, એ લોકો સહાબી ન હોય તેવા આલિમો, બુઝુર્ગોને માટે કદી પણ રદિયલ્લાહુ અન્હૂ લખતા જ નહીં.

ત્યાં સુધી કે સામાન્ય દેવબંદી, વહાબી જેઓ રદિયલ્લાહુ અન્હૂને સહાબા સાથે જ ખાસ સમજે છે અને સહાબા સિવાયના બીજા માટે લખવા બોલવા પર લડે ઝઘડે છે, એમના લીડર મૌ. કાસિમ નાનોત્વી અને મૌ. રશીદ અહમદ ગંગોહીને પણ રદિયલ્લાહુ અન્હૂ લખવામાં આવ્યું છે ! જેવું કે તઝકિરતુર્રશીદ જિ. ૧ પેજ–૨૮ છેઃ "મૌલાના કાસિમ નાનોત્વી અને મૌલાના રશીદ અહમદ ગંગોહી સાહેબ રદિયલ્લાહુ અન્હૂ એવા હમ



સબક (સાથે પઢનાર) બન્યા કે આખેરતમાં પણ સાથે છોડયો નહીં." અને કુતુબખાના રશીદિયા દિલ્હીએ બુખારી શરીફની બે જિલ્દોના ટાઈટલ અને પ્રથમ પેજ ઉપર ઈમામ બુખારીને રદિયલ્લાહુ અન્હૂ છાપ્યું છે.

કુર્આને કરીમથી પણ એ વાતને સપોર્ટ મળે છે કે "રદિયલ્લાહુ અન્હૂ" શબ્દ ફક્ત સહાબા માટે જ નથી, જેમ કે પા. ૩૦ સૂરએ બય્યિનહમાં છે કે, એટલે કે, "રદિયલ્લાહુ અન્હૂ તે લોકો માટે છે જેઓ પોતાના પરવરદિગારથી ડરે છે." જેમ કે તફસીરે મદારિક, જિ.૪ પેજ–૩૭૧ (ઈજિપ્ત)માં છે કે, એનો મતલબ એ છે કે, રઝા એટલે રદિયલ્લાહુ અન્હુમ વરદૂ અન્હૂ તે લોકો માટે છે જેમના દિલમાં અલ્લાહની ખશિય્યત (ડર) હોય.

અને રબ તઆલાની ખશિય્યત (ડર) ઉલ્માની જ ખાસ સિફત છે. જેમ કે ઈમામ ફખ્રુદ્દીન રાઝી આયતે કરીમા ની તફસીરમાં લખે છે કે આ આયતે કરીમાને બીજી આયતે કરીમા સાથે મેળવવાથી ઈલ્મ અને ઉલ્માની ફઝીલત સાબિત થાય છે. એટલા માટે કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે ફક્ત એના બંદાઓ આલિમોને જ એની ખશિય્યત (અલ્લાહનો ડર) હોય છે. જેથી સાબિત થયું કે ખશિય્યતે ઈલાહી ઉલ્માની જ ખાસ સિફત છે. *(તફસીરે કબીર, જિ. ૭, પેજ–૪૬૦)*

અને તફસીર રૂહુલ બયાન બયાન જિ. ૧૦, પેજ–૪૯૧ માં આ આયતે કરીમા ના નીચે લખ્યું છેઃ એટલે કે ખશિય્યતે ઈલાહી જે ખુદા તઆલાના કામો અને હાલાતોને જાણવાવાળાઓ માટે ખાસ છે. એના ઉપર તમામ કમાલાતે ઈલ્મી અને અમલીનો આધાર છે, જેનાથી દીની અને દુન્યવી ભલાઈઓ મેળવી શકાય છે.

પરિણામ એ મળ્યું કે "રદિયલ્લાહુ અન્હૂ" તેના માટે છે જેના દિલમાં ખશિય્યતે ઈલાહી છે. અને ખશિય્યતે ઈલાહી અલ્લાહ તઆલાના ઉમૂર અને અહવાલને (હુકમો અને હાલાતો)ને જાણનારાઓ માટે છે. એટલે કે જલીલુલ કદ્ર ઉલ્મા (ઉલ્માએ રબ્બાનિય્યીન) અને મશાઈખે કિરામના માટે છે, નહીં કે બેઅમલ આલિમો માટે, કારણ કે તેઓ બેઅમલ છે તો

એમને ખશિય્યતે ઈલાહી (અલ્લાહનો ડર) નથી, જ્યારે ખૌફે ખુદા નથી તો પછી તે ફક્ત આલિમ છે ખરેખર જે આલિમને માટે ખુશખબરી છે તે એ પોતે નથી. (બીજા અર્થમાં કુર્આનની ભાષામાં તો તે આલિમ જ નથી જેના દિલમાં ખૌફે ખુદા નથી. *–અનુવાદક*)

તફસીરે ખાઝિન અને તફસીરે મઆલિમુત્તનઝિલ, જિ.૫ પેજ–૩૦૨ ઉપર છે કે, ઈમામ શઅબીએ ફર્માવ્યું, આલિમ ફક્ત તે જ માણસ છે જેને અલ્લાહ عزوجل ની ખશિય્યત (ડર, ખૌફ) મળી હોય.

અને તફસીરે ખાઝિનના એ જ ૩૦૨ પેજ ઉપર ઈમામ રબીઅ બિન અનસે ફર્માવ્યું, ''જેને ખશિય્યતે ઈલાહી મળી નથી તે આલિમ નથી.''

સાબિત થયું કે, **રદિયલ્લાહ** ફક્ત બાઅમલ આલિમો અને મશાઈખ (પીરો) માટે છે, પરંતુ આ શબ્દ ખૂબ જ પ્રચલિત અને ઈજ્જતવાળો ગણાય છે ત્યાં સુધી કે ઘણા લોકો સહાબાએ કિરામ માટે જ ખાસ છે એમ સમજે છે માટે એને દરેકને માટે વાપરવામાં ન આવે. બલ્કે એને મોટા મોટા ઉલ્મા અને મશાઈખને માટે જ વાપરવો જેવું કે આપણા બુઝુર્ગોએ કર્યું છે.

**هذا ماظهرلی والعلم بالحق عنداللّٰه تعالٰی ورسوله جل شانهٗ**
**و صلی اللّٰه تعالٰی علیه وسلم**

(મુફતી) **જલાલુદ્દીન અહમદ અમજદી** (رحمۃ اللہ علیہ)
૨૧ સફર, હિ. ૧૪૦૧



## અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાને તમે કઈ રીતે સહાયરૂપ થઈ શકો ?

(૧) **અહલે સુન્નત વ જમાઅત**નું ઠોસ સાહિત્ય ફેલાવવા, **મસ્લકે આ'લા હઝરત**ની રોશનીને ચમકાવવા આપ કિતાબોના પ્રકાશનમાં આપના તથા મર્હૂમોના સવાબ અર્થે **સવાબે જારીઆ** કમાવા માટે **લિલ્લાહ રકમ** આપીને અપાવીને સહાય રૂપ થઈ શકો છો.

(૨) **કોઈ આખી કિતાબ છપાવવાની જિમ્મેદારી લઈને** સહાયરૂપ થઈ શકો છો

(૩) આપની **ઝકાત, સદકા, ફિત્રા, ખૈરાત, બુઝુર્ગોની ન્યાઝ, કુર્બાનીની ખાલોની રકમો, M.O., ચેક, D.D. થકી કિતાબો છપાવવા માટે** મોકલીને સહાયરૂપ થઈ શકો છો.

(૪) **રૂપિયા બસો (રૂા. ૩૦૦/–) ''વાર્ષિક મેમ્બર''** ફી તરીકે ભરીને, ભરાવીને મેમ્બરો બની બનાવીને સહાયરૂપ થઈ શકો છો.

**નોંધ** : દરેક **મેમ્બર** તથા **ડોનરને** વરસભર છપાતી સર્વ કિતાબો ફ્રીમાં ઘરબેઠાં પોસ્ટથી પહોંચાડવામાં આવે છે તો આ લાભ મેળવવાનું ચૂકશો નહીં.

**આજીવન મેમ્બર બનવા ઈચ્છનાર કેવળ પાંચ હજાર (રૂા. ૫૦૦૦/–) મોકલી બની શકે છે.**

(૫) કિતાબો મંગાવીને મિત્રો, સગામાં, લાયબ્રેરીઓમાં, મસ્જિદોમાં, દારુલ ઉલૂમોમાં વહેંચી તબ્લીગે દીનના કાર્યને વેગવંત બનાવી સહાયરૂપ થઈ શકો છો.

(૬) **ખાસ તો કિતાબો વાંચીને–વંચાવીને તેના પર અમલ કરી કરાવીને** સહકાર આપી શકો છો.

**આજે જ સંપર્ક કરો**

**અંજુમને રઝાએ મુસ્તફા**, C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુા.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, ફોન નં. (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૨૯૨, ૨૮૦૧૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**જરૂરી નોંધ** : જો તમે **મેમ્બર** કે **ડોનર** હોઉ અને તમને કોઈ કિતાબ ટપાલ ખાતાના વાંકે ન મળે તો અમને તમારો રસીદ નં. તથા રસીદ બન્યા તારીખ લખીને જણાવશો તો ફરીથી રવાના કરીશું. (ઈન્શાઅલ્લાહ !)